# ગુનાહાને કબીરા

## ભાગ - બીજો

- : લેખક :-
શહીદે મેહરાબ આયતુલ્લાહ
અલ્હાજ સય્યદ અબ્દુલ હુસૈન દસ્તગૈબે શીરાઝી (અ.ર.)

- : ગુજરાતી અનુવાદ : -
મરહુમ રઝા દોસ્ત (ભાવનગર)

- : પ્રકાશક : -
ઇસ્લામિક સ્ટડી સર્કલ
ગુલિસ્તાન, પહેલે માળે, ૧૮૪, ડિમોન્ટી પાર્ક રોડ,
વાંદરા, મુંબઈ - ૪૦૦ ૦૫૦ ફોન : ૬૪૦ ૩૧૯૩.

: પ્રાપ્તિસ્થાન :
હાજી નાજી મેમોરીયલ ટ્રસ્ટ (ભાવનગર)
''હાજી નાજી હાઉસ'', આંબાચોક,
માળી ટેકરા, ભાવનગર - ૩૬૪ ૦૦૧ (ગુજરાત)
ફોન : (૦૨૭૮) ૨૫૧૦૦૫૬, ૨૪૨૩૭૪૬

# અર્પણ.....

એ પાકો પાકીઝા શખ્સીયતની ખિદમતમાં આ કિતાબ પેશ કરીએ છીએ, કે આપણા ગુનાહો જેમના શરીરમાં તીર ખૂંચે એ રીતે ખૂંચીને આઘાત, વેદના અને તકલીફ પહોંચાડે છે, અને જ્યારે તેમની સમક્ષ આપણાં ગુનાહોની ફેહરીસ્ત રજુ થાય છે, ત્યારે તેઓ આંસુ વહાવે છે.

"યા હુજ્જતિબ્નિલ હસન અજ્જિલ અલા ઝુહુરેક"

# અનુક્રમણિકા



| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| **સોળમો ગુનાહ** | **ગાવું** | |
| સત્તરમો ગુનાહ | જુઠ | |
| **અઢારમો ગુનાહ** | **જુઠી કસમ ખાવી** | |
| ઓગણીસમો ગુનાહ | ખોટી સાક્ષી આપવી | |
| **વીસમો ગુનાહ** | **સાચી ગવાહીથી દૂર રહેવું** | |
| એકવીસમો ગુનાહ | વાયદો ન પાળવો | |
| **બાવીસમો ગુનાહ** | **અમાનતમાં ખયાનત** | |
| ત્રેવીસમો ગુનાહ | ચોરી | |
| **ચોવીસમો ગુનાહ** | **માપતોલમાં ઓછું આપવું** | |
| પચ્ચીસમો ગુનાહ | હરામખોરી (હરામ કમાણી કરવી) | |
| **છવ્વીસમો ગુનાહ** | **મજબૂરી કે સખ્તી ન હોવા છતાં કોઈનો હક રોકી રાખવો** | |
| સત્યાવીસમો ગુનાહ | જેહાદ કરવાથી નાસી જવું | |
| **અઠ્ઠાવીસમો ગુનાહ** | **હીજરત કર્યા પછી અઅરાબી થવું** | |
| ઓગણત્રીસમો **ગુનાહ** | **ઝાલિમોની મદદ કરવી અને તેમની સાથે મનમેળ રાખવો** | |
| ત્રીસમો ગુનાહ | મઝલુમોની મદદ ન કરવી | |
| **એકત્રીસમો ગુનાહ** | **જાદુ** | |
| બત્રીસમો ગુનાહ | દુર્વ્યય | |



* * * * *

# અઊઝો બિલ્લાહે મેનશશયતાનિર રજીમ
# બિસ્મિલ્લાહિર રહમા નિર રહીમ

## સોળમો ગુનાહ
## ગાવું

સોળમો ગુનાહ જેને ગુનાહે કબીરા ગણવામાં આવેલ છે તે "ગીત ગાવા" નો ગુનાહ છે. એ અંગે હઝરત ઇમામ જઅફર સાદિક અલયહિસ્સલામના હવાલાથી જે રિવાયત નોંધી છે, તેમાં પણ આ સ્પષ્ટતા મૌજૂદ છે. મોહમ્મદ ઇબ્ને મુસ્લિમ કહે છે કે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું :

**"અલ ગેનાઓ મિમ્મા અંવ અદલ્લાહો અલયહીન્નાર"**

**(ફરોગે કાફી, ગાવા વિશેના પ્રકરણ)**

"ગીત ગાવા એવો ગુનાહ છે જે ગુનાહ માટે ખુદાએ જહન્નમનો અઝાબ રાખેલ છે." અને બીજી હદીસોથી જાણવા મળે છે કે ગુનાહ માટે ખુદાવંદે આલમે અઝાબની વાત કરી હોય તે બધા ગુનાહ ગુનાહે કબીરા છે.

* * * * *

## ગાયન શું છે ?
## સૈયદ મુરતુઝા તેમની કિતાબ "વસીલા" માં ફરમાવે છે

ગાવું હરામ છે. ગાયન સાંભળવું પણ હરામ છે અને તે દ્વારા માલ ખાવો પણ હરામ છે. અલબત્ત બધા સારા અવાજ ગાયન હોતા નથી. પરંતુ ગાયન એક ખાસ પ્રકારના અંદાજમાં કાઢવામાં આવતા અવાજને કહેવામાં આવે છે. જે ખેંચીને વિશેષ પ્રકારે ઘૂંટીને ગળામાંથી કાઢવામાં આવે છે. જે પ્રકારના અવાજનો લહવો લહબ અને ભોગવિલાસની મહેફીલોમાં ઉપયોગી ગાય છે. એવો અવાજ સામાન્ય રીતે સંગીતના સાધનોના ઉપયોગ સાથે કાઢવામાં આવે છે.

કેટલાક શીઆ મુજતહિદો શબ્દકોષના નિષ્ણાંતોની જેમ કહે છે કે "અવાજને ગળામાં ઘુમાવીને કાઢવાને ગાયન કહેવામાં આવે છે."

**(શાસ્ત્રીય સંગીત અને કેટલીક કવ્વાલીઓમાં એ રીતે જ થતું હોય છે.)**

"સેહાહ" નામની ડીક્ષનરીમાં લખ્યું છે કે ગાયન એવા પ્રકારના અવાજને કહેવાય છે કે, જે સાંભળવાથી માણસ અસાધારણ પ્રમાણમાં ગમગીન કે આનંદીત થઈ જાય. લગભગ આવો જ અર્થ બીજી ડીક્ષનરીઓમાં પણ આપવામાં આવેલ છે. આમ ગાયન, એક એવો અવાજ છે, જે માણસને આનંદમાં કૈફ અથવા તો ગમની હાલતમાં મૂકે છે.

"ઝખીરતુલ એબાદ નામની કિતાબમાં લખ્યું છે કે : ગાયન લહવો લહબ માટે કાઢવામાં આવેલા એવા (સુરીલા-મધૂર) અવાજને કહેવામાં આવે છે જેનાથી માણસની કામવાસના ઉત્તેજીત થાય. ભલે પછી તે શાસ્ત્રીય સંગીતને જીમ અવાજને ગળામાં ઘૂંટીને કાઢવામાં આવે કે અન્ય કોઈ રીતે કાઢવામાં આવે તેને ગાયન જ

કહેવામાં આવે છે. ટૂંકમાં જેને સામાન્ય લોકોની ભાષામાં ગાયન જ કહેવામાં આવે તે હરામ છે. જો અશઆર (શેર - શાયરીની પંક્તિઓ) કુરઆન અથવા નવહા પણ ગાયનના તાલમાં (ગાયનની જેમ) પડવામાં આવે તો તે ગુનાહ છે. એટલું જ નહીં તે વધારે મોટો ગુનાહ છે કારણ કે ગાયનની તર્ઝમાં પડવાથી કુરઆન અને નવહાની બેહુરમતી થાય છે. તેથી તે ગુનાહનો અઝાબ બમણો થાય છે.

* * * * *

# ગાયન વિષે થોડી વિગત

# ગાયન - ગુનાહે કબીરા

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામે ફરમાવ્યું છે કે ગાયન એ બાબતોમાંથી છે કે જેના વિશે ખુદાવંદે તઆલાએ અઝાબનો વાયદો કર્યો છે. તેના અનુસંધાનમાં આપે કુરઆનની આ આયતની તિલાવત ફરમાવી હતી.

**વમેનન્નાસે મંય યશ તરી લે હોવુલ હદીસે લેયોઝીલલ અન સબીલીલ્લાહે બે ગયરે ઇલ્મીંવ વ યતતખેઝહા હોઝોવા. ઉલાએક લહુમ અઝાબુમ મોહીન.**

**(સૂ. લુકમાન : ૩૧, આ. ૬)**

"અને તે લોકોમાંથી કોઈ કોઈ એવા પણ હોય છે કે, જે બેહુદી વાતો ખરીદે છે કે (તે વડે લોકોને) સમજયા વગર અલ્લાહની રાહથી ભરમાવે, અને પછી તે (આયત) ની હાંસી ઉડાડે, હીણપત ભરેલી શિક્ષા તેઓ માટે જ છે."

આ આયતે શરીફા અને હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામની હદીસથી જાણવા મળે છે કે ગાનુ પણ **"લેહવલ હદીસ"** એટલે કે બેહુદા કામો પૈકી એક છે. બેહુદા કામ એટલે કોઈ પણ અયોગ્ય વાત અથવા શાયરી વિગેરે હોઈ શકે છે જેનો કોઈ ફાયદો હોતો નથી અને જે ઇન્સાનને તમામ ફાયદાઓથી વંચિત કરી દે છે.

બીજા શબ્દોમાં કહીએ તો કલામે હક અને કુરઆને મજીદના હુકમોથી રોકનારી દરેક વસ્તુ "**લેહવલ હદીસ**" છે. ગુમરાહ કરનારી દરેક વસ્તુ **"લેહવલ હદીસ"** છે. દુરાચાર, અય્યાશી અને ખોટા કામો તરફ પ્રેરનાર દરેક બાબત "લેહવલ હદીસ" છે. ભલે પછી તે ગાયન સાંભળવું હોય કે પછી પોતે ગાયન ગાવું હોય તે બધી બેહુદા બાબતો છે અને ઉપર જે આયત પ્રસ્તુત કરવામાં આવી છે, તે પછીની આયતમાં ઇરશાદ છે.

"અને જયારે અલ્લાહની આયતો પડીને સંભળાવવામાં આવે છે ત્યારે તે અભિમાન દ્વારા મોઢું ફેરવી લે છે, જાણે તે (આયતો) તેણે સાંભળી જ નથી, જાણે કે તેના બંને કાનોમાં બહેરાપણું હોય તેમ માટે (હે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) તું તેને દુ:ખ દાયક અઝાબની ખુશ ખબર સંભળાવી દે."

* * * * *

# "કવલઝ ઝુર" ની તફસીર

ગાયન ગાવા અને સંગીત વગાડવા વિશે કુરઆને મજીદમાં **"લેહવલ હદીસ"** ઉપરાંત એક શખ્સ "કવોઝ ઝુર" પણ વાપરવામાં આવ્યો છે. અબૂ બસીરે હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામને આ આયતે શરીફાની તફસીર પુછી હતી. **વજતનેબૂ કવલઝ ઝુર (સૂરએ હજ : ૨૨, આ. 30)** અને નકામી વાતોથી બચતા રહો. (જૂઠા બોલ બોલતા અટકો)

જેના જવાબમાં ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું **"અલ ગેનાઓ"** એટલે કે ગાયન લગ્વ (બેહુદા - નકામી) વાતોમાં છે. ઇમામ મોહમ્મદ તકી અલયહિસ્સલામ સમક્ષ આ આયત પડવામાં આવી.

**વલ્લઝીન લા યશહદૂન ઝઝૂર (સૂ. ફુકાન ૨૫, આ. ૭૨)**

**અને જેઓ ખોટી સાક્ષી (કદી પણ) આપતા નથી.**

પછી ઉપરની આફતની તફસીર પૂછવામાં આવી ત્યારે ઇમામ મોહમ્મદ તકી અલયહિસ્સલામે જવાબ આપ્યો **"અલ ગેનાઓ"** એટલી કે અહીં **"ઝૂર"** અથવા ફરેબનો અર્થ ગાયન છે.

**(શેખ તૂસીની કિતાબ અમાલી અને કિતાબે કાફી)**

એક હદીસમાં છે કે હમ્માદ બિન ઉસ્માને આ જ આયતે શરીફા વિશે પૂછયું તો ઇમામ મોહમ્મદ તકી અલયહિસ્સલામે ફરમાવ્યું "એમાં એવા માણસની બેહુદા વાતો પણ શામિલ છે, જે ગાયન ગાતો હોય"

* * * * *

# ગાયન ગાવું "લગ્વ" છે.

આ જ આયતે શરીફામાં પછીનો ટુકડો છે.

**વએઝ મરરૂ બિલ લગ્વે મરરૂ કેરામા (સૂ. ફુરકાન ૨૫, આ. ૭૨)**

"અને જયારે કોઈ નકામી વસ્તુ પાસેથી પસાર થાય છે, ત્યારે બુઝુર્ગીની છટાથી પસાર થાય છે. પોતાનો દામન બચાવી લે છે અને પોતાની શરાફતને સુરક્ષીત રાખે છે."

તેવી જ રીતે બીજી એક આયતમાં છે : **વલ્લઝીન હુમ અનીલ લગ્વે મોઅરેઝુન (સૂ. મુઅમેનૂન ૨૩, આ. 3)**

"અને જે લોકો (મોઅમિનો) લગ્વ (બેહુદી) વાતોથી મૂખ ફેરવી લે છે."

ઉપરની બંને આયતો વિશે હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ અને હઝરત ઇમામ અલી રઝા અલયહિસ્સલામને પૂછવામાં આવ્યું કે "આ બંને આયતોમાં મોઅમિનોની વિશીષ્ઠતા રજૂ કરવામાં આવી છે તેમાં 'લગ્વ' નો અર્થ શું છે" ત્યારે એ બંને માસુમોએ પોત પોતાના જમાનામાં એમ જ ફરમાવ્યું હતું કે લગ્વ વાસ્તવમાં ગાયન અને સંગીત વગાડવું છે. અને ખુદાના બંદાઓ તેમાં ફસાવાથી બચતા રહે છે.

**(કિતાબે કાફી અને કિતાબે ઓયુને અખ્બારે રઝા અલયહિસ્સલામ)**

* * * * *

# પરસ્પર નિફાક (મુનાફેકત) અને ગાયન

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : જમીનને પાણી પીવડાવવાથી જે રીતે લીલોતરી ઉગીને વિકાસ પામે છે તેવી જ રીતે ગીત સંગીત અને બેહુદા (નકામી) વાતોને ધ્યાનપૂર્વક સાંભળવાથી દિલમાં નિફાક પૈદા થાય છે.

**(કિતાબે કાફી)**

કિતાબે કાફીમાં છઠ્ઠા ઇમામ અલયહિસ્સલામની આ રિવાયત પણ મૌજૂદ છે કે ગાવું, વગાડવું (ગીત સંગીત) નિફાક જેવા પક્ષીનો માળો છે.

# ગાયનના કાર્યક્રમ

જે જગ્યાએ ગીત સંગીતનો કાર્યક્રમ યોજાતો હોય ત્યાં ખુદાવંદે તઆલાનો ગઝબ નાઝિલ થાય છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : જે ઘરના રહીશો પરથી ખુદાએ પોતાની રહેમત ઉઠાવી લીધી હોય તેવા ઘરમાં દાખલ ન થાવ.

**(કિતાબે કાફી)**

એ જ ઇમામ અલયહિસ્સલામ ફરમાવે છે : જે ઘરોમાં ગીત - સંગીત વાગતું હોય તેવા ઘર ઓચિંતી આવનારી મુસીબતોથી સુરક્ષિત રહેતા નથી, એવી જગ્યાએ દુઆઓ કબૂલ થતી નથી અને એવી જગ્યાઓમાં ફરિશ્તાઓ પણ આવતા નથી.

**(કિતાબે કાફી અને મુસ્તદરકુલ વસાએલ પ્રકરણ નં ૭૮)**

અગાઉ વર્ણન થએલી હદીસો દ્વારા એ વાત સાબિત થઈ ચૂકી છે કે જયારે ખુદાનો ગઝબ નાઝિલ થાય છે ત્યારે બધાને પોતાની લપેટમાં લઈ લે છે. તેથી એવો બચાવ પુરતો નથી કે, અમે એવી જગ્યાએ જઈએ છીએ જયાં ગીત સંગીતનો પ્રોગ્રામ તો હોય છે પણ અમે તેમાં દિલ લગાડતા નથી. કોઈ કાર્યમાં દિલ ન લગાડવું કે તે કાર્યથી નારાજ રહેવું પુરતું નથી, પણ નારાજગી અમલી રીતે હોવી જોઈએ અને તે ગીત સંગીતના પ્રોગ્રામને થતો રોકવો જોઈએ.

* * * * *

# ગાયન અને આર્થિક બેહાલી

હઝરત અલી અલયહિસ્સલામથી રિવાયત છે કે અને ગીત સંગીત નિફાક ઉત્પન્ન કરે છે અને આર્થિક બેહાલી (તંગદસ્તી - ભૂખમરા) નું કારણ બને છે.

**(મુસ્તદરકુલ વસાઈલ પ્રકરણ - ૭૮)**

* * * * *

# ગાયનનો અઝાબ

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે : ગીત ગાનાર માણસ (ગાયક) જયારે પોતાની કબ્રમાંથી નિકળીને મેદાને હશ્રમાં આવશે અને ત્યારે આંધળો બહેરો અને મુંગો હશે.

**(જામેઉલ અખબાર)**

રિવાયતમાં એ પણ ઉલ્લેખ છે કે દુનિયામાં ગીત ગાનારાઓને ઉપરની નિશાનીઓથી ઓળખવામાં આવશે.

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો આ પણ ઇરશાદ છે : જે માણસ ગીત સંગીતને ધ્યાનથી સાંભળશે તેના કાનમાં પીગળાવેલું સીસું રેડવામાં આવશે.

**(તિજારત - મુસ્તદરકુલ વસાઈલ, પ્રકરણ - ૮૦)**

* * * * *

# રહેમતે ખુદાથી વંચિત

કુત્બે રાવન્દીએ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી આ રિવાયત નોંધી છે કે ગીત ગાનાર લોકો એવા લોકો (ના સમુહ) માં ગણાય છે, જેઓની ઉપર ખુદા કયામતના દિવસે રહેમતની નજર નહીં કરે.

* * * * *

# ગાયક સાથે મોહબ્બત

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : જે માણસ કોઈ બોલનાર (વકતા) નો એહતેરામ કરશે તે જાણે કે તેનો બંદો થઈ જશે. જો વકતા તેના વકતવ્ય મારફતે અલ્લાહ તરફ લઈ જતો હોય તો તેનો એહતરામ કરનાર અલ્લાહની ઇબાદત કરી રહયો છે પણ જો તે શયતાનની તરફ લઈ જતો હોય તો તે શયતાનની ઇબાદત કરી બેસે છે.

**(ફુરૂએ કાફી, ગાયનનું પ્રકરણ)**

છઠ્ઠા ઇમામ અલયહિસ્સલામનો આ પણ ઇરશાદ છે કે "જયારે માણસ ગાયનનો અવાજ બુલંદ કરે છે ત્યારે બે શયતાન તેના બંને ખભા પર સવાર થઈ જાય છે અને જયાં સુધી તેનું ગીત ગાવાનું ચાલુ રહે છે ત્યાં સુધી તેમના પગની એડી તેની (ગાયકની) છાતી ઉપર મારતા રહે છે."

આમ જે ગીત ગાનારને શયતાન લાત મારતા હોય તે મોહબ્બત કરવાને લાયક ક્યાંથી રહે ?

* * * * *

# બેહીશ્તમાં મધુર અવાજ

હઝરત ઇમામ અલી રઝા અલયહિસ્સલામનો ઇરશાદ છે : જે માણસ ગાયન (ગીત સંગીત) થી બચતો રહેશે તો ખુદા તેને જન્નતમાં એક વૃક્ષમાંથી એવો સુરીલો અવાજ સંભળાવશે, જેવો સુરીલો અવાજ કદી કોઈએ સાંભળ્યો નહીં હોય. અને જે માણસ ગીત સંગીતથી બચશે નહીં તે એ અવાજ સાંભળવાથી વંચિત રહેશે.

**(કિતાબે કાફી)**

* * * * *

# જન્નતમાં સુરીલા ગીતો

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની આ હદીસ તફસીરે મજમઉલ બયાનમાં મૌજૂદ છે કે જે માણસ વધારે પ્રમાણમાં (સતત) ગાયન સાંભળતો હોય તો તે કયામતમાં રૂહાનીઓની અવાજ સાંભળી નહીં શકે. આપને પૂછવામાં આવ્યું : યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આ રૂહાની કયા લોકો છે ? ફરમાવ્યું : જન્નતમાં સુંદર અવાજથી ગાનારા લોકો.

હઝરત અલી અલયહિસ્સલામનું કથન "નહજુલ બલાગાહ" માં મૌજૂદ છે. હઝરત દાઉદ અલયહિસ્સલામ જન્નતમાં સુંદર સ્વર વાળા લોકોના સરદાર હશે.

જન્નતમાં લોકો હઝરત દાઉદ અલયહિસ્સલામ પાસેથી એવા ગીતો સાંભળશે કે દુનિયામાં એવા ગીતો કદી કોઈએ સાંભળ્યા નહીં હોય. અલબત્ત આ ગીતો એવા જ લોકો સાંભળી શકશે જેણે દુનિયામાં ગીતો સાંભળવાથી પરહેઝ કરેલ હશે.

* * * * *

# સખ્ત ચેતવણી

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : મારી ઉમ્મતમાં એવા બનાવો બનશે જેના કારણે જમીન ધસી પડશે અને આસમાનમાંથી પથ્થરો વરસશે.

લોકોએ પૂછયું : એવું કયારે બનશે ?

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "જયારે ગીત સંગીત (ના સાધનોનો ઉપયોગ) સામાન્ય થઈ જશે, ગીત ગાનારી છોકરીઓની સંખ્યા વધી જશે અને કેફી દ્રવ્યોનો ઉપયોગ ચારે બાજુ ફેલાઈ જશે." ખુદાની કસમ, મારી ઉમ્મતના ઘણા લોકો એવા હશે જે રાતો મસ્તી અને ભોગ વિલાસમાં વિતાવશે અને વાસ્તવમાં તેમની સવાર વાંદરાઓ અને સુવ્વરોની જેમ થશે. તેનું કારણ એ હશે કે તેઓ હરામને હલાલ સમજતા હશે. તેઓ ગાનારી છોકરીઓમાં મગ્ન રહેતા હશે, નશીલી વસ્તુઓનો ઉપયોગ કરતા હશે, વ્યાજનો માલ ખાતા હશે અને રેશમી કપડાં પહેરતા હશે.

* * * * *

# ગાયન અને ઝીના

ગાયન ઝીના માટે કારણરૂપ બને છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે "ગાયન ઝીનાની સીડી છે."

ગાયનના કારણે માણસની કામવાસના ઉત્તેજીત થાય છે અને તેના પરિણામો ખરાબ આવે છે. ગાયન ગાવાથી જ કામવાસના ઉત્તેજીત થાય છે એટલું જ નહીં પણ ગાયન (ગીત - સંગીત) સાંભળવાથી પણ એ જ હાલત થાય છે. માણસ ખુદાથી ગાફિલ થઈ જાય છે અને દરેક પ્રકારની બદકારી કરવા માટે તૈયાર થઈ જાય છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામનો ઇરશાદ છે "**લહવો લઅબ**"ના એ તમામ કાર્યો ગુનાહે કબીરા છે જે ખુદાની યાદથી ગાફિલ કરી દેતા હોય. જેમકે ગાવું, વગાડવું, અને સંગીતના સાધનોનો ઉપયોગ કરવો."

જી હા, સંગીતથી ફકત શર્મો હયા અને સ્વમાનનો અંત આવી જતો નથી પણ મહોબ્બત, ઇન્સાનીયત અને રહેમ જેવી લાગણીઓનો પણ નાશ થઈ જાય છે. ટુંકમાં સંગીત સમાજને જહન્નમનો નમુનો બનાવી દે છે.

* * * * *

# ગાયનની મનાઈ

ગાયન, હરામ હોવા વિશે શીઆ મુજતહીદો એકમત છે, એટલું જ નહીં, એમ પણ કહી શકાય કે ગાયનની મનાઈ વિશે બહુમતી મૌજૂદ છે. મુસ્તનદ નામની કિતાબના સંપાદક લખે છે કે "ગાવા વગાડવા (ગીત સંગીત) હરામ હોવું જરૂરિયાતે દીનમાંથી છે. એટલે કે જો કોઈ મુસલમાન એમ કહે કે ગાવું વગાડવું હરામ નથી તો તેમ કહેનાર વ્યક્તિ મુસલમાન રહેશે નહીં." ઇજાહ નામની કિતાબના સંપાદક લખે છે કે : ગાવા વગાડવા વિશેની જે રિવાયતો વારિદ થઈ તે મુતવાતિર * છે.

* "મુતવાતિર" એટલે જે રિવાયતના રાવીઓની પરંપરા ક્યાંય તુટતી ન હોય, બધાય રાવીઓ ભરોસાપાત્ર હોય, રિવાયતનો સાર એક સરખો સમાન હોય.

અલબત્ત ગાયનનો અર્થ અને તેની વ્યાખ્યા વિશે થોડો ઘણો વિવાદ (અર્થ ભેદ) મૌજૂદ છે. મોટા ભાગના મુજતહિદો કહે છે કે "એવો દરેક અવાજ જેનાથી કામવાસના જાગૃત થાય અને ભોગ વિલાસની ઇચ્છા થઈ આવે તે ગાયન અને વાદ્ય હરામ છે."

* * * * *

# ગાયનના અંદાજથી કુરઆને મજીદ

અગાઉ ઉલ્લેખ થઈ ચૂકયો છે તે મુજબ ગાયનની તર્ઝમાં કુરઆન મજીદ, નવહા, મરસીયા પડવા અથવા તો અઝાન આપવી પણ હરામ છે. આ બાબતમાં નઝમ (પઢ સાયરી) નસ્ત્ર (ગધ - લેખ)નો કોઈ ફેર નથી પરંતુ પવિત્ર કલામોને તર્ઝ (ગીતના રાગ)માં પડવાના બમણા ગુનાહો છે. એક તો ગાયનનો અવાજ કાઢવાનો ગુનાહ અને બીજા એહતેરામને પાત્ર વસ્તુઓની બેહુરમતી કરવાનો ગુનાહ.

* * * * *

# મધુર અવાજથી કુરઆન પડવું

અલબત્ત બધા સુંદર અવાજો ગાયન નથી. મધુર અવાજથી અવાજને ગળામાં ઘૂંટયા વગર તિલાવતે કુરઆન કરવામાં આવે કે નવહા - મરસીયા પડવામાં આવે તો તે ખરાબ નહીં પણ સારી વાત છે.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : "કુરઆનની તિલાવત અરબ લોકોના લહેજામાં સુંદર અવાજે પડો. તમારે ફાસિક અને ગુનાહે કબીરા કરનાર લોકો જેવા અંદાઝ (કાર્યો)થી પરહેઝ કરવો જોઈએ. બેશક, દુનિયામાં એવા લોકો આવશે, જે કુરઆનને ગાનારા, (દર્દ ભર્યા સ્વરથી) ગાઈને રડાવનાર રાહીબો (ચારણો જેવા)ના રાગમાં પડનારા હશે. એવા લોકો પાસે જવું અને તેવા લોકોને તમારી પાસે બોલાવવા જાએઝ નથી. એવા લોકોના દિલ ઉંધા હશે અને જે લોકો એવા લોકોના પ્રભાવમાં આવી જશે તેના દિલ પણ ઉંધા અને વાંકા થઈ જશે."

**(વસાએલુશ્શીયા, કિતાબ સલાત)**

* * * * *

# સુરીલો અવાજ અને ગાયન

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ કયામત નઝદીક હોવાની નિશાનીઓનો ઉલ્લેખ કરતા ફરમાવે છે : દુનિયામાં એવા લોકો પણ આવશે જે દુન્યવી હેતુ પૂરા કરવા (સ્વાર્થ) માટે કુરઆનને હિફઝ (મોઢે યાદ) કરશે અને ગાયનના રાગમાં કુરઆનની તિલાવત કરશે.

અલબત્તા, અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ એવી હદીસ પણ મળે છે કે, કુરઆનની તિલાવત સારા અવાજથી કરવી મુસ્તહબ છે. પરંતુ એ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે સારા અવાજની તિલાવત કરતા ગાયનનો રાગ (તર્ઝ) ન આવી જાય.

* * * * *

# સત્તરમો ગુનાહ

# જૂઠ (અસત્ય)

સત્તરમો ગુનાહ જે ગુનાહે કબીરા હોવાની સ્પષ્ટતા મૌજૂદ છે તે છે જુઠ્ઠું બોલવું. શેખ અન્સારી (અ.ર.) તેમની કિતાબ મકાસીબે મોહર્રમહ માં ફરમાવે છે : બેશક જુઠ્ઠું બોલવું એ અકલી રીતે હરામ છે. એટલું જ નહીં પણ તમામ આસમાની મઝહબો ખાસ કરીને ઇસ્લામની દ્રષ્ટિએ બિલકુલ હરામ છે. કુરઆન મજીદથી જુઠ હરામ હોવાનું સાબિત છે તે ઉપરાંત હદીસો, મુજતહિદોની સહમતી અને અદલ્લએ અરબઅ * (ચાર તર્ક) દ્વારા પણ જૂઠ હરામ હોવાનું સાબિ છે. ફઝલ ઇબ્ને શાઝાને હઝરત ઇમામ અલી રઝા અલયહિસ્સલામ પાસેથી ગુનાહે કબીરાની યાદી નોંધી છે, તેમાં અને તેવી જ રીતે એઅમશે હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામથી જે રિવાયત નોંધી છે તે બંનેમાં જૂઠને સ્પષ્ટ શબ્દોમાં ગુનાહે કબીરા દર્શાવેલ છે.

* ઇસ્લામી રીતે કોઈ પણ વાત સાબિત કરવા માટે અદલ્લાએ અરબઅ એટલે કે ચાર રીત જરૂરી છે.

**(૧) કુરઆને મજીદથી પુરાવો**

**(૨) અઇમ્મા અલય્હેમુસ્સલામની હદીસોથી પુરાવો.**

**(૩) કોઈ વાત પર તમામ મુજતહિદોનો એકમત હોવો.**

**(૪) અકલી દલીલ**

* * * * *

# જૂઠ મોટા ગુનાહો પૈકી એક

જાણી લો, હું તમને ગુનાહે કબીરા પૈકી સૌથી મોટા ગુનાહો કયા છે તે જણાવું છું. કોઈને ખુદા સાથે શરીક ન કરવો, વાલેદૈન દ્વારા આક થઈ જવું અને જુઠ્ઠું બોલવું.

**(વસાએલુશ્શીઆ)**

હઝરત ઇમામ હસન અસ્કરી અલયહિસ્સલામથી રિવાયત છે કે તમામ બુરાઈ એક ઓરડામાં (તાળુ મારીને) બંધ છે અને તેની ચાવી જૂઠ છે.

**(મુસ્તદરેકલુ વસાઈલ, કિતાબે હજ, પ્રકરણ - ૧૨)**

* * * * *

# ફરિશ્તા લાનત કરે છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું: "મોઅમિન કોઈ કારણ વગર (નિર્થક) જૂઠ બોલે છે ત્યારે તેની ઉપર ૭૦,૦૦૦ (સિત્તેર હજાર) ફરિશ્તા લાનત મોકલે છે. તેના દિલમાંથી એવી ખરાબ દુર્ગંધ નિકળે છે જે અર્શ (સૌથી ઉંચા આસમાન) સુધી પહોંચે છે. અને એક જુઠના સૌથી હલકા બદલામાં ખુદા તેના માટે ૭૦ સિત્તેર વખત ઝીના (વ્યભિચાર) કરવા જેટલા ગુનાહ લખી નાખે છે. અને તે પણ એવા ઝીના જે પૈકી સૌથી હલકા ઝીના (નઉઝો બિલ્લાહ) માતાની સાથે કર્યા હોય."

બેશક જૂઠ જેટલો મોટો બીજો કોઈ ગુનાહ નથી, અને તે પણ સ્પષ્ટ છે કે જૂઠ એવું હોય છે જે કેટલાય લોકોના જીવ અને અનેક લોકોની ઇઝઝતનો નાશ કરે છે. માનવતાના સિધ્ધાંતોની પાયમાલી અને માલનું નુકસાન એ જૂઠથી થતું ઓછામાં ઓછું નુકસાન છે. કેટલાક જુઠ્ઠાણાઓ ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમ અને અઇમ્મએ માસુમીન અલય્હેમુસ્સલામ વિશે બાંધવામાં આવે છે. એવા જુઠ્ઠાણાઓ બદતરીન (સૌથી ખરાબ) ગુનાહ હોવામાં કોઈ શંકાને સ્થાન નથી. કેટલી જુઠ્ઠી સાક્ષીના કારણે નિર્દોષ લોકો ફાંસીના માચડે લટકી જાય છે. અને કેટલાય કુટુંબો વેર - વિખેર થઈ જાય છે. તેથી જ એક રિવાયતમાં છે કે : જૂઠ એ શરાબ કરતા પણ વધારે ખરાબ છે.

*****

# જૂઠની ટીકામાં આયત

સૂરએ નહ્લમાં ઇરશાદ છે : માત્ર એ જ લોકો જુઠ્ઠુ બોહ્તાન મૂકે છે, જેઓ ખુદાની આયતો ઉપર ઈમાન નથી રાખતા.

**(૧૬ : ૧૦૫)**

સૂરએ ઝુમરમાં ઇરશાદ છે : બેશક, ખુદા જુઠ્ઠા અને ખૂબ જ નાશુક્રા માણસની હિદાયત કરતો નથી.

**(સૂ. ઝુમર, ૩૯ આ. 3)**

નિસંશય અલ્લાહ તે શખ્સને સન્માર્ગ નથી દેખાડતો કે જે જુઠ્ઠો હોય અને મહા કૃતઘ્ન પણ.

આ જ રીતે કુરઆનની બીજી કેટલીક આયતોમાં જુઠ્ઠો માણસ અલ્લાહની લાનતને પાત્ર હોવાનો અને અલ્લાહ તેની ઉપર ગઝબનાક થશે તેવો ઉલ્લેખ છે. જેમકે :

પછી આપણે જુઠ્ઠાઓ પર ખુદાની લાનત માટે બદદુઆ કરીએ.

**(સૂરએ આલે ઇમરાન ૩, આ. ૬૧)**

અને તેઓ જુઠ્ઠા હોય તો તેમની લાનત થાય. (સૂ. નૂર - ૨૪ આ. ૭) જુઠના ગુનાહની મઝમ્મત અને તેના નુકસાન વિશે ઘણી આયતો અને રિવાયતો મૌજૂદ છે. મર્હુમ કાજી નૂરી (અ. ર.)એ સંક્ષિપ્તમાં અને સહેલાઈથી યાદ રહે તે માટે એ આયતોને ચાલીસ વિષયોમાં વહેંચી નાખેલ છે, જે અત્રે પ્રસ્તુત કરીએ છીએ.

## (૧) જૂઠ દુરાચાર છે

સૂરએ બકરહમાં ઇરશાદ છે : **"ફલા રફસ વલા ફોસુક વલા જેદાલ ફિલ હજ્જે"** હજ્જની મુદ્દતમાં ન સંભોગ કરે, ન બદકારી કરે ન અરસ પરસ (અંદરો અંદર) લડાઈ ઝઘડો કરે.

**(સૂરએ બકરહ, ૨, આ. ૧૯૭)**

આ આયએ શરીફમાં ફિસ્કનો અર્થ જૂઠ છે. અને સૂરએ હોજેરાતમાં જુઠ્ઠાને ફાસિક કહેલ છે. ઇરશાદ છે

"અને તમારી પાસે કોઈ (દુરાચારી) જુઠ્ઠો માણસ અમુક ખબર લઈને આવે તો તેની ખુબ જ તહકીક (ઝીણવટ ભરી તપાસ કરીને ખાત્રી) કરી લો" (સૂરએ હોજેરાત, ૪૯, આ. ૬) આ આયતમાં ફાસિકને જુઠ્ઠો ગણવામાં આવ્યો છે.

## (૨) કવ્લઝ ઝૂરનો અર્થ

બૂત પરસ્તીની સાથે સાથે જુઠથી બચવાનો હુકમ પણ આપવામાં આવ્યો છે. ઇરશાદ છે : તમે નજીસ વસ્તુઓ જેમકે, બૂતોની ગંદકીથી બચો અને બેહુદા વાતો (લગ્વ) થી પણ બચો. (જુઠ્ઠા બોલ બોલતા અટકો)

**(સૂરએ હજ ૨૨, આ. 30)**

આ આયતમાં કવ્લઝ ઝૂર અથવા બેહુદી વાતો (લગ્વ) નો અર્થ જૂઠ છે.

## (3) જુઠ્ઠો માણસ મોઅમીન નથી.

આગળ જે આયતે શરીફા (સૂરએ નહલ ૧૬ આયત. ૧૦૫)નો ઉલ્લેખ થયો તેમાં સાબિત થઈ ગયું છે કે જૂઠ બોલનાર મોઅમિન હોતો નથી. અને મોઅમિન હોય છે તે કદી જુઠું બોલતો નથી. એ આયતનો તરજુમો આ પ્રમાણે છે.

"જૂઠ અને બોહતાન ઉપર એવા લોકો અમલ કરે છે કે જેઓ ખુદાની આયતો પર ઈમાન રાખતા નથી." આનાથી સ્પષ્ટ થાય છે કે ખુદાની આયતો પર ઈમાન ન રાખનાર માણસ મોઅમિન હોતો નથી.

## (૪) જૂઠ ઇસ્મ અને ઝમ્બ છે.

રિવાયતોમાં જૂઠને ઇસ્મ અથવા ઝમ્બ (ગુનોહ) પણ કહેવામાં આવેલ છે, જેમ કે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામ ફરમાવે છે : "જૂઠ સંપૂર્ણ ઇસ્મ અને ઝમ્બ છે."

## (૫) જુઠ્ઠો માણસ મલઉન છે.

જુઠ્ઠો માણસ ખુદાની લાનતને પાત્ર બને છે અને તેની ઉપર ખુદાનો ગઝબ અને આક્રોશ નાઝીલ થાય છે. જેમકે ઇરશાદ છે : "જો તે જૂઠ બોલી રહ્યો હોય તો તેની ઉપર અલ્લાહની લાનત થાય."

**(સૂરએ નૂર ૨૪ આ. ૭)**

## (૬) જુઠ્ઠાનો શ્યામ ચહેરો

પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : જુઠથી બચતા રહો કારણ કે જૂઠથી મૂખ શ્યામ થઈ જાય છે.

**(મુસ્તદરેકુલ વસાએલ)**

હબીબુસ્સીયર નામની કિતાબમાં નીચેનો બનાવ નોંધવામાં આવેલ છે.

સુલ્તાનહુસૈન મીરઝા ખુરાસાન અને ઝાબલીસ્તાનનો બાદશાહ હતો. તેણે આઝરબાઈજાનના બાદશાહ સુલ્તાન યાકૂબ મિરઝાની પાસે પોતાના એલચીને ઘણી કિતાબો અને બીજી ભેટ સોગાદો લઈને રવાના કર્યો. એ કિતાબોની સાથે તેણે કુલ્લીયાતે જામી નામની કિતાબ લઈ જવાનો પણ હુકમ કર્યો. તે કિતાબ તે જમાનામાં ખૂબ જ લોકપ્રિય હતી.

અમીરહુસૈન અબીવરવી નામના એલચીએ ઉતાવળમાં કુલ્લીયાતે જમીનના બદલે ફતુહોતા મકકી નામની કિતાબ પોતાની સાથે લીધી. ઈરાનના બાદશહો તેમની સાથે ખૂબ જ પ્રેમાળ ભર્યો વ્યવહાર કર્યો અને પૂછયું, આટલી લાંબી મુસાફરીમાં આપ ખૂબ જ કંટાળી ગયા હશો. એલચીએ કહ્યું, સુલ્તાને આપના માટે 'કુલ્લીયાતે જામી' પણ મોકલી છે. રસ્તામાં જયારે અમે પડાવ નાખતા ત્યારે તેનું વાંચન કરીને દિલ બહેલાવતો હતો. સુલ્તાન યાકુબ કુલ્લીયાતના મુસ્તાક હતા. તેમણે ભેટ સોગાદો પૈકી કુલ્લીયાત મંગાવી, પણ તેમાં કુલ્લીયાત મૌજૂદ ન હતી. આ જોઈને એલચી શરમાઈને ભોંઠપ અનુભવવા લાગ્યા. બાદશાહે કહ્યું : તમને આવું બોલતા શરમ ન આવી ?

એલચી કહે છે કે હું એટલો બધો શરમીંદો થયો કે દરબારમાંથી બાદશાહના પત્રનો જવાબ લીધા વગર અને રસ્તામાં પડાવ કર્યા વગર સીધે સીધો ખુરાસાન પાછો પહોંચી ગયો. મને થતું હતું કે કાશ, હું મરી ગયો હોત, પણ આવું જૂઠ ન બોલ્યો હોત તો કેવું સારૂં થાત.

## (૭) જૂઠનો ગુનાહ શરાબથી વધુ છે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામનો ઇરશાદ છે : બેશક, ખુદાએ તમામ બુરાઈઓના કોઈને કોઈ તાળા બનાવ્યા છે અને એ તમામ તાળાઓની ચાવી શરાબ છે. જયારે કે જૂઠ શરાબથી બદતર (વધુ ખરાબ) છે.

**(ઉસુલે કાફી, કિતાબુલ ઈમાન વલ કુફ્ર,, જૂઠનું પ્રકરણ)**

અલબત્ત શરાબથી અકકલ અને હોશ ખત્મ થઈ જાય છે. જૂઠથી માત્ર અકકલનો નાશ થતો નથી પણ માણસ એટલો બધો બેહયા અને બેગૈરત બની જાય છે કે તે શયતાનીયતથી ભરેલા બધા કાર્યો કરવા માટે તૈયાર થઈ જાય છે.

શરાબીની અકકલ નશાની હાલતમાં કામ કરતી નથી તેથી તે ચાલાકી અને લુચ્ચાઈ કરી શકતો નથી. પણ જુઠ્ઠો માણસ પોતાના જુઠ્ઠાણાથી સમાજને શરાબી કરતા કેટલાય ગણું વધારે નુકસાન પહોંચાડે છે.

## (૮) જુઠ્ઠાનું દુર્ગંધભર્યું મૂખ

રિવાયતોમાં છે કે કયામતના દિવસે જુઠ્ઠા માણસનું મૂખ સખ્ત દુર્ગંધ મારતું હશે.

## (૯) ફરિશ્તા દૂર રહે છે.

જૂઠ્ઠા માણસના મૂખમાંથી આવતી દુર્ગંધ એટલી બધી તીવ્ર અને ભયાનક હશે કે ફરિશ્તાઓ તેની પાસે પણ નહીં જાય અને તેનાથી દૂર ભાગશે. આ વાત માત્ર કયામત (આખેરત) પુરતી મર્યાદિત નથી પણ દુનિયામાં ફરિશ્તાઓને જુઠ્ઠા માણસના મૂખમાંથી દુર્ગંધ આવે છે. હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ છે.

"જયારે ખુદાનો કોઈ બંદો જુઠુ બોલે છે ત્યારે તેના મૂખમાંથી એવી દુર્ગંધ આવે છે કે, ફરિશ્તા તેનાથી દૂર હટી જાય છે."

**(મુસ્તદરકુલ વસાઈલ)**

## કુફ્ર માટે કારણ રૂપ જૂઠ

**(૧૦)** ખુદાવંદે આલમ જુઠ્ઠા પર લાનત મોકલે છે આ વાત આયતે મુબાહેલા અને આયતે લેઆન (સૂરએ નૂર - ૨૪ આ. ૭) થી સાબિત થાય છે, જેનો ઉલ્લેખ અગાઉ થઈ ગયો છે.

**(૧૧)** રિવાયતોમાં છે કે જુઠ્ઠાના મૂખમાંથી નિકળતી દુર્ગંધ અર્શ સુધી પહોંચી જાય છે.

**(૧૨)** રિવાયતોમાં એમ પણ છે કે અર્શને ઉપાડનારા ખુદાના મુકર્રબ ફરિશ્તા જુઠ્ઠા પર લાનત કરે છે.

**(૧૩)** જુઠ ઈમાનને ખરાબ કરી નાખે છે. હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામ ફરમાવે છે : "જુઠ ઈમાનને બગાડનારૂં હોય છે"

**(કિતાબે કાફી)**

**(૧૪)** જૂઠ માણસને ઈમાનના સ્વાદ ચાખવાથી વંચિત કરી નાખે છે ઇમામ અલી અલયહિસ્સલામ ફરમાવે છે : "બંદો જયાં સુધી જુઠું બોલવાનું છોડી ન દે ત્યાં સુધી ઈમાનનો સ્વાદ ચાખી શકતો નથી. ભલે પછી તે જૂઠ મજાકમાં બોલાયું હોય કે ગંભીરતાથી"

**(કિતાબે કાફી)**

**(૧૫)** રિવાયતોથી જાણવા મળે છે કે જૂઠ દિલોમાં દુશ્મની અને વેર (ઉત્પન્ન કરવા) માટે કારણરૂપ બને છે.

**(૧૬)** જૂઠના કારણે જૂઠ બોલનારનું ચારિત્ર્ય બીજા લોકોની સરખામણીએ વધારે ખરાબ હોય છે. હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ છે "જુઠ્ઠા બોલો માણસ ચારિત્ર્ય અને સદવર્તનની દ્રષ્ટિએ સૌથી હલકો છે."

**(મુસ્તદરકુલ વસાઈલ)**

**(૧૭)** રિવાયતમાં છે કે જૂઠ એ એવા બંધ (તાળુ લગાવેલા) ઘરની ચાવી છે જેમાં તમામ બુરાઈઓ રાખવામાં આવી છે.

**(૧૮)** જૂઠ દુરાચાર છે. પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે જૂઠથી બચો, કારણ કે જૂઠ એ દુરાચારનો એક પ્રકાર છે. અને આ બંને બાબતો આચરનાર (જૂઠ અને દુરાચાર) જહન્નમી છે.

**(મુસ્તદરકુલ વસાઈલ)**

**(૧૯)** રિવાયતોમાં છે કે એક જૂઠના બદલામાં ૭૦,૦૦૦ (સીત્તેર હજાર) ફરિશ્તા જુઠ્ઠા માણસ પર લાનત કરે છે.

**(૨૦)** જુઠ મુનાફિકની નિશાની છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની હદીસ મુસ્તદરકુલ વસાઈલમાં મૌજૂદ છે કે : મુનાફિકની ત્રણ નિશાની છે. **(૧)** જુઠું બોલવું **(૨)** ખયાનત કરવી **(૩)** વાયદાનું પાલન ન કરવું.

**(૨૧)** શરઈ દ્રષ્ટિએ જુઠ્ઠા માણસની સલાહ પસંદ કરવા યોગ્ય નથી. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : "જુઠા માણસની સલાહનું કંઈ મહત્વ નથી."

**(મુસ્તદરકુલ વસાઈલ)**

**(૨૨)** જૂઠ, એ સૌથી ખરાબ રૂહાની બીમારી છે. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામનો ઇરશાદ છે કે જૂઠની બીમારી સૌથી ખરાબ માનસિક બીમારી છે.

**(૨૩)** જૂઠ શયતાનના હાથની શોભા છે. હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ છે : "ઇબ્લીસ સુરમો પણ લગાવે છે, આંગળીમાં છલ્લા (વીટી) પણ પહેરે છે, અને છીંકણીના (તમાકુનો) ઉપયોગ પણ કરે છે. ઇબ્લીસનો સુરમો, ઉંઘવું અને સુસ્તી કરવી છે. તેનો છલ્લો (વીટી) જૂઠ છે અને તેની છીંકણી અભિમાન અને ઘમંડ છે."

**(૨૪)** ઇન્સાન જે વસ્તુની કમાણી કરે છે, તેમાં જુઠ બદતરીન વસ્તુ છે. પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે : ઇન્સાનની બદતરીન કમાણી જૂઠનું વ્યાજ છે. (વસાએલુશ્શીઆ) જી હા, ગુનાહની દ્રષ્ટિએ માણસ જુઠુ બોલીને વધુ ગુનાહની કમાણી કરે છે.

**(૨૫)** એક માણસ નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થયો. તેણે પૂછયું એવો કયો અમલ છે જેના કારણે સૌથી વધુ લોકો જહન્નમમાં જશે ? હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : એ જૂઠ (નો ગુનાહ) છે.

જયારે બંદો જૂઠ બોલે છે ત્યારે બધા ગુનાહોથી નિર્ભય બની જાય છે. જૂઠ્ઠાણું વધી પડે છે ત્યારે કુફ્ર કરી બેસે છે, અને જયારે કુફ્ર કરી બેસે છે ત્યારે તે જહન્નમને પાત્ર બની જાય છે.

# જૂઠ વિસ્મૃતિ અને ભૂલો કરાવે છે.

**(૨૬)** હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે : બેશક, બહુ જ ખોટુ બોલનારને અલ્લાહ જે સજા આપે છે તેમાંથી એક નિસ્યાન (વિસ્મૃતિ અને ભૂલ) નો રાગ છે.

જે માણસ જૂઠ બોલીને ભૂલી જાય છે કે પોતે અમુક વાત કહી હતી તેનું જુઠ્ઠાણું પકડાઈ જતું હોય છે અને તે અપમાનિત થતો હોય છે. પરંતુ પોતાની ભોંઠપ છુપાવવા માટે તે જૂઠ પર બીજું જૂઠ બોલતો હોય છે, તેમજ બીજુ જૂઠ બોલીને પહેલા જૂઠને છુપાવવા પ્રયાસ કરતો હોય છે. અને તે બીજુ જૂઠ બોલીને ભૂલી જતા તેને ફરી અપમાનીત થવાનો વારો આવે છે.

**(૨૭)** જૂઠ એ નિફાક (મુનાફેકત), દંભ અને દેખાવના દરવાજાઓ પૈકીનો એક દરવાજો છે.

# જૂઠ્ઠાઓ પર સખ્ત અઝાબ

**(૨૮)** જૂઠ્ઠુ બોલનારા ઉપર ખાસ પ્રકારનો અઝાબ નાઝિલ થાય છે. આકાએ રાવન્દીની કિતાબ દઅવાતમાં આ વિષય પરની એક લાંબી હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મૌજૂદ છે. જેમાં આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે શબે મેઅરાજના આંખે દેખ્યા અહેવાલનું વર્ણન કર્યું છે.

આપ ફરમાવે છે કે મેં એક માણસને જોયો જે સીધો સુતો હતો અને બીજો એક માણસ તેના માથા પર ઉભો હતો. ઉભેલા માણસના હાથમાં એક અણીદાર લોઢાનો ડંડો હતો જેનાથી તે સુતેલા માણસને સતત ઝખ્મી કર્યા કરતો હતો. સૂતેલા માણસનું શરીર માથાથી ગરદન સુધી ટુકડે ટુકડા થઈ જતું હતું. તેના માથા ઉપર ઉભેલો માણસ તેના ડંડાને બીજી વાર ઉગામતો હતો એટલીવારમાં તે માણસનું શરીર સરખું થઈ જતું હતું. એને સતત એ રીતે અઝાબ આપવામાં આવતો હતો.

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે કે મેં પૂછયું : "આને કયા કારણસર અઝાબ આપવામાં આવે છે ?"

જવાબ મળ્યો કે આ માણસ સવારે જયારે તેના ઘરેથી બહાર નિકળતો હતો ત્યારે એવું જૂઠ બોલતો હતો જેના કારણે દુનિયાના લોકોને નૂકસાન થતુ હતું. તેથી આ માણસને (તેના મર્યા પછીથી) કયામત સુધી આવો જ અઝાબ થતો રહેશે."

**(૨૯)** જુઠ્ઠો માણસ નમાઝે શબ પડવાથી વંચિત રહે છે અને સ્વભાવિક રીતે નમાઝે શબની બરકતથી પણ વંચિત રહે છે. નમાઝે શબની એક બરકત રોઝીમાં થતી બરકત પણ છે. શરીફી, હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામની રિવાયત નોંધે છે કે

બેશક, જુઠ્ઠા બોલો માણસને નમાઝે શબની તૌફીક મળતી નથી અને નમાઝે શબની તૌફીક નહીં મળવાના કારણે તેને રોઝીમાં બરકત થતી નથી.

**(બેહારૂલ અન્વાર)**

**(30)** જૂઠના કારણે હિદાયતથી વિમૂખ રહેવાય છે, અને જૂઠ ગુમરાહીનું કારણ પણ બને છે.

કુરઆનની આયત છે કે : બેશક, ખુદા જુઠ્ઠા અને નાશુક્રા માણસોની હિદાયત નથી કરતો. "નિસંશય અલ્લાહ તે શખ્સને સન્માર્ગ નથી દેખાડતો કે જે જૂઠ્ઠો હોય (ને) મહા કૃતધ્ન પણ"

**(સૂરએ ઝુમર ૩૯, આ. 3)**

**(૩૧)** જૂઠથી માનવતા ચાલી જાય છે. હઝરત ઇસા ઇબ્ને મરીયમ અલયહિસ્સલામનો ઇરશાદ છે : જે માણસ બહુ જ જૂઠ્ઠુ બોલે છે, તેનામાં માનવતા હોતી નથી. **(કિતાબે કાફી)**

આવા માણસને કોઈ પ્રત્યે હમદર્દી નથી હોતી કે કોઈ તેને ચાહવા જેવું લાગતું નથી.

**(૩૨)** જૂઠ સૌથી વધુ રાક્ષસી અને ગંદી ટેવ છે.

**(33)** આગળ સાબિત થઈ ચૂકયું છે તેમ જૂઠ એક ગુનાહે કબીરા છે.

**(૩૪)** જૂઠથી ઈમાન દૂર રહે છે. આ વિશે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : જેટલું જૂઠ વધતું જાય તેટલું ઈમાન ઘટતું જાય છે.

**(મુસ્તદરકુલ વસાઈલ)**

**(૩૫)** સૌથી મોટો ગુનેહગાર જુઠ્ઠો માણસ છે. હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમમાં છે કે (એક) સૌથી મોટો ગુનાહ ખૂબ જ વાતો કરનાર (વાતોડીયા) અને ખૂબ જ જૂઠુ બોલનાર માણસનો ગુનાહ છે.

**(૩૬)** જુઠ્ઠો માણસ તેના જૂઠને લીધે પતનને માર્ગે ધકેલાઈ જાય છે. પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે "જૂઠથી બચો, ભલે તમને જૂઠમાં નજાત (મુક્તિ) દેખાઈ રહી હોય, પરંતુ વાસ્તવમાં તેમાં પતન છે."

**(મુસ્તદરકુલ વસાઈલ)**

**(૩૭)** જુઠ્ઠો માણસ દોસ્ત કે ભાઈ બનાવવાને લાયક નથી હોતો. હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ ફરમાવે છે : દરેક મુસલમાનનો એ ફરજ છે કે તે બહુ જ જૂઠ્ઠા માણસ સાથે મિત્રતા અને સમાનતાનો સંબંધ ન બાંધે. એટલા માટે કે જૂઠ્ઠા માણસ સાથે દોસ્તી રાખનારને પણ જૂઠ્ઠો સમજવામાં આવે છે. એટલે સુધી કે જો તે સાચી વાત કહેતો હોય તો પણ તેની વાતને સાચી માનવામાં નથી આવતી.

**(૩૮)** બેશક, ખુદા ઇસરાફ (દુર્વ્યય) કરનાર અને (હડહડતું) જૂઠું બોલનારને હિદાયતનો માર્ગ દેખાડતો નથી.

**(૩૯)** જુઠ્ઠો માણસ ફકત દેખાવમાં જ ઇન્સાન હોય છે પણ આલમે બરઝખમાં તેનું માનવ સ્વરૂપ રહેતું નથી. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હઝરત ફાતેમા સલામુલ્લાહે અલય્હાને હદીસે મેઅરાજ વિષે માહિતગાર કરતા ફરમાવ્યું હતું : શબે મેઅરાજ મેં એક એવી સ્ત્રીને જોઈ જેનું મોઢું સુવ્વર (ભૂંડ) ને મળતું આવતું હતું અને તેનું બાકીનું શરીર ગધેડા જેવું હતું. તેનું કારણ એ હતું કે તે ફીત્ના (ટંટા - ફસાદ) કર્યા કરતી હતી અને જુઠુ બોલતી હતી.

**(કિતાબે ઓયુને અખબારે રીઝા)**

* * * * *

# જૂઠના વિવિધ દરજ્જા

શહીદે સાની (અ.ર.)ની જેમ મુજતહિદોનો બીજો એક સમુહ, જૂઠને સંપૂર્ણ રીતે ગુનાહે કબીરા ગણે છે, ભલે પછી તે ગમે તે પ્રકારનું હોય. પરંતુ રિવાયતોથી જાણવા મળે છે, કે જૂઠના વિવિધ પ્રકાર છે. જે પૈકીના કેટલાક બેશક ગુનાહે કબીરા છે. કેટલાક જૂઠ સૌથી મોટા ગુનાહે કબીરા છે. અલબત્ત કેટલાક જૂઠ એવા હોય છે કે જેના ગુનાહે કબીરા હોવામાં હક છે. હવે અમે અત્રે જૂઠના વિવિધ પ્રકારના એક એક કરીને પ્રસ્તુત કરીએ છીએ.

* * * * *

# અલ્લાહ, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને ઇમામ અલય્હિસ્સલામની વિરૂધ્ધમાં જૂઠ

સૌથી ખરાબ જૂઠ અલ્લાહ, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને ઇમામ અલયહિસ્સલામની વિરૂધ્ધનું જૂઠ છે. સૂરએ નહલમાં ઇરશાદ છે :

"અને તમારી જીભે જે કોઈ સાચી વાતો આવી જાય છે (તે સાચી માની લઈ) એમ ન કહેવા માંડો કે આ હલાલ છે, અને આ હરામ છે, કે જેથી અલ્લાહ ઉપર બોહતાન મૂકો (જુઠ્ઠી આળ મુકો) બેશક, જે લોકો અલ્લાહ પર બોહતાન મૂકે છે તેઓ (હરગીઝ) સફળ થશે નહીં. (આ) થોડા વખતનો (દુનિયામાં) અફાયદો છે, પરંતુ છેવટે (આખેરતમાં) તેના માટે દર્દનાક અઝાબ છે."

**(સૂરએ નહલ : ૧૬, આ. ૧૧૬ અને ૧૧૭)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે : ખુદા અને તેના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના નામથી જૂઠ બોલવું ગુનાહે કબીરા પૈકી એક છે. **(કિતાબે કાફી)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે અબૂ નોઅમાનને ફરમાવ્યું હતું : અમારા નામે એક પણ જૂઠ ન ઉચ્ચારો કારણ કે આ પ્રકારનું જૂઠ તમને ઇસ્લામ જેવા ખાસ (મહત્વના) દીનની બહાર કરી દેશે (કિતાબે કાફી) એટલે કે ઇમામોના નાતે એક પણ જૂઠ્ઠી વાત કરવાથી દિલમાંથી ઈમાનનું નૂર ચાલ્યું જાય છે. આ જૂઠની ગંભીરતા એટલી બધી હોય છે કે તેનું જૂઠ રોઝાની હાલતમાં બોલવામાં આવે તો રોઝો બાતિલ થઈ જાય છે.

* * * * *

# જૂઠ ગમે તેવું હોય

જૂઠ ગમે તેવું હોય અને ગમે તે સ્વરૂપમાં હોય તે હરામ છે. જેમ જીભથી જૂઠ બોલવું હરામ છે, તેવી જ રીતે કલમથી જૂઠ લખવું પણ હરામ છે. એટલું જ નહીં આંગળી કે માથા વિગેરેના ઇશારાથી જુઠ્ઠી વાતનો ઇશારો કરવો પણ હરામ છે. દાખલા તરીકે કોઈ માણસે નમાઝ ન પડી હોય અને તેને પૂછવામાં આવે કે તમે નમાઝ પડી છે ? અને તેના જવાબમાં તે માથું હલાવી દે જેનાથી તે હા પાડે છે તેવું જણાય છે તો તે રીતે હા નો ઇશારો કરવો પણ જૂઠ અને હરામ છે. તેવી જ રીતે જો એ વાતની જાણ થઈ જાય કે કોઈ માણસ જૂઠ બોલી રહયો છે તો તેની વાતને વધુ ફેલાવવી અને તેની વાતનું સમર્થન કરવું પણ હરામ છે.

* * * * *

# કુરઆનની આયતો અને હદીસોનો મનઘડત અર્થ કરવો

ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વિરૂધ્ધમાં જૂઠ બોલવાનો અર્થ એ છે, કે માણસ એ હઝરાત પૈકી કોઈ સાથે જુઠ્ઠી વાતનો સંબંધ જોડે. જેમકે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે કોઈ વાત ન ફરમાવી હોય, છતાં પણ જાણી બૂજીને એમ કહે કે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે એ વાત ફરમાવી છે અથવા તો અરબીનું કોઈ વાકય કુરઆનની આયત ન હોવાનું જાણવા છતા એમ કહે એ કુરઆનની આયત છે. તેવી જ રીતે કુરઆનની આયત અથવા હદીસોના ખરા અને વાસ્તવિક અર્થની વિરૂધ્ધ પોતાના મતલબ મુજબનો (મનઘડત) અર્થ કરવો પણ હરામ છે. અથવા તો ખોટો તરજુમો (અનુવાદ) કરવો પણ હરામ છે.

* * * * *

# દરેક સ્તરના લોકોનું કામ નથી.

મીમ્બર ઉપરથી અથવા અન્ય કોઈ સ્થળે કુરઆનની આયતની તફસીર કરવી કે હદીસો અને રિવાયતોનો અનુવાદ અને વિવરણ કરવું એ દરેકનું કામ નથી. આ એક ખતરનાક અને જોખમી બાબત છે. જેમાં ખૂબ જ અહેતિયાત (સાવધાની) રાખવી જરૂરી રહે છે. જો તફસીર કર્તાએ અરબી ભાષાના વ્યાકરણ વિગેરેના કાયદાઓનો સંપૂર્ણ અભ્યાસ કર્યો ન હોય અને તે કુરઆનની આયતો અને રિવાયતોનો જાહેરી અર્થ સમજી શકતો ન હોય તો તેવો માણસ ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ માટે જૂઠી વાત કરવાથી બચી શકતો નથી. તેથી તકરીર કરનારાઓ (મજલિસ પડનારા ઝાકિર સાહેબો) એ ખૂબ જ એહતીયાત સાવધાની (સાવચેતી) રાખવી જોઈએ અને કુરઆનની આયતના ફકત એ જ અર્થ કરવા જોઈએ જે સ્પષ્ટ અને જાહેર હોય. એવા લોકોએ કુરઆન મજીદની મુતશાબેહ (ગાંભિર્ય ધરાવનારી) આયતોનો તરજુમો અને વિવરણ કરવાથી બચવું જોઈએ.

* * * * *

# ખુદા વિરૂધ્ધના જૂઠનું એક સ્થાન

ખુદા વિરૂધ્ધ જૂઠ બોલવાનું એક ઉદાહરણ એ છે કે માણસ પોતાની ખોટી વાતોને સાચી જાહેર કરવા માટે એમ કહે કે ખુદા ગવાહ છે કે હું સાચું કહી રહ્યો છું.

અથવા તો એમ કહે કે ખુદા જાણે છે કે હું સાચું કહી રહ્યો છું.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ઇરશાદ ફરમાવ્યું : જે માણસ એમ કહે કે ખુદા જાણે છે, વાસ્તવમાં ખુદા તેનાથી ઉલ્ટું (ખોટી વાત છે તેમ) જાણતો હોય તો ખુદાની અઝમત અને તેનો જલાલ જોઈને અર્શે ઇલાહી કાંપી ઉઠે છે.

**(કાફી)**

બીજી એક હદીસમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : જયારે કોઈ બંદો કહે કે, ખુદા જાણે છે, ખરેખર તે જૂઠ બોલી રહ્યો હોય તો ખુદાએ તઆલા તેને કહે છે : જેની ઉપર તું જૂઠ બાંધી શકે તેવું તને મારા સિવાય બીજું કોઈ ન મળ્યું ?

કેટલિક રિવાયતોમાં છે, કે બંદો જયારે ખોટી વાત માટે ખુદાને ગવાહ બનાવે છે, ત્યારે ખુદાવંદે આલમ તેને ફરમાવે છે : તને મારાથી વધુ કમજોર બીજો કોઈ ન મળ્યો જે આ જુઠ્ઠાણા માટે તારો ગવાહ બની શકે ?

* * * * *

# પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને ઇમામની વિરૂધ્ધમાં જૂઠ

કોઈ હદીસ પોતાની મેળે ઘડીને તેને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના નામ સાથે જોડી દેવી એ તેઓ માટે જુઠી વાત કહેવા બરોબર છે. એવી જ રીતે કોઈ હદીસ બનાવટી હોવાનુ જાણતા હોવા છતાં, જાણી બુજીને તેને સાચી હદીસ ગણવી એ પણ જૂઠ બાંધવું છે. અલબત્ત તે હદીસ સહીહ હોવા વિશે (સત્યતાની) સાબિતી મૌજૂદ હોય તો તેવી હદીસને માઅસુમ અલય્હેમુસ્સલામના નામે બયાન કરી શકાય છે.

* * * * *

# રિવાયતોને સનદ (સંદર્ભ) સાથે નોંધવી

અલબત કિતાબોમાં એવી કેટલીય હદીસો મળી આવે છે જે સહીહ કે ખોટી હોવાનું જાણી શકાતું નથી. એવી હદીસો બયાન કરવી હોય તો જે કિતાબમાં તેનો ઉલ્લેખ હોય તે કિતાબ અથવા રાવીના હવાલા સાથે બયાન કરવામાં કોઈ વાંધો નથી. અલબત્ત કોઈ પણ હદીસને બયાન કરતા પહેલાં તેમાં કોઈ બાબત જરૂરીયાતે દીનની વિરૂધ્ધની ન હોવા વિશેની ખાત્રી કરી લેવી જોઈએ. જો હદીસમાં કોઈ વાત જરૂરીયાતે દીનની વિરૂધ્ધની જોવા મળતી હોય તો તેવી હદીસ ખોટી કે બનાવટી હોવામાં શંકાને કોઈ સ્થાન નથી. તેવી જ રીતે હદીસોમાં ઇમામ અથવા માઅસુમ અલય્હેમુસ્સલામની બેઅદબી (અપમાન) થાય તેવી કોઈ વાત ન હોવી જોઈએ. તેમજ એવી વાત પણ ન હોવી જોઈએ કે જે સ્વિકારવાનો અકલે સલીમ (સામાન્ય બુધ્ધિ) ઇન્કાર કરે. એહતિયાતનો તકાઝો એ છે કે (સાવચેતી રૂપ) ફકત મોઅતબર કિતાબોમાંથી હદીસોને નોંધવામાં આવે. હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામ ફરમાવે છે કે અને કોઈ મોઅતબર (ભરોસાપાત્ર) માણસ સિવાય બીજા કોઈ પાસેથી હદીસ ન નોધો, નહીતર તમે ખૂબ જ મોટુ જુઠ્ઠાણું કહી બેસશો. (ખશકુલ મુહજજહ) અને જૂઠ ખુદા અને મખ્લૂકે ખુદા સામે અપમાનિત થવાનું કારણ બને છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે હારીસે હમદાનીને એક પત્ર લખ્યો જેમાં આ પ્રમાણે નસીહત ફરમાવી હતી, બધી સાંભળેલી વાતો લોકોને કહ્યા ન કરો. જૂઠ બોલવા સંબંધે આટલી જ વાત પુરતી છે.

**(નહજુલ બલાગાહ)**

એવી જ રીતે હદીસોને મૂળ સ્વરૂપે રજુ કરવી જોઈએ. પોતાના તરફથી એક પણ અક્ષર વધારવો કે ઘટાડવો ન જોઈએ. તેવી જ રીતે કોઈ શબ્દ બદલવો પણ ન જોઈએ. નહીતર આ એ બધા સંજોગોમાં માઅસુમીન અલય્હેમુસ્સલામ પર બોહતાન થઈ જાય છે.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : જો કોઈ માણસ મેં ન કહી હોય તેવી વાત મારા નામે રજુ કરે (મારા નામે બયાન કરે) તો તે જહન્નમમાં જશે.

આકાએ નૂરી દારૂસ્સલામ નામની કિતાબમાં લખે છે કે એક આલિમે બા - અમલ કિતાબે મકાએમના સંપાદક આકાએ મોહમ્મદ અલી પાસે કીરમાનશાહ પહોંચ્યો અને કહ્યું : મેં એક સ્વપ્ન જોયું છે, જેમાં મેં જોયું કે હું હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામનું ગોશ્ત કાપી રહ્યો છું. આ સ્વપ્નની તાબીર (અર્થઘટન) શું છે ? આકાએ મોહમ્મદ અલી થોડી વાર સુધી માથુ જુકાવીને ચિંતા મગ્ન બેસી રહ્યા અને પછી ફરમાવ્યું : શાયદ આપ મજલિસ પડો છો (ઝાકેરી કરો છો) અને તેમાં મસાએબ (ગમનું બયાન) પડો છો ? તે માણસે કહ્યું : જી હા, તેઓએ જવાબ આપ્યો : મજલિસો પડવાનું બંધ કરી દો અથવા તો મજલિસોનું બયાન મોઅતબર કિતાબોમાંથી જ પડવાનું રાખો.

'શેફાઉસ સોદુર' નામની કિતાબમાં લખ્યું છે કે આયતુલ્લાહ અલ્હાજ મોહમ્મદ ઇબ્રાહીમ કલબાસીની ખિદમતમાં એક આલિમે દીન મજલિસ પડી રહ્યા હતા. તેઓ કહી રહ્યા હતા કે "હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામે ફરમાવ્યું : યા ઝયનબ, યા ઝયનબ" આ સાંભળી આયતુલ્લાહ કલબાસીએ ઉંચા અવાજે ફરમાવ્યું : "ખુદા તારૂં મોઢું તોડી નાખે ઇમામ અલયહિસ્સલામે "યા ઝયનબ" બે વખત નહીં પણ એક જ વખત ફરમાવ્યું હતુ"

* * * * *

# રિવાયતોના વિષયનું વર્ણન

અલબત્ત હદીસ અથવા આયતનું અર્થઘટન પોતાના શબ્દોમાં સાચી રીતે બયાન કરવું જાએઝ છે. પરંતુ તેની શર્ત એ છે કે, હદીસ રજૂ કરનાર માણસ અરબી ભાષા સારી રીતે જાણતા હોય, એટલું જ નહીં અરબીમાં રજૂ થએલ હદીસ કે આયતનો અર્થ સમજવાની તેની આવડત પણ સારી એવી હોવી જોઈએ. સારાંશ કે તે હદીસનો જાહેરી અર્થ પોતાના શબ્દોમાં બયાન કરવું જાએઝ છે.

એવી જ રીતે માઅસુમીન અલય્હેમુસ્સલામની શાનમાં વિરૂધ્ધમાં કોઈ વાત જતી ન હોય તો ગધને પધમાં અથવા પધને ગધમાં (લેખને કાવ્યમાં અથવા તેનાથી ઉલ્ટું) રજુ કરી શકાય છે. તેમજ ભૂતકાળના બનાવોને વર્તમાનકાળમાં બયાન કરી શકાય છે. દાખલા તરીકે એમ કહેવું હોય કે એક માણસ ઇમામ અલયહિસ્સલામની ખિદમતમાં હાજર થયો અને ઇમામ અલયહિસ્સલામે તેને ફરમાવ્યું : તો વર્તમાન કાળમાં એમ કહી શકાય કે એક માણસ ઇમામ અલયહિસ્સલામની ખિદમતમાં હાજર થાય છે અને ઇમામ અલયહિસ્સલામ તેને ફરમાવે છે. અલબત્ત શ્રોતાઓ એ વાત સમજતા હોવા જોઈએ કે આ વાતનું બયાન થાય છે તે વર્તમાન કાળમાં થઈ રહયું છે. તેવી જ રીતે જો હદીસમાં હોય કે "ઇમામ અલયહિસ્સલામે મનાઈ ફરમાવી" તો પોતાના શબ્દોમાં એમ કહેવું જાએઝ છે કે "ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું એવું (કાર્ય) ન કરો."

* * * * *

# જુઠી કસમ અને ગવાહીથી બચો

જૂઠનો એક પ્રકાર જૂઠી કસમ ખાવી છે. જેમાં જૂઠી ગવાહી આપવાનો અથવા તો શરઈ અદાલતની સામે ગવાહી છુપાવવાનો સમાવેશ થાય છે. આ જૂઠ પણ એવું છે, જેના ગુનાહે કબીરા હોવામાં કોઈ શંકા નથી. આ બધાનું વિગતવાર વર્ણન ઇન્શાઅલ્લાહ હવે પછી કરવામાં આવશે.

* * * * *

# જૂઠની હાનીકારક અસર

બેશક એવા જૂઠ કે જેના પરિણામે હાનિકારક અને બીજાને નૂકસાનકારક હોય તેનો સમાવેશ ગુનાહે કબીરામાં થાય છે. જો જૂઠથી મોટું નુકસાન થયું હોય તો તેના પ્રમાણમાં ગુનાહ પણ વધારે થાય છે. દાખલા તરીકે જૂઠથી કોઈને માલનું નુકસાન પહોંચે તેમ હોય તો તેનો ગુનો એવા જૂઠથી ઓછા પ્રમાણમાં થશે, જેનાથી જાનનું નુકસાન પહોંચતું હોય.

* * * * *

# મશ્કરીમાં જૂઠ

જૂઠનો એક પ્રકાર મજાક - મશ્કરીમાં બોલવામાં આવતું જૂઠ છે. જેમકે કોઈ ભલા ભોળા માણસને એમ કહેવામાં આવે કે "ફલાણી સ્ત્રી તારી સાથે શાદી કરવા માગે છે." અથવા તો "આજે રાત્રે ફલાણા માણસે તને તેના ઘરે જમવાની દાવત આપી છે." જયારે હકીકતમાં એવી કોઈ જ વાત ન હોય તો રિવાયતોમાં આ પ્રકારના જૂઠ પણ હરામ હોવાનું સાબિત છે. અલબત્ત કેટલાક આલિમોનું કહેવું છે કે હકીકતની વિરૂધ્ધની કોઈ વાત એવી રીતે કહેવામાં આવે કે તે મજાક હોવાનું સમજાય તો (તેવું જૂઠ) હરામ નથી. જેમકે કોઈ કુંવારા પુરૂષને એમ કહેવામાં આવે કે "જો તારી પત્ની જઈ રહે છે." તો એ હરામમાં ગણાશે નહીં. કારણ કે સાંભળનાર તે વાતથી છેતરાશે નહીં. પરંતુ જો તેવી વાત કહેવાથી તે વાત સાંભળનાર છેતરાઈ જવાની શકયતા હોય તો

તેવું જૂઠ બોલવું હરામ ગણે છે. ભલે પછી તેનાથી તે જૂઠ મજાક હોવાનું સાફ જાહેર થતું હોય કે જાહેર ન થતું હોય, અને આ જ અહેતિયાત (સાવધાની) કરવાનો માર્ગ છે. અને રિવાયતોમાં પણ સ્પષ્ટ રીતે મજાકમાં પણ જૂઠ બોલવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

* * * * *

# જુઠથી સંપૂર્ણ રીતે બચવું

હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલયહિસ્સલામ ફરમાવે છે : જૂઠથી બચો, ભલે પછી તે નાનું હોય કે મોટું. ગંભીરતાથી બોલવામાં આવે કે મશ્કરીમાં બોલાયું હોય.

**(કાફી)**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ ફરમાવે છે : "બંદો જયાં સુધી જૂઠ (બોલવા) થી પરહેઝ ન કરે ત્યાં સુધી તે ઈમાનનો સ્વાદ ચાખી શકતો નથી. ભલે તે જૂઠ ગંભીરતાથી (બોલાયું) હોય કે મજાકમાં"

**(કાફી)**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામની બીજી રિવાયત છે : "જૂઠ ગંભીરતાથી બોલાય કે મજાકમાં, તેમાં કોઈ ભલાઈ નથી. તમારા નાના બાળકો સાથે પણ એવો વાયદો ન કરવો જોઈએ જે પૂરો કરવાનો તમારો ઇરાદો ન હોય. બેશક જૂઠ માણસને નિર્ભયતાપૂર્વક મોટા મોટા ગુનાહો કરવા પ્રેરે છે. અને મોટા મોટા ગુનાહો કરવાથી માણસ જહન્નમમાં જાય છે.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હઝરત અબૂઝરને વસીયત કરતા ફરમાવ્યું : "અય અબૂઝર, જે માણસ પોતાની શર્મગાહ (શરીરના ગુપ્ત ભાગો) અને જીભને કાબૂમાં રાખશે તે જન્નતમાં દાખલ થશે. જે કોઈ માણસ, કોઈ જગ્યાએ લોકોને હસાવવા માટે એક જૂઠી વાત કહેશે તો તે જૂઠી વાત તેને જહન્નમની તરફ લઈ જશે.

"અય અબૂઝર (હાય) અફસોસ છે, એવા લોકો ઉપર જે લોકોને હસાવવા માટે ખોટી (જૂઠી) વાતો કરતા હોય. અય અબૂઝર જે મૌન રહ્યો તેણે નજાત મેળવી લીધી. જૂઠ બોલવા કરતા મૌન રહેવું એ તમારી ફરજ છે અને તમારા મૂખેથી કદી પણ એક નાનકડું જૂઠ પણ ન નિકળવું જોઈએ."

હઝરત અબૂઝર કહે છે : "યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ જાણી જોઈને જુઠ્ઠુ બોલનારની તૌબા કઈ રીતે થશે ? આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે જવાબ આપ્યો : ઇસ્તિગફાર (ગુનાહોની તૌબા કરવી) અને પાંચે સમયની નમાઝ નિયમિત અને સહીહ રીતે અદા કરવાથી, આ ગુનાહો ધોવાઈ જશે."

**(વસાએલુશ્શીયા)**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આ પણ ફરમાવ્યું છે : "મજાકમાં જૂઠું બોલ્યો હોય તો પણ જૂઠ્ઠા માણસ પર ખુદાની લાનત થાય" **(કિતાબે જેહાદ)**

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આ હદીસ પણ ફરમાવી છે : **(૧)** જે માણસ પોતે હક ઉપર હોવા છતાં લડાઈ ઝઘડાથી પરહેઝ કરે તેવા માણસ માટે હું જન્નતમાં એક ઉંચામાં ઉંચા દરજ્જા પર ઘર આપવાની **(૨)** મજાકમાં પણ જૂઠ ન બોલનાર માણસ માટે જન્નતમાં વચ્ચેના દરજ્જામાં એક ઘર આપવાની **(3)** સારા ચારિત્ર્ય (નેક અખ્લાક) વાળા માણસ માટે જન્નતના બાગમાં એક ઘર આપવાની હું જામિનગીરી આપું છું.

સામાન્ય રીતે મજાકમાં જૂઠું બોલવું ગુનાહ તો છે જ, પણ ગુનાહે કબીરા નથી. અલબત્ત મજાકમાં જુઠુ બોલવાને કારણે કોઈ મોઅમિનનું દિલ દુભાતું હોય, તેને તકલીફ પહોંચતી હોય, શારીરિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય અથવા તેની બેઇઝઝતી થતી હોય તો એવા સંજોગોમાં મજાકમાં જૂઠ બોલવું પણ ગુનાહે કબીરા બની જાય છે.

*****

# વાતચીતમાં થતી અતિશ્યોક્તિ જૂઠ નથી.

જન સાધારણ ભાષામાં રૂઢ થઈ ગએલા અતિશ્યોક્તિ ભર્યા જે શબ્દો વપરાય છે તે જૂઠ નથી. દાખલા તરીકે કોઈ વાત કેટલીક વખત સતત કહ્યા પછી માણસ એમ કહે છે, કે "મેં તને આ વાત ૧૦૦ (એક સો) વખત કરી છે." આ કહેનારનો ભાવાર્થ એવો નથી હોતો કે તેણે એ વાતને એક સો વખત કરી છે, પણ ભારપૂર્વક કહેવાનો હોય છે, અને તેનો હેતુ એમ પણ હોય છે કે તેણે એ વાતનું કેટલીયે વખત પૂનરાવર્તન કર્યું છે.

એવી જ રીતે દરેક પ્રકારના મજાઝ (હકીકત સાથે જોડવું) જેમકે કોઈ બહાદુર સૈનિકને સિંહની ઉપમા આપવી અને ઇસ્તઆરહ કનાયા (ઇશારા) પણ જાએઝ છે. ખાસ કરીને શાયરીમાં એવી રજુઆત કરવામાં કોઈ વાંધો નથી.

* * * * *

# કોઈ પણ જૂઠને મામુલી ન સમજો

મોટા ભાગે એવું જોવા મળે છે, કે જયારે યજમાન, મહેમાનને જમવા માટે પૂછે છે ત્યારે મહેમાન પોતે ભૂખ્યા હોવા છતાં શિષ્ટાચાર અને વિવેક ખાતર એવું કહી દે છે કે "મને ભૂખ (લાગી) નથી." "મને રૂચી નથી" આ એક સાફ જૂઠ છે. લોકો અણસમજમાં આ વાતને મામુલી વાત સમજીને તેવા જૂઠની પરવા નથી કરતા. ખરેખર તો રિવાયતોમાં આવા જૂઠની પણ ટીકા કરવામાં આવી છે અને એવા જૂઠ હરામ હોવાનું શરઈ રીતે સાબિત છે.

અસ્મા બિન્તે ઉમૈસ કહે છે : આઈશાની શાદીની પ્રથમ રાત્રે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે દૂધનું એક વાસણ મને આપીને ફરમાવ્યું : "આ દૂધ ઔરતોને પીવા માટે આપો." ઔરતે કહ્યું : અમને ભૂખ નથી." હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "ભૂખ અને જૂઠ બંને ભેગા ન કરો."

અસ્માએ પૂછયું "યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અમને કોઈ વસ્તુની ઇચ્છા હોય પણ અમે એમ કહીએ કે જરૂર નથી તો શું તે જૂઠમાં ગણાશે ?"આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : હા બેશક, દરેક પ્રકારના જૂઠ લખવામાં આવે છે. એવી જ રીતે નાનુ નાનુ જૂઠ પણ લખવામાં આવે છે." **(સફીનતુલ બેહાર, જીલ્દ - ૨, પાના નં ૪૭૩)**

જો માણસ વિવેકથી બીજા માણસને કહે કે "આવો, અમારા ઘરે પધારો" પરંતુ દિલમાં એક ઇચ્છતો હોય કે ઘરે ન આવે તો સારૂં, તો તે જૂઠ નથી એટલા માટે કે "આવો" એક હુકમીયહ અને ઇન્સાઈયહ બંને સાથે મળેલુ વાકય છે. એટલે કે તેને સાચું કે ખોટું કંઈ કહી શકતું નથી. અલબત્ત એવા દેખાવનો વિવેક દર્શાવવાથી પણ બચવું જોઈએ અને સાવધાની રાખવી જોઈએ. વાસ્તવમાં દિલમાં કંઈક અને જીભ પર કંઈક વાત રાખવી એ દંભ છે.

એક દિવસ હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ તેઓના ફરઝંદ ઇસ્માઈલની સાથે બેઠા હતા ત્યારે આપનો ચાહક મિત્ર આવ્યો. તેણે આવીને સલામ કરી અને બેસી ગયો. જયારે ઇમામ

અલયહિસ્સલામ ઉભા થઈને તેઓના મકાનના ઔરતોના ઓરડા તરફ જવા લાગ્યા ત્યારે તે માણસ પણ ઉભો થઈને તે ઓરડાઓના દરવાજા સુધી ગયો. ઇમામ અલયહિસ્સલામે ત્યાંથી તેની વિદાય લઈ લીધી.

ઇમામ અલયહિસ્સલામના ફરઝંદ ઇસ્માઈલે અંદર આવીને પૂછયું : "આપે તે માણસને અંદર આવવા વિવેક શા માટે ન કર્યો ?" ઇમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો : "તે માણસનું (ઔરતોના ઓરડામાં) અંદર આવવું યોગ્ય ન હતું અને હું પણ તેને અંદર બોલાવવાનું યોગ્ય સમજતો ન હતો. તેમજ હું એમ પણ નહોતો ઇચ્છતો કે ખુદા મને એવા લોકોમાં ગણે જે કહેતા કંઈક હોય અને તેના દિલમાં કંઈક હોય."

**(બેહારૂલ અન્વાર, આવૃત્તિ નં ૧, મોઅમિન ભાઈની ઇઝઝત અને સ્ત્રીઓ વિશેના ભાગમાંથી પાના નં ૨૪૧)**

* * * * *

# જુઠુ સ્વપ્ન

જૂઠનો એક પ્રકાર એ પણ છે કે માણસ એમ કહે કે "મેં સ્વપ્નામાં અમુક અમુક બાબતો જોઈ છે" અથવા તો કોઈ પ્રકારના સ્વપ્નાને કોઈ માણસ સાથે જોડીને એમ કહે કે "ફલાણાએ અમૂક પ્રકારનું સ્વપ્ન જોયું છે." ખરેખર હકીકતમાં એમ ન હોય, તે પણ જૂઠ છે.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું કે સૌથી મોટા જૂઠ ત્રણ પ્રકારના હોય છે.

**(૧)** કોઈને તેના ખરા બાપ સિવાય બીજા કોઈના ના માટે (નામ જોડીને) સંબોધવો.

**(૨)** અથવા ખોટે ખોટું સ્વપ્ન બયાન કરવું, જે પોતે પોતાની આંખેથી જોયું ન હોય.

**(૩)** અથવા એવી વાત (મારા નામે) કહેવી જે મારા મૂખેથી કહેવાઈ ન હોય.

જૂઠનો એક પ્રકાર સાવ બિન પાયાદાર કાલ્પનિક કિસ્સા ઘડીને તેને હકીકત રૂપે રજૂ કરવાનો છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : "બદતરીન વાતો પૈકી એક જૂઠી રિવાયતોને નોંધવી છે." **(બેહારૂલ અન્વાર, જીલ્દ નં ૧૫, પાના નં ૪૨)**

* * * * *

# ઉદાહરણ રૂપે જૂઠ

કોઈ અકલી વાતને વધુ સ્પષ્ટ કરીને તેને ઉદાહરણ રૂપે સમજાવવામાં આવે છે. કયારેક એ માટે વાતને બેજાનવરની વાતચીત રૂપે રજૂ કરવામાં આવે છે. (દાખલા તરીકે અલ્લામા ઇકબાલની એક નઝમમાં ખિસકોલી પહાડને તેનું અભિમાન છોડી દેવાની સલાહ આપે છે.) આવા ઉદાહરણથી એ વાત સ્પષ્ટ રીતે સમજાય છે કે હકીકતમાં એવું થતું નથી, અને એ વાતથી કોઈની સાથે છેતરપીંડી પણ નથી, બલ્કે એવા ઉદાહરણથી ફાયદો જ થતો હોય છે તેથી એવી વાતો જાએઝ છે. એહલેબૈત અલય્હેમુસ્સલામ તરફથી મળેલી રિવાયતોમાં પણ એવી વાતો મળી આવે છે, તેમજ એવી રિવાયતો પણ મૌજૂદ છે, જેમાં આવા ઉદાહરણો આપીને કિસ્સા કહાનીઓના સ્વરૂપમાં નસીહત કરવાની અથવા તો હકીકતનું બયાન કરવાની પરવાનગી મળી હોય.

* * * * *

# હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામે ઉદાહરણ રજૂ કર્યું

એક વખત હઝરત ઇમામ હસન અલયહિસ્સલામ મોઆવિયા (લાઅનતુલ્લાહ) ના દરબારમાં મૌજૂદ હતા. ત્યારે એક માણસે આપ વિશે કેટલીક અયોગ્ય વાતો કહી. ઇમામ અલયહિસ્સલામે જવાબમાં ફરમાવ્યું : "અય ઉમર બિન ઉસ્માન, તારા સ્વભાવમાં કેટલી મૂર્ખતા છે કે તું આ વાતોને સમજી શકતો નથી. તારો દાખલો

એ મચ્છર જેવો છે જે પોતાની જાતને મહાન સમજીને ખજૂરના વૃક્ષ ઉપર બેઠો હતો. અને ત્યાંથી ઉડતી વખતે તેણે ખજૂરના વૃક્ષને કહયું હતું કે મજબૂતીથી ખોડાઈ (સ્થિર) રહેજે હવે હું ઉડીને જઈ રહયો છું.' (મચ્છર પોતાની જાતને એટલો વજનદાર સમજતો હતો કે તેના ઉડવાથી ખજૂરનું વૃક્ષ હચમચી જશે તેમ માનતો હતો) વૃક્ષે જવાબ આપ્યો હતો કે "મને તો એ પણ ખબર નહોતી કે તું મારી ઉપર કયારનો બેઠો છે. હવે તારૂ અહીંથી ઉડવું મને કઈ રીતે ઉદાસ કરી શકશે"

* * * * *

# જૂઠ સાંભળવું પણ હરામ છે.

એ વાત પણ જાણી લેવી જોઈએ કે જે રીતે જુઠ્ઠી વાત બોલવી હરામ છે. તેવી જ રીતે જે માણસ જાણતો હોય કે આ વાત જૂઠ્ઠી છે તો તેને સાંભળવી હરામ છે. એવી જ રીતે જૂઠ્ઠી વાત લખવી, વાંચવી અને નકલ કરવી (નોંધવી) પણ હરામ છે. યહુદીઓ અને મુનાફિકો જુઠ્ઠી વાતો અહીં તહીં ફેલાવતા હતા તેથી તે વિશે કુરઆને મજીદમાં ટીકા કરવામાં આવી છે જેમકે ઇરશાદ છે : "સમ્માઉન લિલ કિઝ્બે"

**(સુરા - ૫ : આયત - ૪૨)**

* * * * *

# "જૂઠ્ઠી વાતો સાંભળનારો"

શેખ સદ્દકે હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામથી રિવાયત નોંધી છે કે ઇમામ અલયહિસ્સલામને પૂછવામાં આવ્યું : "શું જૂઠ્ઠા લોકોનું જૂઠ ધ્યાનથી સાંભળવું જાએઝ છે ?"

ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : "નહીં, જે માણસ કોઈ વાત કરનારની વાતને શોખથી ધ્યાનપૂર્વક સાંભળતો હોય તે બોલનાર (વકતા) ની ઇચ્છા મુજબ ઇબાદત કરી બેસે છે, જો બોલનાર ખુદા માનતો હોય તે સાંભળનાર ખુદાની ઇબાદત કરશે અને જો બોલનાર શયતાનને માનતો હોય તો સાંભળનાર પણ શયતાનની ઇબાદત કરશે."

**(કિતાબે એઅતેકાદ)**

રિવાયતોમાં આ જ પ્રકારની બીજી એક હદીસમાં હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામની પણ છે. જે કિતાબે કાફીમાં મૌજૂદ છે.

"બેહુદા વાતોથી બચો." (જૂઠ્ઠા બોલ બોલતા અટકો)

**(સૂરએ હજ - ૨૨, આયત નં 30)**

"અને જે લોકો બેહુદા વસ્તુઓનો તમાશો નથી નિહાળતા (અને જેઓ ખોટો સાક્ષી (કદીપણ) પુરતા નથી.)"

**(સૂરએ ફુરકાન ૨૫, આ. ૭૨)**

આ પ્રકારની આયતોથી સાબિત થાય છે કે જૂઠ સાંભળવું પણ હરામ છે. સ્પષ્ટ છે, કે જે જગ્યાએ જૂઠ બોલતો હોય તે ગુનાહો અને ખુદાની નાફરમાનીની જગ્યા થશે અને જૂઠ સાંભળનાર તે ગુનાહ અને નાફરમાનીમાં શામીલ થઈ જાય છે. બીજી એક વાત એ પણ છે કે, જૂઠ બોલનારને નહી અનિલ મુન્કરની દ્રષ્ટિએ પણ જૂઠલાવવો જોઈએ. જેથી તે જૂઠ બોલવાથી બચે.

* * * * *

# "તવરીયા" શું છે ?

"તવરીયા" નો અર્થ એ છે કે બે અર્થવાળી (દ્વી અર્થી) વાત કરવી. વાતના એવા બે અર્થ થતા હોય જેમાંથી એક અર્થ સાચો હોય અને બીજો અર્થ હકીકતથી સાવ વિરૂધ્ધ થતો હોય. કહેવાય છે કે તવરીયા કરનાર (દ્વિ અર્થી શબ્દો વાપરનાર) માણસ સાચો અર્થ કહેવાનો ઇરાદો રાખતો હોય છે, પણ વળી સાંભળનારો માણસ હકીકતથી ઉલ્ટો અર્થ સમજી લે છે. દાખલા તરીકે તમે કોઈ ઝાલિમ શખ્સથી બચવા માંગતા હો અને તેનાથી છુપાઈને તમારા ઘરમાં બેસી રહેવા માંગતા હો તેવામાં તે ઝાલિમ શખ્સ તમારા ઘરે આવીને તમને બહાર બોલાવે ત્યારે ઘરની કોઈ વ્યક્તિ દરવાજે જઈને એમ કહે કે "તેઓ અહીંયા નથી." ને ઘરની વ્યક્તિનો કહેવાનો અર્થ એવો હોય કે તમે ત્યાં તે દરવાજા પાસે નથી, જયારે ઝાલિમ એમ સમજશે કે તમે ઘરમાં નથી, એમ કહેવું જાએઝ છે.

કોઈ ઝાલિમ તમને કોઈ મઝલૂમનું ઠેકાણું તેની ઉપર ઝુલ્મ કરવાના ઇરાદાથી પૂછે તો તમને તેના ઠેકાણાની ખબર હોય છતાં તમે કહી શકો કે "મને તેના ઠેકાણાની ખબર નથી." આ વાકયમાં "તેના " શબ્દનો અર્થ 'કોઈ અન્ય વ્યક્તિ' ગણી શકાય જેના ઠેકાણાની હકીકતમાં તમને ખબર ન હોય.

તેવી જ રીતે ખુદા ના ખાસ્તા તમારાથી કોઈ ગુનાહ થઈ ગયા હોય અને કોઈ તમને પૂછી બેસે કે શું આપથી કોઈ વાર આવા ગુનાહ થાય છે ? તેના જવાબમાં આપ એવું કહીને આપની ઇઝઝત સુરક્ષિત રાખી શકો છો કે "અસ્તગ્ફેરૂલ્લાહ હું આવા ગુનાહ કરી બેસવાથી ખુદાની પનાહ માગું છું" આવી રીતે તમે હુકમીયા, ઇન્શાઅલ્લાહ કે પ્રશ્નરૂપ સંવાદ કરી શકો છો. દાખલા તરીકે એમ કહી શકાય કે શું તમે મને એવી માનો છો કે હું એવા ગુનાહો કરૂં ? અથવા શું આપ મારી પાસે એવી આશા રાખો છો કે હું એવા ગુનાહમાં ફસાઈ જાઉં ? અથવા તો એવી દુઆનો શબ્દ વાપરી શકાય કે "ખુદા મને એવા ગુનાહથી બચાવે "

જો કોઈ માણસને તેના ઐબ (ગુનાહ) વિશે ધ્યાન દોરવા જતાં તે નારાજ થઈ જાય તો તેને એમ કહેવું જરૂરી નથી કે આપમાં એ ઐબ નથી. પણ તેને રાજી કરવા માટે એમ કહી શકાય કે "આપનું વ્યક્તિત્વ એવું છે કે આપના વિશે એવી વાત કહેવી ન જોઈએ"

* * * * *

# "તવરીયા" નો હુકમ

### તવરીયાના ત્રણ પ્રકાર છે.

તવરીયા ક્યારે કહી શકાય તેના પ્રકારો નીચે મુજબ છે.

**(૧)** પહેલો પ્રકાર : કોઈ મસ્લેહતને કારણે અથવા કોઈ નુકસાન થવાથી બચવું હોય, જેના દાખલા ઉપર આવી ગયા છે. તેવી જગ્યાએ તવરીયા જાએઝ હોવામાં કોઈ શક નથી.

**(૨)** બીજો પ્રકાર : માણસ તવરીયા કરીને બીજા કોઈને નુકસાન પહોંચાડવા કે તકલીફ આપવા માંગતો હોય અથવા તો તેની બેઇઝઝતી કરી અપમાન કરવા માંગતો હોય તો નિશંક એવા હેતુ માટે તવરીયા હરામ છે.

**(૩)** ત્રીજો પ્રકાર : તવરીયાનો ત્રીજો પ્રકાર એ છે, કે જેમાં કોઈ મસ્લેહત નથી હોતી અને ન તો એમાં કોઈ બીજાને નુકસાન પહોંચતું હોય છે. કેટલાક મુજતહીદોનું કહેવું છે કે, એ સંજોગોમાં તવરીયા કરવું હરામ છે. કારણ કે તવરીયા એ જૂઠનો જ એક પ્રકાર છે અને જે દલીલોથી જૂઠ હરામ સાબિત થાય છે, તે જ દલીલોથી આ ત્રીજા પ્રકારના તવરીયા હરામ છે. આ ઉપરાંત એ વાત પણ છે કે, આ પ્રકારના તવરીયા જાએઝ હોવા વિશે કોઈ દલીલ પ્રાપ્ત નથી. અલબત્ત કેટલાક મુજતહિદો ફરમાવે છે કે, જે દલીલોથી પહેલા અને બીજા પ્રકારના તવરીયા જાએઝ છે તે જ દલીલો દ્વારા આ પ્રકારનો તવરીયા પણ જાએઝ છે. અને તવરીયા સ્પષ્ટ

રીતે જૂઠની વ્યાખ્યામાં આવતો નથી. આમ છતાં એહતીયાતનો માર્ગ એ છે કે, જયાં તવરીયા કરવાનું ખાત્રી પૂર્વક જાએઝ ગણાતું હોય તેવા સંજોગોમાં જ તવરીયા કરવો જોઈએ.

* * * * *

# એવા પ્રસંગો જયાં જૂઠ બોલવું જાએઝ છે.

જયારે પણ જાન, માલ કે ઇઝઝતનું જોખમ હોય અને જૂઠુ બોલવાથી તેને નિવારી શકાય તેમ હોય તો, તેવા સંજોગોમાં જૂઠું બોલવું જાએઝ છે. ભલે પછી પોતાની જાન, માલ કે ઇઝઝતનું જોખમ હોય કે બીજા કોઈની. એટલે સુધી કે જો નુકસાન નિવારવા માટે કસમ ખાવા પડે તો કસમ ખાવામાં પણ કંઈ વાંધો નથી. એટલું જ નહીં, અમૂક સંજોગોમાં જયાં બહુ મોટું નુકસાન થવાની શકયતા આવી પડે ત્યારે, દાખલા તરીકે જીવ જવાનું જોખમ હોય ત્યારે જૂઠુ બોલીને કસમ ખાઈને જીવ બચાવવો વાજીબ થઈ જાય છે. જેમકે કોઈ ઝાલિમ માણસ કોઈ મુસલમાનને કત્લ કરવા માંગતો હોય, તેને માર - પીટ કરવા ઇચ્છતો હોય, તેની બેઇઝઝતી કરવા માંગતો હોય, તેનો વધારે પ્રમાણમાં માલ જપ્ત કરી લેવા માંગતો હોય, અથવા તેને જેલમાં ધકેલી દેવા માગતો હોય તો તેવા સંજોગોમાં જો ઝાલિમ તમને એ મુસલમાનનું ઠેકાણું પૂછે તો આપ ખોટી કસમ ખાઈને (તે મુસલમાન મઝલૂમને બચાવવા માટે) કહી શકો છો કે "મને તે કયાં છે તેની ખબર નથી."

એવી જ રીતે જો તમારી પાસે કોઈની અમાનત પડી હોય અને કોઈ ઝાલિમ તે અમાનત ઝૂંટવી લેવા માંગતો હોય તો તમારે જૂઠુ બોલીને કે જૂઠી કસમ ખાઈને પણ તે અમાનતને સુરક્ષિત રાખવી જોઈએ.

* * * * *

# મુસલમાનોની મુક્તિ માટે ખોટી કસમ

મુસલમાનોની મુક્તિ માટે ખોટી કસમ ખાવાના સમર્થનમાં ઘણી રિવાયતો મૌજૂદ છે. જેમકે શૈખ અન્સારી તેમની કિતાબ "મકાસીબ" માં ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ અને હઝરત અલી અલયહિસ્સલામના હવાલાથી નીચે મુજબની હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ, નોંધેલ છે કે, આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : ખુદાની ખોટી કસમ ખાઈ લો, પણ તમારા મુસલમાન ભાઈને નાહક કત્લ થતો બચાવો. **(વસાએલુશ્શીયા, કિતાબુલ ઈમાન, જીલ્દ નં 3, પ્રકરણ - ૧૨)**

ઇસ્માઈલ ઇબ્ને સમદની સહીહ હદીસમાં છે કે, તેઓએ કહ્યું : "મેં ઇમામ અલી રઝા અલયહિસ્સલામને એક એવા માણસ વિશે પૂછયું જે બાદશાહથી પોતાનો માલ સુરક્ષિત રાખવા માટે ખોટી કસમ ખાતો હતો. ઇમામ રઝા અલયહિસ્સલામે ફરમાવ્યું : "તેમાં કંઈ વાંધો નથી." રાવી કહે છે કે મેં ઇમામ અલી રઝા અલયહિસ્સલામને ફરીથી પૂછયું : "જો કોઈ માણસે પોતાનો માલ બચાવવા માટે કસમ ખાધા હોય તેમ, પોતાના મુસલમાન ભાઈનો માલ બચાવવામા માટે ખોટી કસમ ખાય તો શું તે જાએઝ છે ?" ઇમામ અલી રઝા અલયહિસ્સલામે જવાબ આપ્યો : હા, જાએઝ છે.

**(વસાએલુશ્શીયા, કિતાબુલ ઈમાન, જીલ્દ - 3, પ્રકરણ નં ૧૨)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે :

"જો કોઈ માણસ મુસલમાન શખ્સને મુક્તિ અપાવવા માટે, તેના માલને કોઈ ઝાલિમના કે બીજાના હાથોમાં જતો બચાવવા માટે ખોટી કસમ ખાવા માટે મજબૂર થઈ જાય તો તેને તે ખોટા કસમનો કફ્ફારો આપવો નહીં પડે પણ તેને મોટો અજર અને સવાબ મળશે."

* * * * *

# માલનું નૂકસાન અને જૂઠ્ઠા

આ તબકકે બે વાતો સમજવા જેવી છે. એક તો એ કે દરેક પ્રકારના માલના નૂકસાનથી બચવા માટે જૂઠ બોલવું જાએઝ છે, પરંતુ માલનું નુકસાન સહન કરી શકાય એવું (ઓછું) હોય તો માણસ જુઠું ન બોલે અને તે નુકસાન સહન કરી લે. આ એક મુસ્તહબ કાર્ય થશે. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામ ઇરશાદ ફરમાવે છે :

"નૂકસાન થાય તેમ હોય ત્યારે પણ માણસ સાચુ બોલે અને પોતાના ફાયદા માટે પણ ખોટું ન બોલે તે ઈમાનની નિશાની છે."

* * * * *

# શકય હોય ત્યાં સુધી તવરીયા કરો

બીજી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે 'જે પ્રસંગોએ મુજતહીદો તવરીયા કરવાને જરૂરી સમજતા હોય, અને તવરીયાથી કામ ચાલી જતું હોય ત્યાં જૂઠું બોલવાને બદલે એહતિયાત એ છે કે માણસ તવરીયા જ કરે.

* * * * *

# બે મોઅમિનો વચ્ચે સુલેહ - સમાધાન માટે જૂઠ

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ફરમાવ્યું : "વાતોના પ્રકાર છે, સત્ય, જૂઠ અને લોકો વચ્ચે સમાધાન કરાવવું."

કોઈએ ઇમામ અલયહિસ્સલામને પૂછયું : હું આપ પર કુરબાન થઈ જાઉં, લોકો વચ્ચે સમાધાન કરાવવું એ કઈ બાબત છે ? ઇમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો "તમે એક માણસ પાસેથી કોઈ વાત સાંભળો, અને તેમાં સુધારો કરીને બીજાને વાત કરો કે તે (ફલાણો માણસ) તમારા વિશે સારી સારી વાતો કરી રહ્યો હતો. (ખરેખર હકીકત તેનાથી ઉલ્ટી હોય.)"

**(વસાએલુશ્શીયા, કિતાબે હજ)**

# બીજાઓનો અણગમતો સંદેશો

ઉપરની વાતનો સારાંશ એ છે કે, વ્યક્તિઓ વચ્ચેનું મન દુ:ખ દૂર કરાવવા માટે જૂઠ્ઠાનો આધાર લેવો પડે તેમ કરવાનો હુકમ શરીઅતમાં છે અને તેમ કરવામાં માણસ જૂઠ્ઠાના ગુનાહમાં ફસાતો નથી. આ પ્રકારના કાર્યને "સુલેહ" અથવા તો "ઇસ્લાહ" કહેવાય છે. બીજા કોઈ વિશે થતી કડવી વાત તેને પહોંચાડવામાં આવે તો બે વ્યક્તિઓ વચ્ચે મન દુ:ખમાં વધારો થાય છે.

દાખલા તરીકે : જો પતિ પત્નિ વચ્ચે વિખવાદ ઉભો થતાં બંને અલગ થઈ ચૂકયા હોય અને વાત તલ્લાક (છુટા છેડા) સુધી પહોંચી જાય તેમ હોય તો તેવા સંજોગોમાં જૂઠ બોલીને બંને વચ્ચે મનમેળ (સમાધાન કરાવી દેવામાં આવે તો એક શ્રેષ્ઠ બાબત છે. જેમકે કહેવામાં આવે "તારી પત્નિ તારી જુદાઈમાં ખૂબ જ દુ:ખી છે અને તારી મહોબ્બતનો તેને એટલો બધો વિયોગ લાગે છે કે, તે બીમાર પડી જાય તેમ છે." તેવી જ રીતે પત્નિ સમક્ષ પણ એવી ખોટી બનાવટી વાત કરી શકાય છે જેથી બંને વચ્ચે સુલેહ - સમાધાન થઈ જાય.

* * * * *

# લોકો વચ્ચે સુમેળ

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી રિવાયત છે કે "વાજીબાત અદા કર્યા પછીનો સૌથી શ્રેષ્ઠ અમલ લોકો વચ્ચે સુલેહ - સમાધાન કરાવી આપવા સિવાય બીજો કોઈ નથી. એ એક એવી ભલાઈ છે, જેનાથી દુનિયામાં ભલાઈ ફેલાય છે."

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "અય અલી અલયહિસ્સલામ બેશક, સુમેળ માટે ખુદાએ તઆલા જૂઠ્ઠાને પણ પસંદ કરી લે છે અને દંગો - ફસાદ (વિખવાદ) ફેલાવવા માટે સાચુ બોલવાને પણ સખ્ત નાપસંદ કરે છે."

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે, "લોકો વચ્ચે સૂમેળ કરાવવો, સૂમેળ કરાવવા માટે વિચારણા (ચિંતા કરવી) અને ઝઘડાને દૂર કરવા એ નમાઝ - રોઝા કરતાં અફઝલ (શ્રેષ્ઠ) છે."

અબૂ હનીફા સાએકુલહાજ કહે છે કે મારી અને મારા જમાઈની વચ્ચે એક વારસાની વહેંચણી બાબતમાં ઝઘડો થયો. અમે એ બાબતમાં ઝઘડી રહ્યા હતા, તેવામાં ત્યાંથી હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામના વકીલ મુફઝઝલ પસાર થયા. ત્યારે થોડીવાર રહીને અમને બંનેને તેમના ઘરે બોલાવ્યા અને પોતાની પાસેથી ચારસો દિરહમ આપીને અમારી વચ્ચે ઝઘડાનું સુખદ સમાધાન કરાવી આપ્યું. પછી તેઓએ કહ્યું : મેં જે માલ તમો બંનેને આપ્યો છે તે મારો ન હતો પણ મારા મૌલા હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામનો હતો. તેઓએ મને હુકમ આપ્યો હતો કે જયારે પણ મારા અસ્હાબો પૈકી કોઈનામાં ઝઘડો થાય તો મારો માલ વાપરીને તેઓ વચ્ચે સમાધાન કરાવી આપજો"

આ ઉપરથી સમજાય છે કે, સુલેહ અને સમાધાન કેટલી મહત્વની બાબત છે. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું હતું કે, આ કામ નમાઝ રોઝા કરતાંય અફઝલ છે. વાસ્તવમાં સામાન્ય રીતે જોતા આ કામ મુસ્તહબ છે અને નમાઝ - રોઝા વાજીબ છે. તેનું કારણ કદાચ એ હોઈ શકે છે નમાઝ રોઝા અદા કરવાથી માણસની પોતાની જાત બહેતર બને છે, જયારે કે સુલેહ સમાધાન કરાવતાં સમસ્ત સમજને ફાયદો થાય છે. મુસલમાનોએ પરસ્પર હળી મળીને રહવું અને એકતા દર્શાવવી એ ફકત આખેરતની દ્રષ્ટિએ જ મહત્વનું નથી પણ તેનાથી દુન્યવી રીતે પણ ઘણો ફાયદો થાય છે. જો મોઅમિનોના દિલ ખુદાની ખૂશીને માટે પરસ્પર મળેલા (એક) હોય તો તેનાથી એટલી બધી પ્રબળ તાકાત પૈદા થાય છે કે, દુનિયામાં જાહેરી દુશ્મનોનો સામનો કરી શકાય છે, એટલું જ નહીં, પણ બાતેની દુશ્મનો એટલે કે નફસ અને શયતાનનો પણ પરસ્પર મળીને મકકમતાથી મૂકાબલો થઈ શકે છે.

* * * * *

# કુર પાણી અને દિલોના સંપ

લોકો વચ્ચે પરસ્પર મનમેળ, સંપ અને એકતાને (આબે કુર) કુર પાણીનું ઉદાહરણ આપી શકાય. એટલે કે જયાં સુધી પાણી જુદા જુદા વાસણમાં થોડા પ્રમાણમાં અને (દરેક વાસણનું પાણી) કુરના પ્રમાણથી ઓછું હોય તો તેવા વાસણમાં નજાસત પડતાની સાથે જ તે બધું જ પાણી નજીસ થઈ જાય છે, પણ જેવું એ પાણીને એક મોટા વાસણ કે હોજમાં નાખવામાં આવે અને તે કુરના પ્રમાણ જેટલું થઈ જાય તો તેમાં નજાસત પડવાથી તે નજીસ નહીં થાય પણ ઉલ્ટાનું બીજી નજાસતને પણ પાક કરી શકશે. બિલ્કુલ તેવી જ રીતે જો લોકોમાં એકતા હશે તો લોકોના એકસંપ થએલા દિલો ઉપર અલ્લાહની રહેમત નાઝિલ થશે અને તેમના દિલો ઉપર પરવરદિગારે આલમ મહેરબાની ફરમાવશે. તો આ રીતે એકતાનો ફાયદો તમામ લોકોને મળશે આ ઉપરાંત એકતાને લીધે ઇસ્લામની શાનો શૌકત બમણી થઈ જશે.

એવી જ રીતે નમાઝે જમાઅતની ફઝીલત અને સવાબ ઘણો જ છે. દીની ભાઈઓ સાથે નેક વર્તાવ હમદર્દી કરી તેઓની મદદ કરવાનો ખૂબ જ અજર છે. મોઅમિન ભાઈઓ સાથે હળવા મળવા, મુસાફેહો કરવો, અને તેઓને ચૂમવાનો ઘણો જ સવાબ બયાન કરવામાં આવ્યો છે. બે મોઅમિન ભાઈઓ વચ્ચે સુલેહ સમાધાન કરાવવાનો સવાબ અસાધારણ પ્રમાણમાં છે. અને ખુદાની ખૂશી માટે મોઅમિનો સાથે દોસ્તી રાખવાનો પણ ઘણો જ સવાબ છે. આ બધા જ કામોના અને તે પ્રકારના બીજા કામોના સવાબનું વર્ણન જોતા એ વાત જણાય છે કે, આ તમામ કામો મોઅમિનો વચ્ચે એકતા દ્રઢ કરવા માટે બયાન કરવામાં આવ્યા છે.

* * * * *

# લડાઈમાં જૂઠ

કેટલીક રિવાયતોથી જણાય છે કે, જો જૂઠ બોલવાથી કાફરો સાથેની લડાઈમાં તેઓ પર વર્ચસ્વ મેળવી શકાય તેમ હોય તો જૂઠ બોલવું જાએઝ છે.

* * * * *

# પત્નિ સાથે વાયદો કરવો

પતિ પોતાની પત્નિને જૂઠો વાયદો આપે, એટલે કે કોઈ પુરૂષની પત્નિ તેની પાસે કોઈ વસ્તુની માગણીને પૂરી કરવાનો ઇરાદો રાખતો ન હોય છતાં તેને વાયદો આપે. પરંતુ આ પ્રકારનો ખોટો વાયદો જાએઝ હોવાનું મુશ્કેલ છે. જો કે, કેટલીક ઝઈફ (નબળી - બિન ભરોસાપાત્ર) રિવાયતોમાં આવા ખોટા વાયદા જાએઝ હોવાનું વર્ણન થયું છે.

અલબત્ત જો કોઈ માણસ એ વાત જાણતો હોય કે જો તે પોતાની પત્નિની માંગણી માટે ખોટો વાયદો નહીં કરે તો ઘરમાં ટંટા ફિસાદ શરૂ થઈ જશે, અથવા તો પત્નિ સખ્ત નારાજ થઈ જશે, અથવા તો ખુદા ના ખાસ્તા જૂઠો વાયદો ન આપવાના પરિણામે વાત તલ્લાક સુધી પહોંચી જશે તો એવા લાચારીના સંજોગોમાં ખોટો વાયદો કરવો જાએઝ છે.

* * * * *

# અઝાબનો ખૌફ અને નેક અમલ

હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ ફરમાવે છે કે :

(સવાબે ઇલાહી અને અઝાબથી મગ્ફેરત મળવાની આશા માટે) જુઠ્ઠુ બોલવાથી બચો કારણ કે જો કોઈ માણસ કોઈ વસ્તુની આશા રાખે છે તો તેને પ્રાપ્ત કરવા ઇચ્છે છે. (એટલે કે તે પ્રાપ્ત કરવા માટે તેવા પ્રયત્નો પણ કરે છે.) એવી જ રીતે જો કોઈ માણસ કોઈ વસ્તુથી ડરતો હોય તો તેનાથી દૂર રહે છે.

**(કિતાબે કાફી)**

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામે એ વાતને સ્પષ્ટ કરી છે કે 'જો કોઈને ખરેખર સવાબ મેળવવો હોય અને તે અલ્લાહ પાસેથી સવાબ મળવાની આશા રાખતો હોય તો તેણે હરગીઝ જૂઠું બોલવું ન જોઈએ. તે માટેની શરત એ છે કે તે નેક કાર્યો કરે. જુઠું બોલવું ન જોઈએ. તે માટેની શરત એ છે કે તે નેક કાર્યો કરે. જૂઠું બોલવું એ ખૂબ જ ખરાબ અને હરામ કામ છે. જો કોઈ માણસ હકીકતમાં અઝાબે ઇલાહીથી ડરતો હોય તો તેણે ગુનાહોથી ભાગવું જોઈએ. કારણ કે, ગુનાહો એ અઝાબમાં ફસાવાનું પરિબળ છે. જો કોઈ માણસ ફકત મૌખિક રીતે એવો દાવો કરે કે "હું ખુદા પાસેથી સવાબની આશા રાખું છું અને ખુદાના અઝાબથી ડરૂં છું." આવો દાવો કરનાર ગુનાહો કરતો રહે અને નેક અમલ ન કરે તો એવો માણસ જુઠ્ઠો છે."

નહજુલ બલાગાહમાં હઝરત અલી અલયહિસ્સલામ ઇરશાદ ફરમાવે છે :

"જે માણસ એમ માનતો હોય કે પોતે ખુદા પાસે સવાબનો આશાવાન છે, પરંતુ તેના અમલથી એ વાત જાહેર થતી ન હોય (એટલે કે ખુદાના હુકમ પ્રમાણે નેક અમલ કરતો ન હોય કે ગુનાહથી પણ બચતો ન હોય) તો ખુદાએ બુઝુર્ગની કસમ તેવો માણસ જૂઠ્ઠો છે. કેમકે જયારે કોઈ વસ્તુની આશા રાખવામાં આવે તો તે આશા એના અમલથી જાહેર થાય છે. પરંતુ જે ખુદા પાસે આશા રાખે અને તે વાત તેના અમલમાં વ્યકત ન થતી હોય તો એવા માણસ ખુદાની આશામાં નહીં પણ ભ્રમ અને ભૂલમાં છે એવી જ રીતે જયારે માણસ કોઈ વસ્તુથી ડરતો હોય તો તે ડર તેના અમલમાં વ્યકત થતો હોય છે. એટલે કે તેનાથી (ડરીને) દૂર રહે છે. તો પછી ખૌફે ખુદાનો દાવો કરનારો માણસ ગુનાહોથી ભાગતો કેમ નથી ?

જયારે માણસ ખૌફે ખુદા અને ખુદા પ્રત્યેની ધ્યાન્મી આશા - આકાંક્ષા રાખવાનો દાવો કરતો હોય પણ તેની સાબિતી માટે અમલી પુરાવો ન હોય તો તે માણસ જુઠ્ઠો છે. બિલ્કુલ તેવી જ રીતે સબ્ર, શુક્ર, રઝા, (ખુદાની મરજી પર રાજી રહેવું) તસ્લીમ, (ખુદાના હુકમનું પાલન) નમ્રતા, સહનશીલતા વિગેરે બાબતોનો દાવો તો કરવામાં આવે પણ તેની સાબિતી માટે કોઈ પુરાવો રજુ કરવામાં ન આવે તો તે પણ જૂઠ છે.

* * * * *

# જે જીભ ઉપર તે જ દિલમાં

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે

"જયારે તમો "અલ્લાહો અકબર" કહો ત્યારે આસમાન અને જમીન વચ્ચે જે કંઈ છે તે બધી વસ્તુઓને અલ્લાહની સરખામણીમાં જૂઠ્ઠા સમજીને જ દિલના ઉંડાણથી કહો. એટલા માટે કે ખુદાવંદે તબારક વ તઆલા જયારે એ જુએ છે કે તેનો કોઈ બંદો હકીકતમાં દિલના ઉંડાણમાંથી અલ્લાહો અકબર કહેતો નથી. (તો પછી તેવા બંદાને સંબોધીને ખુદાવંદે તઆલા ફરમાવે છે) અય જૂઠ્ઠા તું મારી સાથે ચાલાકી કરી રહ્યો છે. મારી ઇઝઝત અને જલાલની કસમ, હું તને મારા ઝિક્રની લઝઝત (મીઠાશ)થી વંચિત રાખીશ."

**(મીસ્બાહુશ્શરીયહ)**

કેટલી અફસોસની વાત છે કે કેટલાક લોકો પોતાના મૂખેથી તો "અલ્લાહો અકબર" કહે છે, પરંતુ (નઉઝો બિલ્લાહ) તેમના દિલ અને અમલથી તેઓ કે જો એવા લોકોને કહેવામાં આવે કે ખુદા વાસ્તે ફલાણું કામ કરો અથવા તો ખુદાને માટે ફલાણું કામ ન કરો તો તે માણસો એવી વાતની કોઈ પરવા કરતા નથી.

પરંતુ જો તમે તેમને એકસો રૂપિયા આપીને કોઈ કામ કરવાનું કહો તો તેઓ તરત જ તમારી વાત માની જશે. એટલે કે તેમની નજરોમાં અલ્લાહના હુકમનું નહીં પણ સો રૂપિયાનું મહત્વ વધારે છે. (નઉઝો બિલ્લાહ) તેમના માટે સો રૂપિયા મોટા છે, પણ ખુદા મોટો નથી. જો કોઈ માણસને એ વાતનો ડર હોય કે જો તે અમુક કારે ખૈર નહીં કરે અથવા તો અમુક ખરાબ કામ કરવાથી નહીં બચે તો તેની ઉપર અમૂક મુસીબત આવી પડશે અથવા તો તેને કોઈ માણસ તકલીફ પહોંચાડશે તો તે મુસીબત કે તકલીફથી બચવા માટે નેક કામ કરવા અથવા તો બૂરા કામથી બચવા માટે તૈયાર થઈ જશે. પરંતુ માત્ર અલ્લાહની ખૂશીને માટે એવું કામ કરવું પડે તો તે માણસ તે માટે હરગીઝ તૈયાર નહીં થાય.

* * * * *

# જાહેરમાં બંદગી અને જૂઠ

જો કોઈ માણસ રબ્બુલ આલમીન સામે બંદગી કરતી વખતે કહે કે ઇય્યાક નઅબોદો વ ઇય્યાક નસ્તઈન (એટલે, અમે તારી જ ઇબાદત કરીએ છીએ અને તારી જ પાસેથી મદદ માંગીએ છીએ) અને આમ કહેવા છતાં તે રાત દિવસ, માલો - દૌલતની પાછળ દોડતો રહે અને પોતાનું પેટ ભરવા અને જાતીય ઇચ્છા સંતોષવા સિવાય તેની જિંદગીનો કોઈ (બીજો) હેતું ન હોય તો શું આપ તેવા માણસને સાચો કહેશો ખરા ?

શું તેવો માણસ ખરેખર અલ્લાહનો ઇબાદતગુઝાર બંદો ગણાશે ખરો ? તેવી જ રીતે જો કોઈ બંદો ફકત જાહેરી (ભૌતિક) સાધનો અને માધ્યમોને જ જીવનમાં સર્વસ્વ સમજ અને તેની જ ઉપર ભરોસો કરવા માંડે અને તેની જ પાસે મદદ માંગે તો શું એવો માણસ સાચો કહેવાશે ખરો ? જીભેથી "ઇય્યાક નઅબોદો વ ઇય્યાક નસ્તઈન" કહીને તેની વિરૂધ્ધ અમલ કરવો પણ નર્યું જૂઠાણું છે.

* * * * *

# દુઆઓમાં જૂઠ

કયારેક માણસ દુઆઓ અને મુનાજાતમાં ખોટો દાવો કરી બેસે છે. જેમકે કોઈ માણસ એમ કહે કે 'રઝીતો બિલ્લાહે રબ્બન' એટલે કે હું મારા પરવરદિગારથી રાજી અને ખૂશી છું કારણ કે તે મારી તરબીયત (કેળવણી) અને પરવરીશ (ઉછેર) કરનારો છે, તેમજ તે તમામ સૃષ્ટિના લોકોની પરવરીશ કરે છે, તેનાથી રાજી છું.

હવે જો કોઈ માણસ ખુદાના નિર્ણય (ફૈંસલા) ઉપર રાજી ન રહે, તેની કઝા અને કદ્ર (અલ્લાહના નિર્ણય) સામે પોતાનું માથું જુકાવી ન દે, અને જયારે પોતાની મરજી વિરૂધ્ધમાં કંઈ થાય તો ગમ અને ગુસ્સાની હાલતમાં ખુદાને ફરિયાદ કરવા માંડે જીભથી તો માણસ દુઆના ઉપર જણાવેલ વાકયો બોલે પણ અમલથી ખ્વાહીશાતે નફસાની અને શયતાનને પોતાનો રહેનુમા અને માર્ગદર્શક બનાવે અને તેનું જ અનુસરણ કરે કુરઆન અને તેમાં જણાવેલ હુકમો પ્રત્યે જરા સરખું ધ્યાન ન આપે અને અઇમ્મા અલયહેમુસ્સલામની હદીસની અવગણના કરે તો તે માણસ પણ જુઠ્ઠો છે.

* * * * *

# ખરેખર સાચુ કહો છો ?

જયારે કોઈ માણસ દુઆમાં આ પ્રમાણે કહે : "(પરવરદિગારા ) જયારે હું મારા ગુનાહોને જોઉં છું તો રૂદન કરૂં છું અને જયારે તારા લુત્ફો કરમ (કૃપા અને દયા)ને નિહાળું છું તો તું મને બક્ષી દઈશ એવી આશા બંધાય છે." આપણે જીભથી તો ઉપર મુજબ કહીએ છીએ પણ ગુનાહો કરતી વખતે અલ્લાહના હુકમની પરવાહ

નથી કરતા એટલું જ નહીં, ગુનાહને ગુનાહ પણ સમજતા નથી, કે ન તો ગુનાહ કરતી વખતે કપાળ ઉપર કરચલી સુધ્ધાં પડે છે, અને નીડર બનીને ગુનાહો કરતા જઈએ છીએ. એવા ગુનેહગાર માણસો ખુદાના લુત્ફો કરમના ઇચ્છુક કઈ રીતે હોઈ શકે ? શું ઉપર મુજબની દુઆ કરનારો માણસ સાચી વાત કહે છે ખરો ? શું તેનું જૂઠ સ્પષ્ટ રીતે સાબિત થતું નથી ?

આ રીતે જયારે કોઈ માણસ કહે છે કે "હું સકરાત (જીવનની છેલ્લી ક્ષણો)ના ખૌફથી રડી રહ્યો છું, કબ્રના સવાલો - જવાબોના ડરથી રડી રહ્યો છું. કયામતના દિવસથી ભયભિત બની રડી રહ્યો છું." વાસ્તવમાં તે કોઈ ખૌફથી રડતો નથી હોતો. તેનું જૂઠ જાહેર છે. કદાચ એ જૂઠનો ઇમામ ઝયનુલ આબેદીન અલયહિસ્સલામે દુઆએ અબૂ હમ્ઝામાં ઉલ્લેખ કર્યો છે.

"ખુદાવંદા, કદાચ એવું તો નથી કે તે મને જુઠ્ઠાઓના સ્થળે જોયો એટલે તેં (મારી ઉપરથી) રહેમતની નજર હટાવી લીધી અને મને મારા હાલ ઉપર છોડી દીધો. એટલે કે મે મારી ખ્વાહીશાતે નફસાનીનું અનુસરણ કર્યું અને હવે મને એ વાતની ખબર નથી કે હું વિનાશની કઈ ખીણમાં જઈ પડીશ.

* * * * *

# ઇમામ અલય્હિસ્સલામ સાથે જૂઠ

ઇમામ અલયહિસ્સલામ સાથે કરવામાં જૂઠનું ઉદાહરણ એ છે કે, ઝિયારતે ઇમામ અલયહિસ્સલામમાં કહેવામાં આવે કે "અય અઇમ્મએ માઅસૂમીન અલય્હેમુસ્સલામ, હું આપના અકવાલ (કથન - હદીસો)ને કબૂલ કરૂં છું અને આપના હુકમોનું પાલન કરનારો અને આપની ઇતાઅત કરનારો છું" હવે જો કોઈ અઇમ્મા અલય્હેમુસ્સલામે ફરમાવેલી બાબતોને સાંભળે અને વાત કહેનાર તેની ઉપર અમલ ન કરે પણ અંતરની ઇચ્છા (ખ્વાહીશાતે નફસાની) પ્રમાણે અમલ કરે તો એવો માણસ શયતાન છે અને તેણે ઇમામ અલયહિસ્સલામ સાથે જૂઠ્ઠા કરાર કર્યુ હોવાનું સાબિત છે.

આ જ પ્રમાણે ઇમામ અલયહિસ્સલામ સાથે જૂઠ્ઠાનો બીજો દાખલો એ છે, કે માણસ ઝિયારતમાં આ પ્રમાણે પડે : "અય અઇમ્મએ તાહેરીન અલય્હેમુસ્સલામ જે માણસ આપની સાથે શાંતિ અને સલામતીની સાથે રહેશે, હું પણ તેવા માણસ સાથે શાંતિ અને સલામતીની સાથે રહીશ, જે માણસ આપની સાથે જંગ કરશે અને આપનો વિરોધ કરશે, હું પણ તેની સાથે જંગ કરીશ, તેનો વિરોધ કરીશ." ઝિયારત પડનારાનો દાવો તો ઉપર મુજબનો છે પરંતુ અમલી રીતે તે દીનના દુશ્મનો સાથે દોસ્તી રાખે છે. એટલું જ નહીં તેવા લોકો સાથે હળી મળીને રહે છે અને તેનાથી ઉલ્ટુ મોઅમિનો અને મોહીબ્બાને અઇમ્મા અલય્હેમુસ્સલામ સાથે દુશ્મની રાખે છે. તેવી જ રીતે જયારે અઇમ્મા અલય્હેમુસ્સલામને સંબોધન કરે છે, ત્યારે કહે છે : "અય અઇમ્મએ માઅસુમીન અલય્હેમુસ્સલામ, હું આપનો વિરોધ છોડી દેનારાઓ પૈકીનો છું" આમ કહેનારાનો વાસ્તવિક અમલ તે પ્રમાણે હોતો નથી. શું આવો અમલ કરનારો માણસ ઇમામ અલયહિસ્સલામની સાથે જૂઠ્ઠું નથી બોલતો ?

* * * * *

# તો પછી દુઆ કઈ રીતે કરવી ?

અહીં પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જો કોઈ માણસ ઝિક્રે ખુદા અને દુઆ પડતી વખતે ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને ઇમામ અલયહિસ્સલામ સાથે જૂઠ બોલનારો ગણાઈ જતો હોય પછી દુઆ અને ઝિયારત કેવી રીતે પડે ?

આ પ્રશ્નનો જવાબ અમે ખૂબ જ વિગત અને છણાવટથી અત્રે પ્રસ્તુત કરી શકીએ તેમ નથી. કારણ કે, આ પુસ્તક એ વિષય પર લખાઈ રહયું નથી. અલબત્ત સંક્ષિપ્તમાં એ વાત સમજી લેવી જોઈએ કે, અમે ખુદા, રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને ઇમામ અલયહિસ્સલામ વિશે જે પ્રકારના જૂઠ તરફ અંગુલિનિર્દેશ કર્યો છે તે માણસને અહંકાર, સ્વાર્થ, અભિમાન વિગેરેથી બચાવવા માટે કર્યો છે. આ બાબતનો ઉલ્લેખ કરવાનો હેતુ એ છે કે, માણસ પોતાના ઝિક્રે ખુદાથી અને દુઆઓ માટે ગર્વ ન કરવા માંડે. એવું કયારેય થવું ન જોઈએ કે કદાચ કોઈ મોઅમિન એવું કહે કે, જો આપણે આપણી દુઆઓ અને ઝિક્રે ખુદામાં સાચું બોલતા નથી તો પછી દુઆ અને ઝિક્ર ખુદા કરવાનું છોડી દેવું જોઈએ. આવું વિચારવું એ નિરાશા અને શયતાની વસવસાનું પરિણામ છે. શયતાન ઇચ્છે છે કે કોઈ પણ માણસ સાવ પહેલેથી જ સાચો હોતો નથી. પરંતુ પોતાની કોશિષો અને અથાગ પ્રયત્નોના પરિણામે સચ્ચાઈનો દરજ્જો પ્રાપ્ત કરી શકે છે અને તે પછી ખુદાવંદે આલમ તેને પોતાના લુત્ફો કરમની નિશ્ચિત મંઝિલે પહોંચાડે છે.

દુઆઓમાં જે વાકયો ઉચ્ચારવામાં (પડાવામાં) આવે છે તે પૈકીનાં કેટલાક વાકયોનો અર્થ ફકત અમુક લોકો જ સમજતા હોય છે. જયારે મોટા ભાગનાં લોકો તેનો અર્થ સમજતા નથી હોતા. જે માણસ અર્થ સમજયા વગર કુરઆન મજીદની તિલાવત કરે છે અથવા તો અઇમ્માએ માઅસુમીન અલય્હેમુસ્સલામ તરફથી આપણા સુધી પહોંચેલી દુઆઓ પડે છે, તો એ તિલાવત અથવા તો દુઆઓની નુરાનીયતની અસર તેમની ઉપર પડશે અને તેમના દિલો મુનવ્વર (પ્રકાશિત) થઈ જશે તેમાં શંકાને બિલકુલ સ્થાન નથી. એટલું જ નહીં તેઓને તિલાવત કરવાનો અને દુઆઓ પડવાનો સવાબ પણ મળે છે. જો કોઈ માણસ કુરઆન મજીદ અથવા તો દુઆઓ, અરબી ભાષામાં તેનો અર્થ સમજયા વગર પડે છે, તેને કોઈ પણ સંજોગોમાં જૂઠ્ઠો કહી શકાતો નથી.

* * * * *

# દરેકના વિવિધ દરજ્જા

આમ છતાં એ વાત પણ જાણી લેવી જોઈએ કે, જે લોકો કુરઆન અને દુઆઓને તેનો અર્થ સમજીને પડે છે, તેમના વિવિધ દરજ્જાઓ છે. સૌથી ઉંચા દરજ્જા પર અઇમ્મએ માઅસુમીન અલય્હેમુસ્સલામ છે. જેઓ કુરઆન અને દુઆઓના અર્થથી સંપૂર્ણપણે વાકેફ છે. જયારે મોટા ભાગના મોઅમિનો એ દરજ્જા અને સ્થાન સુધી પહોંચી શકતા નથી. તેથી એમ હરગીઝ ન કહી શકાય કે તેવા મોઅમિનો જૂઠ્ઠુ બોલી રહયા છે. તેથી આપણે માત્ર એટલું જ કહી શકીએ કે ઇન્શાઅલ્લાહ એ મોઅમિનો જૂઠ્ઠુ બોલી રહયા નથી. દાખલા તરીકે તમામ મોઅમિનોને ખૌફે ખુદા છે અને કુરઆને મજીદમાં છે :

'જો તમે (સાચા) મોઅમિન હો તો તેમનાથી ડરો નહીં, ફકત મારાથી જ ડરતા રહો.''

**(સૂરએ આલે ઇમરાન - 3, આ. ૭૫)**

તમામ મોઅમિનો ખુદા પાસે આશા રાખતા હોય છે. મોઅમિનોના દિલોમાં ખૌફે ખુદા હોવા વિશે કોઈ બેમત નથી અને મોઅમિનો જે રીતે ખૌફે ખુદા અને ખુદા પ્રત્યે આશા રાખે છે, તેના પણ વિવિધ દરજ્જા હોય છે. મોઅમિનોના એ દરજ્જા અઇમ્મએ માસુમીન અલય્હેમુસ્સલામના દરજ્જા સમાન કોઈ પણ સંજોગોમાં હોઈ શકતા નથી.

મોઅમિનો નફસની પાકીઝગીની એ મંઝિલ સુધી પહોંચી શકતા નથી. પણ પોતાની નફસાની ખ્વાહીશોના શિકાર બની જાય છે, તેથી તેઓ ગુનાહોમાં ફસાઈ જાય છે. તેથી જ મોઅમિનોથી ખુદાવંદે આલમના હુકમોનું પાલન કરવામાં અને ઇતાઅતમાં ભૂલચૂક થઈ જાય છે. આનો દુઆએ અબૂ હમ્ઝા શીમાલીમાં આ પ્રમાણે ઉલ્લેખ છે.

"ખુદાવંદા, મેં જે ગુનાહો કર્યા છે તે તારી ખુદાઈના ઇન્કારના કારણે નથી કર્યા ન તો તારા હુકમોને મામુલી સમજવાને લીધે કર્યા છે અને ન તો મેં તારા અઝાબને હલકો સમજવાને લીધે ગુનાહ કર્યા છે, પરંતુ મારી ભૂલ, આળસ, નફસ પરસ્તી અને ઘમંડને લીધે હું ગુનાહોમાં ફસાયો છું."

* * * * *

# દૃઢ વિશ્ર્વાસ અને વિરોધ

માણસને ખુદા ઉપર સંપૂર્ણ ઈમાન અને તેના અઝાબનો ખૌફ હોય તેમ છતાં તેની ઉપર ખ્વાહીશાતે નફસ કાબૂ મેળવી લે તો તે ગુનાહોમાં ફસાઈ જાય છે. જે માણસ ખુદા ઉપર સંપૂર્ણ યકીન રાખતો હોય તે ગુનાહો ન જ કરે, તેવું નથી. મોટા ભાગના લોકો એવું માને છે કે મૃત્યુ પામેલા માણસો અને પત્થર વિગેરે નિર્જીવ વસ્તુઓમાં કશો ફેર નથી. મડદું હલન ચલન કે કોઈ કામ કરી શકતું નથી તેમ છતાં માણસ મડદાથી ડરે છે અને તેના યકીન (સંપૂર્ણ વિશ્ર્વાસ કે તે મૃત માણસ કાંઈ કરી શકે નહીં)થી તેને કોઈ ફાયદો થતો નથી અને તેથી મૈયત પાસે રાતે એકાંતમાં રહેતા માણસ ખૂબ ડરે છે. તેથી જ આપણે દુઆઓમાં પડીએ છીએ કે વ યકીનન સાદેકીન.

એટલે કે "પરવરદિગારા, મને એવું સાચું યકીન અતા ફરમાવ જેના પરિણામે હું તારી ઇતાઅત કરી શકું."

બેશક જે માણસ પરવરદિગારે આલમ પાસે એવા ખૌફની દુઆ કરે, જે તેને તમામ ગુનાહોથી બચાવે, તો ખુદાવંદે આલમ તેના દિલમાં સાચો ખૌફ ઉત્પન્ન કરી દે છે. જે રીતે બંદગી અને ઇતાઅતના દરજ્જામાં વૃધ્ધિ થાય છે તેવી જ રીતે તેના ખૌફના દરજ્જામાં ઉત્તરોત્તર વધારો જ થતો જાય છે.

રિવાયતોથી જાણવા મળે છે કે :

"જો કોઈ માણસ કોઈ વસ્તુ મેળવવા ઈચ્છે અને તેના માટે પ્રયત્નો કરે તો તે વસ્તુ મેળવી લે છે."

જી હા, સંપૂર્ણ રીતે 'સાદિક' (સાચા) હોવું એ માત્ર અઇમ્મએ માસુમીન અલય્હેમુસ્સલામની શોભા છે. આ કારણથી જ કહેવાયું છે કે "અને સાચાઓ (સાદેકીન) નો સાથ આપો" (સૂ. તૌબા - ૯, આ. ૧૧૯) આયતમાં સાદેકીનનો અર્થ એહલેબૈત અલય્હેમુસ્સલામ છે.

* * * * *

# અઢારમો ગુનાહ

# જુઠી કસમ (ખોટા સોગંદ)

જૂઠી કસમ ખાવી એ અઢારમો ગુનાહ છે જે ગુનાહે કબીરા હોવા વિશેની સ્પષ્ટતા રિવાયતોમાં મૌજૂદ છે. ખોટી કસમ ખાઈને કોઈ ખબર આપવી એ ગુનાહે કબીરા છે. ખાસ રીને કોઈ ખોટી કસમ ખાવા એ એક મોટો ગુનાહ છે. રિવાયતોમાં છે કે ખોટી કસમ ખાનારો ગુનાહોમાં ઘેરાએલો રહે છે. એટલું જ નહીં તે જહન્નમની આગમાં પણ ઘેરાએલો રહેશે. ખોટી કસમ ખાવા વિશે રિવાયતોથી એ વાત પણ જાણવા મળે છે કે જે રીતે તે જ ધારવાળી વસ્તુ શરીરના વાળને કાપી નાખે છે, તેવી રીતે જૂઠી કસમ માણસના દીનને નાબૂદ કરી દે છે.

અબ્દુલ અઝીબ અને ફઝલ ઇબ્ને શાઝાને હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામથી નોંધેલ સહીહ રિવાયતોમાં ખોટી કસમ ખાવા એ ગુનાહે કબીરા હોવાનું સાબિત છે. તોહફફુલ ઓકુલ નામની કિતાબમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામની રિવાયત છે કે "ખોટી કસમ ઈમાનને ખરાબ કરી નાખતા હોય છે."

* * * * *

# ખોટી કસમ ખાવાના ગુનાહનો અઝાબ

"બેશક જે લોકો અલ્લાહને (આપેલા) વાયદા તથા પોતાના સોગંદોના બદલામાં નજીવી કિંમત લઈ લે છે (તેઓ) એ જ તો છે કે જેમના માટે આખેરતમાં કાંઈ ભાગ નથી અને ન અલ્લાહ તેમની સાથે વાત કરશે અને ન ક્યામતના દહાડે તેમને (માયાળુ નજરે) નિહાળશે અને ન તેમને (ગુનાહની ગંદકીથી) પાક કરશે, અને તેમના માટે દુ:ખભરી સજા છે."

**(સૂરએ આલે ઇમરાન, આ. ૭૭)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે ખોટી કસમ એ એક ગુનાહે કબીરા હોવાના સમર્થન માટે ઉપરની આયતની તિલાવત ફરમાવી હતી.

* * * * *

# હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે કસમ ખાવાનો હુકમ આપ્યો.

'તફસીર અલ મીઝાન' માં અને શૈખ સદૂકની કિતાબ અમાલીમાં નોંધવામાં આવ્યું છે, કે અમરઉલ કૈસ અને બીજા એક માણસ વચ્ચે જમીનની બાબતમાં ઝઘડો થઈ ગયો. બંને માણસ એક જમીન પોતાની હોવાનો દાવો કરતા હતા. તે બંને જણા હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં તે વિવાદ સાથે ઉપસ્થિત થયા. રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે અમરઉલ કૈસને ફરમાવ્યું : "શું તું બે આદીલ ગવાહને રજૂ કરી શકીશ ?" તેણે ફરમાવ્યું "જી, ના" આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : તો પછી તારી વિરૂધ્ધમાં દાવો કરનારે કસમ ખાઈ લેવી જોઈએ. અમરઉલ કૈસે કહ્યું : 'તે ખોટી કસમ ખાઈને મારી જમીન પડાવી લેશે.' આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : જો તે ખોટી કસમ ખાશે તો એવા લોકો પૈકીનો થઈ જશે, જેની ઉપર કાલે કયામતના દિવસે અલ્લાહ રહેમતની નજર નહીં કરે, અને તેને ગુનાહોથી પાક નહીં કરે. એવા માણસ માટે દર્દનાક અઝાબ હશે. જયારે એ માણસે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું બયાન સાંભળ્યું ત્યારે ખૂબ જ ડરી ગયો અને અમરઉલ કૈસની જમીન વિશેનો પોતાનો દાવો પાછો ખેંચી લીધો.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ઇરશાદ ફરમાવે છે :

"જે કોઈ માણસ કોઈ કસમ ખાય અને જાણતો હોય કે તે ખોટો છે, તો (જાણે કે) તે ખુલ્લમ ખુલ્લી રીતે ખુદા સાથે લડાઈ કરનારો છે."

**(કિતાબે કાફી, બાબે ઈમાન વ કુફ્ર)**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે કે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : "જૂઠી કસમ ખાવાથી પરહેઝ કરો, કારણ કે જૂઠી કસમ ખાવાથી આબાદી વીરાનીમાં ફેરવાઈ જાય છે એન જૂઠી કસમ ખાનારઓને નિરાધાર બનાવી દે છે."

બીજી રિવાયતોથી જાણવા મળે છે કે જૂઠી કસમ અને કત્એ રહમ એવી બાબતો છે જે આબાદીને વીરાની (વસ્તીને રણ) માં ફેરવી દે છે, આવનારી પેઢીને બરબાદ કરે છે.

**(કિતાબે કાફી, ઈમાન અને કુફ્રના પ્રકરણમાં)**

* * * * *

# જૂઠી કસમનો દુષ પ્રભાવ

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે જૂઠી કસમ ખાનાર ચાલીસ રાતોમાં તંગદસ્ત (આર્થિક રીતે બેહાલ) થઈ જાય છે. આ જ વિષય બીજી કેટલીક રિવાયતોમાં પણ મૌજૂદ છે. છઠ્ઠા ઇમામ અલય્હિસ્સલામનો આ પણ ઇરશાદ છે : "કોઈ મુસલમાનનો હક પચાવી પાડવા અથવા તેનો માલ આચકી લેવા માટે જે ખોટી કસમ ખાવામાં આવે છે, તે જહન્નમમાં જવાનું કારણ બને છે" ઇમામ અલય્હિસ્સલામનો આ પણ ઇરશાદ છે "જયારે કોઈ માણસ એમ કહે કે : 'ખુદા જાણે છે' ખરેખર તે જૂઠુ બોલી રહ્યો હોય તો ખુદાવંદે તઆલા તેને સંબોધીને કહે છે : શું તને મારા સિવાય બીજું કોઈ ન મળ્યું ? જેના માટે તું જૂઠું બોલી શકે ? (આળ મૂકી શકે ?)"

**(કિતાબે કાફી ઈમાન અને કુફ્રના પ્રકરણમાં)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : જો કોઈ માણસ કોઈ દાવો કરતા કહે કે, ખુદા જાણે છે, અને વાસ્તવમાં ખુદા તેનાથી ઉલ્ટું જાણતો હોય (એટલે કે તેનો દાવો ખોટો હોય) તો ખુદાની અઝમત અને હૈબત જોઈને અર્શે ઇલાહી કાંપી ઉઠે છે.

**(કિતાબે કાફી)**

* * * * *

# કસમના પ્રકાર

કસમ દ્વારા કોઈ બાબત સાબિત કરવામાં આવે છે અથવા કોઈ કામ કરવું જરૂરી થાય છે.

કોઈ પણ વાત અથવા સમાચારને સાબિત કરવા માટે અથવા ભારપૂર્વક બયાન કરવા માટે કસમ ખાવામાં આવે છે. કસમના ચાર પ્રકાર છે.

**(૧) વાજીબ (૨) મુસ્તહબ (૩) મકરૂહ (૪) હરામ**

* * * * *

# કસમ ખાવા કયારે વાજીબ થાય છે ?

જો પોતાની ઇઝઝતના રક્ષણનો પ્રશ્ન હોય તો માણસે પોતે અથવા કોઈ મુસલમાનના રક્ષણ માટે કસમ ખાવા વાજીબ બને છે. તેવી જ રીતે પોતાના માલ અથવા એવો માલ કે જેનું રક્ષણ કરવું વાજીબ હોય તેનો પ્રશ્ન હોય અને કસમ ખાવા વગર તે માલનું રક્ષણ થઈ શકે તેમ ન હોય તો પણ કસમ ખાવા વાજીબ છે. એટલે સુધી કે તે કયારેક જાન, ઇઝઝત કે ખૂબ જ વધારે પ્રમાણમાં માલના રક્ષણ માટે જૂઠા કસમ ખાવા વાજીબ થઈ જાય છે. અલબત્ત માણસે જૂઠા કસમ ખાવાને બદલે તવરીયાહ કરવાના પ્રયત્નો કરવા જોઈએ અને તે રીતે એહતિયાતથી કામ કરે તે વધારે સારૂં છે.

* * * * *

# એવા પ્રસંગો જેમાં કસમ ખાવા મુસ્તહબ છે.

કેટલાક પ્રસંગો એવા હોય છે જે વખતે કસમ ખાવા મુસ્તહબ (સુન્નત હોય છે) અને કેટલાક પ્રસંગોએ કસમ ન ખાવા મુસ્તહબ હોય છે. જો પોતાના અથવા બીજા કોઈ મુસલમાનના માલના રક્ષણનો એવો પ્રસંગ હોય જે માલનું રક્ષણ કરવું વાજીબ તો ન હોય તેવા પ્રસંગોએ જૂઠી કસમ ખાવી મુસ્તહબ છે. આ એ માલ છે જેની કિંમત 30 (ત્રીસ) દિરહમથી ઓછી હોય.

ઝર્રારહે, ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામને કહયું ઝાલિમ હાકિમ અમારી પાસેથી બળજબરી પૂર્વક ટેક્ષ ઝકાતની વસુલાત કરે છે. જો અમે ખોટી કસમ ખાઈને એમ કહીએ કે અમારી પાસે ટેક્ષ વિગેરે ભરપાઈ કરવા માટે કંઈ નથી અને ખોટી કસમ ખાધા વગર અમારા માલનું રક્ષણ થઈ શકે તેમ ન હોય તો (ખોટી કસમ ખાઈ શકાય ખરા ?) ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું :

"એવા કસમ ખાવ, એવા કસમ ખજૂર અને માખણ કરતાંય મીઠા અને લહેજતદાર હોય છે." (સ્પષ્ટ છે કે આવા કસમ દ્વારા ઝાલિમના ઝુલ્મથી મુક્તિ પામી શકાય છે.)

અલબત્ત જો માલ ઓછો હોય એટલે કે 30 દિરહમથી ઓછી રકમનો હોય તેટલી રકમનો માલ ઝાલિમના હાથમાં જવાથી બચાવવા ખોટી કસમ ન ખાવા મુસ્તહબ છે. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની હદીસ છે, : "જો કોઈ ખુદાની બુઝુર્ગી અને અઝમતને ધ્યાનમાં રાખીને કસમ ન ખાય તો ખુદાવંદે તઆલા તેને એટલો બધો માલ આપશે, જે ગએલા માલ કરતા બહેતર અને વધારે હશે."

**(ફરોગે કાફી કિતાબુલ ઈમાન)**

* * * * *

# હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે

"જો તમારી વિરૂધ્ધમાં કોઈ માલનો દાવો કરવામાં આવે પણ એ દાવો કરનારનો તમારા માલ ઉપર કોઈ હક ન હોય અને એ તમારી પાસે (એ માલ તમારો હોવા બાબતના) કસમ ખાવાનો આગ્રહ રાખે તો, જો તે માલ 30 (ત્રીસ) દિરહમની કિંમતની મર્યાદામાં આવતો હોય તો, તેને આપી દયો, પણ કસમ ન ખાવ, અને જો તે માલ 30 (ત્રીસ) દિરહમથી વધારે કિંમતનો હોય તો કસમ ખાઈ લો અને તેને કાંઈ ન આપો." **(ફરોગે કાફી)**

પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે : "જે માણસ પોતાના કર્ઝદાર અથવા જેની ઉપર કોઈ માલ આપવાની જવાબદારી ખવડાવવા માગે, પરંતુ એ માણસ એ વાત જાણવા છતાં કે પોતાને કસમ ખાવાનો હક છે ખુદાની અઝમતને લક્ષમાં રાખીને કસમ ન ખાય તો, ખુદાએ તઆલા કયામતના દિવસે (એવા માણસને) હઝરત ઇબ્રાહીમ ખલીલુલ્લાહ કરતાં ઓછો દરજ્જો આપવાથી રાજી નહીં થાય."

# ઈમામ સય્યદે સજ્જાદ અલય્હિસ્સલામે કસમ ન ખાધા.

કિતાબે કાફીમાં આ રિવાયત નોંધવામાં આવી છે કે : હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામની એક પત્ની બની હનીફાના કબીલાની હતી. ઇમામ અલય્હિસ્સલામની એક પત્ની બની હનીફાના કબીલાની કે તે સ્ત્રી આપ અલય્હિસ્સલામના દાદા હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની દુશ્મન છે. આ વાતની ખાત્રી કર્યા પછી ઇમામ અલય્હિસ્સલામે તે સ્ત્રીને તલ્લાક આપી દીધી. તે સ્ત્રીએ મહેરની રકમ અગાઉથી લઈ લીધી હતી. આમ છતાં તેણીએ ઇમામ ઝયનુલ આબેદીનની વિરૂધ્ધ મદીનાના હાકીમ પાસે મહેરનો જૂઠ્ઠો દાવો રજૂ કર્યો. તે સ્ત્રીએ ચારસો દીનારની માંગણી કરી. ઈમામ સય્યદે સજ્જાદ અલય્હિસ્સલામને મદીનાના હાકીમે કહયું આપ કસમ ખાઈને કહો કે આપે તેણીને મહેરની રકમ ચૂકવી દીધી છે. અથવા તેણીનો હક અદા કરી દો. ઈમામ સય્યદે સજ્જાદ અલય્હિસ્સલામે કસમ ન ખાધા, પરંતુ આપના ફરઝંદ હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામને તે સ્ત્રીને ચારસો દીનાર ચૂકવી દેવાનો હુકમ આપ્યો. હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામે અર્ઝ કરી હું આપની ઉપર કુરબાન થઈ જાઉ, શું હક આપની સાથે નથી ? ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : કેમ નહીં. (આપણે હક ઉપર જ છીએ) પરંતું હું ખુદાવંદે

આલમને એટલો બુઝુર્ગ અને માનવંતો સમજુ છું કે થોડાક દુન્યવી માલ ખાતર હું ખુદાની કસમ ખાવાનું પસંદ કરતો નથી.

* * * * *

## હક વાતને ભારપૂર્વક રજૂ કરવા માટે કસમ

હક વાતને સાબિત કરવા અથવા તો હક વાતને ભારપૂર્વક રજૂ કરવા અને તેની અગત્યતા દર્શાવવા માટે કસમ ખાવા માત્ર જાએઝ જ નથી પણ મુસ્તહબ છે. જેમકે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ કસમ ખાઈને ફરમાવે છે.

"ખુદાની કસમ, ખુદા મગફેરત કરવામાં (માફી આપવામાં) વિલંબ નહીં કરે, જો કે એ શકય છે કે તમે લોકો (માફી માંગવામાં) તૌબા કરવામાં આળસ કરો." **(કિતાબે મસાલિક, બાબે ઈમાન)**

એવી જ રીતે કસમ વિશેનું બીજુ એક ઉદાહરણ હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામનું આ કથન છે કે

"ખુદાની કસમ જે (બાબતો) હું જાણું છું તે લોકો જાણતા હોત તો, બહુ જ ઓછા લોકો હસતે અને વધારે પ્રમાણમાં રડયા કરતે"

કુરઆને મજીદ અને માઅસૂમીન અલય્હેમુસ્સલામની રિવાયતોમાં ઘણી જગ્યાએ કસમ ખાવામાં આવ્યા છે. એ બધા કસમનો સંબંધ આ જ કસમ (જેનો ઉપર ઉલ્લેખ થઈ ચૂકયો છે)ની સાથે છે. એટલે કે એ કસમ હક વાતો પર ભાર મૂકવા અને તેનું મહત્વ દર્શાવવા માટે જ ખાવામાં આવેલ છે.

એક માણસે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામને પત્ર લખીને પૂછયું હતું કે : "આપની સાથે જ જૂઠી વાતો જોડી દેવામાં આવે છે, તેના વિશે આપ શું ફરમાવો છો ?

ઇમામ અલય્હિસ્સલામે તેના જવાબમાં ફરમાવ્યું :

"ખુદાની કસમ જે વાતો અમારા સાથે જોડવામાં આવે છે તે હકીકત નથી પરંતુ હું એ વાતોને જૂઠલાવવા (રદ કરવા) માટે કોઈ પણ સંજોગોમાં વલ્લાહ (ખુદાની કસમ) કહેવાનું પસંદ કરતો નથી. પરંતુ મને એ વાતનો અફસોસ થાય છે કે એવી વાતો કહેવામાં આવે છે જે ખરેખર બની નથી."

* * * * *

## કસમ ખાવા મકરૂહ છે

વાજીબ અને મુસ્તહબ કસમ વિશેનું વર્ણન આપણે જોયું. એ વાજીબ અથવા મુસ્તહબ કસમ સિવાયના તમામ સંજોગોમાં કસમ ખાવા સંપૂર્ણપણે મકરૂહ છે. ભલે પછી તે ભૂતકાળની વાત હોય, વર્તમાનની વાત હોય કે ભવિષ્યની વાત હોય. આમ, સામાન્ય સંજોગોમાં કસમ ખાવા મકરૂહ છે. જો માણસ બીન જરૂરી રીતે કસમ ખાય કે, 'કાલે આમ બન્યું હતું, અત્યારે આમ છે, અથવા ભવિષ્યમાં આમ બનવાનું છે.' તો તે મકરૂહ છે. પણ આ બધી બાબતો સાચી વાત માટે કસમ ખાવામાં આવે ત્યારે જ લાગુ પડે છે. ખોટી વાત માટે કસમ ખાવા હરામ છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : "તમે સાચુ બોલતા હો કે જૂઠુ બોલતા હો, ખુદાની કસમ ન ખાવ. એટલા માટે કે ખુદાએ અઝઝ વ જલ્લ ફરમાવે છે કે 'ખુદાનો ઉપયોગ તમારા કસમ માટે ન કરો.'

**(સૂ. બકરહ ૨, આ. ૨૨૪) (ફરોગે કાફી, કસમનું પ્રકરણ)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું આ પણ ફરમાન છે કે "જેણે ખુદાના ખોટા કસમ ખાધા તેણે જાણે કે કુફ્ર ઇખ્તયાર કર્યું."

"અને જે માણસે ખુદાના સાચા કસમ ખાધા તેણે ગુનાહ કર્યા. એટલા માટે કે ખુદાએ તઆલા ફરમાવે છે કે 'ખુદાનો ઉપયોગ તમામ કસમ માટે ન કરો.'

**(ફરોગે કાફી)**

ઉપરોકત હદીસોથી એ વાતની સ્પષ્ટતા થઈ જાય છે કે, ખુદાના ખોટી કસમ ખાવા એ એક મોટા ગુનાહે કબીરા છે અને ગુનાહે કબીરા આચરનાર વ્યક્તિ ઈમાનના ઉંચા દરજજેથી ઉતરી જાય છે જેના કારણે તેના દિલમાં કુફ્ર પૈદા થઈ જાય છે. ઇમામ અલય્હિસ્સલામે સાચા કસમને પણ ગુનાહ કહ્યા છે. તેના માટે ઇસ્મ શબ્દથી સાચા કસમને સખ્ત મકરૂહ ગણાવવામાં આવેલ છે.

* * * * *

## હઝરત ઇસા અલય્હિસ્સલામની હિદાયત

ફરોગે કાફીમાં આ હદીસ પણ મૌજૂદ છે કે, જે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે બયાન કરી છે.

હઝરત ઇસા અલય્હિસ્સલામના શાગીર્દો (હવારીયો) એ આપની આસપાસ ભેગા થઈને પૂછયું : "અય ભલાઈ શીખવનારા, અમને કંઈક નસીહત કરો."

હઝરતે ફરમાવ્યું : "બેશક, ખુદાના નબી મુસા અલય્હિસ્સલામે તમોને ખુદાની જૂઠી કસમ ન ખાવાનો હુકમ આપ્યો છે અને હું તમને હુકમ આપું છું કે, ખુદાના સાચા કે ખોટા (કોઈ પણ જાતના) કસમ ન ખાવ."

* * * * *

## એહતેરામની પાત્ર વસ્તુઓના કસમ

આગળ વર્ણન થઈ ગયું છે તે મુજબ જે પ્રસંગોએ ખુદાના કસમ ખાવા જાએઝ છે એવા પ્રસંગોએ કુરઆને મજીદના કસમ, કાબાના કસમ અથવા પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ અને અઇમ્મા અલય્હેમુસ્સલામના કસમ ખાવા પણ જાએઝ છે. તેવી જ રીતે આદરણીય હસ્તી કે વસ્તુના કસમ ખાવા જાએઝ છે. દાખલા તરીકે માણસ પોતાના પિતા પુત્ર અથવા એવા કોઈ પણ માણસની કસમ ખાઈ શકે છે.

જે રિવાયતોમાં ખુદાનું નામ લઈને તેના કસમ ખાવાની મનાઈ ફરમાવવામાં આવી છે, તેમાં પોતાનો હક સાબિત કરવા માટે તેવા કસમ ખાવાની મનાઈ છે. જયારે કોઈ સાચી વાતને સાબિત કરવા માટે ખુદાના કસમ ખાવાની મનાઈ ફરમાવવામાં આવી નથી. અલબત્ત જયારે પોતાનો હક સાબિત કરવા માટે ખુદાના કસમ ખાવા જરૂરી થઈ જાય ત્યારે શરઈ રીતે ખુદાના કસમ ખાવા જોઈએ એવા સંજોગોમાં બીજી કોઈ હસ્તી કે વસ્તુના કસમ સાચા કે સહીહ ગણાશે નહીં કારણ કે શરઈ રીતે એવો મામલો ત્યાં પૂરો થઈ જતો નથી. તેવી જ રીતે ભવિષ્યમાં કોઈ કામ કરવાની ઇચ્છા હોય, અને તેના માટે કોઈ કસમ ખાવા પડે તો ત્યારે પણ ખુદાના જ કસમ ખાઈ શકાય છે. (તેવા સંજોગોમાં) બીજી કોઈ કસમ શરઈ હેસીયત ધરાવતી નથી.

* * * * *

## એવા કસમ કે જે ખાવા હંમેશા માટે હરામ છે.

ખુદા અને તેના દીન (મઝહબે ઇસ્લામ)થી વિમૂખ અને દૂર થઈ જવાના (તેનો અસ્વિકાર કરી દેવાના) કસમ ખાવા હંમેશા માટે હરામ છે અને તેવા કસમ કયારેય ખાઈ શકાતા નથી. જેમકે કોઈ માણસ એમ કહે કે જો હું ફલાણું કામ ન કરૂં તો ખુદાથી વિમૂખ થઈ જઈશ. અથવા તો દીને ઇસ્લામ 'છોડી દઈશ' આ પ્રકારના કસમ ખાવાના હરામ હોવામાં કોઈ સંદેહ નથી. તેવી જ રીતે જો કોઈ માણસ એમ કહે કે : 'જો મેં ફલાણું કામ ન કર્યું તો હું પયગમ્બરે ખુદા હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇન્કાર કરી દઈશ અથવા હઝરત અલી અલય્હિસ્સલામની વિલાયતમાંથી બહાર નિકળી જઈસશ. અથવા તો યહૂદી વિગેરે થઈ જઈશ.

આ પ્રકારના કસમ પણ હરામ છે. આ પ્રકારના કસમ પોતાનો હક સાબિત કરવા માટે કે કોઈ સાચી વાતને ભારપૂર્વક દર્શાવવા માટે પણ હોય, ભલે તે કામ ભવિષ્યમાં કોઈ કામ કરવા કે ન કરવાના વાયદા માટે કે કોઈ વાતને ભારપૂર્વક રજૂ કરવાના ઇરાદાથી હોય કે વર્તમાન કે ભૂતકાળ વિશે હોય, તે બધા જ સંજોગોમાં ઉપર જણાવ્યા પ્રમાણે કસમ ખાવા હરામ છે.

હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે એક માણસને એવું કહેતા સાંભળ્યો કે "હું દીને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમથી વિમૂખ થઈ જઈશ."

આ સાંભળીને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "તારી ઉપર અફસોસ થાય  જો તું હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના દીન (મઝહબે - ઇસ્લામ)થી વિમૂખ થઈ જઈશ તો પછી કોનો દીન ઇખ્તયાર કરીશ ?

રાવી કહે છે કે : પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આ દુનિયાથી વફાત પામ્યા ત્યાં સુધી કદી તે માણસ સાથે વાતચીત કરી નહીં.

**(કિતાબે કાફી, કસમ ખાવાનું પ્રકરણ)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે યૂનુસ ઇબ્ને ઝીબયાનને ફરમાવ્યું

"અય યૂનુસ, અમારાથી વિમૂખ થઈ જવાની વાતનો કસમમાં ઉપયોગ ન કરો. જે માણસ અમારાથી વિમૂખ થઈ જવાની વાતનો કસમમાં ઉપયોગ કરી બેસે છે તે સાચો હોય કે ખોટો, અમારાથી વિમૂખ થઈ જાય છે."

**(કિતાબે કાફી, કસમનું પ્રકરણ)**

* * * * *

# હુરમતવાળી કસમનો કફફારો

જે પ્રકારના કસમ ખાવા હરામ ગણવામાં આવ્યા છે, ખાસ કરીને જે કસમમાં પવિત્ર હસ્તીઓથી વિમૂખ થઈ જવાની વાત કરવામાં આવી હોય એવી કસમનો કફફારો મુજતહિદોના એક સમુહે ઝેહારના કફફારા જેટલો ગણાવ્યો છે. (જયારે કોઈ પતિ પોતાની પત્નીને કહે કે તુ મારી માં અથવા બહેન જેવી આ કફફારો લાગૂ પડે છે) મુજતહિદોના બીજા એક સમુહે એવી કસમનો કફફારો નઝર તોડવાના કફફારા જેટલો ગણાવ્યો છે જે માહે મુબારક રમઝાનમાં રોઝા તોડવા જેટલો અથવા તો રોઝા ન રાખવાના કફફારા જેટલો છે."

**(સંદર્ભ : શરાએ  ઇસ્લામ, કિતાબે કફફારાત)**

અલબત્ત શેખ મુફીદ (અ.ર.) ફરમાવે છે કે (પવિત્ર હસ્તીઓથી) વિમૂખ થવા વિશેના કસમ તોડી નાખવામાં આવે તો તેનો કફફારો દસ ગરીબોને પેટ ભરીને ખાણું ખવડાવવું છે અને તે ગુનાહથી તૌબા કરવી

છે. આ જ પ્રમાણેનો ફત્વો હઝરત ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામે માસલીક નામની કિતાબમાં આપેલા ફત્વાથી પણ સાબિત થાય છે. ઇમામ અલયહિસ્સલામ ફરમાવે છે :

"તે દસ મિસ્કીનને ખાણુ ખવડાવશે. એક મુદ ખાણું આપશે અને ખુદા પાસે ઇસ્તિગફાર પણ કરશે."

એક મુદ એકસો જોપન મીસ્લ જેટલા થાય છે જે ચૌદ છટાંક અથવા તો ૭૫૦ (સાતસો પચાસ) ગ્રામ (પોણો કીલોગ્રામ) જેટલું થાય છે. જેમાં માણસ ઘઉં, લોટ, જવ, ચોખા અથવા તો રાંધેલો ખોરાક પણ આપી શકે છે. ઉપર ઉલ્લેખ થએલી રિવાયતની સનદ સહીહ (ભરોસાપાત્ર) છે તેથી એહતિયાત ન છોડે તે વધારે સારૂં છે.

* * * * *

# હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને મન્સૂર દવાનકી

એક માણસ, અબ્બાસી બાદશાહ મન્સૂર દવાનકીની પાસે ગયો અને તેને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની વિરૂધ્ધ ભડકાવવા લાગ્યો. તે કહેવા લાગ્યો કે તેઓ તારી ઉપર હુમલો કરાવવા ઇચ્છે છે. આ કામ માટે તેઓએ ચારે બાજુ રકમ મોકલી છે અને આ કામ ચાલુ જ છે. તેઓ જેમણે આપની ઉપર હુમલો કર્યો હતો તે અબ્દુલ્લાહ ઇબ્ને હસનના પુત્રો મોહમ્મદ અને ઇબ્રાહીમની મદદ કરી રહયા છે.

મન્સૂરે, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને મદીનાથી બોલાવ્યા, જયારે ઇમામ અલય્હિસ્સલામ મન્સૂરના દરબારમાં આવ્યા તો મન્સૂરે તે સાંભળેલી વાત ઇમામ અલય્હિસ્સલામ સમક્ષ રજૂ કરીને ઇમામ અલય્હિસ્સલામ ઉપર સખ્ત નૂકતેચીની (ટીકા - ટીપ્પણી) કરી. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "આવી વાતોથી હું ખુદાની પનાહ ચાહું છું આ બધી વાતો જૂઠ અને તોહમત છે." મન્સૂરે ઇમામ અલય્હિસ્સલામ વિશે આ પ્રકારની વાતો કરનારા માણસને બોલાવ્યો, તે મલઉન (લાનતને પાત્ર) માણસે ફરી તે જ વાતો કહી અને ઇમામ અલય્હિસ્સલામ પર તોહમત મૂકયું. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : શું તારી વાત માટે તું કસમ ખાઈ શકીશ ? તે માણસે કસમ ખાવાના શરૂ કરી દીધા. "ખુદાના કસમ, કે જેના સિવાય કોઈ મઅબૂદ નથી, જે બધા કરતા વધુ શક્તિશાળી છે, જે હંમેશાથી છે અને હંમેશા રહેશે." ...... હઝરતે તેને આમ કરતા વચ્ચેથી જ રોકી દીધો અને ફરમાવ્યું : કસમ ખાવાની ઉતાવળ ન કર, હું કહું તે પ્રમાણે કસમ ખા.

મન્સૂરે પૂછયું : શું આ માણસે જે રીતે કસમ ખાધા તેમાં કાંઈ અધુરાશ છે ?ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : "જો માણસ કસમ ખાતા પહેલા ખુદાની પ્રશંસા કરી બેસે તો ખુદા તેની ઉપર તાત્કાલિક અઝાબ નાઝિલ કરતો અટકી જાય છે. તેણે આ રીતે કસમ ખાવી જોઈએ. "ઓબરરેઓ મિન હવલિલ્લાહે વ કુવ્વતી ઇન્નિ લ સાદેકુન ફી મા અકૂલો"

**(શેખ તૂસીની કિતાબ અમાલી અને કિતાબ મીનહજ્જૂદ દઅવાત)**

એટલે કે હું ખુદાની તાકાત અને કુવ્વતથી વિમૂખ થઈ જાવ છું અને મારી પોતાની જ તાકાત અને કુવ્વતમંા રક્ષણ ચાહું છું, કે હું જે કાંઈ કહી રહયો છું તે સાચું કહી રહયો છું.

મન્સૂરે તે માણસને ઉપર દર્શાવ્યા પ્રમાણે કસમ ખાવાનો હુકમ આપ્યો. તેણે આ રીતે કસમ ખાવાનું પુરૂ કર્યું ન હતું, ત્યાં જ તેની જીભ કુતરાની જેમ બહાર લટકવા માંડી અને તે ત્યાંને ત્યાં જ જહન્નમ વાસિલ થઈ ગયો.

* * * * *

# શું આ વાત એહતેરામને પાત્ર કસમની વિરૂધ્ધ છે ?

ઉપરની રિવાયતથી એ વાતની ગેર સમજણ થવાની શકયતા છે, કે કોઈ એમ સમજી બેસે કે એહતેરામને પાત્ર વ્યક્તિ કે વસ્તુઓના કસમ ખાવા યોગ્ય છે. પરંતુ હકીકતમાં એવું નથી, મોહક્કિકે કુમ્મી

(અ.ર.) ફરમાવે છે કે : એક તો આ રિવાયતની સનદ ઝઈફ (નબળી કમઝોર) છે. બીજી વાત એ છે કે આ રીતે કસમ ખવરાવવા એ કદાચ ફકત ઇમામ માટે જ જાએઝ હોઈ શકે. ઉપરોકત કિસ્સામાં ઇમામ અલય્હિસ્સલામ એ વાત જાણતા હતા કે કસમ ખાનારો મોઅમિન નથી, પરંતુ એહલેબૈત અલય્હેમુસ્સલામનો દુશ્મન છે અને ઇમામે પોતે જવાબદારી મુકત (નિર્દોષ) સાબિત થવા માટે પણ આમ કરવું જરૂરી હતું.

**(કિતાબે જામેઉશ્શેતાત - પાના નં ૭૪૪)**

મોહકકીકના ઉપરોકત બયાનથી એ વાત પણ સાબિત થાય છે કે ઇમામ અલય્હિસ્સલામ તે મલઉનને હલાક (નાશ) થવાને પાત્ર સમજતા હતા અને તેની મૌત વિમૂખ થવા વિશેના કસમ ખાવા ઉપર જ આધારીત હતી. તેના હલાક થવાથી જ ઇમામતના ઉચ્ચ દરજજાનું અપમાન થતા અટકી ગયુ અને ઇમામ અલય્હિસ્સલામ મન્સૂરના હાથે કત્લ થતા બચી ગયા. આ બનાવનો ફાયદો એ પણ થયો કે થોડા સમય માટે મન્સૂરના હાથે બીજા સાદાતો અને મોઅમિનો પણ કત્લ થતા બચી ગયા.

* * * * *

# જૂઠી કસમની તૌબા

જો માણસ ભૂતકાળ કે વર્તમાનની કોઈ વાત માટે ખોટી કસમ ખાઈ બેસે તો તેની તૌબા એ છે કે માણસ પોતાની વર્તણુક માટે સખ્ત ભોઠપ અને શરમ અનુભવે. તેમજ એમ સમજે કે પોતે ખુદાવંદે આલમના મુબારક નામને રમકડું સમજીને રમી રહયો હતો. એટલું જ નહીં, તે એક ગુનાહે કબીરા પણ કરી બેઠો હતો. માણસ પોતાના આચરેલા કૃત્યો માટે જેટલી શરમ અનુભવીને પોતાના ગુનાહોને જેટલા મોટા સમજશે અને ઇસ્તિગફાર (ગુનાહો માટે તૌબા કરશે) તેટલા પ્રમાણમાં તે ખુદાની રહેમત અને મગફેરતથી નજદીક થતો જશે. જો તેના જૂઠી કસમ ખાવાના કારણે કોઈ મુસલમાનને આર્થિક નૂકસાન થયું હોય કે કોઈ મુસલમાન અપમાનિત થયો હોય તો જૂઠી કસમ ખાનારે તે આર્થિક નૂકસાનને ભરપાઈ કરવું જોઈએ અને મઝલૂમ વ્યક્તિની માફી માંગવી જોઈએ અને જે રીતે શકય હોય તે રીતે તે નૂકસાનની પૂર્ણતા કરવી જોઈએ.

* * * * *

# કસમ કયારે સાચી ગણાશે ?

જો કોઈ માણસ એવા કસમ ખાય કે પોતે ભવિષ્યમાં અમૂક કામ કરતો રહેશે અથવા તો અમૂક કામ નહીં કરે તો તેના કસમ સહીહ થવા માટે અમૂક શરતો છે, જો તે શરતોનું પાલન કરવામાં આવે તો તેવા કસમને તોડવા હરામ વગેરે અને જો કોઈ તેવા કસમ તોડી નાખે તો તેના માટે કફફારો આપવો વાજીબ છે. એવી કસમની જે શરતો છે, તે નીચે મૂજબ છે.

**(૧)** જે કામ કરવા માટે કસમ ખાવામાં આવે તે કામ વાજીબ અથવા તો મુસ્તહબ હોવું જોઈએ. દાખલા તરીકે કોઈ માણસ એવા કસમ ખાઈ શકે છે, કે પોતે જાણી જોઈને નમાઝે સુબ્હ કઝા નહીં કરે અથવા તો નમાઝે શબ પડવાનું છોડશે નહીં. તેવી જ રીતે કોઈ કામ ન કરવા અથવા તો છોડી દેવા માટે કસમ ખાવામાં આવે તો તે કામ હરામ અથવા તો મકરૂહ હોવું જોઈએ. જેમકે માણસ એવી કસમ ખાઈ શકે છે કે પોતે ભવિષ્યમાં કદી જૂઠું નહી બોલે અથવા તો કદી પણ મસ્જિદમાં થૂંકશે નહીં. મુબાહ કામ માટે કસમ ખાવી હોય તો તે કામ યોગ્ય ફાયદો પહોંચાડે તેવું હોવું જરૂરી છે. દાખલા તરીકે સીગરેટ પીવી મુબાહ છે. (એટલે સીગરેટ પીવી કે ન પીવાથી સવાબ કે અઝાબ થતો નથી.) માણસ સીગરેટ પીવાનો આદત છોડી દેવાના કસમ ખાઈ શકે છે.

જયારે કોઈ 'મુબાહ' વસ્તુનો ઉપયોગ શરીરને નુકસાન પહોંચાડતો હોય, તો તે ત્યારે કેટલાક મુજહતિદોની નજરમાં હરામ થઈ જાય છે.

**(૨)** મઝહબના પાંચ હુકમો વાજીબ, મુસ્તહબ, હરામ, મકરૂહ કે મુબાહ માટે ખુદાનું નામ જીભે લઈ ઉચ્ચારીને કસમ ખાવામાં આવે તો જ કસમ સહીહ છે. તેની સાથો સાથ તે કામ કરવાની કે ન કરવાની નિય્યત પણ હોવી જોઈએ. માત્ર સાધારણ સંજોગોમાં ઉપરના આ હુકમો સિવાય મશ્કરી કે રમત ગમતમાં ખુદાના કસમ ખાવા ન જોઈએ. જો માણસ પોતાની ટેવ મુજબ કહી બેસે કે, વલ્લાહ, હું આ કામ કરી બેસીશ અથવા તો ખુદાની કસમ, હું આવું ખરાબ કામ નહીં કરૂં અને ખરેખર તે બાબતનો તેનો નિર્ણય હોય તો તે કસમમાં ગણાઈ જશે, નહીંતર નહીં ગણાય.

કુરઆને મજીદમાં ઇરશાદ છે : "અલ્લાહ તમારી અનિશ્ચિત પ્રતિજ્ઞાઓ માટે તમારાથી જવાબ માંગશો નહીં. પરંતુ તે પ્રતિજ્ઞાઓ જે તમે જાણી જોઈએ ઇરાદાપૂર્વક લીધલ હોય (તેનો જવાબ તમારી પાસેથી માંગશે) માટે આવી પ્રતિજ્ઞા (ભંગ કરવાનો) કફફારો (પ્રાયશ્ચિત) દસ નિરાધારોનો મધ્યમ પ્રકારના ખાણામાંથી કે જે તમે તમારા કુટુંબીઓને ખવડાવો છો, તે ખવડાવવાનું. અથવા દસ નિરાધારોને લુગડા પહેરાવવાના અથવા એક ગુલામ આઝાદ કરવાનું છે. પણ જેને આ (વસ્તુઓ) મળી ન શકે તો તે ત્રણ દિવસનાં રોઝા રાખે, આ પ્રાયશ્ચિત તમોએ ખાધેલા સોગંદો માટે છે, અને તમારા સોગંદોના રક્ષણ (પાલન) આવી રીતે અલ્લાહ પોતાની આયતો દ્વારા, તમારા માટે સ્પષ્ટ કરીને વર્ણવે છે કે જેથી તમે આભાર માનનારા થાઓ."

* * * * *

# નિરર્થક કામની કસમ

અગાઉના બયાનથી જાણવા મળ્યું કે એવા જ કસમ શરઈ રીતે અમલ કરવા યોગ્ય છે જેમાં અકલી અને શરઈ ફાયદો હોય. એવા કામ કરવા માટે જ કસમ ખાઈ શકાય છે જે કરવાની રૂચિ હોય અથવા જે કામ વાજીબ અથવા મુસ્તહબ હોય. તેવી જ રીતે જો કોઈ માણસ કોઈ કામ ન કરવા માટેના કસમ ખાય તો તેવું કામ ન કરવા માટેનું કોઈ અકલી કારણ હોવું જોઈએ અથવા તેવું નાપસંદ કામ મકરૂહ અથવા હરામ હોવું જોઈએ. આ રીતે લગ્વ (નિરર્થક) અથવા બેહુદા કામ માટે કસમ ખાવી એ જ લગ્ય (બેહુદા) કાર્ય છે. આવી કસમ શરઈ રીતે યોગ્ય નથી હોતી અને તેવી કસમ લાગુ પાડી શકાતી નથી. તેથી અકલી રીતે કે શરઈ રીતે બેહુદા હોય તેવા કામ માટે કસમ ખાવા ન જોઈએ. આ જ કારણસર જો કોઈ માણસ વાજીબ અથવા મુસ્તહબ કામ છોડી દેવાની કે હરામ અથવા મકરૂહ કામ કરવાની કસમ ખાય તો તે કસમ લગ્વ (નિરર્થક) છે.

જો કોઈ માણસ શક્તિ ધરાવતો હોવા છતાં હજ કરવા માટે ન જવાની. પોતાના બાલ બચ્ચાનો ખર્ચ ન આપવાની, પોતાની મા સાથે અથવા કોઈ સગાં વહાલાં અથવા કોઈ મોઅમિન સાથે વાતચીત બંધ કરવાની (અબોલા લેવાની) અથવા પોતાના સગાં વહાલાં સાથે સિલે રહમ ન કરવાની અથવા બે મોઅમિન બિરાદરો વચ્ચે ભવિષ્યમાં ઝઘડો દૂર ન કરાવવાની કસમ ખાઈ બેસે તો તેવા કસમની કોઈ શરઈ હેસિયત નથી. ખુદા ના ખાસ્તા કોઈ મોઅમિન આવી કસમ ખાઈ બેસે તો તેણે ઇસ્તિગફાર (તૌબા) કરી લેવો જોઈએ.

* * * * *

# હઝરત ઇમામ જઅફરે સાદિક અલચ્હિસ્સલામ ફરમાવે છે

'જો કોઈ માણસ કોઈ કામ ન કરવાની કસમ ખાઈ બેસે પરંતુ વાસ્તવમાં એ કામ એવું હોય જે કરવું, ન કરવાથી વધારે સારૂં હોય તો તે માણસે જે કામ બહેતર (વધારે સારૂં) હોય તે અવશ્ય કરવું જોઈએ.'

ઉપરોકત હદીસ અને બીજી કેટલીક હદીસોથી એ વાત સ્પષ્ટ થાય છે, કે લગ્વ (નિરર્થક) એટલે કે અયોગ્ય અથવા ગૈર શરઈ કામ માટે કસમ લાગુ પડતા નથી. અને તેની કોઈ શરઈ હેસિયત પણ નથી. પરંતુ વિખ્યાત મુજતહિદોનું કહેવું છે કે, મુબાહ કામો માટે પણ કસમ લાગુ પડી જાય છે. તેથી જો કોઈ માણસ મુબાહ કામ કરવા કે ન કરવા માટે કસમ ખાય અને તેનો અકલી રીતે કોઈ ફાયદો દેખાતો ન હોય તો પણ તેને એહતિયાત રાખીને તેવા કસમ પણ તોડવા ન જોઈએ. અને જો એવા કસમ તોડે તો તેનો કફ્ફારો અદા કરવો જોઈએ. મશહુર મુજતહિદોના ફત્વા પ્રમાણે મુબાહ કામ માટે કસમ ખાઈ લેવાથી તે વાજીબ થઈ જાય છે. તેથી આ વિશે સાવધાની રાખવી આવશ્યક છે.

સઈદ અઅરજ નામના રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને એક એવા માણસ વિશે પ્રશ્ન કર્યો જેણે એવું કામ કરવાના કસમ ખાધા છે જે કામ ન કરવું વધારે સારૂં છે. હવે તે પોતાના કસમ તોડતા પણ ડરે છે. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું :

"જયારે તમે એમ જોયું કે તમે ખાધેલા કસમની વિરૂધ્ધ કામ કરવું વધારે સારૂં છે, તો એવા કસમની પરવાહ ન કરો, અને તેવા કસમને છોડી દો."

**(કિતાબે કાફી)**

* * * * *

# કસમના પ્રકાર

કિતાબે કાફીમાં છે કે, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું :

કસમના ત્રણ પ્રકાર છે.

**(૧) એવા કસમ જેના કારણે જહન્નમ વાજીબ થઈ જાય છે.**

**(૨) એવા કસમ જેના કોરણે કફ્ફારો વાજીબ થઈ જાય છે.**

**(૩) ત્રીજા પ્રકારના કસમ એ છે, જેના કારણે ન તો જહન્નમ મળે છે ન તો કફ્ફારો વાજીબ થાય છે.**

**(૧)** જે કસમ ખાવાથી જહન્નમ વાજીબ થઈ જાય છે, તે ખોટી કસમ છે. અને તે એવી ખોટી કસમ છે જે કસમ ખાવાથી મુસલમાનોને આર્થિક નૂકસાન અથવા તકલીફ ઉઠાવવી પડે છે. જેને "યમીન ગમુસ" એટલે જાણી જોઈને ખાવામાં આવતા કસમ કહેવામાં આવે છે.

**(૨)** જે કસમ ખાવાથી કફ્ફારો વાજીબ થઈ જાય છે તે કારે ખૈર કરવાની અથવા તો ખરાબ કામ છોડી દેવાના કસમ છે. જો કોઈ માણસ એવા કસમ તોડે તો તેની ઉપર કફ્ફારો વાજીબ થઈ જાય છે. તેનો કફ્ફારો અદા કરવા ઉપરાંત તે કસમ તોડવા માટે તૌબા કરીને શરમીંદા થવું પણ વાજીબ છે.

**(૩)** જે કસમ ખાવાથી ન તો જહન્નમ વાજીબ થાય છે ન તો કફ્ફારો વાજીબ થાય છે. તે કત્એ રહેમ કરવાની (સગા વહાલા વિગેરે સાથે સંબંધો તોડી નાખી ગેર વર્તણુંક કરવાના) કસમ છે. જે કસમ માણસે બળજબરી પૂર્વક સત્તાધીશ, મા - બાપ અથવા જીવનસાથી સમક્ષ ખાવા પડતા હોય છે. આ પ્રકારમાં એ બધા જ કસમ આવી જાય છે જે કોઈ હરામ કામ માટે અથવા તો કોઈ વાજીબ કામ છોડવા માટે ખાવામાં આવે. આ વિષયની વધુ વિગતો જાણવા માટે ઉચ્ચ કક્ષાની ફીકહી કિતાબોનો અભ્યાસ કરી શકાય છે.

* * * * *

# ઓગણીસમો ગુનાહ

# ખોટી સાક્ષી આપવી(જૂઠી ગવાહી આપવી)

ઓગણીસમો ગુનાહ જે ગુનાહે કબીરા હોવાની સ્પષ્ટતા મળી આવે છે તે ખોટી સાક્ષી છે. હઝરત અબ્દુલ અઝીમે હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી જે રિવાયત નોંધી છે તેનાથી પણ આ વાત સાબિત થાય છે. ફઝલ ઇબ્ને શાઝાને પણ ઇમામ અલી રઝા અલય્હિસ્સલામથી આવી જ રિવાયત નોંધી છે અને એઅમશે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી ગુનાહે કબીરાની યાદી મેળવી છે, તેમાં પણ જૂઠી ગવાહી આપવી ગુનાહે કબીરા હોવાનું સાબિત થાય છે. આ પહેલા જૂઠના વિષયમાં વર્ણન થઈ ચૂકયું છે તે પ્રમાણે જૂઠ પોતે જ ગુનાહે કબીરા છે. અને જૂઠી ગવાહી આપવી એ જૂઠની એક શાખા છે.

હઝરત અબ્દુલ અઝીમે જે સહીહ રિવાયત નોંધી છે, તેમાં ઇમામ અલય્હિસ્સલામે ખોટી સાક્ષી આપવી એ ગુનાહે કબીરા હોવાની દલીલમાં કુરઆને મજીદની નીચે મુજબની આયત રજૂ કરી છે.

**વલ્લઝી લા યશહદુન્ઝ ઝૂર**

"અને જે લોકો જૂઠી ગવાહી (ખોટી સાક્ષી) (કદી પણ) નથી આપતા એવા લોકો માટે જન્નતમાં ઉચ્ચ દરજ્જો છે."

**(સૂરએ ફુરકાન ૨૫, આયત ૭૨)**

આ આયતમાં ઝૂર શબ્દ આપ્યો છે, તેનો અર્થ બાતિલ ને હક સાબિત કરવું છે.

બીજી એક જગ્યાએ ઇરશાદ છે : "મૂર્તિપૂજા (ની ગંદકી)થી બચો અને ખોટી વાત કહેવાથી બચો."

**(સૂરએ હજ - ૨૨, આયત 30)**

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે :"જૂઠી ગવાહી આપવી એ કોઈને ખુદાનો શરીક બનાવવા સમાન છે." તફસીરે અબૂલ ફત્હે રાઝીમાં લખ્યું છે કે, હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ઉપરનુ વાકય સતત ત્રણ વખત કહ્યું અને પછી સૂરએ હજ ૨૨ની આયત 30 મી તિલાવત ફરમાવી.

એવી જ રીતે "મુસ્તદરકુલ વસાઈલ" માં હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી આ હદીસ મનસુબ છે કે : ખુદાવંદે આલમે કુરઆને મજીદમાં જૂઠી ગવાહીને શિર્ક સમાન ગણાવેલ છે. એટલે કે મૂર્તિ પૂજા કરવાથી બચવાની સાથો સાથ ખોટી સાક્ષી આપવાથી બચવાનો હુકમ પણ આપવામાં આવ્યો છે.

* * * * *

# કવ્લઝ ઝૂર નો અર્થ ગાયન અને જૂઠ

અત્રે જે રિવાયતોનું વર્ણન થયું તેનાથી સ્પષ્ટ થાય છે કે, કુરઆને મજીદમાં જયાં ઝૂર શબ્દનો ઉપયોગ થયો છે, તેનો અર્થ જૂઠ થાય છે. આ જ આયત ગાવા અને ગાયનના વિષયમાં પણ આવી ચૂકી છે. ઝૂર શબ્દનો અર્થ કેટલીક રિવાયતોમાં કોઈ વિસંવાદ નથી. ખરેખર તો દરેક બાતિલ અને નાપસંદ વસ્તુઓને ઝૂર કહેવાય છે અને તે વસ્તુઓની યાદીમાં સૌથી પહેલા ગાવા વગાડવા ઉપરાંત જૂઠ અને જૂઠી ગવાહીનો પણ સમાવેશ થાય છે.

* * * * *

# જૂઠી ગવાહી આપનારને જહન્નમનો અઝાબ

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામનો ઇરશાદ છે :

"જયારે માણસ કોઈ મુસલમાનનો માલ તેની પાસેથી આંચકી લેવા માટે ખોટી ગવાહી આપે છે તો ખુદા તે જ વખતે તે ખોટી ગવાહી આપનાર માટે ભડકતી આગની જવાળાઓનો સખ્ત અઝાબ લખી નાખે છે."

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે :

"ખોટી ગવાહી આપનાર માણસ ખોટી ગવાહી આપ્યા પછી પોતાની જગ્યાએથી એક ડગલું આગળ વધે તે પહેલા તેની ઉપર જહન્નમ વાજીબ થઈ જાય છે.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

"હાકિમ (સત્તાધીશ)ની સામે ખોટી ગવાહી આપનારની ગવાહી પૂરી પણ નહીં થાય ત્યાં તેનું સ્થાન જહન્નમમાં નિશ્ચિત થઈ જશે."

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે :

"જે કોઈ માણસ કોઈ પણ ઇન્સાન માટે જૂઠી ગવાહી આપશે તો તેને જહન્નમના સૌથી નીચેના ભાગમાં, મુનાફીકોની સાથે, તેની જીભ (સાથે બાંધીને)થી લટકાવી દેવામાં આવશે અને જે માણસ પોતાના મુસલમાન ભાઈનો હક પચાવી પાડશે તો તે (માફી માંગી) તૌબા નહીં કરે ત્યાં સુધી ખુદાએ તઆલા તેની રોઝીમાં બરકત નહીં આપે" **(વસાએલુશ્શીયા)**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની આ હદીસ નોંધે છે.

"જો કોઈ માણસ શરઈ હાકીમની સામે ગવાહી છુપાવે અથવા મુસલમાનોનું લોહી વહેવડાવવા અથવા તેમનો માલ આંચકી લેવાની નિય્યતથી ખોટી ગવાહી આપશે તો તેવો માણસ કયામતના દિવસે એવી હાલતમાં પુનઃ જીવીત થશે કે તેની આંખોની સામે ચારે બાજુ અંધારૂં છવાએલું હશે અને તેના મુખ ઉપર તિરાડો પડેલી હશે અને લોકો તેને એના નામ અને વંશથી ઓળખશે."

**(વસાએલુશ્શીયા, ગવાહીનું પ્રકરણ નં - ૨)**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો ઇરશાદ છે :

"હું તમોને સૌથી મોટા ગુનાહે કબીરા કયા છે તે કહું ?"

અસ્હાબો કહે છે કે અમે કહ્યું : "અય અલ્લાહના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ શા માટે નહીં " (જરૂર ફરમાવો)

"ખુદાએ તઆલાની સાથે કોઈને શરીક કરવો અને વાલેદૈન દ્વારા આક થઈ જવું. (મા - બાપ દ્વારા તિરસ્કૃત થઈ જવું)"

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આરામથી ટેકો દઈને બેઠા હતા. તેઓ સીધા બેસી ગયા અને ફરમાવ્યું :

"દરેક જૂઠ્ઠી વાત પણ સૌથી મોટા ગુનાહે કબીરામાંથી છે."

રાવી કહે છે કે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે જૂઠના ગુનાહ વિશે એટલી બધી વખત ભારપૂર્વક તાકીદ કરી હતી કે અમને એવું લાગતું હતું કે કાશ, તેઓ આટલી બધી તાકીદ ન કરતા હોત, (તો કેટલું સારૂ થાત) "

**(મુસ્તદરકુલ વસાએલ)**

આનાથી એ વાત સ્પષ્ટ થાય છે કે કવ્લઝ ઝૂરમાં અને દરેક જૂઠ્ઠી વાતમાં જૂઠ્ઠી ગવાહી પણ શામેલ થઈ જાય છે અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તેને સૌથી મોટા ગુનાહે કબીરા ગણાવ્યા છે. જૂઠ્ઠી ગવાહી આપવી એ એક તો ગુનાહે કબીરા છે અને બીજુ મુસલમાનો પર બોહતાન પણ ગુનાહે કબીરા છે. ત્રીજી વાત એ છે કે જૂઠ્ઠી ગવાહીના કારણે કોઈ મઝલૂમ ઉપર ઝુલ્મ થઈ જાય છે અને ઝુલ્મ કરવો એ પણ ગુનાહે કબીરા છે. આ ઉપરાંત એક એ પણ છે કે જૂઠ્ઠી ગવાહી આપનાર માણસ નાજાએઝ માલને બાહ્ય રીતે પોતાના માટે જાએઝ સાબિત કરે છે. ખુદાએ હરામ ઠરાવેલ બાબતોને હલાલ જાહેર કરવી એ પણ ગુનાહે કબીરા છે. આમ એ વાત સ્પષ્ટ રીતે સમજાય છે કે જૂઠ્ઠી ગવાહી આપવી એ પણ સૌથી મોટા ગુનાહે કબીરા છે કારણે કે તે ઘણા ગુનાહોનો સમુહ છે.

* * * * *

# કોઈ પણ બાબત જાણ્યા પછી જ ગવાહી આપવી

કોઈ વ્યક્તિ જૂઠને જાણવા છતાં, એ જૂઠને સાચું જણાવવા માટે પોતાની તરફથી જૂઠી ગવાહી આપે, અથવા જે વાતની એને જરા પણ જાણ ન હોય છતાં એ વાત માટે ગવાહી આપે તો એની ગંભીરતા ઓછી થતી નથી. આમ કરવું એ પણ ગુનાહે કબીરા છે. એટલે ગવાહી આપનારને પોતે જે વાત માટે ગવાહી આપી રહ્યો હોય એની સચ્ચાઈની ખાત્રી ન હોય ત્યાં સુધી ગવાહી ન આપવી વાજીબ છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :"જયાં સુધી તમને કોઈ બાબત વિશે તમારી હથેળીના અસ્તિત્વની ખાત્રી જેટલી સ્પષ્ટ ખાત્રી ન હોય ત્યાં સુધી કોઈ ગવાહી ન આપો."

**(વસાએલુશ્શીયા)**

એક માણસે નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ગવાહી આપવી કે ન આપવી, તે વિશે પૂછયું : ત્યારે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું :

"શું તું સૂરજને જોઈ રહયો છે ?" તે માણસે જવાબ આપ્યો હા, પછી હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "આવી સૂરજ જેવી ચળકતી (સ્પષ્ટ - પ્રકાશિત) ગવાહી આપો અને જો (સગી) આંખોથી જોયું ન હોય અથવા તો તેના જેવી ખાત્રી ન હોય તો ગવાહી ન આપો."

**(વસાએલુશ્શીયા, ગવાહીનું પ્રકરણ નં ૨૦)**

અને હઝરત ઇમામ મોહમ્મદ બાકર અલય્હિસ્સલામ ઇરશાદ ફરમાવે છે : "ગવાહી આપનારે જે વાત ખાત્રી પૂર્વક જાણતો હોય તેની જ ગવાહી આપવી જોઈએ. તેણે પોતાના પરવરદિગાર (એટલે કે અલ્લાહથી)

ડરતા રહેવું જોઈએ. ઝૂર (જૂઠી વાત) એ પણ છે કે માણસ પોતાને (કોઈ વાતની) ખાત્રી ન હોવા છતાં તેની ગવાહી આપી દે અથવા તો કોઈ વાતની ખાત્રી હોવા છતાં તેનો ઇન્કાર કરી દે."

ખુદાએ અઝઝ વ જલ્લ ફરમાવે છે "જૂઠી વાતોથી પરહેઝ કરો. ખુદા વાસ્તે પોતાની જાતને બૂરાઈઓથી પાક રાખો અને શીર્ક ન કરો."

આમ, ખુદાવંદે તઆલાએ જૂઠી ગવાહીને શિર્કની સમાંતર ગણાવેલ છે.

**(મુસ્તદરકુલ વસાએલ)**

* * * * *

# ખોટી સાક્ષી આપનારની બદનામી

વાસ્તવમાં જો કોઈ શરઈ હાકીમની સામે પોતે ખોટી સાક્ષી આપી હોવાનું સ્વિકારી લે તો એ જોવામાં આવશે કે તેણે જાણી બુજીને જૂઠને જૂઠ સમજીને ગવાહી આપી હતી કે નહીં ? જો તેણે જાણી જોઈએ ઇરાદા પૂર્વક ખોટી સાક્ષી આપી હોય તો ફાસિક જાહેર કરવામાં આવશે. પરંતુ જો તેની ભૂલ અને શંકાની શકયતા હોય તો ગવાહને ફાસિક ગણવામાં નહીં આવે. એટલે કે ભવિષ્યમાં તેની ગવાહી સ્વિકાર્ય ગણાશે. જે માણસને ફાસિક ગણાવવામાં આવ્યો હોય તેની ગવાહી ભવિષ્યમાં સ્વિકાર્ય ગણાતી નથી. ગવાહ ફાસિક ગણાતો હોય કે ન હોય પણ બંને સંજોગોમાં, જો જૂઠી ગવાહીને કારણે કોઈને નૂકસાન પહોંચ્યું હોય અથવા તો કોઈને સજા ભોગવવી પડી હોય તો તેનું નૂકસાન ભરપાઈ કરી દેવું તે ગવાહ (જૂઠી ગવાહી આપનાર) માટે વાજીબ થઈ જાય છે. આ બાબતની વધુ વિગતો ફિકહની કિતાબોમાં જોઈ શકાય છે.

* * * * *

# ગવાહી ખોટી સાબિત થવાની ત્રણ રીત છે.

**(૧)** ગવાહી ખોટી સાબિત થવાની એક રીત એ છે કે ગવાહ પોતે જ સ્વિકાર કરે કે પોતે ગવાહી ખોટી આપી છે.

**(૨)** ગવાહી ખોટી હોવાની બીજી રીતે બય્યનહ છે. એટલે કે બે આદીલ ગવાહ, તે ગવાહની વિરૂધ્ધમાં ગવાહી આપે તો પણ તે ગવાહની ગવાહી જૂઠી સાબિત થઈ જાય છે.

**(૩)** આ બંને રીત ઉપરાંત ગવાહની ખોટા સાબિત થવાની ત્રીજી રીત એ છે કે શરઈ હાકિમને એ વાતનું યકીન થઈ જાય કે ગવાહે ગવાહી આપવામાં છેતરપીંડી (દગો) કરેલ છે અને ખોટું બોલ્યો છે તો શરઈ હાકિમ પોતાના યકીનના આધારે ગવાહને મુસ્તદ જાહેર કરી દેશે અને તેની જૂઠી ગવાહીને લીધે કોઈને નૂકસાન થયું હશે તો તેને તેનું વળતર અપાવી દેશે અને ગવાહને તઅઝીર (સજા) કરશે. એટલે કે તેને ઠપકો આપશે અથવા તો મસ્લેહત હશે તેટલા કોરડા મારશે જેના કારણે જૂઠી ગવાહી આપનાર ભવિષ્યમાં એવું કામ કરતો અટકી જાય. શરઈ હાકીમ તે શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં એવી જાહેરાત કરી દેશે કે અમૂક નામનો માણસ ખોટી ગવાહી આપી રહયો છે. જેથી કરીને બીજા લોકો તેની ગવાહીથી છેતરાય નહીં અને ગવાહીના બારામાં તેની ઉપર વિશ્ર્વાસ રાખે નહીં. આ રીતે ખોટી ગવાહી આપનાર માણસ સમાજમાં બદનામ થઈ જાય છે. અને તે રીતે સમાજનું વ્યવસ્થાતંત્ર સુરક્ષિત રહે છે. તઅઝીર અને સમાજના સમુહમાં જાહેરાત બંને સંજોગોમાં થઈ શકે છે ભલે તેની ગવાહીના આધારે હાકીમે શરએ હુકમ આપ્યો હોય કે ન આપ્યો હોય.

* * * * *

# તેમની ગવાહી કયારેય કબૂલ કરાતી નથી.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલચ્હિસ્સલામ ફરમાવે છે : "જૂઠી ગવાહી આપનારાને કોરડા મારવા જોઈએ અને કેટલા કોરડા મારવા તેની સંખ્યા નકકી કરવી તે ઇમામ અલચ્હિસ્સલામ (અથવા હાકિમે શરઅ)ની મરજી પર છે. અને જૂઠી ગવાહી આપનારને શહેરમાં ફેરવવો જોઈએ જેથી લોકો તેને સારી રીતે ઓળખી લે." (અને ભવિષ્યમાં તેની ઉપર ભરોસો ન કરે.

પછી ઇમામ અલચ્હિસ્સલામે આ આયતની તિલાવત ફરમાવી : "અને (ભવિષ્યમાં) કયારેય તેમની ગવાહી માન્ય રાખો નહીં અને યાદ રાખો કે તે લોકો ફાસિક (બદકાર) છે. સિવાય કે જે લોકો એ પછી તૌબા કરે અને (દુર્ગુણો) સુધારે, તો બેશક ખુદા મહેરબાન માફ કરનાર અને દયાળુ છે." (સૂરએ નૂર - ૪) (એટલે કે તૌબા અને સુધારણા કર્યા પછી તેની ગવાહી કબૂલ થવાને પાત્ર છે.)

રાવી કહે છે કે મેં ઇમામ અલચ્હિસ્સલામને પૂછયું : "તેણે તૌબા કરી લીધી છે એમ કઈ રીતે જાણવા મળે ?"

ઇમામ અલચ્હિસ્સલામે ફરમાવ્યું : "જે જગ્યાએ તેને તઅઝીર માટે કોરડા માર્યા હોય તે જ જગ્યાએ તે લોકોના (ગવાહોના) સમૂહની સામે પોતે આપેલી ગવાહીને જૂઠી જાહેર કરે અને પરવરદિગાર પાસે માફી માંગે. જો તે આ પ્રમાણે કરશે તો તેણે તૌબા કરી છે તેવું જાહેર થશે.'

* * * * *

# નૂકસાન ભરપાઈ કરવું

જો જૂઠી ગવાહી આપવાને કારણે કોઈ મુસલમાનની જાન, માલ કે ઇઝઝતનું નૂકસાન થયું હોય તો તે (જૂઠી ગવાહી આપનાર)ની પાસેથી તેનો બદલો લઈ શકે છે અને થએલા નૂકસાનનું વળતર મેળવી શકે છે. જમીલ નામના રાવીએ જૂઠી ગવાહી દેનાર માણસ વિશેની હઝરત ઇમામ જઅફરે સાદિક અલચ્હિસ્સલામની સહીહ રિવાયત નોંધી છે. આપે ફરમાવ્યું :

"જો વસ્તુ તેની મૂળ (અસલ) હાલતમાં સલામત હોય તો તેના માલિકને પાછી આપી દેવી પડશે. અને જો તે વસ્તુ બાકી ન હોય તો મૂળ માલિકને તેની વસ્તુનું પ્રમાણમાં નૂકસાન થયું હોય તેટલા માટે (જૂઠો ગવાહ) જવાબદાર છે. એટલે કે તે મૂળ વસ્તુ જેવી જ બીજી વસ્તુ લાવીને તેના અસલ માલિકને આપે અથવા તેની જે કિંમત થતી હોય તે ભરપાઈ કરી દે. આ બાબતની વધુ વિગત માટે ફિકહની કિતાબોમાં અભ્યાસ કરવો જરૂરી છે.

* * * * *

# આ ગુનાહથી તૌબા

કોઈ પણ ગુનાહે કબીરાની તૌબા કરવાની રીત જાણનાર માણસે બીજા ગુનાહોની જેમ જૂઠી ગવાહી માટે સૌથી પહેલા તો પોતાના ગુનાહો માટે સખ્ત શરમીંદા થવું જોઈએ. પરવરદિગારે આલમના હુકમનો વિરોધ કરી નાફરમાની કરવા બદલ ઇસ્તિગફાર (તૌબા) કરવો જોઈએ અને પોતાની જૂઠી ગવાહીના કારણે જે મુસલમાનને નૂકસાન થયું હોય તેને તે નૂકસાન ભરપાઈ કરી દેવું જોઈએ. ખુદાવંદે તઆલા ખૂદ ફરમાવે છે :

"હા, પણ જે લોકો તૌબા કરી લે છે, અને પોતાની સુધારણા કરી લે છે (અથવા મામલાની દુર્ગુણોની સુધારણા કરી લે છે અને નૂકસાનનું વળતર ભરપાઈ કરી દે છે.) તો ખુદા મોટો બક્ષનાર (અને) મહેરબાન છે.

* * * * *

# વીસમો ગુનાહ

## સાચી ગવાહીથી દૂર રહેવું. (સાચી સાક્ષી આપવામાં પીછેહઠ)

વીસમો ગુનાહ એ છે કે માણસ શરઈ અદાલતમાં સાચી ગવાહી આપવામાં પીછેહઠ કરે. હઝરત અબ્દુલ અઝીમે ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામથી જે સહીહ રિવાયત નોંધી છે તેમાં પણ આ ગુનાહને સ્પષ્ટ રીતે ગુનાહે કબીરા ગણવામાં આવ્યા છે. કેટલીક શરતો મુજબ (જેનો ઉલ્લેખ હવે પછી કરવામાં આવશે) હકને હક અને બાતિલને બાતિલ સાબિત કરવા માટે ગવાહી આપવી વાજીબ થઈ જાય છે. મજકુર સહીહ રિવાયતમાં હઝરત ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામ ગવાહી છુપાવવી એ ગુનાહે કબીરા હોવાની દલીલ માં આ આયત પેશ કરે છે.

**"**લા તકતોમુશ શહાદતા વ મંય યકતુમહા ય ઇન્નહુ આસેમુન કલ્બોહુ વલ્લાહો બેમા તઅમલૂન અલીમ**"**

**(૨ - ૨૮૩)**

"અને તમે પૂરાવાને સંતાડો નહીં, અને જે તે (પૂરાવા)ને સંતાડશે તેનું અંત : કરણ નિસંશય પાપિષ્ય છે, અને તમે જે કંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે."

ઉપરની આયતે શરીફામાં **"આસેમુન કલ્બોહુ"** કહેવામાં આવ્યું છે, એટલે કે દિલને ગુનેહગાર ગણાવવામાં આવેલ છે જેમાં બે મુદ્દા છે. એક તો એ કે ગવાહી છુપાવવી એ આંતિરક (દિલના) ગુનાહ છે, એટલે કે એવા ગુનાહ છે જે દિલથી કરવામાં આવે છે. તેમાં શરીરના બીજા અવયવોએ સીધે સીધું કંઈ કરવાનું હોતું નથી. માણસ હકીકત (સચ્ચાઈ) ને દિલમાં છુપાવી લે છે અને જીભથી કંઈ જાહેર કરતો નથી. બીજો મુદ્દો એ છે કે દિલને શરીરના બીજા અવયવો ઉપર જે રીતે ઉચ્ચતા પ્રાપ્ત છે તેટલા પ્રમાણમાં દિલનાં ગુનાહ પણ શરીરના બીજા અવયવો કરતા વધારે પ્રમાણમાં છે. દિલથી ઇતાઅતે ખુદા કરવામાં આવે તો શરીરના બીજા અવયવોથી કરવામાં આવતી ખુદાની ઇતાઅત કરતા કેટલીક ઉચ્ચતા અને શ્રેષ્ઠતા ધરાવે છે. બિલકુલ તેવી જ રીતે દિલથી કરવામાં આવતા ગુનાહ (સાચી વાત છુપાવવી) પણ શરીરના બીજા અવયવોથી થતા ગુનાહ કરતા વધારે મોટા છે. માણસ શિર્ક જેવા સૌથી મોટા ગુનાહમાં પણ દિલને કારણે જ ફસાઈ જાય છે. આમ, દિલથી થતાં ગુનાહ શરીરના બીજા અવયવોથી થતા ગુનાહના પ્રમાણમાં વધારે હોય છે તેમાં શંકાને સ્થાન નથી. દિલથી થતાં આ ગુનાહો પૈકી એક, કુરઆને મજીદની આયતના પ્રકાશમાં શરઈ અદાલતમાં ગવાહી છુપાવવી તે છે. આ આયતમાં અંતમાં વધુ તાકીદ કરતા ખુદાવંદે તઆલા ફરમાવે છે :

"વલ્લાહો બેમા તઅલમૂન અલીમ"

**(સૂરએ બકરહ, આ. નં ૨૮૩)**

અને તમે જે કંઈ કરો છો તેનાથી અલ્લાહ માહિતગાર છે.

લોકો ભલે તમારા દિલના આ ગુનાહને ન જાણે પણ ખુદા તો તે વાત સારી પેઠે જાણે છે અને તેની સજા પણ અવશ્ય આપશે.

ખુદાવંદે તઆલાએ આ પણ ફરમાવ્યું : "અને જયારે સાક્ષી આપનારાઓને સાક્ષી આપવા માટે બોલાવવમાં આવે ત્યારે તેઓએ ઇન્કાર ન કરવો જોઈએ. (જયારે) તે સાક્ષીઓને (હાકેમો સામે સાક્ષી માટે) બોલાવવામાં આવે ત્યારે (હાજર થવાને) તેઓ ઇન્કાર કરે નહીં."

**(સૂરએ બકરહ, આ. ૨૮૨)**

આવી જ રીતે બીજી એક આયતમાં ઇરશાદ થાય છે : "અને એ માણસથી વધારે ઝુલ્મગાર (ઝાલિમ) બીજો કોણ હશે જે અલ્લાહ પાસેથી પોતાને મળીલે સાબિતીઓને સંતાડે. નિસંશય, એવો માણસ એહલે કિતાબ જેવો છે. જેઓએ તૌરેત અને ઇન્જીલમાં પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના ગુણોને વાંચ્યા હોવા છતાં એ વાતને છુપાવી રાખી.

**(સૂરએ બકરહ, આ. ૪૦)**

* * * * *

# સાચી ગવાહી આપો - ભલે ગમે તેટલું નુકસાન થાય.

ખુદાવંદે તઆલા સૂરએ નિસામાં ઇરશાદ ફરમાવે છે : "હે ઈમાન લાવનારાઓ  તમે હંમેશા ન્યાયને વળગી રહી અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો, પછી ભલેને તે (સાક્ષી) તમારા અથવા (તમારા) મા - બાપ અને સ્નેહીઓ વિરૂધ્ધ કેમ ન હોય, જો (તેમનામાં કોઈ) ધનવાન હોય કે મોહતાજ, દરેક હાલતમાં (મહેરબાની કરવામાં) બંનેની સૌ કરતા વધુ નજીક છે, માટે તમે તમારી મનોવાસનાને આધીન થાઓ નહી, કે જેથી તમે ઇન્સાફ કરી ન શકો, પણ જો તમે (ગવાહીમાં ગોળ ગોળ વાત કરશો) સાક્ષી આપવામાં જીભ દબાવશો અથવા મોઢું ફેરવી લેશો તો જે કાંઈ પણ તમે કરશો તેનાથી અલ્લાહ બેશક સારી પેઠે વાકેફ છે."

**(સૂરએ નિસા ૪, આ. ૧૩૫)**

આમ કુરઆને શરીફની ઉપરોકત આયતથી સ્પષ્ટ જણાય છે કે શ્રીમંતોથી ડરીને અથવા તો ગરીબો પર રહેમ રાખવાના બહાનાસર પણ ગવાહી છુપાવવી ન જોઈએ. એવું ન વિચારવું જોઈએ કે આ બિચારા ગરીબ વિરૂધ્ધ ગવાહી આપીશ તો તે બીચારાના શું હાલ થશે ? ગવાહી આપતી વખતે પોતાની વ્યક્તિગત મસ્લેહત (અંગત ફાયદા)ને ધ્યાનમાં ન લેવી જોઈએ કે બીજાઓના ફાયદાને પણ ધ્યાનમાં લેવો ન જોઈએ. હંમેશા ખુદાના હુકમને ધ્યાનમાં લઈને જ વ્યવહાર કરવો જોઈએ.

* * * * *

# દુશ્મનો માટે પણ ઇન્સાફ

સૂરએ માએદહમાં ઇરશાદ છે : "હે ઈમાન લાવનારાઓ  અલ્લાહના માટે ન્યાયસર સાક્ષી બનવાને તૈયાર રહો. અને ખબરદાર  કોઈ કૌમની (ગમે તેવી) સખ્ત દુશ્મની પણ તમને એ વાત પણ ન ઉશ્કેરે કે તમે ન્યાય ન કરો. ન્યાયથી જ વર્તો, તે પરહેઝગારીની વધુ પાસે છે, અને અલ્લાહથી ડરતા રહો, બેશક તમે જે કાંઈ કરો છો તેનાથી અલ્લાહ સંપૂર્ણ માહિતગાર છે."

**(સૂરએ માએદાહ, આ. ૮)**

ઉપરની આયતે શરીફામાં એ વાત મૌજૂદ છે કે ગવાહી ફકત ખૂશ્નુદીએ ખુદા માટે જ આપવી જોઈએ અને કોઈ પણ પ્રકારની (અંગત) દુશ્મની હક વાત કહેવા માટે અંતરાય રૂપ ન બનવી જોઈ. અન્ય એક જગ્યાએ ઇરશાદ છે.

"હે સાક્ષીઓ ! અલ્લાહનો ખૌફ રાખીને ઠીક ઠીક (સાચે સાચી) ગવાહી આપો."

**(સૂરએ તલાક આ. ૨)**

* * * * *

# સાચી ગવાહી છુપાવનારા

ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામ ઇરશાદ ફરમાવે છે : " જે માણસ ગવાહી છુપાવશે, ક્યામતના દિવસે ખુદા તેનું ગોશ્ત કાપીને બધા લોકોની સામે તેને પોતાનું ગોશ્ત ખાવાનો હુકમ આપશે." (વસાએલુશ્શીઆ)

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે કે "ગવાહી છૂપાવવાની મઝમ્મતમાં નાઝિલ થએલી આયતમાં આ આયત - "જે માણસ ગવાહી છુપાવે છે તેનું દિલ 'કાફિર' હોય છે' (૨ - ૨૮૩) નો અર્થ એ થાય છે કે તેના (ગવાહી છુપાવનારના) દિલમાં કુફ્ર હોય છે."

ઇમામ અલય્હિસ્સલામનો આ પણ ઇરશાદ છે : "જે માણસ ગવાહી આપવામાં ફરી જશે અથવા તો મૂળમાંથી જ ગવાહી છૂપાવશે તો ખુદાવંદે તઆલા (કયામતના દિવસે) બધા લોકોની સામે તેને જ તેનું ગોશ્ત ખવડાવશે અને એવો માણસ જયારે જહન્નમમાં દાખલ થશે ત્યારે પોતાની જીભ પોતાના જ દાંતોથી ચાવતો ચાવતો દાખલ થશે." **(વસાએલુશ્શીયા)**

હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ ફરમાવે છે : "જયારે તમારી પાસે ગવાહી માંગવામાં આવે ત્યારે અવશ્ય ગવાહી આપો." એટલા માટે કે ખુદાએ અઝઝ વ જલ્લ ફરમાવે છે : "હે મુસલમાનો ! બેશક ખુદા તમને તમારી પાસેની અમાનતોને તેના (અહલ) માલિકોને સોંપી દેવાની આજ્ઞા કરે છે." (સૂરએ નિસા આ. ૫૮) ગવાહી સ્વયં એક અમાનત છે. આ ઉપરાંત ખુદાવંદે તઆલા ફરમાવે છે.

"અને એ શખ્સથી વધારે ઝાલિમ બીજો કોણ હશે જે અલ્લાહ પાસેથી પોતાને મળેલ સાબિતીઓ (ગવાહીઓને) સંતાડે."

**(વસાએલુશ્શીયા)**

તફસીરે અલી ઇબ્ને ઇબ્રાહીમે કુમ્મીમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામનું આ કથન નોંધવામાં આવ્યું છે કે "જો કોઈ માણસ પાસે કોઈ માહિતી હોય અને તેની પાસે તે વિશેની ગવાહી માંગવામાં આવે તો તે વાતને જાહેર કરી દે. કોઈની ટીકાથી ડરે નહીં એન હંમેશા પોતાની અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરની ફરજ બજાવે."

* * * * *

# શું ગવાહ બનવું વાજીબ છે ?

જો કોઈ મુસલમાન પોતાના દીની ભાઈ સમક્ષ પોતાને સાથ આપવાની અને ગવાહી માટે શરઈ અદાલતમાં હાજર થવાની ઇચ્છા દર્શાવે અથવા તો કોઈ વ્યવહારમાં ગવાહ (સાક્ષી) બનવાનું કહે જેથી ભવિષ્યમાં કોઈ આવશ્યક્તા ઉપસ્થિત થાય તો તેને ગવાહ તરીકે રજૂ કરી શકાય. તો એ સંજોગોમાં તેવા મુસલમાન ભાઈની ઇચ્છા પૂરી કરવી શરઈ રીતે વાજીબ છે કે નહીં ? ફોકહા અને મુજતહીદોમાં આ વાત વિખ્યાત છે કે ગવાહી આપવા માટે અથવા કોઈ વ્યવહારમાં ગવાહ બનવા માટે તૈયાર રહેવું વાજીબ છે. ખુદાવંદે તઆલા ખૂદ હુકમ ફરમાવે છે કે

"અને તમારામાંથી બે પુરૂષોને સાક્ષી રાખો, પછી જો બે પુરૂષો (હાજર) ન હોય તો એક પુરૂષ અને બે સ્ત્રીઓ જેને તમે આ માટે પસંદ કરો તેને સાક્ષી બનાવો કે જેથી તે માંહેની એક ભૂલી જાય તો બીજી તેને યાદ દેવડાવે. અને (જયારે) તે સાક્ષીઓને (હાકેમો માટે સાક્ષી માટે) બોલાવવમાં આવે ત્યારે (હાજર થવાને) તેઓ ઇન્કાર કરે નહીં." **(બકરહ, આ. ૨૮૨)**

હશ્શામ કહે છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : "અને (જયારે) તે સાક્ષીઓને (હાકેમો સામે સાક્ષી માટે) બોલાવવામાં આવે ત્યારે (હાજર થવાને) તેઓ ઇન્કાર કરે નહીં" નો અર્થ ગવાહી આપવા માટે બોલાવવાનો છે. આ આયત પછીની આયતમાં છે કે "કાલ બકલશ શહાદતે" આનો અર્થ શરઈ હાકિમ સમક્ષ મૂળ ગવાહી આપતા પહેલાની ગવાહીનો છે.

"વલા તકતોમુશ શહાદત" નો અર્થ છે કે હાકિમે શરઅ સમક્ષ ગવાહી ન છુપાવો.

ઘણી રિવાયતોમાં એ વાત મળે છે કે ગવાહ બનવું વાજીબ છે. દાખલા તરીકે, મોહમ્મદ બિન કુઝૈલે હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામથી આ આયત "જયારે ગવાહોને બોલાવવામાં અવે ત્યારે તેનો (ગવાહી આપવાનો) ઇન્કાર ન કરવો જોઈએ." (૨-૨૧૨) નો અર્થ આ પ્રમાણે નોંધ્યો છે કે "જયારે કોઈ માણસ તમને કોઈ કર્ઝ અથવા તો કોઈ હક સંબંધે ગવાહ બનવા માટે બોલાવે ત્યારે તમને તેનાથી લાપરવાહી કરવાની છુટ (આપવામાં આવી) નથી."

ખુદાવંદે તઆલાએ કુરઆને મજીદના સૂરએ બકરહની આયત ૨૮૨ માં હાકીમે શરઅ સમક્ષ ગવાહી આપવાનું વાજીબ ઠેરવ્યું છે તો તેના માટે જરૂરી છે કે માણસ પહેલા ગવાહ બની ચૂકયો હોવો જોઈએ. જો માણસ પહેલા કોઈ મામલામાં ગવાહ (સાક્ષી) રહી ચૂકયો હોય તો જ તે અદાલતમાં ગવાહી આપવા માટે હાજર થઈ શકે છે. આ સિવાય જયારે ગવાહ બનવાનો હુકમ છે તો એક માણસે જયારે બીજા માણસ માટે ગવાહ બનવાનું વાજીબ ન હોય, તેવા સંજોગોમાં તેને ગવાહ બનવા માટે કહેવાનું યોગ્ય નથી.

* * * * *

# એવા લોકો જેમની દુઆ કબૂલ થતી નથી.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે, ચાર પ્રકારના લોકો એવા છે જેમની દુઆ કબૂલ થતી નથી તેની વિગત નીચે મુજબ છે.

**(૧)** એવો માણસ કે જે હાથ ઉપર હાથ ધરીને બેસી રહે, રોઝી કમાવા માટે પ્રયત્ન ન કરે અને ખુદાને દુઆ કરે કે, ખુદાયા મને રોઝી દે તેવા માણસને જવાબ મળશે કે શું મેં તને રોઝી કમાવા માટે પ્રયત્નો કરવાનો હુકમ નહોતો આપ્યો ?

**(૨)** એવા માણસની દુઆ કબૂલ થતી નથી જે પોતાની પત્ની માટે બદદુઆ કરે એવા માણસને કહેવામાં આવે છે કે, જો તું તે પત્નીને ઇચ્છતો ન હતો તો તેની સાથે પત્ની તરીકેનો સંબંધ તોડી નાખવાનો અધિકાર તને નહોતો આપ્યો ?

**(3)** એવા માણસ જેને પાસે કંઈક માલ (સંપત્તિ) હતી, પણ તેણે ઇસરાફ (દુર્વ્યય) કર્યો અને તે સંપત્તિને નિરર્થક કામોમાં વેડફી નાખી પછી દે દુઆ કરે કે : ખુદાયા, મને રોઝી આપ, તો કહી દેવામાં આવશે કે શું મેં તને (મધ્યમસર) ખર્ચ કરવાનો હુકમ નહોતો આપ્યો ?

**(૪)** અને એવો માણસ જે પોતાનો કંઈક માલ બીજાને કર્ઝ તરીકે આપે પણ કોઈને ગવાહ ન બનાવે. (સાક્ષી પુરાવા રાખ્યા વગર કર્ઝ આપે) અને તે પછી કર્ઝ લેનાર કર્ઝ લીધું હોવાનો ઇન્કાર કરી દે, તો તેની દુઆના જવાબમાં કહેવામાં આવશે કે : શું અમે તને ગવાહ રાખવાનો હુકમ નહોતો આપ્યો ?

**(કિતાબે ઇદ્દતુદ દાઈ)**

ઉપરની બાબતો લક્ષમાં લેતા જયારે કોઈ માણસને કોઈ સાક્ષી બનવા માટે કહે તો તેના માટે સાક્ષી થવું વાજીબ બની જાય છે. ભલે પછી તેને ગવાહી આપવા માટે કોઈ પણ જગ્યાએ જવું પડે. આ બાબતમાં ગવાહી આપનારે જરાય બેદરકારી રાખ્યા વગર સજાગ રહી વર્તવુ જોઈ. ગવાહી આપનારે (જે વાત માટે

ગવાહી આપવાની હોય તે) તમામ વાતો, જે જોઈ કે સાંભળી હોય તેને બરાબર યાદ રાખવી જોઈએ. અથવા તો તે વાતને લખીને પોતાની પાસે સુરક્ષિત રાખવી જોઈએ. જરૂરતના સમયે અથવા ગવાહી આપતી વખતે કોઈ ભૂલ કે શંકા - સંદેહ (ઇશ્તબાહ) ન થાય અને તે આત્મ વિશ્વાસની સાથે જે હકીકત હોય તે જણાવી શકે.

* * * * *

# ગવાહી આપવી વાજીબ અને છુપાવવી હરામ

ઘણી વખતે એવું બને છે કે માણસ કોઈની વિનંતી વગર અને ખુદ પોતાની મરઝીની વિરૂધ્ધ ગવાહ બની બેસે છે. દાખલા તરીકે તે કોઈ જગ્યાએથી પસાર થઈ રહ્યો હોય અને કોઈ વસ્તુ ઉપર તેની નજર પડી જાય અથવા કોઈ વાત કાને પડી જાય તે પછી (તે બાબત વિશે) તેની ગવાહી માંગવામાં આવે તો તેવા સંજોગોમાં બે બાબતો છે :

**(૧)** પહેલી બાબત એ છે કે જો તે ગવાહી આપે તો તેની ગવાહીથી કોઈ મુસલમાનને નૂકસાન થતું અટકી જાય તેમ હોય અથવા તો તે મુસલમાનને તેનો હક મળી જાય તેમ હોય અને જો તે ગવાહી ન આપે તો મુસલમાનને નૂકસાન પહોંચે તેમ હોય અથવા તેનો હક ડૂબી જાય તેમ હોય, એવા સંજોગોમાં તેણે ગવાહી આપવી વાજીબ થઈ જશે.

બલ્કે જો તે માણસ (મઝલુમ) જે હક ઉપર હોય તેને તે ગવાહ ઓળખતો પણ ન હોય, અથવા તો ભૂલી ગયો હોય તો પણ તેના માટે વાજીબ છે કે તે શરઈ કાઝી પાસે ગવાહ તરીકે રજૂ થઈ જાય અને પોતે જે કંઈ જોયું કે સાંભળ્યું હોય (તેની હકીકત) જાહેર કરી દે. એવા સંજોગોમાં કે જયારે કોઈ મુસલમાનનો હક ડૂબી રહ્યો હોય અને તેને નૂકસાન પહોંચી રહ્યું હોય ત્યારે મૌન રહેવું હરામ છે. મઝલૂમને મદદ કરવી અને ઝાલિમને ઝુલ્મ કરતા રોકવાનું શક્ય હોય તો એ કામ કરવું વાજીબ છે. પરંતુ જો ગવાહી ન આપવાથી અને મૌન ધારણ કરતા કોઈ મુસલમાનનો હક ડૂબતો ન હોય અથવા તો તેને નૂકસાન ન પહોંચતું હોય તો, ગવાહી આપવી વાજીબ નથી. એવા સંજોગોમાં જો તેને ગવાહી આપવાનું કહેવામાં આવે તો પણ તે ઇન્કાર કરી શકે છે. કારણ કે તેને તે મામલામાં કાયદેસરનો ગવાહ બનાવવામાં આવ્યો ન હતો અને હવે ગવાહી ન આપવાથી કોઈને નૂકસાન પણ થઈ રહ્યું નથી.

મોહમ્મદ ઇબ્ને મુસ્લિમ હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલયહિસ્સલામથી આ સહીહ રિવાયત નોંધીને કહે છે કે જો માણસ કોઈની ગવાહી સાંભળી લે, પરંતુ તેને (પોતાને) ગવાહ બનાવવામાં આવ્યો ન હોય તો જો તે ઇચ્છે તો ગવાહી આપી શકે છે અને તેની ઇચ્છા મૌન રહેવાની હોય તો મૌન પણ રહી શકે છે.

**(વસાએલુશ્શીયા, ગવાહીના પ્રકરણોમાં, પ્રકરણ - ૫)**

* * * * *

# જે વાતની સંપૂર્ણ ખાત્રી હોય તેની જ ગવાહી આપો.

ગવાહી રાખનારે ગવાહી આપતી વખતે તમામ મુદ્દાઓને સારી રીતે ધ્યાનમાં રાખવા જોઈએ અને ગવાહી આપતી વખતે માત્ર એ જ વાતની ગવાહી આપવી જોઈએ જે વાતની તેને સંપૂર્ણ ખાત્રી (આત્મ વિશ્વાસ) હોય.

તેણે પોતે પોતાના કાને સાંભળી ન હોય કે પોતાની આંખોથી જોઈ ન હોય તેવી વાતને ગવાહીમાં રજૂ કરવી ન જોઈ. આ બાબત હદીસમાં છે કે ગવાહીની વાત સૂરજ જેટલી પ્રકાશિત અને સ્પષ્ટ હોવી જોઈએ.

* * * * *

# સાચી ગવાહી આપવાથી કોઈ ઉપર ઝુલ્મ ન થાય.

એ વાત પણ જાણી લેવી જોઈએ કે ગવાહી આપવાથી કોઈ મુસલમાનની જાન માલ કે ઇઝઝત અથવા ગવાહી આપનારની પોતાની જાન, માલ કે ઇઝઝત માટે જોખમ ન હોવું જોઈએ. સમાજમાં અદલો ઇન્સાફ જળવાઈ રહે, સમાજનું વ્યવસ્થાતંત્ર સુવ્યવસ્થિત રીતે ચાલતું રહે, ઝુલ્મનો કાયમ માટે નાશ થઈ જાય ઝાલિમને ઝુલ્મની સજા અને હકદારને તેનો હક મળી જાય તે માટે ગવાહી આપવી વાજીબ અને છુપાવવી હરામ છે. પરંતુ જયારે ગવાહી આપવી ઝુલ્મ માટે કારણરૂપ બની જાય તેમ હોય તો એવી ગવાહી આપવી વાજીબ નથી. બલ્કે જાએઝ પણ નથી. એવા સંજોગોમાં તો ગવાહી છુપાવવી વાજીબ થઈ જાય છે. દાખલા તરીકે જો કોઈ માણસ એ વાત જાણતો હોય કે પોતે ઝાલિમની વિરૂધ્ધમાં ગવાહી આપશે તો પાછળથી તે તેનો માલ લુટી લેશે અથવા તો તેને ઇજા પહોંચાડશે અને તેના કોઈ સગા સંબંધી ઉપર ઝુલ્મ કરશે, તો તેવા સંજોગોમાં ગવાહી છુપાવવી વાજીબ છે. તેવી જ રીતે જયારે માણસ જોઈ રહયો હોય કે કોઈ માણસ કર્ઝ (દેવા)માં ડૂબેલો છે અને તે કર્ઝ ભરપાઈ કરી શકે તેમ નથી અને પોતે મુફલીસ (આર્થિક રીતે બેહાલ) હોવાનું સાબિત પણ કરી શકે તેમ નથી. જયારે બીજી બાજુ એ પણ જોઈ રહયો હોય કે તેને કર્ઝ આપનાર માણસ તેને કર્ઝ ભરપાઈ કરી આપવાની મુદ્દત આપવા માટે તૈયાર નથી. તો એવા સંજોગોમાં તેના કર્ઝદાર હોવા વિશેની ગવાહી આપવાથી બિચારા કર્ઝદાર ઉપર ઝુલ્મ થઈ જવાની શકયતા હોય તો ગવાહી છુપાવવી વાજીબ થઈ જશે.

હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ ફરમાવે છે કે "તમે અલ્લાહ માટે ગવાહી આપો. ભલે તમારે તમારા વાલેદૈન (મા - બાપ) કે સગા સંબંધીઓથી વિરૂધ્ધ કંઈ પણ કેહવું પડે. પરંતુ તમારે ગવાહી છુપાવીને તમારા દીની ભાઈઓને નૂકસાન ન પહોંચાડવું જોઈએ. જો ગવાહી આપીને તમારા દીની ભાઈઓને નુકસાન પહોંચાડવાનું જોખમ હોય તો ગવાહી ન આપો."

**(વસાએલુશ્શીયા)**

દાઉદ ઇબ્ને હસીન હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરે છે કે તેઓએ ઇમામ અલય્હિસ્સલામને આમ કહેતા સાંભળ્યા હતાં "ખુદા માટે ગવાહી આપો ભલે પછી વાલેદૈન કે પુત્રની વિરૂધ્ધ કહેવું પડે. પરંતુ તમારા દીની ભાઈઓ વિરૂધ્ધમાં **'ઝયર'** માટે ગવાહી ન આપો."

રાવી કે છે કે મેં પૂછયું **'ઝયર'** કઈ વસ્તુ છે ?

ઇમામે ફરમાવ્યું : આ એ વખતે છે કે જયારે કોઈ (પોતાનો) હક ધરાવનાર માણસ પોતાનો હક મેળવવા માટે ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વિરૂધ્ધમાં ઝુલ્મ કરવા ઉતરી પડે."

આનું ઉદાહરણ એ છે કે એક માણસનું કર્ઝ બીજા માણસની ગરદન ઉપર હોય પરંતુ બીજો માણસ તંગીમાં હોય, એ સંજોગોમાં ખુદાવંદે તઆલાએ તેની આર્થિક હાલત સારી થવા સુધીની મુદ્દત આપવાનો હુકમ આપ્યો છે.

**(વસાએલુશ્શીયા)**

"અને જો તે (દેવાદાર) તંગદસ્ત હોય તો (તેનો) સારો સમય (આવે ત્યાં) સુધીની મોહલત આપવી."

**(સૂરએ બકરહ, આ. ૨૮૦)**

આમ છતાં કર્ઝ આપનારો માણસ તમને ગવાહી આપવાનું કહે, જો તમે કર્ઝદારની તંગદસ્તી જાણો છો, તો તમારા માટે ગવાહી આપવી જાએઝ નથી. (કે તેણે કર્ઝ લીધું હતું)

* * * * *

# હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામની એક રિવાયત

મોહમ્મદ ઇબ્ને ફુઝૈલ હઝરત ઈમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામથી રિવાયત નોંધતા કહે છે કે મેં ઇમામ અલય્હિસ્સલામને પૂછયું "આપના ચાહકોમાં એક માણસ એવો છે જેણે એક દુશ્મન પાસેથી કર્ઝ લીધું છે. હવે તે દુશ્મન આપ અલય્હિસ્સલામના ચાહનારા ઉપર કર્ઝ ભરપાઈ કરી દેવા માટે સખ્તી (દબાણ) કરી તેને જેલમાં મોકલી દેવા માંગે છે. ખુદા જાણે છે કે તે માણસ હાલ તુરત કર્ઝ ભરપાઈ કરવા માટે શક્તિમાન નથી. તેમજ તેની પાસે કોઈ રકમ પણ નથી. પોતાની તંગદસ્તી સાબિત કરવા માટે તેની પાસે **"બય્યેનહ"** (બે આદિલ પુરૂષોની ગવાહી) પણ નથી. શું આવા સંજોગોમાં પોતાની તંદગસ્તી સાબિત કરવા અને પોતે આર્થિક રીતે સધ્ધર થઈ જાય ત્યાં સુધી પોતાની મુસીબત દૂર કરવા માટે તે કસમ ખાઈ શકે છે ? અને જો આપના ચાહનારા પૈકી આ કર્ઝદારની વિરૂધ્ધમાં એવા પણ હોય, જે તેની તંગદસ્તી વિશે માહિતગાર હોય તો શું એવા લોકો માટે જાએઝ છે કે તેની વિરૂધ્ધમાં ગવાહી આપે (કે તેણે કર્ઝ લીધું હતું) ?

હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામે જવાબ આપ્યો : "તેઓ માટે એ વાત જાએઝ નથી કે તેઓ તેની વિરૂધ્ધ ગવાહી આપે અને તે (કર્ઝ વસુલનાર) માટે જાએઝ નથી કે કર્ઝદારની ઉપર ઝુલ્મ કરવાનો ઇરાદો કરે."

**(કાફી તહઝીબ, ગવાહીનું પ્રકરણ)**

* * * * *

# ગવાહી આપવાથી નુકસાન થતું હોય.

આગળ ઉપર અમે વર્ણન કરી ચૂકયા તે પ્રમાણે ગવાહી આપનારને અથવા કોઈ મુસલમાનને નૂકસાન થતું હોય તો ગવાહી આપવી હરામ છે. આ એ સંજોગોમાં છે કે જયારે તે નૂકસાન ઝુલ્મની હદમાં આવી જતું હોય અને નિરર્થક હોય, જો માણસ તે નૂકસાન ઉઠાવવાને લાયક (મુસ્તહક) હોય અને અદાલત (ઇન્સાફ)ના તકાઝા પ્રમાણે તેને નૂકસાન પહોંચવું જોઈએ તો તેવા સંજોગોમાં ગવાહી આપવી વાજીબ રહે છે. દાખલા તરીકે, એક માણસે કોઈ ગુનાહ કર્યો છે. તે માણસને ગુનાહ કરતો જોનાર ગવાહ માત્ર એ કારણસર જ ગવાહી છુપાવી શકે નહીં જો તે ગવાહી આપશે તો (ગુનાહ કરનાર) તે માણસને (ગવાહને) આપેલું કર્ઝ પાછું માંગી લેશે. ગવાહી છુપાવવા માટેનું આ કોઈ વ્યાજબી કારણ નથી. ગવાહ થનારને આર્થિક નૂકસાન થાય તો પણ ગુનેહગારને શરઈ રીતે સજા મળવી જ જોઈએ. જો ગવાહ થનાર ખરેખર એટલો બધો કર્ઝદાર હોય કે કર્ઝ અદા કરી શકે તેમ ન હોય તો બય્યેનહ (બે આદીલ પુરૂષોની ગવાહી) અથવા કસમ દ્વારા પોતાની તંગદસ્તી સાબિત કરી શકે છે. અલબત્ત જો ગુનેહગારનો ગુનાહ, ગવાહને થનારા નુકસાનથી નાનો હોય, એટલે કે ગવાહ માટે હદથી વધારે મુશ્કેલી, તકલીફ કે જાનનું જોખમ થઈ પડે તેમ હોય તો તેવા સંજોગોમાં ગવાહી છુપાવવા માટેનું વ્યાજબી કારણ ગણાશે.

* * * * *

# નુકસાન કે ફાયદો ન હોય

અહીં એ વાતની સ્પષ્ટતા કરવી અત્યંત જરૂરી છે કે નૂકસાન પહોંચવું અને ફાયદાથી વંચિત રહી જવું એ બંને જુદી જુદી બાબતો છે. ઉપર આપવામાં આવેલા ઉદાહરણમાં જો ગુનેહગારની વિરૂધ્ધમાં ગવાહી ન આપવામાં આવે તો ગુનેહગાર, ગવાહની આવકના સાધનો ઉભા કરી દે તેમ હોય અને જો ગવાહી આપે તો તે

ફાયદાથી વંચિત રહી જાય તેમ હોય, તો આ ગવાહી છૂપાવવા માટેનો યોગ્ય બચાવ ગણી શકાય નહીં. કારણ કે ફાયદો ન થવાને નૂકસાન ગણી શકાતું નથી.

અલબત્ત જો ગવાહ પોતે જ ગુનેહગારનો નોકર હોય અને ગવાહી આપવાને કારણે તેની નોકરી ચાલી જાય તેમ હોય એન તેના કારણે તે ખૂબ જ મુશ્કેલીમાં મૂકાઈ જાય તેવી શકયતા હોય અને જન સમાજની નજરે તેને "નૂકસાન" કેહવાતું હોય તો માણસ ગવાહી છુપાવી શકે છે.

ઉપરની વિગતવાર વાતનો સારાંશ એ નીકળે કે જૂઠી કસમ ખાવી, જૂઠી ગવાહી આપવી અને ગવાહી છૂપાવવી આ ત્રણેય ગુનાહે કબીરા છે અને ત્રણેય સાથે જયારે કોઈ નૂકસાન ટકરાતું ન હોય ત્યારે જ ગુનાહે કબીરા છે. આમ જયારે ગવાહને અથવા તો કોઈ મુસલમાનને નૂકસાન પહોંચવાની શકયતા હોય ત્યારે આ ત્રણેય ગુનાહ 'ગુનાહે કબીરા' રહેતા નથી પણ જાએઝ કામ બની જાય છે. કેટલાક સંજોગો તો એવા છે જેમાં (દાખલા તરીકે જીવ બચાવવા માટે) જૂઠી કસમ ખાવી, જૂઠી ગવાહી આપવી અથવા તો ગવાહી છૂપાવવી વાજીબ થઈ પડે છે. આમ છતાં સિધ્ધાંત રૂપે એ વાત યાદ રાખવી જોઈએ, કે જે બાબત વધારે અગત્યની હોય તેને પ્રાધાન્ય આપવું જોઈએ.

* * * * *

# એકવીસમો ગુનાહ

# વાયદો ન પાળવો (વચનભંગ)

ગુનાહે કબીરામાં એકવીસમો ગુનાહ વાયદો તોડવો એટલે કે વચનભંગ છે. આ ગુનાહની ખરાબી વિશે સહીહ રિવાયતો મૌજૂદ છે. એટલે હઝરત અબ્દુલ અઝીમે હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામથી નોંધેલી સહીહ અને મુસ્તનદ રિવાયતો મુજબ ઇમામ અલયહિસ્સલામે વચનભંગનો ગુનાહ, ગુનાહે કબીરા હોવા વિશે કુરઆને મજીદની આયત દલીલ તરીકે પ્રસ્તુત કરી છે.

"અને જેઓ અલ્લાહ (સાથે)ના કરારને પાકા થઈ જવા પછી તોડી નાખે છે. અને જેમની પાસે પરસ્પર સંબંધ જોડવાનો અલ્લાહે હુકમ કર્યો છે તે કાપી નાખે છે અને પૃથ્વીમાં ફસાદ ફેલાવતા રહે છે તેમના માટે લાનત છે અને આખેરતમાં તેમના જ માટે બુરૂ ઘર છે."

**(સૂરએ રઅદ, આ. ૨૫)**

વાયદો તોડવા અને પ્રતિજ્ઞાભંગ કરવાની ટીકામાં સૂરએ આલે ઇમરાનમાં ઇરશાદ છે.

"હા, અલબત્ત જેણે પોતાનો વાયદો પૂરો કર્યો તથા (ગુનાહથી) બચીને ચાલ્યો તો નિસંશય અલ્લાહ પણ (ગુનાહથી) બચનારાઓને દોસ્ત રાખે છે."

"બેશક જે લોકો અલ્લાહને આપેલા વાયદા તથા સોગંદોના બદલામાં નજીવી કિંમત લઈ લે છે (તેઓ) એ જ તો છે કે જેમના માટે આખેરતમાં કાંઈ ભાગ નથી અને ન અલ્લાહ તેમની સાથે વાત કરશે અને ન કયામતના દિવસે તેમને (માયાળુ નજરે) નિહાળશે અને ન તેમને (ગુનાહની ગંદકીથી) પાક કરશે, અને તેમના માટે દુ:ખ ભરી સજા છે."

**(સૂરએ આલે ઇમરાન - 3, આ. નં ૭૬ - ૭૭)**

અન્ય એક જગ્યાએ ઇરશાદ છે :

"બેશક અલ્લાહની પાસે સૌથી ખરાબ પ્રાણી તે લોકો (કુફ્ફાર) છે કે, જેઓ નાસ્તિકપણું કરે છે, પછી તેઓ ઈમાન લાવતા નથી." અય રસૂલ -

"તેઓ એ જ છે, જેમની સાથે તું કરાર કરે છે, પછી તેઓ દરેક વખતે પોતાના કરાર તોડી નાખે છે અને જરા પણ ડરતા નથી."

**(૮ - ૫૫ / ૫૬)**

ઉપરની આયતે શરીફા બની, કુરૈઝાના એ યહુદીઓ વિશે નાઝિલ થઇ છે, જેઓએ રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને ઇસ્લામના દુશ્મનોને સાથ ન આપવાનું વચન આપ્યું હતું પરંતુ જંગે બદ્રમાં તેઓએ મુશ્રિકોને શસ્ત્રોની સહાય પહોંચાડીને આ વાયદો તોડી નાખ્યો હતો અને પછી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને કહ્યું હતું કે "અમે એ વાયદો ભૂલી ગયા હતા." ફરીવાર તેઓએ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને એવો જ  વાયદો કર્યો. પરંતુ જંગે ખંદકમાં તેઓ વાયદાનો ભંગ કરીને પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સામે જંગ કરવા માટે અબુ સુફીયાનની સાથે ભળી ગયા હતા.

કુરઆને મજીદમાં કેટલીક જગ્યાએ વાયદાનું પાલન કરવું વાજીબ ગણાવવામાં આવ્યું છે. અને તેની તાકીદ પણ કરવામાં આવી છે. જેમકે ઇરશાદ છે :

"અને આપેલા વાયદાને (જરૂર) પૂરો કરો. નિસંશય દરેક વાયદા વિશે જરૂર સવાલ કરવામાં આવશે."

**(સૂરએ બની ઇસરાઈલ - ૧૭, આ. નં ૩૪)**

બીજી એક જગ્યાએ ઇરશાદ છે :

"અય ઈમાન લાવનારાઓ, તમારા (આપેલા) વાયદાઓને પૂરો કરો."

**(સૂરએ માએદાહ, આ. ૧)**

સાચા અને મુત્તકી લોકોના પરિચય વિશે ઇરશાદ છે : "અને એ લોકો છે જયારે તેઓ (કાંઈ વાતનો) વાયદો કરે છે, તો તેને અવશ્ય પૂરો કરે છે. (પોતાના વાયદાને પાળનાર હોય છે.)

સૂરએ સફમાં આ રીતે સખ્ત શબ્દોમાં ઇરશાદ છે.

"અય ઈમાન લાવનારાઓ, એવી વાત શા માટે કહ્યા કરો છો જે તમે કરતા નથી. ખુદાની નઝદીક આ વાત હદથી વધારે નાપસંદ છે કે જે તમે કહો તે કરતા નથી."

આ આયતે શરીફાની તફસીરમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે

"મોઅમિન પોતાના મોઅમિન ભાઈ સાથે જે વાયદો કરે છે, તે એક એવી નઝર છે જે (તોડવા)નો કોઈ કફફારો નથી હોતો, પણ જે માણસ વાયદો તોડી નાખે છે, તેણે ખુદા સાથે દુશ્મની અને વિરોધ કરવાનો પ્રારંભ કર્યો ગણાય છે અને તે ખુદાના ગઝબને છંછેડી બેસે છે. આ પછી ઇમામ અલય્હિસ્સલામે સૂરએ સફની ઉપરની આયતની તિલાવત ફરમાવી હતી.

**(વસાએલુશ્શીયા, કિતાબે હજ્જ, પ્રકરણ - ૧૦૯, પાના નં ૨૨૨)**

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામે માલિકે અશ્તરને તેના હોદ્દાનું શપથ લેવડાવતા ફરમાવ્યું હતું :

"વાયદો ન પાળવો એ ખુદાના ગઝબનું કારણ બની જાય છે."

**(નહ્જુલ બલાગાહ)**

ત્યાર બાદ હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે પણ આ જ આયતનો હવાલો આપ્યો હતો.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે : "ચાર પ્રકારના લોકો એવા છે જેમની ઉપર અઝાબ જલ્દી નાઝિલ થાય છે."

**(૧)** "એવો માણસ કે જેની સાથે નેકી કરતા હો પણ તમારી નેકીના બદલામાં તે તમારી સાથે બદી કરે."

**(૨)** "એવો માણસ જેની ઉપર તમે કાંઈ ઝુલ્મ ન કરતા હો (ભલે તેની સાથે કોઈ નેકી પણ ન કરતા હો) પણ તે તમારી ઉપર ઝુલ્મ કરે."

**(૩)** "એવો માણસ કે જેની સાથે તમે કોઈ બાબતમાં કરાર કર્યો હોય અને તમે તે કરાર ઉપર વફાદારી પૂર્વક અમલ કરી (વાયદો પૂરો કરી) રહ્યા હો, પણ તે તમારી સાથે બેવફાઈ કરી રહ્યો હોય."

**(૪)** "એવો માણસ જે પોતાના સગા વહાલા સાથે સીલે રહેમી (સદ વ્યવહાર) ચાલુ રાખવા માગતો હોય પણ તે (સગા વ્હાલા) કત્એ રહેમી કરતા (સંબંધો કાપી નાખતા) હોય."

હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામને અબૂ માલિકે કહ્યું : "આપ મને દીને ઇસ્લામની તમામ શરઈ વાતોનું વર્ણન સંભળાવો."

ઇમામે ફરમાવ્યું : "હક વાત કહેવી, ન્યાયપૂર્ણ ફેંસલો કરવો અને વાયદાને પૂરો કરવો."

જો કે વાયદો પૂરો કરવાના સંબંધમાં ઘણી બધી કુરઆને મજીદની આયતો અને રિવાયતો વારીદ થઈ છે. પરંતુ અમે ઉપર મુજબ સંક્ષિપ્તમાં રજૂ કરી છે.

* * * * *

# વચનભંગના પ્રકારો

## વાયદાના ત્રણ પ્રકાર છે.

**(૧) એવો વાયદો જે ખુદાએ પોતાના બંદાઓ સાથે કર્યો હોય.**

**(૨) એવો વાયદો જે બંદાઓએ ખુદા સાથે કર્યો હોય.**

**(૩) એવો વાયદો જે બંદાઓએ અરસ પરસ એક બીજા સાથે કર્યો હોય.**

એ વાયદો જે ખુદાએ બંદાઓના સાથે કર્યો છે તે એ છે જે આલમે ઝર (આલમે અરવાહ)માં થયો છે. કુરઆને મજીદ અને બીજી ઘણી રિવાયતો દ્વારા આ વાયદા વિશે જાણવા મળે છે. એ વાયદાની વિગત એ છે કે આલમે અરવાહમાં માણસોને દુનિયામાં મોકલતા પહેલા ખુદાએ તમામ રૂહો પાસેથી વાયદો લીધો છે કે જો તેઓ દુનિયામાં સાબિત કદમ (અડગ) રહેશે, કોઈને ખુદાનો શરીક નહીં બનાવે, પોતાના પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના હુકમોથી મૂખ નહીં ફેરવે. અને શયતાનનું અનુસરણ નહીં કરે તો, ખુદા તેના બદલામાં તેની મદદ કરશે, હંમેશા પોતાની રહેમતોનો છાયો તેમની ઉપર કરશે અને તેમન જન્નતમાં સ્થાન આપશે. પરંતુ જો લોકો તેમના વાયદા પૂરા નહીં કરે તો ખુદા પણ તેના બદલામાં તેનો વાયદો પૂરો કરશે નહીં, એટલા માટે ઇરશાદ છે :

"(અય અમારા બંદાઓ) મારી સાથે કરેલો વાયદો પૂરો કરો, જો તમે એમ (વાયદો પૂરો) કરશો તો હું પણ તમારી સાથે કરેલો વાયદો પૂરો કરીશ." **(સૂરએ બકરહ - ૨, આ. નં ૪૦)**

આ પણ ઇરશાદ છે :

"અય આદમ અલય્હિસ્સલામની ઔલાદ શું મેં તમારી પાસેથી આ વાયદો નહોતો લીધો કે (ખબરદાર) શયતાનની પૂજા નહીં કરતા." **(સૂરએ યાસીન - ૩૬, આ. ૬૦)**

**"આલમે અરવાહ"** (રૂહોની દુનિયા)માં પરવરદિગારે આલમે બંદાઓની રૂહો પાસેથી જે વાયદો લીધો હતો તેમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ અને અઇમ્મએ તાહેરીનની વિલાયતને સ્વિકારવી એ

પણ શામિલ છે. આ બાબતનો ઉલ્લેખ ઘણી રિવાયતોમાં મળી આવે છે. એટલે સુધી કે તમામ આસમાની કિતાબોમાં તેનો ઉલ્લેખ છે અને તમામ અંબિયાઓ મારફત પણ ચહારદા માસૂમીન અલય્હેમુસ્સલામની વિલાયત અને મોહબ્બતનો સંદેશો પહોંચાડવામાં આવ્યો છે.

અલબત્ત કેટલાક આલિમોએ **"આલમે ઝર"** અથવા **"આલમે અરવાહ"**ની વાતનો ઇન્કાર કર્યો છે. તેઓ આ વિષય ઉપર વારીદ થએલી આયતો અને રિવાયતોના અર્થઘટનમાં **"આલમે ઝર"** નો અર્થ **"આલમે ફિતરત"** કરે છે. એટલે કે ખુદાવંદે આલમે ફીતરી (કુદરતી) રીતે જ ઇન્સાનને એ વાતનો પાબંદ બનાવ્યો છે કે તે ખુદાના હુકમોનું પાલન કરે અને શયતાનનું અનુસરણ ન કરે. હવે જો ઇન્સાન ખુદાના હુકમનો વિરોધ કરતો હોય તો તે પોતાના (કુદરતી) સ્વભાવ વિરૂધ્ધ કામ કરે છે, તેમ ગણાય. અલબત્ત ઈન્સાનની અકકલ અને ફીતરત ઉપર ચાલવાની અને પોતાના ખાલિકની ઇતાઅત (અલ્લાહના હુકમોનું પાલન) કરવાનો હુકમ આપે છે. તે આલિમો આ હુકમોને (અલ્લાહના બંદાઓના પરસ્પર અહદો પૈમાન - કરાર (સંધી) ગણે છે.

વાસ્તવમાં માણસ **"આલમે અરવાહ"** માં કરેલા વાયદાનો ભંગ કરે કે **"આલમે ફિતરત"** માં કરેલા વાયદાને તોડે તે બંને સંજોગોમાં વાયદાનો ભંગ કરવો ગુનાહે કબીરા છે. ઘણી આયતો અને રિવાયતોમાં એટલી બધી તાકીદ મૌજૂદ છે, જેનાથી વાયદો પૂરો કરવો વાજીબ અને તોડવો હરામ સાબિત થાય છે. વાયદો તોડવા માટે સખ્ત અઝાબની વાત પણ વારિદ થઈ છે. રિવાયતોથી જાણવા મળે છે કે, આટલો સખ્ત અઝાબ આ પહેલા પ્રકારનો વાયદો તોડવાથી થાય છે જે સૌથી મોટો ગુનાહે કબીરા છે. આથી બંદાઓ માટે જરૂરી છે કે તેઓ પોતાના પરવરદિગાર સાથે પોતે કરેલા તમામ વાયદાઓનું પાલન કરે, જેથી તેના બદલામાં ખુદા પણ પોતાના તમામ વાયદાઓ પૂર્ણ કરે.

*****

# ખુદાવંદે આલમે દુઆ કબૂલ કરવાનો વાયદો કર્યો છે.

ખુદાવંદે આલમે તેના બંદાઓને જે વાયદાઓ કર્યા છે, તેમાં એક વાયદો દુઆ કબૂલ કરવાનો પણ છે. પરંતુ આ વાયદો પૂરો કરવા માટેની એક શરત છે અને તે શરત એ છે કે બંદાઓ પણ તેમણે ખુદા સાથે કરેલા વાયદાઓને પૂરા કરે.

જમીલ, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની રિવાયત નોંધે છે કે "જયારે બંદો ખુદા પાસે સાચી નિય્યત અને ખૂલુસ ભર્યા દિલ સાથે દુઆ માગે તો 'ખુદાએ અઝઝ વ જલ્લ' સાથે તેણે કરેલા વાયદા પૂરા કરે પછી તેની દુવા કબૂલ થાય છે."

"પણ જો બંદો ખુદા પાસે સાચી નિય્યત અને ખૂલુસ વગર દુઆ કરે તો દુઆ કબૂલ થતી નથી."

**(સફીનતુલ બેહાર, આવૃત્તિ ૧, પાનું ૪૯૯)**

"શું ખુદાએ તઆલા નથી ફરમાવતો કે તમે મારી સાથે કરેલો વાયદો પૂરો કરો તો હું પણ તમારી સાથે કરેલા વાયદા પૂરા કરીશ ? આમ, જો કોઈ વાયદો પાળે છે તેની સાથે વાયદાનું પાલન કરવામાં આવે છે."

*****

# નઝર અને અહદમાં મોઢેથી શબ્દો ઉચ્ચારવા.

બીજા પ્રકારનો વાયદો એ છે જે બંદાઓ પોતે ખુદાવંદે તઆલાને કરે છે. જેમકે માણસ નઝર કરે અથવા તો કસમ ખાઈ લે. કસમ, અહદ અથવા તો નઝર વિશે ફકત દિલ અથવા દિમાગમાં નિર્ણય લઈ વિચાર કરી લેવો પુરતો નથી. પરંતુ તે અંગેના વાકયો મૂખેથી ઉચ્ચારવા પડે છે. દાખલા તરીકે કોઈ બંદો ખુદા સાથે અહદ કરવા માંગે અને તે વિશે અરબીમાં કહેવા માંગતો હોય તો આ રીતે કહેવું પડેશે. **''આદુલ્લાહ''** (મેં ખુદા સાથે અહદ કર્યો.) અથવા તો એમ કહે **''અલય્ય અહદુલ્લાહે''** (ખુદા સાથે કરેલા અહદની મારી જવાબદારી છે.) અરબી સિવાય કોઈ પણ ભાષામાં નઝર, કસમ અથવા અહદના વાકયો કહી શકાય છે. જેમકે એવી નઝર માની શકાય છે કે જો હું સાજો થઈ જઈશ (પુનઃતંદુરસ્તી પ્રાપ્ત કરી લઈશ.) અથવા મુસાફરીમાંથી સહી સલામત પાછો આવી જઈશ તો અમુક (આટલી) રકમ ખુદાની રાહમાં ખયરાત કરીશ. આ નઝરના વાકયો મોઢેથી બોલવાના કારણે તેની ઉપર અમલ કરવો વાજીબ થઈ જશે. નઝર વિશે માત્ર દિલમાં વિચારી લેવાથી નઝર વાજીબ થતી નથી.

* * * * *

# નકામા કામની નઝર અથવા કસમ

એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે અહદ, કસમ અથવા તો નઝર બેકાર (નિરર્થક) કામ માટે ન હોવી જોઈએ. એટલે કે નઝર, અહદ અથવા કસમનું કામ શરીઅતમાં પસંદ કરવાને લાયક હોવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો એ કામ હરામ અથવા મકરૂહ ન હોવું જોઈએ. દાખલા તરીકે કોઈ એવો અહદ કરે કે ફલાણું મકરૂહ અથવા હરામ કામ કરીશ, તો તે અહદ બાતિલ અને ખોટું છે. તેવી જ રીતે જો કોઈ નઝર કરે કે પોતાનું અમૂક કામ થઈ જશે તો પોતે અમુક હરામ અથવા મકરૂહ કામ કરશે તો તે પણ ખોટું છે. વાજીબ અથવા મુસ્તહબ કામ છોડવાની નઝર, કસમ અથવા તો અહદ કરી શકાતી નથી. તેવી જ રીતે નઝર, અહદ, અથવા કસમ ખાતી વખતે જે કામનું વલણ હતું દાખલા તરીકે તે કામ કરવું વાજીબ અથવા મુસ્તહબ હતું અથવા તો તે કામ ન કરવું હરામ અથવા મકરૂહ હતું. પરંતુ પછી દ્વિધાભરી હાલત ઉભી થતાં તે વલણ શરઈ રીતે પુરૂં થઈ ગયું હોય તો તે નઝર, કસમ વગેરે બાતિલ થઈ જાય છે. દાખલા તરીકે માણસે એવી નઝર કરી હોય કે જો પોતે સાજો થઈ જશે તો એક હજાર રૂપિયા રાહે ખુદામાં ખર્ચ કરશે પરંતુ તે સાજો થઈ જાય ત્યારે તેની આર્થિક હાલત એટલી બધી તંગ થઈ જાય કે તે પોતાના બાલ બચ્ચાનો ખર્ચ માંડ માંડ પૂરો કરી શકે તેમ હોય તો એ સંજોગોમાં તેની નઝર બાતિલ ગણવામાં આવશે અને તેની નઝર પૂરી કરવી તેના માટે વાજીબ રહેશે નહીં.

* * * * *

# નઝર ફાયદાકારક કામ માટે હોવી જોઈએ.

આમ ઉપરની વિગત જોતા એ વાત સાબિત થાય છે કે કસમ અથવા નઝર એવા કામ માટે હોવી જોઈએ જે બાબત માટે શરઈ હુકમ મૌજૂદ હોય, જો મુબાહ કામ માટે નઝર કે કમસ હોય તો તેમાં પણ શરઈ હુકમ ધ્યાનમાં લેવો. એટલે કે જો મુબાહ કામ કરવાની કસમ કે નઝર કરવામાં આવે તો કમ સે કમ અકલી રીતે કામ ન કરવા કરતા કરવું સારૂં હોવું જોઈએ. એવી જ રીતે જો કોઈ મુબાહ કામ ન કરવાની કસમ કે નઝર હોય તો તેમાં પણ અકલી વલણ હોવું જરૂરી છે. એટલે કે તે કામ કરવું છોડી દેવું એ તેના કરવા કરતા (બહેતર) વધારે સારૂં હોવું જોઈએ. દાખલા તરીકે સિગારેટ પીવી એ એવું જ મુબાહ કામ છે.

# એહ્દે મુત્લક અને એહ્દે મશરૂત (સંપૂર્ણ અહ્દ અને શરતી અહ્દ)

નઝર અને કસમની જેમ અહ્દ પણ મુત્લક અથવા મશરૂત હોય છે. જેમકે, માણસ એમ કહે કે મેં ખુદાવંદે તઆલા સાથે અહ્દ (વાયદો) કર્યો છે કે હું અમુક કારે ખૈર કરીશ. તેને એહ્દે મુત્લક કહેવાય છે. આ અહ્દ વાજીબ થઈ જાય છે. અને જે કામ કરવાની નિય્યત કરી હોય તે (કારે ખૈર) કરવાનું છોડી દેવું એ ગુનાહે કબીરા થશે. એટલું જ નહીં પણ તે અહ્દ તોડવાનો કફ્ફારો પણ અલગ વાજીબ થશે. મુત્લક એટલે એવું કામ જેમાં કોઈ શરત રાખવામાં આવી ન હોય.

મુકય્યદ અથવા તો મશરૂત અહ્દ એટલે કે માણસ ખુદા સાથે ખાસ શરત સાથે અહ્દ કરે. દાખલા તરીકે એમ કહે કે : 'ખુદા મને સંતાનમાં પુત્ર આપશે તો હું અમુક કારે ખૈર કરીશ. આવો શરતી અહ્દ કર્યો હોય તો, તેની શરત પૂરી થયા પછી જ તેની ઉપર તેને કારે ખૈર કરવાનું વાજીબ થશે. જો શરત પૂરી થઈ ગયા પછી તે કારે ખૈર ન કરવામાં આવે તો તે ફકત ગુનાહે કબીરા જ નહીં ગણાય પરંતુ તેની કફ્ફારો આપવો પણ વાજીબ થઈ જશે.

* * * * *

# નઝર અથવા અહ્દનો કફ્ફારો

અહ્દ મુત્લક હોય કે મશરૂત તેના તોડવાથી કફ્ફારો આપવો વાજીબ થઈ જશે. માહે મુબારક રમઝાનના વાજીબ રોઝા તોડવાનો જે કફ્ફારો છે, તે જ કફ્ફારો આ બંને પ્રકારના અહ્દ તોડવાનો છે. એટલે કે ૬૦ (સાઠ) રોઝા રાખવા અથવા તો એક ગુલામને આઝાદ કરવો.

નઝર તોડવાનો કફ્ફારો, કસમ તોડવાના કફ્ફારા જેટલો છે. એટલે કે દસ ગરીબોને જમાડવા, અથવા દસ નવસ્ત્રા લોકોને કપડા આપવા અથવા એક ગુલામને આઝાદ કરવો. નઝર અને કફ્ફારામાં એક આ વાત પણ છે કે જો માણસ ઉપર જણાવેલ ત્રણ કફ્ફારામાંથી કોઈ એક પણ કફ્ફારો ન આપી શકે તેમ હોય તો તેવા માણસે સતત (ઉપરા ઉપરી) ત્રણ રોઝા રાખવા વાજીબ છે.

* * * * *

# ખુદા સાથેના અહ્દનાં ત્રણ પ્રકાર

વાસ્તવમાં નઝર અને કસમ પણ ખુદાવંદે તઆલા સાથે કરવામાં આવેલ અહ્દ છે. તેથી અહ્દ કુલ ત્રણ પ્રકારના છે. એક તો અહ્દ અને બીજા બે પ્રકાર નઝર અને કસમ કહેવામાં આવે છે. એ ખુદાવંદે તઆલાની મહેરબાની છે કે જો કોઈ માણસ ખુદા સાથે અહ્દ કરવાથી ડરે અને એટલો બધો કે કફ્ફારાથી (એટલે કે ૬૦ (સાઠ) ગરીબોને જમાડવા અથવા ૬૦ (સાઠ) રોઝા રાખવાથી) બચવા માગે તો નાના પ્રકારના અહ્દ કરી શકે છે. એટલે કે નઝર કરી શકે છે અથવા તો શરઈ કસમ ખાઈ શકે છે.

* * * * *

# વચન ભંગ અને નિફાક

વચનભંગ એ એવો ગુનાહ છે જેના કારણે દિલમાં નિફાક અને મુનાફેક્તના બીજ ઉગી નિકળે છે અને માણસ કાફિરની મૌત મરે છે. કયામતમાં તે મુનાફિકની સાથે જ પુન : જીવિત થાય છે. કુરઆને મજીદમાં ઇરશાદ છે :

"અને એ (મુનાફિકો) માંથી એવા પણ છે જેમણે અલ્લાહથી કરાર કર્યો હતો કે જો તે પોતાની કૃપાથી અમને કાંઈ આપશે તો અમે જરૂર દાન કરતા રહેશું, અને સદાચારીઓ માંહેના થઈ જઈશું પછી જયારે તેણે સ્વકૃપાથી તેમને (કાંઈ) આપ્યુ ત્યારે તેના વિષે તેમણે કૃતધ્નતા કરી અને દુરાગ્રહ કરી (પોતાના કરારથી) ફરી ગયા. જેથી તેણે તેમના અંત : કરણમાં તે દિવસ સૂધીના માટે દાંભિકતા નાખી દીધી કે જયારે તેઓ તેની મુલાકાત કરશે. (એક તો) એ માટે કે જે વાયદો તેમણે અલ્લાહની સાથે કર્યો હતો તેની વિરૂધ્ધ વર્તયા અને (બીજું) એ માટે કે તેઓ જુઠું બોલતા હતાં.

**(સૂરએ તૌબા, આ. નં ૭૫, ૭૬, ૭૭)**

ઉપરની આયતે શરીફાથી એ વાત સાબિત થાય છે કે, વચનભંગ અને જૂઠ એવા ગુનાહો છે જે એ પ્રકારના નિફાક માટે કારણરૂપ બને છે જે માણસના દિલમાં તેના મરવા સુધી રહે છે. ઉપરોકત આયતોના નાઝિલ થવા વિશે મિન્હાજુસ્સાદેકીન નામની તફસીરમાં આ પ્રમાણે લખ્યું છે :

"સોઅલબા ઇબ્ને ખાતિબ નામનો એક ઈસાઈ હતો. જે પોતાના મઝહબમાં ઇબાદત માટે વિખ્યાત હતો. તે એક દિવસ પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને પોતાની આર્થિક હાલત સારી થાય તે માટે દુઆ કરવાની વિનંતી કરી. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તેને નસીહત કરી કે આર્થિક રીતે સુખી થવાની ઇચ્છા ન કર. તારી ગરીબાઈ માટે ધીરજ રાખ તારા માટે આર્થિક સધ્ધરતા ખતરનાક બાબત છે. તું થોડામાં શુક્ર કરીશ  તો તે બહેતર છે. કારણ કે વધારે રોઝીમાં તુ શુક્ર અદા કરીશ નહીં. આપે ફરમાવ્યું : ખુદાની કસમ, જો પહાડ સોના ચાંદી થઈને મારી સાથે ચાલવા માંડે તે માટે હું ખુદા પાસે દુઆ કરીશ તો હક - તઆલા તેમ કરશે. પરંતુ હું જાણું છું કે ગરીબાઈની આખેરતમાં ખૈર (ભલાઈ) છે અને અમીરીની આખેરતમાં મોટાભાગે બુરાઈ (મુશ્કેલી - તકલીફ) હોય છે, તેથી હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનું અનુસરણ કરો અને આ વાતને માની લો.

સોઅલબાએ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની નસીહત માની નહીં અને બીજે દિવસે ફરીથી એ જ હાજત લઈને આપ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં પહોંચ્યો અને કહેવા લાગ્યો. "યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ, હું ખુદા સાથે અહદ કરૂં છું કે જો ખુદા મારા માલમાં વૃધ્ધિ કરશે (મને શ્રીમંત બનાવી દેશે) તો હું મુસ્તહક લોકોના હકકોને અદા કરીશ અને તે કામ દ્વારા સિલે રહમ કરીશ." જયારે તેણે બહુ જ આગ્રહ ર્ક્યો ત્યારે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ખુદાવંદે તઆલા પાસે તેની ગરીબાઈને દૂર કરવા માટે દુઆ કરી. ખુદાવંદે તઆલાએ તેના ઘેટા-બકરાની સંખ્યામાં અસાધારણ પ્રમાણમાં બરકત આપી. તેના ઘેટા-બકરાની સંખ્યા એટલી બધી વધી થઈ કે તે પોતાના ઘેટા-બકરાને સંભાળવામાં એટલો બધો વખત વ્યસ્ત રહેવા લાગ્યો કે મુસલમાન થયા પછી પોતાની પાંચ વખતની નમાઝ પણ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સાથે જમાઅતથી અદા કરી શકતો ન હતો. તે ફકત સુબ્હ અને રાતની નમાઝ પડવા જ જઈ શકતો હતો. હવે તે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ સાથે જમાઅતની નમાઝ પડવાથી વંચિત થઈ ગયો. અલબત્ત તે જુમ્આ માટે આવી જતો હતો. પછી તેના ઘેટા બકરાની સંખ્યા એટલી બધી વધી પડી કે તે ગામની આજુ બાજુમાં આવેલી ખીણમાં રાખવા પડયા, હવે તે નમાઝે જુમ્આમાં પણ હાજરી આપી શકતો નહીં.

એક દિવસ પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે પોતાના સહાબીઓને પૂછયું કે "સોઅલબાને શું થયું છે કે તે નમાઝમાં હાજરી આપતો નથી ?"

લોકોએ કહ્યું કે તેની પાસે ઘેટા બકરા એટલા બધા વધી પડયા છે, કે આ ગામની સીમની જગ્યા તેને ઓછી પડે છે તેથી તે ફલાણી ખીણમાં તેના ઘેટા-બકરા સાથે ચાલ્યો ગયો છે. અને ત્યાંનો જ રહેવાસી થઈ ગયો છે. આ વાત સાંભળીને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ત્રણ વખત ફરમાવ્યું : "સોઅલબા પર વાય (હાય અફસોસ) થાય, સોઅલબા પર વાય થાય, સોઅલબા પર વાય થાય."

પછી જયારે ખુદા તરફથી ઝકાત વાજીબ થવાનો હુકમ આવ્યો અને તે વિશેની આયત નાઝિલ થઈ ત્યારે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તે આયત લખીને એક સહાબીને આપી અને બની સલીમના કબીલાના એક માણસને તે સહાબીની સાથે મોકલ્યો. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે હુકમ આપ્યો કે "સોઅલબા પાસે ઝકાત ઉઘરાવવા જા, અને સોઅલબાના ગામમાં જાવ ત્યારે ફલાણા નેક માણસ પાસેથી પણ ઝકાત લેતા આવજો." તે બંને માણસો (પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના સહાબી અને સાથેનો માણસ) સોઅલબા પાસે ગયા. તેને ઝકાતની આયત લખેલી દેખાડી અને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો પત્ર પણ તેને દેખાડયો જેમાં ઝકાતની શરતોનું વર્ણન કરવામાં આવેલ હતું. સોઅલબા માલની મોહબ્બતમાં એટલો બધો ગરકાવ થઈ ગયો હતો કે તેણે કહ્યું : મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ મારી પાસેથી જઝીયા (ટેકસ) વસૂલ કરવા માંગે છે બીજે કયાંક જઈને (ઝકાત) ઉઘરાવો ત્યાં સુધી હું આ બાબતમાં વિચારૂ છું. તે બંને માણસો બીજા નેક માણસ પાસે ગયા (જે માણસ બની સલીમના કબીલાનો હતો.) તેણે કુરઆનની આયત અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો પત્ર જોઈ કહ્યું :

"ખુદાનો અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો હુકમ સાંભળીને તેની ઇતાઅત કરવા માટે હાજર છું."

તે માણસ પોતાના ઉંટોના ટોળાની વચ્ચે ગયો અને પોતાના ઉંટોમાંથી શ્રેષ્ઠ પ્રકારના ઉંટો શોધીને જુદા કર્યા અને કહ્યું : "આ ઉંટોને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પાસે લઈ જાવ. બંને માણસોએ કહ્યું : "શ્રેષ્ઠ (ઉંટો) આપવા વાજીબ નથી. તે ભલા માણસે કહ્યું હું ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને શ્રેષ્ઠ ન આપું તે તો કેમ બની શકે ?"

તે બંને માણસો સોઅલબાની પાસે ફરી વખત ગયા. તે નિર્દય માણસે ફરીથી તે જ વાત કરી અને ઝકાત આપવાનો ઇન્કાર કરી દીધો.

આ બનાવ સાંભળીને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "સોઅલબા પર વાય થાય." અને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે શ્રેષ્ઠ રીતે ઝકાત આપનાર બીજા નેક માણસ માટે દુઆએ ખૈર કરી.

પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અસ્હાબોને એ વાતનું આશ્ચર્ય થઈ રહ્યું હતું. તેઓ વિચારતા હતા કે સોઅલબાએ પહેલેથી જ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વાત માની લેવી જોઈતી હતી. જેથી તે આ હાલ ઉપર ન પહોંચત અને ઈમાન ગુમાવીને મુરતદ ન થઈ જાત. અને પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ તેની હાલત ઉપર વાય અને અફસોસ ન કરત. ઝકાત એ જરૂરિયાતે દીનની વાત છે અને ઝકાત વાજીબ નથી એવું કહેનાર માણસ મુસલમાન રહેતો નથી, મુરતદ થઈ જાય છે.

**(સૂરએ તૌબાની મજકૂર આયત સોઅલબાની ટીકામાં નાઝિલ થઈ છે.)**

* * * * *

# અરસ - પરસ વાયદા કરવા

વાયદાનો ત્રીજો પ્રકાર લોકોને અરસ પરસ વાયદા કરવાનો વ્યવહાર છે. ઘણી આયતો અને રિવાયતોથી એ વાત સાબિત થાય છે કે આ પ્રકારનો વાયદો પૂરો કરવો પણ વાજીબ છે અને તોડવો હરામ છે. દાખલા તરીકે સૂરએ બની ઇસરાઈલમાં હુકમ છે કે :

"અને તમે તમારા (આપેલા) વાયદાઓને પૂરા કરો, બેશક, ખુદા કયામતના દિવસે તમારા વાયદાઓ વિશે અવશ્ય સવાલ કરશે."

**(સૂરએ બની ઇસરાઈલ - ૭, આ નં ૩૪)**

તેવી જ રીતે સાચા અને મુત્તકી લોકોનો પરિચય આપતા કુરઆનમાં ઇરશાદ છે :

"આ એ (લોકો) છે, જેઓ વાયદા કરે છે તો તેમના વાયદા પૂરા કરે છે."

**(સૂરએ બકરહ - ૨, આ. નં ૧૭૭)**

તેવી જ રીતે જહન્નમથી મૂક્તિ મેળવી લેનારાઓ અને જન્નતમાં પ્રવેશ પામનારાઓની લાક્ષણિકતા બયાન કરતા કુરઆનમાં છે :

"અને તેઓ પણ સફળ થઈ ગયા છે કે જેઓ પોતાના અમાનતોનું તથા વચન-વાયદાનું પાલન કરે છે."

**(સૂરએ મોઅમેનુન ૨૩, આ. ૮)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે કે : તમારા મોઅમિન ભાઈઓ સાથે કરેલા વાયદાઓ પૂરા કરવા એ નઝરની જેમ જ વાજીબ છે. અલબત્ત તે ન પૂરા કરવા માટેનો કોઈ કફફારો નથી." (એટલે કે તે ગુનાહ હોવું નિશ્ચિંત છે.)

પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે કે જે માણસ ખુદા અને આખેરતના દિવસ ઉપર ઈમાન રાખતો હોય તેને હંમેશા વાયદો વફા કરવો જરૂરી છે. (ઉસૂલે કાફી). આ હદીસથી એ વાત જાણવા મળે છે કે વાયદો વફા કરવો એ ખુદા અને રોઝે આખેરત ઉપર ઈમાન રાખવાની જરૂરિયાત પૈકીની જરૂરિયાત છે. એવી જ રીતે "સૂરએ સફ"ની કેટલીક પ્રારંભિક આયતોમાં વચનભંગ કરનારાઓની સખ્ત ઝાટકણી કાઢવામાં આવી છે. આનાથી સ્પષ્ટ રીતે સાબિત થાય છે કે કોઈ પણ પ્રકારનો વાયદો ન પાળવો (વચનભંગ કરવો) હરામ છે.

* * * * *

# મુનાફિકો વચનભંગ કરે છે

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની રિવાયત છે : "કોઈપણ માણસ નિયમિત રીતે નમાઝ રોઝા અદા કરવાનો પાબંદ હોય, તો પણ તેનામાં ત્રણ ખાસિયતોમાંથી કોઈ એક હોય તો તે મુનાફિક છે.

**(૧)** એ માણસ, જયારે પણ કોઈની અમાનત રાખે છે તો તેમાં ખયાનત કરી બેસે છે (એટલે કે અમાનત ખાઈ જાય છે.)

**(૨)** એ માણસ, જે જયારે પણ કોઈ વાત કરે છે ત્યારે જુઠુ બોલે છે.

**(3)** એ માણસ, જે કોઈ વાયદો કરે છે, ત્યારે તેનું ઉલ્લંઘન કરે છે. (એટલે કે વાયદો વફા કરતો નથી)

**(ઉસૂલે કાફી)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું :

"જે કોઈ માણસ લોકો સાથે વહેવારમાં તેમની ઉપર ઝુલ્મ ન કરતો હોય, જયારે તેમની સાથે કોઈ વાત કરે તો જુઠ્ઠુ ન બોલતો હોય, અને જયારે તેમની સાથે કોઈ વાયદો કરે તો તેનો ભંગ ન કરતો હોય, તો એ એવા લોકો પૈકીનો છે જેનો અખ્લાક સંપૂર્ણ છે, તેની ગીબત કરવી હરામ છે તે આદિલ હોવું સ્પષ્ટ છે અને તેની સાથે ભાઈચારો રાખવો વાજીબ છે."

**(ઉસૂલે કાફી)**

આનાથી ઉલ્ટું જે માણસ ઝાલિમ, જુઠ્ઠો અથવા વચનભંગ કરનારો હોય તો આ રિવાયતના પ્રકાશમાં તેનો અખ્લાક કામિલ (સંપૂર્ણ) નથી અને તેની ગીબત કરવી જાએઝ છે. તે ગૈર આદિલ, એટલે કે ફાસિક છે અને તેની સાથે બિરાદરે ઈમાનીના હકકો જાળવવા વાજીબ થતાં નથી.

* * * * *

# કોઈ છુટછાટ નથી.

આ જ પ્રમાણે છઠ્ઠા ઇમામ અલય્હિસ્સલામ ઇરશાદ ફરમાવે છે :

"ત્રણ ફરજો એવી છે જેના અનુસંધાનમાં ખુદાએ તઆલાએ કોઈને જરા પણ છુટછાટ આપી નથી.

**(૧) વાલેદૈન (મા - બાપ) નેક હોય કે બદકાર તેઓની સાથે નેકી કરવી.**

**(૨) વાયદો નેક માણસ સાથે કરવામાં આવ્યો હોય કે બદકાર સાથે, તેને વફા કરવો.**

**(૩) અમાનત નેક માણસની હોય કે બદકારની,તે અદા કરવી"**

**(શૈખ સદૂકની કિતાબ ખેસાલ)**

આ પ્રકારની એક હદીસ કિતાબે કાફીમાં હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામે રિવાયત કરેલી છે.

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ઇરશાદ ફરમાવે છે :

"જો કોઈ માણસે પોતાની પત્ની સાથે કોઈ વાયદો કર્યો હોય તો તેને પૂરો કરવો જોઈએ."

"એટલા માટે કે મુસલમાને પોતાના વાયદાઓનું હંમેશા પાલન કરવું જોઈએ. અલબત્ત જો તેના વાયદાને કારણે કોઈ હલાલ વસ્તુ હરામ થઈ જતી હોય અથવા કોઈ હરામ વસ્તુ હલાલ થઈ જતી હોય તો એવા વાયદાઓનું પાલન કરવું જરૂરી નથી."

**(કિતાબે તહઝીબ)**

* * * * *

# મુશ્રિકો સાથે કરાર

વાયદો વફા કરવો વાજીબ હોવા અને વાયદાનો ભંગ કરવો હરામ હોવા વિશે બેશુમાર આયતો અને રિવાયતો છે. આ વિષયની અગત્યતા સમજાવવા માટે કુરઆને મજીદની નીચે મુજબની આયત પુરતી છે.

"બેશક, અલ્લાહની પાસે સૌથી ખરાબ પ્રાણી તે લોકો (કાફરો) છે કે જેઓ નાસ્તિકપણું કરે છે, પછી તેઓ ઈમાન લાવતા નથી."

"તેઓ એ જ છે, જેમની સાથે તમે (રસૂલ) કરાર કરો છો પછી તેઓ દરેક વખતે પોતાના કરાર તોડી નાખે છે. અને જરા પણ ડરતા નથી."

**(સૂરએ અન્ફાલ- ૮, આ. નં ૫૫-૫૬)**

ઉપરની આયતથી સમજાય છે કે વાયદાનું પાલન ન કરવાવાળા ખુદાની બદતરીન મખ્લૂકમાંથી છે. એટલે કે જાનવરો કરતાંય ખરાબ છે. અહીં એ વાત પણ જાણી લેવી જોઈએ કે, ખુદાવંદે તઆલાએ મુશ્રિકો અને કાફરો સાથે કરવામાં આવેલા કરાર અને વાયદાઓને તોડવાની પરવાનગી આપી નથી અને તેઓ સાથે કરવામાં આવેલા વાયદાઓનું પાલન કરવું પણ વાજીબ ગણાવવામાં આવ્યું છે.

* * * * *

# હુઝુર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું મુશ્રિકો સાથે વચન પાલન

એ જમાનામાં જયારે ઇસ્લામની શાનો શૌકત ટોચ ઉપર હતી ત્યારે સૂરએ બરાઅતની એક આયત નાઝિલ થઈ જેમાં મુશ્રિકો સાથે જેહાદ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો.

મકકાએ મોઅઝઝમાને શિર્ક અને બુતપરસ્તીથી પાક કરી દેવાનો હુકમ આપવામાં આવ્યો હતો પરંતુ એવા મુશ્રિકો જે સંધી (કરાર) તોડવામાં પહેલ ન કરે તેમની સાથેના કરાર ન તોડવાનો હુકમ પણ આપવામાં આવ્યો હતો. તે આયતે શરીફા આ પ્રમાણે હતી.

"પરંતુ મુશ્રિકો માંહેના તે લોકો કે જેમની સાથે તમોએ કરાર કર્યા હતા, પછી તેમણે તમારી સાથે તેના પાલનમાં કાંઈ કમી કરી નથી, તેમજ તમારી વિરૂધ્ધ કોઈને સહાય પણ આપી નથી, તો તેમના કરાર તેની મુદ્દત (પૂરી થતા) સૂધી પૂરા કરો. બેશક, અલ્લાહ પરહેઝગારોને દોસ્ત રાખે છે. **(સૂરએ તૌબા - આ. ૪)**

અબૂ રાફેઅ કહે છે કે :

"કુરૈશ લોકોએ, મને પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની પાસે રવાના કર્યો. જયારે મેં આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ઝિયારત કરી અને તેઓના અને તેઓના નૂરાની ચહેરા ઉપર નઝર કરી ત્યારે મારા દિલમાં ઇસ્લામનું નૂર ઉત્પન્ન થઈ ગયું. મેં આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને કહ્યું : યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ હું હવે કુરૈશીઓ તરફ પાછો ફરીશ નહીં. આપે જવાબમાં ફરમાવ્યું, મેં આપેલા વાયદાથી હું ઉલ્ટું વર્તન નહીં કરૂં અને કુરૈશના લોકો તરફથી સંદેશો લાવનારને મારી પાસે નહીં રાખું. અય અબૂ રાફેઅ (અત્યારે તો) તમે તમારા કબીલા તરફ પાછા ફરો અને ત્યાર પછી જો તમારા દિલમાં ઇસ્લામ કબૂલ કરવાની ઇચ્છા થઈ હોય તો અમારી પાસે આવી જજો."

* * * * *

# કુરૈશ સાથે કરવામાં આવેલ વાયદાઓનું સન્માન

હુઝૈફએ - યમાનીનું કહેવું, છે કે જંગે બદ્ર વખતે માત્ર એક જ બાબત મને જંગ કરતા રોકી રહી હતી. તે બાબત એ હતી કે હું અને અબ્દુલ હુસૈલ બહાર જઈ રહ્યા હતા ત્યાં કુરૈશના લોકો સાથે અથડામણ થઈ ગઈ. તેઓએ અમને કહ્યું : "તમે મોહમ્મદને ચાહો છો ? " અમે કહ્યું : "ના, અમે મદીનાને ચાહીએ છીએ." તેઓએ મદીના પહોંચ્યા પછી પયગમ્બર અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને જંગમાં સાથ નહીં આપવાનો અમારી પાસેથી વાયદો લીધો. જયારે અમે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની ખિદમતમાં પહોંચીને આ બનાવ કહી સંભળાવ્યો ત્યારે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : "તમે આપેલા વાયદા મુજબ જંગમાં જવાનો વિચાર માંડી વાળો, અમે ખુદા પાસેથી મદદ માગશું." આ હદીસ અને તેની પહેલાની હદીસ સૈયદ કુતુબે સંપાદીત કરેલ **"ઇસ્લામ વ સુલ્હે જહાન"** નામની કિતાબના પાના નં ૨૬૪ ઉપર મનકુલ છે.

* * * * *

# કાફર પિતા તેના મુસ્લિમ પુત્રને લઈ ગયો.

સુલ્હે હુદૈબિયા (હુદૈબીયા એક જગ્યાનું નામ છે મકકા અને મદીના વચ્ચે છે)ના અનુસંધાનમાં સોહૈલ ઇબ્ને ઉમર કાફરો વતી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની સાથે વાટાઘાટ કરી રહયો હતો. જયારે સુલેહનામુ લખવાનો સમય હતો અને હજુ સહીઓ કરવાની બાકી હતી તે વખતે સોહૈલનો પુત્ર જીન્દલ કુફફારે કુરૈશમાંથી નિકળીને મુસલમાનોની વચ્ચે આવી ગયો હતો. તેને ઇસ્લામ તરફ આકર્ષાતો જોઈને કુફફારે કુરૈશે તેમના પગમાં સાંકળો બાંધી દીધી હતી. જીન્દલ પોતાને બાંધેલી સાંકળો સહીત ભાગી છુટયો અને તેણે મુસલમાનો વચ્ચે આવીને પોતાને મુસલમાન જાહેર કર્યો **"સુલ્હે હુદૈબીયા"** તૈયાર કરનાર કાફર બાપે આ જોયું, ત્યારે તેના પૂત્ર પાસે આવ્યો અને તેને એક તમાચો ચોડી દીધો. પછી તેણે હઝરત રસૂલે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને કહ્યું : "અય મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આ (સુલ્હે હુદૈબીયાના સુલેહનામા)ની પહેલી શરત એ છે, જે અમારા તરફથી સુલેહનું વાતાવરણ ઉભુ કરે છે. તે મુજબ આપે મારો પુત્ર મને પાછો આપી દેવો જોઈએ." સુલ્હે હુદૈબીયાના પ્રમાણે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમમે તેની વાત સ્વિકારી લીધી અને જીન્દલને તેના કાફર બાપને સોંપી દીધો. પરંતુ તેની સાથે એક શરત મૂકી દીધી કે તે પોતાના ફરઝંદને કોઈ જાતની તકલીફ નહીં આપે અને તેને સુરક્ષિત રાખશે. તેણે એ શરત માન્ય રાખી. પણ જયારે જીન્દલને કાફર લોકોને સોંપવાનો સમય આવ્યો ત્યારે જીન્દલ કહેવા લાગ્યો : "અય મુસલમાનો હું તો મુસલમાન થઈ ચૂકયો છું  હું હવે મુશ્રિકો સાથે કઈ રીતે જાઉં ?" હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે તેને ફરમાવ્યું:

"જાવ, ધિરજ રાખો, ખુદા આવી જ રીતે તમારા માટે સરળતા પૈદા કરશે. અમે જે કરાર કર્યો છે તેનાથી ઉલ્ટુ વર્તન અમે કરી શકતા નથી." સોહૈલે પોતાના મુસલમાન પુત્રનો હાથ પકડયો અને તેને લઈ ગયો. પરંતુ તેણે પોતાનો વાયદો પાળ્યો નહીં અને પોતાના પુત્રને સખ્ત શીક્ષા કરીને તકલીફ પહોંચાડી.

ઉપરના પ્રસંગથી એ વાત સમજાય છે, કે વાયદો પાળવાનું મહત્વ કેટલું બધું છે. આ પ્રસંગ **"સૂરએ ફત્હ"**ની તફસીરમાં તફસીરે **"મિન્હાજુસ્સાદેકીન"** માં મૌજૂદ છે.

* * * * *

# જીવનના અંત સુધી અહીં જ રહીશ.

બેહારૂલ અન્વારમાં આ રિવાયત મૌજૂદ છે કે  "પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે એક માણસને વાયદો આપ્યો હતો કે તે માણસ જઈને પાછો આવશે ત્યાં સુધી તેઓ એક નિશ્ચિત જગ્યાએ, એક પત્થર પાસે તેની રાહ જોતા મૌજૂદ રહેશે. પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ત્યાં રાહ જોઈને ઉભા રહયા પણ તે માણસ ત્યાં આવ્યો નહીં. એટલે સુધી કે સવારથી બપોર થઈ ગઈ, ખૂબ જ તાપ અને અસહ્ય ગરમી આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના પવિત્ર શરીર ઉપર પડી રહી હતી. કેટલાક અસ્હાબોએ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને એટલા સખ્ત તડકામાં ઉભા રહેલા જોઈને કહયું : અહીંથી ચાલો. ત્યારે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે જવાબ આપ્યો : "મેં જે માણસને વાયદો આપ્યો છે, તે જયાં સુધી નહીં આવે ત્યાં સુધી હું અહીંથી હટીશ નહીં" છેવટે તે માણસ  આવી ગયો, આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું કે :"જો આ માણસ ન આવત તો હું મારા મૌતના સમય સુધી અહીંથી હટત નહીં."

* * * * *

# જનાબે ઇસ્માઈલ અલયહિસ્સલામ અને વચન પાલન

કુરઆને મજીદ, હઝરત ઇસ્માઈલ અલયહિસ્સલામને **"સાદેકુલ વઅદ"** ના નામથી યાદ કરે છે, ઇરશાદ છે કે :

"અને (અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ) આ કિતાબમાંથી (કુરઆનમાંથી) ઈસ્માઈલ અલયહિસ્સલામનું વર્ણન બયાન કર. નિસંશય તેઓ વાયદાને પાળનાર અને રસૂલ (તથા) નબી હતાં."

**(સૂરએ મરીયમ, ૧૯, આ. ૫૪)**

હઝરત ઇસ્માઈલ અલયહિસ્સલામે કોઈ માણસને વાયદો આપ્યો હતો કે, તું જયાં સુધી નહીં આવ, ત્યાં સુધી હું આ જગ્યાએ તારી રાહ જોઈશ. ત્યાર પછી ઓછામાં ઓછા ત્રણ રાત અને દિવસ તેઓ તે જગ્યાએ રાહ જોતા રહયા. પરંતુ કેટલાક આલિમો કહે છે અને એ (વાત વિખ્યાત છે) કે હઝરત ઇસ્માઈલ અલયહિસ્સલામ એક વર્ષ સુધી તે માણસની રાહ જોતા રહયા. આ રાહ જોવામાં તેઓએ ખૂબ જ તકલીફો વેઠી એટલે સુધી કે કેટલીક વખત તો તેઓને ઝાડના પાંદડા ખાવા પડયા હતા.

* * * * *

# વાયદો ન પાળવો એ કુફ્રનું પરિણામ છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામ વાયદો ન પાળવાની અને વચનભંગની જે નિતી દિલમાં હોય છે, તેને કુફ્રનું પરિણામ ગણાવે છે. આપ ઇરશાદ ફરમાવે છે :

"ખુદાની કસમ, મોઆવિયા મારાથી વધારે બુધ્ધિશાળી નથી પરંતુ તે વાયદાઓ તોડી નાખે છે અને હકથી ફરી જાય છે. જો વાયદો તોડવાનું કામ પસંદ કરવા યોગ્ય હોત તો હું સૌથી વધારે હોંશિયાર (ચાલાક) માણસ જાહેર થાત. પરંતુ વાયદા તોડવા એ ખુદાનો વિરોધ કરવા સમાન છે. અને ખુદાના હુકમનો વિરોધ કરવો એ એક પ્રકારનું કુફ્ર છે. કયામતના દિવસે વચનભંગ કરનારાઓ એક ધ્વજ નીચે જમા કરવામાં આવશે જેનાથી તેમને ઓળખવામાં આવશે."

**(નહ્જુલ બલાગાહ)**

અલ્લામા મજલિસી (અ.ર.) ફરમાવે છે કે રિવાયતોમાં ગુનાહે કબીરા કરનારા માણસને કાફર પણ કહેવામાં આવ્યો છે. વાયદો તોડી નાખવો એ મોટો ગુનાહે કબીરા છે. તેથી જ આ ખૂત્બામાં વાયદો તોડનારા દરેક માણસને એક પ્રકારનો કાફિર કહેવામાં આવ્યો છે. આ એ કુફ્ર છે જેનું બીજ દિલમાં હોય છે અને ખુદાના હુકમોની નાફરમાનીના સ્વરૂપમાં બહાર આવે છે.

* * * * *

# મુસલમાન દગાબાજ નથી હોતો.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે :

"બેશક, વાયદો વફા કરવો અને સચ્ચાઈ બંને એકબીજાની સાથે (એક બીજાના પર્યાય) છે. મેં વાયદો વફા કરવા સિવાય બીજી કોઈ ઢાલ જોઈ નથી જે અઝાબથી બચાવનારી હોય. જેને બદલાના દિવસ (કયામત) ઉપર વિશ્ર્વાસ હશે તેવો માણસ કદી પોતાનો વાયદો તોડશે નહીં અને (સાચા - ખોટા) બહાના નહીં રજુ કરે. આપણે એવા યુગમાં જીવન વ્યતીત કરી રહયા હછીએ જેમાં લોકો વચનભંગ અને દગાબાજી કરવાને રાજકારણ અને હોંશિયારી સમજી રહયા છે અને જાહિલ (અજ્ઞાન) માણસો શ્રેષ્ઠ બહાના રજુ કરવા તેને એક

(પ્રકારનો હુન્નર) વિદ્યા સમજે છે. તેઓને શું થઈ ગયું છે ? ખુદા તેઓને હલાક કરે તે દગાબાજીનાં કાવતરા પૈકી વાયદો ન પાળવો પણ શામિલ છે. કાવતરાના કોઈ પણ કારણ હોય ખુદાનો હુકમ અને તેના હુકમોનો ઇન્કાર વચ્ચે આવે છે, તેથી હું તેની ઉપર અમલ કરતો નથી. ખુદાનો સાચો બંદો એ છે કે જે પોતાની નજરોની સામે છળકપટ (ફરેબ)ને જુએ અને તે પોતે પણ છળકપટ (બહાના) કરવાની શક્તિ ધરાવતો હોય તેમ છતાં તે કરતો નથી. પરંતુ જે માણસના દિલમાં દીનનું દર્દ (દીન પ્રત્યે સહાનુભૂતિ)ન હોય તે બહાના (છળ કપટ)ની નવરાશને યોગ્ય ગણી લે છે, અને ચાલબાજી અથવા વચનભંગ કરતો રહે છે."

* * * * *

# વચનભંગ અને જૂઠ

કેટલાક મુતજહિદો એ વાયદો તોડવા અને વાયદાના વિરૂધ્ધનાં કૃત્યને જૂઠનો એક પ્રકાર ગણાવેલ છે. ખાસ કરીને જો વાયદો કે અહદ કરતી વખતે જ તેને ન પાળવાની નિય્યત દિલમાં હોય તો તે જૂઠ જ ગણાય છે. આ રીતે જૂઠની મઝમ્મત, હુરમત અને સજાઓનું જે વર્ણન કુરઆને મજીદમાંની આયતો અને રિવાયતોના પ્રકાશમાં આગળ ઉપર થઈ ચૂકયું છે. તેમાં વાયદો તોડવા અને વાયદો ન પાળવાની બાબતોનો પણ સમાવેશ થઈ જાય છે.

* * * * *

# શરતી મામલો

મુજતહિદોના ફત્વાથી એ બાબત સ્પષ્ટ થાય છે કે, વેપારના અથવા બીજા કોઈ વ્યવહારમાં કોઈ શરત નિશ્ચિત કરવામાં આવી હોય, અથવા તો અહદ કે વાયદો કરવામાં આવ્યો હોય તો તેની ઉપર પણ ચૂસ્ત રીતે અમલ કરવો વાજીબ છે. દાખલા તરીકે કોઈ માલ ખરીદતી વખતે એવી શર્ત કરવામાં આવે કે માલમાં કોઈ ખામી નિકળશે તો તે માલ બે મહિના સુધીમાં પાછો આપી શકશે અને વેચનાર (દુકાનદાર) એવી શરત મૂકે કે માલ પાછો આપવો હોય માલમાં ખરીદનારે કોઈ નુકસાન કરેલું ન હોવું જોઈએ તો એવી શરતોની પાબંદી પણ વાજીબ છે. એવી જ રીતે મકાન માલિક પોતાના ભાડૂત સાથે એવી શરત કરે કે તે (ભાડૂત) પોતાના મકાનમાં કોઈ મહેમાનને રાખી શકશે નહીં. તો એવી શરતનું પાલન કરવું વાજીબ થશે. વ્યવહારમાં બંને પક્ષો એક બીજા સાથે શરત કરવાનો હક ધરાવે છે.

કેટલાક અન્ય મુજતહિદ ફરમાવે છે કે, ફકત આ શરતોની પાબંદી કરવી વાજીબ નથી પરંતુ શરતો મૂકી હોય તેવા માણસને પણ શરતો માનનાર માણસ પાસે પોતાના હકકોની માગણી કરવાનો શરઈ હક પ્રાપ્ત થઈ જાય છે. એટલું જ નહીં પણ જો તે ઇચ્છે તો બળજબરીપૂર્વક પોતાનો હક મેળવી શકે છે. વ્યવહાર (સોદો) નકકી કરતી વખતે તે શરતને ફરજીયાત બનાવવામાં આવી હોય તો આમ કરી શકાય છે. દાખલા તરીકે, નોકરીએ રહેનાર માણસ એવી શરત મૂકે કે દર મહીનાની પહેલી તારીખે પોતાનો પગાર મળવો જોઈએ તો તે પહેલી તારીખે પોતાના પગારની રકમ વસુલી શકે છે. એટલું જ નહીં, પરંતુ બળજબરીપૂર્વક અથવા નોકરીએ રાખનાર (માલિક)ની જાણ બહાર પણ પોતાનો હક મેળવી શકે છે. પરંતુ જો વ્યવહાર (કરાર) કરતી વખતે તે શરત ફરજીયાત ન ગણવામાં આવી હોય અને શરતની પાબંદીને ફકત બહેતર (વધારે સારી) સમજવામાં આવી હોય તો તેની પાબંદી વાજીબ નથી, તેમજ (વસુલાત કરવાનો) કોઈનો હક બનતો નથી. એવું પણ બને છે કે વ્યવહારનો શરત સાથે કોઈ સંબંધ ન હોય. એ સંજોગોમાં વ્યવહાર અંગેની શરત કરનારે પોતાની શરત

મુજબ પોતાનો હક મેળવવાનો અધિકાર પ્રાપ્ત થઈ જતો નથી. અલબત્ત શરત માનનાર માટે કરાર સિવાય પણ શરતની પાબંદી કરવી વાજીબ થશે.

* * * * *

# ગમે તે સંજોગોમાં વાયદો અચૂક પાળવો જોઈએ.

ઉપરની વિગતો જોતા કુરઆને મજીદની આયતો અને રિવાયતોના પ્રકાશમાં એ વાત સ્પષ્ટ થાય છે કે, વાયદો વફા કરવાની એટલી બધી તાકીદ કરવામાં આવી છે કે, દરેક પ્રકારના વાયદા પૂરા કરવામાં ખૂબ જ અહેતિયાતથી (સાવધાની પૂર્વક) કામ લેવું જોઈએ. જો માણસ વાયદો કરવા ન માગતો હોય પણ વાયદો કરવા માટે મજબૂર હોય તો તેણે હરામ કાર્ય અને વાયદો ન પાળવાના ગુનાહથી બચવા માટે કદાચ "જો-તો, ઇન્શાઅલ્લાહ" વગેરે શબ્દનો ઉપયોગ તે કરી શકે છે. એટલે કે, દાખલા તરીકે "ઇન્શાઅલ્લાહ" કહે તો તેનો અર્થ એ થાય છે કે જો ખુદા ચાહશે તો હું આ (કામ) કરીશ.

* * * * *

# ઇન્શાઅલ્લાહ કહીને અહદ અને નઝર કરવી.

એવા દરેક વાયદા, નઝર અથવા અહદ જેમાં **"ઇન્શાઅલ્લાહ"** કહેવામાં આવ્યું હોય, અથવા તો કોઈ પણ ભાષામાં (તે કામને) ખુદાની મરજી પર છોડી દેવામાં આવ્યું હોય તો તેવા વાયદાને વફા કરવો વાજીબ રહેતો નથી. અલ્લામા હિલ્લી (અ.ર.)એ આ પ્રમાણે જ ફરમાવ્યું છે અને મશહુર મુજતહિદો પણ આ વાત સાથે સહમત થયા છે. અલબત્ત જો વાયદો કે શરત વગેરે કોઈ વાજીબ કામ અદા કરવા માટે અથવા તો કોઈ હરામ કામ કરવાનું છોડવા માટે કરવામાં આવ્યો હોય તો તેનો ભંગ કરી શકાતો નથી.

એ વાત જાણી લેવી જોઈએ કે **"ઇન્શાહઅલ્લાહ"** કહેતી વખતે માણસના દિલમાં શરતી (અર્થ અને) ઇરાદો હોય તો તે વાયદાનું પાલન કરવું વાજીબ રહેતું નથી. એટલે કે જો તેના દિલમાં એમ હોય કે જો ખુદા ચાહશે તો આમ કરીશ અને જો ખુદા નહીં ચાહે તો આ પ્રમાણે નહીં કરૂં. પરંતુ જો માણસ ખરેખર વાયદાનું પાલન કરવાના ઇરાદાથી જ **"ઇન્શાઅલ્લાહ"** કહે અથવા તો કામમાં બરકત થાય તે હેતુથી **"ઇન્શાઅલ્લાહ"** કહે અને દિલમાં **"ઇન્શાઅલ્લાહ"** નો શરતી અર્થ ન હોય તો તેવા સંજોગોમાં શરત અથવા વાયદાનું પાલન અવશ્ય વાજીબ થઈ જશે.

* * * * *

# ગુનાહ કરવાનો વાયદો

એક વાત સ્પષ્ટ છે કે જો વાયદો અથવા તો શરત વિગેરે કોઈ વાજીબ કામને છોડી દેવા અથવા તો કોઈ હરામ કામને કરવા માટે હોય તો તેની પાબંદી વાજીબ નથી પરંતુ હરામ છે.

જો કોઈ માણસ એવો અહદ કરે કે તેની પત્ની અથવા તેનો પૂત્ર અમૂક ખરાબ કામ કરશે તો તેની ઉપર અમૂક પ્રકારની સખ્તી (સજા) કરીશ તો તેવા અહદ ઉપર અમલ ન કરવો અને તેઓને માફ કરી દેવા બહેતર છે. ઇરશાદ છે :

"બલ્કે તેમના માટે જરૂરી છે, કે તેઓની ભૂલને માફ કરી દે અને દરગુજર (ક્ષમા)થી કામ લે શું તમે એ નથી (પસંદ કરતા) ઇચ્છતા કે ખુદા તમારી ભૂલોને માફ કરી દે ?" **(સૂરએ નૂર ૨૪, આ નં ૨૨)**

ઉપરની આયતોનો અર્થ એ છે કે જો બંદાઓ બીજા બંદાઓની ભૂલોને માફ કરી દે તો ખુદા પણ એવા ક્ષમા કરનારા બંદાઓની ભૂલોને માફ કરી દેશે.

# જનાબે અય્યૂબ અલય્હિસ્સલામે પોતાની પત્નીને એક સો કોરડા મારવાના કસમ ખાધા.

જો સખ્તી કરવા માટે અથવા સજા આપવા માટેનો અહદ અથવા વાયદો બહુ જ તાકીદ સાથે કરવામાં આવ્યો તો બહેતર એ છે કે એવી નામ પૂરતી સજા કરવામાં આવે કે જે કાયદેસરની સજા પણ ગણાય અને તેનાથી વાયદાનો ભંગ થયો છે એવું પણ ન લાગે. દાખલા તરીકે પયગમ્બર હઝરત અય્યૂબ અલય્હિસ્સલામની પત્નીએ તેમની ઇચ્છા વિરૂધ્ધનું કામ કર્યુ ત્યારે તેમણે કસમ ખાધા કે પોતે સાજા થયા પછી તેણીને એક સો કોરડા મારશે. હઝરત અય્યૂબ અલય્હિસ્સલામ સાજા થયા ત્યારે ખુદાનો હુકમ થયો કે

"અને (અય અય્યૂબ અલય્હિસ્સલામ) લીલી વનસ્પતિની એક ડાળખી તારા હાથમાં લે (જેમાં સો ડાળીઓ હોય) તેનાથી (તારી પત્નીને એક વખત) માર, અને તારી પ્રતિજ્ઞા જૂઠી ન પાડ."

* * * * *

# બાવીસમો ગુનાહ

# અમાનતમાં ખયાનત

# (અમાનત ઓળવી જવી - વિશ્ર્વાસઘાત કરવો.)

બાવીસમો ગુનાહ છે અમાનતમાં ખયાનત કરવી અને આ એવો ગુનાહે કબીરા છે જેની **"નસ્સ"** (એટલે કે મોહકમ આયત અથવા સહીહ અને સ્પષ્ટ રિવાયત દ્વારા સાબિતી) મૌજૂદ છે. હઝરત અબ્દુલ અઝીમે હઝરત ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામથી સહીહ રિવાયત નોંધી છે અને હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ, હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ અને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી જે રિવાયત નોંધી છે, તેમાં પણ ખયાનત કરવી (અમાનત ઓળવવી) એ ગુનાહે કબીરા હોવાનું સાબિત છે.

ખયાનત એ અરબી શબ્દ છે. એઅમશે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ પાસેથી રિવાયત નોંધી છે, તેમાં ગુનાહે કબીરાની યાદી દર્શાવતા વલ ખયાનતોનો શબ્દ વાપરવામાં આવ્યો છે. અલબત્ત ખયાનતના અર્થ માટે જે બીજો શબ્દ વાપરવામાં આવ્યો છે તે **'ગોલૂલ'** છે. ફઝલ ઇબ્ને શાઝાને હઝરત ઇમામ રઝા અલય્હિસ્સલામ પાસેથી જે રિવાયત નોંધી છે તેમાં **'ગોલૂલ'** શબ્દનો ઉપયોગ થયો છે જેનો અર્થ ખયાનત કરવી એવો થાય છે. કેટલાક ડીક્ષનરી (શબ્દકોષ)ના કર્તા કહે છે, કે ગોલૂલ એવા માલે ગનીમતમાં ખયાનત કરવાને કહેવામાં આવે છે. જે કાફરો પાસેથી લુંટી લેવાયો હોય અને મુસલમાનોના કબ્જામાં આવી ગયો હોય પરંતુ તેની વહેંચણી થઈ ન હોય. કેટલાક ડીક્ષનરીના કર્તા લખે છે કે ગોલૂલ દરેક પ્રકારની ખયાનતને કહેવામાં આવે છે ભલે તે માલે ગનીમત હોય કે અન્ય પ્રકારનો માલ હોય.

* * * * *

# કુરઆને મજીદમાં ખયાનત કરનારના અઝાબનો ઉલ્લેખ

ઇરશાદે રબ્બુલ ઇઝઝત છે :

"અને જે ખયાનત કરે (કોઈ વસ્તુ અપ્રમાણિક રીતે પચાવી પાડે) અને જે કોઈ છૂપી રીતે કોઈ વસ્તુ પચાવી પાડશે તો કયામતના દિવસે તે તેને જાહેર કરવી પડશે, પછી દરેકને તેના કર્મોનો પૂરેપૂરો બદલો આપવામાં આવશે ને તેમના પર કાંઈ પણ ઝુલ્મ કરવામાં આવશે નહીં."

"શું તે શખ્સ જે અલ્લાહની મરઝીને અનુસરીને ચાલે છે, તે તેના જેવો હોય છે કે જેણે અલ્લાહની નારાજી વહોરી લીધી હોય અને તેનું ઠેકાણું જહન્નમ હોય ? અને તે ઘણું જ ખરાબ પાછા ફરવાનું ઠેકાણું છે."

**(સૂરએ આલે ઇમરાન - ૩, આ. ૧૬૧, ૧૬૨)**

સૂરએ તહેરીમમાં ઇરશાદ છે :

"તો એ બંને (હઝરત નૂહ અલય્હિસ્સલામ અને હઝરત લૂત અલય્હિસ્સલામની પત્નીઓ)એ તેમના પતિઓની સાથે ખયાનત કરી. (દગો દીધો) તેમ છતા તેમના પતિ (નબી હોવા છતાં) ખુદાની કસમે (અઝાબથી બચવામાં) તેણીઓને કાંઈ જ મદદરૂપ થઈ શકયા નહીં અને તે બંને સ્ત્રીઓને હુકમ આપવામાં આવશે કે જહન્નમમાં પ્રવેશનારાઓની સાથે તમે પણ દાખલ થઈ જાવ."

**(સૂરએ તહરીમ - ૬૬, આ. ૧૦)**

ઇરશાદ છે : "બેશક, ખુદા ખયાનત કરનારાઓને (વિશ્ર્વાસઘાત કરનારાઓને) પસંદ કરતો નથી."

**(સૂરએ અન્ફાલ, આ. ૫૮)**

એવી જ રીતે ઇરશાદ છે :

"અય ઈમાન લાવનારાઓ ! ખુદા અને રસૂલની ખયાનત (વિશ્ર્વાસઘાત)ન કરો, અને તમારી પાસે જે અમાનતો પડી છે, તેમાં ખયાનત ન કરો. હકીકતમાં તમે જાણો છો, (કે ખયાનત એક મોટો ગુનોહ છે.)"

**(સૂરએ અન્ફાલ - ૮, આ. ૨૭)**

"જો તમારામાંથી એક (પક્ષ) બીજાને વિશ્ર્વસપાત્ર સમજે તો જેને વિશ્ર્વાસપાત્ર સમજવામાં આવ્યો હોય તેને માટે જરૂરી છે કે આપનારની અમાનત પાછી આપી દે અને અલ્લાહથી કે જે તેનો પરવરદિગાર છે ડર."

**(સૂરએ બકરહ - ૨, આ. ૨૮૩)**

ઇરશાદ છે : "(હે મુસલમાનો) બેશક, ખુદા હુકમ આપે છે કે, તમે (તમારી પાસેની) અમાનતોને તેના માલિકો (અમાનતવાળાઓ) સુધી અવશ્ય પહોંચાડો."

**(સૂરએ નિસા - ૪, આ. ૫૮)**

* * * * *

# રિવાયતોમાં ખયાનતની મઝીમ્મત

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ફરમાવે છે :

"જે માણસ દુનિયામાં પોતાની પાસે રાખેલી કોઈ અમાનતમાં ખયાનત કરશે અને તેના માલિકને પાછી નહીં પહોંચાડે અને તે જ સ્થિતિમાં મૃત્યુ પામશે તો તેમા મિલ્લતમાં રહીને નહીં મરે. એટલે કે તે મુસલમાનનું મૌત નહીં મરે. એવો માણસ જયારે ખુદા સાથે મુલાકાત કરશે ત્યારે ખુદા તેની ઉપર ગઝબનાક

થશે, જે માણસ ખયાનતનો માલ ખરીદે અને પોતે જાણતો હોય કે તે ખયાનતનો માલ છે, તો તે પણ ખયાનત કરનારા જેટલો જ ગુનેહગાર છે."

**(વસાએલુશ્શીયા, કિતાબે અમાનત ભાગ - ૩, પાના નં ૬૪૧)**

બીજી એક હદીસમાં છે : "અને તેને જહન્નમમાં નાખી દેવાનો હુકમ આપવામાં આવશે. ત્યાર પછી તે જહન્નમના ઉંડા ખાડામાં જ પડેલો રહેશે."

**(વસાએલુશ્શીયા, કિતાબે અમાનત ભાગ - ૩)**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમનો આ પણ ઇરશાદ છે : "જો કોઈ મુસલમાન હોય તો તેણે મક્ર (દગા) થી કામ ન લેવું જોઈએ ન તો એણે કોઈને દગો દેવો જોઈએ"

"મેં જીબ્રઇલ પાસેથી સાંભળ્યું છે, કે મક્ર અને ફરેબ (દગો અને કપટ) જહન્નમની વસ્તુઓ છે. પછી આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે ફરમાવ્યું : જે કોઈ મુસલમાનને ફરેબ આપે (દગો કરે, છેતરે) તેઓ અમારામાંથી નથી અને ખુદા પર ઈમાન લાવનારા કોઈ માણસ સાથે ખયાનત કરે તે પણ અમારામાંથી નથી."

ઉસૂલે કાફીમાં આ હદીસ છે કે, ત્રણ વિશિષ્ઠતાઓ એવી છે કે જે માણસના નિફાકની નિશાની છે. ભલે પછી તે નમાઝ રોઝાનો પાબંદ હોય અને પોતાને સાચો મુસલમાન સમજતો હોય, જૂઠ, વાયદો ન પાળવો, અને અમાનતમાં ખયાનત કરવી. આ ત્રણેય બાબતોની હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો અગાઉ ઉલ્લેખ થઈ ચૂકયો છે.

હઝરત અમીરૂલ મોએમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે : "ચાર વસ્તુઓ એવી છે, જેમાંથી કોઈ એક વસ્તુ કોઈના ઘરમાં પ્રવેશી જાય તો તે ઘર (ના સભ્યો)ને આર્થિક રીતે તબાહ કરી નાખે છે.

**(૧) ખયાનત (અમાનત ઓળવવી)**

**(૨) ચોરી**

**(૩) શરાબખોરી અને**

**(૪) ઝીના (વ્યભિચાર)**

જો ઘરના એક સભ્ય અથવા સભ્યોમાં, આ ચારમાંથી કોઈ પણ એક બુરાઈ હોય તો તે ઘરમાંથી બરકત ચાલી જાય છે. દાખલા તરીકે ચોરી કરનારાના ઘરમાંથી બરકત ચાલી જાય છે. (પરંતુ જે ઘરમાંથી ચોરી થઈ હોય તે ઘરમાંથી બરકત જતી નથી.)

* * * * *

# ખયાનત આર્થિક દૂર્દશાનું કારણ બને છે.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે.

"અમાનત જાળવવી એ અમીરી અને આર્થિક મુશ્કેલીઓથી બચવા માટે કારણરૂપ બને છે. જયારે ખયાનત (કરવી) આર્થિક મુશ્કેલીઓ અને ગરીબી (ભૂખમરો) માટે કારણરૂપ છે.

રાવી કહે છે કે મેં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં અર્ઝ કરી : "મદીનામાં એક સ્ત્રી રહે છે જેની પાસે લોકો પોતાની દિકરીઓને કેળવણી માટે મુકી જાય છે અને કહે છે કે તે સ્ત્રી જેવી બેનિયાઝ (નિસ્પૃહી) બીજી કોઈ સ્ત્રી અમે જોઈ નથી. એ સ્ત્રી પોતાની થોડી રોઝી ઉપર પણ સંતોષપૂર્વક નિરાંતે ગુજરાન ચલાવે છે. તેણી કદી પણ આર્થિક રીતે પરેશાન જોવા મળી નથી. ઇમામે ફરમાવ્યું કે એટલા માટે કે

તે સ્ત્રી સાચુ બોલે છે. અને અમાનતોની જાળવણી કરે છે. આ વસ્તુઓ જ તેની રોઝીની વિશાળતાના કારણો છે.''

**(વસાએલુશ્શીયા, કિતાબે અમાનત ભાગ ૧, હદીસ નં ૫)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની આ હદીસ વસાએલુશશીયામાં મૌજૂદ છે. કોઈ પણ માણસના લાંબા લાંબા રૂકુઅ અને સજદાઓ ન જુઓ, પરંતુ તેની સચ્ચાઈ અને અમાનતદારી જુઓ. શકય છે કે એ (સિજદા રૂકુઅ કરવા) ની તેને ટેવ પડી ગઈ હોય અને તે ટેવ છોડવી તેના માટે સખ્ત મુશ્કેલ હોય. એટલે સચ્ચાઈ અને અમાનતદારી. આ બે સદગૂણો એવા છે જે, માણસનું ઈમાન મજબૂત હોવાની અને તેના સઆદતમંદ હોવાની દલીલ છે.

* * * * *

# અમાનત કોઈની પણ હોય

અમારી પાસે એવી ઘણી રિવાયતો મૌજૂદ છે, જેમાં કોઈની પણ અમાનતો હોય તેનું રક્ષણ કરવું વાજીબ અને તેમાં ખયાનત કરવી (અમાનત ઓળવી જવી) હરામ છે. અમાનત મુસલમાનની હોય કે ગૈર મુસ્લિમની તેની જાળવણી વાજીબ છે. એટલે સુધી કે **''નાસેબી''** લોકો જેઓ એહલેબૈત અલય્હેમુસ્સલામ પ્રત્યે ખુલ્લમ ખુલ્લા દુશ્મની જાહેર કરે છે, તેમની પણ અમાનત સાચવવી વાજીબ છે. નાસબી લોકો સૌથી ખરાબ પ્રકારના કાફર છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : ખુદાથી ડરો અને જે માણસે તમારી પાસે અમાનત મૂકી હોય તેની અમાનતને સમયસર પાછી આપો. જો હઝરત અલી અલય્હિસ્સલામનો કાતિલ પણ મને અમીન સમજીને કોઈ અમાનત મારી પાસે મૂકી જતે તો હું તેને સમયસર પાછી આપત.

**(વસાએલુશ્શીયા, કિતાબે અમાનત, પ્રકરણ - ૨, પાના નં ૬૪૧)**

આ જ હદીસમાં આગળ છે કે 'ખુદાથી ડરો, એન કાળા - ગોરા તમામની અમાનતોનો ખ્યાલ રાખો. ભલે અમાનત રાખી જનારો માણસ ખ્વારીજ (હઝરત અલી અલય્હિસ્સલામના દુશ્મન)માંથી હોય કે શામનો રહેવાસી (એહલેબૈત અલય્હેમુસ્સલામની વિરૂધ્ધ લડનારો કે તેઓ સાથે દુશ્મની રાખનારો) હોય.'

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું : શું નાસેબી (એટલે કે એહલેબૈત અલય્હેમુસ્સલામના ખુલ્લા દુશ્મનો)ની અમાનતમાં ખયાનત કરવી અમારા માટે જાએઝ છે ?

ઇમામ અલય્હિસ્સલામે જવાબ આપ્યો તમારી પાસે અમાનત મૂકી જનાર તથા તમારી પાસેથી નેક મશ્વેરો (સલાહ) લેનારની અમાનત (અને વાત)નું રક્ષણ કરો, ભલે પછી તે હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામનો કાતિલ પણ કેમ ન હોય

**(વસાએલુશ્શીયા, કિતાબે અમાનત, પ્રકરણ - ૨, પાના નં ૬૪૧)**

તેના જેવી જ બીજી એક રિવાયત છે : હુસૈન શાબાની કહે છે કે, મેં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને અર્ઝ કરી : ''આપના ચાહનારાઓમાંથી એક માણસ એવો છે જે બની ઉમય્યાનો માલ અને તેઓનું લોહી પોતાના માટે હલાલ સમજે છે અને બની ઉમય્યાના લોકોની અમાનતો પણ તેની પાસે છે.''

ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : ''અમાનતને તેના માલિક પાસે સમયસર અને સુરક્ષિત પહોંચાડી દો, ભલે પછી તે અમાનત મૂકી જનારો મજૂસી (અગ્નિ પૂજક) કેમ ન હોય ''

છઠ્ઠા ઇમામ અલય્હિસ્સલામ આ પણ ફરમાવે છે : "ખુદાએ કોઈ નબીને સાચુ બોલવા અને સારા તથા ખરાબ દરેક પ્રકારના લોકોની અમાનતની સંભાળ રાખવાના હુકમ સિવાય મોકલ્યા નથી."

**(વસાએલુશ્શીયા)**

મોહમ્મદ બિન કાસિમ કહે છે : "મેં અબુલ હસન હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામને એક માણસ વિશે પૂછયું જેણે બીજા એક માણસ પાસે પોતાનો કિમતી માલ અમાનત તરીકે રાખ્યો છે. અમાનત રાખનાર અરબ છે અને એટલો શક્તિશાળી છે કે (ઇચ્છે તો) અમાનતમાંથી અમૂક માલ પાછો ન આપે. જયારે અમાનત મૂકનાર માણસ દુષ્ટ અને ખારજી, એહલેબૈત અલય્હેમુસ્સલામનો દુશ્મન છે."

ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "તેને (અમાનત રાખનારને) કહી દો કે તે માલ પાછો આપી દે, કારણ કે તેની પાસે ખુદાની અમાનત રાખવામાં આવી છે. (એટલે કે એવી અમાનત રાખી છે જેનું રક્ષણ કરવું ખુદાનો હુકમ છે.)

**(વસાએલુશ્શીયા)**

હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ પોતાના શીઆઓને સંબોધીને ફરમાવે છે :

"અમાનતને સમયસર પાછી સોંપવાની તમારી ફરજ છે. એ ઝાતની કસમ, જેણે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમને બરહક નબી બનાવીને મોકલ્યા છે, જો મારા પિતા હુસૈન ઇબ્ને અલી અલય્હિસ્સલામનો કાતિલ પણ મારી પાસે એ તલવાર અમાનત તરીકે મૂકી જાત જેનાથી તેઓને શહીદ કર્યા હતા તો પણ હું તેને તે સમયસર પાછી આપી દેત."

**(વસાએલુશ્શીયા, કિતાબે અમાનત)**

* * * * *

## શયતાન બહેકાવે છે.

શરઈ રીતે કોઈપણ કામ જેટલું અગત્યનું હોય તે કામ કરતા અટકાવવા માટે શયતાન એટલા જ વધારે પ્રમાણમાં પ્રયાસો કરતો હોય છે. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

જો કોઈની પાસે અમાનત મૂકવામાં આવી હોય, અને તે અમાનતને સમયસર અદા કરી દે તો તે જહન્નમ સાથે બાંધવામાં આવેલી પોતાની એક હજાર ગાંઠોને ખોલી નાખે છે.

* * * * *

## અમાનત અદા કરવામાં સુસ્તી (આળસ) ન કરો.

બેશક જયારે કોઈ માણસ પાસે અમાનત મૂકવામાં આવે છે ત્યારે ઇબ્લીસ (શેતાન) પોતાના એક સો સરકશ અને મદદગાર શેતાનોને તેની પાછળ તેને ગુમરાહ કરીને તેના દિલમાં અમાનતમાં ખયાનત (વિશ્ર્વાસઘાત) કરવાનો વસવસો (તીવ્ર ઇચ્છા) પૈદા કરવામાં લગાડી દે છે અને તે માણસને હલાકત (વિનાશ)માં ન નાખી દે ત્યાં સુધી તે શયતાનો તેની પાછળ લાગેલા રહે છે. ફકત જેને ખુદા બચાવે તે જ આ બૂરાઈથી બચી શકે છે.

* * * * *

## હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો અમીન લકબ

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ વિશે બધા જ ઇતિહાસો નોંધે છે કે ઇસ્લામ આવતા પહેલા કુફફારે કુરૈશ, આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને અમીનના લકબથી

સંબોધતા હતા. આપની અમાનતદારી ઉપર મુશ્રિકોને પણ એટલો બધો ભરોસો હતો કે તેઓ પણ તેમની અમાનતો આપ પાસે સાચવવા મુકી જતા હતા. આ વાત ફકત કુરૈશ કબીલાઓ પૂરતી મર્યાદિત ન હતી, પણ અરબના તમામ કબીલાઓ અને વિસ્તારોના લોકોને પણ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની અમાનતદારી ઉપર સંપૂર્ણ ભરોસો હતો. જયારે તે લોકો હજના સમયમાં મકકા આવતા ત્યારે પોતાની અમાનતો આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને સોંપી જતા હતા. ઇસ્લામ મઝહબના જાહેર થયા પછી પણ આ જ સ્થિતિ યથાવત રહી હતી. આપણે ઇતિહાસમાં એ વાત વાંચીએ છીએ કે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને જયારે મદીના તરફ હિજરત કરવી હતી ત્યારે તેઓએ પોતાની પાસે જે અમાનત હતી તે તમામ અમાનત હઝરત અલી અલય્હિસ્સલામને સોંપી દીધી હતી અને ફરમાવ્યું હતું :

'દરરોજ સવારે અને સાંજે મકકામાં અવાજ (જાહેરાત) કરજો કે કોઈ માણસે હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પાસે કોઈ અમાનત મૂકી હોય તે (મારી પાસે) આવે જેથી હું તેઓની અમાનત સોંપી દઉં.'

* * * * *

## ખયાનતના પ્રકાર

અમાનતનો વિરોધી શબ્દ ખયાનત છે. ખયાનતના ત્રણ પ્રકાર છે.

**(૧) ખુદાની સાથે ખયાનત**

**(૨) રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સાથે ખયાનત અને**

**(૩) લોકોની સાથે ખયાનત**

* * * * *

## (૧) અમાનતે ખુદા

સૂરએ અહઝાબમાં ઇરશાદ છે : 'નિસંશય અમોએ (ન્યાય અને આજ્ઞાપાલનની અમાનતોની) જવાબદારીનો બોજો આકાશો તથા પૃથ્વી તથા પર્વતો સમક્ષ રજૂ કર્યો, પણ તે સર્વએ ઉંચકવાનો ઇન્કાર કર્યો, અને તેઓ તેનાથી ડરી ગયા પણ મનુષ્યએ તે ઉંચકી લીધો, નિસંશય તે (મનુષ્ય) પોતાના હકમાં મોટો ઝુલ્મગાર (અને) અજ્ઞાન છે."

**(સૂરએ અહઝાબ - 33, આ. ૭૨)**

ઉપરની આયતમાં ખુદાની આયતનો શું અર્થ કરવો તે બાબતમાં આલિમોના નિવેદનો જુદા જુદા છે. કેટલાક આલિમો તેનું અર્થઘટન અકકલની નેઅમત કરે છે. અકકલની અમાનતની સારી સુરક્ષા એ છે કે, અકકલ દ્વારા માણસ પોતાના મઅબૂદ (અલ્લાહ)ને ઓળખે અને અલ્લાહે દેખાડેલા માર્ગ ઉપર ચાલે. કેટલાક આલિમો કહે છે કે "ખુદાવંદે તઆલાએ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ મારફત પોતાના બંદાઓને વાજીબાત અને હરામ કામો વિશેના જે હુકમો આપ્યા છે. તે ખુદાની અમાનત છે. અને તેની પાબંદી (એટલે કે તેની ઉપર ચૂસ્ત રીતે અમલ કરવો) એ જ અલ્લાહે આપેલી અમાનતની સુરક્ષા કરવા સમાન છે. એ વાત સમજી શકાય તેવી છે કે પર્વતો અને જમીનોમાં આવી અમાનતની સુરક્ષા કરવાની ક્ષમતા ન હતી તેથી જ તે વસ્તુઓએ આ અમાનતોનો સ્વિકાર કર્યો નહીં. પરંતુ ઇન્સાનોમાં આવી અમાનતો જાળવવાની ક્ષમતા હતી, તેથી જ ઇન્સાનોએ આ અમાનતોને સ્વિકારી લીધી. બેશક ઇન્સાન (પોતાના નફસ ઉપર) ઝાલિમ છે

એટલે પોતાની ગઝબનાક વાળી (ગુસ્સાની) શક્તિને, અકકલની શક્તિ ઉપર પ્રભુત્વ આપી દે છે. જેના પરિણામે ખુદાએ આપેલી અમાનતમાં ખયાનત કરી બેસે છે. બેશક ઇન્સાન અજ્ઞાન અને મૂર્ખ છે. પોતાની વાસના ઉત્પન્ન કરતી શક્તિનું આંધળું અનુકરણ કરી બેસે છે અને તેના (શકિશાળી) પ્રભાવમાં આવી જઈને અમાનતે ખુદામાં ખયાનત કરીને ખુદા તરફથી થનારા અઝાબમાં ફસાઈ રહયો છે. તે વાતથી અજાણ રહી જાય છે.

* * * * *

# બુધ્ધિની સંપત્તિ અને અમાનતદારી

અકકલ (બુધ્ધિ) પણ ખુદાની સૌથી મોટી નેઅમત છે અને તેની સુરક્ષાની આવશ્યક શરત એ છે કે માણસ હંમેશા પોતાની અકકલની સુરક્ષા કરે. કોઈ વાત કે કામ અકકલની પ્રેરણા કે હુકમ વગર ન કરવું એ જ અકકલની સુરક્ષા છે. જો માણસ પોતે અકકલના હુકમને અવગણે અને કામવાસના અને ગુસ્સા જેવી શક્તિઓનો ગુલામ થઈ જાય અને તેનું જ અનુકરણ કરવા માંડે તો તે ખુદાની આ મહાન અમાનત સાથે ખયાનત કરી બેસે છે. પરવરદિગારે આલમે તેના બંદાઓને જે તકાલિફે શરઈ આપી છે, એટલે કે બંદાઓ માટે હરામ અને હલાલના હુકમો બયાન કરવામાં આવ્યા છે, તેના સંબંધમાં અમાનત અદા કરવા પ્રત્યેની જવાબદારી એ છે કે, માણસ પોતાનાથી શકય હોય તે તમામ રીતે પોતાની શરઈ જવાબદારીઓને સમજી લે. કયાંક એવું ન બને કે શરીઅતના કોઈક મસઅલા વિશે તે એટલું પણ ન જાણતો હોય કે આ બાબતમાં ખુદાનો શું હુકમ છે ? પોતાની તકાલીફે શરઈને સમજી લીધા પછી આ બાબતમાં અમાનતદારીનો તકાઝો એ પણ છે કે, તેને દિલના ઉંડાણથી સ્વિકારી લેવામાં આવે અને તેની ઉપર સંપૂર્ણપણે અમલ કરવામાં આવે.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામે ફરમાવ્યું : ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની નાફરમાની કરવી એ તેઓની સાથે ખયાનત કરવા સમાન છે. જયાં સુધી અમાનતમાં ખયાનત કરવાની વાતને લાગે વળગે છે, તો દરેક ઇન્સાન ખુદાએ તઆલાએ આપેલી ફરજોના હુકમોનો અમાનતદાર છે. એટલે કે ખુદા તરફથી નિશ્ચિત કરવામાં આવેલી વાજીબાતો, એ ખુદાની અમાનત સમાન છે. અને તેનું પાબંદી સાથે પાલન કરવું એ અમાનતની સુરક્ષાની જાળવણી છે.

**(તફસીરે સાફી)**

જયારે નમાઝનો સમય થતો ત્યારે અમીરૂલ મોએમનીન હઝરત અલી અલય્હિસ્સલામ બેચૈન થઈ જતા હતા, ધ્રુજવા લાગતા હતા અને તેમના મૂખનો રંગ બદલાઈ જતો હતો.

જયારે તેમને પૂછવામાં આવ્યું કે : અય અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ આપની આ હાલત કેવી થઈ ગઈ છે ?

ત્યારે હઝરત અલી અલય્હિસ્સલામે ફરમાવ્યું : નમાઝનો સમય આવી ગયો એવી અમાનત અદા કરવાનો સમય આવી ગયો જે અમાનત ખુદાએ આકાશ, પૃથ્વી અને પહાડો સમક્ષ મૂકી હતી અને તે ઉઠાવવાનો તેમણે ઇન્કાર કરી દીધો હતો, અને તેનાથી ડર અનુભવ્યો હતો.

અલબત્ત આ અમાનતની વાત ફકત નમાઝ પૂરતી જ મર્યાદિત નથી પણ આ વાત તમામ ઇલાહી ફરજોને લાગુ પડે છે કે તમામ ઇલાહી ફરજો અલ્લાહની અમાનત છે. અલબત્ત નમાઝ એ ખૂબ જ મહત્વની ઇબાદત અને ફરજ છે.

* * * * *

# અહકામે દીનને લોકો સુધી પહોંચાડવા

વર્તમાન યુગમાં, એ કેટલી અફસોસની વાત છે કે લોકોનો મોટો વર્ગ ખુદાની અમાનતમાં ખયાનત કરી રહયો છે. આજના યુગમાં લોકો દુનિયા પરસ્તી, લાલચ અને શહવત (કામવાસનાની માયાજાળ)માં એટલા બધા ફસાઈ ગયા છે કે અહેકામે દીન (દીનના હુકમો) ઉપર અમલ કરવાની વાત તો બાજુ પર રહી, પણ કોઈને અહેકામે દીન શીખવાની ફુરસદ પણ નથી. દીનના ચિન્હો દિવસે દિવસે ભૂંસાતા જાય છે એન ઇલાહી ફરજો પ્રત્યે અમલ કરવા વલણ ઘટતુ જાય છે. આજના યુગમાં સૌથી વધુ આવશ્યકતા એ વાતની છે કે લોકો પોતે અહેકામે દીન શીખે, એટલું જ નહીં, તે હુકમોની વાત બીજા લોકો સુધી પહોંચાડે, ખુદાના હુકમનું પાલન કરવા પ્રત્યે પોતે પણ બેદરકાર ન રહે અને બીજાઓને પણ અમલ કરવા વિશે તાકીદ કરે.

* * * * *

# (૨) અમાનતે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ

શીઆ અને સુન્ની બંને પંથમાં આ હદીસ સ્વીકૃત છે કે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે પોતાની વફાત પહેલા ફરમાવ્યું હતું :

"હું તમો લોકો વચ્ચે બે વજનદાર વસ્તુઓ મુકી જાઉં છું. એક કિતાબે ખુદા અને બીજી મારી ઇતરત (એહલેબૈત)" (ત્યાર પછી આગળનું વાકય ઇતિહાસમાં આ રીતે નોંધાએલું છે. "હું કયામતના દિવસે તમને લોકોને પ્રશ્ન કરીશ કે તમે એ બંને (વસ્તુઓ) સાથે શું કર્યુ ? (કેવો વ્યવહાર કર્યો ?)"

તફસીરે મજમઉલ બયાનમાં લખ્યું છે કે કુરઆને મજીદ અને ઇતરતને "**સકલૈન**" બે વજનદાર વસ્તુઓ એ માટે કેહવામાં આવ્યા છે કે, તેમની પયરવી કરવી એ ખૂબ જ મૂશ્કેલ (અપ્રિય લાગે તેવી) બાબત છે. આ બંને એવી અમાનતો છે, જેની જાળવણી કરવી એ બહુ જ બહાદુરીનું કામ ગણાય છે. સાચો મુસલમાન એ છે જે ભારે જવાબદારીઓનું વહન કરે. એટલે કે કુરઆન મજીદના હુકમો ઉપર અમલ કરે અને એહલેબૈતે રસૂલ અલય્હેમુસ્સલામની પૈરવી કરે. પરંતુ એ વાતનો અફસોસ થાય છે કે ઉમ્મતે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે આ અત્યંત મહ્ત્વની જવાબદારીને લક્ષમાં રાખી નથી.

અને (કયામતના દિવસે) રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ કહેશે કે "અય મારા પરવરદિગાર મારી કૌમે આ કુરઆનને તદ્દન છોડી દીધું હતું."

**(સૂરએ ફુરકાન ૨૫, આ. 30)**

સુજ્ઞ વાચક ભાઈ બહેનો ! આપણે એ વાતને સતત લક્ષમાં રાખવી જોઈએ કે કાશ, રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ જે કૌમ વિશે અલ્લાહ તઆલાને ફરિયાદ કરશે તેની બહુમતિમાં આપણે ન હોઈએ.

* * * * *

# એહલેબૈત અલય્હેમુસ્સલામ રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના અમાનતદાર છે.

એહલેબૈતે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પોતે જ ખુદાની એક અમાનત છે, જે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ આપણા માટે મૂકી ગયા છે આ અમાનતની જાળવણી એ છે કે દિલથી તેઓ (એહલેબૈત અલય્હેમુસ્સલામ) સાથે મોહબ્બત અને મવદ્દત રાખવામાં આવે. તેઓની હકકાનિય્યતને સાચા દિલથી માનવી જોઇએ. તેઓના હુકમ પ્રમાણે ચાલવું જોઈએ. તેઓના હુકમને ખુદા અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે

વઆલેહી વસલ્લમનો હુકમ માનવો જોઈએ. તેઓને ખુદાની તરફથી આપણી ઉપર હુજ્જત તમામ કરી છે. હવે આપણે એવું બહાનું રજુ કરી શકીએ તેમ નથી કે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વફાત પછી આપણી હિદાયત કરવા માટે કોઈ ન હતું. તેઓને આપણી અને ખુદાની વચ્ચેનું માધ્યમ સમજવું જોઈએ. સાદાતે કેરામ (એહલેબૈત અલય્હેમુસ્સલામના વંશજો)ને તેમની નિશાની સમજીને તેમનું માન જાળવવું જોઈએ. સાદાતે કેરામની જરૂરિયાતો પૂરી કરવાનો ખ્યાલ રાખવો જોઈએ. જેથી કરીને તેમના દાદા (પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમ)ની અમાનતનો હક અદા કરી શકયો ગણાય.

એક રીત જોઈએ તો, હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમની વફાતથી અત્યાર સુધી જ નહીં બલ્કે કયામત સુધી, એહલેબૈત અલય્હેમુસ્સલામ, અહેકામે ખુદા અને અહેકામે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમના અમાનતદાર અને અમીન છે. બીજી બાજુએ ખુદ આપણા હકમાં રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની એક ભારે અમાનત છે જે અમાનત કુરઆને મજીદ સમાન જ બીજી અમાનત છે. એહલેબૈત અલય્હેમુસ્સલામની અમાનત જાળવવાનો હક એ છે કે એહલેબૈત અલય્હેમુસ્સલામના ગમને આપણે આપણો ગમ સમજીએ અને તેઓ અલય્હિસ્સલામની ખૂશીને આપણી ખૂશી સમજીએ. જો તેઓ જાહેરી જિંદગીમાં (હાજર) હોય તો આપણે પોતે જ તેમની ઝિયારત માટે જવું જોઈએ. અને જો તેઓ આ દુનિયામાંથી જઈ ચૂકયા હોય તો તેમના રોઝા મુબારક અને મઝારાતની ઝિયારત માટે જવું જોઈએ.

* * * * *

# (૩) લોકોની અમાનત

અમાનતના બે પ્રકાર છે, એક **અમાનતે મિલ્કી**, (માલિકીની અમાનત) બીજી **અમાનતે શરઈ,** અમાનતે મિલ્કી એ છે કે માણસ પોતાનો માલ બીજા કોઈ પાસે અમાનત રૂપે મુકે. અમાનતે મિલ્કીના પણ કેટલાક પ્રકાર છે. કયારેક અમૂક વસ્તુ ફકત સુરક્ષાના હેતુસર કોઈની પાસે અમાનત તરીકે રાખવામાં આવે છે કયારેક ફકત ઉપયોગ કરવા માટે કોઈ વસ્તુ આપવામાં આવે છે જે પાછી લઈ લેવાઈ છે. જેને વસ્તુ ઉછીની આપવી (થોડા દિવસ માટે વાપરવા લેવું કે આપવું) પણ કહેવામાં આવે છે. આ પણ અમાનતનો એક પ્રકાર છે. કયારેક કોઈ વસ્તુ આપવામાં આવે તો તેનું ભાડું લેવામાં આવે છે. દાખલા તરીકે મકાન ભાડુ લઈને ઉપયોગ કરવા દેવા (ભાડે) આપવામાં આવે છે જે એક પ્રકારની અમાનતે મિલ્કી ગણાય છે. કયારેક કોઈ વસ્તુ ગીરવી તરીકે મૂકવામાં આવે છે અને તેની જામિનગીરી ઉપર બીજો માલ (કે પૈસા) લેવામાં આવે છે. ગીરવી તરીકે મૂકવામાં આવેલી વસ્તુ પણ અમાનત છે. જો કે ગીરવી તરીકે કોઈ વસ્તુ મૂકીને તેની જામિનગીરી ઉપર કોઈ માલ (કે પૈસા) લેવામાં આવ્યા હોય અને માલ (કે પૈસા) પરત કરવામાં ન આવે તો ગીરવી તરીકે મૂકવામાં આવેલી વસ્તુને વેચીને નૂકસાનને ભરપાઈ કરી શકાય છે. એવી જ રીતે મુઝાબાહનો માલ (ધંધો કરવા માટે નફામાં ભાગ રહે તે શરતે માલ આપવો) એટલે કે સરમાયાકારી (મૂડી રોકનાર)નો માલ પણ એક પ્રકારની અમાનત છે જે બીજા કોઈને વ્યાપારના હેતુ માટે આપવામાં આવે છે. તેવી જ રીતે કર્ઝ (લોન - દેવુ) પણ એક અમાનત છે. આવી તમામ વસ્તુઓ અમાનતે મિલ્કી ગણાય છે.

* * * * *

# શરઈ અમાનત

અમાનતે શરઈ એ છે કે : "કોઈ એક માણસનો માલ બીજા માણસની પાસે અમાનતરૂપે હોય પણ તે વસ્તુના માલિકે તેને અમાનત તરીકે આપ્યો ન હોય. દાખલા તરીકે ભારે હવાનું ઝાપટું આવે અને પાડોશીના ઘરમાં લટકતા કપડા બાજુવાળા (પાડોશી)ના ઘરમાં પડી ગયા હોય, અથવા તો કોઈનું ખોવાયેલું, પાળેલું

જાનવર બીજા કોઈના ઘરમાં પહોંચી ગયું હોય, અથવા તો કોઈ ખરીદનાર (ગ્રાહક) કોઈ બંધ પડીકું (પેકેટ) લઈ જાય, તેમાં દુકાનદાર પોતાનો (વેચ્યા વગરનો) કોઈ માલ મૂકીને ભૂલી ગયો હોય અથવા તો ગ્રાહકે ભૂલથી વધારે રકમ દુકાનદારને આપી દીધી હોય અથવા માણસને રસ્તા ઉપરની કોઈ મોટી રકમ પડેલી મળી હોય અથવા તો ચોરીનો કે ગસબ થએલો કોઈ માલ હાથમાં આવી ગયો હોય તો આ તમામ વસ્તુઓ શરઈ રીતે અમાનત ગણાય છે. એને તેના અસલ માલિક સુધી પહોંચાડવી વાજીબ છે. અને તે વસ્તુ વાપરવાનો કોઈ હક રહેતો નથી. અમાનતે શરઈનો બીજો દાખલો એ છે કે, કોઈનો પત્ર કોઈને (ભૂલથી) મળી જાય તો તે પત્ર તેના મૂળ માલિકને પહોંચાડવો અથવા તો તે પત્ર પહોંચાડવાની વ્યવસ્થા કરવાની ફરજ છે. બીજા કોઈનો પત્ર ખોલવો અને વાંચવો હરામ છે.

* * * * *

# લોકોના માલમાં ખયાનત

જો કોઈ બીજાની અમાનતે મિલ્કી અથવા તો અમાનતે શરઈ કોઈ પાસે આવી જાય તો તેમાં ખયાનત કરવી હરામ છે અને આગળ ઉપર વર્ણન થઈ ગયું તે મુજબ ગુનાહે કબીરામાંથી છે. ખયાનત નીચે જણાવ્યા ત્રણ ગુનાહોનો સમુહ છે.

**(૧) બીજાઓ પર ઝુલ્મ કરવો.**

**(૨) 'તફરીત' એટલે કે વાજીબ કામ પ્રત્યે બેદરકારી (આળસ) દાખવવી અને**

**(૩) બીજા કોઈના માલનો નાજાએઝ રીતે ઉપયોગ કરવો.**

* * * * *

# (૧) બીજા કોઈના માલનો પરવાનગી વગર ઉપયોગ કરવો

બીજા કોઈની માલિકીના માલનો તેના પરવાનગી વગર ખર્ચ કે ઉપયોગ કરવો એ ઝુલ્મ છે. જો કોઈ માણસ કોઈ બીજાની પરવાનગી વગર તેનો માલ લઈ લે, તેના માલિકને તે વાતની જાણ હોય કે ન હોય, તે માલ કર્ઝ તરીકે લીધો હોય અને તે પાછો આપવાનો ઇરાદો હોય તો પણ તેમાં માલિકીની મંજૂરી (કે મરજી) નહીં હોવાથી તે પણ ખયાનત અને હરામ છે. બીજા કોઈની વસ્તુને એક ક્ષણ (સેકન્ડ) માટે પણ તેની પરવાનગી વગર વાપરવી હરામ છે. એટલું જ નહીં, બીજા કોઈની વસ્તુને કોઈ પણ ઉઝરે શરઈ (શરઈ કારણો) સિવાય એક જગ્યાએથી ઉપાડીને બીજી જગ્યાએ મૂકવી પણ હરામ છે. અલબત્ત જો ખાત્રીપુર્વક જાણતા હોઈએ કે માલિકની પરવાનગી વગર તે વસ્તુ વાપરવામાં માલિક રાજી રહે તો તેવા માલનો ઉપયોગ જાએઝ છે. પરંતુ તેવી વસ્તુનો ઉપયોગ કરતી વખતે તે વસ્તુ નાશ પામે અથવા તેમાં કોઈ ખામી (ક્ષતિ કે નુકસાન) થાય તો તે વસ્તુ વાપરનાર, નૂકસાનનું વળતર (બદલો) તે વસ્તુના માલિકને ભરપાઈ કરવા માટે જવાબદાર રહેશે.

એક મસઅલો એ પણ છે કે, જો અમાનતદારે (અમાનતદાર રાખનાર માણસે) પોતાની શક્તિ મુજબ અમાનતની સુરક્ષા કરી હોય તેમ છતાં અમાનતની વસ્તુ ખામી કે નુકસાન થઈ ગયું હોય અથવા તો તે વસ્તુ નાશ પામી હોય તો અમાનતદાર માણસ જવાબદાર રહેતો નથી. તે સંજોગોમાં તેણે તે વસ્તુનો બદલો આપવો નહીં પડે. તો તે નુકસાનનું વળતર ભરપાઈ કરવા માટે જવાબદાર રહેશે. તેવી જ રીતે માલિકની પરવાનગી વગર અમાનતનો માલ વાપરનાર પણ અમાનતને નૂકસાન થાય તે માટે જવાબદાર રહેશે. એટલું જ નહીં,

તેણે તે અમાનત તાત્કાલિક પાછી આપી દેવી જોઈએ અથવા તો તેના માલિકની રજા લઈ લેવી જોઈએ. સૂરએ તૌબાની આયત ૯૧ માં ઇરશાદ છે :**"અહેસાન કરનારા ઉપર કોઈ દોષ નથી."**

કુરઆને મજીદની ઉપરોકત આયતથી સ્પષ્ટ થાય છે કે, જે માણસે પોતાની પાસે અમાનત રાખીને અહેસાન (ઉપકાર) કર્યો હોય અને પોતાની શક્તિની મર્યાદામાં અમાનતનું રક્ષણ કર્યું હોય, તેમ છતાં જો અમાનત નાશ પામે તો અમાનત મૂકનાર માણસ મોહસીન (અહેસાન કરનાર)ની વિરૂધ્ધ કોઈ દાવો કરી શકતો નથી.

* * * * *

# (૨) અમાનતની જાળવણીમાં બેદરકારી

લોકોની દ્રષ્ટિએ જો એમ કહેવામાં આવે કે, માણસે અમાનતની જાળવણીના સંબંધમાં બેદરકારી દેખાડી છે, જેમકે અમાનતની વસ્તુને સુરક્ષિત જગ્યાએ રાખેલ નથી, તો અમાનદાર તેનું નૂકસાન ભરપાઈ કરવા માટે જવાબદાર ગણાશે. અમાનત રાખનાર માણસને તેના મૂળ માલિકની રજા વગર, તેની પાસેથી અમાનત બીજા કોઈ પાસે અમાનત તરીકે મૂકવાનો હક નથી, એટલે કે અમાનત બીજા કોઈ પાસે તબ્દીલ (ટ્રાન્સફર) કરવા માટે પણ મૂળ માલિકની પરવાનગી પ્રાપ્ત કરવી આવશ્યક છે. જો મૂળ માલિકની પરવાનગી મેળવ્યા વગર અમાનતદાર પોતાની પાસે જે અમાનત હોય તેને બીજા કોઈ પાસે અમાનત તરીકે મૂકી દે અને તેની પાસેથી તે અમાનત નાશ પામે તો પહેલો અમાનતદાર તે માટે જવાબદાર ગણાશે અને જે માણસ પાસે પહેલા અમાનત મૂકવામાં આવી હતી તેણે બેદરકારી દાખવી ગણાશે. આમ જો મૂળ અમાનતદાર બીજા કોઈને પોતાના કરતા, સારો અમાનતદાર સમજતો હોય તો પણ તેને અમાનત આપતા પહેલા મૂળ માલિકની પરવાનગી લેવી જરૂરી છે. તેવી જ રીતે અમાનતદાર અમાનતની વસ્તુને મુસાફરીમાં જાય ત્યારે પોતાની સાથે લઈ જઈ શકતો નથી. આમ કરવા માટે પણ તેના માલિકની પરવાનગી લેવી જરૂરી છે. જો અમાનતદાર માણસ મુસાફરીમાં જવા માગતો હોય તો અમાનતની વસ્તુ સામાન્ય રીતે સુરક્ષિત ગણી શકાય તેવી જગ્યાએ મૂકી શકે છે. પણ તે વસ્તુ કોઈને સોંપીને જવા માટે મૂળ માકિલની રજા લેવી જરૂરી છે. અલબત્ત જો એવી આશંકા હોય કે અમાનતદારની પોતાની ગેરહાજરીમાં તે વસ્તુનો નાશ થઈ જશે (અથવા તો તેને નુકસાન પહોંચશે) તો તેવા સંજોગોમાં વસ્તુના મૂળ માલિકને અથવા તેના વકીલ (પ્રતિનિધી નાયબ વગેરે)ને પરત કરી દેવી જોઈએ. જો વસ્તુનો મૂળ માલિક અથવા તેનો વકીલ હાજર ન હોય તો વસ્તુ હાકિમે શરઅ (મુજહિદ અથવા તેના વકીલ)ને સોંપી દેવી જોઈએ. અથવા તો તે અમાનતની સુરક્ષા માટે મુસાફરી ન કરવી જોઈએ. આમ છતાં, અમાનતની સુરક્ષા કરવા કરતાં મુસાફરી કરવી વધારે જરૂરી હોય તો તે માલિક, તેનો વકીલ, મુજતહિદ અથવા તેનો વકીલ આ બધામાંથી કોઈ પણ ન મળે તો તે અમાનત કોઈ વિશ્ર્વસનીય માણસ પાસે અમાનત તરીકે મૂકી શકાય છે અથવા તો અમાનતદાર ઇચ્છે તો મુસાફરીમાં પોતાની સાથે લઈ જઈ શકે છે.

જો કોઈ માણસને જાણકારી હોય કે પોતે અમાનતની યોગ્ય રીતે જાળવણી નહીં કરે શકે તો તેવા માણસે અમાનતની જવાબદારી કબૂલ ન કરવી, વાજીબ છે. જો એવો માણસ અમાનત રાખવા માટે લઈ લે તો તેના માટે તે અમાનત પરત કરી દેવી વાજીબ છે. જો અમાનત મૂકનાર વ્યક્તિને એ વાતની જાણ કરી દેવા છતાં કે અમાનતદાર તેની વસ્તુને યોગ્ય રીતે સાચવી શકે તેમ નથી, જો તે (માલિક) તેને અમીન બનાવવા માગતો હોય તો તે અમાનત કબૂલ કરી લેવી જાએઝ છે. પરંતુ એવા સંજોગોમાં જો અમાનત નાશ પામે તો તેના મૂળ માલિકને જ નૂકસાન થશે અને તેના માટે અમાનતદાર કોઈ પણ રીતે જવાબદાર ગણાશે નહીં. કારણ કે અમાનત ન સાચવી શકવા માટેનું કારણ જણાવી દીધા પછી પણ અમાનતદાર બનવું પડે તો તે

સંજોગોમાં અમાનતની સુરક્ષા કરવી વાજીબ રહેશે નહીં. તેમ છતાં ઈમાનદાર વ્યક્તિ તરીકે (અખ્લાકન) શકય હોય તે રીતે અમાનતની જાળવણી કરવી જોઈએ.

એ વાત પણ સ્પષ્ટ છે કે, અમાનત એક એવો જાએઝ વ્યવહાર છે કે બંને પક્ષ (અમાનતદાર અને માલિક) માંથી કોઈ પણ એક પક્ષ ઇચ્છે ત્યારે પૂરો કરી શકે છે. એટલે કે માલિક જયારે પણ ઇચ્છે ત્યારે પોતાનો માલ (અમાનત) અમાનતદાર પાસેથી પાછો લઈ શકે છે. તેવી જ રીતે અમાનતદાર પણ જયારે ઇચ્છે ત્યારે પોતાની પાસેની અમાનત તેના માલિકને પાછી સોંપી શકે છે. અલબત્ત જયારે માલિક પોતાની વસ્તુ માંગે ત્યારે અમાનતદાર માટે તે વસ્તુ પાછી દેવી વાજીબ છે. તેવી જ રીતે અમાનતદાર માણસ પોતાની પાસેની અમાનત પાછી આપવા માગતો હોય ત્યારે માલિકને તે વસ્તુ અમાનતદાર પાસે રાખવા માટેનો આગ્રહ કરવાનો હક નથી.

* * * * *

## (૩) અમાનત પરત કરવામાં ઢીલ

જો અમાનત મૂકી જનાર માણસ કાફિરે હરબી હોય, એટલે કે સામાન્ય સંજોગોમાં તેના માલ ઉપર કબ્જો કરવો જાએઝ હોય તો પણ જો તે કોઈ માલ અમાનત તરીકે મૂકી જાય તો તેના પર કબ્જો કરી લેવો જાએઝ નથી. અલબત્ત જો કોઈ ચોર, ચોરીનો માલ અમાનત તરીકે મૂકી જાય અથવા તો કોઈ ગાસીબ (કોઈનો માલ બળજબરી પૂર્વક લઈ લેનાર) અને ઝાલિમ માણસ ગસબી માલ અમાનત તરીકે મૂકી જાય તો તે માલ લઈ લેવો વાજીબ તો છે પરંતુ તેની પાસેથી લીધેલો માલ તેના મૂળ માલિક અથવા તો માલિકોને પહોંચાડી દેવો જોઈએ.

આગળ ઉપર વર્ણન થઈ ગયું છે તે પ્રમાણે, અમાનતનો માલ તેના (મૂળ) માલિકને જ પાછો આપવો જોઈએ. જો માલિકને ન મળે તો તેના વકીલને, દાખલા તરીકે તેના કુટુંબના જવાબદાર સભ્યને પણ આપી શકાય છે. જો તે ન મળે તો પછી કોઈ વિશ્ર્વસનીય વ્યક્તિને અમાનતદાર બનાવી દેવી જોઈએ. ખાસ કરીને માણસને પોતાનું મૃત્યુ નઝદીક હોવાના ચિન્હો દેખાવા લાગે ત્યારે સંબંધિત વ્યક્તિઓની અમાનત પરત કરી દેવાની વ્યવસ્થા કરવી વાજીબ છે. જો ઉપર જણાવ્યા પ્રમાણેના ક્રમ મુજબની કોઈ પણ વ્યક્તિ ન મળે, એટલે સુધી કે કોઈ વિશ્ર્વસનીય વ્યક્તિને પણ અમીન બનાવી શકાય તેમ ન હોય તો તેના માટે જરૂરી છે કે અમાનત વિશે તે વસીયત કરી જાય અને તેમાં અમાનતના માલિકનું અને સરનામું લખાવી દે.

એવી જ રીતે જો અમાનતના માલિકને એ વાતની જાણ થાય કે અમાનતદાર માણસ ઇન્તકાલ કરી ચૂકયો છે તો તેના માટે પોતાની અમાનત પાછી મેળવી લેવી વાજીબ છે. જો મરહૂમના વારસદારો તેને ઓળખતા હોય તો તેણે અમાનતની (વસ્તુની) નિશાની આપીને અમાનત મેળવવી જોઈએ. તેવી જ રીતે જો અમાનતનો માલિક મૃત્યુ પામે તો અમાનતદાર માણસ માટે વાજીબ છે કે તે અમાનતના માલિકના વારસદારોને અમાનતની વસ્તુઓ પહોંચાડી દે.

* * * * *

## ભાડે આપવું, ઉછીનું આપવું, ગીરવી મૂકવું અને મુઝારેબા (મૂડી રોકાણ) (LEASE)

અગાઉ જણાવી ગયા છીએ તે પ્રમાણે ભાડે આપેલો માલ, ઉછીનો લીધેલો માલ (એટલે કે થોડો સમય માટે વાપરવા લીધેલો માલ કે વસ્તુ) ગીરવી રાખેલ માલ અને સરમાયાકારી (મૂડી રોકાણ - ધંધો કરવા માટે

નફામાં ભાગ રહે તે માટે)ની નિય્યતથી લીધેલો માલ, આ બધા પ્રકારનો અમાનત ગણાય છે. આ બધા પ્રકારના માલના માલિક જયારે પણ તેનો માલ (કે વસ્તુ) પાછો માગે ત્યારે તેને તુરત જ પાછો આપી દેવો જરૂરી છે. અલબત ઉપર જણાવેલ વ્યવહારોમાં કોઈ મુદ્દત (સમય મર્યાદા) નકકી કરવામાં આવી હોય તો તે મુદ્દત ચાલુ હોય ત્યાં સુધી તે માલ પાછો માગી શકાતો નથી. દાખલા તરીકે કોઈને અમુક નિશ્ચિત મુદ્દત માટે મકાન ભાડે આપવામાં આવ્યું હોય તો જયાં સુધી મુદ્દત પૂરી ન થાય ત્યાં સુધી મકાન માલિક ભાડૂત પાસેથી પોતાનું મકાન પાછું મેળવી (ખાલી કરાવી) શકતો નથી. તેવી જ રીતે ગીરવી મુકાએલ વસ્તુ જયાં સુધી તેની ઉપર આપવામાં આવેલ માલ પાછો ન આપે ત્યાં સુધી પાછી મેળવી શકાતી નથી. આ જ વાત સરમાયાકારી (રોકાણ તરીકે આપેલ)ના માલને પણ લાગુ પડે છે. જયાં સુધી નિશ્ચિત મુદ્દત પૂરી ન થાય ત્યાં સુધી માલિક પોતાનો માલ પાછો માગી શકતો નથી. પરંતુ જયારે મુદ્દત પૂરી થઈ જાય અને કરાર (વ્યવહાર) પૂરો થઈ જાય ત્યારે વસ્તુનો માલિક માંગે નહીં તો પણ અમાનતદારને અમાનત પાછી સોંપી દેવી વાજીબ થઈ જાય છે. અલબત્ત જો અમાનતનો માલિક વધુ મોહલત (સમય) આપે અથવા અમાનતદાર પાસે વધુ સમય માટે અમાનત રાખવા માંગે તો કંઈ વાંધો નહીં રહે.

ઉપરના વ્યવહારો પૈકી વસ્તુ ઉછીની લેવી કે આપવી એ એવો વ્યવહાર છે, જેમાં નકકી કરેલી મુદ્દત પહેલા માલિક તેની વસ્તુ પાછી માગી શકે છે. દાખલા તરીકે કોઈ માણસે એક અઠવાડિયા માટે કોઈ પાસેથી એક કિતાબ વાંચવા માટે લીધી, પરંતુ કિતાબનો માલિક બે જ દિવસમાં પોતાની કિતાબ પાછી માગે તો કિતાબ ઉછીની લેનાર માણસે તે કિતાબ પાછી આપી દેવી વાજીબ છે. આ વ્યવહાર બિલ્કુલ અમાનત જેવો જ છે. અને સામાન્ય શબ્દોમાં અમાનત જ કહેવાય છે. જો અમાનત મૂકનાર માલિકે કોઈ મુદ્દત નકકી કરી હોય તો પણ તે મૃદત પૂરી થયા પહેલા પોતાની અમાનત પાછી માંગી શકે છે.

* * * * *

## માલિકની શોધ અને માલિક તરફથી સદકો આપવો.

આ તો વાત થઈ અમાનતે મિલ્કીની. જો કોઈ પાસે અમાનતે શરઈ હોય તો તે પણ તેના માલિકને પરત કરી દેવી જોઈએ. જો અમાનતનો મૂળ માલિક કોણ છે તેની જાણકારી ન હોય તો એક વર્ષ સુધી તેના માલિકને શોધવો વાજીબ છે, દાખલા તરીકે તે વસ્તુ વિશે મસ્જિદોમાં જાહેરાત કરાવવી જોઈએ. જો એક વર્ષ પછી પણ તેનો માલિક ન મળે તો તેના વતી તે પૂરેપૂરો માલ સદકામાં આપી દેવો જોઈએ.

* * * * *

## અમાનત મૂકનાર અને સાચવનાર બંને બાલિગ અને આકિલ હોવા જોઈએ.

અમાનત મૂકનાર અને અમાનત તરીકે વસ્તુ સાચવનાર બંને આકિલ અને બાલિગ હોય તે સંજોગોમાં જ અમાનતનો વ્યવહાર સહીહ ગણાશે. કોઈ દીવાના અથવા નાબાલિગ બાળકની અમાનત સાચવવાનો હક નથી. તેવી જ રીતે તેની પાસે અમાનત સાચવવા માટે મૂકી પણ શકાતી નથી. પણ જો દીવાનો માણસ અથવા તો નાબાલિગ બાળકના સરપરસ્ત (વાલી) રજા આપે તો તેવી વ્યક્તિઓની અમાનત સાચવવી જાએઝ છે. અલબત્ત જો નાબાલિગ બાળક અથવા તો દીવાનાના વાલીની રજાથી અમાનત રાખવામાં આવી હોય અથવા તો વાલીની રજા મેળવ્યા વગર નાબાલિગ બાળક અથવા દીવાનાનો માલ અમાનત તરીકે રાખ્યો હોય આ બંને સંજોગોમાં જો માલ નાશ પામે તો તે માટે અમાનતદાર (માલ સાચવનાર) જવાબદાર રહેશે. તે માલ તેણે

દિવાના અથવા નાબાલિગ બાળકને નહીં પણ તેના વાલીને પાછો આપવો પડશે. તેવી જ રીતે જો માલ નાશ ન પામ્યો હોય અને વાલીની મંજૂરી વગર લઈ લીધો હોય તો પણ તે માલ વાલીને જ પાછો આપવાનો રહેશે. અલબત્ત જો માણસ કોઈ નાબાલિગ બાળક અથવા દિવાનાના હાથમાં કોઈ માલ જુએ અને તેને તે માલ વેડફાઈ જવાની આશંકા થાય તો તેની પાસેથી તે માલ લઈને તેના સરપરસ્ત (વાલી) સુધી પહોંચાડી શકે છે અને તેમ કરવા છતા (વચગાળાના સમયમાં) માલ નાશ પામે તો તે જવાબદાર રહેશે નહીં.

આ વિષયની વધુ વિગત (અને ઉદાહરણો) ફીકહી કિતાબોમાંથી પ્રાપ્ત કરી શકાય છે. આ વિષયની સૌથી અગત્યની વાત એ છે કે અમાનતદારીના મહત્વને સમજવું જોઈએ અને ખયાનત જેવા ગુનાહની ખરાબી અને નુકસાન પ્રત્યે સજાગ રહેવું જોઈએ. હવે અમે આ વિષયમાં ફકત કુરઆને મજીદની એક આયત અને કેટલીક વધુ રિવાયત પ્રસ્તુત કરી રહ્યા છીએ.

* * * * *

# કુરઆનમાં અમાનતદારોની પ્રશંસા

સૂરએ આલે ઇમરાનમાં ઇરશાદ છે : "અને એહલે કિતાબમાંથી કેટલાક એવા છે કે જો તું એક દિનાર (તે જમાનાનું નાણું) પણ તેમને સોંપે તો (જયાં સુધી) તેમના માટે સતત ઉભા રહી તકાજો ન કરે ત્યાં સુધી તેને પાછો આપશે નહીં. તેનું કારણ આ છે કે, તેઓ કહે છે કે અમારા માથે આ જાહિલોના (અરબોના) (નાણા લઈને પાછા ન આપવાના) સંબંધમાં કાંઈ ગુનાહ નથી, અને તેઓ જાણી જોઈને અલ્લાહ વિરૂધ્ધ ખોટુ બોલે છે."

ઉપરની આયતે શરીફામાં ખુદાવંદે આલમ ઇસાઈઓની પ્રશંસા કરે છે, જેઓ ગૈર ઈસાઈ લોકોની અમાનતમાં પણ ખયાનત કરવાના કાર્યને જાએઝ સમજતા નથી. જયારે એ યહૂદીઓની ટીકા કરે છે જેઓ ગૈર યહૂદી લોકોના થોડા માલમાં પણ ખયાનત કર્યા કરે છે અને ખુદા ઉપર તહોમત મૂકે છે કે, 'ખુદાએ તેઓને એ કામ કરવાની રજા આપી છે.'

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વઆલેહી વસલ્લમે જયારે આ આયત પડી ત્યારે ફરમાવ્યું હતું :

"ખુદાના દુશ્મનો જુઠ બોલી રહ્યા છે ? મેં ઇસ્લામની પહેલાની જાહેલીયતના જમાનાની દરેક વસ્તુઓ અને દરેક પધ્ધતિઓ (તૌર તરીકાઓ)ની સુધારણા કરી નાખી છે. હા, ફકત અમાનતની વાત જેમની તેમ તેમના (મુળ સ્થાને) છે. અમાનત નેક માણસની હોય કે ફાસિક અથવા ફાજીર (બદકાર)ની તેને કોઈ પણ સંજોગોમાં પરત કરવી જ પડશે.

ઉપરોકત હદીસથી એ વાત સ્પષ્ટ થાય છે કે, ખયાનત કરનારા લોકો, એ યહૂદીઓ જેવા છે, જેઓ ખયાનત કરે છે. અલબત્ત જો કોઈ મુસલમાન ખયાનત કરવાને હલાલ સમજે તો તે ખુદાના દુશ્મનો પૈકીનો ગણાશે.

* * * * *

# અમાનત રાખેલા માલમાંથી પોતાનું નુકસાન ભરપાઈ કરી લેવું.

કુરઆને મજીદની આયતો અને રિવાયતોના પ્રકાશમાં એ વાત સાબિત થાય છે કે, અમાનતમાં ખયાનત કરવી કોઈ પણ સંજોગોમાં જાએઝ નથી. કિતાબે નેહાયામાં શૈખ તૂસીએ અને જૂના જમાનાના મુજતહિદોએ પણ એ જ ફરમાવ્યું છે.

સહીહ હદીસ નોંધતા રાવી લખે છે કે :

તેઓએ હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને કહ્યું : "એક માણસે બીજા માણસને બજારમાંથી પોતાના માટે અમૂક પ્રકારનું કાપડ ખરીદવા માટે મોકલ્યો. તે માણસે બજારમાં જઈને તપાસ કરી, તેને જાણ થઈ કે પહેલા માણસે જે પ્રકારનું કાપડ મંગાવ્યું છે, તે પ્રકારનું કાપડ તો પોતાની પાસે પડયું છે. તો શું તે માણસ પહેલા માણસ (ખરીદવા માટે મોકલનાર)ને જાણ કર્યા વગર પોતાનું કાપડ તેને આપીને બજારમાંથી ખરીદેલો માલ પોતાની પાસે રાખી શકે ખરો ?

ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "તેણે એવું કરવાનો વિચાર સુધ્ધાં કરવો ન જોઈએ. અને તેવા કામમાં પોતાના નફસને ફસાવવો ન જોઈએ." પછી ઇમામે સૂરએ અહઝાબની આયત નંબર ૭૨ ની તિલાવત કરીને ઇરશાદ ફરમાવ્યું : "જો તેની પાસે બજારમાં મળતી તેવી વસ્તુ કરતા પણ સારી વસ્તુ હોય તો પણ તે પોતાના તરફથી પહેલા માણસને જાણ કર્યા વગર) તેને તે વસ્તુ ન આપે."

**(તફસીરે સાફી, તહઝીબમાંથી નોંધ)**

એટલા માટે કે મૂળ કરાર થયો છે, તે મુજબ પહેલા માણસની સૂચના પ્રમાણે તેના પૈસાથી બજારમાંથી બીજા માણસે એક ખાસ પ્રકારનું કાપડ લાવવાનું (નકકી થયું) છે. હવે આ કરારનું જરા પણ ઉલ્લંઘન થાય તો તે ખયાનત થશે.

સુલૈમાન બિન ખાલિદ કહે છે :

"મેં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું કે એક માણસ મારો કર્ઝદાર હતો. તેણે મારૂ કર્ઝ અદા ન કર્યુ પણ તેણે મારી પાસેથી કોઈ કર્ઝ લીધુ નથી તેવી ખોટી કસમ પણ ખાઈ લીધી. ત્યાર પછી તેણે પોતાનો અમૂક માલ મારી પાસે અમાનત તરીકે મૂકયો. શું હું અમાનતમાંથી અમૂક ભાગ (રકમ) મારા કર્ઝ પેટે લઈને તેનો ઉપયોગ કરી શકું ?

ઇમામ અલય્હિસ્સલામે જવાબ આપ્યો : "એણે તમારી સાથે ખયાનત કરી, પરંતુ તમારે એની સાથે ખયાનત ન કરવી જોઈએ. હમણા તમે તેનો જે ઐબ જાહેર કર્યો તેના વર્તૂળમાં તમારે પ્રવેશી જવું ન જોઈએ."

**(કિતાબે નહાયા)**

આગળના ભાગમાં બયાન થઈ ચૂકયું તે પ્રમાણે શેખ તૂસી અને બીજા મુજતહિદો મુત્લક આયતો અને રિવાયતોના પ્રકાશમાં એ ફત્વો આપી ચૂકયા છે કે ખયાનત કરવી કોઈ પણ પ્રકારે જાએઝ નથી. પરંતુ કિતાબે મુલ્હકાત ઉર્વતુલ વુસ્કાના કઝાવતના ભાગમાં મરહૂમ સૈયદ કાઝીમ તબાતબાઈ ફરમાવે છે કે : "મુજતહિદોમાં એ વાત મશહુર છે કે અમાનતના માલમાંથી પોતાનો જાએઝ હક વસુલ કરી લેવામાં કંઈ વાંધાજનક નથી." મરહુમ સૈયદ તબાતબાઈનો પોતાનો પણ આ જ ફત્વો હતો પણ એહતિયાત રૂપે એવું કામ ન કરવું જોઈએ.

એવી જ રીતે કોઈ માણસ કોઈને અમુક માલ આપે અને કહે કે : આ માલ સાદાત અથવા ગરીબોને પહોંચાડી દો. અને જેને એ માલ સોંપવામાં આવે તે પોતે પણ યોગાનુયોગ ગરીબ કે સૈયદ હોય. તો પણ માલિકની રજા વગર તે માલમાંથી પોતે પોતાના માટે કોઈ માલ વાપરી શકતો નથી. અલબત્ત એ વાતની ખાત્રી અને જાણકારી હોય કે જો તે માલમાંથી તે પોતાના માટે વાપરશે તો પણ તેનો માલિક રાજી રહેશે તો કોઈ વાંધો નથી.

* * * * *

# ખયાનતનો બોજ અને કયામતનો દિવસ

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે :

"ખબરદાર, કોઈ માણસ એક ઉંટની પણ ખયાનત કરવાનો પ્રયત્ન ન કરે. નહીંતર કયામતને દિવસે તેને તેજ (ખયાનત કરેલા) ઉંટની પીઠ પર બેસાડીને લાવવામાં આવશે અને તે ઉંટની જેમ જ ગાંગરતો હશે."

"ખબરદાર, કોઈ એક ઘોડાની પણ ખયાનત ન કરે નહીંતર તેને કયામતના દિવસે ઘોડા ઉપર બેસારીને લાવવામાં આવશે અને તે ઘોડાની જેમ ગાંગરતો હશે."

એવો ખયાનત કરનારો માણસ મને મદદ માટે પોકારતો હશે. (અને કહેતો હશે) યા મોહમ્મદો યા મોહમ્મદો સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે : હું તેઓને કહીશ કે મેં તને તબ્લીગ કરી (મઝહબની વાતો સમજાવી) હતી. હવે (તારી નાફરમાનીના કારણે તારી જે હાલત થઈ છે) તારા માટે ખુદાની હુઝુરમાં મારી કોઈ જવાબદારી (રહેતી) નથી.

**(મિરાઅતુલ ઓકુલ)**

અલ્લામા મજલિસી પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની નીચે મુજબની રિવાયતો નોંધે છે.

"એટલે સુધી કે (કોઈની પાસેથી લીધેલ) સોય અને દોરો પણ પાછો આપી દો. કારણ કે કયામતના દિવસે ખયાનત એ બહુ જ બદનામી અને નિરાશાનું કારણ બનશે."

એક માણસ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની ખિદમતમાં આવ્યો. તે માણસ એક સુયો (મોટી સોઈ) રજા લીધા વગર લઈ ગયો હતો. તેણે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને કહ્યું : "હું મારા ઉંટનું પલાણ તૈયાર કરવા માટે આ સુયો લઈ ગયો હતો." આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : જો આ સુયામાં મારો હક હોય તો હું તને માફ (જતો) કરૂં છું અને જો તેમાં બીજા મુસલમાનનો હક હોય તો, તું તેની કિંમત અદા કરી દેજે. જે બયતુલ માલ સાથે ભેગી કરીને તમામ મુસલમાનો વચ્ચે ન્યાયપૂર્વક વહેંચી શકાય તે અરબ માણસે કહ્યું : "હું એ વાત જાણતો ન હતો કે આ આટલો બધો સખ્ત મસઅલો છે. જો એવું છે તો હું આ સુયો મારી પાસે નહીં રાખું. આમ કહીને તેણે તે સુયો આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને આપી દીધો અને ત્યાંથી ચાલ્યો ગયો.

* * * * *

# "યોઅરેફૂલ મુજરેમૂન - બે સીમાહુમ" નો અર્થ

અલ્લામા મજલિસી ફરમાવે છે કે, મૈદાને હશ્રમાં ખયાનત કરનારા માણસના ખભા ઉપર ખયાનતનો માલ મૂકેલો હશે. મૈદાને હશ્રમાં દરેક માણસની સાથે કોઈક નિશાની હશે જેનાથી તેના ગુનાહો ઓળખાઈ આવશે. જે માણસ દુનિયામાં 'ગુનાહે કબીરા' કરતો હશે અને તૌબા કર્યા વગર મૃત્યુ પામશે તો કયામતના દિવસે ખુદા તેની સાથે અદલ (ન્યાય) કરશે. ખુદાનો ન્યાય એ રીતનો હશે કે માણસે જે પ્રકારના ગુનાહો વધારે પ્રમાણમાં કર્યા હશે તે પ્રકારની નિશાની તેની સાથે લાગેલી હશે. દાખલા તરીકે દુનિયામાં શરાબ પીનારા શરાબીના હાથમાં એક એવી બાટલી હશે જેમાંથી દુર્ગંધ પ્રસરતી હશે અને તે દુર્ગંધથી મહેશરના લોકોને તકલીફ પહોંચતી હશે. તેવી જ રીતે ગીતો ગાનારા ગાયકો અને સંગીતકારોના હાથમાં ગીત સંગીતના સાધનો ચોંટેલા હશે. જૂગારીઓના હાથમાં જૂગાર રમવાની વસ્તુઓ લાગેલી હશે.

**"યોઅરેકુલ મુજરેમૂન બે સીમાહુમ વ યુઅખઝો બિન્નવાસી વલ અકદામ"**

"ગુનેહગારોને તેમના કપાળથી (મુખમુદ્રાના ચિન્હો પરથી) ઓળખી લેવામાં આવશે."

**(સૂરએ રહમાન - ૫૫, આ. ૪૧)**

* * * * *

# હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને અમાનત

એક દિવસ મસ્જિદે નબવીમાં એક ગરીબ માણસ પ્રવેશ્યો અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પાસે પોતાની ગરીબાઈનું વર્ણન કરવા લાગ્યો. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : "બેસી જા, ખુદા કાદીર છે." ત્યાર પછી એક ફકીર આવ્યો તેને પણ રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે એમ કહ્યું. પછી એક ત્રીજો ગરીબ માણસ આવ્યો. રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે તેને પણ બેસાડી દીધો. પછી એક માણસ આવ્યો. તે માણસે ચાર સાઅ (લગભગ બાર શેર - ૬ કીલો) ઝકાતના ઘઉં રજુ કર્યા. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ત્રણેય ગરીબને એક એક સાઅ (લગભગ ત્રણ ત્રણ શેર વહેંચી દીધા) પછી એક સાઅ (લગભગ ત્રણ શેર) ઘઉં વધ્યા. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે પોતે જ મગરીબ અને ઇશાની નમાઝ વચ્ચે એલાન કર્યુ કે એક સાઅ ઘઉં હાજર છે. જે કોઈ હકદાર હોય તે આવીને આ ઘઉં લઈ જાય. પરંતુ કોઈ આવ્યું નહીં. કોઈ લેવા ન આવ્યું હોવાથી (મજબૂરીના સંજોગોમાં) હુઝુર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તે ઘઉં પોતાના ઘરે લઈ ગયા. હ. આયેશાનું બયાન છે કે તે રાત્રે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ચિંતાતૂર દેખાતા હતા. મેં તેનું કારણ પૂછયું તો આપે ફરમાવ્યું : મને એ વાતની આશંકા (ડર) છે કે કદાચ, હું આજે ઇન્તેકાલ કરી જાઉં અને આ અમાનત તેના મુસ્તહક સુધી ન પહોંચે અને મારી પાસે પડી રહે."

રિવાયત છે કે, આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની જિંદગીના અંતિમ દિવસો હતા ત્યારે આપની પાસે ગરીબોને આપવા માટે છ કે સાત દિનાર પડયા હતા. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે તે દિનાર મંગાવ્યા અને તે ગણીને કહ્યું :

"શકય છે કે મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ખુદાની હુઝુરમાં પહોંચી જાય અને આ દિનાર તેની પાસે રહી જાય." પછી આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે તે દિનાર હઝરત અલી અલય્હિસ્સલામને ફકીરોમાં વહેંચી દેવા માટે આપ્યા અને ફરમાવ્યું : "હવે મને સંતોષ થઈ ગયો."

**(નાસિખુત્તવારીખ, આવૃત્તિ - 3, હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના જીવનનું પ્રકરણ, પા. ૫૪૪)**

* * * * *

# ગુપ્ત વાતો પણ અમાનત છે.

કયારેક એવું બનતું હોય છે કે, કોઈ બીજાની ગુપ્ત (રહસ્ય કે ભેદની) વાતો જાણતું હોય છે. અને તે એ વાત બીજા કોઈને ન કહેવાની શરતે એને કહેવામાં આવી હોય છે. એવી વાત પણ અમાનત છે. તેવી જ રીતે કેટલીક વાત માણસ આપમેળે જાણી લે છે એટલે કે જે માણસ વિશે તે વાત હોય તે પોતે તે વાત કરતો નથી પણ એ વાતનું પૂર્વાનુમાન થઈ શકે છે તેના વિશેની એ વાત ફેલાઈ જાય તો તેને પસંદ નહીં પડે. શરઈ રીતે એવી વાત પણ અમાનત છે. જોએલી અથવા સાંભળેલી ગુપ્ત વાતો જાહેર કરી દેવી એ ખયાનત છે.

ગુરરૂર હિકમ નામની કિતાબમાં હઝરત અલી અલય્હિસ્સલામનું આ કથન મૌજૂદ છે કે : "જે ગુપ્ત વાત તમને ખાનગી રાખવાની શર્તે કહેવામાં આવી હોય તે વાત જાહેર કરી દેવી એ ખયાનત અને ગદ્દારી છે."

ગુપ્ત વાત દોસ્તની હોય કે દુશ્મનીની, નેક માણસની હોય કે બુરા માણસની, જયારે તે વાત અમાનતનું સ્વરૂપ ધારણ કરી લે તો તે વાતને જાહેર કરવી હરામ છે.

* * * * *

# અરસપરસની વાતો પણ અમાનત છે.

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે : સમુહમાં બેસનારા સાથીદારોએ (એકબીજાની) અમાનતની સંભાળ લેવી જોઈએ. કોઈ મોઅમિને પોતાના મોઅમિન ભાઈની મહત્વની વાત જાહેર કરવી જાએઝ નથી.

હઝરત અબુઝર નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના સંદર્ભથી નોંધે છે : "અય અબુઝર સાથીદારોની અમાનતોનું ધ્યાન રાખવું જોઈએ. જો તમે તમારા મોઅમિન ભાઈઓની ગુપ્ત વાતોને જાહેર કરી દેશો તો ખયાનત કરી બેસશો. એવા કામથી બચો."

એક બેઠક અથવા મીટીંગમાં જે પણ વાતો થાય તે મીટીંગમાં ભાગ લેનારાઓ માટે અમાનત હોય છે. તેમાં જે વાત છુપાવવા જેવી હોય તેને જાહેર કરવી ન જોઈએ.

રિવાયતમાં છે કે સમુહમાં બેસનારા સાથીદારોએ (એક બીજાની અમાનતોનો ખ્યાલ રાખવો જોઈએ. ત્રણ પ્રકારની બેઠકોમાં બેસનારા માટે ગુપ્ત વાતો જાહેર કરવી હરામ નથી. **(૧)** એક એ જગ્યા જયાં હરામ પધ્ધતિથી કોઈનો જીવ લેવાની (ખૂન કરવાની) વાત થઈ રહી હોય, **(૨)** જયાં ઝીના (વ્યભિચાર)નો પ્રોગ્રામ ગોઠવાતો હોય, **(3)** એવી જગ્યા જયાં નાહકનો હરામ માલ ખાવાની વાત થઈ રહી હોય.

આવી જગ્યાઓ પર થએલી વાતોને કોઈનો હક સાબિત કરવા માટે કાઝી સમક્ષ ગવાહ (સાક્ષી) બનીને રજૂ કરી શકાય છે. બલ્કે અમૂક સંજોગોમાં તો તે વાત એટલી બધી મહત્વની હોય છે કે, તેવી ગુપ્ત વાતોને જાહેર ન કરવી હરામ બને છે.

સુરએ તહરીમમાં પરવરદિગારે આલમ પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પત્નીઓ પૈકી અમૂક (આયેશા અને હફસહ)ને ઠપકો આપે છે કે, તેણીઓએ આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની સાથે ખયાનત કરી હતી અને આપની ગુપ્ત વાતો જાહેર કરી દીધી હતી. ખુદા એ બંનેને તૌબા કરવાની હિદાયત કરી રહયો છે અને ફરમાવી રહયો છે.

"(હે નબીની સ્ત્રીઓ ) તમે બંને અલ્લાહની હુજૂરમાં તૌબા કરો (તો ઠીક છે) કારણ કે તમે બંનેના મન (સત્ય તરફથી) ખરે જ ફરી ગયા છે."

**(સૂરએ તહરીમ - ૬૬, આ. ૪)**

આ જ સુરામાં પયગમ્બર નૂહ અલય્હિસ્સલામ અને હઝરત લૂત અલય્હિસ્સલામની પત્નીઓનો પણ આ રીતે ઉલ્લેખ થએલો છે.

"તે બંનેએ દગો દીધો (પોતાના પતિઓ સાથે ખયાનત કરી. ઘરના રહસ્યોને જાહેર કરી દીધા.) જેથી તે બંને સ્ત્રીઓને અલ્લાહના અઝાબથી બચાવવામાં આ બંને (બંદા) કોઈ પણ કામમાં આવ્યા નહીં. અને તે બંને (સ્ત્રીઓ)ને હુકમ આપવામાં આવ્યો કે 'જહન્નમમાં જનારાઓની સાથે તમે બંને પણ જહન્નમમાં દાખલ થઈ જાવ."

# ગુપ્ત વાતો જાહેર કરવી એ પણ અમાનતમાં ખયાનત છે.

અબ્દુલ્લાહ બિન સનાન કહે છે કે, મેં હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામને પૂછયું : શું મોઅમિનની છુપાવવા લાયક વસ્તુ મોઅમિન ઉપર હરામ છે ? ઇમામે જવાબ આપ્યો : હા. મેં પૂછયું : "શું આપ આ પ્રશ્નનો અર્થ પેશાબ અને પાયખાનાની જગ્યા છુપાવવી એવો સમજયા છો ? ઇમામે ફરમાવ્યું : તમે જે વાત માનો છો તેવો અર્થ મેં કર્યો નથી."

(જો કે કોઈ પણ મોઅમિનની શર્મગાહ (શરીરના ગુપ્ત ભાગને) જોવો પણ હરામ છે.) પણ મારો કહેવાનો ભાવાર્થ મોઅમિનની ગુપ્ત વાતોને જાહેર કરવા વિશે છે." **(કિતાબે કાફી)**

ઇમામ અલયહિસ્સલામ આમ પણ ફરમાવે છે : જે માણસ કોઈ મોઅમિનની મૈયતને ગુસ્લ આપે અને તેના અનુસંધાનને અમાનતનોને ધ્યાનમાં રાખે તો તેના ગુનાહો બખ્શી દેવામાં આવશે.

કોઈએ પૂછયું કોઈની મૈયતના અનુસંધાનમાં અમાનતનું ધ્યાન કઈ રીતે રાખી શકાય ?

ઇમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો : તે (મૈયતને ગુસ્લ આપનાર) મૈયતના શરીરમાં જે ઐબ જુએ તે બીજા કોઈને ન કહે."

**(કિતાબે ઇમાલી)**

અગાઉ વર્ણન થઈ ચૂકયું છે તે પ્રમાણે કોઈની પણ ગુપ્ત વાત હોય તો સંપૂર્ણપણે અમાનત છે. ભલે પછી તે વાત તેણે પોતે કહી હોય કે બીજા કોઈ માધ્યમ દ્વારા (હાલતા ચાલતા) અનાયાસે જોવા મળી હોય. ગમે તે સંજોગોમાં રહસ્યની વાત એ એક અમાનત છે અને અમાનતની વાત જાહેર કરીને ખયાનત કરવી જાએઝ નથી. એટલે કે જે ગુપ્ત વાતો જાહેર કરવાથી, જેના વિશેની તે વાત હોય તે નારાજ થતો હોય તો તે વાત જાહેર કરવી ખયાનત અને હરામ છે. આ પ્રકારની અમાનત એટલે કે રહસ્યની અમાનતના કેટલાક દરજ્જા અને પ્રકાર હોય છે જે પૈકી અમૂક પ્રકારની વાતો જાહેર કરી ખયાનત કરવાને ચૂગલખોરી અથવા ચુગ્લી (ચાડી) કહેવાય છે અને અમૂક પ્રકારની ખયાનતને ગીબત કહેવામાં આવે છે. ઇન્શાઅલ્લાહ આ દરેક પ્રકરણનું વર્ણન વિગતવાર યથાસ્થાને કરવામાં આવશે.

* * * * *

# મુસલમાનોના લશ્કરી રહસ્યો કાફરોને પહોંચાડવા

ખુદા, પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને તમામ મુસલમાનો સાથે ખયાનત કરવાના જુદા જુદા સ્થાન છે. પોતાની જાત (અંતર) સાથે ખયાનત કરવી એ પણ એક પ્રકારની ખયાનત છે. (જેને સામાન્ય લોકો પોતાની જાતને છેતરવી એ રીતે સમજે છે.) આ બધા પ્રકારની ખયાતનોનો અર્થ એ છે કે, મુસલમાનોના રાજકીય અને લશ્કરી રહસ્યો અને લશ્કરના ગુપ્ત હુકમોને મુસલમાનો વિરૂધ્ધ લડતા કાફરો સુધી પહોંચાડી દેવાય. આ રીતે કાફરોને ગુપ્ત રહસ્યો જણાવનારો માણસ ફકત ખુદા, પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને તમામ મુસલમાનો સાથે જ ખયાનત નથી કરતો પણ પોતાની જાત સાથે પણ ખયાનત કરે છે. અને તે રીતે દુશ્મનોને (કાફરોને) મજબૂત બનાવવા અને મુસલમાનોને હરાવવા માટે પોતે કારણરૂપ બને છે. કદાચ આ ખયાનતનો ઉલ્લેખ કુરઆને મજીદની નીચેની આયતમાં કરવામાં આવ્યો છે.

"અય ઈમાન લાવનારાઓ ! ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો વિશ્ર્વાસઘાત ન કરશો અને તમારી અમાનતો સાથે પણ જાણી જોઈને વિશ્ર્વાસઘાત (ખયાનત) ન કરો."

**(સૂરએ અન્ફાલ - ૮, આ. ૨૭)**

ઉપરની આયત નાઝિલ થવા અંગે જાબિર બિન અબ્દુલ્લાહ ફરમાવે છે કે "એક દિવસ જીબ્રઈલે પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમને એવા સમાચાર આપ્યા કે અબુ સુફયાન અમૂક જગ્યાએ મુશ્રિકોના એક લશ્કર સાથે પડાવ નાખીને બેઠો છે. આપ તેની સાથે જંગ કરવા તૈયાર રહો આ વાતને એકદમ ગુપ્ત રાખજો જેથી તેમની ઉપર ઓચિંતો હુમલો કરી શકાય. મુનાફિકો પૈકી એક માણસે આ સમાચાર લખીને અબુ સુફીયાનને મોકલ્યા અને તેને મુસલમાનો તરફથી થનાર અચાનક હુમલાથી ચેતવી દીધો. આ ઉપરાંત આ જ આયતના અનુસંધાનમાં અબૂ લબાબા નામના માણસની ખયાનત અને તેની તૌબાનો ઉલ્લેખ પણ કુરઆને મજીદમાં મૌજૂદ છે.

* * * * *

# અમાનદાર ઉપર અલ્લાહની રહમતનો છાંયો

કોઈની ગુપ્ત વાતોને ખાનગી રાખવી એ મુશ્કેલ કામ છે. જે લોકોનું નફસ પવિત્ર હોય, જે લોકો મોટી હિમ્મત અને મોટી ઉચ્ચ પ્રકારની ગૈરત ધરાવતા હોય તે ખૂબ જ સહેલાઈથી આ મુશ્કેલ કામ પાર પાડી શકે છે ને કોઈની ગુપ્ત વાતો કયારેય જાહેર કરતા નથી. ગુપ્ત વાતોને ગુપ્ત રાખવી એ ખૂબ જ સવાબનું કામ છે. આ કામમાં એટલો બધો સવાબ છે કે જેટલો સવાબ બીજા ગણત્રીના કામોમાં જ છે. રહસ્ય જાળવનાર માણસ કયામતના દિવસે ભયથી સુરક્ષિત રહે છે. મહેશરમાં અમાનતદાર માણસ અત્યંત સુરક્ષિત રહેશે અને તે અર્શે ખુદા અને રહેમતે ખુદાના છાંયામાં રહેશે.

હઝરત ઇમામ મૂસા કાઝિમ અલયહિસ્સલામ ફરમાવે છે : 'ત્રણ પ્રકારના લોકો એવા છે જેઓની ઉપર કયામતના દિવસે અર્શે ખુદાના છાંયા સિવાય બીજો કોઈ છાંયો નહીં હોય. તેઓ અર્શના છાયાંમાં હશે.

**(૧) એક તો એ માણસ જેણે પોતાના મુસલમાન ભાઈની શાદી કરાવી આપી હોય.**

**(૨) બીજો એ માણસ જેણે પોતાના મુસલમાન ભાઈને ખાદિમ (સેવક)ની વ્યવસ્થા કરી આપી હોય.**

**(૩) ત્રીજો એવો માણસ જેણે પોતાના કોઈ મુસલમાન ભાઈની ગુપ્ત વાતોને છુપાવી હોય.**

**(કિતાબે ખેસાલ)**

* * * * *

# તમારી ગુપ્ત વાતો કદી જાહેર ન કરો.

હદીસોમાં એ વાત સાબિત છે કે તમારા સૌથી નજીકના કે માનવંતા સગા હોય તો પણ તેઓ સમક્ષ તમારા ભેદની (ગુપ્ત) વાતોને કદી જાહેર કરવી ન જોઈએ. કારણ કે કદાચ એવું પણ બને કે તેઓની સાથે તમારી મિત્રતા કે સંબંધ જળવાઈ ન રહે અને કોઈક દિવસ તે તમારો દુશ્મન બની જાય. પોતાના દુશ્મનના ભેદની વાતો જાહેર ન કરે તેવું કોઈ જ લોકોનું ઈમાન હોય છે. હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ પોતાના સહાબીઓ પૈકી કોઈને હુકમ આપે છે કે :

"તમારા મિત્રને પણ તમારા રહસ્યની વાત ન જણાવો. અલબત્ત તેને એવી વાતો જણાવો જે વાતની તમારા દુશ્મનોને જાણ થાય તો તેનાથી તમને કંઈ નુકસાન ન થાય. એટલા માટે કે દોસ્ત પણ કયારેક દુશ્મન બની શકે છે ?"

**(બેહારૂલ અન્વાર, કિતાબે અમાલીમાંથી નોંધ)**

એક મુત્તકી અને પરહેઝગાર માણસનું આ ઉદાહરણ પ્રસ્તુત કરીએ છીએ. તે પરહેઝગાર માણસ તેની પત્નીને તલાક આપવા માંગતો હતો. જયારે તેને પૂછવામાં આવ્યું કે "આપે તેણીમાં એવો કયો ઐબ (દુર્ગુણ)

જોયો જેના કારણે તમે તેને તલાક આપવા માંગો છો ?" તેણે જવાબ આપ્યો : "અકલમંદ માણસ કદી પોતાની પત્નીના ઐબ કે તેની ગુપ્ત વાતોને જાહેર કરતો નથી." છેવટે તલાક થઈ ગઈ અને તેણીની ઇદ્દતની મુદ્દત પણ પસાર થઈ ગઈ. ફરીથી લોકોએ તે માણસને કહ્યું : "હવે તો તે સ્ત્રી તમારી પત્ની પણ રહી નથી. એ તો કહો કે તેણીમાં એવો કયો દુર્ગુણ હતો જેના કારણે તમે તેને તલાક આપી દીધી ?" ત્યારે તે માણસે જવાબ આપ્યો કે "પારકી સ્ત્રી વિશે મારે શી પંચાત ?"

આ વાતનો સારાંશ એ નિકળે છે કે પતિ પર પોતાની પત્નીનો એ હક છે કે તે પોતાની પત્ની વિશેની ગુપ્ત વાતોને જાહેર ન કરે એટલે સુધી કે બંનેમાં તલાક અને જુદાઈ થવા પછી પણ આ હક બાકી રહે છે.

ભેદની વાતો જાહેર કરી દેવી એ એક પ્રકારની ખયાનત છે. અને દરેક પ્રકારના લોકો એ વાતને ખરાબ સમજે છે.

ઓકદુલ ફરીદ નામની કિતાબમાં લખ્યું છે કે "ઇબ્ને ઝિયાદ લઅનતુલ્લાહ (તેની ઉપર ખુદાની લાનત થાય.) જેવા ઘાતકી અને દુષ્ટ માણસે પણ ઇબ્ને સાદને એ બાબતે ઠપકો આપ્યો હતો કે તેણે હઝરત મુસ્લિમ ઇબ્ને અકીલ અલય્હિસ્સલામની વસીયત અને તેમની ગુપ્ત વાતો શા માટે જાહેર કરી દીધી ?" ઇબ્ને ઝીયાદે પત્રમાં લખ્યું હતું કે

"અય ઉમર બિન સાદ તેં જ (હઝરત ઇમામ) હુસૈન અલય્હિસ્સલામના કુફા તરફ પ્રયાણની ગુપ્ત વાતને જાહેર કરી દીધી છે. તેથી તારે જ તેઓની સાથે જંગ કરવા જવું પડશે."

નફસુલ મહેમૂમ અને બીજી મકાતિલ (મકાતિલ એટલે કે કરબલાના વાકેઆ ઉપર લખી ગએલ કિતાબ) ની કિતાબોમાં લખ્યું છે કે, જયારે ઇબ્ને ઝીયાદે મુસ્લિમ ઇબ્ને અકીલને ગિરફતાર કરી લીધા ત્યારે મુસ્લિમ અલય્હિસ્સલામે ઇબ્ને ઝીયાદને કહ્યું હતું : "શું તું મને કત્લ કરી નાખીશ ?" તેણે જવાબ આપ્યો : "હા" ત્યારે આપે ફરમાવ્યું હતું : "તો પછી મને એટલો સમય આપ કે હું મારા (અંગત લોકો)માંથી કોઈને વસીયત કરી દઉં" તે મલઉને રજા આપી. હઝરત મુસ્લિમ અલય્હિસ્સલામે દરબારમાં ચારે બાજુ નજર દોડાવી અને ઉમર બિન સઅદ (લઅનતુલ્લાહ)ને જોઈને ફરમાવ્યું : "અય ઉમર, મારી અને તારી વચ્ચે નિકટતા (કૌટુંબિક સંબંધો) છે. તારી પાસે મારી એક માંગણી છે અને તારા માટે એ માંગણી પૂરી કરવી વાજીબ છે. અને તે માગણી એક ગુપ્ત વાત છે, કે જેને હું તમામ લોકોને કહી શકતો નથી." ઉમર ઇબ્ને સાદ (લઅ.) એ વાત સાંભળવા અને માનવા માગતો ન હતો. ત્યારે ઇબ્ને ઝીયાદે તેને કહ્યું : 'તેઓની વાત સાંભળવાનો ઇન્કાર ન કરો. જુઓ કે તમારા પિતરાઈ ભાઈની ઇચ્છા શું છે ?' તેથી ઉમર ઇબ્ને સાદ હઝરત મુસ્લિમ અલય્હિસ્સલામ સાથે દરબારના એક ખુણામાં જઈને બેસી ગયો. હઝરત મુસ્લિમ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "મારી ઉપર કેટલુંક કર્ઝ છે, હું કુફા પહોંચ્યો ત્યારે મેં સાતસો દીનાર કર્ઝ લીધું હતુ. તું મારૂં આ બખ્તર વેચીને તે કર્ઝ ભરપાઈ કરી દેજે. જયારે મને કત્લ કરી દેવામાં આવે ત્યારે મારી લાશ ઇબ્ને ઝીયાદ પાસેથી મેળવીને કાયદેસર રીતે દફન કરી દેજે અને કોઈને મોકલ, જે ઇમામ હુસૈન અલય્હિસ્સલામ ને કૂફા આવતા અટકાવી દે. મેં તેઓને પત્રમાં લખ્યું છે કે, કૂફાના લોકો તેઓનો સાથ આપવા માટે તૈયાર છે તેથી મને ખાત્રી છે કે તેઓએ કૂફા તરફ પ્રયાણ શરૂ કરી દીધું હશે. તેઓને મારી ગિરફતારી અને કત્લ થવાના સમાચાર પહોંચાડી દે જેથી તેઓ કૂફા આવ્યા વગર પાછા ફરી જાય."

ઉમર બિન સાદે (લઅનતુલ્લાહ) હઝરત મુસ્લિમની એ ત્રણેય વાતો (કર્ઝ અદા કરવાની, લાશને દફનાવવાની અને સંદેશાવાહકને મોકલીને હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામને સંદેશો મોકલવાની) તે જ વખતે ઇબ્ને ઝીયાદને જણાવી દીધી. ઇબ્ને ઝીયાદે મુસ્લિમને કહ્યું :

"(અય મુસ્લિમ બિન અકીલ) કોઈ અમીન માણસ તમારી સાથે ખયાનત કરી શકે નહીં, પરંતુ હકીકત એ છે કે તમે એક ખયાનત કરનારાને અમીન બનાવ્યો છે."

* * * * *

# એક દાખલારૂપ રહસ્ય જાળવનાર

આ વિષયના અંતમાં અમાનતદારીનું એક સંપૂર્ણ કહેવાય તેવું ઉદાહરણ પ્રસ્તુત કરી દેવું યોગ્ય જણાય છે. જયારે હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામ બત્નુરહમાથી, હાજિઝ નામના સ્થાન સુધી પહોંચ્યા ત્યારે તેઓએ હઝરત મુસ્લિમ બિન અકીલ અને કૂફાના શીઆઓને સંબોધીને એક પત્ર લખ્યો હતો જેના શબ્દો કંઈક આ પ્રમાણે હતા :

"હુસૈન ઇબ્ને અલી અલય્હિસ્સલામ તરફથી પોતાના મોઅમિન તથા મુસ્લિમ ભાઈઓ જોગ સંદેશ."

"હું એ ખુદાની હમ્દો સના કરૂં છું, જેના સિવાય બીજો કોઈ માઅબૂદ નથી. હઝરત મુસ્લિમ અલય્હિસ્સલામનો પત્ર મને મળ્યો છે. તેઓએ મને એક સરસ ખબર મોકલી છે કે તમે લોકો અમારી મદદ કરવા માટે એકઠા થઈ ગયા છો અને અમારા હક વિશે માગણી કરી રહયા છો. હું ખુદા પાસે દુઆ ગુજારૂં છું કે તમારો અંતકાળ સારો રહે અને તમારા આ નેક કામ માટે આગળ વધવાને બદલે તમને જઝાએ ખૈર આપે. આઠમી ઝીલ્હજ મંગળવારે મેં તમારી તરફ પ્રયાણ કરવાનું શરૂ કર્યુ છે. મારો કાસિદ (સંદેશાવાહક) તમારી પાસે આવે ત્યારે તમારા કામમાં ઝડપ, અને ગંભીરતા રાખજો. ઇન્શાઅલ્લાહ, હું થોડાક દિવસમાં જ તમારી પાસે પહોંચી જઈશ."

**"વસ્સલામો અલય્ક વરહમતુલ્લાહે વબરકાતોહ."**

હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામે આ પત્ર કૈસ ઇબ્ને મસ્હર સૈદાવીને આપ્યો અને તેઓ એ પત્ર લઈને કૂફાની સરહદે પહોંચી ગયા. ત્યાં ઇબ્ને ઝીયાદના લશ્કરના એક સરદાર હસીન ઇબ્ને તમીમે તેઓને ગિરફતાર કરી લીધા ત્યારે કૈસ ઇબ્ને મસ્હરે તુરત જ હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામનો પત્ર ફાડીને તેના ટૂકડે ટૂકડા કરી નાખ્યા. તેમને ઇબ્ને ઝીયાદ પાસે લઈ જવામાં આવ્યા. ઇબ્ને ઝીયાદે તે પત્ર માંગ્યો ત્યારે કૈસે ફરમાવ્યું : "મેં તે પત્ર ફાડીને ટૂકડે ટૂકડા કરી નાખ્યો છે. ઇબ્ને ઝીયાદે પૂછયું : "શા માટે ?" ત્યારે કૈસે જવાબ આપ્યો : "તેમાં શું લખ્યું છે તે તું જાણી ન જાય માટે." ઇબ્ને ઝીયાદે પૂછયું : "તે પત્ર કોને સંબોધીને લખાયો હતો ?" કૈસે જવાબ આપ્યો : "એવા લોકોને સંબોધીને લખાયો હતો, જેને હું ઓળખતો નથી." ઇબ્ને ઝીયાદે કહયું : "જો તું મને જણાવીશ નહીં તો તારે મિમ્બર ઉપર જઈને ત્યાંથી જુઠ્ઠાઓ ઉપર લાનત કરવી પડશે." (આમ કહેવા પાછળ ઇબ્ને ઝીયાદનો નાપાક ઇરાદો (નઉઝોબિલ્લાહ) ઇમામ હુસૈન અલય્હિસ્સલામની પવિત્ર ઝાત પર લાનત કરાવવાનો હતો.)

કૈસ ઇબ્ને મસ્હર મિમ્બર ઉપર ગયા અને ફરમાવ્યું :

"અય લોકો, હુસૈન ઇબ્ને અલી અલય્હિસ્સલામ ખુદાની શ્રેષ્ઠ મખ્લૂક છે અને રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની પૂત્રી ફાતેમા સલામુલ્લાહે અલય્હાના ફરઝંદ છે. હું તેમનાથી હાજીઝ નામના સ્થાનેથી છુટો પડયો છું. હું એ માટે આવ્યો છું કે આપ લોકો તેઓની અવાજ પર લબ્બૈક (તૈયાર છીએ) કહો અને તેમની તરફ રાજીખૂશીથી આગળ વધો." ત્યાર પછી કૈસે ઇબ્ને ઝીયાદ અને તેના બાપ ઉપર લાનત મોકલી અને અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામ ઉપર ઘણી ઘણી દુરૂદ (સલવાતો) મોકલી.

ઇબ્ને ઝીયાદે (લઅ.) કૈસને મહેલની ઉંચી દિવાલ ઉપર લઈ જઈને ત્યાંથી ફેંકી દેવાનો હુકમ આપ્યો. કૈસ ઇબ્ને મસ્હરને મહેલની ઉંચી દિવાલ ઉપરથી નીચે ફેંકવામાં આવ્યા ત્યારે તેમના હાડકાઓ ભાંગી ગયા.

તેઓને હજી જીવવાની આશા હતી અને અંતિમ શ્વાસ ભરતા હતા ત્યારે અબ્દુલ મલીક ઇબ્ને ઉમરે તેમનું માથું કાપી નાખ્યું.

જયારે હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામે કૈસની તે હાલત અને તેઓ શહીદ થયા તે વિશે જાણવા મળ્યું ત્યારે તેઓની આંખમાં આંસુ આવી ગયા અને તેઓએ આ આયતે શરીફા તિલાવત ફરમાવી :

**"ફમિન્હુમ મન કઝ નહબહૂ વ મિન્હુમ મંય્યન્તઝેરો"**

**(સૂરએ અહઝાબ - 33, આ. ૨૩)**

"મોઅમિનો પૈકી કેટલાકોએ તો પોતાનું વચન પૂર્ણ કરી દેખાડયું (અર્થાંત શહીદ થઈ ગયા) અને તેઓ માંહેના કેટલાકો તો (શહાદત) ની વાટ જોઈ રહ્યા છે."

અમાનતદારીના વિષય ઉપર એક દિલચસ્પ બનાવ રીયાઝુલ હીકાયતમાં આ રીતે નોંધવામાં આવેલ છે.

"એક માણસ પાસે થેલીમાં ૧૦૦ તુમાન (ઈરાનના ચલણી નાણા) હતા. તે વહેલી સવારમાં એક સાર્વજનિક સ્નાનગૃહમાં નહાવા જવા માટે નિકળ્યો. રસ્તામાં તેનો એક મિત્ર મળી ગયો. તે પણ તે તરફ જતો હતો રસ્તાના જયાં બે ફાંટા પડતા હતા ત્યાં તેનો મિત્ર કંઈ કહ્યા વગર તેનાથી જુદો પડી ગયો. જોગાનુજોગ તેની પાછળ એક ચોર આવી રહ્યો હતો. તે માણસ પાસે જે રકમની ભરેલી થેલી હતી તે ઉઠાવી લેવા માંગતો હતો. તે માણસ સ્નાનગૃહ પાસે પહોંચ્યો. તે માણસે પોતાની થેલી સ્નાનગૃહના માલિકને આપી દીધી અને પોતે નહાવા માટે ચાલ્યો ગયો. સ્નાનગૃહના માલિકને પણ નહાવા માટે જવું હતું, તેને એમ થયું કે પાછળ આવેલો ચોર એ થેલીના માલિકનો મિત્ર છે. તેમ સમજીને તેણે તે થેલી ચોરને આપી દીધી અને કહ્યું કે "હું નહાઈને બહાર આવું ત્યાં સુધી તું આ અમાનત સાચવ."

ચોર થેલી લઈને ત્યાં જ બેસી રહ્યો. એટલીવારમાં સ્નાનગૃહનો માલિક બહાર આવ્યો. ત્યારે ચોરે તે થેલી પાછી આપી. જયારે સ્નાનગૃહના માલિકને એ વાતની જાણ થઈ કે આ (ચોર) થેલીના મૂળ માલિકનો મિત્ર નથી ત્યારે તેણે પૂછયું : 'તું કોણ છે ?' તેણે જવાબ આપ્યો કે "હું એક ચોર છું." સ્નાનગૃહના માલિકે આગળ પૂછયું કે 'જો તું ચોર છે તો પછી તેં આ થેલી ચોરી કેમ ન લીધી ?" ચોરે કહ્યું : "એ હકીકત છે કે હું ચોર છું, પણ અમાનતમાં ખયાનત કરવી, એ જવામર્દીની વાત નથી. આ અમાનતનું રક્ષણ કરતા રહેવાથી હું બીજે ચોરી કરવા જતા પણ રોકાઈ રહ્યો છું." આ વાત જયારે થેલીના માલિકે જાણી ત્યારે તેણે થેલી ખોલીને તેમાંથી અમૂક રકમ કાઢી ચોરને આપી.

* * * * *

# ત્રેવીસમો ગુનાહ

# ચોરી

શરીઅતમાં જે ગુનાહનું 'ગુનાહે કબીરા' હોવાનું સાબિત છે, તે ત્રેવીસમો ગુનોહ ચોરી છે. ફઝલ બિન શાઝાનની રિવાયતમાં હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામે ચોરીને ગુનાહે કબીરામાં ગણાવેલ છે. એઅમશથી રિવાયત છે, કે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે આ હદીસે નબવી નોંધી છે :

"કોઈપણ માણસ જે મોઅમિન હોય તો કદી ઝીના (વ્યભિચાર) કરતો નથી અને કોઈ પણ મોઅમિન (કદી) ચોરી કરતો નથી."

**(વસાએલુશ્શીયા)**

આમ, ઝીના કરનાર અને ચોરી કરનાર માણસ મોઅમિન હોઈ શકતો નથી. એવા કાર્યો કરનારના ઈમાનની રૂહ હોતી નથી. એટલું જ નહીં, પણ આવા માણસને ખુદા અને બદલાના (કયામતના) દિવસ પર યોગ્ય પ્રમાણમાં ઈમાન નથી હોતું. એવો માણસ તૌબા કર્યા વગર મરી જાય તો તેનું મૌત મોઅમિનનું મૌત નથી હોતું. કેટલીક આયતો અને રિવાયતો એવી છે, જેમાં ચોરી કરવાની ટીકા કરવામાં આવી છે.

એવો દરેક માણસ ચોર કહેવાશે. અને તે ખુદાની નજરમાં પણ ચોર થશે. જે કોઈ મુસલમાનનો એવો માલ ચોરી લે જે માલ તેની પોતાની જ (ચોરનારની જ ) મિલ્કત હોય અને તે માલ તેણે પોતાના માટે રાખી લીધો હોય. (એટલે કે ખુદાવંદે તઆલા તેને એ જ અઝાબ આપશે જે એક ચોર માટે આ દુન્યાવી જિંદગી પછી આખેરતમાં નિશ્ચિત છે.)

પરંતુ (દુનિયામાં) તેના હાથ કાપવામાં નહીં આવે, અલબત્ત જો તેણે એક ચતુર ભાગ (૧/૪) દીનાર ચોર્યો હશે અથવા તેથી વધારે કિંમતનો માલ ચોર્યો હશે તો કાપવામાં આવશે.

જો એક ચર્તુથાંશ (૧/૪) દીનારથી ઓછા માલની ચોરીની સઝા રૂપે હાથ કાપવામાં આવે તો તમે (દુનિયાના) મોટા ભાગના લોકોના હાથ કપાએલા જોત.

* * * * *

# ચોરીની સજા

સૂરએ માએદાહમાં ઇરશાદ છે : "અને ચોરી કરનાર પુરૂષ અને ચોરી કરનાર સ્ત્રી હોય તો (તમે તેના કરતુતોના બદલામાં) તેના હાથ કાપી નાખો, અને તેમની કરણીનો બદલો (સજા) અને અલ્લાહ તરફથી ધડારૂપ નિશ્ચિત થએલી સજા છે, અને અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે."

"પછી જો કોઈ પોતાની સખ્તાઈ (અર્થાત ગુનાહ ભર્યા કાર્ય) પછી પશ્ચાતાપ કરે અને (પોતાની ચાલ) સુધારી લે તો બેશક અલ્લાહ તેની તૌબા સ્વિકારી લેશે. નિસંશય અલ્લાહ મહાન બક્ષનાર (માફ કરનાર) (અને) દયા કરનાર છે."

'બુર્દાને કુરઆન' નામની કિતાબના પાના નં ૭૦ પર આ પ્રમાણે લખાયું છે : ઇસ્લામના દુશ્મન તત્વોએ જે બાબતો વિશે ઇસ્લામ ઉપર હુમલો કર્યો છે અને લડાઈ આરંભી છે, તે પૈકી એક ઇસ્લામમાં સજાઓના કાયદાઓ છે. ઇસ્લામના દુશ્મનો ઇસ્લામમાં નિશ્ચિત થએલા સજાઓના કાયદાઓને સજાઓ યોગ્ય (શિક્ષા) નથી. ખાસ કરીને ચોરીની સજા રૂપે હાથ કાપવા અને ઝીના (વ્યભિચાર)ની સજારૂપે સંગસાર કરવાની સખ્ત નુકતેચીની (ટીકા) કરી છે. તેઓ તેમની (વાહીયાત) ફીલસુફી રજુ કરતા કહે છે કે, આવા ગુનાહો એક પ્રકારની અખ્લાકી અને રૂહાની (નૈતિક અને આધ્યાત્મિક) બીમારીઓ છે જેનો ઇલાજ સજાઓ કરીને નહીં પણ સદગુણના પાઠો દ્વારા અને મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી થવો જોઈએ.

અમે કહીએ છીએ કે અમે સદગૂણના પાઠ શીખવવા એ આધ્યત્મિક ઉપચારના જરાયે વિરોધી નથી. નસીહતના ઉપદેશના પાઠ શીખવવાથી સમાજની ગુનેહગાર મનોવૃત્તિવાળી વ્યક્તિઓ પર ઉંડી અસર થાય છે એ વાતમાં જરાયે શંકાને સ્થાન નથી. અમે એ વાતનો ઇન્કાર પણ નથી કરતાં કે મોટા ભાગના ગુનાહો ચારિત્ર્યની ખરાબી અને બિમાર રૂહ (માંદી મનોવૃત્તિ)ને લીધે થતા હોય છે.

ઇસ્લામે સદગુણના પાઠ શીખવવા ચારિત્ર્ય અને ટેવોની સુધારણા કરવાનો મુદ્દો અવગણેલ નથી પરંતુ તેની સાથે સાથે અમે કહેવા માગીએ છીએ કે ચારિત્ર્યની સુધારણા માટેનું સ્પષ્ટ માર્ગદર્શન આપવા છતાંય જે માલ ઉદ દંડ બને અને પોતાની મનોવાસનાને મૂકત રીતે વિહરવા દે તો તેવા માણસની સુધારણા સજા સિવાય બીજી કોઈ પણ રીતે કરવી અશકય છે. ખુદાએ સાવ નાના ત્રણ ચાર વર્ષના બાળકને પણ

પોતાની ઉપર કાબુ રાખવાની શક્તિ આપી છે. દાખલા તરીકે ખુદાએ એવા નાના બાળકને પથારીમાં પેશાબ થતું રોકવાની શક્તિ આપી છે. ખુદાએ આવી શક્તિ આપી હોવા છતાં તેમના મા - બાપ તાલિમ અને નસીહત આપી હોવા છતાં જો એવું બાળક બેદરકાર રહે મા - બાપ તેની ઉપર સખ્તી પણ કરે છે. ઇસ્લામની સજાઓ વિશે ટીકા કરવા માટે આધ્યાત્મિક અને ચારિત્ર્યની સુધારણાને પુરતી સમજનારા (કહેવાતા) વિધ્વાનોના દેશોમાં પણ ગુનેહ્ગારોને ફકત સારી શીખામણ આપીને પ્રેમથી છોડી દેવાય તેવું બનતું નથી. પરંતુ તે દેશોમાં પણ ગુનેહ્ગારોને જેલમાં ગોંધી દેવાય છે અને જુદા જુદા ગુનાહો માટે જુદી જુદી સજાઓ પણ આપવામાં આવે છે.

અમે એ વાતનો પણ અસ્વિકાર કરતાં નથી કે આર્થિક દુર્દશા પણ ઘણા ગુનાહ માટે કારણરૂપ બને છે. અમે માનીએ છીએ કે ગરીબાઈ અને આર્થિક તંગીને કારણે પણ માણસ બદ અખ્લાક (દુષ્ટ ચારિત્ર્યવાળો) બની જાય છે. આજ કારણોસર સમાજ પ્રત્યે દવેષ અને દુશ્મનીનું પ્રમાણ પણ વધતું જાય છે. એટલું જ નહીં સ્વાર્થીપણુ તેમજ બીજાઓના હકકો પચાવી પાડવાની મનોમૃતિ પણ આર્થિક દુર્દશાનું જ પરિણામ છે. ગરીબાઈને કારણે ખયાનત અને ચોરીનું વલણ પણ વધે છે, માણસ કોઈ પણ વસ્તુ (સુવિધા - સગવડ વિગેરે) થી વંચિત રહે તો તે વસ્તુ મેળવવા માટે અને પોતાની અગવડને દૂર કરવાના ચક્રો ગતિમાન કરી દે છે. પરંતુ ફકત ગરીબાઈ અને કોઈ વસ્તુ કે સુવિધાથી વંચિત થઈ જવાથી જ માણસ ગુનાહખોરીમાં સપડાઈ જાય છે, તે વાત અમે હરગીઝ સ્વિકારી શકતા નથી. અમે એવા કેટલાય લોકોને ઓળખીએ છીએ જેઓ ગરીબાઈ અને ઘણી બધી અસુવીધાઓનો ભોગ બન્યા હોવા છતાં ઝુલ્મ અને ગુનાહખોરીથી દૂર રહ્યા છે અને તેવા લોકો તેમના નેક વર્તનથી ઉચ્ચ કક્ષાની પરહેઝગારી અને સંતોષની સાબિત પૂરી પાડે છે. તદઉપરાંત ખૂબ જ સરળતા, પવિત્રતા અને શ્રધ્ધાપૂર્વક પોતાની વાજીબાતો અને ફરજ અદા કરતા રહે છે. જે દેશો અને વિસ્તારોમાં ગરીબાઈ અની અને આર્થિક સધ્ધરતા છે ત્યાં પણ ગુનાખોરી અને અત્યાચાર ખૂબ જ પ્રમાણમાં થતાં હોય છે. તેથી ત્યાં કોઈ ઝુલ્મ કે ગુના થતા જ નથી તેવું પણ નથી. સોવિયેત દેશ (રશીયાની) ગુનેહ્ગારોથી ભરપૂર જેલો આ વાતની સાબિતિ આપે છે, કે ત્યાં પણ જાત જાતનાં ગુનાહો થતાં જ રહે છે. (સોવિયેત યુનિયન (રશિયા) માં ૧૯૯૦ માં સામ્યવાદનો નાશ થઈ ગયો અને તે હવે બાર જુદા જુદા રાજ્યોમાં વહેંચાઈ ચૂકયું છે.)

ઇસ્લામની સખ્ત સજાઓના કાયદાઓને જંગલી ગણાવી ટીકા કરનારા લોકો પોતાની અને પોતાના દેશની વાસ્તવિકતાને વિસરી જાય છે. સ્વતંત્રતા અને માનવતાવાદના સુત્રો પોકારનારાઓ શું પોતાના દેશોમાં થતી ગુનાહખોરી અને અત્યાચાર ભૂલી બેઠા છે ? દક્ષિણ આફ્રિકાના ચાલીસ હજાર નાગરીકોને ફકત પોતાના મૂળભુત હકકોની માંગણી કરવાના કારણસર મશીનગનોથી કુંકી મારવામાં આવ્યા. શું તે જંગલીયત નથી ? ૧૪ એપ્રીલ ૧૮૬૦ ના કયહાન નામના (તહેરાન - ઇરાનના) દૈનિકમાં નીચે મુજબની નોંધ છે.

"છેલ્લા છ વર્ષના સમયગાળામાં અલજઝાઈર (દ્વીપ સમૂહનો દેશ - આલજીરિયા)ના આઝાદીના આશિકો અને મુજાહિદ નાગરીકોએ ખૂબ જ દીલેરીપૂર્વક ફ્રાંસની ઝાલિમ હુકૂમતની ગુલામીમાંથી મુક્તિ પામવા માટે લડયા અથવા પ્રયત્નો કર્યા છે. અત્યાર સુધીમાં આલજીરિયા દસ મીલીયન (એક કરોડ)ની વસ્તીમાંથી એક મીલીયન (દસ લાખ) લોકો પોતાના મૂળભૂત અધિકારોની સુરક્ષા કરવાના આરોપસર કત્લ કરી નખાયા છે."

અને અમારા મૂળ વિષયની ચર્ચા આગળ વધારતા કહીએ છીએ કે, ઇસ્લામે દરેક પ્રકારના દ્રષ્ટિકોણને લક્ષમાં રાખ્યો છે. ઇસ્લામે સખ્ત સજાઓનો હુકમ આપવાની સાથે સાથે અખ્લાકી અને રૂહાની ખરાબીઓને

નાબૂદ કરવા અને સમાજમાંથી ગુનાહખોરીનો અંત લાવી દેવા માટેના આદેશ પણ આપ્યા છે. સમાજમાં ગુનાહખોરીની શકયતાઓ ઓછામાં ઓછી રહે તે માટે ઇસ્લામ દરેક રીતે પ્રયત્નશીલ છે. આટલા પ્રયાસો કરવા છતાં જો સમાજનો કોઈ માણસ ગુનાહખોરી કરે તો પછી તેને સજા કર્યા સિવાયનો બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. ઇસ્લામ ગુનાહ કરનાર વ્યક્તિનું તે ગુનાહ કરવા પાછળનું મૂળ કારણ શું છે, તે પણ ધ્યાનમાં લે છે. દાખલા તરીકે કોઈ માણસ આર્થિક તંગી અને ભૂખની હાલતમાં દુ:ખી થઈ જવાના કારણે ચોરી કરી બેસે તો ઇસ્લામી કાનૂન પ્રમાણે તેના હાથ કાપવામાં આવતા નથી. પરંતુ એ સજાથી મૂકત રહે છે અને વધુમાં વધુ તેને સામાન્ય તાઅઝીર (નામની સજા) કરી ચેતવણી આપીને છોડી દેવાય છે, જેથી ભવિષ્યમાં એવો ગુનાહ ન કરે.

ઇસ્લામી હુકુમતની ફરજ છે કે તે તેના દરેક નાગિરકને જરૂરી રોજગાર પૂરો પાડે. આમ છતાં, જો કોઈ માણસ બેરોજગાર રહી જાય તો તેને યોગ્ય રોજગાર મળે ત્યાં સુધી તેને બયતુલ માલમાંથી વઝીફાહ (આજીવિકા) નિર્વાહ ભથ્થુ મળે છે. આવી વ્યવસ્થા હોવાથી ઇસ્લામી હુકુમતમાં ચોરી થવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. હકીકતમાં આટલી સુવિધા મળવા છતાં જો કોઈ માણસ (ઇસ્લામી હુકૂમતમાં) ચોરી કરે તો તેને સજા મળવી જ જોઈએ.

આ ઉપરાંત ચોરને સજા કરતા પહેલા એ મુદ્દા પણ ધ્યાનમાં લેવાના રહે છે કે કોઈના દબાણમાં આવીને તો એ ચોરી નથી કરી બેઠોને ? જો માણસ ખરેખર કોઈ પણ રીતે ચોરી કરવા માટે લાચાર થઈ ગયો હોય તો તેને સજા કરવામાં આવતી નથી. સામાન્ય રીતે કોઈ બિન ઇસ્લામી દેશમાં ઇસ્લામી કાયદાઓ લાગુ પાડવામાં આવતા નથી. તેથી તે બાબતે ટીકા - ટીપ્પણ કરવાની કોઈને તક જ રહેતી નથી.

ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે ઇસ્લામી હુકુમતના ચારસો વર્ષના સત્તાકાળમાં ફકત છ વખત ચોરીના ગુનાસર હાથ કાપવાની સજા કરવામાં આવી હતી.

બીજા વિશ્ર્વયુધ્ધ દરમિયાન કહેવાતા પ્રગતિશીલ દેશોએ જે જંગલી રીતે લડાઈ લડી હતી તેના પરિણામે ૨૫ મીલીયન (૩ કરોડ અને ૫૦ લાખ) માણસો કત્લ થઈ ગયા હતા. વીસ મીલીયન (બે કરોડ) લોકોએ તેમના હાથ પગ ગુમાવ્યા હતા. સત્તર મીલીયન (એક કરોડ સત્તર લાખ) લીટર માનવ રકત જમીન ઉપર રેડાઈ ગયું હતું. અને બાર મીલીયન (એક કરોડ વીસ લાખ) ગર્ભનો નાશ થઈ ગયો હતો. આ બધા આંકડાની સરખામણીએ જો ચારસો વર્ષમાં માત્ર છ વખત અધમ ચોરી કરનારાઓના હાથ કાપવામાં આવ્યા હોય તેને જંગલીપણું કહેવું એ કેટલે અંશે વ્યાજબી છે ? શીઆઓના ફીકહી કાયદા મુજબ ચોરના જમણાં હાથની ફકત ચાર આંગળીઓ કાપવાનો જ હુકમ છે, તોય ચોરના જમણા હાથનો અંગૂઠો અને હથેળી સલામત રહે છે.

કોઈ એવી દલીલ પણ કરે કે જુના જમાનાના લોકોની સમજ એટલી બધી વિકાસ પામી ન હતી તેથી તેવા લોકોને અંકુશમાં રાખવા માટે એવી સજાઓ કરવામાં આવતી તે વ્યાજબી હતી, પરંતુ હવે તો લોકોની સમજમાં વૃધ્ધિ થઈ છે, એ વાત ભલા - ભોળા લોકોને છેતરવા માટે બરાબર છે  જો લોકોની સમજણ બુધ્ધિમાં વૃધ્ધિ થઈ ગઈ છે તો પછી પ્રગતિશીલ અને પશ્ર્ચીમી (યુરોપ)ના દેશોમાં ગુનાખોરી વધારે પ્રમાણમાં છે તેનું કારણ શું ? હકીકત તો એ છે કે ગુનાહોની સજા સખ્ત (કડક) રાખવામાં નથી આવી. આ ઉપરાંત અમે તો એમ પણ કહીએ છીએ કે ઇસ્લામમાં જે સખ્ત સજાઓના ફાયદાઓ છે તેનાથી જ લોકોની સમજનું ધોરણ ઉંચુ થઈ જાય છે. ઇસ્લામના કડક કાયદાઓના લીધે જ માણસ ફીત્ના, ફસાદ અને વિનાશના માર્ગે જતો અટકી જાય છે અને ઉન્નતિના શીખરો સર કરે છે. માણસને આપમેળે જ એ વાત સમજાઈ જાય છે કે (દાખલા તરીકે) ચોરી કરવી એ ખરાબ કૃત્ય છે.

ચોરોની સજાના ઉલ્લેખવાળી કુરઆને મજીદની જે આયત આગળ પ્રસ્તુત કરવામાં આવી છે, તેમાં એ સંપૂર્ણ વિગત આવતી નથી કે ચોરી કયા પ્રકારની હોય તો હાથ કાપવાની સજા થઈ શકે, કઈ બાજુનો અને કેટલો હાથ કાપવો ? એ વાત સ્પષ્ટ છે કે આ બધી વિગતો આપણને હદીસોમાં જ પ્રાપ્ત થઈ શકે છે. ચોરીના વિષય પર ઘણી હદીસો ઉપલબ્ધ છે જેના પ્રકાશમાં ચોરીની હદ અને સજા વિશેની નીચે મુજબની શરતો જોવા મળે છે.

* * * * *

# ચોરીની હદ જારી કરવા (સજા કરવા માટેની શરતો)

ચોરી કરવાના ગુનાહ્સર ચોરના હાથ કાપવાની સજા કરતા પહેલાં નીચે મુજબની શરતો સાબિત થવી જોઈએ. જો નીચેની શરતોમાંથી કોઈ એક પણ શરત પૂરી થતી ન હોય તો તે સંજોગોમાં ચોરને હાથ કાપવાની સજા કરી શકાતી નથી.

**(૧)** પહેલી શરત એ છે કે ચોર બાલિગ હોવો જોઈએ. બાલિગ હોવાની શરઈ નિશાની એ છે કે **(૧)** છોકરો હોય તો ચાંદના હિસાબથી તેની ઉમર પંદર વર્ષની થઈ ગઈ હોવી જોઈએ. અને છોકરી હોય તો ચાંદના હિસાબથી નવ વર્ષની હોવી જોઈએ. **(૨)** બાલિગ થવાની બીજી નિશાની એ છે કે દૂંટી નીચેની શર્મગાહ (ગુપ્તભાગ)ની ઉપર જાડા અને ખૂંચે તેવા વાળ આવી ગયા હોય, **(૩)** છોકરા માટે બાલિગ થવાની ત્રીજી નિશાની એ છે કે તેને એહતેલામ (ઉંઘમાં વીર્ય સ્ખલન) થવા લાગે અથવા તો કોઈ પણ રીતે વીર્ય બહાર આવે. ઉપરની ત્રણેય શરતોમાંથી કોઈ પણ શરત દેખાય તે છોકરો બાલિગ ગણાશે. જો ચોરી કરનાર ચોરી કરતી વખતે નાબાલિગ હોય તો તેના હાથ કાપવાની સજા થઈ શકતી નથી પરંતુ કાજીને યોગ્ય લાગે તે છોકરાને તાઅઝીર અને ડાંટ - ડપટ કરીને છોડી શકે છે, જેથી ભવિષ્યમાં તે એવું કામ ન કરે.

અબ્દુલ્લાહ ઇબ્ને સનાન હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી આ રિવાયત નોંધે છે, કે જયારે બાળક ચોરી કરે ત્યારે પહેલી અને બીજી વખત માફ કરી દેવો જોઈએ. જો તે ત્રીજી વખત ચોરી કરતો પકડાય તો તેને ચોરી કરતો અટકાવવા માટે ઠપકો આપવો જોઈએ અને મારવો જોઈએ. આમ છતાં જો તે ચોરી કરવાનું ચાલુ રાખે તો ચોરી કરવાની સજા રૂપે તેની આંગળીઓના થોડા થોડા ખુણા કાપી નાખવા જોઈએ. છતાંય તે ચોરી કરવાનું ચાલુ રાખે તો તેની આંગળીઓ થોડી થોડી કાપવી જોઈએ.

**(૨)** બીજી શરત એ છે કે ચોરી કરનાર આકિલ હોવો જોઈએ. જો કોઈ દિવાનો હોય અને ચોરી કરે તો તેના હાથ કાપવામાં આવતા નથી. જો તેને ડાંટ ડપટ, ઠપકો વિગેરે આપવાથી અસર અને ફાયદો થાય તેમ હોય તો ડાંટ - ડપટ કરી શકાય છે.

**(૩)** ત્રીજી શરત એ છે કે માણસે કોઈની ધમકી (દબાણ)ને વશ થઈને અથવા મજબુરીને લીધે ચોરી કરી ન હોવી જોઈએ. જો મજબૂરીને લીધે ચોરી કરી હોય તો તેને શરઈ સજા (હદ જારી) કરી શકાતી નથી.

**(૪)** જે વસ્તુની ચોરી કરવામાં આવી હોય તે શરઈ રીતે માલ અને મિલ્કત ગણાતી હોવી જોઈએ.

**(૫)** જે વસ્તુની ચોરી કરવામાં આવી હોય તે ૧/૪ શરઈ મિસ્કાલના શુધ્ધ સોનાની કિમત કરતા ઓછી રકમની ન હોવી જોઈએ. એક શરઈ મિસ્કાલ અઢાર ચણાના દાણાની બરાબર થાય છે. જેનો ચોથા ભાગ (૧/૪ વજન) સાડાચાર ચણા જેટલું થાય છે.

**(૬)** ચોરીનો માલ, ગુલામનો અથવા પૂત્રનો ન હોવો જોઈએ. જો પિતા તેના પૂત્ર કે પૂત્રીનો માલ ચોરે તો તેને શરઈ સજા કરી શકાતી નથી. આનાથી ઉલ્ટુ પુત્ર અથવા પૂત્રી પોતાના પિતાના માલની ચોરી કરે તો તેના હાથ કાપવામાં આવશે. આ જ વાત ગુલામને પણ લાગુ પડે છે. માલિક પોતાના ગુલામનો માલ ચોરે તો

તેમાં કંઈ સજા થતી નથી. પણ જો એવું લખાણ થયું હોય કે ગુલામ અમૂક પ્રમાણમાં માલ કમાઈને આપશે તો તે સ્વતંત્ર રહેશે અને તે માલ અગર માલિક ચોરી કરે તો તેને સજા થઈ શકે છે. અલબત્ત જો ગુલામ પોતાના માલિકનો માલ ચોરી લે તો તેની ઉપર હદ જારી થઈ શકે કે નહીં એ વિષયમાં મતભેદ છે.

કેટલાક મુજતહિદ ફરમાવે છે કે, "જો કારીગર અથવા તો નોકર પોતાના માલિક અથવા કાર્યાલયના વડાનો માલ ચોરી લે તો તેની ઉપર શરઈ હદ જારી થઈ શકતી નથી. પરંતુ મશહૂર ફત્વો એ છે કે કારીગર, કર્મચારી અને (બીજા ચોરી કરનાર) લોકો વચ્ચે કોઈ તફાવત નથી અને તેમને શરઈ સજા થશે. જો મહેમાન, યજમાનનો માલ ચોરી લે તો તેમને સજા કરવા વિશે પણ મુજતહિદોના ફત્વામાં વિરોધાભાસ છે. વધારે સહીહ કૌલ એ છે કે ચોરી કરનાર મહેમાનને સજા થશે.

**(૭)** દુકાળના જમાનામાં ખાવા પીવાની વસ્તુઓની ચોરી થઈ હોય, તો શરઈ હદ જારી કરી શકાતી નથી. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની રિવાયત છે કે :

"દુકાળ અને ભૂખના જમાનામાં રોટી, ગોશ્ત વગેરે જેવી ખોરાકની ચીજોની ચોરીના કારણસર હાથ કાપી શકાતા નથી."

**(૮)** જો સીપાહીએ દુશ્મન પાસેથી માલે - ગનીમત મેળવવામાં ભાગ ભજવ્યો હોય, અને તે માલની વહેંચણી થઈ ન હોય, એવા માલે ગનીમતમાંથી જો કોઈ સીપાહી થોડાક માલની ચોરી કરે તો તે શરઈ સજામાંથી મુકત રહેશે.

**(૯)** જો કોઈ વ્યવહારમાં પરસ્પર ભાગીદાર થનારાઓ પૈકી કોઈ એક વ્યક્તિ બીજાનો માલ ચોરી લે અને એવો દાવો કરે કે તે (ચોરેલો માલ) પોતાના જ ભાગનો છે તો તેની ઉપર હદ જારી કરી શકતા નથી.

**(૧૦)** જે માણસ ઉપર ચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હોય અને કાઝી સામે તેની ચોરી હજુ સાબિત થઈ ન હોય, તે માણસ ચોરી સાબિત થવા પહેલા ચોરીનો માલ તેના માલિક પાસેથી ખરીદી લે અને તેની કિંમત ચૂકવી દે તો ચોરી સાબિત કરવાની પણ જરૂરિયાત રહેતી નથી, તેવી જ રીતે તેની ઉપર હદ પણ જારી કરી શકાતી નથી. આ જ રીતે દાખલા તરીકે જો દિકરાએ પિતાના માલમાંથી ચોરી કરી હોય પરંતુ ચોરી સાબિત થયા પહેલા જ પિતાનું અવસાન થઈ જાય અને તે ચોરીનો માલ દિકરાને વારસામાં મળી ગયો હોય તો દિકરાને ચોરીની સજા થઈ શકતી નથી.

**(૧૧)** જો હરામ ગણાતો માલ ચોરાયો હોય, દાખલા તરીકે શરાબ અથવા સુવ્વર (ભૂંડ)નું ગોશ્ત ચોરાયું હોય તો તેની સજા અપાતી નથી.

**(૧૨)** ચોરીનો આરોપી એવો દાવો કરે કે પોતે ચોરીનો માલ ચોરીની નિય્યતથી ઉપાડયો ન હતો, અને કાઝીને પણ તેનો (ચોરી સિવાયનો) બીજી કોઈ નિય્યતનો એહતેમાલ (સંદેહ) જણાય તો પણ હદ જારી કરી શકાતી નથી.

**(૧૩)** શરઈ સજા કરવાની એક પૂર્વ શરત એ પણ છે કે, જે જગ્યાએ ચોરી થઈ હોય ત્યાં જવા માટે તેના માલિકની રજા ન લેવી જરૂરી હોવી જોઈએ. જો મસ્જિદ, જાહેર સ્નાનગૃહ અથવા કોઈ સાર્વજનિક જગ્યાએ ચોરી થઈ હોય તો સજા કરી શકાતી નથી.

**(૧૪)** એક શરત એ પણ છે કે ચોરીનો માલ યોગ્ય સુરક્ષિત જગ્યાએ રખાયો હોય અને ત્યાંથી ચોરવામાં આવ્યો હોય. જો કોઈ માલ સાચવીને રાખવામાં ન આવ્યો હોય અને ખૂલ્લો મૂકી દેવામાં આવ્યો હોય તો તેની ચોરી માટે સજા કરવી વ્યાજબી નથી. દાખલા તરીકે સોના - ચાંદીના ઘરેણા સુરક્ષિત જગ્યાએ તાળુ મારીને રાખવા જોઈએ. ફળ ઝાડ ઉપરથી તોડીને ચોરવામાં ન આવ્યા હોય પણ બાગમાં ભેગા કરીને રાખેલા

હોય અથવા ટોપલામાંથી ચોરવામાં આવ્યા હોય, ચોપગા પ્રાણીઓ તબેલામાંથી ચોરવામાં આવ્યા હોય, વેચવાનો સામાન દુકાનમાંથી ચોરવામાં આવ્યો હોય, પોશાકના એવા ખીસ્સામાંથી ચોરવામાં આવ્યો હોય જે ખીસ્સી પોશાકની અંદરના ભાગમાં આવેલી (સીવેલુ) હોય, અને બહાર લટકી રહયું ન હોય, પૈસા તિજોરી અથવા એવી જ કોઈ સુરક્ષિત જગ્યામાંથી ચોરવામાં આવ્યા હોય. તેવી જ રીતે કબ્રની અંદરથી કફન ચોરવામાં આવ્યું હોય.

**(૧૫)** ચોરને સજા કરવાની એક શરત એ છે કે, ચોરે પોતે જ ચોરીનો માલ સુરક્ષિત જગ્યાએથી કાઢી લીધો હોય. દાખલા તરીકે એક માણસ માલને તેની સુરક્ષિત જગ્યાએથી કાઢે અને બીજો માણસ તેને લઈ જાય તો તે બેમાંથી એકેય ઉપર ચોરીની હદ જારી થશે નહીં. કારણ કે જે માણસે માલને સુરક્ષિત જગ્યાએથી કાઢીને અસુરક્ષિત કરી નાખ્યો તેણે ચોરી કરી નથી. અને જે માણસે ચોરી કરી છે તેણે પણ અસુરક્ષિત જગ્યાએથી (જાહેરમાં પડેલા) માલ ઉઠાવી (ચોરી) લીધો. હમણા જ આપણે આગળની ચૌદની શરતમાં જોયું તે પ્રમાણે અસુરક્ષિત જગ્યાએ પડેલા માલની ચોરીની સજા મળતી નથી. ફકત એવા જ માણસને ચોરીની સજા કરી શકાય છે કે માલને સુરક્ષિત જગ્યાએથી કાઢી લે અને ચોરી પણ જાય. જો સુરક્ષિત જગ્યાએથી માલની ચોરી કરનારા એકથી વધુ માણસ હોય, અને દરેક ચોરનો ભાગ એક ચતુર્થાંશ (૧/૪) મિસ્કાલ સોનાથી વધારે કિમતનો હોય તો તે બધાના હાથ કાપવામાં આવશે. નહીંતર આગળ જણાવેલ પ્રમાણમાં ભાગ નહીં હોય તો કોઈનો પણ હાથ કાપવામાં આવશે નહીં.

જો કોઈ ચોર સુરક્ષિત જગ્યાએથી માલ ઉઠાવીને પોતાના પાળેલા જાનવર (પ્રાણી) ઉપર લાદી દે, અથવા પોતાના નાબાલિગ બાળકને અથવા તો કોઈ દિવાનાને આપી દે, અને તે જાનવર, નાબાલિગ બાળક અથવા દિવાનો તે માલને લઈ જાય તો પણ ચોર શરઈ સજાથી બચી શકતો નથી.

કારણ કે આ કિસ્સામાં જાનવર, નાબાલિગ, બાળક અથવા દિવાનો ફકત વાહનની વ્યાખ્યામાં ગણાય છે.

**(૧૬)** ચોરીની સજા રૂપે હાથ કાપવામાં આવે છે પરંતુ જો કોઈ છૂપાઈને કોઈ માલ ચોરી લે અને તે ચોરીનો માલ લઈ જાય પછી ખબર પડે કે માલની ચોરી થઈ ગઈ છે તો જ તેને શરઈ રીતે ચોરી ગણવામાં આવશે. જો કોઈ માણસ ધાડ પાડે, એટલે કે માલિક પાસેથી બળજબરીપૂર્વક માલ આંચકીને લઈ જાય તો તેને ચોરીની સજા (હદ જારી) કરી શકાતી નથી. ધાડ પાડવા (ડાકુગીરી)ની સજા માટે તાઝીર કરવામાં આવે છે. એટલે કે તેને એટલો ધમકાવવામાં કે મારવામાં આવે છે કે તે ભવિષ્યમાં એવું કામ ન કરે. અલબત્ત જો તેણે હથિયારોનો ઉપયોગ કરી સશસ્ત્ર થઈને ધાડ પાડી હોય તો તેને મુહારીબ (મુસ્લિમોની સામે યુધ્ધ કરવા)ની સજા થશે. સૂરએ માએહદની આયત નં ૩૩માં તે સજાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેને કત્લ કરી નાખવામાં આવશે અથવા તો સૂળી ઉપર લટકાવી દેવાશે. અથવા તો એક તરફનો હાથ અને બીજી તરફનો પગ કાપી લેવામાં અથવા તેને હદપાર કરવામાં આવશે. આ પૈકીની કોઈ પણ એક સજા કરવાનો કાઝીને અધિકાર છે.

**(૧૭)** જો ચોરી સાબિત થવા પહેલા જ ચોર, શરઈ કાઝી પાસે જઈને ભવિષ્યમાં ચોરી ન કરવા વિશેનો ઇરાદો જાહેર કરી તૌબા કરી લે, તો તેની ઉપર શરઈ હદ જારી કરવામાં આવશે નહીં. પરંતુ જો ચોરી સાબિત થવા પછી તૌબા કરી લે તો જે હદ જારી કરવામાં આવી (સજા નિશ્ચિત થઈ) હશે તે રદ નહીં થાય.

**(૧૮)** ચોરી સાબિત થવાની મહત્વની શરત એ છે કે ચોરને ચોરી કરતી વખતે બે આદીલ માણસોએ પોતાની આંખે જોયો હોવો જોઈએ.

એવું પણ બની શકે છે એક આદિલ માણસ ચોરને ચોરી કરતો જોયાની ગવાહી આપે અને જેનો માલ ચોરાયો હોય તે પોતે પણ કાઝી સમક્ષ કસમ ખાઈને કહે કે ફલાણા માણસે મારો માલ ચોર્યો છે. જો કાઝી સમક્ષ ચોર પોતે ચોરી કરી હોવાનો બે વખત સ્વિકાર કરે તો પણ તે શરઈ સજાને પાત્ર બની જશે. જો કોઈ ચોર, ચોરી કર્યા વિશેની વાતનો એક જ વખત સ્વિકાર કરે પરંતુ બીજી વખત ચોરી કરવાની વાતનો સ્વિકાર કરવા માટે તૈયાર ન થાય તો તેણે જેટલા માલની ચોરી કર્યા પહેલાનો સ્વિકાર કર્યો હોય તેટલો માલ તેની પાસેથી લઈને માલના મૂળ માલિકને આપી દેવામાં આવશે પરંતુ તેના હાથ કાપવામાં નહીં આવે.

**(૧૯)** જે વ્યકતિનો માલ ચોરાયો હોય તે પોતે કાઝી સમક્ષ ચોરના હાથ કાપવાની માગણી રજૂ કરે તો જ ચોરને હાથ કાપવાની સજા કરી શકાય છે. શરઈ રીતે ચોરી સાબિત થવા અને ચોરીનો કેસ કાઝી સમક્ષ રજુ થાય તે પહેલા ચોરીના માલનો માલિક ચોરીનો માલ ચોરને બક્ષી દે (માફ કરી દે) અથવા માલિક પોતે જ તે માલ ચોર પાસેથી પાછો મેળવી લે અને ચોરને સજા કરવાની વાતની અવગણના કરે તો ચોરને સજા થતી નથી. અલબત્ત શરઈ કાઝી સમક્ષ ચોરી સાબિત થઈ જવા પછી માલનો માલિક ચોરને સજા થવાથી બચાવી શકતો નથી.

કેટલાક મુજતહિદોએ ફરમાવ્યું છે કે જો ચોરી બે આદિલ ગવાહોની ગવાહીથી નહીં પણ ચોરના પોતાના બે વખત ચોરી કર્યાનો સ્વિકાર કરવાથી સાબિત થઈ જાય તો, હાકિમે શરઈ અને કાઝીને એ વાતનો અધિકાર છે કે જો તેઓ મસ્લેહત સમજે તો તેની શરઈ સજા માફ કરી શકે છે. કિતાબે તેહઝીબમાં આ રિવાયત છે કે એક માણસ હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની ખિદમતમાં આવ્યો અને પોતે ચોરી કરી હોવાનો સ્વિકાર કર્યો. હઝરતે તેને ફરમાવ્યું "શું તું કુરઆને મજીદમાં કંઈ મોઢે (મૌખિક યાદ) કરેલ સંભળાવી શકીશ ?' તેણે કહ્યું : "જી હા, સૂરએ બકરહ" હઝરતે ફરમાવ્યું : "તને સૂરએ બકરહ (મોઢે યાદ હોવા)ના કારણે મેં તારા હાથોને કાપવાની સજાથી મૂકત કરી દીધા." એ શખ્સે કહ્યું : "યા અલી અલય્હિસ્સલામ શું આપ હુદુદે ખુદા (ખુદાએ નિશ્ચિત કરેલી સજાઓ)ની અવગણના કરો છો ?"

આપે ફરમાવ્યું : "તું શું જાણે છે ? હદ જારી કરવી એ વખતે જરૂરી બને છે જયારે બય્યનેહ (બે આદીલ ગવાહોની ગવાહી) દ્વારા ગુનાહ સાબિત થતો હોય. જો ગુનેહગાર દ્વારા ગુનાહ કર્યાનું સ્વિકાર કરવાથી ગુનાહ સાબિત થતો હોય તો ઇમામ ગુનેહગારને માફ કરી શકે છે."

ઉપરની મુજબની શરતો હોય તો ચોરના હાથ કાપવાની ફરજ ફકત હાકિમે શરઅ (કાઝી) પૂરી કરી શકે છે. શરઈ કાઝી સિવાય બીજા કોઈને હદ જારી કરવાનો કે સજા આપવાનો અધિકાર મળેલો નથી. હદ જારી કરવા ઉપરાંત કાઝીની ફરજ એ છે કે તે ચોર પાસેથી ચોરીનો માલ પાછો મેળવીને તેના માલિકને આપે. જો તે માલ ખર્ચાઈ ગયો હોય અથવા તો નાશ પામ્યો હોય તો તેની જેવો અને તેટલો જ પ્રમાણમાં અથવા સંખ્યામાં બીજો માલ ચોરે આપવો પડશે. જો તેમ ન થઈ શકે તો ચોરે તે માલની કિંમત ચૂકવવી પડશે. માલ પાછો આપવાનો આ હુકમ બંને સ્થિતિમાં છે. એટલે કે ચોરી સાબિત થઈ હોય કે સાબિત ન થઇ હોય, જો બીજાનો માલ લઈ લીધો તો તે પાછો આપી જ દેવો પડશે.

કેટલીક પરિસ્થિતી એવી હોય છે કે જયાં ચોરી તો સાબિત થઈ નથી હોતી પણ હાકિમે શરઈ બીજા કોઈનો માલ ઉઠાવી લેનારને તાઅઝીર કરે છે અથવા તો એટલો મારે છે કે તે ભવિષ્યમાં ફરીથી એવું કામ ન કરે. તાઅઝીરનું પ્રમાણે અને વિવરણ કાઝીની પોતાની ઈચ્છા અને અભિપ્રાય ઉપર આધારિત હોય છે. જેમકે માલ અસુરક્ષિત જગ્યાએથી ચોરવામાં આવ્યો હોય, અથવા ડાકુ માલ આંચકીને લઈ ગયો હોય અથવા દગાબાજી, બોગસ ચેક અથવા બોગસ (નકલી) હસ્તાક્ષર કરીને બીજાનો માલ મેળવી લીધો હોય, એ સંજોગોમાં

ચોરીનો માલ મૂળ માલિકને પાછો આપવાનો વાજીબ છે. અને તેને તાઅઝીર પણ થાય છે. એ જ રીતે જો કફન ચોરવાની નિય્યતથી કોઈ માણસે કબ્ર ખોલી હોય, જેમાં મૈયત (મૃતદેહ) મૌજૂદ હોય, પરંતુ તેણે કફન ચોર્યુ ન હોય તો તેને ફકત તાઅઝીર કરવામાં આવશે. પણ જો ચોરે કબ્રમાંથી કફન ચોરી લીધુ હોય અને કફનની કિંમત ચોથાઈ (૧/૪) મિસ્કાલ સોના બરાબર હોય તો તેના હાથ પણ કાપવામાં આવશે.

* * * * *

# માલ અને આબરૂની સુરક્ષા

જો ચોર નજરે પડી જાય તો તે મહારીબ એટલે કે ડાકુની વ્યાખ્યામાં આવી જશે. માણસ પોતાના માલની સુરક્ષા માટે તેવા (ડાકુ)નો સામનો કરી શકશે. ડાકુ સાથેની ઝપાઝપીમાં જો ડાકુ મરી જાય તો ખૂન માફ છે અને તેનો કોઈ કિસાસ (બદલો - વળતર વિગેરે) પણ આપવું પડતું નથી. તેવી રીતે જાન અને સ્ત્રીઓ (ની ઇઝઝતનુ) રક્ષણ કરતા હુમલાખોર માણસને કત્લ કરી શકાય છે. અલબત્ત આમ કરવાનો મૂળ હેતુ સ્વબચાવનો જ હોવો જોઈ જો સામા માણસને કત્લ કર્યા વગર પોતાનું રક્ષણ થઈ શકતું હોય તો, કત્લ કરવું હરામ છે. જે પ્રકારની કોશિષોથી રક્ષણ થતું હોય તેટલા પ્રમાણમાં કોશિષ કરવી જોઈએ.

ચોરી વિશેના હુકમો ઘણાં છે અને મજકુર શરતોમાં મુજતહિદોનો અભિપ્રાય અમૂક જગ્યાએ અલગ અલગ છે. આ પુસ્તકમાં ખૂબ જ લંબાણ થઈ જવાના કારણે અમે અત્રે જ અટકીએ છીએ.

* * * * *

# હદ જારી કઈ રીતે કરવી ?

ચોરીની શરતો સાબિત થતી હોય તો (તેની વિગત મેળવ્યા પછી) હાકિમે શરઅ ચોરના જમણા હાથની ચાર આંગળી કાપી નાખશે. હાથનો અંગૂઠો અને હથેળી સલામત રહેવા દેશે. જો એક ચોરની ચોરી એકી સાથે ઘણા પ્રકારની (જૂદી જૂદી) સાબિત થતી હશે અને એ પહેલા તેનો હાથ કાપવામાં નહીં આવ્યો હોય તો પણ આ જ પ્રમાણે હદ જારી કરવામાં આવશે. જો ચોરની એક હાથની આંગળીઓ એક વખત કાપવામાં આવી હોય અને ફરી વખત ચોરી કરે અને બીજી ચોરીની અગાઉ જણાવી ગયા તે મુજબની બધી શરતો સાબિત થતી હોય તો ચોરના ડાબા પગની આંગળીઓ સહીતનો ભાગ કાપી નાખવામાં આવશે. પગનો બાકીનો ભાગ (આંગળી સિવાયનો) પગે ચાલવાના હેતુ માટે ઉપયોગી થઈ શકે તે માટે સલામત રાખવામાં આવશે. જો તે જ ચોર ત્રીજી વખત ચોરી કરે અને તે ચોરી પણ સાબિત થતી હોય તો તેને ઉમ્રકૈદની સજા કરવામાં આવે છે અને જો કૈદખાનામાં પણ તે ચોરી કરે તો તેને કત્લ કરી નાખવામાં આવશે.

જે હાથ ખુદાની બંદગી અને દુઆ માટે ઉઠાવવામાં આવતા હોય, જે હાથ ખુદાના બંદાઓની મુશ્કેલી દૂર કરવા માટે આગળ વધતા હોય, જે હાથનો યતિમો એન બેકસોની મદદ કરવા માટે ઉપયોગ થતો હોય, દીનના દુશ્મનો ઉપર જે હાથથી હુમલો થતો હોય તે જ હાથ મુસલમાન ભાઈઓનો માલ ચોરવા માટે વાપરવામાં આવે અને ઉપર જણાવેલ (૧૯) ઓગણીસથી વધારે શરતો હોવા પછી પણ જો ચોરી કરી હોવાનું સાબિત થઈ જાય તો તેને કાપી નાખ્યા સિવાય બીજો કોઈ ઉપાય જ રહેતો નથી અને એ જ રીતે સમાજની સુરક્ષા થઈ શકે છે.

* * * * *

# દીયત

જો કોઈ પણ ગુનાહ ન કર્યો હોય તેવા માણસનો હાથ કાપવામાં આવે તો હાથ કાપનારા પાસેથી પાંચસો મિસ્કાલ સોનુ લઈને જેનો હાથ કાપવામાં આવ્યો હોય તેને આપવામાં આવશે. જયારે ૧/૪ એક ચર્તુથાંશ મિસ્કાલ સોનું ચોરી કરનારના હાથ કાપવામાં આવશે. આ વાતથી સ્પષ્ટ થાય છે કે બીજાના માલને અમાનત ન સમજનાર અને તેમાં ખયાનત કરનાર માણસ ખુદાએ તઆલાની નજરમાં નિર્દોષ માણસના હાથ કાપનાર માણસ કરતા કેટલાય ગણો વધારે ઝલીલ (ઉતરતી કક્ષાનો) હલકો એન ગુનેહગાર છે, જેનાથી ઇસ્લામની નજરે અમાનતનું મહત્વ સમજાય છે.

* * * * *

# ચોવીસમો ગુનાહ

# માપ તોલમાં ઓછું આપવું

માપતોલમાં ઓછું આપવું એ ચોવીસમો 'ગુનાહે કબીરા' છે. જેના માટે 'ગુનાહે કબીરા' હોવાની સ્પષ્ટતા મૌજૂદ છે. માપ તોલમાં ઓછું આપવું હરામ હોવાની બાબત કુરઆને મજીદ, હદીસો, ઇજમાઅ અને અકકલથી સાબિત છે. એઅમશની રિવાયતમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે અને ફઝલ ઇબ્ને શાઝાનની રિવાયતમાં હઝરત ઇમામ રઝા અલય્હિસ્સલામે આ ગુનાહને પણ ગુનાહે કબીરાની યાદીમાં નોંધેલ છે. આપે ફરમાવ્યું :

"માપતોલમાં ઓછું આપવું (ગુનાહે કબીરા છે.)"

વેચનારો નિશ્ચિત થએલા પ્રમાણ કરતાં ઓછુ દે અથવા દયન (કર્ઝ અથવા બીજા કોઈ માલની જવાબદારી) અદા કરનાર અમૂક (મુકર્રર) પ્રમાણ જાહેર કરીને ઓછા પ્રમાણમાં આપે, આ બધું હરામ છે.

કુરઆને મજીદમાં ખૂબ જ કડક શબ્દોમાં ઓછું આપનારા માટે સખ્ત અઝાબનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કુરઆને મજીદની એક આખી સુરા આ વિષય ઉપર છે. જેમાં ઇરશાદ છે :

"અફસોસ છે તે લોકો કે જેઓ (તોલ માપમાં) ઓછુ આપે છે. માપ તોલમાં ઓછુ કરનારઓ માટે વયલ થાય. (વયલ દોઝખના એક કુવાનું નામ છે. આ ઉપરાંત તમામ બુરાઈઓના સમુહને પણ વયલ કહેવામાં આવે છે. એટલે કે તમામ પ્રકારના અઝાબો અને શિક્ષા માપ - તોલમાં ઓછુ આપવાવાળાઓ માટે છે.) તેઓ જયારે લોકો પાસેથી (અનાજ વિગેરે) માપીને લે છે, ત્યારે પુરે પુરૂ (માપીને) લે છે અને જયારે તેમને માપીને કે જોખીને આપે છે, ત્યારે ઓછું આપે છે. શું તેઓ વિચારતા નથી કે તેઓ પાછા ઉઠાડવામાં આવશે ? તે મહાન દિવસે કે જે દિવસે સર્વ લોકો તમામ જગતના પરવરદિગારની હુઝૂરમાં ઉભા હશે."

* * * * *

# કાર્યો "સીજ્જીન" માં હશે.

સાંભળો નિસંશય (તેઓએ ડરતા રહેવું જોઈએ) દુરાચારીઓની (કરણીના) લખાણ સિજ્જીનમાં હશે અને તેને શી ખબર કે સિજ્જીનમાં શું છે. તે એક લખાએલું લખાણ (દફતર - રજીસ્ટર) છે (જેમાં દુરાચારોની કરણી લખેલી છે.)

સીજ્જીન, એ દફતર (રજીસ્ટર)નું નામ છે જેમાં કાફરો અને ફાસિકોના નામએ આમાલ (તેમણે કરેલા કાર્યોની નોંધ) લખવામાં આવી હોય છે અને તે દફતર ભેગા કરીને રાખવામાં આવેલ છે. અથવા તો સિજ્જીન, જહન્નમના એક કૂવાનું નામ છે જેમાં ફાસિક અને ફાજીર લોકો મર્યા પછી જશે. એ રીતે એ આયતનો અનુવાદ

આ પ્રમાણે થશે એ લોકોએ ડરતા રહેવું જોઈએ, કે બદકારો (દુરાચારીઓ) માટે જહન્નમમાં જવાનું લખેલું છે અને શું તમે જાણો છો કે સિજ્જીન શું વસ્તું છે ? તેના વિશે તો લખાઈ ચૂકયું છે (અને નિર્ણય થઈ ચૂકયો છે, જેમાં ફેરફાર થશે નહીં.)

હઝરત શોએબ અલય્હિસ્સલામે પોતાની કૌમને કંઈક આ શબ્દોમાં હિદાયત ફરમાવી હતી : "અને માપ તોલમાં ઓછું ન આપો. હું તો તમને આસુદગી (સુખ)માં જોઈ રહ્યો છું પછી ઘટાડવાની શી જરૂર છે અને હું તમારા ઉપર એ દિવસના અઝાબથી ડરૂ છું જે દિવસ બધાને ઘેરી લેશે અને એ મારી કૌમ, માપપટ્ટી અને ત્રાજવું (માપ તથા તોલ - અદલ) ઇન્સાફની સાથે પૂરે પૂરા આપો, અને લોકોને તેમની (ખરીદેલી) વસ્તુઓમાં ઓછું ન આપો અને પૃથ્વી ઉપર બગાડ કરવાના હેતુથી ફસાદ કરતા નહીં"

**(સૂરએ હૂદ - ૧૧, આ. ૮૪ અને ૮૫)**

સ્પષ્ટ છે, કે ઓછું માપવા તોલવાથી સમાજ વ્યવસ્થા તંત્ર વિકૃત અને ખરાબ થઈ જાય છે.

* * * * *

# માપ - તોલમાં ઓછું આપનાર મોઅમિન નથી.

કુરઆને મજીદની આયતોથી એ વાત જાણવા મળે છે કે "ઓછું માપવા તોલવાવાળો આખેરત અને કયામતના દિવસ ઉપર ઈમાન રાખતો નથી. જો તે માણસ કયામત ઉપર ઈમાન અને યકિન રાખતો હોત બલ્કે ગુમાન પણ રાખતો હોય તો એને એ અહેસાસ થશે કે જેટલો માલ તેણે માપીને કે તોલીને ઓછો આપ્યો હશે તે માલનો કયામતના દિવસે હિસાબ થશે. એ માલ વિશે કયામતમાં પૂછપરછ કરવામાં આવશે. જો તેને તે વાતનો માત્ર અહેસાસ પણ હોત તો તે કદી ખયાનત ન કરત. જો તેને તે વાતનો અહેસાસ હોત તો તે એવું વિચારત કે પોતે હદદાર સાથે બનાવટ કરીને ઓછું તો આપી શકે છે, પણ રબ્બુલ આલમીનતો હંમેશા માટે સતત હાજર અને જોનાર છે.

કહેવાય છે કે એક બૂતપરસ્ત કસાઈ હંમેશા લોકોને તોલ અને વજની કિંમતના પ્રમાણમાં વધારે આપતો હતો. તેને જયારે આમ કરવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે તેણે ઉપરની બાજુએ ઇશારો કર્યો. લોકોએ જોયું તો ત્રાજવાની ઉપરની બાજુએ એક બૂત (મૂર્તિ) રાખવામાં આવેલ હતી. કસાઈએ કહ્યું : "હું તેની ખાતર તોલમાં વધારે આપું છું." બીજા એક બૂતપરસ્ત દુકાનદારનો બનાવ આ રીતે છે કે 'તે જયારે પણ કોઈ વસ્તુનો તોલ કરતો ત્યારે તોલતા પહેલા બૂત તરફ એક નજરી કરી લેતો, જેથી કરીને તોલમાં ઓછું અપાઈ ન જાય.'

હઝરત યૂસુફ અલય્હિસ્સલામ અને ઝુલેખા બંને એક ઓરડામાં એકાંતમાં હતા. ત્યારે ઝુલેખાએ ઓરડામાં રાખવામાં આવેલ એક બૂત ઉપર પોતાની મકના (ઓઢની) ઢાંકી દીધી હતી. હઝરત યૂસુફ અલય્હિસ્સલામે તેણીને પૂછયું કે આપે આ શું કર્યુ ? ત્યારે તેણીએ જવાબ આપ્યો કે મને તેની શરમ આવે છે. હઝરત યૂસુફ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "આપને એવા બૂતની શરમ આવે છે, જે ઇન્સાનોના હાથે બનાવવામાં આવ્યો છે અને જેનામાં કોઈ સમજણ નથી. તો પછી એ ખુદા, જે સમીઅ (સઘળું સાંભળનાર) અને બસીર (સઘળું જોનાર) છે, અને હાઝર-નાજર છે, તેની શરમ કેમ ન હોય ?" આમ કહીને હઝરત યૂસુફ અલય્હિસ્સલામ (ઝુલેખાનો ઇરાદો તૃપ્ત કરવાને બદલે) ત્યાંથી ભાગ્યા અને કોઈ ગુનાહમાં ફસાયા નહીં. આ વાતનો સારાંશ એ છે, કે બુતપરસ્ત લોકોને પણ નિર્જીવ અને નાસમજ પત્થરોના બનેલા બૂતોની સામે ગુનાહ કરવામાં શરમ થાય છે. જયારે કેટલા અફસોસની વાત છે કે મુસલમાનો ગુનાહો કરતી વખતે હંમેશા હાજર નાજર એવા ખુદાની શરમ આવતી નથી.

* * * * *

# પાંચ ગુનાહ અને પાંચ મુસીબત

મિન્હાજુસ્સાદેકીન નામની તફસીરમાં નોંધેલી હદીસ મુજબ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું કે પાંચ ગુનાહોને પરિણામે પાંચ મુસીબતો નાઝિલ થાય છે. દરેક ગુનાહના પરિણામે એક વિશેષ મુસીબત આવી પડે છે.

**(૧)** જે કોઈ કૌમના લોકો વાયદાનું ઉલ્લંઘન કરે અને વાયદો તોડે તો ખુદા તે કૌમ ઉપર તેમના દુશ્મનોને અવશ્ય વર્ચસ્વ આપી દે છે.

**(૨)** જયારે લોકો, ખુદાએ આપેલા હુકમોની વિરૂધ્ધ કાર્યો કરે (ખુદાના હુકમની અવગણના કરી તેનાથી ઉલ્ટુ આચરણ કરે) ત્યારે તેવા લોકોમાં ગરીબી સામાન્ય વાત થઈ પડે છે.

**(૩)** જયારે બદકારી (વ્યભિચાર) ખુલ્લમખુલ્લા થવા માંડે, ત્યારે મૃત્યુના દર ચોકકસ વધી જાય છે.

**(૪)** જયારે લોકો માપતોલમાં ઓછુ આપવા માંડશે ત્યારે વનસ્પતિ અને ખેતી ઉત્પાદનમાં ઘટાડો થઈ જાય છે અને રોઝીની વિશાળતા અટકી જાય છે.

**(૫)** જયારે લોકો ઝકાત આપવાનું બંધ કરે છે ત્યારે વરસાદ વરસતો નથી.

* * * * *

# વેપાર કરનારાઓને હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની વસીયત

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામને જયારે હુકુમતના કામોમાંથી ફુરસદ મળતી ત્યારે તેઓ કુફાની બજારમાં જઈને આ પ્રમાણે ફરમાવતા હતા :

"અય લોકો ! ખુદાથી ડરો, સંપૂર્ણ રીતે ન્યાયપૂર્વક માપ - તોલ કરો, લોકોને તેમની વસ્તુઓ ઓછી ન આપો અને જમીનમાં ફસાદ ફેલાવ્યા ન કરો."

એક દિવસ હઝરત અલી અલય્હિસ્સલામે જોયું કે કૂફાની બજારમાં એક માણસ ઝાફરાન (કેસર) વેચી રહ્યો હતો. તેણે એવી ચાલાકી કરી હતી કે પોતાના હાથ તેલથી ચીકણા કરીને ત્રાજવાના જે પલ્લામાં ઝાફરાન તોલવા માટે રાખ્યું હતું, તે પલ્લાને પોતાના ચીકણા હાથ લગાવ્યા કરતો હતો. હઝરત અલી અલય્હિસ્સલામે તે વેપારીની આ ચાલાકી જોઈ કે તેનું ત્રાજવું યોગ્ય નથી ત્યારે કેસરને ત્રાજવામાંથી ઉઠાવી લીધું અને ફરમાવ્યું :

"ત્રાજવાને સરખું કરીને પહેલા વ્યવસ્થિત કરો, પછી જો ઇચ્છા થાય તો વજનમાં વધારે આપો."

* * * * *

# આગના પર્વતોની વચ્ચે

પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે : "જે માણસ માપ - તોલમાં ખયાનત કરશે, તેને દોઝખના નીચલા ભાગમાં નાખી દેવામાં આવશે જયાં તેનું સ્થાન આગના બે પર્વતોની વચ્ચે હશે. તેને કહેવામાં આવશે કે આ પર્વતોનું વજન તોલ કર ને તે એ કામમાં વ્યસ્ત રહેશે."

તફસીરે મિન્હાજુસ્સાદેકીનમાં લખ્યું છે કે : માલિક નામના એક માણસનો પાડોશી બીમાર પડયો ત્યારે તે તેના ખબર અંતર પૂછવા માટે ગયો. માલિક કહે છે કે મેં તેને (સકરાતમાં) અંતિમ શ્ર્વાસ લેતા જોયો. એ હાલતમાં તે ચીસો પાડી રહ્યો હતો કે "હમણાં જ આગના બે પર્વતો મારી ઉપર પડશે." મેં તેને કહ્યું કે આ ફકત તારો ભમ્ર છે. ત્યારે તેણે જવાબ આપ્યો "ના, એવું નથી પણ બિલ્કુલ હક વાત છે. કારણ કે મારી પાસે બે પ્રકારના ત્રાજવા હતા. એક ત્રાજવાથી હું લોકોને ઓછું તોલીને આપતો હતો અને બીજા ત્રાજવાથી વધારે તોલીને હું રાખતો હતો. આ તેની સજા છે."

* * * * *

# ઓછું ગણીને આપવું પણ હરામ છે.

જે રીતે માપ તોલીને ઓછું આપવું હરામ છે. તેજ રીતે ગણીને ઓછું આપવું એ પણ હરામ છે. એ વસ્તુઓ જે માપીને વહેંચવામાં આવે છે, જેમકે કાપડ, જમીન વિગેરે જો તેવી વસ્તુઓ એક સેન્ટીમીટર પણ ઓછી આપવામાં આવે તો તે પણ ગુનાહ અને હરામ છે. બિલ્કુલ તેવી જ રીતે જે વસ્તુઓ ગણીને વેચવામાં આવે અને ખરીદનાર એ વાત સમજી ન શકે કે તેને ઓછું આપવામાં આવ્યું છે, તો પણ એવું કામ કરનારને માપતોલમાં ઓછું કરનાર કહેવામાં આવશે. આ જ વાત શૈખ અન્સારીએ તેમની કિતાબ "મકાસિબે મોહર્રમહ" માં લખી છે.

* * * * *

# ઓછુ આપનાર (વેપાર) ખરીદનારનો દેવાદાર છે.

વેચનારે માપ-તોલ કે ગણત્રીમાં જેટલો માલ ઓછો આપ્યો હતો, તેટલા માલની તેની જવાબદારી ઉભી રહેશે. આ તેની જવાબદારી રહે છે અને તેણે બાકી રહેતો માલ ખરીદનારને આપવાનો રહેશે. આમ કરવું વાજીબ છે અને જો ખરીદનાર અવસાન પામ્યો હોય તો તેના વારસોને આપો અને જો તે ખરીદનારના વારસદારોને ઓળખતો ન હોય તો (એહતિયાતન હાકીમે શરઅ પાસેથી પરવાનગી લઈને) તે માલના અસલ હકદાર (ખરીદનાર) તરફથી તેટલો માલ સદકામાં આપી દે.

જો વેચનારને આ વાતની માહિતી ન હોય કે તેણે કેટલો માલ ઓછો આપ્યો છે તો વેચનારે ખરીદનાર સાથે વાટાઘાટ કરીને તેને અમૂક માલ આપી દેવો જોઈએ અથવા તો એમ જ તેને રાજી કરી દેવો જોઈએ. જો ખરીદનારનો ઇન્તેકાલ થઈ ગયો હોય તો તેના વારસદારોને રાજી કરી દે અથવા તો જો ખરીદનારના સરનામાની જાણ ન હોય તો (એ બાબત વિશે) હાકીમે શરઅના હુકમ પ્રમાણે કરે.

ઓછુ વેચવા (આપવા)ની વ્યાખ્યા એ છે કે, ગ્રાહક સાથે જેટલી કિંમતમાં માલના વેચાણનો સોદો થયો હોય તેટલો માલ વેચનાર ન આપે પરંતુ તેનાથી ઓછો આપે. તેવી જ રીતે છેતરપીંડી કરવી પણ હરામ છે. જયારે વેચનાર ગ્રાહકને (માપ, તોલ કે ગણીને) વસ્તુ ઓછી આપે છે, ત્યારે પણ ખરીદનાર એ વાતથી અજાણ હોય છે. તેવી જ રીતે જયારે માણસને સારી વસ્તુની સાથે થોડીક ખરાબ વસ્તુ ભેળવીને આપવામાં આવે છે ત્યારે પણ ખરીદનારને પોતાની સાથે છેતરપીંડી થઈ રહી હોવાની જાણ હોતી નથી. છેતરપીંડીના આ

કિસ્સામાં વસ્તુનું વજન યોગ્ય પ્રમાણમાં આપવામાં આવે છે તેમ છતાં છેતરપીંડી કરવામાં આવી હોવાથી હરામ છે. જેમકે કોઈ દુકાનદાર ૧૦૦ (એક્સો) કીલો ઘઉં વેચવાનો સોદો કરે પણ તેમાં ૫ (પાંચ) કીલો કાંકરા (માટી) ભેળવી દે તો ૯૫ (પંચાણુ) કીલો ઘઉં અને પાંચ કિલો માટી વેચી ગણાશે. તેવી જ રીતે જો કોઈ દુકાનદાર એક માણ (૨૦ કીલો) દૂધમાં પાંચ શેર (૨ કી. ૫૦૦ ગ્રામ) પાણી ભેળવી દે તો તે પણ છેતરપીંડી ગણાય છે. તેવી જ રીતે જો કોઈ દુકાનદાર ૧૦ કીલો ઘી આપે જેના તળીયે ૧૦૦ ગ્રામ વજનનો પત્થર નાખી દે તો તે પણ છેતરપીંડી જ છે. જો કોઈ ગોશ્તનો વેપારી ગોશ્તમાં સાધારણ કરતા વધુ પ્રમાણમાં હાડકા નાખી દે તો તે છેતરપીંડી છે. તે જ રીતે શાકભાજી વિગેરેમાં વજન વધારવાના હેતુથી વધારે પ્રમાણમાં પાણી નાખવું પણ એક પ્રકારની છેતરપીંડી છે. આ પ્રકારનો તમામ વ્યવહાર ઓછું વેચવાની વ્યાખ્યામાં આવી જાય છે. ભલે તેમાં વજનમાં બરાબર તોલવામાં આવ્યું હોય, તો પણ તે ગુનાહે કબીરા છે.

* * * * *

# ભેળસેળ હરામ છે.

સારી કક્ષાના માલની જગ્યાએ હલ્કી કક્ષાનો માલ વેચવો હરામ છે. સારી જાતના ઘઉંની જગ્યાએ સાધારણ જાતના ઘઉં ભેળવી દેવા એ પણ છેતરપીંડી છે. તેવી જ રીતે શુધ્ધ ઘીની સાથે વનસ્પતિ (વેજીટેબલ) ઘી ભેળવી દેવું પણ હરામ છે.

શેખ અન્સારી "મકાસિબે મોહર્રેમાહ" માં ફરમાવે છે.

ભેળસેળ હરામ હોવા વિશેની જે રિવાયતો મૌજૂદ છે તે મુતવાતિર છે. જેમકે શૈખ સદૂકે, હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી જે રિવાયત નોંધી છે તે આ પ્રમાણે છે.

"જે માણસ ખરીદ કે વેચાણમાં કોઈ મુસલમાનને ભેળસેળ કરેલો માલ આપે તે અમારામાંથી નથી, કયામતના દિવસે તેવો માણસ યહૂદીઓની સાથે મહશૂર (પુન : જીવિત) થશે. કારણ કે જે માણસ લોકોને ભેળસેળ કરેલો માલ આપે તે મુસલમાન નથી."

એટલે સુધી કે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : "જે માણસ (મુસલમાનોને) ભેળસેળવાળો માલ આપે તે અમારામાંથી નહીં હોય."

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે આ વાકય ત્રણ વખત કહ્યું, પછી ફરમાવ્યું : "અને જે માણસ પોતાના મુસલમાન ભાઈની સાથે ભેળસેળવાળો માલ આપવાનો વ્યવહાર કરશે તેની રોઝીમાંથી ખુદા બરકત ઉઠાવી લેશે, તેની આર્થિક હાલત કંગાળ કરી નાખશે અને તેને તેની પોતાની જ હાલત ઉપર છોડી દેશે."

આકાએ ઈરાકીની કિતાબ 'દારૂસ્સલામ' ના પાના નં ૩૦૯ ઉપર નીચે મુજબનો નસીહતપૂર્ણ બનાવ મૌજૂદ છે.

"મને એક નેક અને આદિલ વ્યક્તિ આકાએ મુલ્લા અબ્દુલહુસૈન ખ્વાન્સારીએ આ બનાવ કહી સંભળાવ્યો છે. કરબલાનો એક વિશ્ર્વસનીય અત્તરનો વેપારી બીમાર પડયો. તેણે શહેરના તમામ તબીબો પાસે ઇલાજ કરાવ્યો પણ કોઈ તેનો ઇલાજ કરી શકયું નહીં. તેણે પોતાની તમામ સંપતિ પોતાની બીમારીનો ઇલાજ કરવામાં ખર્ચી નાખી પણ તેને કંઈ ફાયદો થયો નહીં. એક દિવસ હું તેની અયાદત (ખબર - અંતર પૂછવા) માટે ગયો ત્યારે તે ખૂબ જ નિરાશ અને શરમિંદા હાલતમાં હતો. મેં જોયું કે તે તેના પૂત્રને કહી રહ્યો હતો કે, ઘરમાં જે કાંઈ વસ્તુઓ બાકી રહી હોય તે વેચી નાખે અને તેનાથી ઘરનો ખર્ચ ચલાવે. એટલે કે તેણે એક એક કરીને ઘરનો તમામ સામાન વેચી નાખ્યો હતો છતાં મજબૂર હતો. તે કહી રહ્યો હતો : બધુ જ વેચી દયો, મારે

કાંઈ રાખવું નથી. હું મરી જઈશ અથવા તો સાજો થઈ જઈશ. મેં તેને પૂછયું કે આવી વાત કરવાનો અર્થ શું છે ? જવાબમાં તેણે ઠંડો નિસાસો નાખ્યો અને કહ્યું : શરૂઆતમાં મારી પાસે પૂરતી સંપતિ ન હતી. મારી પાસે આટલી બધી સંપત્તિ ભેગી થઈ તેનું કારણ એ છે કે થોડા વર્ષો પહેલા કરબલામાં અમૂક પ્રકારનો તાવ અને શરદીનો રોગ ફેલાયો હતો. જેના ઉપાય તરીકે તબીબોએ લીંબુનો શુધ્ધ રસ પીવાનું સુચવ્યું હતું. જોત જોતામાં મેં લીંબુના રસમાં છાસ ભેળવવાની શરૂ કરી દીધી અને તેને ઉંચી કીમતે વેચવા લાગ્યો. પછી તો એવી હાલત થઈ કે કરબલાની બીજી દુકાનોમાં લીંબુનો રસ ખલાસ થઈ ગયો પરંતુ હું ભેળસેળ કરતો હોવાથી મારી પાસે લીંબુનો રસ સ્ટોકમાં હતો તેથી શહેરના બીજા દુકાનદારો લીંબુનો રસ ખરીદવા માટે ગ્રાહકોને મારી દુકાને મોકલવા લાગ્યા. પછી તો મેં છાસમાં જ રંગ અને ખટાશ ભેળવીને તેને લીંબુના રસ તરીકે વેચવાનું શરૂ કર્યું. એવી ભેળસેળ કરવાને લીધે હું ઘણો જ માલદાર થઈ ગયો. હવે આ બીમારીમાં મારી એ હાલત થઈ ગઈ છે કે, મારી તમામ સંપત્તિ ખલાસ થઈ ગઈ છે અને હવે તો ઘરમાં વેચવા જેવી એકેય વસ્તુ બાકી રહી નથી. હું ઘરની તમામ વસ્તુઓ વેચવા માંડયો છું જેમાં હરામ કમાણીની અસર છે. કદાચ એવું બને કે મારી પાસે હરામનો કોઈ માલ ન રહે તો હું આ બીમારીમાંથી મુક્તિ પામું.

આ વાતચીત થયાને વધારે સમય પસાર થયો ન હતો ત્યાં જ તે માણસનો ઇન્તકાલ થયો. એ માણસની ગરદન વાસ્તવમાં એવા લોકોના હાથમાં હતી જેઓ સાથે તેણે ભેળસેળનો વ્યવહાર કર્યો હતો.

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે કે "એક દિવસ હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ મદીનએ મુનવ્વરાની બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. એક ઘઉંના વેપારીને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમમે ફરમાવ્યું : 'તારી પાસેના ઘઉં સારા છે.' ત્યાર પછી આપે ઘઉંના જથ્થાની અંદર હાથ નાખીને જોયું તો તેમાં ખરાબ પ્રકારના ઘઉં હતા. આ જોઈને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

"હું તો એ જ નિહાળી રહ્યો છું કે તે ખયાનત અને ભેળસેળનો સામાન ભેગો કરી રાખ્યો છે."

**(કિતાબે એકાબુલ અઅમાલ)**

અલ્લામા હિલ્લી આ રિવાયત બયાન કરે છે કે એક માણસે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને કહ્યું : એક માણસ પાસે બે પ્રકારનો માલ હોય, એક પ્રકારનો માલ મોંઘો અને સારો હોય જયારે બીજા પ્રકારનો માલ હલ્કો અને સસ્તો હોય જો તે માણસ તે બંને પ્રકારના માલને ભેગો (ભેળસેળ) કરીને એક ખાસ (નિશ્ચિત) ભાવથી વેચે તો તે વ્યવહાર કેવો છે ? હઝરતે ફરમાવ્યું

"મુસ્લિમોને ભેળસેળ કરેલો માલ વેચવો તેના માટે યોગ્ય નથી. હા જો તે (ગ્રાહકને એ વાતની) સ્પષ્ટતા કરી દે કે આમાં ભેળસેળ છે, તો સહીહ છે."

દાઉદ ઇબ્ને સરજાને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને કહ્યું : મારી પાસે બે પ્રકારની (કસ્તૂરી) છે. એક ભીની અને બીજી સુકી. મેં ભીની અને તાજી મુશ્ક વેચી દીધી છે. પરંતુ લોકો સુકી મુશ્કને એ જ કિંમતથી ખરીદતા નથી. તો શું તેને ભીની કરીને વેચવી જાએઝ છે ખરી ? ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "જાએઝ નથી. જો તમે ગ્રાહકને એ વાતની જાણ કરી દો કે મુશ્કને ભીની કરવામાં આવેલી છે, તો જુદી વાત છે."

* * * * *

# ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો હક ઘટાડવા સમાન

માણસે ફકત મુસલમાન સાથે જ છેતરપીંડી, ભેળસેળ કે માપ-તોલમાં ઓછું કરવાથી બચવાની વાત ધ્યાનમાં રાખવી જોઈએ એવું નથી પરંતુ ખુદા, રસૂલ, અઇમ્મા અલય્હેમુસ્સલામ અને તમામ મખ્લૂકે ખુદાના હકકોનું પુરેપરૂં ધ્યાન રાખવું જોઈએ. અને કોઈનો પણ કોઈ જ પ્રકારના હકકોમાં ઘટાડો કે તેને અદા કરવામાં આળસ ન કરવી જોઈએ.

ખુદાએ પોતાના બંદાઓના હકની જે જવાબદારી લીધી છે, તેમાં ખુદા જરા પણ આળસ-વિલંબ કરતો નથી. જેમકે ખુદા દરેક બંદાઓને રોઝી આપી રહ્યો છે. તેવી જ રીતે ખુદા બંદાઓને અગણીત નેઅમતો આપે છે. બંદાઓની ફરીયાદ સાંભળી રહ્યો છે અને મસ્લેહતોને લક્ષમાં લઈને તેની દુઆઓ કબૂલ કરે છે. તેથી બંદાઓની પણ ફરજ છે કે તે ખુદાના હકકો અદા કરે. તેની નેઅમતોનો શુક્ર અદા કરે, તેની નાફરમાની ન કરે અને ખુદા તરફથી નિશ્ચિત કરાએલ ફરજોને ખૂબ જ સારી રીતે બજાવે. જે માણસ શયતાન અને નફસની ખ્વાહિશોને ખુદાના શરીક બનાવે છે અને ખુદાની નાફરમાની કરવાથી મૂખ ફેરવી લેતો નથી, તેવો માણસ ખુદાના હક અદા કરી રહ્યો નથી. એવો માણસ પોતે યા અલ્લાહ કહે તો તેણે સામેથી અલ્લાહ પાસેથી તુરત જ લબ્બૈકના જવાબની આશા રાખવી ન જોઈએ.

કેટલાક લોકોની દુઆ કબૂલ થવામાં વિલંબ થાય છે ત્યારે તેઓ ખુદાથી નારાજ થવા લાગે છે. પણ એ વાત જોતા નથી કે પોતે ખુદાના હક અદા કરવામાં કેટલી આળસ અને બેદરકારી કરી રહ્યા છે. હકીકતમાં ખુદાવંદે તઆલાએ બંદાઓને ફરમાવ્યું છે.

"તમે લોકો મારી સાથે કરવામાં આવેલો વાયદો (કરાર) પૂરો કરો (જો તમે એમ કરશો તો) હું પણ તમારી સાથે કરેલો વાયદો (કરાર) પૂરો કરીશ."

**(સૂરએ બકરહ - ૨, આ. ૪૦)**

જો આમ હોવા છતાં ખુદા તેના નેક બંદાઓને કંઈ આપે તો તેનો ફઝલ છે.

દુઆએ અબૂ હમઝા સેમાલીમાં હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અલય્હિસ્સલામ ફરમાવે છે

"તમામ પ્રશંસા એ ખુદાની છે જેને હું બોલાવું છું ત્યારે તે મને જવાબ આપે છે. જો કે જયારે તે મને બોલવે છે ત્યારે હું તેને જવાબ આપવામાં સુસ્તી કરૂં છું. તમામ પ્રશંસા એ ખુદાની જેની પાસે હું માગું છું તો તે આપે છે (અતા કરે છે) જો કે તે મારી પાસે માંગે છે ત્યારે હું કંજૂસી કરૂં છું."

ખુદાના તમામ હુકમોનું પાલન કરવું એ આપણી ઉપરનું કર્ઝ છે, અને કર્ઝની અદાયગી ખુદાવંદે તઆલા કયામતમાં કરશે.

અને તમામ પ્રશંસા એ ખુદાની જે મારા ગુનાહોને જોઈને પણ હિલ્મ (સહનશીલતા) અને ઉદારતાથી કામ લે છે. (એટલે કે હું ગુનાહ કરૂં છું કે તુરત જ મારી ઉપર અઝાબ નાઝિલ કરતો નથી.) ખુદા એટલું બધું હિલ્મ (સહનશીલતા)થી કામ લે છે કે તે જાણે મેં કોઈ ગુનાહો કર્યા જ નથી.

* * * * *

# જે પોતાના માટે ઇચ્છો (તે જ બીજા માટે પણ ઇચ્છો)

સાઅદી શિરાઝી કહે છે :

તમે મુસલમાનોનો માલ આંચકી લ્યો છો, પરંતુ જયારે તમારો માલ કોઈ લઈ જાય છે ત્યારે હાય, અફસોસ એન વાવયલા કરવા માંડો છો અને કહો છો કે કોઈ મુસલમાન (જ રહ્યું) નથી. જે માણસ એમ ઇચ્છતો હોય કે પોતાની સાથેના વ્યવહારમાં ખયાનત, દગો, છેતરપીંડી અને ભેળસેળ કરવામાં ન આવે તો તેણે પોતે પણ બીજાઓ સાથે એવો વ્યવહાર કરવો ન જોઈએ. ઇન્સાનની દ્રષ્ટિએ અને રિવાયતોના હુકમ મુજબ પોતાના માટે માણસ જે પસંદ કરતો હોય તે જ બીજા માટે પણ પસંદ કરવું જોઈએ.

* * * * *

# અદલ અને ઇન્સાફ શ્રેષ્ઠ બાબત છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

ત્રણ કામ શ્રેષ્ઠ છે.

**(૧)** તમારા તરફથી લોકોને સંપૂર્ણ ન્યાય મળવો જોઈએ. એટલે સુધી કે તમે તમારા માટે જે કાંઈ પસંદ કરો તે જ બીજાઓ માટે પણ પસંદ કરો.

**(૨)** તમારા દીની ભાઈઓના માલ દ્વારા (આર્થિક) સહકાર આપવો જોઈએ.

**(૩)** તમારે હંમેશા ખુદાનો ઝીક્ર કરતા રહેવું જોઈએ. તે ઝિક્ર ફકત સુબ્હાનલ્લાહ અને અલહમ્દો લિલ્લાહ નથી, પરંતુ (અહીં ખુદાનો ઝિક્રનો અર્થ એ છે કે) ખુદાને દરેક હાલતમાં યાદ રાખવો જોઈએ. જયારે તમારી સમક્ષ એવું કોઈ કામ આવી જાય જે કરવાની ખુદાએ મનાઈ ફરમાવી હોય તો તમારે એવું કામ કરવાનું છોડી દેવું જોઈએ. અને જો તમારી સામે એવું કામ આવે જે કરવાનો ખુદાએ હુકમ આપ્યો હોય તો જ તે કામ કરવું જોઈઅ.

**(કિતાબે કાફી)**

* * * * *

# ઇન્સાફનું ત્રાજવું

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામ આપના ફરઝંદ હઝરત હસને મુજતબા અલય્હિસ્સલામને વસીયત કરતા ફરમાવે છે :

“અય મારા ફરઝંદ, તમારી પોતાની ઝાતને તમારા પોતાના અને બીજાઓની વચ્ચે ઇન્સાફ કરવા માટે ત્રાજવા સમાન બનાવી રાખો. બીજાઓ માટે એ જ પસંદ કરો જે તમારા પોતાના માટે પસંદ કરો છો અને જે વાત તમે તમારી પોતાની ઝાત માટે નાપસંદ કરતા હો તે બીજાઓ માટે પણ નાપસંદ કરો.”

જે રીતે તમે તમારી ઉપર ઝુલ્મ થાય એ વાતને પસંદ નથી કરતા તેવી જ રીતે તેમ પણ બીજા કોઈ ઉપર ઝુલ્મ ન કરો.

તમે તમારી સાથે નેક (સદવ્યવહાર) થાય તેવું ઇચ્છતા હો, તો તેવો જ સદવ્યવહાર (તમે પણ) બીજાઓ સાથે કરો. તમારી સાથે જેવો વ્યવહાર ન થાય તેવું તમે ઇચ્છતા હો તો તેવો વ્યવહાર તમે પણ બીજાઓ સાથે ન કરો. લોકો તમારી સાથે જેવો વ્યવહાર અને વર્તન કરે તેનાથી તમે રાજી થઈ જાવ તેવો જ વ્યવહાર અને વર્તન તમે પણ બીજાઓ સાથે કરતાં રહો.

* * * * *

# દરેક બાબતનું માપદંડ હોય છે.

સૂરએ હદીદમાં ઇરશાદ છે :

"બેશક અમોએ પયગમ્બરોને સ્પષ્ટ મોઅજીઝા આપીને (પ્રત્યક્ષ દલીલો સાથે) અને તેની સાથે અમોએ કિતાબ અને (ન્યાયનું) ત્રાજવું (મિઝાન) (નાઝિલ કર્યુ) ઉતાર્યું કે ખુદાવંદે તઆલાએ અદલ અને ઇન્સાફને ત્રાજવું કહ્યું છે, ખુદાવંદે તઆલાએ આ ત્રાજવું અથવા તો માપદંડ દરેક વસ્તુ માટે નિર્ધારીત કરેલ છે. માણસના એઅતેકાદ હક તથા બાતિલને તેનાથી ભરી દીધા છે. સારા અને ખરાબ ગુણ ભલી અને બુરી ખાસીયત, અને સારા કે ખરાબ કામો વચ્ચેનો ભેદ પણ ઇન્સાફના માપદંડથી જ માપી શકાય છે. જો માણસ કહેણી અને કરણી (વિધાન અને કાર્ય) તેમજ એઅતેકાદ (શ્રધ્ધા) અને અમલ (કાર્ય)ના દરેક વ્યવહારમાં ઇન્સાફથી જ કામ લે તો અદલે હકીકી (વાસ્તવિક - ન્યાય) ઉપર અમલ કર્યો ગણાય.

* * * * *

# હઝરત અલી અલય્હિસ્સલામ મીઝાને આમાલ છે.

આપણે સૌ હઝરત અલી અલય્હિસ્સલામની ઝિયારતમાં પડીએ છીએ કે :

"(અય) આઅમાલના મીઝાન અને પલ્લા (સમાન) આપ પર સલામ થાય."

**(મફાતીહુલ જીનાન)**

હક અને બાતિલ વચ્ચે ભેદ દર્શાવનાર, ખૈર (ભલાઈ) અને શર (બુરાઈ) વચ્ચે ફર્ક દર્શાવનાર તેમજ સારા અને ખરાબ અખ્લાકની ઓળખના વસીલા હઝરત અલી અલય્હિસ્સલામ છે. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની હયાતી પછી હઝરત અલી અલય્હિસ્સલામ કુરઆન અને ઇતરતે તાહેરીન અલય્હેમુસ્સલામના પરિચય અને આદરના વિશેષ માધ્યમ છે. એહલેબૈત અલય્હેમુસ્સલામના વિધાન અને અમલ, અખ્લાક અને કીરદાર જોઈને આપણે સારા અને ખરાબ કામો વચ્ચેનો ભેદ પારખી શકીએ છીએ. જો આપણો અકીદો અને અમલ તેઓના આદેશ મુજબનો હોય તો બરાબર છે પરંતુ જો તેમના આદેશ મુજબ ન હોય તો ખોટુ છે.

આદર અને ઇન્સાફનું માપદંડ એ છે કે, માણસ વધારો ઘટાડો ન કરે. (ઇસ્લામના આદેશોનું પાલન કરવામાં હદથી આગળ ન વધી જાય અને ન તો હુકમના પાલનમાં પાછળ રહી જાય.) અદલનું માપદંડ બહુ જ સુક્ષ્મ (કઠિન) અને અદલનો હિસાબ જાળવવો એ વાળથી પણ વધુ બારીક છે. અદલનો માર્ગ પારખ્યા પછી અદલ ઉપર કાયમ રહેવું એ ખૂબ જ અઘરી વાત છે. પરંતુ જે માણસ અદલનો માર્ગ પારખી લીધા પછી તેની ઉપર અડગ રહે તો ખુદા અવશ્ય તેની મદદ કરે છે. એટલું જ નહીં તેને અદલના માર્ગ પર બાકી રહેવાની તૌફીક પણ આપે છે. અદલના માર્ગ પર ચાલનાર એ જ માણસના નેક કાર્યો, કયામતના દિવસે લેવાનાર હિસાબ કિતાબના ત્રાજવામાં ભારે હશે અને તેવો જ માણસ સેરાત જેવા કપરા માર્ગ ઉપરની ઝડપણી અને સરળતાથી પસાર થઈ જશે. દુનિયામાં અદલો ઇન્સાફની અવગણના કરનાર માણસ આખેરતમાં પણ નુકસાન ઉઠાવશે. એ પુલે સેરાત ઉપર ધ્રુજી જશે અને જહન્નમમાં ફેંકાઈ જશે.

કુરઆનમાં ઇરશાદ છે :

"અને તમારામાંથી એવું કોઈ (એક) પણ નથી જે જહન્નમ ઉપરથી પસાર ન થાય. (જહન્નમના કાંઠે ન પહોંચે) (કારણ કે પુલે સેરાત જહન્નમની ઉપર છે) આ તમારા પરવરદિગારનો અંતિમ નિર્ણય અને વાયદો

છે કે અમે પરહેઝગાર લોકોને મુક્તિ આપીશુ અને ઝાલિમોને (નાફરમાની કરનારાઓને) ઘૂંટણીયાભેર પડેલા છોડી દઈશું.''

**(સૂરએ મરીયમ ૧૯, આ. ૭૧-૭૨)**

ખુદાવંદે આલમ આપણને સૌને અદલ અને ઇન્સાફ કરવાની તૌફીક આપે, આપણને પરહેઝગારોના સમૂહમાં શામિલ કરે અને જહન્નમના અઝાબથી બચવાને પાત્ર બનાવે.

**(આમીન)**

* * * * *

# પચ્ચીસમો ગુનાહ

# હરામખોરી (હરામ કમાણી કરવી)

પચ્ચીસમો ગુનાહ હરામખોરી છે. હરામખોરી (જેના અર્થની છણાવટ આગળ ઉપર કરવામાં આવશે.) 'ગુનાહે કબીરા' હોવાની નસ્સે કુરઆને મજીદ અને હદીસો મૌજૂદ છે. ઓયુને અખ્બારમાં ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની રિવાયત નોંધવામાં આવી છે. તેમાં આ બાબતની સ્પષ્ટતા મૌજૂદ છે. સૂરએ માએદહમાં હરામખોરીને યહુદીઓની સિફત ગણાવવામાં આવી છે. ઇરશાદ છે :

'અને (અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)તું તેઓમાંથી (યહૂદીઓમાંથી) ઘણાંને જોઈશ કે ગુનાહ અને અત્યાચાર કરવામાં અને હરામનો માલ ખાવામાં એકબીજાની હરીફાઈ કરે છે. બેશક તેઓ જે કાંઈ કરે છે તે ઘણું જ ખરાબ કરે છે.'

'અલ્લાહવાળા લોકો તથા વિધ્વાનો તેમને ગુનાહભરી વાત કહેતા તથા હરામનો માલ ખાતા શા માટે અટકાવતા નથી ખરેખર તેઓ જે કાંઈ કરે છે તે ઘણું જ દુષ્ટ કાર્ય છે.''

**(૫ - ૬૨/૬૩)**

અકલે સોહત જેને 'ગુનાહે કબીરા' ગણાવવામાં આવેલ છે, તેનો અર્થ હરામ માલ ખાવો છે. હરામ માલ ખાવાની વિગત હરામ માલને ખર્ચ કરવો એ છે. ભલે તે ખર્ચ કોઈ પણ રીતે કરવામાં આછે. ભલે તેમાંથી (ખરીદી કરીને) ખાવા પીવામાં આવે અથવા તેમાંથી કપડા અથવા તો મકાન વગેરે તૈયાર કરવામાં આવે. એટલે સુધી કે જો કોઈ હરામ માલને વાપરે નહીં પણ ફકત પોતાની પાસે જ રાખે અને તેના માલિક સુધી પહોંચાડે નહીં તો પણ તેણે હરામ માલ વાપર્યો જ ગણાશે. અને તેણે હરામ માલ ખાધો જ ગણાશે. એ વાત પણ જાણી લેવી જોઈએ કે વ્યાજ ખાવા અને યતિમના માલ ખાવાનો અર્થ એ છે કે તે માલ ફકત ખાવો જ હરામ નથી પણ કોઈ પણ રીતે વાપરવો પણ હરામ છે. સંક્ષિપ્તમાં કહીએ તો તે માલનો કોઈ પણ રીતે ઉપયોગ કરવો જાએઝ નથી. તેનું કારણ એ છે કે ઉપરની આયતમાં તેવા માલને 'સોહત' કહેવામાં આવે છે. 'સોહત' શબ્દનો અર્થ ડીક્ષનરીમાં નાશ થઈ જવું અને દૂર થઈ જવું તેવો થાય છે અને માલે મસ્હુત નો અર્થ નાશ પામેલો અથવા ખર્ચ થઈ ગએલો માલ એવો થાય છે. એ વાત સર્વ વિદીત છે કે હરામના માલમાં બરકત હોતી નથી અને તેવો માલ ખર્ચ કરનાર ફાયદો મેળવી શકતો નથી. તેથી તેના સંદર્ભમાં જ કુરઆનમાં હરામ માલને અકલુસ્સોહતે કહેલ છે. અહીં સોહત શબ્દના અર્થમાં તમામ પ્રકારનો હરામ માલ આવી જાય છે. એટલે કે દરેક પ્રકારનો માલ જે હરામ રસ્તેથી પ્રાપ્ત કરવામાં આવ્યો હોય અને તેમાંથી ખર્ચ કરવામાં આવે તે અકલુસ્સોહતે છે.

સૈયદ અબૂલ આઅલા મોદ્દદી તેઓની કિતાબ ઇસ્લામ વ મુશ્કીલાતે ઇકતસાદી (ઇસ્લામ અને અર્થ વ્યવસ્થાના પ્રશ્નો)માં લખે છે કે :

ઇસ્લામ માણસને પોતાની મરજી પ્રમાણે જીવન જરૂરિયાતો પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા આપે છે. તે પોતાનું જીવન વ્યતીત કરવા માટે જરૂરી વસ્તુઓની પસંદગી કરવા માટે પણ મૂકત છે. પરંતુ ઇસ્લામમાં માણસને એ વાતની જરાયે પરવાનગી નથી કે તે પોતાની જીવન જરૂરિયાતોને પૂરી કરવા માટે એવો માર્ગ અપનાવે, જેના કારણે તેનું ચારિત્ર્ય ખરાબ થાય અને માણસ પોતે તબાહ અને બરબાદ થઈ જાય. અથવા તો સમાજ (સંસ્કૃતિ) અને સમાજ વ્યવસ્થાને નુકસાન પહોંચે. ઇસ્લામના કાનુન પ્રમાણે શરાબ, કેફી વસ્તુઓ, વ્યભિચાર અને બેહુદગી (અસભ્ય કાર્યો) હરામ છે. એટલું જ નહીં, પણ એવા તમામ કામો જેના પરિણામે એ બધી વસ્તુઓ અસ્તિત્વમાં આવી છે તે પણ હરામ છે. જેમકે શરાબ અથવા કોઈ પણ નશીલી વસ્તુઓ ઉગાડવા માટે ખેતી કરવી, તેને બનાવવી, તેને લઈ જવી તેનું ખરીદ વેચાણ, તેને ઉપાડીને આપવી, તેનો ઉપયોગ કરવો, આ બધું પણ હરામ છે. ઇસ્લામમાં ઝિના (વ્યભિચાર) અને અશ્લીલતાને ઇન્સાનીયતને શોભે તેવું કાર્ય ક્યારેય પણ સમજવામાં આવતું નથી.ઇસ્લામમાં મૃત્યને હરામ કામ (અને વ્યવસાય) સમજવામાં આવે છે. ગીતો ગાઈ અને સંગીત વગાડીને કમાણી કરવાને ઇસ્લામે યોગ્ય સમજેલ નથી. એવા દરેક કામ જેનાથી એકને ફાયદો થાય પણ બીજાઓને કંઈ પણ કારણ વગર નૂકસાન ઉઠાવવું પડે અથવા તે કામથી સમાજ તબાહ થઈ જાય, તેને ઇસ્લામમાં ગુનાહ અને 'ગુનાહે કબીરા' સમજવામાં આવે છે. આ પ્રકારના ગુનાહો માટે ઇસ્લામ, દુનિયામાં સખ્ત સજા અને આખેરતમાં સખ્ત અઝાબનું એલાન કરે છે. એવા ગુનાહ જેમકે રિશ્વત (લાંચ) ચોરી, જુગાર, દરેક એવા કામ જેમાં ભેળસેળ કે છેતરપીંડી કરવામાં આવી હોય, ખાવા પીવા અને સામાન્ય રોજીંદી જીવન જરૂરીયાતની વસ્તુઓનો એવું વિચારીને સંગ્રહ કરવો કે કિંમત (ભાવ) વધી જાય અને એવું કામ કરવાથી ગરીબોએ જીવન ગુજારવું મુશ્કેલ થઈ પડે. એવું કામ કે જેના પરિણામે ખુનામરકી, યુધ્ધ અને લડાઈની શકયતા ઉભી થાય એવા કામ કે જેમાં કોઈ પણ પ્રકારની કોશિષ કે પ્રયત્નો કર્યા વગર ફકત નસીબના જોરે સંપતિ મળી જાય (જેમકે ઈનામી નંબરની ટીકીટ લોટરી) આ બધા હરામ કામો છે.

હરામ માલનો ઉપયોગ કરવો ગુનાહ છે, અલબત્ત કેટલીક હરામ કમાણીના ગુનાહ બીજી કમાણીના ગુનાહ કરતા વધારે છે. વ્યાજ ખાનારને ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે જંગ કરનાર કહેવામાં આવ્યો છે. રિશ્વત (લાંચ) ખાનારને કાફર ગણવામાં આવ્યો છે. શેખ સદ્દક દ્વારા હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની રિવાયત નોંધવામાં આવી છે જેમાં ફરમાવ્યું :

'એ દરેક વસ્તુ જેમાં ઇમામ સાથે ખયાનત કરવામાં આવે તે સૌહત છે, અને સોહતના ઘણા પ્રકાર છે'

'તેમાંથી એક માલ એ છે કે જે ઝુલ્મો સિતમ કરનારાઓ પાસેથી મળે.'

'અને તેમાં કાઝીઓનું મહેનતાણું, બદકાર (વેશ્યા) સ્ત્રીઓની કમાણી, શરાબની કિંમત, નબીઝ (જવ અથવા ખજૂરનો શરાબ કે જેનાથી નશો ચડે)ની કિંમત અને વ્યાજ ખાવું શામેલ છે. એટલે આ બધુ પણ સોહત છે અને જયારથી તેને શરીઅતમાં જાહેર કરવામાં આવ્યું ત્યારથી હરામ છે.'

'અને કાઝીએ (ન્યાય) કરતી વખતે રિશ્વત (લાંચ) લેવી એ ખુદાએ બુઝુર્ગ બરતરનો ઇન્કાર અને કુફ્ર છે.

**(કિતાબે ખેસાલ)**

કિતાબે કાફીમાં આ જ પ્રકારની ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામની એક રિવાયત નોંધવામાં આવી છે.

'સોહ્તનો અર્થ મુર્દાલ (મડદા) બિન શિકારી કુતરા અને શરાબની કિંમત છે. એવી જ રીતે ઝીનાકાર (વ્યભિચારી) સ્ત્રીએ ઝીના કરાવીને તેનું મહેનતાણું લેવું, અદાલતના હુકમ (ન્યાયાલયમાં ન્યાયનો નિર્ણય) આપવામાં રિશ્વત લેવી અને જીન્નાતો (જીનનું બહુવચન) દ્વારા ગૈબની વાતો જણાવીને તેના પૈસા મેળવવા પણ સોહ્ત છે.'

ઉપરની હદીસો અને બીજી હદીસો દ્વારા જાણવા મળે છે કે દરેક પ્રકારનો હરામ માલ ખાવો હરામ છે. એ એક જૂદી વાત છે કે અમૂક પ્રકારનો હરામ માલ ખાવો સખ્ત રીતે હરામ હોવાનું ગણાવવામાં આવ્યું છે અને તેનો અઝાબ પણ અસાધારણ પ્રમાણમાં સખ્ત છે. તે પૈકી સૌથી વધુ ખરાબ (બદતરીન) કામ રિશ્વત લેવી તે છે. રિશ્વત લેનાર કાફરની વ્યાખ્યામાં આવી જાય છે. અને તેવા માણસ ઉપર રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે લાનત કરી છે.

* * * * *

# રિશ્વતના પ્રકાર

રિશ્વતના ત્રણ પ્રકાર છે.

**(૧) કાઝી દ્વારા હુકમ આપવા માટે લેવાતી રિશ્વત**

**(૨) હરામ કામ માટે લેવામાં આવતી રિશ્વત**

**(૩) મુબાહ કામ માટે લેવામાં આવતી રિશ્વત**

પહેલા પ્રકારની રિશ્વત કાઝી અથવા ન્યાયધીશ (જજ) પોતાની તરફેણમાં ચૂકાદો આપે અથવા સામેવાળા (પ્રતિવાદી) ઉપર વર્ચસ્વ મેળવી લેવાનું માર્ગદર્શન આપે તે હેતુસર આપવામાં આવે છે. (આવું કામ કરાવનાર) રિશ્વત આપનાર પોતે હક ઉપર હોય અને કાઝી પણ તેની જ તરફેણમાં (હક વાતનો જ) ફેંસલો આપે, તેમ છતાં આ કામ હરામ છે, તેથી આવા કામ માટે રિશ્વત લેવી અને આપવી બંને હરામ છે. તેમાં માલનો ઉપયોગ પણ હરામ છે અને 'ગુનાહે કબીરા' છે. આવી રિશ્વત દેનાર, લેનાર, અને અપાવનાર ખુદાની લાનતને પાત્ર બને છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે :

'ખુદા રિશ્વત દેનાર, રિશ્વત લેનાર અને જે કોઈ તે બંને વચ્ચે સંપર્ક અને માધ્યમ (વચ્ચેની કડીરૂપ બનવા) નું કામ કરે તેઓ ઉપર લાનત કરે છે.'

**(સફીનતુલ બેહાર, આવૃત્તિ ૧, પા.નં પ૨૩)**

બીજી એક જગ્યાએ ઇરશાદ ફરમાવ્યું :

'તમારી જાતને રિશ્વતથી બચાવો કારણ કે રિશ્વત એ કુફ્ર સિવાય બીજું કંઈ નથી રિશ્વતમાં ફસાએલો માણસ જન્નતની ખૂશ્બુ સુધ્ધા સુંઘી નહીં શકે. રિશ્વત આપવી એ ગુનાહ હોવા ઉપરાંત "એઆનતે ઇસ્મ" એટલે કે ગુનાહ કરવામાં મદદરૂપ થવું પણ છે. અલબત્ત જો કોઈ મજબૂર હોય અને રિશ્વત આપ્યા વગર પોતાનો હક પ્રાપ્ત કરી શકે તેમ ન હોય તો રિશ્વત આપવી જાએઝ છે. જો કે રિશ્વત લેનારા માટે તો રિશ્વત લેવી હરામ છે. તેવી જ રીતે કોઈની પાસેથી રિશ્વત લઈને બીજાને પહોંચાડવી હરામ છે. તેમજ વચ્ચે માધ્યમરૂપ બનીને રિશ્વતની રકમમાં વધારો ઘટાડો કરવો કરાવવો હરામ છે.

રિશ્વત રોકડ રકમની હોય, કે મકાન અથવા દુકાન કે નફાના સ્વરૂપમાં કે કામ રૂપે હોય તો પણ તે હરામ છે. જેમકે કાઝી (ન્યાયધીશ) માટે કપડાં સીવીને આપવા, તેનું મકાન બનાવી આપવું વિગેરે, કયારેક ફકત જીભથી (બોલીને) પણ રિશ્વત આપી શકાય છે. દાખલા તરીકે કાઝીની એવી રીતે પ્રશંસા કરવી જેથી

તેનું ધ્યાન પોતાની તરફ ખેંચાય અને પોતાની તરફેણમાં ચૂકાદો આપે. આ પ્રકારની રિશ્વત હરામ હોવામાં કોઈ શંકા કે સંદેહને સ્થાન નથી.

* * * * *

# ખુમ્સ અને ભેટના નામે રિશ્વત

જો ખુમ્સ અને હદીયાના નામે રિશ્વત આપવામાં આવે તો તે પણ હરામ છે. જેમકે રિશ્વતની નિય્યતથી કોઈને ભેટ આપવામાં આવે અથવા (કોઈ કામના) બદલા તરીકે કોઈ માલ કોઈને આપવામાં આવે પણ ખરેખર દિલમાં તે માલ રિશ્વત તરીકે આપવાનો ઇરાદો હોય, એટલે કે એવી નિય્યતથી માલ (કે રકમ) આપવામાં આવે કે એમ કરવાથી પોતાની મરજી મુજબનું કામ થઈ જશે તો તે હરામ છે. તેવી જ રીતે પોતાની ઉપર વાજીબ થએલી રકમ જેમકે ખુમ્સ કે ઝકાતને રિશ્વતની નિય્યતથી આપે તો તે પણ હરામ છે અને તે રીતે રકમ આપનાર ખુમ્સ કે ઝકાત અદા કરવી વાજીબ થશે કારણ કે આ વાજીબ હક્કોની અદાયગી માટે કુરબતનો ઇરાદો (એટલે કે હુકમે ખુદાવંદીને બજાવવાનો ઇરાદો) હોવો જરૂરી છે. હદીસમાં કયામત નજદીક હોવાની નિશાનીઓ પૈકી એક નિશાનીનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે : 'એક જમાનો એવો આવશે જેમાં લોકો રિશ્વતને ભેટ કહી હલાલ ગણાવશે. એટલે કે લોકો રિશ્વત લેશે અને તેને ભેટ ગણાવી દેશે.'

રિશ્વતનો બીજો પ્રકાર હરામ કામ માટેની રિશ્વત છે. એટલે કે કોઈ સત્તાધીશ અથવા ઝાલિમ કે ગુંડાને કોઈ રિશ્વત આપીને તેની મારફત કોઈ માણસ ઉપર ઝુલ્મ કરાવવો અથવા બીજા કોઈ ગુનાહ કરાવવા. આવી રિશ્વત હરામ હોવામાં પણ કોઈ શંકાને સ્થાન નથી.

કુરઆને મજીદમાં ઇરશાદ છે : 'અને પરસ્પર એક બીજાનો માલ અયોગ્ય રીતે ખાઈ ન જાવ તેમજ તેને લગતા કજીયા હાકિમો પાસે એ માટે ન લઈ જાવ. કે નાહક જાણી જોઈને લોકોના માલમાંથી જે કાંઈ (હાથ લાગે) તે ખાઈ જાઓ. ખરેખર તો તમે જાણો છો.'

**(સૂરએ બકરહ : ૧૨૨)**

ઉપરની આયતોમાં મુસલમાનોને બે બાબતોથી રોકવામાં આવ્યા છે. પહેલી વાત તો એ છે કે જયાં સુધી કોઈ માલ શરઈ રીતે જાએઝ ન હોય ત્યાં સુધી તે વાપરવો ન જોઈએ. જેમકે ચોરીનો માલ, અમાનતમાં ખયાનત કરીને કોઈનો માલ વાપરી જવો વિગેરે. બીજી વાત એ છે કે પોતાની માલ-મત્તાને ઝાલિમ સત્તાધીશોને એ હેતુથી આપવી ન જોઈએ કે જેનાથી તે ઝાલિમ સત્તાધિશોને બીજાઓનો માલ આંચકીને લઈ ખાઈ જવામાં મદદરૂપ થાય.

* * * * *

# પોતાનો હક મેળવવા માટે - રિશ્વત આપવી

રિશ્વતનો ત્રીજો પ્રકાર મુબાહ કામ માટે રિશ્વત લેવાનો છે. તેનો અર્થ એ છે કે પોતાનો માલ એવા હેતુથી આપવો જેથી તેની (માલ લેનારની) હિમાયતથી પોતાનો હક પ્રાપ્ત કરી શકાય, અથવા તો પોતાનું કોઈ મુબાહ કામ કરાવી શકાય. રિશ્વતનો આ ત્રીજો પ્રકાર હલાલ છે.

મોહમ્મદ ઇબ્ને મુસ્લિમ આ સહીહ રિવાયત નોંધતા કહે છે કે 'મેં ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામને એક માણસ વિશે પૂછયું : 'જે માણસ પોતાનું મકાન ખાલી કરાવવાના (મકાનનો કબ્જો મેળવવા) હેતુથી રિશ્વત આપવા માગતો હતો. જેથી તે મકાનમાં પોતે રહી શકે.'

ઇમામે ફરમાવ્યું : એ (રિશ્વત આપવા) માં કોઈ વાંધો નથી.

અલબત્ત આ હદીસમાં મકાનનો અર્થ પ્રશ્ન પૂછનારનું અંગત માલિકીનું મકાન નથી. પરંતુ મુશ્તરક મકાન (સાર્વજનિક જગ્યા) અને વકફ થએલી જગ્યા વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. જેમાં મસ્જિદ, મદ્રેસા, ખાંચા, ગલી, બજાર એવા પ્રકારની જગ્યાઓનો સમાવેશ થાય છે. તેથી જો કોઈ માણસ મસ્જિદ અથવા ઇમામ અલય્હિસ્સલામના હરમમાં કોઈ જગ્યાએ બેઠો હોય અથવા તો કોઈ તાલિબે ઇલ્મ (વિદ્યાર્થી) પોતાના કમરામાં રહેતો હોય અને તેને કંઈ રકમ આપીને તે જગ્યા મેળવવામાં આવે તો તેમાં કોઈ વાંધો નથી.

હફસુલ અઅવરે ઇમામ અલી નકી અલય્હિસ્સલામને પ્રશ્ન કર્યો કે 'બાદશાહ અમારી પાસેથી વસ્તુઓ ખરીદવા માટે સરકારી માણસ નીમે છે. અમારે બાદશાહના ઝુલ્મો સીતમથી સુરક્ષિત રહેવા માટે એ માણસોને રિશ્વત આપવી જાએઝ છે ખરી ?''

ઇમામે જવાબ આપ્યો : 'કંઈ વાંધો નથી. જેટલું આપવાનું તમે યોગ્ય સમજતા હો તો આપી દયો'

ત્યાર પછી આપે ફરમાવ્યું : 'જયારે તમે બાદશાહના માણસોને રિશ્વત આપો છો તો શું તમારે બાદશાહને ઓછો માલ આપવો પડે છે ?' પ્રશ્ન કરનારે જવાબ આપ્યો : 'હા'

ઇમામે ફરમાવ્યું : 'તમે રિશ્વતને ફાસિદ (નકામી) કરી નાખી.' (વસાએલુશ્શીયા કિતાબ તિજારત પ્ર. ૩૭) આ વ્યવહારને રિશ્વતનું નામ આપવું યોગ્ય નથી.

આ હદીસનો સારાંશ એ છે કે પોતાનો હક મેળવવા માટે અને ઝુલ્મથી બચવા માટે રિશ્વત આપવી સહીહ અને જાએઝ છે. પરંતુ બીજાનો હક લઈ લેવા (દૂબાડવા) અથવા તો કોઈ ઉપર ઝુલ્મ કરવા માટે રિશ્વત આપવી હરામ છે.

* * * * *

# જાએઝ કામ કરવા માટે રિશ્વત લેવી.

અત્રે એ વાતની સ્પષ્ટતા કરી દેવી જરૂરી છે કે, આ ત્રીજા પ્રકારની રિશ્વત જે પોતાનો હક મેળવવા માટે કે કોઈ મુબાહ કામ કરાવવા માટે ભેટના રૂપમાં આપી શકાય છે. પરંતુ એવા જાએઝ કામ માટે રિશ્વત લેવામાં કરાહીયત (ધૃણા – અપ્રસન્નતા) છે. કારણ કે એ એક એવી ભેટ છે જે રિશ્વતને મળતી આવી છે (એટલે કે તે ભેટ પણ રિશ્વત સમાન છે) અને એવું પણ બને છે કે, જાએઝ કામ માટે રિશ્વત લેવાની આ સુવિધા અને ટેવ માણસને નાજાએઝ કામ માટે રિશ્વત લેવા માટે ઉશ્કેરે (પ્રેરે) છે અને તે રીતે માણસ હરામ કામમાં ફસાઈ જાય છે. બેશક જો પરહેઝગાર માણસ હલાલ પરંતુ મકરૂહ હોય તેવી રિશ્વત આપવાથી બચશે, તો તે હરામ પ્રકારની રિશ્વત આપવાથી પણ બચતો રહેશે. હદીસોમાં આ વાત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

'અકકાલૂન લીસ્સોહતે (સૂરએ માએદહ ૫, આયત નં ૪૨) જે લોકો હરામ માલ વધારે પ્રમાણમાં ખાય છે. (ખુદા તેમના દિલોને ગુનાહોથી પાક કરવાનો ઇરાદો (પણ) નથી કરતો.)

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામ આ આયતે શરીફાની તફસીર બયાન કરતા ફરમાવે છે કે : 'આ એવો માણસ હોય છે, જે પોતાના મુસલમાન ભાઈની હાજત પૂરી કરે છે, પરંતુ તેના બદલામાં કોઈ ભેટ લઈ લેતો હોય છે.' શેખ અન્સારીએ કિતાબ મકાસીબમાં ફરમાવ્યું છે કે :

આ હદીસ શરીફના ઘણા અર્થ કાઢવામાં આવ્યા છે. તેમાંનો એક અર્થ એ છે કે જરૂરતમંદ લોકો પાસેથી ભેટ કબૂલ કરવા બાબતે સખ્ત પરહેઝ કરવો (બચવું) જોઈએ જેથી તે હરામ પ્રકારની રિશ્વત લેવામાં ફસાઈ ન જાય.

* * * * *

# હરામખોરીની ઓળખ

હરામખોરી (હરામનો માલ ખાવા)ની ઓળખ એ છે કે, એવા માલમાં કદી બરકત નથી. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે :

જે માણસ નાજાએઝ રીતે માલ કમાતો હોય તેના માથામાં ઇમારત, માટી અને પાણીના સોદા સમાઈ જતા હોય છે.'

**(બેહારૂલ અન્વાર ભાગ નં ૩૨, અને સફીનતુલ બેહાર ભાગ પહેલો પાના નં ૨૯૮)**

ઉપરોકત હદીસનો અર્થ એ છે કે, હરામ માલથી કમાણી કરનાર માણસને હંમેશા એ વાતની ચિંતા રહેતી હોય છે કે તે પોતાનો માલ ઇમારતો બાંધવામાં અને તેને વિશાળ બનાવવા માટે વાપરતો રહે, જેથી તેનો તે (હરામ) માલ નાશ ન પામે. પાણી અને માટીની બનેલી ઇમારત માણસને ન તો દુનિયામાં જોઈએ તેવી શાંતિ (આત્મસંતોષ) આપી શકે છે અને ન તો તેનાથી તેને આખેરતમાં કોઈ ફાયદો થાય છે. જે જમીનના એક ટૂકડા ઉપર પોતાનો તમામ માલ ખર્ચી નાખે છે, જાણે કે ખુદાવંદે તઆલાએ જમીનના એક ટૂકડાને હુકમ આપ્યો કે તે માણસના તમામ હરામ માલને ગળી જાય

એક બાજુથી હરામ માલ ખાનારને દુન્યવી રીતે કોઈ બરકત થતી નથી. તો બીજી બાજુથી હરામ માલ ખાનારની ઇબાદત કબૂલ થવામાં તે અવરોધરૂપ બની જાય છે. હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો ઇરશાદ છે :

"જયારે કોઈ બંદાના પેટમાં હરામ માલનો એક કોળિયો પણ ચાલ્યો જાય અને તેના શરીરનો ભાગ બની જાય ત્યારે આસમાન અને જમીનના તમામ ફરિશ્તાઓ તેની ઉપર લાનત મોકલે છે.

**(સફીનતુલ બેહાર, આવૃતિ પહેલી, પાના નં ૨૪૫)**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો આ પણ ઇરશાદ છે કે

'હરામખોરીની સાથે કરવામાં આવતી ઇબાદત એ ભૂરી ભૂરી માટી (રેતી) ઉપર બનેલી ઇમારત જેવી હોય છે. (સફીનતુલ બેહાર, આવૃતિ પહેલી પાના નં ૨૯૯) એટલે કે એવી ઇબાદત પાયા વગરની છે અને તેવી ઇબાદત કરનારને કોઈ ફાયદો થતો નથી. એવી ઇબાદત કા તો ન કરવા સમાન છે અથવા તેનો ઝડપથી નાશ થઈ જાય છે.

* * * * *

# હરામખોરની ઇબાદત કબૂલ થતી નથી.

'જે માણસ હરામ માલનો એક પણ કોળિયો ખાઈ લે તો તેની ચાલીસ દિવસની નમાઝો કબૂલ નહીં થાય અને તે ચાલીસ દિવસ દરમ્યાન તેની કોઈ દુઆ કબૂલ નહીં થાય.

અને શરીરનું જે માંસ હરામ માલ ખાવાથી બન્યું હોય તે જહન્નમની આગમાં સળગવા માટે વધારે પાત્ર બને છે અને ખોરાકના એક કોળિયાથી પણ કંઈક પ્રમાણમાં માંસ તો બનતું જ હોય છે.'

**(સફીનતુલ બેહાર, જીલ્દ પહેલી પાના નં ૨૪)**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે આ મુજબ પણ ફરમાવ્યું છે કે : 'જે માણસ એવું ઇચ્છતો હોય કે તેની દુઆઓ કબૂલ થાય, તે પોતાનો ખોરાક અને પોતાની કમાણીના સાધનોને હરામથી પાક રાખે.'

**(કિતાબે ઇદ્દતુદ્દાઈ)**

એક માણસે આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની ખિદમતમાં આવીને અર્ઝ કરી કે : 'હું ઇચ્છું છું કે મારી દુઆઓ મુસ્તજાબ અને કબૂલ થાય.' આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે તેને ફરમાવ્યું : તારા ખોરાકને હરામથી પાક કર અને તારા પેટમાં હરામ વસ્તુ ન જવા દે. **(કિતાબુદ્દાઈ)**

ખુદાવંદે તઆલાએ હઝરત ઇસા ઇબ્ને મરિયમને વહી ફરમાવી :

"બની ઇસરાઈલના જે લોકો ઝાલિમ છે, તેમને કહી દો કે તેઓ જયાં સુધી હરામ માલનો ઉપયોગ કરતા હોય ત્યાં સુધી મને બોલાવે (સંબોધે) નહીં અને મારી પાસે દુઆ પણ માંગે નહીં.' (કિતાબુદ્દાઈ) જો ત્યાર પછી તેઓ એવી હાલતમાં મને બોલાવશે અથવા મારી પાસે દુઆ માગશે તો હું તેઓ ઉપર લાનત કરીશ.

* * * * *

# હરામખોર નિર્દય થઈ જાય છે.

માણસ જે ખોરાક ખાય છે તે જમીનમાં વાવવામાં આવેલા બીજ સમાન હોય છે. જો જમીનમાં સારૂં બીજ વાવવામાં આવે તો તેનું ફળ સારૂ ઉગી નિકળે છે અને જો કડવી અને ઝેરી વસ્તુનું બીજ વાવવામાં આવે તો તેનું ફળ પણ કડવું અને ઝેરી ઉગે છે. માણસના ખોરાકની પણ બિલ્કુલ એવી જ પ્રતિક્રિયા હોય છે. જો માણસનો ખોરાક પાકીઝા અને હલાલ હોય તો તેની અસર દિલની સરઝમીન ઉપર સારી થાય છે અને દિલની (રૂહાની) ગંદકી અને દુષ્ટતા (અંતરની અપવિત્રતા)થી પાક થઈ જાય છે અને માણસના શરીરના અવયવોમાંથી ખૈર (ભલાઈ) અને નેકી (સદકાર્યો)ના ફળ પ્રાપ્ત થાય છે. પરંતુ જો માણસ હરામ રસ્તેથી મેળવેલો ખોરાક ખાય તો તેનું દિલ પાષાણ અને બેરહેમ બની જાય છે. અને તે પાષાણ હૃદયનો માનવી હોવાના પૂરાવા તેના કૃત્યો રૂપે બહાર આવે છે. જે માણસનું દિલ પાષાણ હોય તેને નસીહતની કોઈ અસર થતી નથી. એવા પાષાણ દિલના માનવીને ઘાતકી અને અમાનવીય ઝુલ્મ થતાં જોઈને પણ કંઈ અસર થતી નથી. તેનામાં ખૈર (ભલાઈના કાર્યો)ની કોઈ આશાના ચિન્હો દેખાતા નથી. તેનાં બેરહેમ દિલમાંથી નેકીનું નાનું સરખું કિરણ પ્રગટ થવાની આશા પણ હોતી નથી. આ એ જ વાત છે, જે વાતને હઝરત સૈયદુશ્શોહદા ઇમામ હુસૈન અલય્હિસ્સલામે ઇબ્ને સાઅદના લશ્કરને સંબોધીને ફરમાવી હતી. આપે ફરમાવ્યું હતું :

'તમારા પેટ હરામ માલથી ભરાઈ ચૂકયા છે, અને તમારા દિલો ઉપર મોહર લાગી ચૂકી છે, હવે તમે હકને કબૂલ નહીં કરો. તમે ઇન્સાફથી કામ શા માટે નથી લેતા ? તમે મારી વાત શા માટે નથી સાંભળતા ?'

આ વાતનો સારાંશ એ છે કે હરામ માલ ખાવાના કારણે દિલ પાષાણ અને કાળુ (અંધકારમય) થઈ જાય છે. ત્યારે તે માણસ હક વાતને હક વાત કરીને સ્વિકારવા તૈયાર થતો નથી. તેને કોઈ નસીહતની અસર થતી નથી. એટલું જ નહીં તે મોટામાં મોટા અપરાધો કરી બેસે છે. કરબલાનો બનાવ આ વાતની સાબીતી છે.

અબ્બાસી બાદશાહ મેહદીના જમાનામાં શરીક બિન અબ્દુલ્લાહ નામનો માણસ કાઝી હતો. બાદશાહે જયાં સુધી તે કાઝીને પોતાની પાસે બોલાવ્યો ન હતો, ત્યાં સુધી તે એક મુત્તકી મુજતહિદ હતો. પરંતુ મેહદી અબ્બાસીએ તેને ત્રણ કામ સુચવ્યા અને ત્રણમાંથી એક કામ કરવા મજબૂર કર્યો. તે ત્રણ વિકલ્પ આ મુજબ હતા. **(૧)** તેઓ બાદશાહના કાઝી બને અથવા **(૨)** તેઓ બાદશાહ સાથે બેસીને એક વખત ખાણું ખાય અથવા **(૩)** બાદશાહના બાળકોને તાલિમ અને તરબીયત આપે.

કાઝી શરીકે વિચાર્યું કે ત્રણેય વિકલ્પોમાંથી બાદશાહ સાથે એક વખત ખાણું લેવું એ સૌથી સહેલો વિકલ્પ છે. એમ સમજીને તેણે બાદશાહ સાથે ખાણું લેવાનું સ્વિકારી લીધું, બાદશાહે તેનાં ખાસ રસોઈયાને શ્રેષ્ઠ પ્રકારની વિવિધ વાનગીઓ સાથેની રસોઈ તૈયાર કરવાનો હુકમ આપ્યો. કાઝી શરીકે જયારે બાદશાહ સાથે જમી લીધું, ત્યારે બાદશાહના ખાસ રસોઈયાએ લોકોને કહ્યું : 'હવે કાઝી શરીક નજાત પામી નહીં શકે.'

હકીકતમાં એમ જ બન્યું, બાદશાહની સાથે હરામ ખોરાક ખાવાથી કાઝી શરીક ઉપર એટલી બધી ખરાબ પ્રતિક્રિયા થઈ કે તેણે બાદશાહની બીજી બે શરતોને પણ સ્વિકારી લધી. તે બાદશાહનો ખાસ કાઝી પણ બની ગયો અને બાદશાહના બાળકોનો મોઅલ્લિમ પણ થઈ ગયો. કહેવાય છે કે કાઝી શરીકને બયતુલમાલમાંથી મહેનતાણું મળતું હતું. તે પોતાની રકમ મેળવવા માટે શાહી ખજાનચી સાથે બહુ જ સખ્તીથી કામ લેતો હતો. એક દિવસ ખજાનચીએ શરીકને કહ્યું : 'આપે મને ઘઉં તો વેચેલા નથી કે જેની કિંમત વસુલ કરવામાં આટલી બધી સખતી કરો છો.' ત્યારે કાઝી શરીકે જવાબ આપ્યો : 'હા, મેં ઘઉંથી પણ વધારે કિંમતી વસ્તુ વેચી દીધી છે. મેં મારો દીન વેચી દીધો છે.'

આ જ પ્રકારનો બીજો એક પ્રસંગ જોઈએ. એક દિવસ હારૂન રશીદ બાદશાહે બહલુલ દાના પાસે શાહી ભોજનનો ભરેલો થાળ મોકલ્યો. બહલુલે તે ખાણું સ્વિકાર્યું નહીં. બાદશાહના માણસોએ કહ્યું : 'ખલીફાએ મોકલેલી ભેટ પાછી મોકલી શકાતી નથી.' બહલુલ દાનાએ પોતાની આસપાસ ઉભેલા કૂતરાઓની તરફ ઇશારો કરીને ફરમાવ્યું : 'સામે રાખી દયો.' આ સાંભળીને બાદશાહના માણસો સખ્ત ગુસ્સે થયા અને કહેવા લાગ્યા : 'તમે ખલીફાની ભેટનું અપમાન કર્યું છે ' બહલુલ દાનાએ તે લોકોને ચૂપ કરવા માટે ફરમાવ્યું : 'ધીમેથી બોલો, જો કુતરાઓ આ વાત સાંભળી જશે તો તે પણ બાદશાહનો આ ખોરાક નહીં ખાય.'

* * * * *

# હલાલ ખોરાક

હરામખોરી દરેક પ્રકારની શર (ખરાબી) અને ફસાદનું ઉદગમ સ્થાન છે. જયારે હલાલ ખોરાક દરેક પ્રકારની નેકીઓ અને ખૂબીઓ માટેનું કારણ છે. અકલે હલાલ એટલે કે હલાલ રોઝી ખાવાની ફઝીલતમાં ઘણી રિવાયતો વારિદ થઈ છે. જેમકે પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

'ઇબાદતના સિત્તેર પ્રકાર છે. જેમાંની સૌથી શ્રેષ્ઠ ઇબાદત હલાલ રોઝી કમાવી તે છે.'

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે : 'જે માણસ હલાલ ખોરાક ખાતો હોય ત્યારે ખાવાનું ચાલુ રાખે ત્યાં સુધી એક ફરિશ્તો તેની ઉપર ઉભો કરીને તેની મગ્ફેરત માટે દુઆ કરતો રહે છે.' **(સફીનતુલ બેહાર, આવૃત્તિ પહેલી, પાના નં ૨૯૯)**

આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ આ પ્રમાણે પણ ફરમાવે છે : 'જે માણસ હલાલ કમાણી કરવામાં સવારથી રાત (સુધીનો સમય વ્યતીત) કરી દે તો તેની મગ્ફેરત થઈ જાય છે.'

**(સફીનતુલ બેહાર, આવૃત્તિ પહેલી, પાના નં ૨૯૮)**

નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું કે ખુદાએ તઆલાનો ઇરશાદ છે :

'જે માણસ એ વાતની પરવા ન કરે કે પોતે કયા દરવાજેથી (હલાલથી કે હરામથી) દીનાર અને દીરહમ કમાઈ રહયો છે, તો કયામતના દિવસે હું પણ એ વાતની પરવા નહીં કરૂં કે તેને જહન્નમના કયા દરવાજેથી દાખલ કરૂં.

નબીએ કરીમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે : 'કોઈ બંદો હરામ માલ કમાઈને તેમાંથી સદકો આપે તો તેને તે સદકાનો કોઈ બદલો આપવામાં આવશે નહીં.'

'જે બંદો હરામ માલમાંથી કંઈ રાહે ખુદામાં ખર્ચ કરે તો તે માલમાં બરકત પૈદા થતી નથી.'

**(બેહારૂલ અન્વાર, જીલ્દ નં ૨૩, પાના નં 3)**

'માણસ પોતાના વારસામાં હરામ માલ મૂકી જાય તો તે માલ તેને જહન્નમથી વધારે નઝદીક લઈ જાય છે.'

* * * * *

# ખુદા કદી હરામ રોઝી આપતો નથી.

એ વાત સત્ય છે કે, જે લોકો હરામ કમાણી કરવાથી પરહેઝ કરે છે તેઓ એવું વિચારે કે 'જો પોતે હરામ કમાણી કરવાની અવગણના કરશે તો તેમની આર્થિક હાલત તબાહ થઈ જશે અને પોતે તંગદસ્ત (આર્થિક રીતે કંગાળ) થઈ જશે. આ એક કલ્પના માત્ર છે. આવો વિચાર એ શયતાની વસવસો અને નફસ દ્વારા એ વાતનો અતિરેક છે. આ વાત સંપૂર્ણ રીતે અકકલની વિરૂધ્ધ છે. એટલું જ નહીં, પણ કુરઆને મજીદમાં હલાલ રોઝી મળવા વિશેના વાયદાઓનો અવાર નવાર પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે, તેની પણ વિરૂધ્ધ છે. તેમજ એહલેબૈત અલય્હેમુસ્સલામની સ્પષ્ટ રિવાયતોથી પણ ઉલ્ટો છે. ખુદાવંદે તઆલાએ દરેક જીવંત સૃષ્ટિને હલાલ રોઝી આપવાનો વાયદો કર્યો છે. ખુદાનો વાયદો કદી ખોટો હોઈ શકતો નથી. આમ, ખુદા પોતાના બંદાઓની એ વાતની પરિક્ષા લે છે કે બંદાઓ હલાલ કમાણી કરવાના માર્ગમાં ધીરજ અને સંતોષપૂર્વક આગળ વધે છે કે પછી અધીરાઈ અને ઉતાવળ કરે છે. માણસના નસીબમાં જે હલાલ રોઝી લખેલી હોય તે તેના સુધી પહોંચીને જ રહે છે. પરંતુ લોકો પોતાની અધિરાઈ અને ઈમાનની નબળાઈને કારણે હલાલ રોઝી પ્રાપ્ત કરવાના માર્ગને છોડીને હરામ કમાણીના રસ્તે આગળ વધી જાય છે. જે બંદા હરામ કમાણી કરવાના માર્ગે જાય છે તે (ખુદાવંદે તઆલાની) પરિક્ષામાં નિષ્ફળ જાય છે અને ખુદાવંદે તઆલા તેવા બંદાઓને તેમના નસીબમાં લખેલી હલાલ રોઝીથી વંચિત કરી દે છે. કોઈ બંદાના નસીબમાં પહેલાથી જ હરામ કમાણી લખેલી હોય છે તેવું માની લેવાને હરગીઝ કોઈ કારણ નથી.

* * * * *

# માણસ પોતાની રોઝી સંપૂર્ણ રીતે મેળવી ન લે ત્યાં સુધી મરતો નથી.

હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે હજ્જતુલ વિદાઅના પ્રસંગે મસ્જિદુલ હરામ (ખાનએ કાબાની મસ્જિદ)માં મુસલમાનોને સંબોધીને ફરમાવ્યું હતું :

જાણી લો કે મારી રૂહ ઉપર રૂહુલ અમીન (જીબ્રઈલ) આ વહી લાવ્યા છે કે કોઈ જીવંત (પ્રાણી કે મનુષ્ય) જયાં સુધી તેની રોઝી પૂરે પૂરી ન મેળવી લે ત્યાં સુધી મરતું નથી.

ખુદાથી ડરો, અને રોઝી મેળવવામાં હીર્સ (લાલચ) ન કરો.

જો રીઝક (રોઝી) મળવામાં કોઈ વિલંબ થઈ જાય તો તમારે ખુદાની નાફરમાની કરીને (હરામ રસ્તેથી) રોઝી મેળવવામાં લાગી ન જવું જોઈએ.

બેશક ખુદાવંદે તઆલાએ દરેક મખ્લૂક માટે હલાલ રોઝીની જ વહેંચણી કરી છે અને કોઈ કિસ્મતમાં હરામ રોઝી રાખી જ નથી.

જે માણસ ખુદાથી ડરશે અને સબ્રથી કામ લેશે તો ખુદા તેને હલાલ રસ્તેથી રોઝી આપશે. પરંતુ જે માણસ પોતાની પાકીઝગીનો દામન ફાડીને ઉતાવળ કરીને, નાજાએઝ રસ્તો અપનાવશે, તો તેને હલાલ રોઝીમાંથી એટલો ભાગ કાપી લેવામાં આવશે.

કયામતના દિવસે તે હરામ કમાણીનો તેની પાસેથી હિસાબ લેવામાં આવશે. ખુદાવંદે તઆલાએ એમ કહીને હરામ કમાણી કરવાની મનાઈ ફરમાવી છે કે : અને ખરાબ (વસ્તુઓ એટલે કે હરામ)ને સારી (વસ્તુઓ એટલે કે હલાલ) થી બદલો નહીં.

ખુદાવંદે તઆલા તમને તમારા નસીબમાં લખેલી હલાલ રોઝી આપે તે પહેલા હરામ રોઝી મેળવવાની બાબતમાં તમે ઉતાવળ કરી બેસી, એવું ન બને.

# ચોર જે હલાલ રોઝી મેળવવાથી વંચિત રહી ગયો.

એક દિવસ હઝરત અલી અલય્હિસ્સલામ પોતાની સવારીના જાનવર ઉપરથી મસ્જિદના દરવાજા પાસે ઉતર્યા. આપે (પોતાની સવારીનું) ખચ્ચર એક માણસને સાચવવા માટે આપ્યુ અને આપ મસ્જિદમાં તશરીફ લઈ ગયા. તે માણસે ખચ્ચરની લગામ ખેંચીને કાઢી લીધી અને ખચ્ચરને છોડીને લગામ લઈને ત્યાંથી ભાગી થયો. જયારે હઝરત અલય્હિસ્સલામ મસ્જિદમાંથી બહાર તશરીફ લાવ્યા. ત્યારે આપના હાથમાં બે દિરહમ હતા. આપે તે માણસને તે ખચ્ચરની દેખરેખ માટે બે દીરહમ આપવાનું નકકી કર્યુ આપે આપના ખચ્ચરને લગામ વગરનું જોયું. ઘરે જઈને આપે આપના ગુલામને તે જ બે દીરહમ આપીને લગામ ખરીદી લાવવા માટે મોકલ્યો. ગુલામ બજારમાં ગયો. તેણે જોયું તો એક માણસના હાથમાં તે (અસલ) લગામ હતી. ગુલામને જાણવા મળ્યું કે ચોરે તે માણસને બે દીરહમમાં તે લગામ વેચી હતી. ચોરને તો તે બે દીરહમ મળ્યા હતા, જે હઝરત અલી અલય્હિસ્સલામ તેને આપવા માગતા હતા. જયારે ગુલામે આખી વાત હઝરત અલી અલય્હિસ્સલામને કહી સંભળાવી ત્યારે આપે ઇરશાદ ફરમાવ્યું :

બંદો ધીરજ છોડી દેવા અને ઉતાવળને કારણે પોતાની હલાલ રોઝીને હરામ રોઝી કરી નાખે છે. ખરેખર તો તેની કિસ્મતમાં જે કાંઈ લખ્યું હોય છે તેનાથી વધારે તેને મળતું નથી.

**(કિતાબે લોઆલીયુઈ અખ્બાર, પાના નં ૧૫૧)**

* * * * *

# છવ્વીસમો ગુનાહ

# મજબૂરી કે સખ્તી ન હોવા છતા કોઈનો હક રોકી રાખવો

# (હબસુલ હુકૂકે મીન ગયરે ઉસ્રિન)

છવ્વીસમો ગુનાહ જેના વિશે "નસ્સ' (કુરઆન તથા હદીસ દ્વારા પૂરાવા) મળી આવે છે તે એવા હકકોનો ગુનાહ છે જેમને અદા કરવામાં કોઈ મુશ્કેલી ન હોય તેમ છતાં તેમને અદા ન કરવા. એટલે કે જો કોઈ માણસ બીજા ઉપર કોઈ પણ પ્રકારનો હક ધરાવતો હોય અને પોતાના હક માટે માંગણી કરી હોવા છતા સામેની વ્યક્તિ એ હક અદા ન કરે જો કે હક અદા કરવાની ક્ષમતા ધરાવતો હોય તો તે ગુનાહે કબીરા છે. એઅમશે, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી અને ફઝલ બિન શાઝાને ઇમામ અલી રઝા અલય્હિસ્સલામથી જે રિવાયત નોંધી છે, તેમાં ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ કોઈ પણ જાતની મજબૂરી ન હોવા છતાં હકકોને અદા ન કરવા એને **'ગુનાહે કબીરા'** માં ગણાવે છે. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'જો કોઈ માણસ બીજા કોઈ મોઅમિનનો હક અદા ન કરે (અને તેના શીરે જે મોઅમિનનો હક બાકી હોય તે તેના સુધી ન પહોંચાડે) તો ખુદાવંદે આલમ કયામતના દિવસથી તેને પાંચસો વરસ સુધી એવી રીતે ઉભો રાખશે કે તેના શરીરમાંથી પસીનાના બદલે લોહી વહેવાનું શરૂ થઈ જશે. અને ખુદાવંદે આલમ તરફથી એક પોકારનારો (જાહેરાત કરનારો) અવાજ બુલંદ કરશે કે કે આ એ સિતમગર છે, જેણે ખુદાનો હક અદા નથી કર્યો. ત્યાર પછી ૪૦ (ચાલીસ) દિવસ સુધી તેને ચેતવણી (ઠપકો) આપ્યા પછી હુકમ આપવામાં આવશે કે તેને આગમાં નાખી દો. (આ ચેતવણી આપનારાઓ મોઅમિનો અથવા અંબીયાઓ હશે.)

**(કાફી, ભાગ - ૪, પાના નં ૩૬૭)**

અલ્લામા મજલિસીએ ઉપરોકત હદીસનું વિવરણ એ રીતે કર્યું છે કે, “જો તેનો ઝુલ્મ ઓછો હશે તો તેના શરીરમાંથી પસીનો વહેવા લાગશે અને જો ઝુલ્મ વધારે હશે તો તેના શરીરમાંથી લોહી વહેવા લાગશે.’

**(મીરઆતુલ ઓકુલ, પાના નં ૩૬૧)**

આ ઉપરાંત અલ્લામા મજલિસી ફરમાવે છે કે આ હદીસ એ વાતની દલીલ છે કે મોમિનનો હક એ ખુદાનો હક છે. મોમિનનો હક અદા કરવાથી ખુદાવંદે આલમની નઝદીકી પ્રાપ્ત થાય છે અને ખુદાવંદે આલમે મોમિનનો હક અદા કરવાનો હુકમ આપ્યો છે. ખુદાના હુકમનું પાલન ન કરવું એ ખુદાવુદે આલમનો હક અદા ન કરવા સમાન છે.

હઝરત ઇમામ જાફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું છે:

“કયામતના દિવસે એક પુકારનારો અવાજ બુલંદ કરીને કહેશે કે, અલ્લાહના દોસ્તોને તકલીફ પહોંચાડનારાઓ કયાં છે ? આ સાંભળીને કેટલાંક લોકો ઉભા થઈ જશે જેમના મોઢા ઉપર માંસ નહીં હોય. કહેવામાં આવશે કે આ એવા લોકો છે જેઓ મોઅમિનને તકલીફ પહોંચાડતા હતા, તેમની સાથે દુશ્મની રાખતા હતા અને દીનના વિષયમાં તેઓ સાથે સખ્તાઈ કરતા હતા, તેથી તેવા લોકોને જહન્નમમાં નાખી દેવાનો હુકમ કરવામાં આવશે.” ત્યાર પછી હઝરત ઇમામ જાફરે સાદિક અલય્હિસ્સલામે ખુદાવંદે ઝુલજલાલની કસમ ખાઈને ફરમાવ્યું કે “આ લોકો તેઓને મોઅમિન માનતા હતા તેમ છતાં તેમના હકકોને અદા કરતા ન હતા અને તેમની ગુપ્ત વાતોને જાહેર કરી દેતાં હતાં.

**(વસાએલુશ્શીયા, કિતાબે હજ,ભાગ ૧૪૫)**

અને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

એવો દરેક મોઅમિન કે જેના માલમાં કોઈ બીજાનો અધિકાર હોય, અને તે મોઅમિન તેની જરૂરિયાતોને પૂરી ન કરે તો તે (તેવો માણસ) જન્નતના ખાણાનો સ્વાદ પણ નહીં ચાખે અને રહીકે મખ્તુમ (ખાસ પ્રકારનું પીણુ જે બેહિશ્તના પીણાઓ પૈકીનું એક છે) તેનાથી વંચિત રહી જશે.’

* * * * *

# કયામતના દિવસે હકકોની માંગણી

હઝરત સૈયદે સજ્જાદ અલય્હિસ્સલામ ફરમાવે છે :

‘કયામતના દિવસે એક માણસનો હાથ પકડીને મહેશરમાં હાજર લોકોને દેખાડવામાં આવશે કે, જે લોકોનો આ માણસ પાસે કોઈ હક બાકી હોય તે પોતાનો હક મેળવી લે, કયામતના (દિવસે) મહેશરના લોકો માટે સૌથી મોટી આપત્તિ એ હશે કે લોકો (મૈદાને મહેશરમાં) જયારે પોતાને ઓળખી જાય તેવા કોઈ માણસને જોશે ત્યારે તેઓના દીમાગ પર એ વાતનો ભય છવાઈ જશે કે કયાંક પેલો માણસ તેમના હક માટે કોઈ હકની માગણી ન કરી બેસે.

**(લોઆલીયુલ અખબાર, ભાગ - ૫, પાના નં ૮૫)**

કદાચ કુરઆને મજીદમાં આ વાત પ્રત્યે ઇશારો કરતાં કહેવામાં આવ્યું છે કે ત્યારે તે દિવસે મનુષ્ય પોતાના ભાઈથી (પણ દૂર) નાસતો ફરશે, અને પોતાની મા તથા બાપથી પણ, અને પોતાની સ્ત્રી તથા છોકરાથી પણ.

**(સૂરએ અબસ - ૮૦, આ નં ૩૪ થી ૩૬)**

એટલે કે તેઓ એ વાતથી ડરતા હશે કે તેઓ પૈકી કોઈ પોતાના હકની માંગણી ન કરી બેસે.

* * * * *

# ખરો નિર્ધન

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે પોતાના અસ્હાબોને ફરમાવ્યું કે : શું તમે જાણો છો કે મુફલીસ (નિર્ધન) કોણ છે ? અસ્હાબોએ જવાબ આપ્યો કે જે વ્યક્તિ પાસે દીરહમ (પૈસા) સંપત્તિ કે મિલ્કત ન હોય તેવા માણસને અમે મુફલીસ માનીએ છીએ. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું કે મારી ઉમ્મતમાં એવા માણસ સિવાય કોઈ મુફલીસ નથી. જેણે નમાઝ પડી હોય, રોઝા રાખ્યા હોય, ઝકાત આપી હોય, હજ અદા કરી હોય, છતાં પણ કયામતનાં દિવસે તેવા માણસ પાસે એક એવો માણસ આવશે જેને તેણે પોતાની હયાતી દરમિયાન ગાળ દીધી હશે. એક એવો માણસ આવશે જેનો તે માલ ખાઈ ગયો હશે. એક એવો માણસ આવશે જેનું તેણે લોહી વહાવ્યું હશે. એક એવો માણસ આવશે જેને તેણે માર માર્યો હશે. એ બધા હકદાર માણસો વચ્ચે તેમના હકકોનાં પ્રમાણમાં તેની નેકીઓને વ્હેંચી દેવામાં આવશે. જો (તે માણસની નેકીઓ ઓછી હોવાના કારણે) તેના હકકો ભરપાઈ થાય તે પહલા જ તેની નેકીઓ ખલાસ થઈ જશે તો હકદારોના ગુનાહ તે માણસના ગુનાહોમાં ભેળવી દેવામાં આવશે. ત્યાર પછી તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે.

* * * * *

# કર્ઝ અને હકકો અદા ન થવાનું સ્થાન

કર્ઝમાં એ બધી વસ્તુઓનો સંપૂર્ણ રીતે સમાવેશ થઈ જાય છે, જેની કોઈ માણસના શીરે જવાબદારી હોય દાખલા તરીકે કર્ઝ. કર્ઝ લેનારે જેટલી રકમ કર્ઝ તરીકે લીધી હોય તે બધી રકમ ભરપાઈ કરવાની તેની જવાબદારી રહે છે. કર્ઝ લેનારે જે શરતોએ કર્ઝ લીધું હોય તે પધ્ધતિ પ્રમાણે તરત ભરપાઈ કરી દેવું જોઈએ. વેચનારની જવાબદારી છે કે જે વસ્તુ વેચવા માટેનો સોદો થયો હોય તે વસ્તુ ખરીદનારને વાયદા પ્રમાણે સમયસર પહોંચાડી દે. તેવી જ રીતે જે વસ્તુ ઉધાર (પૈસા બાકી રાખીને / ક્રેડીટ ઉપર) લેવામાં આવી હોય તેની કિંમત વેચનારને ભરપાઈ કરી આપવી જોઈએ. તેવી જ રીતે વસ્તુ ભાડે લાવનાર માણસ વસ્તુ ભાડે આપનારનો કર્ઝદાર છે. પતિ પોતાની પત્નિની મહેર અદા કરવા માટે જવાબદાર છે. તેવી જ રીતે પતિ પત્નિનું ભરણપોષણ (ખાધા - ખોરાકી) કરવા માટે જવાબદાર છે. અને જમાનતના હકકોની જવાબદારીનાં જુદા જુદા ઘણાય પ્રકાર છે. જેનું વિગતવાર વર્ણન ફીકહી મસાએલની કિતાબોમાં કરવામાં આવ્યું છે. તેમાં ફુરૂઈ મસાએલ પણ ઘણાં છે. આ વિષયની ચર્ચાના અનુસંધાનમાં કેટલાક જરૂરી એવા મસાએલ પ્રત્યે આગળ વર્ણન કરવામાં આવશે.

*****

# નિશ્ચિત અને અનિશ્ચિત મુદ્દતનું કર્ઝ

કર્ઝના બે પ્રકાર છે. “હાલી”, એટલે કે એવું કર્ઝ જેની કોઈ સમય મર્યાદા નકકી કરવામાં આવી ન હોય અને જો મુદ્દત નકકી કરવામાં આવી હોય તો તે પૂરી થઈ ગઈ હોય, એન “મોઅજજલ” એટલે કે એવું કર્ઝ જેની મુદ્દત નકકી થએલી હોય, જેમાં કર્ઝ આપનાર મુદ્દત પૂરી થયા પહેલા પોતાના હકની માંગણી કરી શકતો નથી. જો કે જયારે પણ કર્ઝદાર મૃત્યુ પામે ત્યારે તેની નિશ્ચિત મુદ્દત પૂરી થઈ ગણાય છે અને તે કર્ઝ હાલમાં ફેરવાઈ જાય છે. જેમકે કોઈ માણસે બીજા કોઈ માણસ પાસેથી કર્ઝ લીધું હોય અને કર્ઝ લેનારે એક વર્ષમાં તે કર્ઝ ભરપાઈ કરવાનું નકકી કર્યું હોય, પરંતુ તે મુદ્દત પૂરી થયા પહેલા મૃત્યુ પામે તો વારસામાં જે રકમ મૂકી જાય તેમાં તેના વારસદારોએ સૌ પ્રથમ કર્ઝની રકમ ભરપાઈ કરી દેવી જરૂરી છે. કર્ઝદારના વારસદારોને એ

વાતનો હક નથી કે તેઓ એમ કહે કે હજુ કર્ઝની મુદ્દત પૂરી થઈ નથી. એનાથી ઉલ્ટું જો કર્ઝ આપનાર મૃત્યુ પામે, તો તેના વારસાદારોને કર્ઝની મુદ્દત પૂરી થયા પહેલા કર્ઝની રકમ પાછી માંગવાનો હક રહેતો નથી.

* * * * *

# કર્ઝ જરૂર ભરપાઈ કરી દેવું જોઈએ.

જો નિશ્ચિત મુદ્દત માટે કર્ઝ લેવામાં આવ્યું હોય અને તેની મુદ્દત પૂરી થઈ ગઈ હોય તેવા સંજોગોમાં જો કર્ઝ આપનાર કર્ઝ પાછુ લેવાની માંગણી કરે તો જે રીતે પણ શકય હોય તે રીતે કર્ઝ ભરપાઈ કરી દેવું વાજીબ છે. ભલે પછી તે કર્ઝ ભરપાઈ કરવા માટે કર્ઝદારે પોતાની પાસે જરૂરત કરતાં વધારાની વસ્તુઓ વેચી દેવી પડે. તે વધારાની વસ્તુઓ લોકો પડતર કિંમત કરતા, ઓછી કિંમતથી ખરીદે તેમ હોય તો પણ વેચીને તેણે પોતાનું કર્ઝ અદા કરી દેવું જોઈએ. પરંતુ જો લોકો તે સામાન, પાણીના ભાવે ખરીદવા માગે અને સામાન્ય લોકોની સમજ મુજબ એ ભાવથી વસ્તુઓને વેચવી, એ વસ્તુઓની ફેંકી દેવા કે નાશ કરી દેવા સમાન હોય, તો એ સંજોગોમાં કર્ઝદારે તે વસ્તુને વેચી કર્ઝ ભરપાઈ કરવું જરૂરી નથી. જો જીવન જરૂરી વસ્તુઓ જેમકે ગાલીચો (ઘરમાં પાથરવામાં આવતી કારપેટ) પોશાક, ઘરની ઘરવખરી દુકાન વિગેરે ન હોય કે જે વેચીને કર્ઝ ભરપાઈ થઈ શકે તો કર્ઝદારે કામકાજ કરીને કર્ઝ ભરપાઈ કરી દેવું જોઈએ. દાખલા તરીકે કર્ઝ અદા કરવા માટે તેણે નોકરી કરવી પડે અથવા તો એવું કામ કરવું પડે, જે તેના મોભા પ્રમાણે હોય અને તેના માટે કોઈ મુશ્કેલીરૂપ ન હોય તો એવું કામ કરીને પણ કર્ઝદારે પોતાનું કર્ઝ ભરપાઈ કરી દેવું વાજીબ છે. કર્ઝ અદા કરવામાં સુસ્તી, બેદરકારી કે ગફલત દાખવવી એ સંપૂર્ણ રીતે હરામ, હકને અદા ન કરવા સમાન અને ગુનાહે કબીરા છે. પરંતુ જો જીવન જરૂરી વસ્તુઓ, જેમકે ઘરમાં કે જેમાં કર્ઝદાર પોતે જીવન વ્યતીત કરતો હોય, તે તેની સ્થિતિ અને મોભા કરતા મોટું અને કિંમતી ન હોય, એવી જ રીતે કપડા, ગાલીચો, વાસણ અને એ જ પ્રકારની બીજી વસ્તુઓ જે તેના રોજીંદા જીવનમાં ઉપયોગી હોય અને જો તે વસ્તુઓ વેંચી દે તો મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ હોય તો તેવી વસ્તુઓને વેચી દેવી જરૂરી નથી અને કર્ઝ આપનાર કર્ઝ લેનારને એ વસ્તુઓ વેચી દેવા માટે મજબૂર પણ કરી શકતો નથી. પરંતુ કર્ઝ લેનાર માટે જાએઝ છે કે મુશ્કેલીઓને સહન કરીને પણ એ વસ્તુઓને વેચી દે અને પોતાનું કર્ઝ અદા કરી દે. કર્ઝ લેનારે પોતાના ઘરનો સામાન વેચી દીધો હોય અને તેના પૈસાથી પોતાનું કર્ઝ ચૂકવે, તો તેવા સંજોગોમાં પણ કર્ઝ આપનાર પોતાની (કર્ઝથી આપેલી) રકમ પાછી લઈ શકે છે. પરંતુ કર્ઝ આપનારે પોતાના કર્ઝની વસુલાત માટે કર્ઝ લેનારને તેના ઘરનો સામાન વેચી દેવો પડે અને તે મુશ્કેલીમાં મુકાઈ જાય તેવી પિરસ્થિતિમાં રાજી થવું ન જોઈએ. ભલે પછી કર્ઝ લેનાર એ કામ માટે રાજી હોય. પરંતુ કર્ઝ આપનારે, કર્ઝ લેનારને, ખુદા કર્ઝ સરળતાથી ભરપાઈ કરી શકે તેવી શક્તિ આપે, તેટલા સમયની મુદ્દત આપવી જોઈએ.

ઉસ્માન બિન ઝીયાદથી રિવાયત છે કે 'મેં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને અર્ઝ કરી કે 'મારૂ એક માણસ પર કર્ઝ છે, અને તે માણસ પોતાનું ઘર વેચીને મારૂ કર્ઝ ભરપાઈ કરી દેવા માંગે છે.' હઝરતે તેના જવાબમાં ત્રણ વખત ફરમાવ્યું. 'એ વાતથી હું તને ખુદાની પનાહમાં મૂકું છું કે તું એ માણસને ઘરથી બેઘર કરી દઈશ, જે ઘરમાં તે પોતાનું જીવન વીતાવી રહ્યો છે.'

**(વસાઈલ, કિતાબુત્તીજારત, પ્રકારણ ૧૧)**

બીજી કેટલીક હદીસોમાં પણ આ જ પ્રકારની બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રિવાયતમાં છે કે : જનાબ મોહમ્મદ બિન અલી ઉમૈર જે ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામ, ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ અને હઝરત ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામના સહાબીઓ પૈકી હતા, તેઓ

કપડાં વેચવાનું કામ કરતા હતા. તેઓનો તમામ માલ તેમની પાસેથી ચાલ્યો ગયો અને તેઓ ફકીર થઈ ગયા. કોઈ માણસ ઉપર તેમનું દસ હજાર દિરહમ કર્ઝ હતું. તે કર્ઝદાર માણસે પોતાનું ઘર વેચી દીધું અને તે દસ હજાર દિરહમની રકમ લઈને તે મોહમ્મદ બિન અલી ઓમૈરના ઘરે આવ્યો અને કહ્યું કે આ આપના કર્ઝની રકમ છે જે લઈ લ્યો. તેઓએ પૂછયું : શું આ માલ તમને વારસામાં મળ્યો છે ? તેણે કહ્યું નહીં. તેઓએ પૂછયું : શું કોઈએ તને આ રકમ ભેટમાં આપી છે ? તેણે કહ્યું : ના, તેઓએ પૂછયું : તમારી પાસે મિલ્કત હતી, જે વેચવાથી આ રકમ ઉપજી છે ? તેણે કહ્યું : ના, પણ જે મકાનમાં હું રહેતો હતો તે મકાન આપનું કર્ઝ ભરપાઈ કરવા માટે મેં વેચી દીધું છે. તે વખતે મોહમ્મદ બિન અબી ઉમૈરે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની આ રિવાયતનો ઉલ્લેખ કર્યો કે : કર્ઝ વસુલવા માટે કોઈ કર્ઝદારને તેના ઘરથી બેઘર (ઘર વિહોણો) ન કરી નાખવો જોઈએ.' ત્યાર પછી તેઓએ ફરમાવ્યું કે 'આ રકમ પાછી લઈ જાવ. ખુદાની કસમ અત્યારે હું એક એક દિરહમને માટે મોહતાજ છું, તેમ છતાં આમાંથી હું એક દિરહમ પણ લઈને ખર્ચ નહીં કરૂં.' તેઓ હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ પાસે એટલો નિકટવર્તી સંબંધ ધરાવતા હતા, જેના કારણે તેઓને કૈદ કરવામાં આવ્યા હતા જયાં તેઓને ખૂબ જ કોરડાઓ મારવામાં આવ્યા હતા. એટલું જ નહીં તેઓને ચાર વર્ષ સુધી કૈદખાનામાં પણ રાખવામાં આવ્યા હતા. અને તેઓ પાસે જે કાંઈ માલ સામાન હતો તે લૂંટી લેવામાં આવ્યો હતો. તેઓની રૂહ ઉપર ખુદાવંદે આલમની અપાર રહેમત થાય.

જો કોઈ માણસ પોતે શક્તિ ધરાવતો હોવા છતાં કોઈ હકદારને તેનો હક પહોંચાડવામાં ગફલત કરે, બેદરકારી દાખવે અને મોડું કરે તો પસાર થતા દરેક દિવસમાં તે ગુનાહે આઅશારી કરનારો ગણાશે. (ઝાલિમ પાસેથી તેના હુકમ પ્રમાણે દસમો ૧/૧૦ ભાગ લેનારને આઅશારી કહેવામાં આવે છે.)

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

રાહે ખુદામાં શહીદ થનાર દરેક ગુનાહોથી પાક થઈ જાય છે, પણ જો એની ઉપર કર્ઝ હોય તો તેની જવાબદારી એના ઉપર બાકી રહે છે. કારણ કે કર્ઝનો કોઈ કફ્ફારો નથી. તેથી કર્ઝ ભરપાઈ કરી દેવું અથવા તો કર્ઝ આપનાર બક્ષી આપે તેવી વ્યવસ્થા જરૂરી છે. (નહીંતર શહીદ થનારને પણ તેના કર્ઝ વિશે પૂછપરછ કરવામાં આવશે.)

**(વસાએલુશ્શીયા, પ્રકરણ - ૪, ભાગ ૧૩, પાનું ૮૩)**

આ ઉપરાંત આપ ફરમાવે છે કે 'શહીદના લોહીનું પહેલું ટીપું પડે કે તુરત જ તેના તમામ ગુનાહો માફ થઈ જાય છે. પરંતુ તેની ઉપર જે કર્ઝ હોય તે માફ થતું નથી. કર્ઝ માફ થવાનો આધાર કર્ઝ અદા થવા ઉપર છે.

**(વસાએલુશ્શીયા, પ્રકરણ ૪, ભાગ ૧૩, પાના નં ૮૫)**

ઉપરની વાતની અગત્યતા કેટલી છે, તેનું અનુમાન નીચેના પ્રસંગથી આવી શકે છે. અન્સાર પૈકીના એક માણસનો ઇન્તેકાલ થઈ ગયો જેઓ દુનિયામાં કર્ઝદાર હતા. તેના સગા વ્હાલાઓએ તે મરહૂમ અન્સારનું કર્ઝ અદા કરવાની જામિનગીરી આપી નહીં ત્યાં સુધી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે તેની નમાઝે જનાઝા (નમાઝે મૈયત) પડાવી નહીં.

રિવાયત છે કે, મોઆવિયા બિન વહબે આ બાબતમાં ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું ત્યારે આપે ફરમાવ્યું : 'આ હદીસ સહીહ છે અને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ફરમાનનો અર્થ માત્ર એટલો જ થાય છે કે, લોકો આ હદીસથી નસીહત મેળવે, કર્ઝ અદા કરવાની અગત્યતા સમજે, કર્ઝની બાબતને હળવાશથી ન લે અને કર્ઝને તેના માલિક (કર્ઝ આપનાર)ને પાછું પહોંચાડી દે. કેમકે

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ, હઝરત અલી અલય્હિસ્સલામ, હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામ, હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામ પૈકી જે કોઈ આ દુનિયાથી રહેલત (વફાત કે શહાદત) ફરમાવી ગયા તેઓએ તેમના કર્ઝ ભરપાઈ કરી દેવા વિશે વસીયત ફરમાવી હતી અને તે હઝરાત પૈકી દરેકના વારસદારોએ તેઓની રહેલત પછી તેઓનું કર્ઝ ભરપાઈ કરી દીધું હતું. એટલે કે આ હદીસનો અર્થ એ છે કે કર્ઝદાર હોવું (કર્ઝ લેવું) એ મઝમ્મત (ટીકા)ને પાત્ર બાબત નથી પણ જાએઝ વ્યવહાર છે. અલબત્ત કર્ઝ પાછું ભરપાઈ કરવામાં સુસ્તી કે આળસ કરવી હરામ છે. એટલું જ નહીં, કર્ઝ અદા કર્યા વગર મકકા કે મદીના જવું યોગ્ય નથી. આ બાબતમાં અબૂ સમાસાએ હઝરત ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામને અર્ઝ કરી : 'હું મકકા અને મદીનામાં જીવન વ્યતીત કરવા માગું છું પરંતુ કર્ઝદાર છું. ઇમામે ફરમાવ્યું : 'તમારા ઘરે જાવ અને કર્ઝ અદા કરી દો. કયાંક એવું ન થાય કે, તમે દુનિયાથી ચાલ્યા જાવ અને કર્ઝદાર હોવાની હાલતમાં અલ્લાહ સાથે મુલાકાત કરો. અને (જાણી લો કે) મોઅમિન કદી ખયાનત કરતો નથી.'

* * * * *

# કર્ઝ અદા ન કરવું એ બધાની સાથે ખયાનત અને ઝુલ્મ છે.

આ હદીસથી એ વાત જાણવા મળે છે કે હક અદા ન કરવો અને કર્ઝ અદા કરવામાં ગફલત રાખવી એ ખયાનત છે. આ બાબતનું વિગતવાર વર્ણન અગાઉ ખયાનતના પ્રકરણમાં થઈ ચૂકયું છે. જેની કેટલીક વિગત અત્રે પણ રજૂ કરવામાં આવે છે. હદીસે નબવી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમમાં તેને ઝુલ્મ ગણાવવામાં આવેલ છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનું ફરમાન છે.

'એ મુસલમાન જે શક્તિ ધરાવતો હોવા છતાં કર્ઝ અદા કરવામાં ગફલત કરે તો તેણે (જાણે કે) તમામ મુસલમાનો સાથે ઝુલ્મ કર્યો.' (ગણાય છે.)

એ સ્પષ્ટ હકીકત છે કે કર્ઝ અદા ન કરવું એ કર્ઝ આપનાર પર ઝુલ્મ કરવા સમાન છે. પરંતુ આ વાત બીજા મુસલમાનો ઉપર પણ મોટા ઝુલ્મ ગણાય છે, કે લોકો બીજાઓને એ ડરથી કર્ઝ નહીં આપે કે કયાંક બીજાઓ પણ કર્ઝ અદા કરવામાં સુસ્તી કરશે તો પોતાનો માલ (કે રકમ) વેડફાઈ જશે. બીજી વાત એ છે કે શક્તિ હોવા છતાં કર્ઝ અદા કરવામાં ગફલત કરનાર, કર્ઝ આપનાર માટે નેકીઓના દરવાજા બંધ કરી દે છે. કારણ કે તેને કર્ઝ આપવાના અનુભવ પછી તે કર્ઝ આપનાર કોઈ બીજાને કર્ઝ આપવાની હિંમત નહીં કરે. વાસ્તવમાં કર્ઝ આપવું એ એક મોટી નેકી છે અને તે નેકી છોડવા માટે કારણરૂપ તે (કર્ઝ અદા કરવામાં આળસ કરનાર) માણસ બને છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'ખુદા એ માણસ પર લાનત કરે, જે નેકીઓનો રસ્તો બંધ કરી દે છે. અને આ એવો માણસ છે જેને ફાયદો પહોંચાડવા માટે તેના ઉપર કોઈ એહસાન કરે તો તેનો અહેસાન નથી માનતો અને (કર્ઝ ભરપાઈ કરવામાં આળસ કરવાની) આ વાત, એ વાત માટે કારણરૂપ બને છે કે તે અહેસાન કરનારો ફરી બીજા કોઈ ઉપર (કર્ઝ આપીને) અહેસાન કરતો નથી. કોઈને કર્ઝ આપવું એ અહસાન છે. એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી. કર્ઝ અદા કરવામાં લાપરવાહી કરવી એ કર્ઝ આપનારના અહેસાનની અવગણના સમાન છે. આવી લાપરવાહીના લીધે જ કર્ઝ આપનાર ભવિષ્યમાં બીજા કોઈને કર્ઝ આપતા નથી.

* * * * *

# કર્ઝ આપવા અને લેવાના અહેકામ

મોઅતબર રિવાયતોમાં કર્ઝ આપનારાઓ માટે ખૂબ જ વધારે સવાબનો વાયદો કરવામાં આવ્યો છે. તેવી જ રીતે કર્ઝ ન આપનારઓ માટે સખ્ત અઝાબનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. અમૂક સંજોગોમાં તો કર્ઝ આપવું વાજીબ અને ન આપવું હરામ છે. જયારે અમૂક સંજોગોમાં કર્ઝ આપવું મુસ્તહબ અને ન આપવું મકરૂહ છે. પરંતુ જરૂરતના વખતે કર્ઝ લેવાથી તેની કરાહીયત (શરઈ દ્રષ્ટિએ અણગમતી બાબત હોવા)માં ઘટાડો થઈ જાય છે. કરાહીયતમાં વધારો કે ઘટાડો થવો એ કર્ઝ લેવાના કારણો ઉપર આધારિત છે. જો ઓછી જરૂરત હોવા છતાં કર્ઝ લેવામાં આવે તો તેમાં કરાહત વધારે રહેશે. જો જરૂરત વધારે હોય તેવા સંજોગોમાં કર્ઝ લેવામાં આવે તો કરાહત ઓછી થશે. એટલે સુધી કે કેટલાક સંજોગોમાં તો બિલ્કુલ કરાહત નથી રહેતી અને કર્ઝ લેવું વાજીબ થઈ જાય છે. જો કોઈ માણસને ખબર હોય કે કર્ઝ પાછું ભરપાઈ કરી શકે તેમ નથી તો એહતિયાતનો તકાઝો એ છે કે તે કર્ઝ ન લે પણ જો પોતે જરૂરતમંદ હોય તો કર્ઝ લઈ શકે છે.

* * * * *

# કર્ઝ આપવાનો સવાબ અને ન આપવાનો અઝાબ

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે :

‘જો કોઈ માણસ કોઈ મોઅમિનને કર્ઝ આપે અને તેનામાં કર્ઝ પાછું ભરપાઈ કરવાની શક્તિ પૈદા થાય ત્યાં સુધીની તેને મુદ્દત આપે તો તેણે કર્ઝ તરીકે આપેલો માલ ઝકાત સમાન ગણાશે અને તેનો માલ પાછો મળવા સુધી મલાએકા તેના હકમાં દુઆ અને તલબે રહમત (રહેમતની અભ્યર્થના) કરતા રહેશે.

**(વસાએલુશ્શીયા, પ્રકરણ - ૬, પાના નં ૮૬)**

આ ઉપરાંત હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : ‘જો કોઈ પોતાના મુસલમાન ભાઈને કર્ઝ આપે તો તે તેના (પોતાના ફાયદા) માટે જ છે. તે કર્ઝ આપનારના નામે આ અમાનત તેના બદલે કોહે ઓહદ (ઓહદનો પર્વત, જે મકકાએ મોઅઝઝમાની પર્વત માળાઓ પૈકીનો એક પર્વત છે.) અને તૂરે સીના (સીનાનો પર્વત) જેટલી નેકીઓ લખવામાં આવશે અને કર્ઝ લેનાર પાસેથી કર્ઝ વસૂલ કરવામાં નરમ વ્યવહાર કરશે તો તે કોઈ પણ પ્રકારના હિસાબ કિતાબ વગર એક ચમકતી વિજળીની જેમ પૂલે સેરાત પરથી પસાર થઈ જશે. જો કોઈ માણસ સમક્ષ તેનો કોઈ મુસલમાન ભાઈ પોતાની પરેશાની અને દુ:ખનું વર્ણન કરે અને તેને કોઈ કર્ઝ ન આપે તો ખુદાવંદે આલમ જયારે નેક લોકોને તેમના નેક કામની જઝા આપશે ત્યારે તેની ઉપર જન્નત હરામ કરશે.

* * * * *

# કર્ઝ અદા કરવાનો ઇરાદો અવશ્ય હોવો જોઈએ.

જો કર્ઝ લેનાર કર્ઝ પાછું ભરપાઈ કરવાની શક્તિ ધરાવતો ન હોય તેના માટે પણ એ વાત જરૂરી છે કે તે કર્ઝ પાછું ભરપાઈ કરી દેવાનો ઇરાદો અવશ્ય રાખે. તેણે પોતાના આર્થિક સંજોગોમાં સુધારો થતા સૌથી પહેલા કર્ઝ ભરપાઈ કરી દેવાની નિય્યત રાખવી જોઈએ અને એવો દ્રઢ નિર્ણય કરવો જોઈએ કે કર્ઝ ભરપાઈ કરવામાં પોતે ગફલત નહીં કરે. એટલું જ નહીં કર્ઝ લેતી વખતે પણ એ જ નિય્યત હોવી જોઈએ. જો કર્ઝ લેતી વખતે જ તેને પાછું ભરપાઈ કરવાની નિય્યત ન હોય તો તેવા કર્ઝની રકમનો ઉપયોગ હરામ છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

‘જો કર્ઝદાર કર્ઝ લઈને પાછું ન આપવાનો ઇરાદો ધરાવતો હોય તો તે ચોર જેવો છે.’

**(વસાએલુશ્શીયા, કિતાબુત તિજારત પ્રકરણ - ૫, ભાગ - ૧૩, પાના નં ૮૬)**

આ ઉપરાંત આપે ફરમાવ્યું : ચોરોના ત્રણ સમુહ છે. એક એ જે પોતાના માલની ઝકાત ન આપે, બીજા એ કે જે પોતાની પત્નીની મહેરને વાજીબ કર્ઝ સમાન ન સમજે અને ત્રીજો સમુહ એ કે જે કર્ઝ લઈને તેને પાછુ ભરપાઈ કરવાનો ઇરાદો ધરાવતો ન હોય.

તેવી જ રીતે આપે ફરમાવ્યું : 'જો કર્ઝ લેનાર કર્ઝ અદા કરવાની નિય્યત ધરાવતો હોય તો ખુદાવંદે આલમ તેનું કર્ઝ અદા થવા સુધી તેની મદદ માટે બે ફરિશ્તા નિયુકત કરે છે. પરંતુ જયારે તે પોતાના ઇરાદામાં ગફલત (બેદરકારી) દાખવે છે તો તેટલા જ પ્રમાણમાં તેને ખુદાની રહેમતથી વંચિત કરી દેવામાં આવે છે.

* * * * *

# મજબૂર અને કર્ઝદારને મોહલત દેવી જોઈએ.

કર્ઝદાર પોતાના ઘરની બિન જરૂરી ચીજ વસ્તુઓ વેચીને પણ સહેલાઈથી પોતાનું કર્ઝ અદા કરી ન શકે તેમ હોય તો, તેવા સંજોગોમાં કર્ઝ આપનાર માટે તેને કર્ઝ ભરપાઈ કરવા માટે મુદ્દત આપવી વાજીબ છે. કારણ કે કર્ઝ લેનારને મુશ્કેલીઓમાં મુકવો હરામ છે. ખુદાવંદે તઆલા ઇરશાદ ફરમાવે છે :

'અને જો તે (કર્ઝદાર) તંગદસ્ત હોય તો (તેનો) સારો સમય (આવે ત્યાં) સુધીની મોહલત આપવી, અને જો તમે (અસલ લેણું પણ) દાન તરીકે જતું (માફ) કરો અગર તમે સમજતા હો તો તે તમારા માટે વધું સારૂં છે.

**(સૂરએ બકરહ, આ. ૨૮૦)**

કારણ કે જો તમે તમારૂ કર્ઝ પાછું લઈ લેશો તો બીજી વસ્તુઓની જેમ કર્ઝની રકમ પણ સમય આવતા ખલાસ થઈ જશે. પરંતુ જો તમે તેને માફ કરી દો તો એ એવો સદકો છે જે ખુદાની પાસે મૂકેલી અમાનત સમાન છે અને તેનો ફાયદો હંમેશા મળતો રહેશે.

ઉપરની આયતથી બે બાબતો સમજાય છે. પહેલી વાત એ કે જે કર્ઝદાર તેનું કર્ઝ પાછું ભરપાઈ કરી શકવા માટે અશક્તિમાન હોય તો તેને મુદ્દત આપવી વાજીબ છે. બીજી વાત એ છે કે કર્ઝ આપનારે કર્ઝ માફ કરી દેવું વધારે સારૂ છે અને ઘણી રિવાયતોમાં એ બંને વાતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

હઝરત પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

'તમારા કર્ઝદાર માટે એ વાત જાએઝ નથી કે શક્તિ હોવા છતાં, તે પોતાનું કર્ઝ અદા કરવામાં આળસ કરે, જો તમે જાણતા હો કે તે (કર્ઝદાર) તેનું કર્ઝ અદા કરવા માટે અશકત છે. તો તેને તંગદસ્તીની હાલતમાં મજબૂર કરવો જાએઝ નથી.' હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે, 'જો તમે જાણતો હો કે તમારો મુસલમાન ભાઈ કર્ઝ ભરપાઈ કરી શકે તેમ નથી તો તેને કર્ઝ ભરપાઈ કરવા માટે તંગ (હેરાન) કરવાથી પરહેઝ કરો. કારણ કે અમારા દાદા હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે, કોઈ મુસલમાન માટે પોતાના મુસલમાન ભાઈને તંગ કરવો જાએઝ નથી અને જો કોઈ કર્ઝ આપનાર તેના કર્ઝદારને મુદ્દત આપશે તો અલ્લાહ તઆલા તેને એ દિવસે પોતાના છાયામાં પનાહ આપશે જે દિવસે ખુદા (જલ્લ જલાલહુ) સિવાય કોઈનો છાયો (રક્ષણ) નહીં હોય.'

**(વસાએલુશ્શીયા, દીનના પ્રકરણોમાં પ્રકરણ - ૨૫, ભાગ - ૧૩, પાના નં ૧૧૩)**

એટલે કે કયામતના દિવસે ખુદા તેની પર પોતાની વિશેષ મહેરબાની કરશે. આ ઉપરાંત આપે ફરમાવેલ છે કે :

'જો કોઈ એમ ઇચ્છતું હોય કે જે દિવસે અર્શે ઇલાહીના છાયા સિવાય બીજો કોઈ છાંયો નહીં હોય તે દિવસે એ જ છાયામાં તેમને રક્ષણ આપવામાં આવે, તો તેણે તંગદસ્ત કર્ઝદારને મુદ્દત આપવી જોઈએ અને તેની પાસેથી કર્ઝ પાછું લેવાની તાકીદ ન કરવી જોઈએ અથવા કર્ઝ બક્ષી દેવું જોઈએ.'

**(વસાઈલ, પ્રકરણ ૨૫, પાના નં ૧૧૩)**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે કે : 'કયામતના દિવસે એક એવો સમૂહ, અર્શના છાયામાં હશે, જેમના ચહેરા, પોશાક અને જે ખુરશીઓ ઉપર બિરાજમાન થયા હશે તેમાંથી નૂર ઝળહળી રહ્યું હશે અને તે સ્થિતિમાં એક મૂનાદી પોકારીને કહી રહ્યો હશે કે 'આ એવા લોકો છે જેઓ દુનિયામાં મોઅમિનો ઉપર મહેરબાની કરતા હતા અને તંગદસ્ત કર્ઝદારને તે કર્ઝ અદા કરવા માટે શક્તિ થાય ત્યાં સુધીની મુદ્દત આપતા હતા.'

* * * * *

# દરેક દિવસની મુદ્દત માટે સદકો આપવા જેટલો સવાબ

'કુલૈની, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરે છે કે, 'એક દિવસ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ મિમ્બર ઉપર તશરીફ લઈ ગયા, ખુદાની હમ્દો સના અને અંબિયાઓ ઉપર દુરૂદ મોકલ્યા પછી આપે ફરમાવ્યું : 'જે લોકો હાજર છે તેઓ માટે જરૂરી છે કે જે લોકો હાજર નથી તેમના સુધી આ વાત પહોંચાડી દે, કે જે કોઈ માણસ પોતાના પરેશાનહાલ કર્ઝદારને મુદ્દત આપે તો જયાં સુધી તેનો માલ પાછો ન મળી જાય ત્યાં સુધી તેના નામએ આમાલમાં સદકો આપવા બરાબર સવાબ (લખી) આપવાનો જવાબદાર અલ્લાહ છે.'

**(તિજારત, વસાઈલ, દીનના પ્રકરણોમાં પ્રકરણ નં ૧૩, પાના નં ૧૧૪)**

એટલે કે તેણે જેટલા દિવસ સુધી કર્ઝદારને મુદ્દત આપી હશે, બિલ્કુલ તે દરેક દિવસની સંખ્યા મુજબ, તેટલો માલ રાહે ખુદામાં ખર્ચ કર્યો હોય તેટલો સવાબ તેને આપવામાં આવશે. આ સંબંધમાં ઘણી હદીસો વારીદ થઈ છે પરંતુ અત્રે જેટલી બાબતો પ્રસ્તુત કરવામાં આવી છે તે પુરતી જણાય છે. પ્રસ્તુત વિષયની પૂરક વાત રૂપે એ વાત જાણી લેવી જોઈએ કે ખુમ્સ અથવા ઝકાત અદા ન કરવી અથવા તો તે અદા કરવામાં ગફલત રાખવી એ હકકોને અદા ન કરવા સમાન ગણવામાં આવે છે. કારણ કે ઝકાત અદા ન કરવી એ પણ 'ગુનાહે કબીરા' છે જેના માટે નસ્સે ખાસ છે તેથી તે વિષયનું વર્ણન અલગ કરવામાં આવશે.

* * * * *

# ખુદાવંદે આલમ નુકસાન ભરપાઈ કરશે.

રિવાયતોનો સારાંશ એ છે કે જો કર્ઝદાર કર્ઝ અદા થયા પહેલા મૃત્યુ પામે અને તેના મર્યા પછી તેના માલમાંથી કર્ઝ ભરપાઈ કરવામાં ન આવે, અથવા કર્ઝ આપનાર તેનું કર્ઝ માફ ન કરી દે, અથવા કર્ઝ લેનારે કર્ઝ પાછું ભરપાઈ કરવામાં બેદરકારી ન દાખવી હોય, અને કર્ઝ હરામ કામ માટે લીધું ન હોય, અને તેનો ઇરાદો કર્ઝ પાછું ભરપાઈ કરી દેવાનો હોય, પરંતુ તેની પાસે કોઈ માલ ન હોય, જેના વિશે તે વસીયત કરી શકે, તો તે સંજોગોમાં ખુદાવંદે આલમ પોતાના ફઝલથી કયામતના દિવસે તેના કર્ઝદારને રાજી કરી દેશે.

મોહમ્મદ ઇબ્ને બશરૂશાહ, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયા અને નમ્રતાપૂર્વક કહ્યું કે 'હું શહાબના એક હજાર દીનારનો કર્ઝદાર છું. આપ શહાબને કહો કે મને હજના દિવસો સુધીની મુદ્દત આપે.' આપે શહાબને બોલાવ્યો અને ફરમાવ્યું : 'તમે જાણો છો કે મોહમ્મદ ઇબ્ને બશરૂ

અમારા દોસ્તોમાંથી છે. તમારા એક હજાર દીનારનું તેઓ ઉપર કર્ઝ છે. તે રકમ તેણે પોતાના માટે વાપરી નથી, પરંતુ તે કર્ઝ અમૂક લોકોની વચ્ચે રહી ગયું છે અને તેમને નુકસાન થયું છે. હવે હું ઇચ્છું છું કે તે રકમ (દીનાર) તમે તેને બક્ષી આપો. ત્યાર પછી આપે ફરમાવ્યું : કદાચ, તમે એમ માનતા હશો કે તમારા કર્ઝના બદલામાં તમને તેની નેકીઓ આપવામાં આવશે. શહાબે કહ્યું કે 'આ પહેલા મારો એ જ ખ્યાલ હતો.' ઇમામે ફરમાવ્યું, ખુદાવંદે કરીમ, આદીલ અને કરીમ છે. જો કોઈ માણસ ખુદાની નિકટતા પ્રાપ્ત કરવા માટે શિયાળાની રાતોમાં ખુદાની ઇબાદત કરે, ગરમીઓના દિવસોમાં રોઝા રાખે, ખાનએ કાબાનો તવાફ કરે અને તે પછી શું અલ્લાહ તેની નેકીઓ લઈને તમને આપી દેશે ? એવું નથી. તેનો ફઝલ તેનાથી કેટલોય વધારે છે. તે પોતાના ફઝલથી મોઅમિનોને તેના કામો માટેનો બદલો અવશ્ય આપે છે.' ઇમામ અલય્હિસ્સલામની આ વાતચીત સાંભળીને શહાબે કહ્યું કે 'હું મારૂં કર્ઝ માફ કરી દઉં છું.'

* * * * *

# એવો કર્ઝદાર જેની નેકીઓ કર્ઝ આપનારને આપવામાં આવશે.

જો કોઈ કર્ઝ અદા કરવાનું ચૂકી જાય અને તેણે કર્ઝ કોઈ હરામ કામ માટે લીધું હોય અથવા તો પોતે શક્તિ ધરાવતો હોવા છતાં કર્ઝ અદા કરવામાં ગફલત કરે અને તેના મર્યા પછી પણ તેનું કર્ઝ અદા કરવામાં ન આવે અને તેને કર્ઝ આપનાર પણ તેનું કર્ઝ માફ ન કરે તો એ સંજોગોમાં, કયામતના દિવસે તેની નેકીઓ લઈને કર્ઝ આપનારને (ખાતે જમા) આપવામાં આવશે અને જો તેની નેકીઓ ન હોય અથવા તો બહુ જ ઓછી હોય તો કર્ઝ આપનારના ગુનાહ લઈને તેના નામએ આમાલમાં જમા કરવામાં આવશે. જેનું વર્ણન કેટલીક હદીસોમાં સ્પષ્ટ રીતે થયું છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'કયામતના દિવસે માણસ માટે સૌથી વધારે કઠણ સમય એ હશે કે જયારે ખુમ્સ અને ઝકાતના હકદાર લોકો ઉઠીને તેમને વળગી (ચોંટી) જશે અને કહેશે, 'અય પરવરદિગાર, આ માણસે અમારો ખુમ્સ અને ઝકાતનો હક ઝુંટવી લીધો હતો અને અમોને કંઈ આપ્યું ન હતું. તેથી ખુદાવંદે આલમ તે લોકોની નેકીઓ લઈને એ હકદારોને આપી દેશે. આ ઉપરાંત આપે ફરમાવ્યું કે 'કયામતના દિવસે કર્ઝ આપનાર પોતાના કર્ઝદારની (પોતાનું કર્ઝ અદા ન કરવા વિશેની) ફરિયાદ કરશે ત્યારે જો કર્ઝદારની નેકીઓ વધારે હશે તો તે કર્ઝ આપનારને આપી દેવામાં આવશે અને જો તેની નેકીઓ નહીં હોય તો કર્ઝ આપનારના ગુનાહો કર્ઝદારના નામએ આમાલમાં જમા કરી દેવામાં આવશે.' ઘણી રિવાયતોથી એ વાત સ્પષ્ટ થાય છે કે જો કોઈ માણસના શીરે લોકોના હકો હોય તો જયાં સુધી હકદાર લોકો તેના માટે રાજી ન થઈ જાય અથવા હકદાર લોકોના પ્રમાણમાં તેની નેકી લઈને હકદાર લોકોના ખાતામાં જમા કરવામાં ન આવે અથવા તેઓના ગુનાહ કર્ઝદારના નામએ આમાલમાં જમા કરવામાં ન આવે અથવા એહલેબૈત અલય્હેમુસ્સલામ તેની શફાઅત ન કરે ત્યાં સુધી તેને નજાત પ્રાપ્ત થઈ શકતી નથી.

* * * * *

# વળતર કેટલું હશે ?

ઉપર જણાવ્યા મુજબના વળતરનું પ્રમાણ કેટલું હશે અથવા તો કેટલા પ્રમાણમાં નેકી ગણવામાં આવશે તેનું પ્રમાણ ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ બહેતર જાણે છે. એ બાબતો સમજવાનું આપણી પાસે કોઈ માધ્યમ નથી. અને એ બાબતો આપણે જાણવી જરૂરી પણ નથી. અલબત્ત,

કેટલીક રિવાયતોમાં તેના દરજ્જાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું કે દિરહમના બદલામાં કર્ઝદારની (૬૦૦) છસો નમાઝ લઈને કર્ઝ આપનારને આપી દેવામાં આવશે.

**(લોઆલીયુલ અખ્બાર, પાના નં ૫૪૯)**

'અને જો ચાંદીના ૧/૬ દિરહમ હોય તો તેની ૭૦૦ રકાત કબૂલ થએલી નમાઝ લઈને હકદારને આપી દેવામાં આવશે.' (એક દીરહમ ચાંદીના ૧૮ ચણાના દાણા બરાબર થાય છે.)

એટલે કે કર્ઝદાર આ દુનિયામાંથી કર્ઝ અદા કર્યા વગર મરી જાય તે ઘણી જ સખ્ત વાત છે. તેથી દરેક માણસે એ વાતની કોશિષ કરવી જોઈએ કે તે પોતાના મૃત્યુ સમયે કર્ઝદાર ન રહે અને જો તે સિવાય બીજો કોઈ વિકલ્પ (છુટકો) ન હોય તો તેણે એહલેબૈત અલય્હેમુસ્સલામ સાથે ખૂબ જ નઝદીકી અને મઅરેફત પૈદા કરવી જોઈએ જેથી કરીને તેઓ તેના કર્ઝના દાવેદારને રાજી કરી દે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે : એ 'ગુનાહે કબીરા' કે જે (કરવા)ની ખુદાએ મનાઈ ફરમાવી છે, તે પૈકી બીજા કોઈ પણ ગુનાહ એટલા મોટા નથી, જેટલા કે કોઈ માણસ લોકોનો કર્ઝદાર હોય અને તે હાલમાં જ મૃત્યુ પામે, અને તેની પાસે એવી કોઈ વસ્તુ પણ ન હોય કે જેનાથી તે પોતાનું કર્ઝ ભરપાઈ કરી શકે.'

આ ઉપરાંત આપ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે એક દિવસ નમાઝ પડી પછી આપના અસ્હાબોને ફરમાવ્યું કે ફલાણો માણસ જે શહીદ થઈ ગયો છે, તે હજુ સુધી બેહીશ્તની અંદર દાખલ થઈ શકયો નથી અને બહાર ઉભો છે. તેની ઉપર ફલાણા યહૂદીનું ત્રણ દિરહમ કર્ઝ છે તે ભરપાઈ થયું નથી.'

* * * * *

# કર્ઝ ભરપાઈ કરવામાં ઉતાવળ કરવી મુસ્તહબ છે.

હક અને કર્ઝ અદા ન કરવું એ હરામ અને 'ગુનાહે કબીરા' માંથી છે. તેથી કર્ઝ આપનાર દ્વારા કર્ઝની માંગણી થાય અને લેનાર શક્તિવાન હોય, તેવા સંજોગોમાં કર્ઝ પાછું ભરપાઈ કરી દેવું એ વાજીબાતે ખુદા પૈકીની શ્રેષ્ઠ વાજીબાત છે અને તે માટે ઘણા જ સવાબનો વાયદો કરવામાં આવ્યો છે.

'કિતાબે દારૂસ્સલામે નૂરીમાં નુરૂલ ઓયૂન' નામની કિતાબના સંદર્ભથી નોંધવામાં આવ્યું છે તે મુજબ :

જનાબ સૈયદ હાશિમ હાએરી, જે એક આલિમ અને ઝાહીદ હતા તેઓ બયાન કરે છે કે 'મેં એક યહૂદી પાસેથી એક સો દીનાર કર્ઝ (ઉછીના) લીધા હતા જે પૈસા મેં તેને વીસ દીવસમાં પાછા આપવાનો વાયદો કર્યો હતો. એમાંથી અડધા પૈસા મેં તેને પાછા આપી દીધા અને ત્યાર પછી મેં તે યહૂદીને જોયો નહીં. લોકો પાસેથી મને એવું જાણવા મળ્યું કે તે યહૂદી બગદાદ ગયો છે. એક રાતે મેં સ્વપ્નમાં જોયું કે કયામતનો દિવસ છે, મને પણ બીજા લોકોની સાથે હિસાબ માટે હાજર કરવામાં આવ્યો, અને ખુદાએ તેના ફઝલો કરમથી મને જન્નતમાં પ્રવેશવા દેવાની પરવાનગી આપી. જયારે મેં પૂલે સેરાત પસાર કરવાની તૈયારી કરી ત્યારે મને જહન્નમમાંથી આવતી ચીસો અને બુમબરાડાના અવાજથી ડર લાગવા માંડયો. હું પુલે સેરાત ઉપરથી પસાર થવા લાગ્યો ત્યારે અચાનક પેલો કર્ઝ આપનાર યહૂદી જહન્નમની આગની જવાળાના રૂપમાં જહન્નમમાંથી બહાર નિકળ્યો, અને મારો માર્ગ અવરોધીને ઉભો રહી ગયો અને મને કહેવા લાગ્યો કે મારા પચાસ દીનાર આપી દે. પછી આગળ જા. મેં તેને આજીજીપૂર્વક કરગરતા કહયું કે મેં તને તારૂં કર્ઝ ભરપાઈ કરવા માટે ઘણો જ શોધ્યો હતો. તેણે કહયું કે તારી વાત સાચી છે પણ જયાં સુધી તું મારૂ કર્ઝ ભરપાઈ નહીં કર ત્યાં સુધી હું તને પુલે સેરાત ઉપરથી પસાર થવા નહીં દઉં' હું ખૂબ જ કાકલુદી કરીને રડવા લાગ્યો. મેં કહયું કે 'અહીં તો મારી પાસે એવી

કોઈ વસ્તુ પણ નથી જે તને આપી શકું.' યહૂદીએ કહ્યું કે તો પછી તું મને તારા શરીરના કોઈ ભાગ ઉપર આંગળી મુકવા દે. તેના બિહામણા દેખાવ અને ડરથી છુટકારો મેળવવા માટે હું તેની એ વાત સાથે સંમત થઈ ગયો. તેણે જયારે મારી છાતી ઉપર તેની આંગળી મૂકી, ત્યારે તેની આગ (દાઝવા)ની બળતરાને લીધે હું સ્વપ્નામાંથી ચોંકીને જાગી ગયો. મેં જોયું તો મારી છાતી ખરેખર દાઝેલી હતી. ત્યાર પછી તેણે પોતાની છાતી ઉપરનો ઝખ્મ ખોલીને દેખાડયો અને તેની વાત સાંભળનારાઓએ જોયું કે તેની છાતીમાં દાઝી ગયાનો ઉંડો ઝખ્મ હતો. તેણે કહ્યું કે હું આ ઝખ્મનો ઇલાજ હજુ સુધી કરી રહ્યો છું પણ આ ઝખ્મ રૂઝાતો નથી.' સૈયદ હાશિમ હાએરીની આ વાત સાંભળીને ત્યાં ઉપસ્થિત તમામ લોકો મોટા અવાજથી રડવા લાગ્યા.

'બેહારૂલ અન્વાર' ના ૧૭ મા ભાગમાં શહીદે અવ્વલની રિવાયત નોંધવામાં આવી છે. તે મુજબ, અહમદ બિન અબીલ જવ્ઝી કહે છે કે, 'મારી ઇચ્છા હતી કે હું અબુ સુલેમાને દોરાની, કે જેઓની ગણત્રી આબિદો અને ઝાહીદોમાં થતી હતી તેમને સ્વપ્નમાં જોઉં. તેથી તેમના ઇન્તેકાલના એક વર્ષ પછી મેં તેઓને સ્વપ્નમાં જોયા. મેં તેઓને પૂછયું કે 'ખુદાએ આપની સાથે શું કર્યુ ? ત્યારે તેઓએ જવાબ આપ્યો, 'એહમદ, એક દિવસ હું "બાબે સગીર" માંથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે મેં ઘાંસના પૂળાઓ વિગેરેથી લદાએલું એક ઉંટ જોયું. તે પૂળાઓમાંથી મેં એક નાનકડું તણખલું લઈ લીધું. મને એ વાતની ખબર નથી કે મેં તેનાથી ખેલાલ (દાંતમાંથી કચરો સાફ કરવાની વિધિ) કરી હતી કે તેને એમ જ દૂર ફેંકી દીધું હતું. પરંતુ આજે એક વર્ષ થઈ જવા છતાં હું હજી સુધી તે તણખલાનો હિસાબ આપી રહ્યો છું. કુરઆનની નીચે મુજબની આયત પણ આ હિકાયતનું સમર્થન કરે છે.

'(અને લુકમાને પોતાના ફરઝંદને ફરમાવ્યું) હે મારા (વ્હાલા) પુત્ર ! જો (નેકી યા બદી) રાઈના દાણા બરાબર પણ હશે, પછી (ભલેને) તે કોઈ શીલામાં હોય યા આકાશમાં અથવા જમીન (ના પેટા) માં, અલ્લાહ તેને (કયામતના દિવસે) જરૂર લાવી હાજર કરશે અને તેનો હિસાબ કરશે, જે માણસે જરા (કણ ભાર) પણ નેકી કરી હશે તે તેને જોઈ લેશે.'

**(સૂરએ લુકમાન - ૩૧, આ. ૧૬)**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે મોહમ્મદ બિન અબી બકરને સંબોધીને એક પત્ર લખ્યો હતો જેમાં આપે ફરમાવ્યું :

'અય ખુદાના બંદાઓ, જાણી લો કે ખુદાવંદે કરીમ તમારા નાના મોટા બધા જ કામો વિશે પ્રશ્ન કરશે અને આ વાતના સમર્થન માટે નીચેની આયત પુરતી છે.'

'પછી જે શખ્સે જરા જેટલી પણ નેકી કરી હશે, તેને તે (પ્રત્યક્ષ) નિહાળી લેશે. તેમજ જેણે જરા જેટલી પણ બદી કરી હશે, તેને પણ તે જોઈ લેશે.'

**(સૂરએ ઝીલઝાલ - ૯૯, આ. ૭ અને ૮)**

'બેહારૂલ અન્વાર' ના પાના નં ૨૩૫ ઉપર જનાબે સૈયદ હસન બિન સૈયદ અલી ઇસ્ફહાનીના હવાલાથી નોંધવામાં આવ્યું છે કે "હું નજફે અશરફમાં દીની તાલિમ મેળવવામાં વ્યસ્ત હતો અને મારા પિતાજીના કામોની જવાબદારી મારા કેટલાક ભાઈઓના શીરે આવી પડી હતી જેના વિષે મને કાંઈ માહિતી ન હતી. મારા પિતાજીના ઇન્તેકાલના સાત મહિના પછી મારી માતાનો પણ ઇસ્ફહાનમાં ઇન્તકાલ થઈ ગયો. અને તેમના મૈયતને નજફે અશરફમાં લાવવામાં આવ્યું. તે જ દિવસોમાં એક રાતે મેં મારા પિતાને સ્વપ્નામાં જોયા. મેં કહ્યું કે આપનો ઇન્તેકાલ તો ઇસ્ફહાનમાં થયો છે આપ નજફે અશરફમાં છો એ કેવી રીતે બન્યું ? તેઓએ કહ્યું કે મારા ઇન્તેકાલ પછી મને અહીં એક જગ્યા મળી છે. મેં પૂછયું કે મારી માતા પણ આપની સાથે છે ?

મારા પિતાએ જવાબ આપ્યો કે 'તેણી નજફે અશરફમાં જ છે, પણ બીજા મકાનમાં છે.' હું સમજી ગયો કે મારી માતાને મારા પિતા જેટલો દરજ્જો મળ્યો નથી. મેં મારા પિતાને પૂછયું કે આપની હાલત કેવી છે ? ત્યારે તેઓએ જવાબ આપ્યો કે, અત્યાર સુધીમાં તો હું બહુ જ સખ્તી અને મુશ્કેલીમાં હતો, પણ હવે ખુદાનો શુક્ર છે કે મને આરામ છે. મેં આશ્ચર્ય વ્યકત કરતા કહ્યું : આપ જેવા (નેક) માણસ મુશ્કેલીમાં કેમ હોઈ શકે ? ત્યારે તેઓએ કહ્યું : તેનું કારણ એ છે કે 'આકા બાબા' જેઓ નાલબંદના નામથી વિખ્યાત છે, તેમના પુત્ર હાજી રઝાનું મારી ઉપર કર્ઝ હતું. અને મારી પાસે તે કર્ઝ પાછુ માગી રહયો હતો. પરંતુ હું તેનું કર્ઝ ભરપાઈ કરી ન શક્યો અને તે કર્ઝ ચૂકવ્યા વગર જ મારો ઇન્તેકાલ થઈ જવાથી હું મુશ્કેલીઓનો સામનો કરી રહયો હતો.' આ વાત સાંભળીને હું ગભરાઈ ગયો અને તે ગભરામણથી મારી આંખ ખુલ્લી ગઈ. ત્યાર પછી મેં મારા ભાઈ જે મારા પિતાના વારસદાર હતા તેમને મારા સ્વપ્ના વિશે પત્ર લખ્યો જેથી તેઓ, એ વાતની ખાત્રી કરે કે મારા પિતા ઉપર એવા માણસનું કર્ઝ હતું કે કેમ ? મારા ભાઈએ જવાબમાં લખ્યું કે મેં બધા જ હિસાબ કિતાબ જોઈ લીધેલ છે, પણ એવા કોઈ માણસનું નામ કર્ઝના બાકીદારોની યાદીમાં નથી. મેં મારા ભાઈને ફરીથી પત્રમાં લખ્યું કે એ નામના માણસને શોધીને તેમને જ પૂછો કે આપણા પિતાજી તેમના દેવાદાર હતા ? તેઓએ જવાબમાં લખ્યું કે તે માણસને પુછતા તેણે જણાવ્યું કે તમારા પિતા મારા અઢાર તુમાન (ઈરાની ચલણી નાણું)ના કર્ઝદાર હતા. આ વાતને ખુદા સિવાય બીજું કોઈ જાણતું ન હતું. હું તમારી પાસે આવ્યો હતો અને તમને પૂછયું હતું કે મારૂ નામ તમારા પિતાજીના કર્ઝ આપનારાઓની યાદીમાં છે ? ત્યારે તમે જવાબ આપ્યો હતો કે તમારૂ નામ મરહૂમની એ યાદીમાં નથી. મારી પાસે કર્ઝ આપવા અંગેની કોઈ સાબિતિ પણ ન હતી. તેથી હું એ બાબતે નિરાશ થયો કે તમારા પિતાએ મેં આપેલા કર્ઝની વિગત પોતાની યાદીમાં શા માટે નહીં લખી હોય ?

મારા ભાઈએ પત્રમાં લખ્યું હતું કે મેં તેમને કર્ઝની રકમ પાછી આપવાનો પ્રયત્ન કર્યો પણ તેમણે તે રકમ પાછી લેવાનો ઇન્કાર કરતા કહ્યું કેઃ હું તે રકમ મરહૂમને બક્ષી આપું છું.'

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

'ઝુલ્મના ત્રણ પ્રકાર છે : ઝુલ્મનો એક પ્રકાર એ છે કે, જેને ખુદા કદી પણ માફ નહીં કરે. ઝુલ્મનો બીજો પ્રકાર એ છે ને ખુદા બક્ષી આપશે. અને ઝુલ્મની ત્રીજો પ્રકાર એ છે કે જેનો બદલો લેવામાં આવશે.

**(૧)** ખુદા જે ઝુલ્મને કદી માફ નહીં કરે તે શિર્ક છે.

**(૨)** ઝુલ્મનો બીજો પ્રકાર જેને ખુદા બક્ષી આપશે તે માણસની પોતાની અને ખુદાની વચ્ચે છે અને તે છે પોતાની ઉપર ઝુલ્મ કરવો. અને

**(૩)** ઝુલ્મનો ત્રીજો પ્રકાર જેનો ખુદા બદલો લેશે તેનો અર્થ એવો ઝુલ્મ છે કે કર્ઝદાર પોતાને કર્ઝ આપનારનું કર્ઝ અદા ન કરીને તેના ઉપર ઝુલ્મ કરે છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે :

'જે કોઈ પોતાને કર્ઝ આપનારને રાજી કરશે તે અવશ્ય બેહીશ્તમાં દાખલ થશે અને હિસાબમાં વિલંબ થયા વગર તે જન્નતમાં જનાબે ઇસ્માઈલ બિન ઇબ્રાહીમની સાથે હશે.

આ ઉપરાંત આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

'જે કર્ઝદાર પોતાને કર્ઝ આપનારને તેનું કર્ઝ પાછું આપે છે, તો તેનો તે અમલ એક હજાર વર્ષની ઇબાદત, એક હજાર ગુલામોને આઝાદ કરવા અને એક હજાર વખત હજ અને ઉમરા કરવાથી પણ વધારે સારો છે.

**(જેહાદ, મુસ્તદરક પ્રકરણ ૭૮)**

અને આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : 'જો કોઈ એક દિરહમ તેના હકદારને પાછો આપે તો ખુદાવંદે આલમ તેને જહન્નમની આગથી મૂક્તિ આપશે અને દરેક દાનિક (૧/૬ દીરહમ) પરત આપે તો તેના બદલામાં એક પયગમ્બર જેટલો સવાબ તેના નામએ આઅમાલમાં લખવામાં આવશે. અને દરેક દિરહમ તે પાછા આપશે તો તેના બદલામાં તેને બેહીશ્તમાં એક લાલ મોતીઓનું શહેર આપવામાં આવશે.

**(જેહાદ, મુસ્તદરક પ્રકરણ ૭૮)**

આપે ફરમાવ્યું : હકદારનો એક દિરહમ તેને પાછો આપવો તે દિવસના રોઝા રાખવા અને રાતના નમાઝ પડવા કરતા બહેતર છે. જો કોઈ કર્ઝને પાછું આપે તો અર્શની નીચેથી એક ફરિશ્તો અવાજ બુલંદ કરીને કહે છે : 'અય બંદા તારા આ અમલના પ્રારંભથી જ તારા અગાઉના તમામ ગુનાહ બક્ષી દેવામાં આવ્યા છે.'

**(જેહાદ, પ્રકરણ ૭૮, પાના નં ૩૪૩)**

* * * * *

# લોકોનો હક અદા કરવો

જે કોઈ માણસ પર કોઈ માલની જવાબદારી હોય તો તેના બે પ્રકાર હોય છે.

**(૧)** હકનો એક પ્રકાર એ છે કે તેની પાસે માલ મૌજૂદ હોય અને તેને એ વાતનું યકીન હોય કે તેની પાસે જે માલ છે, તે પૈકી અડધો માલ અમૂક માણસનો છે. અથવા તો તેની પાસે જે માલ હોય તે પૈકી ૧૦૦ (એકસો) તુમાનની કિંમત જેટલો માલ અમૂક માણસનો છે.

**(૨)** બીજો પ્રકાર એ છે કે, તેની ઉપર કોઈનો હક બાકી હોવાની જવાબદારી હોય પરંતુ અમુક નિશ્ચિત માલમાં કર્ઝ આપનારનો હક કે જવાબદારી ન હોય. દાખલા તરીકે કોઈ વસ્તુ કર્ઝ તરીકે (ઉછીની) લેવામાં આવી અને તે ખર્ચાઈ (કે વપરાઈ) ગઈ હોય તો પણ કર્ઝ આપનારનો હક કર્ઝદાર ઉપર બાકી રહે છે.

તેવી જ રીતે જુદા જુદા પ્રકારની જામિનગીરીઓ નફકાતે વાજીબા (વાજીબ ભરણપોષણની) જવાબદારી છે. એ વાજીબાત લક્ષમાં રાખવી દરેક માણસ માટે વાજીબ છે. પહેલા પ્રકારના ચાર સ્વરૂપો છે.

* * * * *

# (૧) માલનું પ્રમાણ અને માલના માલિક વિશે જાણકારી હોવી.

જયારે માલનું પ્રમાણ અને તેનો હદકાર કોણ છે તે બંનેની વિગતોની જાણકારી હોય કે ફલાણા માલમાંથી આટલા પ્રમાણમાં માલની અમૂક માણસની માલિકી છે તો તે માલના માલિકને એટલો માલ પાછો આપવો વાજીબ છે. જો તે માલિક મૃત્યુ પામ્યો હોય તો તે માલ વારસદારીના કાયદા મુજબ તેના વારસદારને આપવો જોઈએ.

* * * * *

# (૨) માલના પ્રમાણની માહિતી હોય પણ તેના માલિકની ખબર ન હોય.

જો કોઈને માહિતી હોય કે પોતાની પાસે અમુક પ્રમાણમાં કોઈનો માલ છે પણ એ માલની ખરી માલિકી કોની છે એ માટે દુવિધામાં હોય, પણ અમૂક ચોકકસ વ્યક્તિઓમાંની કોઈ એકનો આ માલ છે એવી મનોમન ખાત્રી હોય. દાખલા તરીકે કોઈ માણસ જાણીતો હોય કે માલ ત્રણ અથવા પાંચ માણસો પૈકી એક નો છે તો તેવા સંજોગોમાં એ બધા માણસો (ત્રણ કે પાંચ) ને શકય હોય તે રીતે પોતાનાથી રાજી કરી દેવા જોઈએ

અને જો તે બધાને રાજી કરવાનો કોઈ માર્ગ ન હોય તો તે વિશે ત્રણ કૌલ છે. **(૧)** ચીઠ્ઠી (લોટરી) દ્વારા તેઓમાંથી એકની પસંદગી કરવી જોઈએ અને તે બધો માલ તેને આપી દેવો જોઈએ. **(૨)** બીજી રીત એ છે કે એ તમામ માલને એ બધા (ત્રણ કે પાંચ) માણસો વચ્ચે સરખાભાગે વહેંચી દેવો જોઈએ. **(૩)** ત્રીજી રીત એ છે કે તે માલનો માલિક કોણ છે તેની જાણકારી ન હોય તો (એહતિયાત માટે) હાકિમે શરઅ (કાઝી)ની પરવાનગી લઈને તે માલ સદકામાં આપી દેવો જોઈએ. (આ મસઅલા ઉપર અમલ કરવા માટે દરેકે પોતે જે મરજાની તકલીદમાં હોય તેઓની પરવાનગી મેળવવી જરૂરી છે.) અને જો વ્યક્તિઓની નિશ્ચિત સંખ્યા વિશે શંકા હોય, એટલે કે એકસો અથવા તેથી વધુ સંખ્યામાં શંકા હોય કે કદાચ આ માલ અમૂક માણસોનો છે કે નહીં. અથવા તો તે માલનો માલિક કોણ છે તેની કોઈ પ્રકારની બિલ્કુલ માહિતી જ ન હોય તો એ સંજોગોમાં તે માલ બિન વારસી માલ (માલે મજહુહુલ - માલિક)ના હુકમમાં આવી જશે અને હાકિમે શરઅની પરવાનગી મેળવીને તેને સદકામાં આપી દેવો જોઈએ.

* * * * *

## (૩) માલના પ્રમાણની માહિતી ન હોય પણ તેનો માલિક કોણ છે તેની માહિતી હોય.

જયારે માલનું પ્રમાણ કેટલું છે તેની માહિતી ન હોય પણ માલનો માલિક કોણ છે તેની માહિતી હોય. દાખલા તરીકે માણસ એ વાત જાણતો હોય કે, મારા અમૂક માલમાંથી અડધો ભાગ અથવા માલનો ત્રીજો ભાગ એ માણસનો છે કે કેમ ? તો એ સંજોગોમાં તે માણસને ઓછામાં ઓછો માલનો ત્રીજો ભાગ આપવો વાજીબ છે. એહતિયાત માટે તેને થોડો માલ વધારે આપવો જોઈએ. અને તે રીતે તે (સાહેબે માલ)ને રાજી કરી તેની સાથે સુલેહ કરી લેવી જોઈએ.

* * * * *

## (૪) માલનું પ્રમાણ કે તેનો માલિક (બેમાંથી કાંઈ) ની માહિતી ન હોય.

જો માલનું પ્રમાણ અને તેનો માલિક કોણ છે તે બંનેમાંથી એક પણ માહિતી ન હોય પણ ટૂંકમાં તેને ફકત એ વાતની ખાત્રી હોય કે મારા અમૂક માલમાં બીજાનો માલ પણ શામિલ છે, તો તે સંજોગોમાં તે માલનો ઉપયોગ કરવો હરામ છે. પરંતુ હરામ માલનું પ્રમાણ કેટલું છે, તેની ખબર ન હોય અને તે માલ કોનો છે તેની પણ ખબર ન હોય અને એટલું ખબર હોય કે તે માલ કોઈ નિશ્ચિત વ્યક્તિનો છે પણ તેમાં કોનો માલ કેટલો છે તેની માહિતી ન હોય તો, તે સંજોગોમાં તે માલમાંથી ખુમ્સ અદા કરવું વાજીબ છે. (એટલે કે માલમાંથી પાંચમો હિસ્સો ખૂમ્સ તરીકે કાઢવો જોઈએ.) અને ખૂમ્સનો માલ એહલે ખૂમ્સ (ખૂમ્સના હકદાર)ને આપવો જોઈએ. ત્યાર પછી તે તમામ માલ હલાલ થઈ જશે. (આ વાતની વધુ વિગત માટે ખૂમ્સના વિષયની કિતાબ અને રિસાલએ અમલીયહ (જે મરજાની તકલીદ કરો તેની તવઝીહુલ મસાએલ)નો અભ્યાસ કરવો જોઈએ.)

* * * * *

## બીજો પ્રકાર

જો કોઈ માણસનો હક બીજા કોઈ માણસ ઉપર હોય પરંતુ મૂળ માલનાં સ્વરૂપમાં ન હોય તો તેના પણ ચાર પ્રકાર છે.

**(૧)** જો માલનું પ્રમાણ અને તેનો માલિક કોણ છે તે બંનેની માહિતી હોય તો તેટલા માલની કિંમત (રકમ) હકદારને આપી દેવી જોઈએ અને તે વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.

**(૨)** જે હક તેના શિરે બાકી હોય તેની તો માહિતી હોય પણ જે માણસનો હક હોય તેને ઓળખતો ન હોય એટલે કે જો કોઈ ખાસ વ્યક્તિઓની સંખ્યા વિશે શંકા હોય તો તે બધાને પોતાનાથી રાજી કરી લેવા જોઈએ. જેની વિગત પહેલા પ્રકારમાં આવી ચૂકી છે. જો ઘણી અનિશ્ચિત વ્યક્તિઓ વિશે શંકા હોય અથવા તો સાહેબે હકને બિલ્કુલ ઓળખતો ન હોય તો એ સંજોગોમાં જેટલા માલનો હક તેની ઉપર બાકી હોય તેટલી રકમ હાકિમે શરઅની પરવાનગી લઈને તેના મૂળ માલિક તરફથી સદકો આપી દેવો જોઈએ.

**(૩)** જે માણસની ઉપર કોઈનો હક બાકી હોય અને કેટલો હક બાકી છે, તેના પ્રમાણની ખબર ન હોય, પરંતુ તેનો હકદાર (સાહેબે હક) કોણ છે, તેની ખબર હોય તો જેટલા પ્રમાણમાં માલની માલિકીની ખબર હોય, ઓછામાં ઓછી તેટલી રકમ તે માણને આપી દેવી જોઈએ અને બાકીની વધારાની રકમ (કે વધારાના માલ) વિશે તેની સાથે સુલેહ કરી લેવી જોઈએ.

**(૪)** જો કોઈનો હક બાકી હોય અને તે હક કેટલો છે, અને તેના હકદાર (સાહેબે હક) કોણ છે તેની ખબર ન હોય તો એ રકમમાંથી વધુ અને ઓછી એ બંને વચ્ચેની મધ્યમ જે હદ્દે વસ્તુ (વચગાળા) ગણાય તેટલી રકમ બાબતે હાકિમે શરઅ (કાઝી) સાથે સમજુતી કરી એ રકમ અસલ માલિક તરફથી સદકામાં આપી દેવી જોઈએ.

* * * * *

# સત્તાવીસમો ગુનાહ
# જેહાદ કરવાથી નાસી જવું(અલ ફરારો મેનઝ ઝહફે)
# જેહાદથી ભાગવું

સત્તાવીસમો 'ગુનાહે કબીરા' જેના વિશે નસ્સે શરઈ મળે છે, તે જેહાદે શરઈથી ભાગી જવાનો ગુનાહ છે. એટલે કે એવી જેહાદે શરઈના યુધ્ધ ક્ષેત્રથી ભાગવું, જયાં દુશ્મનોની સંખ્યા બમણાથી વધારે ન હોય. આ ગુનાહ 'ગુનાહે કબીરા' હોવાના સંબંધમાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને હઝરત અમીરૂલ મોઅમેનીન, હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ, હઝરત ઇમામ મોહમ્મદ તકી અલય્હિસ્સલામ અને ઇમામ રઝા અલય્હિસ્સલામથી  હદીસો નોંધવામાં આવી છે. તે હદીસોમાં તેઓએ જેહાદથી ભાગવાના ગુનાહને **'સૂરએ અન્ફાલ'** ની આયત ૧૬ ને દલીલ રૂપે પ્રસ્તુત કરીને 'ગુનાહે કબીરા' ગણાવેલ છે.

'અય ઈમાન લાવનારાઓ, જે વેળા તમો ઈમાન નહીં લાવનારાઓને ટોળાબંધ (તમારી સાથે લડવા) આવતા જૂઓ ત્યારે તમે પીઠ દેખાડો નહીં. અને તે (લડાઈના) દિવસે જે કોઈ પાછી લડાઈ લડવાના હેતુથી માર્ગ કાપીને જતો હોય અથવા બીજા (મોઅમિન) ટોળા સાથે મળી જવાના હેતુથી ફર્યો હોય, તેના સિવાય જે પોતાની પીઠ દેખાડશે તે ખચિતજ અલ્લાહના કોપને પાત્ર થશે અને તેનું સ્થાન જહન્નમ છે : અને તે ઘણું જ બુરૂં રહેઠાણ હશે.'

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે :

'મૈદાને જેહાદથી ભાગી જનારે એ વાત જાણી લેવી જોઈએ કે તેણે પોતાના ખુદાને કોપાયમાન (ક્રોધીત) કર્યો અને પોતાના માટે વિનાશ નોતર્યો છે, કારણ કે જેહાદથી ભાગવું એ ખુદાની નારાજગીનું કારણ બને છે અને જેહાદથી ભાગી જનારાએ અનંત દુ:ખ અને અપમાનનો સામનો કરવો પડે છે. જેહાદથી ભાગી

જવું, તેની અને તેના મૌતની વચ્ચે અંતરાય રૂપ બની શકતું નથી અને (જેહાદથી ભાગી જવાથી) તેની આયુષ્યમાં વધારો થઈ શકતો નથી. એટલે કે જો તેનું મૌત આવી ગયું હોય તો જેહાદથી ભાગી જવાના કારણે તેને કોઈ ફાયદો થઈ શકતો નથી. પરંતુ બીજા કોઈ કારણસોસર પણ તેને મૌત આવી શકે છે. જો તેના મૌતનો સમય આવી ન ગયો હોય તો જેહાદમાં શિરકત કરવાને કારણે પણ તેનું જીવન સમાપ્ત થઈ શકતું નથી. આથી ખુદાના ગઝબ, અપમાન અને નામોશીભરી (ભોંઠપ) જિંદગી વીતાવવા કરતાં, ઇન્સાન હકનો સાથ આપીને પોતાનો જીવ ખુદાવંદે કરીમને સોંપી દે એ જ શ્રેષ્ઠ કાર્ય છે.

* * * * *

# પ્રારંભિક અને સંરક્ષણાત્મક જેહાદ

જેહાદે શરઈના બે પ્રકાર છે :

**(૧) પ્રારંભિક જેહાદ અને (૨) સંરક્ષણ માટે જેહાદ**

પ્રારંભિક જેહાદનો અર્થ એ છે કે, મુસલમાનો દઅવતે ઇસ્લામ (ઇસ્લામના નિમંત્રણ) માટે અને ઇન્સાફ કાયમ કરવા માટે કાફરો સાથે યુધ્ધનો પ્રારંભ કરે. પરંતુ આ પ્રકારની જેહાદ માટે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ, ઇમામ અને ઇમામ અલય્હિસ્સલામના ખાસ નાએબની પરવાનગી મેળવવી એ અનિવાર્ય શરત છે. વર્તમાન યુગ ગૈબતે કુબરાનો યુગ છે, તેથી આ પ્રકારની જેહાદ જાએઝ નથી.

જેહાદે દીફાઈ (સંરક્ષણાત્મક જેહાદ) એટલે કે જો કાફિરો ઇસ્લામી શહેરો ઉપર હુમલો કરે અને ઇસ્લામની બુનિયાદ (અસ્તિત્વ) અને ચિન્હોનો નાશ કરવાનો પ્રયત્ન કરે, અથવા તો મુસલમાનો ઉપર હુમલો કરીને તેનો માલ અને સંપત્તિ લુંટી લેવા અને તેની જાન, ઇઝઝત અને સ્ત્રીઓને ઝુલ્મનું કેન્દ્ર બનાવવાનો પ્રયત્ન કરે તો તે સંજોગોમાં તમામ મુસલમાનો પર 'અલ અકરબ ફીલ અકરબ" (જે સામે આવે તે) કાફિરોના હુમલા સામે રક્ષણ કરી તેનાં ઝુલ્મોને રોકવા માટે જંગ કરવી વાજીબે કીફાઈ થશે. આ પ્રકારની જેહાદમાં ઇમામ અલય્હિસ્સલામ અને નાએબે ઇમામની પરવાનગી મેળવવાની શરત નથી.

આપણી ચર્ચાનો વિષય મૈદાને જેહાદમાંથી ભાગવું એ છે. આ ગુનાહ પહેલા પ્રકારની જેહાદ માટે છે, કે પહેલા અને બીજા બંને પ્રકારની જેહાદ માટે છે એ વિશે બે કૌલ છે. કેટલાક આલિમોનું કહેવું છે કે આ (ગુનાહ) એ જેહાદ માટે છે જે ઇમામ અલય્હિસ્સલામ અથવા તેમના ખાસ નાએબની પરવાનગીથી કરવામાં આવે. (દાખલા તરીકે શહીદ માટે ગુસ્લો કફન સાકિત (જરૂરી ન) હોવું પણ આ જ પ્રકારની જેહાદમાં છે.) કેટલાક બીજા આલિમોનું કહેવું છે કે, 'આ હુકમ જેહાદના બંને પ્રકાર માટે છે. જો કોઈ આ મસઅલાની અથવા જેહાદના બીજા મસાએલની વધુ વિગત જાણવા માંગતું હોય તો તેઓએ ફીકહની વિષયની કિતાબોનો અભ્યાસ કરવા વિનંતી છે.

આ વિષયના અનુસંધાનમાં હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે લડાઈઓમાં દાખવેલી અડગતાનો ઉલ્લેખ કરવો ઉચીત જણાય છે. આ વાત હઝરત અલી અલય્હિસ્સલામના ફઝાએલ અને મનાકીબ (પ્રશંસા - ખૂબીઓ)માં છે કે હઝરત અલી અલય્હિસ્સલામે કયારેય પણ મૈદાને જંગમાંથી પીઠ ફેરવી હોય તેવી વાત શીઆ કે સુન્નિ બેમાંથી કોઈની કિતાબોમાં જોવા મળતી નથી. ખાસ કરીને ગઝવ એ ઓહદમાં (ગઝવ એવી ઇસ્લામી જંગોને કહેવાય છે કે જેમાં પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે શિરકત કરી હતી.) તો હઝરત અલી અલય્હિસ્સલામ એક માત્ર એવી પવિત્ર હસ્તી હતા કે જેઓ મૈદાને જેહાદમાં એકલા અને અડગ રહ્યા હતા. (જયારે કે બીજા તમામ લોકો મૈદાનમાંથી પીઠ ફેરવીને નાસી ગયા હતા.) 'બેહારૂલ અન્વાર' ના છઠ્ઠા ભાગમાં શુજાઅતના પ્રકરણમાં ઇબ્ને મસ્ઉદે હઝરત અલી અલય્હિસ્સલામ વિશે રિવાયત

નોંધી છે કે જે ચૌદ (૧૪) લોકો મૈદાને જેહાદમાંથી નાસી ગયા હતા અને ફરી પાછ આવીને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે મળી ગયા હતા, તેઓમાં અબૂ દજજાનહ, મીકદાદ, તલ્હા અને મુસય્યબ હતા. ત્યાર પછી બધા અન્સારો પાછા આવ્યા હતા. એટલે કે તેઓ એવા લોકો (અસ્હાબો) હતા કે તેઓ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને મૈદાને જંગમાં એકલા મૂકીને નાસી છુટયા હતા. માત્ર એવા શૂરવીર અને ગૈરે ફર્રાર હઝરત અલી અલય્હિસ્સલામ હતા જેઓ મુશ્રિકોની હરોળમાં ગયા હતા અને તેમના માથા અને ધડ પોતાની તલવારથી જુદા કરતા રહ્યા.

**'ગઝવએ - અહઝાબ'** (જંગે ખંદક)માં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે હઝરત અલી અલય્હિસ્સલામને કર્રાર ગૈરે ફર્રારનો લકબ આપ્યો હતો, એટલે કે એવા માણસ જે દુશ્મનો ઉપર હંમેશા હુમલા કરે છે અને કયારે પણ ભાગતા નથી. હઝરત અલી અલય્હિસ્સલામમાં આ સિફત હોવામાં લગીરે શંકાને સ્થાન નથી. શીઆ અને સુન્નિ બંનેના ઇતિહાસમાં એ વાત સ્વિકૃત રીતે નોંધાએલી છે કે, અબૂ બક્ર અને ઉસ્માન 'ગઝવએ ઓહદ' અને તેવી જ રીતે 'ગઝવએ ખૈબર' અને 'હુનૈન' તેમજ ઝાતુલ સલાસીલમાં ભાગી છૂટયા હતા અને ઇબ્ને અબિલ હદીદ પોતાના મશ્હૂર કસિદામાં આ બાબત પ્રત્યે ધ્યાન ખેંચતા લખે છે :

'અને એ વાતમાં આશ્ચર્યર્ય નથી કે હુનૈનના દિવસે અબૂ બકર નાસી છુટયા હતા. ત્યાર પછી ગઝવએ ખૈબર અને ઓહદમાં પણ ડરીને નાસી ગયા હતા.'

* * * * *

# અઠ્ઠાવીસમો ગુનાહ

# હિજરત કર્યા પછી અઅરાબી થવું. (અત તાઅરબા બાઅદલ હિજરત)

હિજરત કર્યા પછી અઅરાબી થઈ જવું.

હિજરત કર્યા પછી અઅરાબી (બદદુ અરબ રણવાસી જેવા અજ્ઞાન) થઈ જવું એ અઠ્ઠાવીસમો 'ગુનાહે કબીરા' છે જેનો સ્પષ્ટતા સાથે ઉલ્લેખ છે.

'ઉસૂલે કાફી' માં ગુનાહાને કબીરાના પ્રકરણમાં સીહ્હા ઇબ્ને મહબૂબે નોંધ્યું છે કે, તેઓએ પોતાના પત્રમાં મૂસા બિન જઅફરે સાદિક અલય્હિસ્સલામને 'ગુનાહે કબીરા' વિશે પૂછયું તો આપે તે પત્રના જવાબમાં હિજરત કર્યા પછી અઅરાબી થઈ જવાને ગુનાહે કબીરા ગણાવેલ છે. આ ઉપરાંત મોહમ્મદ બિન મુસ્લિમે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત કરી છે કે, આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે હિજરત કર્યા પછી અઅરાબી થવાને 'ગુનાહે કબીરા' ગણાવેલ છે. જે ગુનાહે કબીરાની યાદી કિતાબે અલીમાં છે, તેમાં પણ હિજરત કર્યા પછી અઅરાબી થવાને 'ગુનાહે કબીરા' ગણવામાં આવેલ છે. આ ઉપરાંત હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'હિજરત કર્યા પછી અઅરાબી થવું અને શિર્ક બંને એક જ પ્રકારના ગુનાહ છે.'

**(ઉસૂલે કાફી, બાબુલ કબાએર, આવૃત્તિ ૨, પાના નં ૨૭૮)**

* * * * *

# હિજરત કર્યા પછી અઅરાબી થવાનો ભય

રણવાસી બદદુ, કે જેઓ મઝહબ, તેના આદાબ અને રસમથી બિલ્કુલ બેખબર અને બેપરવાહ હોય તેને અઅરાબી કહેવાય છે. અને હિજરત એટલે રણના પ્રદેશમાં નિવાસ કરવાનું છોડી દઈને ઇસ્લામના કેન્દ્રમાં આવી જવું, અને પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અથવા તેમના કોઈ વસીની

ખિદમતમાં હાજર થઈને ઇસ્લામનો સ્વિકાર કરવો અને દીને ખુદાના પાબંદ થવું અને દીની મસાએલને યાદ કરી લેવા.

હિજરત કર્યા પછી અઅરાબી થવાનો અર્થ એ છે કે, 'એ વાતો કે જે શીખવી જરૂરી હતી તે શીખ્યા પછી એ અઅરાબીઓનું, પોતાની પાછલી હાલત એટલે જહાલત, અજ્ઞાનતા, મૂર્ખતા અને ગફલતની તરફ પાછા ફરી જવું.

ઇસ્લામના પ્રારંભમાં દીનના એ હુકમો કે જેને યાદ કરવા જરૂરી હતા તેના માટે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ હિજરત કરવી વાજીબ હતી. એ સંજોગોમાં જયાં મુસલમાનો કાફરોના પ્રદેશ (વિસ્તારો)માં રહીને ઇસ્લામના આદાબ અને રસમ (વાજીબાત વગેરે) બજાવી ન શકતા, જેમકે કોઈ નમાઝ ન પડી શકતા, માહે મુબારક રમઝાનમાં રોઝા ન રાખી શકતા અને બીજા અહેકામે દીનને બજાવી ન શકતા તો તેવા લોકો માટે તેવા વિસ્તારોમાં રહેવું હરામ હતું.

* * * * *

# તમે હિજરત શા માટે નથી કરતા ?

'તફસીરે મિન્હાજુસ્સાદેકીન' માં લખ્યું છે કે, મુસલમાનો પૈકી અમૂક લોકો, જેમકે કૈસ બિન વલીદ અને તેની જેવા બીજા લોકો જેઓ જાહેરમાં તો મુસલમાન હતા, લા એલાહા ઇલ્લલ્લાહ પડતા હતા, પરંતુ તેઓએ શક્તિ હોવા છતાં મકકાથી મદીના હિજરત કરી ન હતી અને જયારે કુરૈશના સરદારો, હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ સાથે જંગ કરવાના આશયથી બદ્ર તરફ આગળ વધ્યા, તો આ લોકો પણ તેઓની સાથે હતા અને મુસલમાનોના હાથે મરી ગયા. તો એ વખતે ખુદાવંદે આલમે તેમના વિશે આ આયત નાઝિલ ફરમાવી :

'બેશક જે લોકો પોતાના જીવ પર ઝુલ્મ કરતા રહ્યા તેમનો અંત આણ્યા બાદ ફરિશ્તાઓ તેમને કહેશે કે 'તમે (તમારૂ જીવન) કેવી સ્થિતિમાં (વિતાવતા) હતા ?' તેઓ જવાબ આપશે કે 'અમને જમીન પર અશકત બનાવી દેવામાં આવ્યા હતા.' (ત્યારે ફરીથી) ફરિશ્તાઓ પૂછશે કે 'શું અલ્લાહની ભૂમિ વિશાળ ન હતી કે તેમાં તમે હિજરત કરી શકતે ? માટે એ જ લોકો છે કે, જેમનું ઠેકાણું જહન્નમ છે. અને તે ઘણું જ ખરાબ ઠેકાણું છે.'

**(સૂરએ નિસા ૪, આ. ૯૭)**

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફથી ઇરશાદ છે :

'જે કોઈ પોતાના દિન માટે એક પ્રદેશથી બીજા પ્રદેશ તરફ હિજરત કરે, ભલે તે હિજરત માત્ર એક વેંત જેટલી જ હોય તો, ખુદાવંદે આલમ તેના માટે બેહિશ્ત વાજીબ કરી દે છે, અને તેના રફીક (મિત્ર) હઝરત ઇબ્રાહીમ અલય્હિસ્સલામ અને હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ હશે.'

સિવાય તે પુરૂષો અને સ્ત્રીઓ અને બાળકો માહેના જે ખરેખરા લાચાર તથા કોઈ જાતની લડાઈની શક્તિ ધરાવતા ન હોય અને ન (પોતાના છુટકારા માટે) કોઈ માર્ગ મેળવી શકતા હોય. તો તેવાઓને કદાચ અલ્લાહ દરગુજર કરે અને અલ્લાહ સૌથી મોટો ક્ષમા આપનારો છે.

અકરમાથી રિવાયત છે કે, મકકામાં ઘણા લોકોએ મઝહબે ઇસ્લામ સ્વિકાર્યો હતો, પરંતુ તેઓ હિજરત કરવા માટે શક્તિમાન ન હતા. પણ જયારે હિજરત ન કરનારાઓ માટે ચેતવણી આપતી આયત ખુદાવંદે તઆલા તરફથી નાઝિલ થઈ અને તે લોકો સુધી તે આયતની માહિતી પહોંચી ત્યારે જીન્દા બિન ઝમરહે પોતાના ફરઝંદોને કહ્યું : 'જો કે હું વૃધ્ધ અને બીમાર છું પરંતુ એટલો મજબૂર અને લાચાર લોકો પૈકીનો નથી

કે જેઓને ખુદાએ હિજરત માટે અપવાદરૂપ ગણેલ છે. હજી મારામાં થોડી શક્તિ છે અને મને મદીના તરફ જવાના રસ્તાની પણ ખબર છે. મને એ વાતનો ભય છે કે ક્યાંક મારૂ મૃત્યુ થઈ જાય અને મારા હિજરત ન કરવાને લીધે મારા ઈમાનને હાનિ પહોંચે તેથી હું એક તખ્ત (લાકડાના પાટીયા) ઉપર સુઈ જાવ છું. મને તમે ઉઠાવીને બહાર લઈ જાવ.તેઓના પુત્રોએ તેમની આજ્ઞાનું પાલન કર્યું અને તેવી જ રીતે તેને ઉઠાવીને ચાલવા લાગ્યા. પરંતુ જયારે તેઓ મંઝીલે તનઈમ સુધી પહોંચ્યા ત્યારે તેમના જીવનની અંતિમ પળો હોવાના ચિન્હો દેખાવા લાગ્યા. તેમણે તેમના જમણા હાથને ડાબા હાથ ઉપર રાખ્યો અને કહ્યું :

'ખુદાયા આ હાથ તારો અને તારા રસૂલનો છે. તારી એ બાબત માટે બયઅત (તાબેદારીનો સ્વિકાર) કરૂં છું જે માટે તારા રસૂલે તારી બયઅત કરી છે.'

**(મિન્હાજુસ્સાદેકીન)**

આ શબ્દો ઉચ્ચારતાની સાથે જ તેની રૂહ નિકળી ગઈ અને જયારે તેના મૃત્યુના સમાચાર મદીના પહોંચ્યા ત્યારે કેટલાક સહાબીઓએ કહ્યું કે 'જીન્દા મદીના સુધી પહોંચી ગયા હોત તો તેને હિજરત કરવાનો સવાબ મળી જાત.' ત્યાર પછી ખુદા તઆલાએ આ વિષયને લગતી નીચે મુજબની આયત નાઝિલ ફરમાવી.

'અને જે કોઈ અલ્લાહના માર્ગમાં હિજરત કરશે તો તે ભૂમિમાં (રહેવા માટે) ઘણી આરામની જગ્યા તથા ખાવા માટે પૂષ્કળ સામગ્રીઓ મેળવશે. અને જે અલ્લાહ તથા રસૂલ તરફ હિજરતના ઇરાદાથી પોતાના ઘરેથી (ચાલી) નિકળે પછી રસ્તામાં તેને મૃત્યુ આવી જાય તો તેને સવાબ આપવો અલ્લાહ માટે જરૂરી બની જાય છે, અને અલ્લાહ મોટો માફ કરનાર અને દયા કરનાર છે.

**(સૂરએ નિસા ૪, આ. ૧૦૦)**

* * * * *

# હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પછી અઅરાબી થવું

ખુદાના હુકમ પ્રમાણે લોકોએ દીની અહકામો શીખવા માટે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તરફ હિજરત કરી જવી વાજીબ હતી. તેવી જ રીતે જે લોકો કાફીરોના પ્રદેશમાં રહીને ઇસ્લામી આદાબ અને રસમ અદા કરી શકતા ન હતા, જેમકે નમાઝ, રોઝા વિગેરે અદા કરી શકતા ન હતા, તેમના માટે પણ એ સ્થળેથી હિજરત કરવી વાજીબ હતી.

હિજરત ન કરવી અથવા તો હિજરત કર્યા પછી મૂળ હાલતમાં પાછું ફરવું, હરામ અને 'ગુનાહે કબીરા' નું કાર્ય છે જે કાર્ય માટે ખુદાવંદે આલમે જહન્નમની આગની જવાળાઓ (આપવા)નો વાયદો કર્યો છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પછી દીની અહકામો જાણવા અને દીન પર રહી ખુદાના હુકમના પાબંદ થવા (જેમાં સૌથી મહત્વની બાબત ઇમામ અલય્હિસ્સલામની મઅરેફત મેળવવી છે) માટે અઇમ્મા અલય્હેમુસ્સલામ તરફ હિજરત કરવી વાજીબ હતી.

ઇમામ અલય્હિસ્સલામની મઅરેફત અને વઝાએફે દીની (મઝહબની જરૂરી બાબતો અને મસાએલ) શીખવા માટે ઇમામ અલય્હિસ્સલામ તરફ હિજરત ન કરવી અને હિજરત કર્યા પછી અઅરાબી થઈ જવું, એટલે કે ઇમામ અલય્હિસ્સલામને ઓળખ્યા પછી તેમનાથી મૂખ ફેરવી લેવું એ ગુનાહે કબીરા છે જે વિશે સદુક હુઝયફા બિન મન્સુરના હવાલાથી નોંધે છે કે

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે

ઇમામ અલય્હિસ્સલામને ઓળખ્યા પછી તેઓની વિલાયત અને ઇતાઅત (હુકમના અમલ) નો ઇન્કાર કરવો, એ હિજરત કર્યા પછી અઅરાબી થવું છે.

**(મઆનીયુલ અખ્બાર, પા. ૭૭)**

વર્તમાન યુગમાં હઝરત ઇમામે ઝમાના (અજજલલ્લાહો તઆલા ફરજહૂ) ગૈબતના પરદામાં છે. તેમ છતાં હિજરત કરવી અને હિજરત કર્યા પછી અઅરાબી થવાના એ જ હુકમો છે, જેની વિગતનું વર્ણન આગળના મુદ્દાઓમાં થઈ ગયું છે.

* * * * *

# ફકીહ તરફ હિજરત કરવી જરૂરી છે.

બે પ્રકારના લોકો માટે હિજરત વાજીબ છે.

પહેલો પ્રકાર : પહેલા પ્રકારનો સંબંધ એવા લોકો સાથે છે જેઓ દીનના મસાએલથી ગાફિલ અને બેખબર હોય. એવા લોકો જે જગ્યાએ રહેતા હોય, ત્યાં કોઈ આલિમે દીન ન હોય, જેમની તરફ રૂજુઅ કરી શકાય. (એટલે કે તેમની પાસેથી દીનની જરૂરી બાબતો વિશે જાણકારી મેળવી શકાય.) એવા લોકો માટે એવા વિસ્તારો તરફ હિજરત કરી જવી વાજીબ છે, જયાં આલિમે દીન મૌજૂદ હોય અને દીનના જરૂરી મસાએ જાણવા માટે તેઓનો સંપર્ક સાધી શકાય તેમ હોય.

બીજો પ્રકાર : બીજો પ્રકાર એવા લોકોનો છે, જેઓ કાફીરોના પ્રદેશમાં રહેતા હોય, જયાં કાફીરો અંતરાયો ઉભા કરતા હોય અને કાફિરો તરફથી અપાતી તકલીફોને લીધે દીની આદાબ અને રસમ અદા કરી શકતા ન હોય, તો તેવા લોકોએ જે પ્રદેશ (વિસ્તાર)માં મઝહબી આઝાદી હોય ત્યાં હિજરત કરી જવી જોઈએ. શીઆ આલિમોએ આ વાતને સ્પષ્ટ રીતે બયાન કરી છે.

આ આયતના સંદર્ભમાં (૪:૧૦૦) 'અલ મુસ્તઝઅફીન' નો અર્થ એ છે કે જો માણસ શક્તિ અને શકયતા ધરાવતો હોય તો જ હિજરત કરવી વાજીબ થાય છે. પરંતુ જો કોઈ માણસ બીમાર, ગરીબી અને ખૂબ જ વૃધ્ધાવસ્થાના કારણે હિજરત કરવાની શક્તિ ધરાવતો ન હોય તો તેના માટે હિજરત કરવી વાજીબ નથી.'

* * * * *

# હિજરત હંમેશા માટે વાજીબ છે

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે :

'જયાં સુધી તૌબા (પશ્ચાતાપ)ના દ્વાર ખૂલ્લા છે, ત્યાં સુધી હિજરત કરવી વાજીબ છે અને જયાં સુધી સૂર્યનો પશ્ચિમમાંથી ઉદય ન થાય ત્યાં સુધી તૌબાના દ્વાર ખુલ્લા રહેવાનાં છે.' (એટલે કે હિજરતનો હુકમ કયામતન સુધીનો છે.)

હઝરત અમીરૂલ મોઅમેનીન અલી અલય્હિસ્સલામ ફરમાવે છે :

'હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના જમાનામાં જે રીતે હિજરતનો હુકમ (અમલમાં) હતો, તે હુકમ તે જ શરતો સાથે ત્યાર સુધી બાકી રહેશે જયાર સુધી ખુદાવંદે આલમ જમીનના રહીશો પાસેથી ઇતાઅત અને બંદગી ચાહશે. એટલે કે માણસ જયાં સુધી એહકામે શરઈનો મુકલ્લફ (પાલન કરવા માટે જવાબદાર) રહેશે ત્યાં સુધી હિજરતનો હુકમ પણ બાકી રહેશે.'

* * * * *

# મકકાએ મોઅઝમાંથી બીજી જગ્યાએ કદી હિજરત થતી નથી.

કિતાબે મસાલિકમાં શહીદે સાની ફરમાવે કે, હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની આ હદીસ પ્રમાણે (કે "ફત્હ - વિજય - પછી હિજરત નથી.") તેનો અર્થ વિશેષ કરીને મકકએ મોઅઝઝમાંથી હિજરત છે. એટલે કે જયારે મકકા મુશ્રિકોના કબ્જામાંથી નિકળીને ઇસ્લામનું કેન્દ્ર બની ગયું ત્યારે ત્યાંથી નિકળી બીજી કોઈ જગ્યાએ હિજરત કરી જવાનું કોઈ કારણ ન હતું. પરંતુ બીજી જગ્યાએ જયાં કાફિરોનો કબ્જો છે અને મુસલમાનો પોતાની મઝહબી રસમ અદા કરી શક્તા નથી, ત્યાંના લોકો માટે હિજરત કરવાનો એ જ હુકમ છે. કેટલાક આલિમોનું કહેવું છે કે, આ હદીસનો અર્થ એ છે કે : મકકા ફતેહ થયા પછી મકકાથી હિજરત કરી જવાની કોઈ ફઝીલત નથી.પણ મકકા ફતેહ થયા પહેલા માલ ખર્ચ કરવાની અને જેહાદની ખૂબ જ ફઝીલત હતી. આ વિષયની નસ્સે કુરઆની નીચે મુજબ છે :

તમારામાંથી જેણે (મકકાના) વિજય પહેલા (અલ્લાહની રાહમાં) ખર્ચ કર્યો તથા જેહાદ કર્યો (અને જેમણે તે બાદ કર્યો) તે દરજજામાં સમાન નથી.

**(સૂરએ હદીદ ૫૭, આ. ૧૦)**

આ વાતની સ્પષ્ટતા અને વાત સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ જાય તે માટે કેટલાક આ અર્થ તરફ ધ્યાન ખેંચીએ છીએ.

* * * * *

# વાજીબ, મુસ્તહબ અને મુબાહ હિજરત

અલ્લામા હિલ્લી કિતાબે મુન્તહામાં ફરમાવે છે કે હિજરત ત્રણ પ્રકારની છે. વાજીબ, મુસ્તહબ અને મુબાહ

# વાજીબ હિજરત

એ મુસલમાન જે કાફિરોના વિસ્તારોમાં તેમની રૂકાવટના કારણે પોતાના દીનને જાહેર ન કરી શકતો હોય અને દીની વઝાએફને અંજામ આપી શકતો ન હોય. તેમજ તેના માટે હિજરત ન કરી શકવા માટેનું કોઈ શરઈ કારણ જેમકે બીમારી વગેરે ન હોય તો તેવા મુસલમાને ત્યાંથી હિજરત કરી જવી વાજીબ છે. (આ બાબતના હુકમે ખુદાનું આગળ ઉપર વર્ણન થળ ગયું છે.)

# મુસ્તહબ હિજરત

એ મુસલમાન જે કાફિરોના પ્રદેશમાં રહેતો હોય અને પોતાના દીનને જાહેર કરી શકતો હોય અને વઝાએફે દીની અદા કરવામાં પણ તેને કોઈ મુશ્કેલી ન હોય તો તેના માટે હિજરત કરવી મુસ્તહબ છે. પરંતુ જો કોઈ શરઈ મજબૂરી હોય તો હિજરત મુસ્તહબ પણ નથી પણ મુબાહ છે.

* * * * *

# એહલે સુન્નતના વિસ્તારમાંથી હિજરત કરવી પડતી નથી.

શર્હેલોમાં અને જામેઉલ મકાસીદમાં શહીદે અવ્વલનો હવાલો આપીને ફરમાવ્યું છે કે જે મુસલમાન કાફિરોના પ્રદેશમાં રહેતો હોય અને મુશ્કેલીમાં ફસાએલો હોય તેમજ હિજરત કરી શકવા માટે શક્તિમાન પણ હોય તો તેના માટે ત્યાંથી હિજરત કરી જવી વાજીબ છે. તેવી જ રીતે એ શીઆ, જે એહલે સુન્નતના

વિસ્તારમાંથી ઉલઝન અને પરેશાનીનો શિકાર બનેલ હોય અને ત્યાં પોતાની મઝહબી રસ્મ અદા કરી શકતો ન હોય તો એ સંજોગોમાં જો તે શક્તિમાન હોય તો શીઆઓના પ્રદેશ (વિસ્તર) તરફ હિજરત કરી શકે છે. પરંતુ તેઓનું આ ફરમાન યોગ્ય નથી. કારણ કે શીઆઓના વિરોધીઓ રહેતા હોય તેવા વિસ્તારમાં મઝહબી રસ્મો અદા કરવામાં કોઈ આડખીલી નથી હોતી. એ આદાબ અને રસ્મ જે ફકત શીઆઓ માટે ખાસ છે, દાખલા તરીકે હાથ ખોલીને નમાઝ પડવી, માથા અને પગ ઉપર મસાહ કરવા એહલે સુન્નતના વિસ્તારોમાં રહેનારાઓ માટે એ પ્રમાણે અમલ કરવો જરૂરી નથી. પરંતુ જયારે તે પ્રમાણે અમલ કરવામાં જોખમ ઉભું થાય તેમ હોય તો તકય્યા ઉપર અમલ કરવો જોઈએ. એટલે કે તે સંજોગોમાં એહલે સુન્નતના તરીકા ઉપર અમલ કરવો જોઈએ અને તેવી રીતે કરવામાં આવેલો અમલ આપણા મઝહબ પ્રમાણે સહીહ ગણાશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. શહીદની તરફ સંબંધિત કરવામાં આવેલ છે તેવા કોલને લગતી એવી કોઈ રિવાયત જોવા મળતી નથી. પરંતુ અઇમ્મા અલય્હેમુસ્સલામ તરફથી એવી ઘણી રિવાયતો વારિદ થઈ છે જેમાં તકય્યા કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને એહલે સુન્નત સાથે હુસ્ને મઆશેરત (સામાજિક સુમેળ) અને તેઓની જમાઅતમાં ભળવા માટે કહેવામાં આવ્યું છે.

* * * * *

# શહીદના ફરમાનના અનુસંધાનમાં દલીલો

કેટલાક આલિમો શહીદના આ ફરમાનને સહીહ ગણાવતા નીચે મુજબની હદીસ રજૂ કરે છે કે રોખે મોહમ્મદ બિન મુસ્લિમથી રિવાયત કરી છે કે ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને એક માણસ વિશે પૂછવામાં આવ્યું : જે માણસ પોતાની મુસાફરી દરમ્યાન એવી જગ્યાએ પહોંચે જયાં માટી કે પાણી ન હોય પણ ત્યાંનો તમામ વિસ્તાર બરફથી ઢંકાએલો હોય અને તે વિસ્તારમાં જો તે માણસ મુજનિબ થાય (ગુસ્લે જનાબત વાજીબ થાય તેવી હાલતમાં મૂકાય જાય) તો તે માણસે શું કરવું જોઈએ ? ઇમામે ફરમાવ્યું :

તે માણસ બરફ ઉપર તયમ્મુમ કરીને નમાઝ પડે.(પણ) હું એ વાતને યોગ્ય સમજતો નથી કે તે (માણસ) ફરીવાર કોઈ એવા વિસ્તારમાં જાય, જયાં તેનો દીન તેના હાથમાંથી નિકળી જતો હોય. (એટલે કે તે દીનના અહકામ ઉપર અમલ ન કરી શકતો હોય તેવા વિસ્તારમાં જવું ન જોઈએ.)

ઉપરની હદીસમાં ઇમામ અલય્હિસ્સલામે એવી જગ્યાએ જવાની મનાઈ ફરમાવી છે જે જગ્યાએ વુઝુ અને ગુસ્લ કરી ન શકાય. તેથી માણસ જયાં મઝહબે શીઆ પ્રમાણે ગુસ્લ અને વુઝુ કરી ન શકતો હોય ત્યાં રોકાવું ન જોઈએ.

આ દલીલ પણ પૂરતી નથી, કારણ કે જયાં માણસને એ વાતની ખાત્રી હોય કે વાજીબાતે ખુદામાંથી કોઈ અદા થઈ શકશે નહીં, તેવી જગ્યાએ જવાની હદીસમાં જાહેરી રીતે મનાઈ ફરમાવવામાં આવી છે. જયારે એહલે સુન્નતના વિસ્તારમાં તકય્યામાં રહીને એહલે સુન્નત પ્રમાણે અમલ કરવો પડે તો તકય્યાના અનુસંધાનમાં જે દલીલો પ્રસ્તુત કરવામાં આવી છે તે પ્રમાણે તે અમલ યોગ્ય થશે. અલબત્ત જો એહલે સુન્નતના વિસ્તારમાંથી હિજરત કરવામાં વધારે મસ્લેહત હોય તો હિજરત કરવી મુસ્તહબ હોવામાં સંદેહ નથી અને જો તે વિસ્તારમાં તે અઇમ્મએ માસુમીન અલય્હેમુસ્સલામની વિલાયતની જાહેરાત કરી શકતો ન હોય તો હિજરત કરવી મુસ્તહબ છે.

* * * * *

# કાફિરોના પ્રદેશમાં તબ્લીગે વિલાયત

સમાદ અસશમન્દીએ હઝરત ઇમામ જઅફરે સાદિક અલચ્હિસ્સલામને અર્ઝ કરી કે :

હું મુશ્રિકોના એક પ્રદેશમાં જઈ રહયો છું અને મારે ત્યાં રહેવું પડશે. પરંતુ કેટલાક મોઅમિનો મને કહી રહયા છે કે એ કામ સારૂ નથી. તેમનું કહેવું છે જો તારો ત્યાં ઇન્તેકાલ થઈ જશે તો તું કાફિરો સાથે મહશૂર થઈશ. ઇમામ અલચ્હિસ્સલામે ફરમાવ્યું : અય સમાદ શું તું તે પ્રદેશમાં એહલેબૈત અલચ્હેમુસ્સલામની વિલાયનો ઝિક્ર કરીને લોકોને દીને હક તરફ આવવા માટે માર્ગદર્શન આપી શકીશ ? સમાદે કહ્યું : જી હા, મૌલા ત્યાં સંપૂર્ણ આઝાદી છે, ત્યાંના લોકો હક વાત સાંભળીને કબૂલ કરે છે. ઇમામ અલચ્હિસ્સલામે કહ્યું શું કોઈ ઇસ્લામી પ્રદેશમાં રહીને તું શક જાહેર કરીને અમારી વિલાયત માટે આમંત્રણ આપી શકે તેટલી આઝાદી મળશે ખરી ? સમાદે કહ્યું : ના મૌલા, તેનાથી ઉલ્ટું મારે સખ્ત તકય્યામાં રહીને જીવન વ્યતીત કરવું પડે છે. અમારામાં કોઈની એટલી હિમ્મત નથી કે આપ અલચ્હિસ્સલામમાંથી કોઈનું પણ નામ લઈ શકીએ. ઇમામ અલચ્હિસ્સલામે ફરમાવ્યું : જો કોઈ એવા ગૈર મુસ્લિમ પ્રદેશમાં તારૂ મૌત થાય તો તું કયામતને દિવસે ઉમ્મતે વાહેદામાં મહશૂર થઈશ. એટલે કે એક માણસ એક ઉમ્મત સમાન હશે જે રીતે હઝરત ઇબ્રાહીમ અલચ્હિસ્સલામની ઉમ્મતને ઉમ્મતે કાનેતા કહેવાય છે. તે દિવસે તારા ચહેરા પરનું નૂર ઝળહળતું હશે.

**(વસાએલુશ્શીયા, કિતાબે જેહાદ, પાના નં ૪૪૦)**

શરહે કાફીમાં અલ્લામા મજલિસી (અ.ર.) ફરમાવે છે કે એ વાતનો એહતેમાલ (શંકા) છે કે હિજરત કર્યા પછી અઅરાબી થવાનો અર્થ એઅરાબીયત (જાહેલીયત, અજ્ઞાનતા) તરફ પાછુ ફરવું અને હિજરતને છોડી દેવી એ હોય. હિજરતનો હુકમ આવી જવા પછી હિજરત વાજીબ થઈ જાય છે. એટલે કે દાખલા તરીકે વ્યાજનું હરામ થવું, વ્યાજનો હુકમ આવી જવા પછી થયું. અર્થાંત પ્રારંભથી જ હિજરત ન કરવી અથવા તો હિજરત કર્યા પછી બીજી વાર (પુન :) અઅરાબી થઈ જવું એ બંને ગુનાહ છે. જેના વિશે ખુદાવંદે આલમે કુરઆને મજીદમાં જહન્નમનો વાયદો કર્યો છે.

* * * * *

# અઅરાબીયત અને હિજરત કર્યા પછી અઅરાબી થવાના સંજોગો

આ વિષયના પ્રારંભમાં એ બાબતનો ઉલ્લેખ થઈ ચૂકયો છે કે અરબસ્તાનના બદદુ અને ગામડાઓને અઅરાબી કહેવાય છે. કારણ કે તેઓ ઇસ્લામના કેન્દ્ર અને મુસલમાનોના સમૂહથી દૂર રહેતા હોવાના કારણે દીનના અહેકામો શીખી શકતા ન હતા, કે યાદ કરી શકતા ન હતા અને તેને લીધે તે અહકામ ઉપર અમલ પણ કરી શકતા ન હતા. આ જ કારણોર કુરઆને મજીદમાં ખુદાવંદે આલમે તેમની ટીકા કરી છે.

બદદુ લોકો નાસ્તિકપણા તથા દાંભિકતામાં ઘણા જ સખ્ત છે. અને તેઓ એને જ લાયક છે કે અલ્લાહે પોતાના રસૂલ પર જે ધર્મ નિયમો ઉતાર્યા છે તે તેઓ સમજી ન શકે : અને અલ્લાહ સર્વસ (અને) હિકમતવાળો છે.

**(સૂરએ તૌબા, આ. નં ૯૭)**

આ ઉપરાંત ખુદાવંદે તઆલા ફરમાવે છે : 'અને બદદુઓમાંથી કોઈ કોઈ એવા પણ છે, કે તે (રાહે અલ્લાહમાં) જે કાંઈ ખર્ચે છે, તેને દંડ તરીકે ગણે છે અને તમારા પર જમાનાની ગર્દીશો (કાળચક્રો) પડવાની વાટ જુએ છે, પરંતુ જમાનાની બૂરામાં બૂરી ગર્દીશો તેમના જ ઉપર પડવાની છે. અને અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.' **(સૂરએ તૌબા ૯, આ. ૯૮)**

તેમજ બીજી જગ્યાએ ઇરશાદે ખુદાવંદી છે : ‘અને બદદુઓમાંથી કોઈ કોઈ એવા પણ છે કે, જે અલ્લાહ તથા કયામત પર ઈમાન રાખે છે અને (રાહે અલ્લાહમાં) જે કાંઈ ખર્ચે છે તેને અલ્લાહની નઝદીકી તથા રસૂલના આશિર્વાદ (મેળવવા) અર્થે ખર્ચે છે. જાણી લો કે તે (ખર્ચ કરવો) તેમના માટે નિસંશય (અલ્લાહની) નજીક થવાનું કારણ બનશે, (વળી) નજીકમાં અલ્લાહ તેમને પોતાની રહેમતમાં દાખલ કરી લેશે, બેશક અલ્લાહ મહાન ક્ષમાવાન (અને) દયા કરનાર છે.

* * * * *

# અહકામે દીનમાં નાદાની પણ અઅરાબીયત છે

આ પહેલા કુરઆને મજીદની જે બે આયતોનો ઉલ્લેખ થયો છે, તેનાથી સ્પષ્ટ થાય છે, કે તેમાં અઅરાબી (જાહિલ - અજ્ઞાન) ની જે ટીકા કરવામાં આવી છે, તે નાઝિલ થવાનું કારણ એ નથી કે તેઓ રણમાં રહે છે, પરંતુ તેમની ટીકાનું મુખ્ય કારણ તેઓમાં ઈમાનનો અભાવ હોવો અને અહકામે દીનનું ઇલ્મ ન મેળવવું અને તેની ઉપર અમલ ન કરવો તે છે. આગળ ઉલ્લેખ થએલી ત્રીજી આયતમાં એ બાબતનો ઉલ્લેખ થયો છે, કે જે અઅરાબ (જાહિલ માણસ) ઈમાન અને અમલની વ્યાખ્યા મુજબ પુરે પૂરો અમલ કરતો હોય તેની ખુદાએ પ્રશંસા કરી છે. અને તેના માટે રહેમતનો વાયદો પણ કર્યો છે. આ રીતે જે મુસલમાન અહેકામે દીનનું ઇલ્મ મેળવવા અને શરઈ મસાએલ યાદ કરવાથી વિમૂખ રહે અને જે દીની ઇજતમાઅ (મઝહબી સંમેલનો) જેમાં હકીકત અને મઅરેફતની વાતો તેમજ દીની મસાએલ સમજાવવામાં આવતા હોય તેનાથી દૂર રહે તો વાસ્તવમાં તે અઅરાબી છે. અને અઅરાબીની ટીકામાં આયત નાઝિલ થઈ તે તેવી વ્યક્તિને પણ લાગુ પડે છે ભલે પછી તે શહેરવાસી પણ કેમ ન હોય, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

દીનના મસાએલના જાણકાર થઈ જાવ, તમારામાંથી જે લોકો દીનના મસાએલને સમજતા ન હોય તે અઅરાબી છે. ખુદાવંદે અઝઝ વ જલ્લ પોતાની કિતાબમાં ફરમાવે છે, કે ‘તમારામાંથી દરેક જમાત (સમુહ) માંથી અમૂક લોકો શા માટે નથી નિકળતા, જેઓ (પોતે) દીની મસાએલ સમજે અને જયારે પાછા ફરે ત્યારે પોતાની કૌમને ડરાવે, કાદચ તે લોકો (ખુદાના હુકમની નાફરમાની કરવાથી) ડરી જાય.’ (૯-૧૨૨) આમ અઅરાબી એ લોકો છે, જે ઈમાન અને વઝાએફે દીની સમજવા (શીખવા)નો પ્રયત્ન ન કરે. આ ઉપરાંત આપે આપના સહાબીઓને ફરમાવ્યું :

દીને ખુદાની જાણકારી મેળવવી તમારા માટે જરૂરી છે. અઅરાબી (જાહિલ - અજ્ઞાન) ન બનો, કારણ કે જો કોઈ હુકમે ઇલાહીને સમજતું ન હોય તો, ખુદાવંદે આલમ તેની ઉપર કયામતના દિવસે રહેમત ભરી નઝર નહીં કરે અને તેના અમલને પાકીઝા પણ નહીં કરે.’

**(બેહારૂલ અન્વાર, કિતાબુલ અકલ)**

* * * * *

# શીખ્યા પછી અમલ ન કરનાર પણ અઅરાબી છે.

મોહદ્દીસે ફૈઝ કિતાબે વફીમાં લખે છે કે : ‘શરઈ આદાબ અને સુન્નતને શીખ્યા પછી તેને છોડી દેનાર અને તેની ઉપર અમલ ન કરનારના અઅરાબી હોવાની વાત પણ સાચી છે. આ વાતના સમર્થનમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની હદીસ જે બાબુત્તારીકે બેહારુલ અમ્રના પાના નં ૧૫૩ માં નોંધવામાં આવી છે તે પ્રસ્તુત કરીએ છીએ. અલ્લામા મજલિસી શરહે કાફીમાં ફરમાવે છે કે ‘કેટલાક શીઆ ફોકહાનું કહેવું છે કે આપણા વર્તમાન જમાનામાં જે માણસ (દીનનું) ઇલ્મ મેળવ્યા પછી તેનાથી બિલ્કુલ ફરી જાય, એટલે કે

ઇલ્મે દીન પ્રમાણે જરાય અમલ ન કરે, તો તેવો માણસ અઅરાબી છે. હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે :

'એક માણસ કહે છે કે : મેં હિજરત કરી.' પણ વાસ્તવમાં તેણે હિજરત કરી નથી. કેમકે માત્ર એ જ માણસ હિજરત કરનાર (ગણાય) છે, જે ગુનાહોને છોડી દે છે, અને ગુનાહોની પાસે પણ નથી જતો. જો કોઈ માણસ એમ કહે કે : 'મેં જેહાદ કરી છે, પરંતુ જેહાદ કરવાવાળાઓમાંથી નથી કેમકે સાચી જેહાદ કરનાર (મુજાહિદ) માત્ર એ છે, જે હરામ કામોથી દૂર રહે છે અને (બાતેની - આંતિરક) દુશ્મનો સાથે જંગ કરે છે. જયારે કે અમુક લોકો મૈદાને જંગમાં અલ્લાહની ઇતાઅત અને રઝામંદી માટે નથી જતા પણ એમનો હેતુ ફકત શોહરત (દંભ - દેખાવ દ્વારા ખ્યાતિ મેળવવા)નો હોય છે જેથી લોકો તેની શુજાઅત અને બહાદુરીના વખાણ કરે.'

* * * * *

# જહાલત અને ગફલતનું વેરાન રણ

કુરઆને મજીદની આયતો, હદીસો અને ફોકહા બયાનની જે વિગતોનું આગળ વર્ણન કરવામાં આવ્યું છે, તેનાથી એ વાત જાણવા મળે છે કે, અઅરાબી હોવાનો અર્થ એ છે કે, અલ્લાહની મઅરેફત માનવતાની શ્રેષ્ઠતા અને અનંત સચ્ચાઈથી વંચિત રહેવાનો અને આ ફાની દુનિયાની ચાર દિવસની જિંદગીમાં વિવિધ પ્રકારની મનોવાસના પૂરી કરવાને જ જીવનનો હેતુ સમજવાનો છે. જે માણસને સચ્ચાઈ અને માઅરેફત મેળવવાની જરાય પરવા ન હોય, જે દરેક પ્રકારના ગુનાહ અને ખરાબ કામો, જે આખેરતના અઝાબ માટે કારણરૂપ બનશે, તેનાથી પરહેઝ કરતો ન હોય અને દરેક અમલે ખૈર, જેનાથી હંમેશા સવાબ મળતો રહેશે તેવી બાબતો પ્રત્યે જરા પણ લક્ષ ન આપતો હોય તે જ ખરો અઅરાબી છે. હિજરત કરવી તે ઉપર જણાવેલ બાબતોની વિરૂધ્ધની (એટલે કે દરેક સારા કામો હંમેશા બજાવી લાવવાની) બાબત છે. હિજરત ર્ક્યા પછી અઅરાબી થવાનો અર્થ એ છે, કે 'ઇલ્મ મેળવ્યા અને સાવધાન થયા પછી અને યાદ દેવરાવ્યા પછી પણ માણસ હિજરત કરીને ફરી પાછો અઅરાબી થઈ જાય. આ વાતનો સારાંશ એ છે કે ઇન્સાન એક નિશ્ચિત સમય સુધી નેક કામ કરતો રહે અને ત્યાર પછી તે નેક કામ કરવાનું છોડી દે તો તે પણ હિજરત ર્ક્યા પછી અઅરાબીયત થઈ જવાની વ્યાખ્યામાં આવી જશે.

હિજરત ર્ક્યા પછી અઅરાબીયત તરફ પાછા ફરવાનો હુકમ, જો આળસ અને સુસ્તીના કારણે હોય તો લાગુ પડશે. પરંતુ જો ભૂલ અથવા તો રૂકાવટના કારણે હોય તો લાગુ પડશે નહીં. આમ છતાં જો કોઈ માણસ લાંબા સમય સુધી કોઈ નેક કામ કરતો હોય તો, શક્ય હોય ત્યાં સુધી તે નેક કામ કરવાનું છોડી ન દે તે જરૂરી છે.

જાબિરે જોઅફીથી રિવાયત છે કે : 'તેઓએ હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ પાસેથી સાંભળ્યું છે કે આપે ફરમાવ્યું :

'હું એ રાતને પસંદ કરૂં છું, કે જેમાં નેક કામ કરતો રહું. જેથી મારા નફસને તેની ટેવ પડી જાય. જો હું દિવસે નેક કામ કરવાનું ચુકી જાઉં તો રાતે તેની કઝા અદા કરી લઉં. અને જો રાત્રે નેક કામ કરવાનું ચૂકી જાઉં તો દિવસે તેની કઝા કરી લઉં. બેશક ખુદાની નઝદીક શ્રેષ્ઠ અમલ એ છે કે જે (અમલ) કરવાનું ચાલુ રાખવામાં આવે. દરેક અઠવાડિયાના આમાલને ગુરૂવારે અને દરેક મહિનાના આમાલને મહિનાના અંતે અને દરેક વર્ષના આમાલને પંદરમી શાબાનના ઇમામે ઝમાના અલય્હિસ્સલામની ખિદમતમાં રજૂ કરવામાં આવે છે. તેથી જયારે પણ કોઈ નેક કામ શરૂ કરો તો તેને એક વર્ષ સુધી ચાલુ રાખો. (એટલે કોઈ પણ નેક કામ કરવાનું ઓછામાં ઓછું એક વર્ષ સુધી ચાલુ રાખો.)

**(બેહારૂલ અન્વાર)**

# ઉલૂમે દીનને છોડી દેવું.

ઉલુમે દીન (ઇલ્મે દીનનું બહુવચન) મેળવ્યા પછી તે (વધુ મેળવવાનું) ચાલુ રાખવાને બદલે છોડી દેવું (જેની વિગત અગાઉ અપાઈ ગઈ છે) એ પણ કેટલાક બુઝુર્ગોના મતે હિજરત કર્યા પછી અઅરાબી થઈ જવાનો એક પ્રકાર છે. તે એ સંજોગોમાં હરામ છે, જે મેળવવું એ માણસ માટે વાજીબે ઐની હોય. જેની વિગત પણ આગળ જણાવવામાં આવી છે. આ ઉપરાંત માણસ પોતાની જિંદગીના અંત સુધી ઇલ્મે દીન મેળવવાનું છોડે નહીં. આ વિશે હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે : “ઘોડીયાથી ઘોર (પારણાથી કબ્ર) સુધી ઇલ્મ પ્રાપ્ત કરો.”

ઇન્સાને ખુલૂસ નિય્યત અને કુરબત (ખુદાની નઝદીકી મેળવવા)ના ઇરાદાથી નેક કામોમાં મશ્ગુલ રહેવું જોઈએ જેથી દુનિયા અને આખેરતમાં નેક આમાલ કરવાના બદલામાં જે મહાન બદલાઓ (નેઅમતો) મળે છે, તેનાથી વંચિત ન રહે.

* * * * *

# ઓગણત્રીસમો ગુનાહ

# ઝાલિમોની મદદ કરવી અને તેમની સાથે સારો મેળ રાખવો.

## ઝાલિમોની મદદ કરવી.

ઓગણત્રીસમો ગુનાહ જે કબીરા હોવાનું સ્પષ્ટ રીતે બયાન કરવામાં આવ્યું છે તે છે, ઝાલિમોની મદદ કરવી છે. ફઝલ ઇબ્ને શાઝાન ‘ગુનાહાને કબીરા’ ની વિગતમાં હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની રિવાયત બયાન કરતા કહે છે કે આપે ફરમાવ્યું :

‘ઝાલિમોની મદદ કરવી અને તેમની તરફ કુણુ વલણ રાખવું એ ‘ગુનાહે કબીરા’ છે’

અઅમશની રિવાયતમાં આ જ પ્રકારની હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની હદીસ નોંધવામાં આવી છે.

**‘વત્તરકો એઆનતીલ મઝલુમીન’**

એટલે કે મઝલૂમોને ઝુલ્મમાંથી મૂકત થવા માટે તેની મદદ ન કરવી એ ‘ગુનાહે કબીરા’ માંનો એક ગુનાહ છે. બીજી રીતે કહીએ તો ઝાલિમને તેના ઝુલ્મમાં મદદ કરવી એ પણ ‘ગુનાહે કબીરા’ છે.

હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામ ફરમાવે છે કે :

‘ઝાલિમોના કામોમાં શિરકત કરવી અને તેના હેતુઓને પૂરા કરવા માટેના પ્રયત્નો કરવા, તેની મદદ કરવી એ કુફ્ર કરવા સમાન છે અને જાણી બુઝીને તેની (ઝાલિમની) તરફ જોવું (એટલે કે ઝુલ્મ થતો હોય ત્યાં રહીને કંઈ ન કરવું) એ ‘ગુનાહે કબીરા’ છે. તે (તેમ કરનાર) જહન્નમને પાત્ર છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

‘મેઅરાજની રાત્રે મેં જહન્નમના દરવાજા ઉપર આ પ્રમાણેનો હુકમ લખેલો જોયો, ઝાલિમોની મદદ કરનારા ન બનો.’

**(વસાએલુશ્શીયા)**

‘એટલે કે જો તમે જહન્નમમાં જવા ન માગતા હો તો ઝાલિમોની મદદ ન કરો. તે ઉપરાંત આ ગુનાહ વિશે ખુદાવંદે આલમે કુરઆન મજીદમાં અઝાબનો વાયદો કર્યો છે.’

'અને (હે મુસલમાનો ) જે લોકો ઝુલ્મ કરે છે, તેમના તરફ વળો નહીં, નહીંતર આગ તમને અડકશે, અને અલ્લાહ સિવાય તમારો કોઈ હિમાયતી થશે નહીં, પછી તમને સહાય પણ કરવામાં આવશે નહીં.' (સૂરએ હુદ : ૧૧૫) તફસીરે મિન્હાજુસ્સાદેકીનમાં લખ્યું છે કે 'તરકનૂ' એટલે કે જે કામ કરવાની ઉપરની આયતમાં મનાઈ કરવામાં આવી છે. તેનો અર્થ હળવું - મળવું, એટલે કે એવા લોકો પ્રત્યે થોડો જુકાવ પણ રાખવો જે લોકોએ પોતાની ઉપર કે બીજાઓ ઉપર હળવું મળવું, તેવા લોકો પ્રત્યે મોહબ્બત કરવી, ભેટ સોગાદની લાલચ રાખવી, તેમના વખાણ કરવા અથવા તેમના હુકમનું પાલન કરવું એ તમામ વાતો તેમની (ઝાલિમ) તરફ આકર્ષિત થવા બરાબર છે. જો આ બધી બાબતોની મનાઈ કરવામાં આવી છે, તો તેમની સાથે હળવું - મળવું, ઝુલ્મ કરવામાં તેમની સાથે શરીક હોવું કઈ રીતે જાએઝ હોઈ શકે ?

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે :

'જો કોઈ માણસ કોઈ ઝાલિમની લાંબી ઉમ્ર માટે દુઆ કરે તો, તે જાણે કે ખુદાનો વિરોધ કરવાનું પસંદ કરે છે' કિતાબ 'રોઝતુલ જન્નાત'માં મદારીકુલ અહકામના સંપાદક જનાબ સૈયદ મોહમ્મદના જીવન ચરિત્રમાં લખ્યું છે કે, જનાબ સૈયદ મોહમ્મદ અને જનાબ શેખ સાહેબે 'મુઆલેમુલ ઉસૂલ' એ બંનેએ સાથે મળીને હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની ઝિયારત માટે જવાનો ઇરાદો કર્યો. પરંતુ જયારે તેઓને એ વાતની જાણ થઈ કે શાહે અબ્બાસી સફવી એ દિવસોમાં મશહદ (ખુરાસાન)માં રોકાયો છે, ત્યારે તેઓએ તેમનો ઝિયારત માટે જવાનો ઇરાદો છોડી દીધો હતો.

આ સિવાય સૈયદ બેહરૂલ ઉલુમના જીવન ચરિત્રમાં લખ્યું છે કે, 'શુસ્તરાનના હાકિમે તેઓની સાથે નમ્રતાભર્યું વર્તન કર્યું ત્યારે સૈયદ ફરમાવે છે કે મારા દિલમાં તેના પ્રત્યે થોડીક સહાનુભૂતિ પૈદા થઈ ગઈ, પરંતુ હું આ આયતે શરીફાનો મીસ્દાક (ચરિતાર્થ) બનું તે પહેલા મેં ત્યાંથી ભાગી જવાનું યોગ્ય માન્યું. તેથી તેઓએ દેઝફુલ છોડીને ઇરાક ખાતે વસવાટ કર્યો અને તેમના જીવનના અંત સુધી ત્યાં જ રહ્યા. દીનના કેટલાક બુઝુર્ગોના જીવનમાંથી એ વાત જાણવા મળે છે કે, 'તેઓ ઝાલિમો સાથે વાતચીત કે પત્રવ્યવહાર ન કરતા અને તેઓ સાથે સામાજીક વ્યવહાર કરવાથી એટલો બધો પરહેઝ કરતા કે (તેમ કરવાથી) ક્યાંક તેઓને ઝાલિમો સાથે દોસ્તી ન થઈ જાય અને તેમાનાથી ઝાલિમોને મદદ કરવાનો ગુનાહ ન થઈ જાય ?

'ફવાએદુર રીઝવીયાહ' નામની કિતાબના પાના નં ૨૩ માં મોહદ્દીસે જઝાએરીએ નીચે મુજબનો પ્રસંગ નોંધ્યો છે.

'એક માણસ સુલ્તાન શાહ અબ્બાસ સફવીના કારોબારમાં મોટી ભૂલ કરી બેઠો હતો અને સુલ્તાનના ડરને કારણે તેણે મશહદમાં શરણ લીધું હતું. તેણે મરહુમ મુલ્લા એહમદ (મુકદ્દસે અર્દબેલી અ. ર.) ને વિનંતી કરી કે તેઓ સુલ્તાનને નામે એક પત્ર લખીને પોતાને માફ કરી દેવા અને સજા ન કરવા માટે ભલામણ કરે. મુકદ્દસે અર્દબેલીએ શાહ અબ્બાસને પત્ર લખ્યો, જેમાં આ પ્રમાણે લખ્યું :

'(બીજા પાસેથી) માગીને લીધેલા મુલ્કના માલિક અબ્બાસ, જાણી લેજે કે આ માણસ શરૂઆતમાં ઝાલિમ હતો, પણ હવે મઝલુમ છે. તેથી તેની ભૂલને માફ કર. આશા રાખું કે ખુદા તારી ભૂલોને માફ કરશે.' - બંદએ શાહે વિલાયત અહમદ અર્દબેલી તરફથી રવાના.

ત્યાર બાદ અર્દબેલી સાહેબના નામે શાહ તરફથી જવાબ આવ્યો. 'આપે જે કામો વિશે મને હુકમ આપ્યો છે, તે માટે મારી ઉપર અહેસાન કર્યો છે આ મોહીબને દુવામાં ભૂલશો નહીં.' અલી અલય્હિસ્સલામના ઘરનો કૂતરો અબ્બાસ.

'તારીખે બહીરા'માં નોંધવામાં આવ્યું છે કે, ખ્વાજા નિઝામુલ મુલ્ક આખેરત તથા કયામતના દિવસે હિસાબ કિતાબ આપવાનો છે, એ બાબતનો બહુ જ ખ્યાલ રહેતો હતો અને તે વાત માટે તે બહુ જ ડરતો હતો. આ જ કારણસર તે પોતાના સત્તાકાળ દરમ્યાન ગરીબોને મદદગાર, વિધ્વાનોનો ટેકેદાર હતો અને દીની હુકમોનું ચુસ્તપણે પાલન કરતો હતો. તેને એવી વાત સુજી કે પોતાના સત્તાકળ દરમ્યાન પોતે કરેલા નેક કાર્યો અને સદવ્યહાર વિશે લોકો પાસેથી ગવાહનામુ (સાક્ષી પત્ર) લખાવી લેવું જેમાં એહલે ઇસ્લામના બુઝુર્ગો ગવાહી આપીને પોતાની સહી કરે, અને તે ગવાહનામું પોતાના કફન સાથે મૂકાવી દેવું. જેથી કદાચ પોતાને નજાત મળી જાય.' ઘણા બુઝુર્ગોએ તેમના હુસ્ને અખ્લાક (સદ ચારિત્ર) વિશે ગવાહી લખી આપી, પરંતુ તે ગવાહનામુ જયારે બગદાદમાં મદ્રસએ નીઝામીયાના મુદર્રીસ શેખ અબુ ઇસ્હાકને સોંપવામાં આવ્યું ત્યારે તેઓએ આ પ્રમાણે લખ્યું :

'એટલે કે હું ગવાહી આપું છું કે, શેખ નિઝામુલ મુલ્ક ઝાલિમો પૈકીનો સૌથી શ્રેષ્ઠ ઝાલિમ છે.'

ઉપરોકત ગવાહીના શબ્દો જયારે શૈખ નિઝામે વાંચ્યા ત્યારે તે ખૂબ જ રડયો અને કહ્યું કે અબૂ ઇસ્હાકે જે કાંઈ કહ્યું તે વાત સત્ય અને હકીકત છે.'

એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે, દરેક સંજોગોમાં ઝાલિમોની મદદ કરવી હરામ અને 'ગુનાહે કબીરા' પૈકીનું કાર્ય છે. ઝાલિમો અને ઝાલિમોને મદદ કરવાના જુદા જુદા પ્રકારો છે અને તે બધાના શરઈ હુકમો પણ આપવામાં આવ્યા છે, તેથી તે વાત પણ જાણી લેવી જરૂરી છે.

* * * * *

# ઝાલિમોના પ્રકાર

ઝુલ્મનો અર્થ છે, ખુદાના હુકમોથી મૂખ ફેરવી લેવું અને એ બાબતો જે અકકલ અને શરીઅત દ્વારા યોગ્ય ઠેરવવામાં આવી છે, તેનાથી વિમૂખ રહેવું અથવા તેની વિરૂધ્ધ વર્તન કરવું. તેના બે પ્રકાર છે :

**(૧)** અલ્લાહે નિશ્ચિત કરેલી મર્યાદાઓ (હુદૂદે ઇલાહી) થી હટી જવું એ માણસ મુશ્રિક હોવા સમાન છે. જે વિશે ખુદાવંદે કરીમ ઇર્શાદ ફરમાવે છે :

**'નિસંશય શિર્ક સૌથી મોટો ગુનાહ છે.' (જે હરગીઝ માફ નહીં થાય)**

**(સૂરએ લૂકમાન ૩૧, આ. ૧૨)**

**(૨)** અથવા તો ખુદાવંદે તઆલાની આયતો જુઠલાવવી, જે વિશે કુરઆને મજીદમાં ઇરશાદ છે :

**'અને ઇન્કાર કરનારાઓ પોતે જ ઝુલ્મગાર છે.'**

**(સૂરએ બકરહ ૨, આ. ૨૫૫)**

શરીઅતમાં જે બાબતોનો સ્પષ્ટપણે હુકમ આપવામાં આવ્યો છે તેની ઉપર અકલન અને શરઅન સંપૂર્ણ વિશ્ર્વાસ રાખવો વાજીબ છે. તે હુકમોને કબૂલ ન કરવા અને તેની ઉપર વિશ્ર્વાસ ન રાખવો ઝુલ્મ છે. આ ઉપરાંત અલ્લાહથી અને અલ્લાહે નિશ્ચિત કરેલી મર્યાદાઓથી મૂખ ફેરવી લેવું, વાજીબાતને છોડી દેવી, હરામ કામ કરવા, એ બધા ઝુલ્મ છે.

આ વિશે ઇરશાદે રબ્બુલ ઇઝઝત છે :

**'અને જેઓ અલ્લાહની હદો ઓળંગી જાય છે, તેઓ ઝુલ્મગાર છે.'**

**(સૂરએ બકરહ ૨, આ. ૨૨૯)**

**'પણ તેમાંથી કેટલાક (બંદા) તો પોતાની ઉપર ઝુલ્મ કરનાર છે.' (આ બધા પોતે પોતાના નફસો પર ઝુલ્મ કરનારા છે.) (સૂરએ ફાતિર ૩૫, આ. નં ૩૫)**

બીજા કોઈ માણસના હકકો વિશે ખુદાના હુકમોની અવગણના કરવી, એટલે કે કોઈ માણસને શારીરિક ઈજા પહોંચાડવી, જેમકે મારવું, ખૂન કરી નાખવું, જેલમાં પૂરી દેવા અથવા તો કોઈની બેઇઝઝતી કરવી. દાખલા તરીકે ગાળો દેવી, ગીબત કરવી, તોહમત મૂકવી, તેનું અપમાન કરવું, અથવા કોઈના માલ ઉપર ગેર કાયદેસર રીતે કબ્જો જમાવી દેવો, જેમકે કોઈનો માલ તેની રજા વગર લઈ લેવો અથવા કોઈ હકદારને તેનો હક ન આપવો તે જ પ્રમાણે ગસબ કરવાનાં બીજા પ્રકારો છે જેમાં સૌથી મોટો ગુનાહ (પદવી) હોદ્દા અને વિલાયતના સ્થાન ઉપર કબ્જો કરી લેવો તે છે જે માટે એહલેબૈત અલય્હેમુસ્સલામ જ મુસ્તહક હોવાનું સાબિત છે. આ સ્થાનને બની ઉમય્યા અને બની અબ્બાસના ઝાલિમ ખલીફાઓએ પચાવી પાડયું હતું. તેવી જ રીતે બીજુ ઉદાહરણ મુજતહીદના સ્થાન ઉપર કોઈ ગેર આદીલ બેસી જાય તે છે. તેવા ઝાલિમોના પણ બે પ્રકાર છે.

**(૧)** પહેલો પ્રકાર ઝુલ્મો સીતમ કરવો એ તે માણસનો ધંધો જ હોય, જેમકે ઝાલિમ અને લુટારા સત્તાધીશ.

**(૨)** બીજો પ્રકાર એ છે કે, ઝુલ્મ કરવો એ તે માણસનો ધંધો ન હોય, પરંતુ આકસ્મિક રીતે તેનાથી કોઈ વખત ઝુલ્મ કે સિતમ થઈ જતો હોય. તે હુકમોને જાણવા માટે એ પ્રકારો પૈકી દરેકની આગળ સ્પષ્ટતા કરી તેનું વર્ણન કરવામાં આવેલ છે.

* * * * *

# ઝાલિમને ઝુલ્મ કરવામાં મદદ કરવી.

જે માણસનો વ્યવસાય જ ઝુલ્મ કરવાનો હોય તેવા ઝાલિમની ઝુલ્મમાં મદદ કરવી એ 'ગુનાહે કબીરા' હોવામાં કોઈ જ શંકાને સ્થાન નથી. જેમકે મઝલૂમને મારવા માટે તેના હાથમાં કોરડો આપવો અથવા કોઈ મઝલૂમને એ માટે પકડી રાખવો કે જેથી ઝાલિમ તેને મારી શકે, કત્લ કરી શકે કે કૈદ કરી લે. આમ, ઝાલિમની કોઈ પણ રીતે મદદ કરવી હરામ છે.

શૈખ અન્સારી (અ.ર.) મકાસીબમાં ફરમાવે છે કે 'ઝાલિમોને તેમના ઝુલ્મમાં મદદ કરવી એ ચાર દલીલો (જે અહેકામ સાબિત કરવાનું માધ્યમ છે, એટલે કે કુરઆન, અકકલ, સુન્નત અને ઇજમાઅ)થી સાબિત અને 'ગુનાહે કબીરા' પૈકી છે. અકલી દલીલ એ છે કે, જો ઝાલિમને કોઈ મદદ કરનાર ન હોય અને તે રીતે ઝુલ્મ ન કરી શકે તો અકકલ પણ એ હુકમ આપે છે કે, તેની મદદ કરવી હરામ છે. તેવી રીતે ઝાલિમની મદદ કરનાર અને ઝાલિમ બંનેને તેના ખરાબ ચારિત્ર્ય અને કાર્યો માટેની જવાબદારી માટે સરખા જવાબદાર ગણે છે. આ વાતનો સારાંશ એ છે કે, ઝાલિમને તેના ઝુલ્મમાં મદદ કરવી એ અકકલની રૂએ કોઈ પણ પ્રકારના સંદેહ વગર હરામ ગણાય છે. ફીકહી કિતાબોના અભ્યાસ કરતા એ વાત જણાય આવે છે કે ઝાલિમને તેના ઝુલ્મમાં મદદ કરવી એ તમામ ફોકહાની દ્રષ્ટિએ હરામ છે અને આ એક સર્વ સ્વિકૃત બાબત છે. કુરઆને મજીદમાં 'વલા તરફ્ ઇલ્લલ્લઝીન ઝલમૂ' ની આયતના શબ્દો ઝાલિમને તેના ઝુલ્મમાં મદદ કરવી એ હરામ હોવા વિશે પૂરતા છે. એ વાત પણ સાબિત છે કે, જયારે ઝાલિમ તરફ થોડો જુકાવ રાખવો હરામ હોય તો પછી ઝાલિમને તેના ઝુલ્મમાં મદદ કરવી બીજી રીતે હરામ હોવામાં કોઈ સંદેહ રહેતો નથી. કારણ કે ઝાલિમની મદદ કરવી એ તેના પ્રત્યે જુકાવ રાખવાનો સૌથી સરળ માર્ગ છે. આ ઉપરાંત ઇરશાદે ખુદા છે :

**'અને ગુનાહ તથા ઝુલ્મમાં (શત્રુતામાં) એક મેકની સહાય કરો નહીં. અને અલ્લાહથી ડરો (કારણ કે) બેશક અલ્લાહ સખ્ત અઝાબ આપનાર છે.'**

**(સૂરએ માએદહ ૫, આ. ૨)**

* * * * *

# ઝાલિમની મદદ અને રિવાયતે એહલેબૈત અલય્હેમુસ્સલામ

આ વિષયની પણ ઘણી રિવાયતો વારીદ થઈ છે. શૈખ અન્સારીએ તેમની કિતાબે વરામમાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી નોંધ્યું છે કે આપે ફરમાવ્યું :

"નિશંક, જો કોઈ ઝાલિમની સાથે તેની મદદ કરવા માટે જાય, ખરેખર તે જાણતો હોય કે આ ઝાલિમ છે તો તે (મદદ કરનાર) દીને ઇસ્લામથી બહાર નિકળી જાય છે." (મજમુએ વરામ ભાગ ૧, પાના નં ૪૫) અને એ વાત પણ સ્પષ્ટ છે કે જે કાર્ય માણસને ઈમાન અને ઇસ્લામના વર્તૂળમાંથી બહાર ફેંકી દે તે કબીરા ગુનાહોમાંથી છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું કે "જયારે કયામત બરપા થશે ત્યારે એક પોકારનારો અવાજ બુલંદ કરશે કે ઝાલિમો અને ઝાલિમોની મદદ કરનારાઓ તથા ઝાલિમોની જેવા લોકો ક્યાં છે ? એટલે સુધી કે જો કોઈએ ઝાલિમની માટે કલમ (પેન) અથવા શાહીનો ખડીયો બનાવ્યો હશે જેનાથી ઝાલિમ ઝુલ્મનો હુકમ લખી શકે તો તેવા તમામ લોકોને એક લોખંડના તાબૂતમાં ભેગા કરવામાં આવશે અને તે તાબૂતને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે."

**(વસાઈલ ભાગ ૧૪, પાના નં ૧૩૧)**

અને હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : "જો કોઈ માણસ કોઈ ઝાલિમ બાદશાહને (તેના પોશાકમાં) કોરડો લટકાવી દે જેનાથી તે બાદશાહ મઝલુમને મારે તો ખુદાવંદે આલમ તે કોરડાને સીત્તેર હજાર ગજ લાંબા સાપની સુરતમાં બદલાવી નાખશે અને તે સાપ તેને (ઝાલિમ બાદશાહની મદદ કરનારને) જહન્નમની આગમાં હંમેશા માટે વીંટળાયેલો રહેશે."

આ ઉપરાંત આપે ફરમાવ્યું : "જો કોઈ ઝાલિમના લડાઈ ઝઘડાના વ્યવહારને પોતાના હાથમાં લે અને ઝાલિમની મદદ કરે તો મૌત વખતે, મૌતના ફરિશ્તા તેને લાનતે ખુદા અને જહન્નમની ભેટ આપે છે જે ખરાબ જગ્યા છે. જો કોઈ ઝાલિમને ઝુલ્મ અને સિતમ કરવા માટે માર્ગદર્શન આપે તો હામાન (ફિરઔનના વઝીર) સાથે મશહુર થશે અને તે માણસ (એટલે કે ઝુલ્મ કરવાનું માર્ગદર્શન આપનાર)નો અને ઝાલિમનો અઝાબ બીજા જહન્નમવાસીઓ કરતા વધારે સખ્ત હશે. જો કોઈ માણસ પોતાના કોઈ મોઅમીનભાઈની બાદશાહ સામે ચાડી – ચુગલી કરશે (એટલે કે જે મુસલમાન બાદશાહને એ મોઅમિન વિશે એવી વાતો કહે જેને સાંભળીને બાદશાહ મોઅમિન ઉપર ગઝબનાક થાય)પરંતુ જો એ વાત સાંભળીને બાદશાહ તરફથી મોઅમિનને કંઈ કહેવામાં ન આવે અને તેને કંઈ પણ તકલીફ પણ પહોંચાડવામાં ન આવે તો પણ ખુદાવંદે આલમ ચુગલખોરના બધા જ નેક કાર્યોને નકામા કરી નાખે છે. પરંતુ જો બાદશાહ તરફથી તે મોઅમિન ઉપર કોઈ મુસીબત નાઝીલ થાય, (એટલે કે મુસીબત કે તકલીફ પહોંચે) તો ખુદાવંદે આલમ તેને (ચુગલખરોને) જહન્નમના એ ભાગમાં નાખી દેશે જયાં હામાનનું સ્થાન હશે.

* * * * *

# ઝાલિમોની પ્રશંસા કરવી પણ હરામ છે.

ઝાલિમોની એવી રીતે પ્રશંસા કરવી, જેનાથી તેની શાનો – શૌકત અને શક્તિમાં વૃધ્ધિ થવાનું કારણ બને અને તે વધારે ઝુલ્મ કરી શકે અથવા તેના વખાણ કરવાથી તે (વધુ) ઝાલિમ અને કઠોર બની જાય તે હરામ છે. આ વિષયનું વર્ણન અગાઉ કરવામાં આવ્યું છે. તે સિવાય નહી અનિલ મુન્કર માટે જે દલીલો પ્રસ્તુત કરવામાં આવે છે તેનાથી એ બધા કાર્યો ગુનાહે કબીરા હોવાનું સાબિત થાય છે.

ખાસ કરીને શેખ અન્સારી રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી રિવાયત નોંધે છે કે આપે ફરમાવ્યું : "જો કોઈ માણસ કોઈ દૌલતમંદ માણસને માન આપે અને તેને માનવંત જાહેર કરે, તેમજ તેની દૌલતની લાલચમાં તેને સારો સમજે તો ખુદાવંદે આલમ તેની ઉપર ગઝબનાક થશે અને તેને આગના તાબૂતમાં નાખીને સૌથી નીચેના ભાગમાં એવી જગ્યાએ નાખી દેશે જયાં કારૂનનું સ્થાન છે." (વસાએલુશ્શીયા, ભાગ ૧૪, પાનાં નં ૧૩૧) એ વાત પણ છુપી નથી કે આ રિવાયત બધાને લાગુ પડે છે અને જેની પ્રશંસા કરવામાં આવી હોય તે ઝાલિમ તથા પ્રશંસા કરનાર માણસ બંને અઝાબને પાત્ર થઈ જશે.

આ ઉપરાંત હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી રિવાયત છે કે "જો કોઈ ઝાલિમ બાદશાહની પ્રશંસા કરે અથવા તો લાલચમાં આવી જઈને પોતાને તેનાથી નાનો અને હલકો જાહેર કરે તો તે જહન્નમની આગમાં તેની જ સાથે હશે."

**(વસાઈલ ભાગ ૧૪, પા. નં ૧૩૩)**

આપે ફરમાવ્યું : "જયારે કોઈ ફાસિકની પ્રશંસા કરવામાં આવે છે, ત્યાર અર્શે ખુદા ધ્રુજી ઉઠે છે, અને પ્રશંસા કરનારને ખુદાનો ગઝબ ઘેરી વળે છે."

**(સફીનતુલ બેહાર ભાગ - ૧, પા. ૧૭૭)**

* * * * *

# ઝાલિમ તરફથી મળતો હોદ્દો ધારણ ન કરવો જોઈએ.

ઝાલિમની મદદ કરવાનું સૌથી મોટું માધ્યમ તેના તરફથી કોઈ હોદ્દો કે સ્થાન ગ્રહણ કરવું તે છે. બેશક તે સ્થાન કે હોદ્દો કોઈ પ્રકારના ઝુલ્મ કરવાનું કારણ ન હોય. દાખલા તરીકે કાનૂન વ્યવસ્થા અને સુલેહ શાંતી તથા સુરક્ષા કરવી. પણ જો તે હોદ્દાનો મૂળ હેતુ જ સિતમ કરવો હોય, જેમકે ઝાલિમ તરફથી ઝુલ્મો સિતમ કરીને લોકોનો માલ લૂંટી લેવાના કામ માટે નિયુકત થવું, તો એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી કે આ બીજી બાબતના ગુનાહ ભારે છે અને તેનો અઝાબ પણ સખ્ત છે. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની આ મશહૂર રિવાયત તોહફુલ ઓકૂલમાં નોંધવામાં આવી છે, જેમાં આપે ફરમાવ્યું : "ઝાલિમ હાકિમોના હોદ્દા તેમજ હરામ હોદ્દા એવા લોકોના હોદ્દા છે જે ઝાલિમ લોકો તરફથી કામ કરવામાં વ્યસ્ત રહે છે. એવા ઝાલિમ લોકો માટે કામ કરવું અને હોદ્દા સ્વિકારવા હરામ છે. તેવા ઝાલિમો માટે કામ કરવાથી અઝાબમાં ફસાઈ જવાશે. ભલે તે કામ થોડું હોય કે વધારે. પરંતુ તેવા દરેક કામ કે જેમાં ઝાલિમની મદદ થતી હોય તે કામ ગુનાહે કબીરામાંથી છે. ઝાલિમ તરફથી કોઈ હોદ્દો સ્વિકારવો એ હકકોને બરબાદ કરવા, બાતિલ ને જાહેર કરવા, ઝુલ્મ અને ફસાદ ફેલાવવા, આસમાની કિતાબોને નાબૂદ કરવી, પયગમ્બરોને કત્લ કરવા, મસ્જિદોનો વિનાશ અને દીનના અહેકામમાં ફેરફાર થઈ જવાનું કારણ થશે. આ કારણસર ઝાલિમો સાથે કામ કરવું અને તેમની મદદ કરવી હરામ છે. પરંતુ મજબૂરી અને લાચારીના સંજોગોમાં, જેમકે કોઈક સંજોગોમાં લોહી પીવું અને માસણનું ગોશ્ત ખાવું પણ જાએઝ થઈ જાય છે. (ત્રણ દિવસ સુધી ભુખ્યા રહેવું પડે પછી) એટલે કે જો એટલી ભારે મજબૂરીનો આલમ હોય ત્યારે ઝાલિમનો ઓહદો સ્વિકાર કરવો ગુનાહ નથી.

આ ઉપરાંત આપે ફરમાવ્યું : "જે લોકો ઝાલિમો માટે કાંઈ (કામ) કરવાનું સ્વિકારે તો એવા લોકોને કયામતના દિવસે ખુદાવંદે આલમ જે સૌથી મામુલી સજા આપશે તે સજા એ હશે કે, જયાં સુધી તમામ લોકોનો ફેંસલો ન થઈ જાય ત્યાં સુધી તેઓને (ઝાલિમનું કામ કરનારને) આગ પાસે ઉભા રાખવામાં આવશે. (અને ત્યાર પછી તેઓનો ફેંસલો કરવામાં આવશે.)"

'દારૂસ્સલામ' કિતાબના અંતમાં ઇરાકી મુકાશેકાત બરઝખીના પ્રકરણમાં સૈયદ જલીલ આરીફ નબીલ, સૈયદ મોહમ્મદ અલી ઈરાકીના 'મુકાશેફાહ' માં લખે છે કે "જેઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે એવા શખ્સ છે જેઓએ હઝરત ઇમામ મહદી અલય્હિસ્સલામની ઝિયારત કરી છે. તેઓનું કહેવું છે કે તેઓ તેમની યુવાવસ્થામાં ઈરાકમાં તેમના મૂળ વતન (કરહરૂદ) જે ઈરાકના ગામો પૈકીની એક મશહૂર વસ્તી છે, ત્યાં રહેતા હતા. તે દિવસોમાં એક એવો માણસ જેને હું નામ અને કૂળથી ઓળખતો હતો. તેમનો ઇન્તેકાલ થઈ ગયો અને અમારા ઘરની સામે જે કબ્રસ્તાન હતું તેમાં દફનાવવામાં આવ્યા. તે દફન થઈ ગયા પછી સતત ચાલીસ (૪૦) દિવસ સુધી દરરોજ તેની કબ્રમાંથી આગની જવાળાઓ નિકળતી, તેમજ રૂદન અને વિલાપનો હૃદયદ્રાવક અવાજ સંભળાતો હતો. તે દિવસોના પ્રારંભમાં એક રાતે તે મરહૂમના અવાજે ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું, જેનાથી હું બહુ જ ભયભીત થઈ મુંજાઈ ગયો. એ અવાજથી મારા શરીરમાં એટલી બધી ધ્રુજારી થવા લાગી કે હું મારી જાત ઉપર કાબૂ રાખી શક્યો નહીં, અને હું બેહોશ થઈ ગયો. જયારે મારા પરિચીતોને આ વાતની જાણ થઈ ત્યારે તેઓ બધા મને ઉપાડીને લઈ ગયા. જયારે મારી સ્થિતિ સુધરી, ત્યારે હું તે માણસની કબ્રની હાલત વિશે ખૂબ જ વિસામણમાં મુકાઈ ગયો, કારણ કે હું તે માણસની પાછલી જિંદગી વિશે કાંઈ જ જાણતો ન હતો. પાછળથી મને એ વાત જાણવા મળી કે, તે માણસ તેના મોહલ્લાની એક કચેરીમાં કામ કરતો હતો. એક દિવસ તેણે એક સૈયદ પાસે અદાલતી ટેક્ષ (કોર્ટના કરવેરા)ની માંગણી કરી. તે સૈયદ તે ટેક્ષ ભરપાઈ કરવા માટે શક્તિમાન ન હતો તેથી તે માણસે તે સૈયદને ટેક્ષ ભરપાઈ ન કરવાના ગુનાહ સબબ કૈદ કર્યો અને લાંબા સમય સુધી તે સૈયદને પોતાના ઘરની છત સાથે બાંધીને લટકાવી રાખ્યો. આમ એક સૈયદને તકલીફ પહોંચાડવાના કારણસર તેને કબ્રમાં અઝાબનો સામનો કરવો પડયો."

આ વિષયના અનુસંધાનમાં એક વિશ્ર્વસનીય માણસે લખ્યું છે કે "કેટલાક સમય પહેલા કાશાનમાં આકા મોહંમદઅલી નામનો એક માણસ રહેતો હતો જે અત્તર વેચવાનો ધંધો કરતો હતો. તેનો સંબંધ (સત્તાધિશોની) કચેરી સાથે પણ હતો. તેણે કોઈને પણ અત્તરના ખરીદ - વેચાણ કરવા પર પ્રતિબંધ મુકાવી દીધો હતો. તે સમયગાળામાં કોઈ સૈયદે એક મણ (૨૦ કીલોગ્રામ) અત્તર લીધું અને કોઈને વેચી દીધું. જયારે આ વાતની તે ઝાલિમ માણસને ખબર પડી કે ત્યારે તે બજારમાં ગયો અને તે માણસને મળીને ખૂબ જ ગાળો દીધી અને તેને એક થપ્પડ મારી દીધી. સૈયદ ઉપર આ પ્રકારનો ઝુલ્મ થતાં તે સૈયદે જતાં જતાં કહ્યું કે મારા દાદા તારા આ ઝુલ્મની સજા આપશે. તે ઝાલિમ આ વાત સાંભળી પાછો ફર્યો અને પોતાના ગુલામને મોકલ્યો અને તે સૈયદને પકડી લાવવા કહ્યું. ત્યાર પછી તેને દંડાથી માર્યો અને કહ્યું કે જા તારા દાદાને કહેજે કે મારા બાવડા ઉતારી લે. બીજા દિવસથી તે ઝાલિમને તાવ આવવા લાગ્યો અને રાતથી તેના બાવડામાં દુખાવો થવા લાગ્યો. ત્રીજા દિવસે તેના બાવડા ઉપર સખ્ત સોજો ચડી ગયો. અને તેમાંથી રસી (પરૂ) વહેવા લાગી. ચોથા દિવસે તબીબોએ તેના હાથને એવી રીતે કાપ્યા કે તેના (નીજના હાડકાના) મૂળ દેખાવા લાગ્યા. અને ઝાલિમ સાતમાં દિવસે વાસીલે જહન્નમ થયો." ઝાલિમ તરફથી કોઈ પણ હોદ્દો સ્વિકારવો એ તેના ઝુલ્મમાં બહુ જ મદદ કરવા સમાન છે. જેનું પરિણામ સીતમ છે. કારણ કે ઝાલિમના હોદ્દા અને પદ ઉપર રહીને માણસ કોઈ ઝુલ્મ કે ગુનાહ ન કરે એ વાત કોઈ રીતે શકય નથી.

દાઉદ બિન ઝરબીથી નકલ થએલ એક સહીહ રિવાયતમાં તેમણે કહ્યું કે "ઇમામ સજ્જાદ અલય્હિસ્સલામના દુશ્મનોમાંથી કોઈએ મને ખબર આપી અને કહ્યું કે મેં ઇમામ અલય્હિસ્સલામને અર્ઝ કરી કે દાઉદ બિન અલી જે (મદીનાનો હાકિમ હતો તેને) અથવા હુકુમતના બીજા સભ્યોને મારી ભલામણ કરી દે, જેથી તેઓ મને હોદ્દો અને પદવી આપે. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : હું એવું કામ હરગીઝ નહીં કરૂં. મેં

વિચાર્યું કે ઇમામ અલય્હિસ્સલામે આ કામ કરવાનું એ માટે ન સ્વિકાર્યું હોય કે તેઓને ડર હશે કે હોદ્દા ઉપર રહેવાથી ક્યાંક મારાથી કોઈ ઝુલ્મો સિતમ ન થઈ જાય. ત્યાર પછી હું ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો અને મેં મોટી મોટી કસમ ખાધી અને વચન આપ્યું કે હું કોઈ પ્રકારનો ઝુલ્મ નહીં કરૂં. તેમજ હું લોકોની મદદ સિવાય બીજું કોઈ કામ નહીં કરૂં. આ સાંભળીને ઇમામ અલય્હિસ્સલામે આસમાન તરફ જોયું. અને રોતા રોતા ફરમાવ્યું કે આ કામ કરવા કરતા આસમાન ઉપર જવું સહેલું છે. જાહેરી રીતે ઇમામ અલય્હિસ્સલામના આ કૌલનો અર્થ એ હતો કે ઝાલિમ તરફથી કોઈ હોદ્દો કબૂલ કર્યા પછી માણસ ઝુલ્મ ન કરે અને હંમેશા અદલ અને ઇન્સાફથી કામ લે એ વાત અશક્ય છે.

* * * * *

# એવા સંજોગો જયાં હોદ્દો કબૂલ કરવો જાએઝ છે.

એવા સંજોગો કે જયારે ઝાલિમ તરફથી કોઈ હોદ્દો કે પદ ગ્રહણ કરવું જાએઝ છે, બલ્કે કેટલીક વખતતો વાજીબ થઈ જાય છે જેનો ઉલ્લેખ નીચે કરવામાં આવેલ છે.

પહેલું કારણ લાચારી, બળજબરી અથવા તો તકય્યાના સંજોગોમાં જો હોદ્દો ન કબૂલ કરવામાં ઝાલિમ તરફથી જાન માલ અથવા ઇઝઝત અને આબરૂનું જોખમ હોય, (તો હોદ્દો કબૂલ કરવો જાએઝ છે.) આ પ્રકારે બળજબરી અને દબાણપૂર્વક અપાએલ હોદ્દો કબૂલ કરવા માટે આમ અને ખાસ બંને પ્રકારની ઘણી દલીલો મળે છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઇરશાદ ફરમાવે છે : "જે વસ્તુ માટે મારી ઉમ્મત ઉપર બળજબરી કરીને (તેને) મજબૂર કરવામાં આવશે, તે વસ્તુ વિશે તેને સવાલ કરવામાં નહીં આવે."

**(કિતાબે ખેસાલ, પાના નં ૪૧૬)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું : "ખુદાવંદે આલમે કોઈ વસ્તુ એવી પૈદા નથી કરી જે મજબૂરીના સંજોગોમાં હલાલ ન થઈ જતી હોય." વસાએલુશ્શીયામાં હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની રિવાયત નોંધવામાં આવી છે તે મુજબ તેઓએ મામુન રશીદ તરફથી જે હોદ્દો ધારણ કર્યો હતો તેનું કારણ બળજબરી અને **"તકય્યાહ"** હતું.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને ઝાલિમ બાદશાહ માટે કામ કરવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે આપે ફરમાવ્યું : "જાએઝ નથી પણ જો માણસ કોઈ પણ રીતે ખાવા પીવાની વસ્તુઓ મેળવવાની શક્તિ ધરાવતો ન હોય, જીવનું જોખમ હોય, અને બધો આધાર ફકત બાદશાહનું કોઈ કામ કે હોદ્દો કબૂલ કરવા ઉપર આધારિત હોય તો વાંધો નથી. જો કોઈ ઝાલિમ હાકિમ મારફતે તેના સુધી માલ પહોંચે તો તેનું ખુમ્સ એહલેબૈત અલય્હેમુસ્સલામને પહોંચાડી દેવું જોઈએ."

હોદ્દો સ્વિકારવાનો બીજો પ્રકાર એ છે કે, એવો હોદ્દો સ્વિકારવામાં આવે જેનાથી કોઈ ઝુલ્મ કે સીતમ થતો ન હોય. દાખલા તરીકે લશ્કરી કે મુલ્કી હોદ્દો, જેનાથી દેશમાં શાંતિ, સલામતી અને કાયદો તથા વ્યવસ્થાની જાળવણી, રસ્તાઓ અને મુસલમાનોની સરહદોની દેખરેખ અને તેવી જ રીતે બીજી જવાબદારીઓ કે જેનો હેતુ ફક્ત મુસલમાનોના કામોની સુધારણા અને મઝલુમોની અને મોઅમિનોની મદદ કરવાનો અને હકદારોને તેમના હક પહોંચાડવાનો હોય તો તેવો હોદ્દો કબૂલ કરવામાં કોઈ વાંધો નથી. આ વાતનો ખુલાસો એ છે કે આ પ્રકારનો હોદ્દો ઝાલિમો તરફથી સ્વિકારવાનો ઇરાદો ફક્ત અદલ (ન્યાય)નો પ્રચાર કરવાનો અને મોઅમિનો સાથે અહેસાન કરવાનો હોય તો એવો હોદ્દો સ્વિકારવો જાએઝ છે. એટલું જ નહીં પણ વધારે મુસ્તહબ છે. ઝીયાદ બિન અબી સલમા કહે છે કે હું હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામના ખિદમતમાં હાજર થયો ત્યારે ઇમામે મને ફરમાવ્યું કે તમે હુકુમતના નોકરીયાત છો ? મેં કહયું જી હા ઇમામ

અલય્હિસ્સલામે ફરમાવ્યું : શા માટે ? મેં કહ્યું : હું મુરૂવ્વત વાળો, અહેસાન કરનારો તથા જરૂરતમંદોને મદદ કરનારો છું અને આ રીતે હું મારી નોકરી મૂકી શકતો નથી. ઉપરાંત હું બાલ બચ્ચાવાળો માણસ છું અને મારા જીવન નિર્વાહ માટે મારી પાસે બીજો કોઈ રસ્તો નથી. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "મને પહાડની ઉંચી ટોચ ઉપરથી ફેંકી દેવામાં આવે અને મારા ટુકડે ટુકડા થઈ જાય, એ મને વધારે પસંદ છે એના કરતા કે હું એવા લોકોના કામ કરૂં અથવા એમના ઘરમાં પગ મુકુ કે જે ઝુલ્મ કરે છે. પરંતુ એક વાત હું પસંદ કરીશ. શું તમે જાણો છો કે ક્યા સંજોગોમાં ? મેં કહ્યું : મારી જાન આપ ઉપર ફીદા થઈ જાય, હું નથી જાણતો. ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું: એ સિવાય કે મોઅમિનોને તેમના ગમ અને તકલીફોથી મુક્તિ અપાવું. અથવા કોઈ કૈદી મોઅમિનને કૈદમાંથી છુટકારો અપાવું અથવા કોઈ મોઅમિનનું કર્ઝ અદા કરૂં." ત્યાર પછી આપે ફરમાવ્યું : "ઝીયાદ, જો તમને ઝાલિમ તરફથી કોઈ હોદ્દો મળે તો તમારા મોઅમિન ભાઈઓ સાથે નેકી કરો જેથી એ લોકોના કામોમાં વ્યસ્ત રહેવાના કારણે તમે જે ગુનાહના કામમાં (ઝાલિમનો હોદ્દો સ્વિકારીને) વ્યસ્ત રહો છો, તેનું પ્રાયશ્ચિત થઈ જાય અને ગુનાહ માફ થઈ શકે."

ફઝલ બિન અબ્દુર રહેમાન કહે છે કે મેં હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામને લખ્યું : "મને હુકુમતમાં નોકરી કરવાની પરવાનગી આપો." ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું "જો તમે અહેકામે ઇલાહીમાંથી કોઈ હુકમમાં ફેરફાર ઉભો ન કરો, હુદુદે ઇલાહીમાંથી કોઈ હદને બાતિલ ન કરો, તો કોઈ વાંધો નથી અને તમે તમારા મોઅમિન ભાઈઓની હાજત પૂરી કરો તો તે તમારા અમલનો કફ્ફારો બનશે."

હારૂનના વઝીર અલી બિન યકતીને હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામને લખ્યું : "આપ મને હોદ્દા ઉપર રાજીનામુ આપી દેવાની પરવાનગી આપો." આપે જવાબમાં લખ્યું : "તમે ઝાલિમોની હુકુમતમાંથી જુદા થઈ જાવ તે બાબત હું તમારા માટે જાએઝ સમજતો નથી. ખુદાવંદે આલમ માટે ઝાલિમોના દરબારમાં એવા લોકો છે, જેઓ મારફત ખુદા પોતાના દોસ્તોની મુસીબતોને દૂર કરે અને આ એવા લોકો છે જેઓને ખુદાવંદે આલમ માટે ઝાલિમોના દરબારમાં એવા લોકો છે, જેઓ મારફત ખુદા પોતાના દોસ્તોની મુસીબતોને દૂર કરે અને આ એવા લોકો છે જેઓને ખુદાવંદે આલમે જહન્નમની આગથી મૂકત રાખ્યા છે. તેથી તમારા ભાઈઓના સંબંધમાં અલ્લાહથી ડરતા રહો.

**(મુસ્તદરકુલ વસાઈલ, બાબ ૩૯)**

મોહમ્મદ બિન ઇસ્માઈલ બઝી, જે હારૂનના વઝીરો પૈકીના એક વઝીર હતા, તેઓએ ત્રણ ઇમામ હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામની ઝિયારતનો શરફ મેળવ્યો હતો અને પોતાના કફન માટે ઇમામ જવાદ અલય્હિસ્સલામની ઝિયારતનો શરફ મેળવ્યો હતો અને પોતાના કફન માટે ઇમામ જવાદ અલય્હિસ્સલામ પાસેથી તેમનું પહેરણ લીધું હતું. તેઓ ઇમામ રઝા અલય્હિસ્સલામની રિવાયત કરે છે કે તેઓએ ફરમાવ્યું :

"ખુદાવંદે આલમની મસ્લેહતથી ઝાલિમોના દરબારમાં એવા લોકો છે, જેમની મારફત ખુદા પોતાની હુજ્જતને જાહેર કરે છે અને તેઓને શહેરો ઉપર નિયુકત કરે છે. એટલે સુધી કે તેવા લોકો મારફત પોતાના દોસ્તોની પરેશાનીઓને દૂર કરે છે, અને તેમની મારફત મુસલમાનોના કામોની મદદ કરે છે. મોઅમિનો મુશ્કેલીઓમાં તેમનું શરણ લે છે. તેમની મારફત જ અમારા જરૂરતમંદ શીઆઓની જરૂરતો પુરી થાય છે. અને ખુદાવંદે આલમ તેમના વસીલાથી મોઅમિનોના ભય અને ગભરાહટને ઝાલિમોના ઘર ઉપર મુકર્રર કરી દે છે, એ જ વાસ્તવિક મોઅમિનો છે જે ખુદાની જમીન ઉપર તેમના અમીન છે." અને ફરમાવ્યું : "તેઓને એ સ્થાન અને મરતબો મુબારક થાય." ત્યાર પછી આપે ફરમાવ્યું : "તમારામાંથી કોઈ એક તે તમામ હોદ્દાઓ સુધી

પહોંચી જાય તો કેટલું સારૂં " મોહમ્મદ બિન ઇસ્માઈલે ફરમાવ્યું: "હું આપ ઉપર ફીદા થઈ જાઉં, માણસ એ દરજ્જા સુધી કઈ રીતે પહોંચી શકે." ઇમામે ફરમાવ્યું : "અમારા શીઆ ઝાલિમો સાથે રહીને પણ મોઅમિનોના દિલોને ખૂશ કરે છે, જેનાથી અમે રાજી થઈએ છીએ. અય મોહમ્મદ, ત્યાર પછી જેમના દરજ્જા બુલંદ છે, તેવા લોકોમાં તમારી ગણત્રી થશે."

* * * * *

# એક પ્રસંગે હુકુમત અથવા તો કોઈ હોદ્દો સ્વિકારવો વાજીબ છે.

કેટલાક લોકો માટે હુકૂમત કબૂલ કરવી અને કેટલાક હોદ્દા ઉપર રહેવું વાજીબ થઈ જાય છે. પરંતુ એ શરતે કે જો કોઈ માણસને એ વાતની ખાત્રી હોય કે જો તે અમુક હોદ્દો કબૂલ કરી લેશે તો દીની ફસાદમાંથી કોઈ ફસાદનો અંત લાવી શકશે અથવા તો ગૈર શરઈ વાતો પૈકી કોઈ વાતને રોકી શકે તેમ છે. પરંતુ આવો મૌકો બહુ જ ઓછો જોવા મળે છે. કેમકે તેની પાયાની શરત પોતાના આત્મવિશ્ર્વાસ ઉપર છે. એટલે કે એ હોદ્દો કબૂલ કરી લીધા પછી પણ તેનાથી કોઈ પણ પ્રકારનો ઝુલ્મ, સિતમ અથવા ગુનાહ ન થાય, તે અદલો ઇન્સાફ પૂર્વક કામ કરે અને ખુદાના હુકમની વિરૂધ્ધ કોઈ કામ ન કરે. એ વાત સ્પષ્ટ છે કે એ હેતુ પ્રાપ્ત કરવો ખૂબ જ મુશ્કેલ છે. કારણ કે હુકૂમતમાં બહુ જ મોટા જોખમો છુપાએલા હોય છે અને તેનાથી બચવું બહુ જ મુશ્કેલ હોય છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે એહવાઝના હાકિમ અબ્દુલ્લાહ નજ્જાશીના પત્રના જવાબમાં આ પ્રમાણે લખ્યું : "મેં સાંભળ્યું છે કે, તમે એહવાઝની હુકુમત સંભાળી લીધી છે. આ સમાચાર સાંભળવાથી હું ખૂશ થયો છું અને ગમગીન પણ થયો છું. હું ખૂશ એ માટે થયો છું કે આશા છે કે ખુદાવંદે આલમ તમારા વસીલાથી આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામના દોસ્તોની તકલીફો અને પરેશાનીઓને દૂર કરશે અને તેમની સહાય થશે. અને તમારી મારફત વિરોધીઓની આગ તેમના માટે ઠંડી કરશે. હું ગમગીન છું એ માટે સૌથી મામૂલી વાત એ છે કે મને તમારા વિશે એ વાતનો ડર છે, ક્યાંક તમે અમારા દોસ્તોમાંથી કોઈની પરેશાની અને બેચેની માટે કારણરૂપ બની ન જાઓ અને (તેના લીધે) બેહીશ્તની ખૂશ્બુ પણ તમારા સુધી ન પહોંચે."

**(કિતાબે મકાસીદે મોહર્રમા)**

હઝરત પયગમ્બરે ઇસ્લામ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે : "જે માણસ કોઈ કૌમની રાહબરી (આગેવાની)ના હોદ્દા ઉપર નીમાયો હશે તેને કયામતના દિવસે એ રીતે ઉભો કરવામાં આવશે કે તેના બંને હાથ તેની ગરદનની આજુબાજુ બંધાએલા હશે, જો તેણે લોકોની વચ્ચે ખુદાના હુકમ પ્રમાણે અમલ કર્યો હશે તો ખુદા તેને આઝાદ કરી દેશે. પરંતુ જો તેણે સિતમ કર્યો હશે તો દોઝખમાં ફેંકી દેવામાં આવશે અને તે (દોઝખ) ખૂબ જ ખરાબ જગ્યા છે. જો કોઈ કૌમનો આગેવાન લોકોની સાથે ઇન્સાફ અને નેકી નહીં કરે તો તેણે જેટલા દિવસ હોદ્દો સંભાળ્યો હશે (હુકૂમત કરી હશે) તે એક એક દિવસના બદલામાં હજાર હજાર વર્ષ સુધી તેની ગરદનની પાછળ હાથ બાંધીને જહન્નમના કિનારે ઉભો રાખવામાં આવશે. જો તેણે ઇલાહી હુકમોનું પાલન કર્યુ હશે તો તે આઝાદ થઈ જશે અને જો તેણે ઝુલ્મ કર્યો હશે તો તેને જહન્નમની સીત્તેર વર્ષના અંતર જેટલી ઉંડી ખાઈમાં નાખી દેવામાં આવશે."

**(વસાઈલ ભાગ ૧૪, પાના નં ૧૩૭)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું : "જો કોઈ માણસ લોકોના કામો પૈકી કોઈ કામો (કરવા) માટે જવાબદાર હોય, અને જો તે લોકો વચ્ચે અદલ (ન્યાય)થી કામ લે અને તેની મદદ

માંગનારની મદદ કરવા માટે પોતાના ઘરના દરવાજા ખુલ્લા રાખે, અને તેમનાથી વિમૂખ ન રહે, અને લોકોના કામોની દેખરેખ રાખે, તો ખુદા તેને કયામતના દિવસે ભય અને ડરથી સુરક્ષિત રાખશે અને બેહીશ્તમાં દાખલ કરશે.

**(કિતાબ વસાઈલ તિજારત ભાગ ૪૬, પાના નં ૧૪૦)**

યાદ રાખો કે આ વિષયની અલગ અલગ શાખાઓ માટે અપવાદરૂપ હોય તેવા ઘણાં હુકમો છે, અને કિતાબમાં લંબાઈ ન થઈ જાય એ વાત ધ્યાનમાં છે, તેથી તે બધા પ્રસ્તુત કરવામાં આવતા નથી. આ વિષયની વધુ વિગત જાણવાની આતુરતા ધરાવતા વાચકો ફીકહની કિતાબોનો અભ્યાસ કરી શકે છે.

* * * * *

# ઝાલિમની ઝુલ્મ સિવાયના કામમાં મદદ કરવી.

ઝાલિમની ઝુલ્મના કામો સિવાયના કામમાં મદદ કરવી. દાખલા તરીકે ઝાલિમની ખિદમત કરવી, તેના કપડાં સીવી આપવા અથવા તેના માટે ઇમારત બનાવી આપવી, તેના ખજાનાનું રક્ષણ કરવું. આ જ પ્રકારની બીજી બાબતો જેના ત્રણ પ્રકાર છે.

**(૧)** કેટલીક વખત અહીં દર્શાવેલ કામો હરામ કાર્ય કરવાનું કારણ બને છે. દાખલા તરીકે એવી જમીન કે જે ગસબ કરવામાં આવી હોય, તેવી જમીન ઉપર કોઈ કારીગરને મકાન બનાવી આપવાનો હુકમ આપે અથવા એ કાપડ જે લોકો પાસેથી બળજબરીપૂર્વક આંચકી લેવામાં આવ્યું હોય તેને કોઈ દરજી સીવી આપે અથવા લોકોનો માલ જે લૂંટી લેવામાં આવ્યો હોય તેનું રક્ષણ કરવામાં આવે અને તેની જેવા જ બીજા કાર્યો. આ પ્રકારના કાર્યોમાં મદદ કરવી હરામ હોવામાં કોઈ શક નથી. કારણ કે જયારે માણસ એ વાત જાણતો હોય કે તે વસ્તુ પચાવી પાડેલી છે તો તે વસ્તુ વાપરવી કે ખર્ચ કરવી હરામ છે, ભલે તે ગસબ કરનારો વાપરે કે બીજો કોઈ વાપરે.

**(૨)** એ પ્રકારના કામો જે હરામ તો ન હોય, પરંતુ તે કામોનો સંબંધ ઝાલિમો સાથે હોવાને કારણે ઝાલિમની મદદ કરવા સમાન ગણાતા હોય અને તેનાથી ઝાલિમની જો હુકમી અને શાનો શૌકતનું કારણ બનતું હોય અને તેનું નામ ઝાલિમોની યાદીમાં લખવામાં આવતું હોય અને તેની ગણત્રી હકકો ગસબ કરનાર (પચાવી પાડનાર)માં થતી હોય તો ઘણી રિવાયતોથી એ વાત સ્પષ્ટ થાય છે કે આ પ્રકાર પણ હરામ છે.

**(3)** હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : “જો કોઈ માણસ પોતાનું નામ, બની અબ્બાસના દફતરમાં લખાવે તો કયામતના દિવસે તે સુવ્વર (ભુંડ)ના સ્વરૂપમાં મશહૂર થશે.”

**(વસાઈલ કિતાબે તિજારત પ્રકરણ ૪૨ પાના નં ૧3૦, ભાગ ૧૪)**

બીજી રિવાયતમાં ફરમાવે છે, “મહેશરમાં તે કાળી શકલમાં વારીદ થશે.”

આ ઉપરાંત આપે ફરમાવ્યું : “મસ્જિદના નિમાર્ણમાં ઝાલિમોની મદદ ન કરો.”

**(વસાઈલ, કિતાબે તિજારત પ્રકરણ ૪૨, પાના નં ૧૩, ભાગ ૧૪)**

ઇબ્ને અબી યઅફૂર કહે છે કે, હું ઇમામ સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર હતો ત્યારે આપના શીઆઓમાંથી એક માણસ આવ્યો અને ઇમામ અલય્હિસ્સલામને કહેવા લાગ્યો કે “હું આપ ઉપર કુરબાન જાઉં, અમારામાંથી કેટલાક લોકોને કયારેક આર્થિક મુશ્કેલીઓનો અને તંગદસ્તીનો સામનો કરવો પડે છે અને એ હાલતમાં હોઈએ છીએ ત્યારે બની અબ્બાસ (એ જમાનાના ઝાલિમ હુકમરાનો) તરફથી ઇમારતો બનાવવા અથવા નહેર ખોદવા અથવા તો ખેતીનું કામ કરવા માટે એ લોકોને બોલાવવામાં આવે છે. આપ એ વિશે શું ફરમાવો છો ?”

ત્યારે ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : "તેમના માટે હું એક ગાંઠ વાળવી અથવા તો મશક (ચામડાના પાણીની થેલી)નું મૂખ બંધ કરવું અથવા થેલાનો છેડો બાંધવો પણ પસંદ કરતો નથી. ભલે તેઓ મને તેના બદલામાં મદીનામાં જે કાંઈ છે તે બધી વસ્તુઓ આપી દે તો પણ હું તેમને કલમની ટાંક ઉપર જેટલી શાહી લાગે તેટલી મદદ કરવાનું પણ પસંદ કરતો નથી. બેશક કયામતના દિવસે જયાં સુધી ખુદા તમામ લોકોનો ફેંસલો ન કરે ત્યાં સુધી ઝાલિમ લોકોને આતિશે જહન્નમના કિનારે ઉભા રાખશે."

મોહમ્મદ બિન અઝાફરથી રિવાયત છે કે, હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામે મારા પિતા અઝાફરને ફરમાવ્યું : "અય અઝાફર, મારા સુધી ખબર પહોંચી છે કે, તમે અબૂ અય્યૂબ અને અબૂ રબીઅની સાથ અરસ પરસ લેવડ દેવડ કરો છો. તો પછી એ વખતે તમારી કેવી હાલત થશે જયારે તમારૂં નામ પણ ઝાલિમોની મદદ કરનારાઓની યાદીમાં લખવામાં આવશે." ઇમામ અલયહિસ્સલામનું આ ફરમાન સાંભળ્યા પછી મારા વાલિદ ગમગીન અને પરેશાન થઈ ગયા. જયારે ઇમામ અલયહિસ્સલામે તેમની બેચૈની જોઈ ત્યારે ફરમાવ્યું કે "અય અઝાફર હું તમને એ વાતથી ડરાવું છું કે જેનાથી ખુદાએ મને ડરાવ્યો છે." આ વાત સાંભળ્યા પછી મારા વાલિદ મરતા દમ સુધી ગમગીન રહ્યા.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામ ફરમાવે છે : ખુદા માટે એ વાત જરૂરી છે કે તમને એ જમાત સાથે મશહુર કરે જેમની પાસેથી તમે દુનિયામાં ફાયદો ઉઠાવતા રહેતા હતા." આ ઉપરાંત આપે ફરમાવ્યું "કેટલાક લોકો જે હઝરત મૂસા અલયહિસ્સલામ ઉપર ઈમાન લાવી ચૂકયા હતા તેઓ મનમાં એવું વિચારતા હતા કે આપણે ફીરઔનના લશ્કરમાં શામીલ થઈ જઈએ અને તેની પાસેથી દુન્યવી ફાયદો મેળવી લઈએ. જયારે હઝરત મૂસા અલયહિસ્સલામ ફિરઔન ઉપર વિજય મેળવી લે ત્યારે તેઓની સાથે શામિલ થઈ જશું. આમ વિચારીને તેઓ જયારે હઝરત મૂસા અલયહિસ્સલામ પોતાના સાથીઓ સાથે (કે જેઓ ઈમાન લાવી ચૂક્યા હતા.) ફિરઔનનો સામનો કરવો આવ્યા ત્યારે તેઓ ફિરઔન પાસેથી ઝડપથી સવારી ઉપર સવાર થઈને નાસી છુટયા, જેથી હઝરત મૂસા અલયહિસ્સલામના લશ્કરમાં ભળી શકે. પરંતુ તે વખતે ખુદાવંદે આલમ જલ્લ જલાલહુએ એક ફરિશ્તાને મોકલ્યો જેણે તે લોકોની સવારીના જાનવરોને મારી નાખ્યાં જેથી તેઓને ફિરઔનના લશ્કર તરફ પાછું ફરી જવું પડયું અને તેઓ ફિરઔનના લશ્કરની સાથે દરીયામાં ડુબી ગયા."

**(વસાઈલ કિતાબે તિજારત પ્રકરણ ૪૪, ભાગ ૧૪૫, પાના નં ૧૩૪)**

તેમજ આપે ફરમાવ્યું છે કે, "ખુદાથી ડરો, તમારા દીનને તકય્યા, બેનીયાઝી (બીજા ઉપર નિર્ભર ન રહેવું) અને તેના ફઝલથી મજબૂત કરો અને હુકૂમતના સત્તાધીશો પાસે તમારી કોઈ હાજતની માંગણી રજૂ કરવાથી બચો, અને જો કોઈ માણસ કોઈ દુનિયાદાર માણસ અથવા મઝહબના વિરોધી પાસે એવી વસ્તુ માટે આજીજી અને નમ્રતાભર્યું વર્તન કરે તો ખુદાવંદે આલમ તેને ઝલીલ અને રૂસ્વા કરશે અને તેને પોતાનો દુશ્મન ગણશે અને તેને તેના પોતાના હાલ ઉપર મૂકી દેશે. જો કોઈ માણસની મારફત તેને કોઈ માલે દુનિયા મળે તો ખુદા તે માલમાંથી બરકત ઉઠાવી લેશે અને જો તે માલમાંથી હજ કરશે અથવા ગુલામ આઝાદ કરશે અથવા બીજા કોઈ નેક કામ કરશે તેનો સવાબ તેને નહીં મળે.

**(તહઝીબ, ભાગ - ૬, પાનાનં 33)**

અલી બિન હમ્ઝા કહે છે, કે "બની ઉમય્યાના કાતિબો (લહીયા લખનારાઓ)માં મારો એક મિત્ર હતો. તેણે કહ્યું કે હું હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામને મળવા માગું છું. તેણે ઇમામ અલયહિસ્સલામની ખિદમતમાં હાજર થઈ સલામ કર્યા પછી કહ્યું કે હું આપ ઉપર કુરબાન થાઉં. હું બની ઉમય્યાના દરબારમાં હતો ત્યારે તેમની મારફત મને ઘણો માલ મળ્યો છે. તે માલ ભેગો કરવામાં મેં હલાલ કે હરામની પણ પરવાહ

કરી નથી. ઇમામે ફરમાવ્યું : જો બની ઉમય્યાના દરબારમાં અમારા ચાહવાવાળાઓમાં તારી જેવા લોકો હોત, જે તેમના માટે લખાણ લખતા હોત, તેમના માલને ભેગો કરતા હોત, તેમના દુશ્મનો સાથે જંગ કરતા હોત અને તેમની જમાતમાં હાજર રહેતા હોત. તો બેશક તેઓ અમારા હકને ગસબ કરી શક્યા ન હોત.અને લોકો તેમને તેમના હાલ ઉપર મૂકી દેત. જે કંઈ તેમની પાસે હતું તેની સિવાય તેમને કાંઈ ન મળત. ત્યાર પછી તે માણસે કહ્યું : હું આપ ઉપર કુરબાન થઈ જાવ. મેં જે કાર્ય કર્યું છે તે કર્યા પછી પણ શું મારી નજાત થઈ શકે ખરી ? ઇમામે પૂછયું : શું હું જે કાંઈ કહીશ તેની ઉપર અમલ કરીશ ખરો ? ઇમામે ફરમાવ્યું : તે ત્યાં (બની ઉમય્યાના દરબારમાં) રહીને જે કાંઈ ભેગુ કર્યું છે તેને જુદુ પાડી દે અને તે માલનાં હકદાર પૈકી કોઈને તું ઓળખતો હતો તો તેનો હક અદા કરી દે અને ઓળખતો ન હોય તો તેમના તરફથી (તેટલો માલ) સદકામાં આપી દે જેથી હું તને એ વાતની જામિનગીરી આપીશ કે ખુદા તને બેહીશ્તમાં દાખલ કરી દેશે. અલી બિન  હમ્ઝા કહે છે કે, તે જુવાને થોડી વાર સુધી પોતાનું માથું નમાવી દીધું અને ત્યાર પછી કહ્યું, હું આપ ઉપર કુરબાન થાઉં આપે જે કાંઈ ફરમાવ્યું છે, તેની ઉપર હું અમલ કરીશ. ત્યાર પછી તે અમારી સાથે કુફા આવ્યો અને તેની પાસે જે કાંઈ માલ હતો તે બધો આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું હતું તેવી જ રીતે હકદારો (માલના માલિકો)ને પાછો સોંપી દીધો અને બાકીનો માલ સદકામાં આપી દીધો. એટલે સુધી કે તેણે જે કપડા પહેર્યા હતા તે પણ આપી દીધા. ત્યાર પછી મેં મારા સાથીદારો પાસેથી થોડી રકમ લઈને તેના માટે કપડા ખરીદયાં અને કપડાં સાથે તેના માટે ખર્ચની રકમ પણ મોકલી. થોડા મહીના પછી તે બીમાર પડી ગયો. એક દિવસ હું તેના ખબર અંતર પૂછવા માટે ગયો. મેં જોયું કે તે સકરાતની હાલતમાં છે, તેણે પોતાની આંખો ખોલી અને કહ્યું કે અય અલી બિન હમ્ઝા, ખુદાની કસમ, તમારા ઇમામે જે વાયદો કર્યો હતો તેને પૂરો કર્યો છે. પછી તેનો ઇન્તેકાલ થઈ ગયો. મેં તેને ગુસ્લ કફન આપીને દફન કર્યો. તે પછી હું હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં મદીના પહોંચ્યો ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : અય અલી, મેં તારા સાથીદારને જે વાયદો કર્યો હતો તે વફા કર્યો છે. મેં કહ્યું : આપ ઉપર કુરબાન જાવ. આપે જે વાત ફરમાવી છે તે સાચી છે. કારણ કે મારા સાથીદારે પણ મરતી વખતે આ વાતનું સમર્થન કર્યું હતું."

**(વસાઈલ કિતાબે તિજારત પ્રકરણ ૭૬, પાના નં ૫૧૫)**

* * * * *

# એવી મદદ જે હરામ હોવી અથવા જેનાથી ઝાલિમને પીઠબળ મળવાની વાત સાબિત ન થાય.

**(૩)** ત્રીજા પ્રકારમાં એવા કાર્યો શામિલ છે, જેમાં કોઈ પ્રકારની મર્યાદા (ભંગ થવા)નો દ્રષ્ટિકોણ નથી. અને તેમાં ઝાલિમને પીઠબળ મળતું નથી. અને એ કામોને કારણે તે માણસને જનસાધારણની ભાષામાં ઝાલિમની મદદ કરનાર પણ ગણવામાં આવતો નથી. દાખલા તરીકે પોતાનું વાહન, ગાડી વગેરે તેમને ભાડે આપવા અથવા જાએઝ વસ્તુઓને ઉપાડવા માટે તેમની પાસેથી વાહન વગેરે લેવા. દાખલા તરીકે ખાધા ખોરાકીની વસ્તુઓને એક શહેરથી બીજા શહેર સુધી લઈ જવી, અથવા તો એ પ્રકારના કામદારો વગેરે જે પૈસા લઈને ઇમારતો બાંધવાના કામમાં રોકવામાં આવે છે, તેમને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા. આ પ્રકારનું કામ હરામ હોવું સાબિત નથી. પરંતુ કેટલાક બુઝુર્ગોએ ફરમાવ્યું છે કે : "સખ્ત એહતિયાત (સાવધાની) માટે એવા કામ કરવાનું છોડી દેવું જોઈએ. કારણ કે આના અનુસંધાનમાં આગળ જે રિવાયતનો ઉલ્લેખ

કરવામાં આવ્યો છે તે સંપૂર્ણ (અધિકૃત) હોવાની વિગતમાં આ પ્રકારનો સમાવેશ થઈ જાય છે. બીજી વાત એ છે કે એવા કામ કરવાથી માણસનું વલણ ઝાલિમ તરફ થઈ જતું હોય છે."

* * * * *

# સફવાને જમ્માલને હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામનું ફરમાન

સફવાન બિન મહેરાન જમ્માલે કૂફી, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામના સહાબી હતા. તેઓ ખૂબ જ મુત્તકી અને પરહેઝગાર માણસ હતા. તેઓનો વ્યવસાય ઉંટો ભાડે આપીને રોઝી કમાવાનો હતો. આ કારણથી તેમના પાસે ઘણા બધા ઉંટો હતા. તેઓ કહે છે કે "એક દિવસ હું હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો. ત્યારે ઇમામે ફરમાવ્યું : અય સફવાન, તમારા એક કામ સિવાયના બધા કામો સારા છે. મેં કહ્યું : હું આપ પર કુરબાન થાઉં. મારૂં ક્યું કામ સારૂં નથી ? આપે ફરમાવ્યું : તું એ માણસ (હારૂન રશીદ - ખુદા તેની ઉપર લાનત કરે)ને તારા ઉંટો ભાડે આપે છે. મેં અર્ઝ કરી "હું મારા ઉંટો પૈસાની લાલચ માટે કે મારી સંપત્તિમાં વધારો કરવા માટે આપતો નથી. એટલું જ નહીં, પક્ષીઓના શિકાર માટે કે લહવો લએબના (નકામા) કામો માટે પણ ઉંટો ભાડે આપતો નથી. પરંતુ ખુદાની કસમ, તે (હારૂન રશીદ) જયારે હજ માટે જાય છે, ત્યારે ઉંટો ભાડે આપું છું. અને ઉંટોની રખેવાળી માટે હું પોતે સાથે જતો નથી પણ મારા ગુલામોને મોકલું છું. ઇમામે ફરમાવ્યું : શું તું ઉંટના ભાડાની રકમ અગાઉથી રોકડી વસુલ કરી લે છે કે તેની પાસેથી અથવા તેના વારસદારો પાસેથી ભાડાની રકમ વસુલ કરવાની બાકી રહે છે ? મેં અર્ઝ કરી, તે ઉંટના ભાડાની રકમ હજ કરીને પાછો ફરે છે ત્યારે અદા કરે છે. ઇમામ અલય્હિસ્સલામે પૂછયું : શું તું એ વાત પસંદ કરે છે કે હારૂન અને તેના સગા વહાલા (વારસદાર) તારી રકમ મળી જાય ત્યાં સુધી જીવતા રહે ? મેં જવાબ આપ્યો "જી, હા" ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "જે કોઈ તે લોકો (ઝાલિમો) જીવતા રહે તે પસંદ કરે તો તે એ લોકોની જેવા જ (ઝાલિમ) છે અને જો કોઈ તેઓની સાથે મહ્સુબ (જોડાએલા) હોય તો તેવા લોકો દોઝખમાં જશે."

**(વસાએલુશ્શીયા, કિતાબે તિજારત, પ્રકરણ ૪૨, પાના નં ૧૩૨, ભાગ - ૧૨)**

સફવાન કહે છે કે "ઇમામ અલય્હિસ્સલામના ફરમાન પછી મેં મારા બધા જ ઉંટોને વહેંચી દીધા. જયારે આ વાતની હારૂન રશીદને ખબર પડી ત્યારે તેણે મને બોલાવ્યો અને કહ્યું કે : મેં સાંભળ્યું છે કે તમે તમારા બધા જ ઉંટો વહેંચી દીધા છે મેં કહ્યું : જી હા, હવે હું વૃધ્ધ અને અશકત થઈ ગયો છું અને ઉંટોની સંભાળ રાખી શકતો નથી. તેમજ મારા ગુલામો પણ ઉંટોની જેવી રીતે સાર સંભાળ લેવી જોઈએ તેવી સાર સંભાળ કરી શકતા નથી. હારૂને કહ્યું : હકીકત એ નથી. હું જાણું છું કે તમને આમ કરવાનું કોણે કહ્યું છે આ કામ હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામના ઇશારામાં કરવામાં આવ્યું છે. મેં કહ્યું : ભલા, મારે મૂસા બિન જઅફર અલય્હિસ્સલામ સાથે શું મતલબ ? તેણે કહ્યું, તમે જુઠ્ઠુ બોલો છો. જો આપણા સંબંધો વર્ષો જુના ન હોત તો હું તમને કત્લ કરાવી નાખત."

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું : "કોઈ ઝાલિમો હયાત રહે તેવું પસંદ કરે તો તે માસીય્યતે ઇલાહી (અલ્લાહની અવજ્ઞા) બાકી રહે તે પસંદ કરે છે."

**(વસાએલુશ્શીયા, કિતાબે તિજારત, પ્રકરણ ૪૪, પાના નં ૧૩૪, ભાગ ૧૪)**

આ જ પ્રમાણે કુરઆને શરીફની એક આયતે શરીફા છે : "ઝાલિમોની તરફ વલણ ના રાખો નહીંતર તમને દોઝખની આગની જવાળાઓ લપેટી લેશે."

**(સૂરએ હુદ, ૧૧૫)**

ઉપરની આયત વિષે સ્પષ્ટતા કરી હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ફરમાવ્યું : "જો કોઈ માણસ કોઈ બાદશાહની પાસે આવે અને ફકત બાદશાહ પોતાના થેલામાં હાથ નાખીને તેને કંઈક રકમ આપે તેટલી વાર સુધી જીવતો રહે તેવું પસંદ કરે."

**(વસાએલુશ્શીયા, કિતાબે તિજારત પ્રકરણ ૪૪, પાના નં ૧૩૩)**

ઉપરની વાતનો સારાંશ એ છે કે ઝાલિમ જરા વાર માટે પણ જીવંત રહે તેવું પસંદ કરવું એ ઝાલિમ તરફ કુણું વલણ રાખવા સમાન છે.

* * * * *

# એવા ઝાલિમની મદદ કરવી જેનો વ્યવસાય ઝુલ્મ કરવો ન હોય, એ પણ હરામ છે.

એવા ઝાલિમની મદદ કરવી કે જેનો વ્યવસાય ઝુલ્મ કરવાનો ન હોય પણ આકસ્મિક રીતે કોઈક વખત તેનાથી ઝુલ્મ અથવા સિતમ થતો હોય. એટલે કે તે નિર્દોષને કત્લ કરી નાખે અથવા કોઈને બેઇઝઝત કરે અથવા કોઈનો માલ લૂંટી લે અને તેનો હક અદા ન કરે, તેવા ઝાલિમની ઝુલ્મ કરવામાં મદદ કરવી હરામ હોવામાં શંકા નથી. એટલે કે કોઈ માણસ એ વાત જાણતો હોય કે આ માણસ આવા કામમાં ઝાલિમ છે અને તેમ છતાં તેનો હેતું પુરો કરવામાં તેની મદદ કરે તો ખાત્રીપૂર્વક તે કામ હરામ છે. એટલું જ નહીં ગુનાહે કબીરામાંથી એક ગુનાહ પણ છે. કારણ કે ઝુલ્મ કરવો એ કાર્ય જ ગુનાહનું છે. આ વિશે ખુદાવંદે આલમે કુરઆને મજીદમાં અઝાબનો વાયદો કર્યો છે અને ફરમાવ્યું છે :

"બેશક અમોએ ઝાલિમો માટે એવી આગ તૈયાર કરી છે કે, જેના પડદા તેમને (ચારે તરફથી) ઘેરી વળશે અને જો તેઓ તરસ્યા થઈને પાણી માંગશે (તેઓ તૃષાની ફરીયાદ કરશે) તેમને એવું (ઉકળતું ગરમ) પાણી આપવામાં આવશે જેવું કે પીગળેલું તાંબુ (જયારે તે પાણી પીવા ચાહશે ત્યારે) તેના ચહેરાને ભુંજી નાખશે. જે ઘણું ખરાબ પીણું હશે. અને તેઓને એવી જગ્યામાં નાખવામાં આવશે જે ઘણી ખરાબ જગ્યા વિશ્રાંતિ સ્થાન હશે)."

**(સૂરએ કહ્ફ ૧૮, આયત નં ૨૯)**

ઝાલિમ અને ઝુલ્મમાં તેની મદદ કરનાર બંનેના ગુનાહ સરખા છે. આ વિષે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : "ઝાલિમ, તેની મદદ કરનાર અને તે ઝુલ્મ કરે એનાથી રાજી રહેનાર આ ત્રણેય ઝુલ્મ કરવામાં (સરખા) ભાગીદાર છે. એટલે કે ત્રણેયને ઝુલ્મના ગુનાહની સરખી સજા થશે. આ પ્રકારની રિવાયત હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામથી નોંધવામાં આવી છે કે, કે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : "જો કોઈ ઇમામ અલય્હિસ્સલામ સાથે કરેલી બયઅત તોડી નાખે અથવા ગુમરાહીના ધ્વજને બુલંદ કરે અથવા જે ઇલ્મને જાહેર કરવું વાજીબ હોય તેને છુપાવે અથવા કોઈના માલ ઉપર ખોટી રીતે કબ્જો (અધિકાર) જમાવી દે અથવા ઝાલિમને ઝુલ્મ કરનાર તરીકે ઓળખતા હોવા છતાં ઝુલ્મ કરવામાં તેની મદદ કરે તેઓ ઇસ્લામમાંથી બહાર નિકળી ગએલા ગણાશે."

**(મુસ્તદરેકુલ વસાઈલ, કિતાબે તિજારત, 'માયક્તસીબ' પ્રકરણોમાં પ્રકરણ નં ૩૫)**

અને આપે શબે મેઅરાજ જહન્નમના દરવાજાઓ ઉપર નીચે મુજબના વાકયો લખેલા જોયા, જે વિષે આપે ફરમાવ્યું : "જહન્નમના ચોથા દરવાજા ઉપર આ વાકયો લખ્યા હતા -

ખુદા એ માણસને તિરસ્કૃત અને બદનામ કરે છે.

**(૧) જે ઇસ્લામને બદનામ કરે છે.**

**(૨) એહલેબૈત અલયહેમુસ્સલામને રૂસ્વા અને બદનામ કરે અને**

**(૩) જે ઝાલિમને તેના ઝુલ્મમાં મદદ કરે.**

ઉપર મુજબની આયતો અને રિવાયતોનો સારાંશ એ નિકળે છે, કે ઝુલ્મ કરવો તે 'ગુનાહે કબીરા' છે અને ઝુલ્મ કરવામાં ઝાલિમની મદદ કરનાર તેનાં ઝુલ્મ અને ગુનાહ માટે સરખો જ ગુનેહગાર છે. આ ઉપરાંત ઝાલિમની મદદ કરનારો એક સૌથી અગત્યની વાજીબાત છોડી દેનાર વ્યક્તિ છે. એટલે કે ઝાલિમને મદદ કરનારે બુરાઈ રોકવાની વાજીબાત છોડી દીધી અને હકીકતમાં તે મુનાફીક થઈ ગયો. કેમકે તેણે બુરાઈનો હુકમ આપ્યો ગણાશે અને તે કામ મુનાફીકોની સિફત છે. આ વિશે ખુદાવંદે આલમે કુરઆને શરીફમાં ઇરશાદ ફરમાવ્યું છે :

"મુનાફિક (દાંભિક) પુરૂષો તથા મુનાફિક સ્ત્રીઓ એકમેકને બુરાઈનું પ્રોત્સાહન આપે છે, મનાઈ કરેલા કાર્યો કરવાની આજ્ઞા આપતા રહે છે, અને સત્કાર્યોની મનાઈ કરતા રહે છે."

**(સૂરએ બરાઅત (તૌબા) ૯, આ. ૬૬)**

* * * * *

# ઝુલ્મને રોકવો જરૂરી છે.

જો કોઈ મુસલમાન કોઈ ઝાલિમને ઝુલ્મ કરતો જુએ અને જો એ સંજોગોમાં નહીંઅનિલ મુન્કરની તમામ શરતો મૌજૂદ હોય, તો ઝાલિમને રોકવો વાજીબ છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

"તમારા મુસલમાન ભાઈની મદદ કરો પછી ભલે તે ઝાલિમ હોય કે મઝલૂમ" કોઈએ પૂછયું કે "યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ અમે મઝલુમની તો મદદ કરીશું, પરંતુ ઝાલિમની મદદ કઈ રીતે થઈ શકે ?" આપે ફરમાવ્યું : "ઝાલિમના બંને હાથોને પકડી લ્યો, જેથી તે ઝુલ્મ ન કરી શકે. આનાથી તમે તે ઝાલિમની મદદ કરી ગણાશે.(એટલે કે તેના ઝુલ્મ કરવામાં રૂકાવટ નાખવી, એ પણ તેને ઝુલ્મ કરતો રોકી તેની મદદ કરી ગણાશે.) અને એવી રીતે ઝાલિમને ઝુલ્મ કરતો રોકવો એ મોઅમિન ભાઈની મદદ છે."

**(અન્વારે નોઅમાની ભાગ ૩, પાના નં ૪૪)**

* * * * *

# જેનો વ્યવસાય ઝુલ્મ ન હોય તેવા ઝાલિમની ઝુલ્મ સિવાયના કામમાં મદદ કરવી

(જેનો વ્યવસાય ઝુલ્મ કરવો ન હોય) એવા ઝાલિમની મદદ કરવી દરેક દ્રષ્ટિકોણથી મુબાહ અને જાએઝ છે. પરંતુ જો તે માણસ વધારે હીમંતવાન થઈ જાય, એટલે કે ફરી વખત શક્તિશાળી બની ઝુલ્મ કરે, અથવા પોતાના ઝુલ્મના કાર્યો માટે શરમીંદગી ન અનુભવે, અથવા પોતે કરેલા ઝુલ્મ માટે તૌબા ન કરે એ સંજોગોમાં તેવા ઝાલિમની મદદ કરવી હરામ થઈ જાય છે. આ વાતનો સારાંશ એ છે કે 'નહીં અનિલ મુન્કર' વાઝજીબ હોવાથી ઝાલિમના બીજા કામોમાં મદદ કરવી હરામ થઈ જાય છે. પરંતુ તેના બીજા કામોમાં મદદ કરવાથી ઝુલ્મનો (પ્રમાણિત અને અસ્વીકૃત - પ્રારંભિક અને વર્તમાન) મામુલી પણ સંબંધ ન હોય તો મદદ કરવી હરામ નથી. આ રીતે ઝાલિમને તેના ઝુલ્મ સિવાયના કામમાં મદદ કરવાથી, 'નહીં અનિલ મુન્કર' ની શરતોની અવગણના થતી ન હોય તો હરામ નથી.

* * * * *

# કોઈને ગુનાહ કરવામાં પણ મદદ કરવી ન જોઈએ.

એવા ઝાલિમની મદદ કરવી પણ હરામ છે જેના ગુનાહ કોઈ બીજા ઉપર ઝુલ્મ કરવાના કામ માટે ન હોય, પરંતુ પોતાની જાત સાથે સંબંધિત હોય. જેમકે નમાઝ ન પડવી, રોઝા ન રાખવા, શરાબ પીવો, ઝીના (વ્યભિચાર) કરવા, જુગાર રમવું વિગેરે જેનો ઉલ્લેખ આ કિતાબના પહેલા ભાગમાં થઈ ચૂકયો છે. એ મુજબ કુરઆનની આયતો અને રિવાયતોના પ્રકાશમાં દરેક ગુનેહગાને ઝાલિમ અને પોતાની જાત ઉપર ઝુલ્મ કરનાર ગણવામાં આવ્યો છે. તેથી જો કોઈ માણસ તેને ગુનાહ કરવાના કામમાં મદદ કરે તો તે ઝાલિમની મદદ કરી ગણાશે જે હરામ હોવામાં કોઈ શંકા નથી અને તે (મદદ કરનાર) પણ તે ગુનેહગારના ગુનાહ અને અલ્લાહના હુકમોની નાફરમાની કરવામાં ભાગીદાર છે. આ વિશે ખુદાવંદે આલમે કુરઆને મજીદમાં ઇરશાદ ફરમાવ્યું છે :

'અને તમારી ફરજ છે, કે નેકી અને પરહેઝગારીમાં એક બીજાને સહાય કરો, અને ગુનાહો અને કુરતામાં અરસપરસ મદદ ન કરો અને અલ્લાહથી ડરો, બેશક અલ્લાહ સખ્ત અઝાબ આપનારો છે.

**(સૂરએ માએદહ ૫, આ. ૨)**

ઇસ્મ (બુરાઈ) એવા ગુનાહ છે, જે બીજાને અસર કરતા નથી. જયારે ઉદવાન (શત્રુ - ઝુલ્મ) એવા ગુનાહ છે, જે બીજાને પણ અસરકર્તા બને છે.

'નહી અનિલ મુન્કર' વાજીબ હોવા વિશે કુરઆને શરીફની આયતો અને રિવાયતોમાં જે દલીલો પ્રસ્તુત કરવામાં આવી છે અને ગુનાહથી દૂર રહેવા વિશે જેનું વર્ણન થયું છે, તે ગુનેહગારને ગુનાહના કામમાં મદદ કરવા માટે પણ લાગુ પડે છે.

* * * * *

# ગુનેહગારોને તેમના  ગુનાહ કરવામાં મદદ કરવી

જે કોઈ માણસ ગુનાહ કરવા માંગતો હોય અને ગુનાહ કરવા માટે જે બાબતો જરૂરી છે, તેમાંથી કોઈ એકમાં તેની મદદ કરવામાં આવે, દાખલા તરીકે પોતાની માલિકીની દ્રાક્ષ શરાબ બનાવવા માટે વહેંચવી, અથવા જો કોઈ માણસ હરામ કામ માટે સાધન કે સગવડ આપે અને તેમાં પોતાનો ઇરાદો હરામ કામમાં શામિલ થવાનો ન હોય, પરંતુ જો તે માણસ સાધન કે સગવડ ન આપે તો તે હરામ કામ ન થઈ શકતું હોય, દાખલા તરીકે દ્રાક્ષમાંથી શરાબ બનાવવામાં આવે, પરંતુ શરાબ બનાવવાનો આધાર દ્રાક્ષનો માલિક દ્રાક્ષ ન વહેંચે તો શરાબ બનાવનારનું કામ અટકી પડે તેમ હોય, કારણ કે બીજી જગ્યાએ દ્રાક્ષ ન મળત હોય અથવા તો બીજે કયાંયથી દ્રાક્ષ મેળવવી શરાબ બનાવનાર માટે શક્ય ન હોય, તે સંજોગોમાં દ્રાક્ષ વહેંચવી સ્પષ્ટ રીતે હરામ છે. ભલે પછી દ્રાક્ષ વેચવાવાળો શરાબ બનાવવાના ઇરાદાથી દ્રાક્ષ વેચતો ન હોય. કારણ કે જન સાધારણની ભાષામાં દ્રાક્ષ વહેંચવી એ શરાબ બનાવવામાં મદદ કરવી ગણાય છે.

* * * * *

# ગુનેહગારોની ગુનાહ સિવાયના કામોમાં મદદ કરવી

ગુનેહગારોને ગુનાહ સિવાયના કામોમાં મદદ કરવી, દાખલા તરીકે શરાબ પીનારાને અથવા બેનમાઝીને કર્ઝ આપવું અથવા જરૂરતના વખતે તેમની મદદ કરવી, ઘણા લોકોને એવો યોગાનુયોગ બનતો હોય છે. આવા સંજોગોમાં જવાબદારીનું પરિક્ષણ કરવું એ ખૂબ જ મુશ્કેલ કામ છે કારણ કે એવા સંજોગોમાં હકકોનું પરસ્પર ઘર્ષણ થતું હોય છે. જેમકે એક બાજુથી તો ગુનેહગારોથી દુર રહીને તેમને મદદ ન કરવાનો હુકમ છે.

જે વિષે હઝરત અલી અલય્હિસ્સલામ ફરમાવે છે : ''પયગમ્બરે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે આપણને ગુનેહગારો સાથે અણગમાભર્યા, નારાઝગીભર્યો વર્તાવ રાખવાનો હુકમ આપ્યો છે.''

**(વસાએલુશ્શીયા ભાગ ૧૧ પાના નં ૪૧૩)**

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામે પોતાના કેટલાક સહાબીઓને તાકીદ સાથે ફરમાવ્યું :

'સમાજમાં આકસ્મિક રીતે તમારી સમક્ષ એવું બની શકે કે, તમારામાંથી કોઈ શીઆ કોઈ ગુનાહ કરતો હોય તો તમે રોકો નહીં અને તેની સાથેના સંબંધો તોડી ન નાખો અને તેને તકલીફ ન પહોંચાડો, જેથી કરીને ગુનાહો કરવાનું છોડી દે.'

**(તહેઝીબ ભાગ ૬, પાના નં ૧૮૨)**

કેટલાક ખાસ ગુનાહો માટે ખૂબ જ સખ્ત રિવાયતો મળી આવે છે જેમકે :

'જો કોઈ માણસ કોઈ બેનમાઝીને રોટલીનો એક ટુકડો અથવા કપડાના એક ટૂકડા જેટલી મદદ કરે તો તેણે (જાણે કે) સીત્તેર (૭૦) પૈગમ્બરોને કત્લ કરી નાખ્યા. જેમાં પહેલા હઝરત આદમ અલય્હિસ્સલામ અને છેલ્લા હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ છે.'

**(લોઆલીયુલ અખ્બાર પ્રકરણ ૯, પાના નં ૫૧)**

અને બીજી રિવાયતમાં હઝરત પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમથી વારીદ છે કે

'જો કોઈ બેનમાઝીને એક ઘૂંટ પાણી પીવડાવીને તેની મદદ કરે તો તેણે જાણે કે મારી સામે અને તમામ નબીયત સાથે જંગ કરી.'

**(લેઆલીયુલ અખબાર, પ્રકરણ ૯, ભાગ ૩, પાના નં ૫૧)**

આ ઉપરાંત આપે ફરમાવ્યું : 'જો કોઈ બેનમાઝી સાથે હશે તો જાણે કે તેણે ખાનએ કાબાને ૭૦ (સિત્તેર) વખત ખંડિત કર્યું.'

**(લોઆલીયુલ અખબાર પ્રકરણ ૯, પાના નં ૫૧, ભાગ ૪)**

આ વિષયની બીજી રિવાયતોમાં ઉલ્લેખ છે તે પ્રમાણે શરાબ પીનારા સાથે હળવા મળવા વિશે, કત્એ રહેમ કરનારા વિશે અને જુઠ્ઠું બોલનારાઓની ખૂબ જ ટીકા કરવામાં આવી રહી છે. બીજી બાજુ ઘણી રિવાયતો છે જેમાં મોઅમિનોના હકકોની જાળવણી કરવા વિશે એહલેબૈત અલય્હેમુસ્સલામના દોસ્તો, સૈયદો, પાડોશીઓ અને તે ઉપરાંત બીજા લોકો સાથે મોહબ્બત અને હળવા મળવાને વાજીબ ગણાવવામાં આવ્યું છે.

તે રિવાયતો ફકત મુત્તકી લોકો માટે ખાસ લાગુ પડતી નથી. પરંતુ સગા વ્હાલાઓનો હક અદા કરવો વાજીબ છે અને 'કત્એ રહમ' કરવો હરામ છે. સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવે તો જો કોઈ મુત્તકી ન હોય, તો પણ 'કત્એ રહમ' કરવું અને વાલેદૈનના આક (મા - બાપ દ્વારા કાયમ માટે તિરસ્કૃત) થઈ જવું હરામ છે જેનો ઉલ્લેખ આગળના ભાગમાં (ભાગ - પહેલામાં) મા - બાપના હકકો વિશેના પ્રકરણમાં થઈ ચૂકયો છે. સૈયદોના હક વિશે પણ હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની રિવાયત પણ વારીદ થઈ છે.

"અમારી ઔલાદોનું યોગ્ય સન્માન જાળવો. તેઓમાંના સાલેહ લોકો ઉપર ખુદાને માટે અહેસાન કરો અને તેઓમાંના ખરાબ લોકો ઉપર મારા માટે અહેસાન જાળવો."

આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામના દોસ્તો વિષે હઝરત ઇમામ રઝા અલય્હિસ્સલામ ફરમાવે છે :

"આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામના દોસ્તો સાથે દોસ્તી રાખો, ભલે તેઓમાંના કોઈ ફાસિક પણ હોય અને તેમના દોસ્તોને પણ દોસ્ત રાખો, ભલે તે ફાસિક કેમ ન હોય." પાડોશીઓ વિશે રિવાયત છે કે "જો પાડોશી મુસલમાન હોય તો તમારી ઉપર તેનાં બે હક છે અને જો તમારા સગા હોય તો ત્રણ હક ધરાવે છે તો અને જો તે કાફીર હોય તો પણ તેનો પાડોશી તરીકેનો હક તો બાકી રહે જ છે."

**(કિતાબે હક, મુસ્તદરક પ્રકરણ ૭૪, પાના નં ૭૯)**

ઉપરની રિવાયત જોતા એ વાત સ્પષ્ટ થાય છે કે એહલેબૈત અલય્હેમુસ્સલામના દોસ્તોને દોસ્ત રાખવા જોઈએ અને તેમની મદદ કરવી જોઈએ. તેમની જરૂરિયાતોને પુરી કરવી જોઈએ ભલે તેઓ મુત્તકી ન પણ હોય. તેવી જ રીતે સૈયદોનું માન જાળવવું જોઈએ અને પોતાના સગાં વ્હાલાંઓના હકકોની જાળવણી કરવી જોઈએ, ભલે તેઓ ગુનેહગાર હોય. આ બાબતમાં શું જવાબદારી છે, તે જોઈએ.

સગાં વ્હાલાં અને સૈયદો બંનેના હકકો પુરા કરવા શક્ય હોય તો બંનેના હકકો અદા કરવા જોઈએ નહીંતર જે હકની અગત્યતા વધારે છે, તેને પ્રાથમિકતા આપવી જોઈએ.

જે સંજોગોમાં જુદા જુદા હકકો વચ્ચે ટકરાવ અને એકીસાથે જુદી જુદી જવાબદારીઓનો સામનો કરવાના સંજોગો ઉભા થાય તો તેનો પહેલો ઉકેલ એ છે કે સરળતા અને સગવડતા હોય તો બધા હકકોને પૂરા કરે પરંતુ સહેલાઈથી બધા હકકોને પૂરા કરી શકે તેમ ન હોય, એટલે કે એક હકને અદા કરવા જતા બીજો હક અદા થઈ શકતો ન હોય તો બંનેમાંથી જે હક વધારે મહત્વનો હોય તેને ધ્યાનમાં રાખવો જોઈએ. એટલે કે એ બંનેમાંથી જેનું પવિત્ર શરીઅતની દ્રષ્ટિએ વધારે મહત્વ હોય તેને પહેલા અદા કરવો જોઈએ. દાખલા તરીકે એક માણસે વાજીબ રોઝો રાખ્યો હોય અને બીજી બાજુ એક બાળક પાણીમાં ડુબી રહ્યું હોય અને બાળકને બચાવવાનો આધાર એ વાત ઉપર હોય કે તે રોઝેદાર માણસ પાણીમાં પોતાનું માથુ ડુબાડી દે. આ એવા પ્રસંગ છે, જેમાં એક સાથે બે જુદી જુદી જવાબદારીઓ આવી પડતી હોય છે. તેવા સંજોગોમાં એક જવાબદારી એવી છે કે રોઝાની હાલતમાં પાણીની અંદર માથુ ડુબાડવું હરામ છે. બીજી જવાબદારી એ છે કે એક વ્યક્તિનો જીવ બચાવવાનો આધાર એ વાત ઉપર છે કે પાણીમાં માથું ડુબાડવું પડે. તો એવા સંજોગોમાં એક જ અમલ એક દ્રષ્ટિકોણથી વાજીબ અને બીજો અમલ બીજા દ્રષ્ટિકોણથી હરામ છે. શરીઅતની દ્રષ્ટિએ રોઝો તોડી નાખવાની સરખામણીમાં એક જિંદગી બચાવવી વધારે મહત્વની છે કેમકે રોઝાને પાછળથી કઝા કરી શકાય છે. ઉપરના સંજોગોમાં તે માસણ માટે પાણીમાં જઈને બાળકને બચાવવું વાજીબ છે અને તેમાં (રોઝો તોડવાના) ગુનાહ પણ નથી, કારણ કે, તેણે શરીઅતના હુકમ પ્રમાણે અમલ કર્યો છે અને તેને તે નેક કામનો સારો બદલો પણ મળશે.

* * * * *

# બુરાઈથી રોકવું એ અત્યંત મહત્વનું અને ચઢીયાતુ કાર્ય છે.

ઉપરની વાતો જાણવાથી એ વાત સ્પષ્ટ થાય છે કે સારા કામોનો હુકમ આપવો અને ખરાબ કામોથી રોકવું એ કુરઆને શરીફની આયતો અને રિવાયતોના પ્રકાશમાં વાજીબાતે ખુદા વિશે એટલું બધુ મહત્વ ધરાવે છે કેટલાક વાજીબ હકકો એક બીજા સાથે ટકરાતા હોય ત્યારે વધુ મહત્વનાં હકને અગ્રતા આપવી જોઈએ તે વાત નિસંક છે. દાખલા તરીકે, જયારે મા - બાપ, પુત્ર, અથવા કોઈ વડીલ સગા વ્હાલા નમાઝ ન પડતા હોય

અથવા કોઈ ગુનાહ કરતા હોય, જો તેઓની હાલત એવી હોય કે તેમની સાથે નેકી કરવામાં ન આવે અથવા જરૂરતના વખતે તેમની મદદ કરવામાં ન આવે તો તેઓ તેમના ખરાબ અમલ છોડી દે તેમ હોય, અથવા નમાઝ પડવાની શરૂ કરી દે તેમ હોય તેમ હોય તો, નહીં અનિલ મુન્કરની શરતો પ્રમાણે તેઓ સાથે નેકી ન કરવી અને તેવા સગા વ્હાલાની મદદ ન કરવી વાજીબ છે.

દાખલા તરીકે એક માણસ શરાબ પીવે છે. જો તેની સાથે નેકી કરવાનું છોડી દેવામાં આવે તો તે પણ શરાબ પીવાનું છોડી દે તેમ હોય, અને તેવું જ ઉદાહરણ પાડોશીઓનું અને એહલેબૈત અલય્હેમુસ્સલામના દોસ્તનું છે. એટલે કે જો નેકી અને મદદ ન કરવી ફાયદારૂપ હોય તો નેકી અને મદદ કરવી ન જોઈએ. પરંતુ જો નેકી અને મદદ ન કરવાથી પણ તેની ઉપર કાંઈ અસર ન થાય અને તે ગુનાહ કરવાનું છોડી દેવા તૈયાર ન થાય તો તેવા સંજોગોમાં નેકી અને મદદ કરવાની મનાઈ હોવાની જાણકારી નથી. કારણ કે મદદ ન કરવાથી તે ગુનાહ કરવાનું છોડી દે તેમ હતો ત્યાં સુધી ગુનેહગારની મદદ કરવી હરામ હતી. (એટલે કે નહીં અનિલ મુન્કરની શરતો પ્રમાણે મદદ કરવી હરામ હતી.) પરંતુ જયારે તેને મદદ કરવી કે ન કરવી, (તેની ઉપર) અહેસાન કરવો કે ન કરવો બંને સરખું હોય, એટલે કે તેની ઉપર કોઈ પ્રકારની અસર થાય તેમ ન હોય અને તે ગુનાહ કરવાનું છોડે તેમ ન હોય તો નહી અલિ મુન્કરની દ્રષ્ટિએ તેની મદદ અને અહેસાન કરવાની ફરજ પૂરી થઈ જતી નથી એટલે કે આ બધી વાતો હરામ થઈ જતી નથી. પરંતુ બીજા દ્રષ્ટિકોણથી એ બાબતો હરામ હોવાની વાતની જાણકારી નથી. દાખલા તરીકે, બેનમાઝીની મદદ કરવી, જેનું વર્ણન આગળ આવી ચૂક્યું છે. જયારે (બે નમાઝીને) મદદ ન કરવી એ તેના નમાઝ પડતા થઈ જવા માટે કારણરૂપ બને તેમ હોય પરંતુ જો કોઈના મા - બાપ કે વડીલો (સગા વ્હાલા) નમાઝ ન પડતા હોય અને તેમની સાથે નેકી કરવામાં ન આવે તો પણ તે નમાઝ પડવાની શરૂ કરે તેમ ન હોય તો, એવા સંજોગોમાં તેઓ (મા - બાપની નાફરમાની કરવી અને (સગા વ્હાલા સાથે) કત્એ રહમ કરવો નિશંક હરામ થશે.

* * * * *

# દરજ્જો ધ્યાનમાં રાખવો જોઈએ

એ વાત જાણી લેવી જોઈએ કે નહી અનિલ મુન્કરની દ્રષ્ટિએ કોઈને સહાય કરવી બંધ કરી દેવી અથવા તો અહેસાન કરવાનું છોડી દેવું એ બીજા તમામ હકકો જેમકે સગા વ્હાલા, સૈયદો અને પાડોશીઓના હકકો વગેરે કરતા વધારે અગ્રતા ધરાવે છે. આ વિશે જે કંઈ કહેવામાં આવ્યું છે તે એ સંજોગોમાં લાગુ પડશે જયારે નહી અનિલ મુન્કર વાજીબ હોવાની શરતો મૌજૂદ હોય. આ પૈકીની એક શરત એ છે કે સંબંધિત વ્યક્તિ ખરાબ કામ કરવાથી અટકે તેવી શક્યતા હોય, એટલે કે જયાં સુધી નેકી અને મદદ કરવાનું છોડી ન દેવામાં આવે ત્યાં સુધી કોઈ ફાયદો ન હોય. કારણ કે, નહીં અનિલ મુન્કરમાં (જેની વિગતનું વર્ણન આગળ ઉપર કરવામાં આવશે.) દરજજાનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. એટલે કે જયાં સુધી શક્ય હોય ત્યાં સુધી વધુ સરળ રીત ઉપર અમલ કરવો જોઈએ. અને વધારે સખ્ત રીતથી આગળ વધવું ન જોઈએ. દાખલા તરીકે, જો કોઈ પણ એવા સંજોગોમાં, જયારે માણસ મદદ અને અહેસાનને કારણે વહેલી તકે ગુનાહો કરવાનું છોડી શકે તેમ ન હોય તો અહેસાન અને મદદ થકી તેને 'નહીં અનિલ મુન્કર' કરવું જોઈએ તે વાતમાં સંદેહ નથી. જેમકે જો કોઈ પિતાનો પુત્ર નમાઝ ન પડતો હોય અને એ વાતની પૂરે પૂરી શક્યતા હોય કે તેની સાથે મોહબ્બત અને અહેસાનભર્યું વર્તન કરવામાં આવશે તો તે ગુનાહ કરવાનું છોડી દેશે. એટલે કે તેની સાથે સંબંધો તોડી નાંખવામાં આવે અથવા તો નેકી કરવાનું બંધ કરવામાં આવે તે પહેલા તેની નમાઝી બની જવાની શક્યતા હોય તો તેવા સંજોગોમાં પણ તેની સાથે નેકી કરી તેની મદદ કરવી વાજીબ છે.

ઉપરોક્ત બાબતનો સારાંશ એ છે, કે જે સંજોગોમાં અહેસાન અને મદદ કરવાનો, તે માણસના ગુનાહ સાથે કોઈ સંબંધ ન હોય, એટલે કે તેની સાથે અહેસાન કે મદદ કરવામાં આવે કે ન આવે તેનાથી તેના ગુનાહ કરવામાં કોઈ ફેર નહીં પડે, તો તેવી વાતની મનાઈ હોવાની જાણકારી નથી પરંતુ કેટલાક વ્યવહારોમાં તો મદદ અને અહેસાન કરવો વાજીબ અને છોડી દેવો હરામ છે.

* * * * *

# ત્રીસમો ગુનાહ

# મઝલૂમોની મદદ ન કરવી (તરકો એઆનતિલ મઝલૂમીન)

જે કાર્ય ગુનાહે કબીરા હોવા વિશેનો સ્પષ્ટ ઉલ્લેખ મળી આવે છે, તે ગુનાહ મઝલૂમોની મદદ ન કરવી અને તેમની ઉપર થતા ઝુલ્મોને ન રોકવા તે છે. આ ગુનાહનો ક્રમ ત્રીસમો છે. એઅમશની રિવાયતમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે :

"એટલે કે મઝલૂમોની મદદ ન કરવી એ 'ગુનાહે કબીરા' છે. હકીકતમાં મઝલુમોની મદદ કરવી એ અમલી રીતે ઝાલિમને બુરાઈ કરવાથી રોકવા સમાન છે. તેથી જો કોઈ મઝલુમની મદદ ન કરે તો તેણે એક મહત્વની વાજીબાતને છોડી દીધી છે.

હઝરત ઇમામ મૂસા બિન જઅફર અલય્હિસ્સલામ ફરમાવે છે :

"જો કોઈ માણસ પોતાના સંજોગોથી મજબૂર થઈને પોતાના મુસલમાન ભાઈની પનાહ (શરણ) લેવા માંગતો હોય, (દાખલા તરીકે તેનું પનાહ લેવાનું કારણ પોતાની જાતને ઝાલિમથી બચાવવાનું હોય) અને તે માણસ પનાહ આપવાની શક્તિ ધરાવતો હોવા છતાં તેની મદદ ન કરે. અને તેને પનાહ ન આપે તો જાણે કે પોતાની જાતને ખુદાની મદદ કરવાથી દુર કરી દીધી. એટલે કે ખુદા દરેક મોઅમિનોના વલી (મદદગાર) છે. પરંતુ મોઅમિનની મદદ ન કરનારનો ખુદા વલી નથી અને મઝલુમની મદદ ન કરનારને ખુદા તેના હાલ ઉપર છોડી દે છે. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

"જે મોઅમિન શક્તિ ધરાવતો હોવા છતાં પોતાના મોઅમિન ભાઈની મદદ ન કરે તો ખુદા તેને દુનિયા અને આખેરત (બંને)માં અપમાનિત અને તિરસ્કૃત કરશે.'

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે : "જયાં આગળ ઝાલિમ બાદશાહ કોઈ મઝલૂમને મારી રહયો હોય અથવા તેને નાહક કત્લ કરી રહયો હોય અથવા તેની ઉપર ઝુલ્મ કરી રહયો હોય અને તમારામાંથી કોઈ ત્યાં હાજર હોય અને તેની મદદ કરી શકે તેમ ન હોય તો એ જગ્યાએ રહેવું ન જોઈએ. કારણ કે મકામે ઝુલ્મ (ઝુલ્મ થવાની જગ્યા) ઉપર હાજર રહીને એક મોઅમિનને બીજા મોઅમિનની મદદ કરવી વાજીબાતે ખુદા પૈકીની એક વાજીબ ફરજ છે. પરંતુ જો તે જગ્યાએ હાજર ન હોય તો તેની કોઈ જવાબદારી રહેશે નહીં. ઉમર બિન કૈસ કહે છે કે હું મારા કાકાના દિકરાની સાથે બની મકાતિલના મહેલમાં હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો અને તેઓને સલામ કરી. તેઓ અલય્હિસ્સલામે અમારી સાથે ટૂંકમાં વાચચીત કર્યા પછી ફરમાવ્યું : "શું તમે મારી મદદ કરવા માટે આવ્યા છો ?" મેં કહ્યું : "હું બાલ બચ્ચાવાળો માણસ છું અને મારી પાસે લોકોનો માલ છે. મારી આખેરત કેવી થશે તે હું જાણતો નથી. અને મારી પાસેની લોકોની અમાનત ગેરવલ્લે જાય તે મને પસંદ નથી.' મારા માંમાના દિકરાએ પણ ઇમામ અલય્હિસ્સલામને એવો જ જવાબ આપ્યો.

'જો તમે મારી મદદ કરી શકો તેમ ન હો તો અહીંથી દૂર ચાલ્યા જાઓ. જયાં તમે મારી આહોઝારી સાંભળી ન શકો અને મને જોઈ ન શકો. કારણ કે જો કોઈ અમારી બેકસી (નિસહાયતા)ની ફરિયાદ સાંભળે અથવા અમને બેકસીની હાલતમાં જુએ અને અમારી મદદ ન કરે તો ખુદા માટે જરૂરી છે કે તેને જહન્નમની આગમાં ફેંકી દે.'

**(સફીનતુલ બેહાર, ભાગ ૪, પાના નં ૫૯૦)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'યહૂદીઓના એક આલિમને તેની કબ્રમાં અઝાબના આગના કોરડા એવી રીતે મારવામાં આવ્યા હતા કે તેની આખી કબ્ર આગથી ભરાઈ ગઈ હતી. તેનું કારણ એ હતું કે તેણે એક દિવસ વુઝુ કર્યા વગર નમાઝ પડી હતી અને તે એક મઝલુમની પાસેથી પસાર થઈ ગયો હતો, પરંતુ તેની મદદ કરી ન હતી.'

**(સફીનતુલ બેહાર, ભાગ ૪, પાના નં ૫૯૦)**

મોઅમિન ઝાલિમ હોય કે મઝલુમ તેની મદદ કરવી જોઈએ. જો તે ઝાલિમ હોય તો તેને ઝુલ્મ કરવાથી રોકવો જોઈએ અને જો તે મઝલુમ હોય તો ઝાલિમ પાસેથી તેનો હક પાછો મેળવવામાં તેની મદદ કરવી જોઈએ. આ કામ કરવાનું છોડી દેવું ન જોઈએ અને તેને તેમના હાલ પર પણ છોડી ન દેવા જોઈએ.

**(દારૂસ્સલામ નૂરી, ભાગ ૨, પાના નં ૧૯૭)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'જે કોઈ શક્તિ ધરાવતો હોવા છતાં પોતાના મોઅમિન ભાઈની મદદ ન કરે તે મોઅમિન નથી. તેને (તેમ કરનારને) પણ ખુદા તેના હાલ પર છોડી દેશે અને દુનિયા અને આખેરતમાં તેની મદદ નહીં કરે.'

**(બેહારૂલ અન્વાર ભાગ ૨, પાના નં ૧૯૭)**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

'જો કોઈની સામે તેના મુસલમાન ભાઈના ઐબનો (ખામીઓનો) ઉલ્લેખ થાય અને તે તેની મદદ ન કરે એટલે કે પોતાનાથી શક્ય હોવા છતાં તે ઐબને (ખામીઓનો) દુર ન કરે, તો ખુદાવંદે આલમ દુનિયા અને આખેરત બંનેમાં તેને રૂસ્વા કરશે.'

ઉપરોકત હદીસ અને બીજી રિવાયતોથી જાણવા મળે છે કે, મઝલુમીયતનો સંબંધ ફકત શરીર અને માલ સાથે જ નથી, પણ ઇઝઝત અને આબરૂ સાથે પણ છે. કારણ કે કોઈ મોઅમિનની ઇઝઝત તેની જાન અને માલ જેટલી જ સન્માનને પાત્ર છે. જેવી રીતે કોઈ મોઅમિનનું લોહી વહેવડાવવું કે તેનો માલ લુંટી લેવો જાએઝ નથી, બિલ્કુલ તેવી જ રીતે તેને બેઇઝઝત કરવો પણ હરામ છે. રિવાયતોમાં આ વિશે ખૂબ જ તાકીદ પૂર્વક લોકોને ડરાવવામાં આવ્યા છે અને જેવી રીતે મોઅમિનને કત્લ થતો રોકવા અને તેનો માલ લુંટાઈ જવાથી બચાવવામાં તેની મદદ કરવી વાજીબ છે. તેવી જ રીતે તેની ઇઝઝત અને આબરૂનું રક્ષણ કરવામાં તેની મદદ કરવી વાજીબ છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'જો કોઈ માણસ કોઈ મોઅમિનને એવી વાત કહે જે વાત કહીને તે એવું ઇચ્છતો હોય કે તે મોઅમિનનું ખરાબ થાય, તેનું સ્વાભિમાન અને શરમ ચાલ્યા જાય અને તે લોકોની નજરોમાં હલકો પડી જાય અને લોકો તેની ઉપર ભરોસો ન કરે અને તેની ઇઝઝત ન કરે તો ખુદાવંદે આલમ એવું કરનારને પોતાની વિલાયતે નુસરત (મદદ, નિકટતા અને રક્ષણ) થી વંચિત કરી દે છે અને તેને શૈતાનને હવાલે પણ છોડી દે છે, પણ શૈતાન પણ તેને કબૂલ રાખતો નથી. **(ઉસૂલે કાફી, ભાગ ૪, પાના નં ૩૫)**

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે :

"જો કોઈ પોતાના મોઅમિન ભાઈના ઐબ બયાન થતાં સાંભળે અને તેને રોકે, એટલે કે તે મોઅમિનને બે ઐબ (નિર્દોષ) જાહેર કરે તો ખુદાવંદે આલમ દુનિયા અને આખેરતમાં બુરાઈઓના હજાર દરવાજાઓ તેના માટે બંધ કરી દે છે. જો તે શક્તિ ધરાવતો હોવા છતાં ઐબ (દુર્ગુણ) બયાન કરનારને રોકે નહીં તો તેના ગુનાહ સિત્તેર (૭૦) ગીબત કરનારાઓ સમાન ગણવામાં આવશે."

**(મકાસિબ ઔર શરહે મકાસિબ, ભાગ ૪, પાના નં ૬૯)**

શૈખ અન્સારી (અ.ર.) કહે છે કે, તેના ગુનાહ (૭૦) સિત્તેર ગીબત કરનારાઓ સમાન થશે તેનું કારણ કદાચ એ હોય કે જો ઐબ બયાન કરનારાને તેમ કરતો રોકવામાં ન આવે અને ચૂપ રહેવામાં આવે તો ઐબ બયાન કરનાર તે ગુનાહ કરવામાં અથવા બીજા ગુનાહો કરવામાં નિડર થઈ જશે. આ ઉપરાંત આપે ફરમાવ્યું : ગીબત થતી રોકવાથી મુરાદ ફકત તેને તેમ કહેતા રોકવો જોઈએ તેમજ નથી પરંતુ તેને મદદરૂપ પણ ન થવું જોઈએ. એટલે કે તેણે મોઅમિન સામે જે ઐબનો ઉલ્લેખ કર્યો હોય તેનાથી તેને બિલ્કુલ બેઐબ જાહેર કરવો જોઈએ. દાખલા તરીકે જો, ઐબ દુનિયાના કામો વિશે હોય તો એમ કહેવું જોઈએ. ભાઈ આ કોઈ ખામી નથી. કારણ કે તેણે કોઈ ગુનાહ તો કર્યો નથી અને ઐબ તો એ છે, જે ખુદાવંદે આલમે હરામ ગણાવેલ છે." જો તે ઐબ દીની કામો વિશે હોય તો તે યોગ્ય હોવા માટે કોઈ કારણ રજુ કરી તેને યોગ્ય જાહેર કરવું જોઈએ. દાખલા તરીકે જો કોઈ એમ કહે કે ફલાણો માણસ નમાઝ નથી પડતો તો તેના જવાબમાં એમ કહેવું જોઈએ કે, કદાચ તે ભુલી ગયો હશે અથવા તેણે નમાઝ પડી લીધી હશે અને તેની તેને ખબર નહીં હોય અથવા તો જો તે એમ કહે કે ફલાણો માણસ શરાબ પીવે છે તો તેના જવાબમાં એમ કહે કે કદાચ તે શરાબ નહીં હોય. જો એમ કહેવું યોગ્ય ન લાગે તો એમ પણ કહી શકાય કે મોઅમિન માસુમ તો નથી હોતો, તેનાથી પણ ગુનાહ થયા કરતા હોય છે. તમારા માટે જરૂરી છે કે તમે તેના માટે ઇસ્તિગફાર કરો. તેના દુ:ખમાં ભાગીદાર થવાના પ્રયત્ન કરો. તમે તેની ગેરહાજરીમાં તેની બુરાઈને બયાન કરો તે યોગ્ય નથી." આ વિષયની વધારે વિગત ગીબતના પ્રકરણમાં આપવામાં આવશે.

* * * * *

# ફકત મદદ માંગનારની જ મદદ કરવામાં આવે તે પુરતુ નથી.

જે મઝલુમ પોતાને મદદ કરવા માટે મદદ માંગે તેને જ મદદ કરવી વાજીબ છે એવું નથી. જે માણસ જાણતો હોય કે ઝુલ્મ થઈ રહયો છે અને મોઅમિન પર થતો ઝુલ્મ દૂર કરી શકે તેમ હોય તો તેના માટે મોઅમિનને મદદ કરવી વાજીબ છે. અને જો મઝલૂમ પોતે જ મદદ કરવા માટે માગણી કરે (મદદ માગે) તો મદદ કરવી સખ્ત જરૂરી બની જાય છે. આ વિશે હઝરત પયગમ્બરે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે :

"જો કોઈ માણસ કોઈનો એક સાદ સાંભળે કે "અય મુસલમાનો મારી મદદ કરો" અને તે સાદ સાંભળીને તેની મદદ માટે ન પહોંચે તે મુસલમાન નથી."

અને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : "જો કોઈ માણસ પોતાના દીની ભાઈની મદદ માંગે અને (જેની પાસે મદદ માગી હોય) તે શક્તિ ધરાવતો હોય છતાં તેની હાજતને પૂરી ન કરે, તો ખુદાવંદે આલમ તેની કબ્રમાં (દોઝખના સાપોમાંથી) એક ખૂબ જ મોટો સાપ મુસલ્લત (હાવી) કરશે જે તેને (હંમેશા) ડંસતો રહેશે."

**(મુસ્તદરક)**

બીજી એક હદીસ પ્રમાણે ભલે તેને બખ્શી દેવામાં આવે છતાં તે કયામત સુધી અઝાબમાં ફસાએલો રહેશે. આ ઉપરાંત આપે ફરમાવ્યું : "કોઈ પણ મુસલમાન પોતાના મુસલમાન ભાઈની મદદ અને તેને સાંત્વન આપવાનું છોડી શકતો નથી. ભલે તેને મદદ કરવામાં કોઈ ફાયદો ન હોય (પણ ઉલ્ટાનું નુકસાન હોય) એટલે કે મુસલમાનની મદદ અને સાંત્વના આપવાનું છોડી દેવું એ ગુનાહ માટે કારણરૂપ બને છે.

આ વિષયની કેટલીક રિવાયતો વારિદ થઈ છે :

હઝરત ઇમામ સજ્જાદ અલય્હિસ્સલામ ફરમાવે છે : "મજબૂર લોકોની ફરિયાદ સાંભળીને તેમની મદદ કરવા માટે ન પહોંચવું એ એવા ગુનાહોમાંથી છે કે, જેના કારણે બલાઓ નાઝિલ થાય છે."

**(મઆનીયુલ અખ્બાર ૨૭૧)**

આપ ખુદા પાસે મુનાજાત કરતા ફમાવે છે : "પરવરદિગાર ! મારી સામે કોઈ મઝલુમ ઉપર ઝુલ્મ કરવામાં આવે અને હું તેની મદદ ન કરી શકું (તે માટે) હું તારી પાસે માફી માગું છું. ખુદાયા, કોઈ મજબૂર અને મુસીબતઝદાની મદદ ન કરી શકવા બદલ હું તારી પાસે પનાહ માગું છું."

**(સફીહએ સજ્જાદીયા, દુઆ નં ૩૮)**

આ વિષયમાં ઘણી રિવાયતો વારીદ થઈ છે. પરંતુ અત્રે જે રિવાયતો પ્રસ્તુત કરવામાં આવી છે તે પુરતી છે.

* * * * *

# માત્ર મઝલુમ મોઅમિનની મદદ કરવી ખાસ નથી.

મઝલૂમની મદદ કરવી વાજીબ છે. આનો અર્થ ફકત મોઅમિનોની મદદ કરવી એવો નથી. પરંતુ આ બાબતમાં કુરઆને મજીદની આયતો અને રિવાયતોમાં સ્પષ્ટ આદેશ, નહી અનિલ મુન્કરનું વાજીબ હોવું અને મઝલૂમની મદદ કરવા વિશે ત્યારે લાગૂ પડે છે કે, જયારે પોતે તે કામ કરવા માટે શક્તિ ધરાવતો હોય, ભલે મઝલુમ શીઆ ન હોય અને મુસલમાનોના બીજા કોઈ ફીરકા સાથે સંબંધ ધરાવતો હોય. એટલું જ નહીં, જો કોઈ કાફિરે ગૈરે હરબી (એ કાફિર જે મુસલમાનો સાથે જંગ નથી કરતો) અને પ્રાણી ઉપર પણ ઝુલ્મ થતો હોય તો તેવા ઝુલ્મને થતો રોકવો પણ નહી અનિલ મુન્કરના કાનૂન પ્રમાણે વાજીબ છે, અને તેવા ઝુલ્મનો અંત લાવી દેવો જરૂરી છે.

મુન્તહીયુલ આમાલમાં લખ્યું છે કે મન્સુર દવાનકી મકકએ મોઅઝઝમા ગયો ત્યારે તેની સમક્ષ એક કિંમતી હીરો વેચવા માટે રજુ થયો. મન્સુરે થોડી વાર સુધી તે હીરાને નિહાળ્યો અને પછી કહ્યું કે : "આ હીરાનો સંબંધ હશ્શામ બિન અબ્દુલ મલિક સાથે છે. અને આ હીરો મને મળી જવો જોઈતો હતો. મને લાગે છે કે તેમનો મોહમ્મદ નામનો પુત્ર જીવતો છે, અને તેણે જ આ હીરો વેચી દેવાનું નકકી કર્યુ લાગે છે." ત્યાર પછી તેણે બીજે દિવસે રબીહ નામના પહેરેદારને સુબ્હની નમાઝ પછી મસ્જિદુલ હરામના બધા જ દરવાજાઓ બંધ કરી દેવાનો હુકમ આપ્યો અને કહ્યું કે "ફકત એક જ દરવાજો ખુલ્લો રાખજો અને તે દરવાજામાંથી બધાને એક એક કરીને બહાર જવા દેજો અને મોહમ્મદ બિન હિશામને ઓળખી લો ત્યારે તેને મારી પાસે લઈ આવજો."

બીજે દિવસે સવારની નમાઝ પછી બધા જ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા અને એવી જાહેરાત કરવામાં આવી કે તમામ લોકોએ ફલાણા દરવાજેથી એક પછી એક બહાર નિકળવાનું છે. આ જાહેરાત સાંભળીને મોહમ્મદ બિન હશ્શામ સમજી ગયો કે આ ગોઠવણ પોતાને ગિરફતાર કરવા માટે જ છે. આવા સંજોગો ઉભા થવાથી તે ખૂબ જ ગભરાઈ ગયો અને હેરાન પરેશાન થઈને ચારે બાજુ જોવા લાગ્યો. તે

અરસામાં મોહમ્મદ બિન ઝૈદ બિન અલી બિન અલ હુસૈન અલય્હિસ્સલામ (જેઓ સાદાતે દસ્તગૈબ અને સાદાતે દશતકીના દાદા છે.) તેમની પાસે પહોંચ્યા અને ફરમાવ્યું : તમે કોણ છો ? અને આવી રીતે ગભરોઅલી હાલતમાં કેમ ઉભા છો ? મોહમ્મદ બિન હશ્શામે પૂછયું કે શું હું મારી ઓળખાણ આપીશ તો મારા જીવનની સલામતીની ખાત્રી આપો છો ? તેઓએ ફરમાવ્યું કે હું વાયદો કરૂં છું કે તને જોખમમાંથી ઉગારી લઈશ. મોહમ્મદે કહયું કે હું હશ્શામ બિન અબ્દુલ મલિકનો પુત્ર છું. હવે આપ પણ આપનો પરિચય આપો જેથી હું આપને ઓળખી શકું. આપે ફરમાવ્યું : હું ઝૈદ બિન અલી બિન અલ હુસૈન છું. બેશક તારા પિતા મરવાને મારા પિતા ઝૈદને શહીદ ર્ક્યા હતા. પરંતુ અય મારા કાકાના ફરઝંદ, હવે તમે તમારી જાનની સલામતી માટે નિશ્ચિંત થઈ જાવ, કારણ કે તમે (પોતે) મારા પિતાના કાતિલ નથી અને તમને કત્લ કરી નાખવાથી મારા નિર્દોષ પિતાના ખૂનનો બદલો મળી શકવાનો નથી. આ સમયે મારાથી શક્ય હશે તે રીતે તમને બચાવવાનો પ્રયત્ન કરીશ. અત્યારે આ પ્રશ્નનો એક જ ઉકેલ મારા ધ્યાનમાં છે, અને મારી ઇચ્છા એ છે કે હું તેની ઉપર અમલ કરૂં પરંતુ તેની શરત એ છે કે તમે મને સહકાર આપો અને જરાપણ ભય કે ડર અનુભવશો નહીં., આમ કહીને તેઓએ પોતાના શરીર ઉપરથી અબા (એક પ્રકારનો અરબી પોષાક જે મૌલવી હઝરાત બંને ખભા પર ઓઢી રાખે છે તે) ઉતારીને મોહમ્મદના માથા અને ચહેરાને ઢાંકી દીધો અને તેને થપ્પડ મારતા મારતા ખેંચીને દરવાજા તરફ લઈ ગયા. જયારે મસ્દિજના દરવાજા પાસે ઉભેલા પહરેગીર રબીહ પાસે પહોંચ્યા ત્યારે મોટા અવાજથી તેમને સંબોધીને કહેવા લાગ્યા કે, આ ખબીસ (રાક્ષસ જેવો માસણ) કુફાનો વણઝારો શતરબાન (ઉંટ હાંકનારો) છે. તેણે મને તેનું ઉંટ આવવા જવાના ઉપયોગ માટે ભાડે આપ્યું હતું. પરંતુ પછી તે ઉંટ લઈને ભાગી ગયો અને બીજા કોઈને તે ઉંટ ભાડે આપી દીધું. આ બાબત માટે મારી પાસે બે આદીલ ગવાહ પણ મૌજૂદ છે. તમે તમારા બે માણસોને મારી સાથે મોકલો જેથી આને હું કાઝી સમક્ષ રજૂ કરી શકું. રબીહે બે પહેરેદારને મોહમ્મદ બિન ઝૈદની સાથે મોકલ્યા. તે બધા સાથે મસ્જિદની બહાર નિકળ્યા. રસ્તામાં તેઓએ મોહમ્મદ બિન હશ્શામને સંબોધીને કહયું કે અય રાક્ષસ, હજી તું મારો હક અદા કરવા માટે તૈયાર થઈ જતો હોય તો આ બંને પહેરેદાર અને કાઝીને હું તકલીફ આપવા માંગતો નથી.

મોહમ્મદ બિન હશ્શામ જે આ વાતને ધ્યાનપૂર્વક સાંભળી રહયો હતો તેણે કહયું : યબ્ન રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ, હું આપની તાબેદારી કરીશ. આ સાંભળીને મોહમ્મદ બિન ઝૈદે સાથે આવેલા બંને પહેરેગીરોને કહયું કે, આ માણસે મારો હક અદા કરી દેવાનો વાયદો ર્ક્યો છે, તેથી આપ લોકો વધારે તકલીફ ન ઉઠાવો અને પાછા ચાલ્યા જાઓ. આ સાંભળીને પહેરેગીરો પાછા ચાલ્યા ગયા. આમ મોહમ્મદ બિન ઝૈદનો ચહેરો ચૂમવા લાગ્યો કે, મારા મા - બાપ આપ ઉપર કુરબાન થઈ જાય, ખુદાવંદે આલમ બહેતર જાણતો હતો તેથી રિસાલતને આપના ખાનદાનમાં મોકલી છે. આમ કહયા પછી તેણે પોતાના ખિસ્સામાંથી એક કિંમતી હીરો કાઢયો અને કહયું કે, નાનકડી ભેટ કબૂલ કરીને મને આપનું સન્માન કરવાનો મૌકો આપો. આ સાંભળીને મોહમ્મદ બિન ઝૈદ અલય્હિસ્સલામે ફરમાવ્યું કે હું એ ખાનદાનમાંથી છું જેઓ કોઈ નેક કામ કરે તો તેનો કોઈ જાતનો બદલો (ચીજ વસ્તુ ભેટ તરીકે) લેતા નથી અને જયારે મેં મારા પિતાના ખૂનના ગુનાહને માફ કરી દીધો તો આ હીરાની શું કિંમત ?

* * * * *

# આબિદ જમીનમાં ધસી ગયો.

શૈખ તૂસી (અ.ર.)એ ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત નોંધી છે કે "બની ઇસરાઈલના જમાનામાં એક બુઢો આબિદ નમાઝમાં મશ્ગુલ હતો. તેને જાણ થઈ કે બે બાળકો એક મુર્ગાને

પકડીને તેની પાંખો ખેંચીને ઉતારી રહ્યા છે અને આથી મુર્ગો ચીસા ચીસ કરી રહ્યો છે. આબિદ આ બધું જોવા છતાં નમાઝમાં મશ્ગુલ રહ્યો અને તે મુર્ગાને બાળકો પાસેથી છોડાવ્યો નહીં. આથી ખુદાવંદે આલમે જમીનને તે આબિદને ગળી જવાનો હુકમ આપ્યો અને જમીને તે આબિદને પોતાના સૌથી નીચેના હિસ્સામાં ઉતારી દીધો."

* * * * *

# મોઅમિનની મદદ કરવાથી દુનિયા અને આખેરતમાં મળતા સવાબની વિગત

મઝલુમોની મદદ કરવા અને મોઅમિનોની હાજત સંપૂર્ણ રીતે પુરી કરવાની કોશિષ કરવા વિશેની ઘણી રિવાયતો વારિદ થઈ છે જેમાંથી અમુક રિવાયતોને જ અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે "જો કોઈ પોતાના મોઅમિન ભાઈની મજબૂરી અને પરેશાનીમાં તેની ફરિયાદ સાંભળીને તેને મદદ કરે, તેના ગમને દૂર કરે અને તેની હાજતો પૂરી કરવામાં તેની મદદ કરે તો ખુદાવંદે આલમ તરફથી તેના આ અમલને કારણે ૭૨ (બોતેર) રહેમતો વાજીબ થઈ જાય છે, જેમાંથી એક રહેમત તેને આ દુનિયામાં આપી દેવામાં આવે છે જેથી તેના દુનિયાના પ્રશ્નોનો ઉકેલ આવી શકે અને ૭૧ (એકોતેર) રહેમતો તેને આખેરતના ભય અને પરેશાનીથી બચાવવા માટે સાચવી રાખવામાં આવે છે."

**(વસાઈલ કિતાબે અમ્ર બિલ મઅરૂફ પ્રકરણ ૨૯, ભાગ ૧૧, પાના નં ૫૮૬)**

આ ઉપરાંત આપ ફરમાવે છે : "જો કોઈ માણસ પોતાના મોઅમિન ભાઈની હાજત પૂરી કરવા માટે પ્રયત્નો ક્યરે અને તે હાજત તેના માટે પૂરી થઈ જાય તો ખુદાવંદે આલમ તેના નામએ આમાલમાં હજ, ઉમરાહ, બે મહીના સુધી મસ્જિદુલ હરામમાં એઅતેકાફ કરવાનો (અલ્લાહની ઇબાદત માટે મસ્જિદમાં રોકાવાનો) અને બે મહિના સુધી (સુન્નત) રોઝા રાખવાનો સવાબ લખે છે અને જો તે મોઅમિનની હાજત તેનાથી પૂરી ન થઈ શકી હોય તો પણ (તેના નામએ આમાલમાં) એક હજ અને ઉમરાનો સવાબ લખવામાં આવે છે.

**(અમ્ર બિલ મઅરૂફ, પ્રકરણ ૪૮, ભાગ ૧૧, પાના નં ૫૮૫)**

આ ઉપરાંત આપ ફરમાવે છે કે, "ખુદાએ તઆલાએ હ. દાવૂદ અલયહિસ્સલામ ઉપર વહી નાઝિલ કરી અને ફરમાવ્યું : મારા બંદાઓમાંથી એક બંદાની એક નેકી મારી સુધી પહોંચશે તો હું તેને જન્નતમાં દાખલ કરી દઈશ. હઝરત દાઉદે પૂછયું : ખુદાવંદા, એ કઈ નેકી છે ? જવાબ મળ્યો, મોઅમિનના ગમ અને મુસીબતને દૂર કરવી, ભલે તેનું પ્રમાણ એક ખજૂર (ની પેશી) જેટલું જ કેમ ન હોય. હઝરત દાઉદ અલય્હિસ્સલામ ફરમાવે છે કે : ખુદાયા તારી ઝાત એ વાતને પાત્ર છે કે, જેણે તારી માઅરેફત પ્રાપ્ત કરી લીધી તેણે તારાથી (તારી રહેમતથી) નિરાશ થવું ન જોઈએ. કિતાબે ફકીહમાં મૈમૂન બિન મહેરાનથી રિવાયત છે કે હું ઇમામ હસન અલય્હિસ્સલામ પાસે બેઠો હતો તેવામાં એક માણસ આવ્યો અને કહ્યું કે, અય ફરઝંદે રસૂલ અલય્હિસ્સલામ, હું ફલાણા માણસનો કર્ઝદાર છું. ઇમામે ફરમાવ્યું કે તારૂં કર્ઝ અદા કરી શકાય તેટલો માલ મારી પાસે નથી. તેણે કહ્યું : આ બાબતમાં આપ તેને વાત કરો, (તેને કારણે) કદાચ તે મને કેદ ન કરે. ઇમામ અલય્હિસ્સલામે તેમના પગરખા પહેર્યા ત્યારે મેં કહ્યું : અય ફરઝંદે રસૂલ અલય્હિસ્સલામ, શું આપ ભુલી ગયા કે આપ એઅતેકાફમાં છો અને એઅતેકાફ દરમિયાન મસ્જિદની બહાર નિકળી શકાતું નથી. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : હું ભુલી ગયો નથી પણ મેં મારા પિતા પાસેથી સાંભળ્યું છે કે મારા દાદા હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે જો કોઈ માણસ પોતાના મોઅમિન ભાઈની હાજત પૂરી

કરવાની કોશિષ કરે તો તેણે જાણે કે ૯,૦૦૦ (નવ હજાર) વર્ષ સુધી દિવસના રોઝા રાખ્યા અને રાત્રે જાગીને ખુદાની ઇબાદત કરી.

* * * * *

# હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે અહવાઝના હાકિમને સંબોધીને લખેલો પત્ર

નજ્જાશી અહવાઝનો હાકિમ હતો. તે વખતે તેના કારભારીઓ પૈકી એકે હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામને વિનંતી કરી કે નજ્જાશીના હિસાબ કિતાબમાં અમૂક હિસાબની રકમ તેને મને દેવાની નિકળે છે અને તે માણસ (નજ્જાશી) મર્દે મોઅમિન અને આપનો ફરમાંબરદાર છે. જો આપને યોગ્ય લાગે તો મારા માટે તેને એક પત્ર લખી આપો.

ઇમામ અલય્હિસ્સલામે નીચે મુજબ લખી આપ્યું.

"ખુદાના નામથી જે દયાળુ અને દયા કરનાર છે. તમારા ભાઈને ખૂશ કરો જેથી ખુદા તમને ખૂશ કરે."

**(ઉસૂલે કાફી, બાબે ઇદાખાલીસ્સુરૂ - અલલ મોઅમિન - પાના નં ૧૯૦)**

તે કહે છે કે હું જયારે નજ્જાશી પાસે ગયો ત્યારે તે સરકારી કામકાજમાં વ્યસ્ત હતો. જયારે તેને ફુરસત મળી ત્યારે મેં તેને ઇમામ અલય્હિસ્સલામનો પત્ર આપ્યો અને કહ્યું કે આ ઇમામ અલય્હિસ્સલામનો પત્ર છે. તેણે તે પત્ર લઈને ચુમ્યો અને પત્રને પોતાની બંને આંખો સાથે સ્પર્શ કરાવ્યો અને પૂછયું કે શું કામ છે ? મેં કહ્યું : આપના હિસાબમાં મારા ખાતે અમૂક રકમ બાકી છે. નજ્જાશીએ કહ્યું : કેટલી રકમ છે ? મેં કહ્યું : દસ હજાર દિરહમ નજ્જાશીએ પોતાના મૂનીમને બોલાવ્યો અને કહ્યું કે આ માણસની રકમ તેના ખાતે જમા કરી દો અને તેમના ખાતેનો તમામ હિસાબ રજીસ્ટરમાં પૂરો કરી દો. તેમજ આવતા વર્ષ માટે પણ તેના ખાતામાં એટલી રકમ જમા કરી દો. ત્યાર પછી તેણે પૂછયું : શું મેં તમને ખૂશ કરી દીધા ? મેં જવાબ આપ્યો, જી હાં, નજ્જાશીએ મને સવારી માટે એક ઘોડો, એક કનીઝ એક ગુલામ અને એક જોડી કપડા આપ્યા અને દરેક વસ્તુ આપતી વખતે તે પૂછતો ગયો કે શું મેં તને ખૂશ કર્યો ? હું જવાબ આપતો ગયો કે જી હાં હું આપની ઉપર કુરબાન થાઉં. અને હું જેમ જેમ "હા" કહેતો ગયો કે તેમ તે મને વધારે પ્રમાણમાં આપતો ગયો. જયારે તેણે મને બધી વસ્તુઓ આપી દીધી ત્યાર પછી તેણે કહ્યું કે : આ ઓરડાના તમામ ગાલીચાઓ જેની ઉપર હું બેસું છું તે તમારી સાથે લઈ જાવ, કારણ કે હું આ ગાલીચા ઉપર બેઠો હતો ત્યારે તમે મને ઇમામ અલય્હિસ્સલામનો પત્ર આપ્યો હતો. આ ઉપરાંત તમારે બીજી કોઈ ચીજ વસ્તુની જરૂર હોય તો કહો. તે માણસે નજ્જાશીનો આભાર માન્યો અને ત્યાંથી વિદાય થયો. તે માણસ જયારે ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાં આવ્યો ત્યારે તેણે સઘળી વાત ઇમામ અલય્હિસ્સલામને જણાવી. નજ્જાશીના આ અમલથી ઇમામ અલય્હિસ્સલામ ખૂશ થયા. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : તેણે ખુદા અને તેના રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને ખૂશ કર્યા.

અલી તેના પિતા યકતીનના હવાલાથી નોંધે છે કે, અહવાઝના યહયા બિન ખાલિદના મુન્શીઓમાંથી એક મુન્શી (કારકુન)ને અમારા વાલી તરીકે નિમવામાં આવ્યો હતો. મારી ઉપર ટેક્ષની મોટી રકમ બાકી હતી જે ભરપાઈ કરવા માટે હું અશકત હતો, કારણ કે ટેક્ષ ભરપાઈ કરવા માટે મારો તમામ માલ અને મિલ્કત વહેંચી દેવી પડે તેમ હતી. લોકો કહેતા હતા કે તે (અમારો વાલી) ઇમામતમાં માનનારો શીઆ છે. મને એ વાતનો ડર હતો કે હું તેને મળવા જાવ અને ક્યાંક તે શીઆ ન હોય તો મારી કેવી હાલત થાય તેથી મારી

પાસે અહવાઝથી મકકા તરફ ભાગી જવા સિવાય કોઈ રસ્તો ન હતો. મકકામાં હજ બજાવી લાવ્યા પછી મેં મદીના જવાનું નકકી કર્યું અને જયારે હું હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં પહોંચ્યો ત્યારે મેં અર્ઝ કરી : અય મારા આકા, ફલાણા માણસને વાલી તરીકે નિયુકત કરવામાં આવ્યો છે અને લોકો કહે છે કે તે આપના દોસ્તોમાંથી છે. મને એ વાતનો ડર છે કે ક્યાંક તે શીઆ ન હોય અને તેની પાસે જવાથી મારો તમામ માલ ચાલ્યો જાય. આ ડરથી હું ખુદાની તરફ અને આપ અલય્હિસ્સલામની તરફ નાસીને ચાલ્યો આવ્યો છું.

ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : હવે તારે ગભરાવવાની જરૂર નથી. આમ કહીને આપે એક ચીઠ્ઠી લખી.

"બિસ્મિલ્લા હિરરહમા નિરરહીમ - અલ્લાહ તઆલાના અર્શના છાયામાં ઘણા નાના છાયાઓ (જે તડકા વગેરેથી બચાવે) છે. જેનો માલિક ફકત એ માણસ થશે જે પોતાના (મોઅમિન) ભાઈને તેના ગમમાંથી મૂક્તિ અપાવે, તેને કોઈ પ્રકારની સગવડતા આપે, અથવા તેની સાથે કોઈ નેકી કરે, ભલે પછી તે નેકીનું પ્રમાણ અડધા ખજૂર જેટલું હોય અને આ માણસ તારો ભાઈ છે."

ઇમામ અલય્હિસ્સલામે તે ચીઠ્ઠી ઉપર પોતાની મોહર લગાવી દીધી અને ફરમાવ્યું કે, આ ચીઠ્ઠી તેને આપી દેજે. જયારે હું મારા શહેરમાં પાછો ફર્યો ત્યારે રાત પડી ગઈ હતી. હું તેના ઘરે ગયો અને તેને મળવાની રજા માગી. મેં કહ્યું કે મને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે મોકલ્યો છે.. આ સાંભળીને અને મને જોઈને તે તરત જ ઉઘાડા પગે બહાર આવ્યો. તેની નજર મારી ઉપર પડી કે તરત જ આગળ વધીને તેણે મને સલામ કરી અને તેણે મારા કપાળને ચૂકીને કહ્યું : જો આ વાત સાચી હોય તો આપના માટે મારી જાન હાજર છે. ત્યાર પછી તેણે મારો હાથ પકડી લીધો અને પૂછયું કે જયારે આપ મારા મૌલાથી જુદા પડયા ત્યારે તેમની હાલત કેવી હતી ? મેં કહ્યું : તેઓ મજામાં હતા ? તેણે કહ્યું : ખુદાની કસમ મેં કહ્યું : હા, ખુદાની કસમ, તેણે આ વાત મને ત્રણ વખત પૂછી અને મેં ત્રણ વખત જવાબ આપ્યો. પછી મેં ઇમામ અલય્હિસ્સલામે આપેલી ચીઠ્ઠી તેને આપી. તેણે તે ચીઠ્ઠી વાંચીને ચૂમી લીધી અને પોતાની આંખોએ લગાડી ત્યાર પછી તેણે કહ્યું : એ ભાઈ, આપને મારૂં શું કામ છે તે કહો, મેં કહ્યું : સરકારી હિસાબમાં મારા ખાતે અમૂક હજાર દિરહમ બાકી છે જે અદા કરતા કરતા મારો દમ નિકળી જશે. આ સાંભળીને તેણે સરકારી યાદી મંગાવી અને મારી ઉપર જે કાંઈ રકમ બાકી નિકળતી હતી તેને માફ કરી દીધી, અને બાકી રહેતા પૈસા મળી ગયાની પહોંચ મને આપી દીધી. તે પછી તેણે પોતાના માલની પેટી મંગાવી અને તેમાંથી અડધો માલ મને આપી દીધો પછી પોતાના ઘોડા મંગાવ્યા તેમાંથી એક પોતે રાખ્યો અને બીજો મને આપ્યો. તે પછી પોતાના કપડાં મંગાવ્યા જેમાંથી એક જોડી પોતે રાખી અને બીજી જોડી મને આપી એટલે સુધી કે તેણે પોતાના બધા માલમાંથી અડધો માલ મને આપી દીધો અને દરેક વસ્તુ આપતી વખતે કહેતો હતો કે એ ભાઈ શું મેં તને ખૂશ કરી દીધો ? હું કહેતો હતો : હા, ખુદાની ક્સમ

હજના દિવસો આવ્યા ત્યારે મેં વિચાર્યું કે ખુદા અને તેના રસૂલની દ્રષ્ટિએ જે શ્રેષ્ઠ વળતર સિવાય તેના અહેસાન અને મહેરબાનીનું વળતર હું તેને આપી શકું તેમ નથી. ત્યાર પછી હું હજ માટે રવાના થયો જયાં તેના માટે દુઆ કરૂં અને મારા ઇમામ અને મૌલાની ખિદમતમાં જવાનું પણ નકકી કર્યું, જયાં આપ અલય્હિસ્સલામની ખિદમતમાં જઈને તેની પ્રશંસા કરૂં અને તેના હકમાં ઇમામ અલય્હિસ્સલામ પાસે દુઆ કરાવું. મકકા જઈને પછી હું ઇમામ અલય્હિસ્સલામની ખિદમતમાં પહોંચ્યો ત્યારે ઇમામ અલય્હિસ્સલામને ખૂશહાલ જોયા. ઇમામ અલય્હિસ્સલામે પૂછયું : અલી બીન યકતીન તે માણસે તારી સાથે કેવો વ્યવહાર કર્યો. ત્યારે મેં ઉપરના બનાવનું વિગતવાર વર્ણન કર્યું જે સાંભળીને ઇમામ અલય્હિસ્સલામનો મુબારક ચહેરો ખૂશીના કારણે નૂરથી ચમકવા લાગ્યો. ત્યાર પછી મેં કહ્યું : અય મારા મૌલા, શું આપ તેના અમલથી ખૂશ થયા છો ?

(જેથી ખુદા તેને ખૂશ કરે) ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : હા, ખુદાની કસમ, તેણે મારા બાપ - દાદાઓને ખૂશ કર્યા. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને અર્શ ઉપર ખુદાને ખૂશ કર્યા.

**(કિતાબે કલમએ તય્યબહ)**

* * * * *

# હઝરત ઇમામ મૂસા કાઝિમ અલય્હિસ્સલામ અને અલી બિન યકતીન

ઇબ્રાહીમ જમ્માલે અલી બિન યકતીન, (હારૂન રશીદના વઝીર) કે જે ઇમામ અલય્હિસ્સલામના સહાબી હતા, તેમને મળવા માટે પરવાનગી માગી. પરંતુ તેમને પરવાનગી આપવામાં ન આવી અને તેમને મળવાનો ઇન્કાર કરી દીધો. તે જ વર્ષે અલી બિન યકતીન હજથી મુશર્રફ થયા અને મદીના ગયા ત્યો ઇમામ અલય્હિસ્સલામ તરફથી તેમને મળવાની મંજુરી આપવામાં ન આવી. બીજે દિવસે તેમણે ઇમામ અલય્હિસ્સલામની મુલાકાત કરી, ત્યારે પૂછયું : અય મારા મૌલા, મારથી એવા કયા ગુનાહ થઈ ગયા છે કે ગઈ કાલે આપે મને મળવાની મંજૂરી આપી નહીં ? ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : તેં તારા ભાઈને મળવાની મંજૂરી આપી ન હતી તેથી જયાં સુધી ઇબ્રાહીમ જમ્માલ તને માફ નહીં કરે ત્યાં સુધી ખુદાવંદે આલમ તારી કોશિષોને કબૂલ નહીં કરે. યકતીને અર્ઝ કરી : મારા મૌલા, અત્યારે હું મદીનામાં છું અને ઇબ્રાહીમ જમ્માલ કુફામાં છે, આ હાલતમાં હું તેને મારાથી રાજી અને ખૂશી કઈ રીતે કરી શકું ? (કુફા અને મદીના વચ્ચે ખુબ જ લાંબુ અંતર છે.)

ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : રાત પડે ત્યારે કોઈ દોસ્તને ખબર ન પડે તે રીતે એકલા બકીઅમાં જજો. ત્યાં તમને એક (શ્રેષ્ઠ નસ્લનો) ઘોડો દેખાશે. તેની ઉપર સવાર થઈ જજો. યકતીને એ પ્રમાણે કર્યુ. થોડી વારમાં તે ઇબ્રાહીમ જમ્માલના ઘરના દરવાજા પાસે કુફા પહોંચી ગયા. તેમણે દરવાજો ખખડાવ્યો અને કહ્યું કે હું અલી બિન યકતીન છું. ઇબ્રાહીમ જમ્માલે અંદરથી જ કહ્યું કે અલી બિન યકતીન સાથે મારે શું સંબંધ ? અલી બિન યકતીને કસમ દીધી અને કહ્યું કે, મને તમારા ઘરમાં આવવા દો, મારે તમારૂં બહુ જ જરૂરી કામ છે. ઘરમાં આવીને તેમણે ઇબ્રાહીમને કહ્યું કે અય ઇબ્રાહીમ જયાં સુધી તું મને માફ નહીં કરે ત્યાં સુધી મારા મૌલાએ મારી સાથે વાત કરવાનો ઇન્કાર કર્યો છે. ઇબ્રાહીમે કહ્યું : ખુદા તમને બખ્શી આપે. અલી બિન યકતીને ઇબ્રાહીમને કસમ આપી અને તેમનો પગ પોતાના ચહેરા (ગાલ) ઉપર મુકવાનું કહ્યું, ઇબ્રાહીમે તેમ કરવાનો ઇન્કાર કર્યો પણ યકતીને તેમને બે વખત કસમ આપી ત્યારે ઇબ્રાહીમ અલય્હિસ્સલામે એ પ્રમાણે કર્યું. (એટલે કે અલી બિન યકતીન જમીન ઉપર સુઈ ગયા અને ઇબ્રાહીમે તેમના ચહેરા પર પોતાનો પગ મૂકયો.) તે પછી અલી બિન યકતીને કહ્યું : ખુદાયા, ગવાહ રહેજે, ત્યાર પછી તેઓ ઘોડા ઉપર સવાર થયા કે તુરત જ ઇમામ અલય્હિસ્સલામના ઘરના દરવાજા પાસે પહોંચી ગયા. તેમણે દરવાજો ખખડાવ્યો, અને ઇમામ અલય્હિસ્સલામે તેમને ઘરમાં પ્રવેશવાની રજા આપી.

ઉપરોકત પ્રસંગથી ઈમાની ભાઈઓના હકકોના મહત્વનો ખ્યાલ આવી શકે છે. અલી બિન યકતીન ઇમામ અલય્હિસ્સલામના ખાસ સહાબીઓમાંના એક હતા અને ઇમામ અલય્હિસ્સલામના હુકમથી જ તેઓએ વડાપ્રધાનપદનો હોદ્દો સંભાળ્યો હતો. તેમની ઉપર ઇમામ અલય્હિસ્સલામની એટલી બધી અમીન (ભરોસાપાત્ર) નજર અને કૃપા હતી કે ઇદે કુરબાનના દિવસે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું કે આજે (આખો દિવસ) મારા દિલમાં અલી બિન યકતીન સિવાય કોઈનો ખ્યાલ આવ્યો નથી, અને મેં તેમના માટે દુઆ કરી છે. અલી બિન યકતીનનો આટલો બધો ઉચ્ચ દરજજો હોવા છતાં, તેમણે (અલી બિન યકતીને) જયાં સુધી ઇબ્રાહીમની માફી ન માગી લીધી ત્યાં સુધી ઇમામ અલય્હિસ્સલામ તેમનાથી રાજી થયા નહીં. આ વાતથી

આપણે એ બોધપાઠ લેવો જોઈએ કે આપણે આપણા રોજીંદા જીવનમાં ખૂબ જ એહતિયાત (સાવધાની)થી કામ લેવું જોઈએ અને આપણાંથી કોઈ બિરાદરે મોઅમિનનો હક અદા કરવાનું ચૂકી જવાય તેવું બનવું ન જોઈએ (એટલે કે કોઈનો હક ડૂબવો ન જોઈએ) જેથી તે કામ ખુદા અને રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની નારાજગીનું કારણ ન બની જાય

* * * * *

# એ માણસની પોતાની હાજત પણ પૂરી થઈ જાય છે.

જો કોઈ મઝલુમ ઉપરથી ઝુલ્મને દૂર કરે અથવા મોઅમિનની હાજત પૂરી કરવાની કોશિષ કરે તો આખેરતના સવાબ ઉપરાંત આ દુનિયામાં પણ તેની ઇઝઝતમાં વૃધ્ધિ થાય છે અને તેની પોતાની હાજત પણ પૂરી થઈ જાય છે. આ હકીકત પણ જાણવા જેવી છે. આ વિષયમાં ઘણી રિવાયતો અને પ્રસંગો જોવા મળે છે, જેમાંથી અત્રે ફકત એક જ પ્રસંગ પ્રસ્તુત કરીએ છીએ, જે હદીસ ઉપર આધારીત છે.

કિતાબે મહાસીનના સંપાદક આલિમે જલીલ અહેમદ બિન મોહમ્મદ બિન ખાલીદ અલ બરકી જેઓ હઝરત ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામના અને ગૈબતે સુગરાના જમાનામાં મૌજૂદ હતા. તેઓ ફરમાવે છે કે હું 'રય' શહેરમાં પહોંચ્યો અને 'કોતકીન' ના મુનશી અબુલ હસન માદરાનીનો મહેમાન થયો. તેઓ તરફથી મારા માટે વાર્ષિક સાલીયાણું (નકકી કરાએલ રકમ) નકકી થએલું હતું જે હું કાશાનના એક વિસ્તારની ટેક્ષની આવકમાંથી વસુલ કરી લેતો હતો.પરંતુ મારી પાસેથી અચાનક ટેક્ષની માગણી કરવામાં આવી અને તે પોતાના કોઈ કામસર મારા સાલિયાણા વિશે ભૂલી ગયો. એક દિવસ જયારે હું સખ્ત ફિકર અને ચિંતામાં હતો ત્યારે એકાએક મારી પાસે એક પાકીઝા બુઝુર્ગ માણસ આવ્યા, જેઓ ખૂબ જ અશકત હતા, અને એવું લાગતું હતું કે તેમના શરીરમાં લોહીનું એક ટીપુ પણ નથી. તેઓ માણસના સ્વરૂપમાં એક હાડપિંજર જેવા હતા. તેઓએ કહ્યું કે અય અબૂ અબ્દિલ્લાહ, મારી અને તમારી વચ્ચે સમાનતાનું કારણ દીનની પાકીઝગી અને અઇમ્મએ માસૂમીન અલય્હેમુસ્સલામની દોસ્તી છે. ખુદાની ખુશ્નુદી માટે અને અમો સાદાતની દોસ્તી માટે અમારા માટે કંઈ ને કંઈ કરો. મેં પૂછયું : હું આપના માટે શું કરી શકું ? તેણે કહ્યું : મારા વિશે એવી વાત ફેલાવવામાં આવી છે કે મેં "કોતકીન" વિરૂધ્ધમાં ખાનગી માહિતી પહોંચાડી દીધી છે. મારા પ્રત્યે આવી શંકાને કારણે સુલ્તાને મારો બધો માલ જપ્ત કરી લીધો છે. મેં તેને કહ્યું કે, હું આપની હાજત પૂરી કરીશ. આ સાંભળીને તેઓ ચાલ્યા ગયા. મેં મનમાં વિચાર્યું કે જો હું સુલ્તાન પાસે મારી અને આ માણસની બંનેની હાજતો એકી સાથે રજૂ કરીશ તો એમાંથી કોઈની હાજત પૂરી થશે નહીં અને જો તેની હાજત રજૂ કરીશ તો મારૂ કામ થશે નહીં. આવું વિચારતા વિચારતા હું મારા પુસ્તકાલયમાં ગયો ત્યાં મેં હઝરત સાદિક અલય્હિસ્સલામની એક હદીસ વાંચી.જેમાં હતું કે "જો કોઈ ખૂલુસ દિલથી (નિસ્વાર્થ ભાવનાથી) પોતાના મોઅમિન ભાઈની હાજત પૂરી કરવાના પ્રયત્નો કરે તો ખુદાએ હાજત પૂરી કરે છે. અને જો તે કોશિષ કરનારની પોતાની પણ કોઈ હાજત હોય તો તે પણ પૂરી થઈ જાય છે. આ હદીસ વાંચીને તરત જ હું ઉભો થયો અને અબૂલ હસન માદરાનીને ત્યાં ગયો. રજા લઈને તેની પાસે પહોંચ્યો ત્યારે જોયું તો તે એક ખૂરશી ઉપર ટેકો દઈને બેઠો હતો અને તેના હાથમાં એક લાકડી હતી. મેં તેને સલામ કરી, તેણે સલામનો જવાબ આપ્યો અને કહ્યું : બેસો, તે જ વખતે ખુદાના ફઝલથી મારા મુખમાંથી કુરઆને શરીફની નીચે મુજબની આયત નિકળી. જે મેં મોટા અવાજે પડવાનું શરૂ કરી દીધું.

"અને અલ્લાહે તને જે કંઈ આપી રાખ્યું છે, તેના પ્રતાપે તું આખેરતના ઘરનો ચાહનારો થા અને દુનિયા માંહેની તારી ફરજ વીસરી ન જાય અને જેવી રીતે અલ્લાહે તારા ઉપર ઉપકાર કર્યો છે તું પણ

(અલ્લાહના બંદાઓ પર) ઉપકાર કર, અને પૃથ્વી પર ફસાદને ચાહનારો ન થા, નિસંશય અલ્લાહ ફસાદ કરનારાઓને દોસ્ત નથી રાખતો." અબૂલ હસને કહ્યું : તું આ આયત પડયો તે એ વાતની દલીલ છે કે તારી કોઈ હાજત છે, તું તારી હાજતને સ્પષ્ટ રીતે રજુ કર. મેં કહ્યું : ફલાણા માણસની વિરૂધ્ધમાં આવી-આવી વાતો થઈ રહી છે. તેણે પૂછયું : શું તે માણસ શીઆ છે, અને તું તેને ઓળખે છે ? મેં કહ્યું : હા, આ સાંભળીને તે ઉભો થયો અને તેણે પોતાના ગુલામને બોલાવ્યો અને (લોકોના જપ્ત થએલા માલની યાદીનું) લિસ્ટ મંગાવ્યુ, જેમાં તે માણસના માલની વિગત લખવામાં આવી હતી. તેના માલનું પ્રમાણ બહુ જ વધારે હતું. તેણે તતે બધો માલ પાછો આપી દેવાનો હુકમ આપ્યો અને સાથે એક પોશાક અને એક ખચ્ચર આપવાનો તથા તેને પોતાના વતનમાં પોતાના કુટુંબ પાસે મોકલી આપવાનો હુકમ આપ્યો અને કહ્યું : અય અબૂ અબ્દિલ્લાહ, તમોએ મને નસીહત કરવામાં ખામી રાખી નથી અને મારા કામની સુધારણા કરી દીધી છે, પછી તેણે એક પત્ર અહેમદ બિન ખાલિદ બરકીના નામે લખી આપ્યો જેમાં હુકમ આપ્યો કે આ બધુ જે, તે માણસને આપ્યું તે તેને (બરકીને) પણ મળે અને પછી કહ્યું : અય અબૂ અબ્દિલ્લાહ, ખુદા તમને આ નેક કામનો બદલો આપે કારણ કે તમે એક નિર્દોષ માણસ ઉપર ઝુલ્મ થતો અટકાવવામાં મારી હિદાયત કરી છે. આમ કહીને તેણે હુકમ લખ્યો કે તેને દસ હજાર દિરહમ બીજા આપવામાં ઓ કેમકે તેમણે નેકીની રાહમાં મારી મદદ કરી અને મને સીધો રસ્તો દેખાડયો. હું તેનો હાથ ચુમવા માંગતો હતો ત્યારે તેણે કહ્યું કે આમ કરીને મારો અમલ નિરર્થક બનાવી ન દેશો. ખુદાની કસમ, જો તમે મારા હાથ ચુમશો તો હું તમારા પગ ચુમી લઈશ. માદરાનીની દ્રષ્ટિએ આટલું બધું આપવું એ કાર્ય પણ બહુ ઓછું હતું, કારણ કે તેણે આલે મોહમ્મદ અલય્હેમુસ્સલામનો દ્રઢતાપૂર્વક સ્વિકારી લીધો હતો.

* * * * *

# એકત્રીસમો ગુનાહ

# જાદુ (અસ્સેહરો)

એકત્રીસમો ગુનાહ જે 'ગુનાહે કબીરા' હોવાની સાબિતી મળે છે, તે ગુનાહ જાદુ છે. વસાએલુશ્શીયામાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની રિવાયત નોંધવામાં આવી છે. જેમાં આં હઝરત સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ જાદુને 'ગુનાહે કબીરા'માં ગણાવેલ છે. જ. અબ્દુલ અઝીમ રઝીયલ્લાહો તઆલા અન્હોના "સહીફા" માં 'ગુનાહે કબીરા' વિશે જે રિવાયત ઇમામે જવાદ ઇમામ અલી રઝા અલય્હિસ્સલામ અને તેઓએ ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી નોંધી છે, તેમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે "જાદુ 'ગુનાહે કબીરા' છે." કારણ કે ખુદાવંદે આલમ અઝઝ વ જલ્લે કુરઆને મજીદમાં ફરમાવ્યું છે કે

"અને સુલમયમાનની હુકૂમત દરમિયાન જે મંત્ર શયતાનો ભણતા હતા તેને અનુસરીને તેઓ ચાલવા લાગ્યા, જો કે સુલયમાન તરફથી નાસ્તિકપણાની કોઈ વાત બનવા પામી ન હતી, બલ્કે શયતાનોએ જ નાસ્તિકપણું કર્યું. તેઓ માણસોને જાદુ શીખવતા હતા. અને તે જ (જંતર મંતર શીખવતા) કે જે બાબિલ (શહેર)માં (બંદીવાન બનેલા) હારૂત અને મારૂત (નામના) બે ફરિશ્તા, કોઈને (કાંઈપણ) શીખવતા ન હતા, જયાં સુધી એવું કહી ન દેતા કે (સંભાળજો) અમે તો (માણસો માટે) માત્ર કસોટી છીએ, માટે (હે માનવી ) તું નાસ્તિકપણું કર નહીં, તો પણ તે (લોકો) પતિ - પત્નિ વચ્ચે વિયોગ પડાવા (તેવો જાદુ) તેમની પાસેથી શીખતા, જો કે અલ્લાહના હુકમ સિવાય તેઓ તેનાથી કોઈને પણ હાની પહોંચાડી શકતા ન હતા, (ઉલટું) જે તે શીખતા તે તેમને (માટે) નૂકસાનકારક હતું અને લાભદાયક ન જ હતું. વળી તેઓ આ પણ સારી પેઠે જાણતા

હતા કે, જે કોઈ આ (જાદુઈ) વસ્તુઓનો ખરીદનાર હશે તેના માટે આખેરતમાં કાંઈ પણ લાભ નહીં હોય, જો તેઓ આ (વિચારતા) જાણતા હોત." (સૂરએ બકરહ ર, આ. ૧૦૨) તફસીર અલ મીઝાનમાં લખ્યું છે કે 'આ આયતથી જાણવા મળે છે, એક સમયગાળા સુધી યહૂદીઓમાં જાદુનું ચલણ રહયું હતું અને તેઓ જાદુનો સંબંધ હઝરત સુલયમાન અલય્હિસ્સલામ સાથે જોડતા હતા. તેઓની માન્યતા એવી હતી કે હઝરત સુલયમાન અલય્હિસ્સલામનું સામ્રાજય તેઓનો લોકો, જીન્ન અને જંગલી જાનવારો ઉપરનો કાબુ, અને આ સિવાયની બીજી અસાધારણ બાબતો જાદુના કારણે હતી જે પૈકી અમૂક બાબતો તેમના સુધી પહોંચી હતી. તેઓ જાદુના બીજા ભાગનો સંબંધ હારૂત અને મારૂત નામના બે ફરિશ્તા સાથે જોડતા હતા. તેથી કુરઆને મજીદ હઝરત સુલયમાન અલય્હિસ્સલામ સાથે જોડાએલી આ બધી વાતોનો રદીયો આપે છે. કેમકે જીવંત સુષ્ટિની (સ્વાદ, સ્પર્શ, સુંધવાની, જોવાની અને સાંભળવાની) ઇન્દ્રીઓ અને દુનિયાની વિવિધ વસ્તુઓ ઉપર તેની પ્રકૃતિ (કાર્ય પધ્ધતિ) વિરૂધ્ધ એટલે કે જે ગુણો ખુદાએ કુદરતી રીતે તેનામાં મૂકયા છે, તેની વિરૂધ્ધ અમલ કરવો (કરાવવો) અને કાબુ મેળવવો તેનું નામ જાદુ છે. તે મુજબ જાદુ, એક રીતે ખુદાનો ઇન્કાર કરવા માટે કારણરૂપ બને છે. હઝરત સુલયમાન અલય્હિસ્સલામ એક માસુમ નબી હતા. તેમની પવિત્ર ઝાત કુફ્રે ખુદાથી પાક હતી. જેનો ઉલ્લેખ ખુદાએ કુરઆન મજીદની ઉપરોકત આયતોમાં કર્યો છે.

વાસ્તવમાં હઝરત સુલયમાન અલય્હિસ્સલામે કુફ્ર ઇખ્તયાર કર્યુ ન હતું પરંતુ શયતાને કુફ્ર ઇખ્તયાર કર્યુ હતું અને તે (શયતાન) લોકોને જાદુ શીખવતો હતો. હારૂત તથા મારૂત વિશે ખુદાવંદે આલમ ઇરશાદ ફરમાવ છે કે 'અને તે વસ્તુઓ જે હારૂત અને મારૂત ઉપર બાબિલ (શહેર)માં નાઝીલ કરવામાં આવી હતી. હકીકતમાં એ બંને ફરિશ્તાઓ તે વસ્તુઓ ત્યાં સુધી કોઈને શીખવતા ન હતા કે જયાં સુધી તેઓને કહી દેતા ન હતા કે અમે બંને તો ફકત તમારી કસોટી માટે (માધ્યમ) (મોકલવામાં આવ્યા) છીએ. પછી (આની ઉપર અમલ કરીને) બેઈમાન ન થઈ જતા. આમ છતાં, તેઓ તેમની પાસેથી એવા ટુચકા (જાદુ - ટોના, તિલસ્માત) શીખતા હતા, જેનાથી પતિ - પત્નિ વચ્ચે વિયોગ કરાવી શકાય. હકીકતમાં તો ખુદાની મરજી સિવાય તેઓ પોતાની વાતોથી કોઈને નુકસાન પહોંચાડી શકતા ન હતા. આ લોકો એવી વાતો શીખતા હતા જે તેમને પોતાને જ નુકસાન પહોંચાડતી હતી અને તેમના માટે ફાયદાકારક ન હતી.

અહીં એ વાત યાદ રાખવા જેવી છે કે, એહલે સુન્નતની અમૂક તફસીરોમાં નબવી રિવાયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે ખોટી હોવાનું સાબિત થાય છે. દાખલા તરીકે તેઓ લખે છે કે 'હઝરત સુલયમાન અલય્હિસ્સલામની વીંટી તેમણે ચોરી હતી અને તેના કારણે ચાલીસ દિવસ સુધી તેમણે સિહાસન ઉપર બેસીને હુકૂમત કરી હતી. તે સમયગાળામાં શયતાને લોકોમાં જાદુની પ્રણાલિકા ફેલાવી દીધી હતી. તેઓ લખે છે કે હારૂત અને મારૂત બંને ફરિશ્તાઓ શહવત (મનોવાસના)માં ફસાઈ ગયા હતા અને બંનેએ શરાબ પીધો હતો. (શરાબના નશામાં) એક માણસને કત્લ કરી નાખ્યો અને એક સ્ત્રી સાથે ઝીના કર્યા હતા. પછી તે સ્ત્રી આસમાન ઉપર ચાલી ગઈ હતી અને તે સ્ત્રીનું નામ "સિતારએ ઝેહરા" છે.

પરંતુ સાચી હકીકત તો એ છે કે 'ઓયૂને અખબારૂ રેઝા' નામની કિતાબમાં ઇમામ અલી રઝા અલય્હિસ્સલામે હારૂત અને મારૂત વિશે મામૂન સાથે થએલી વાતચીતના અનુસંધાનમાં ફરમાવ્યું છે કે 'હારૂત અને મારૂત બંને ફરિશ્તાઓ હતા જેમણે લોકોને જાદુને તોડવાની રીત સમજાવી હતી જેનાથી લોકો જાદુગરોના જાદુને રોકી શકે અને જાદુના અમલને બાતિલ કરી શકે. તે ફરિશ્તાઓએ જાદુ કરવાની કોઈ રીત કોઈને શીખવી ન હતી. તેમણે તે (જાદુને તોડવાની) રીત શીખવતા પહેલા લોકોને એ વાતની ચેતવણી આપી હતી કે અમને તમારી મારફત અઝમાઈશ માટે મોકલવામાં આવ્યા છે, તમે કાફિર થઈ જતા નહીં. પરંતુ કેટલાક લોકો

એવા કામો કરતા હતા જેનાથી લોકો વચ્ચે પરસ્પર અંતરાય - વિખવાદ ઉભો થઈ ગયો અને તે કાફિર થઈ ગયા અને એવું વિશેષ કાર્ય (જંતર મંતર) કરતા પતિ - પત્નિ વચ્ચે ફાટફુટ (અંતર) પડાવવાનો વિશેષ અમલ કરવા (જંતર મંતર) માં મગ્ન થઈ ગયા.

હારૂત અને મારૂતના કિસ્સાને શીયા ફોકહાએ પણ મતામતાંતર સાથે દ્રષ્ટાંતરૂપે નોંધ્યો છે, અને આ વિશે 'તફસીર - મજમઉલ બયાન' માં પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેટલાક બુઝુર્ગોએ ફરમાવ્યું છે કે આ કિસ્સો છુપી બાબતોમાંથી છે અને તેની સ્પષ્ટતા કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત 'બેહારૂલ અન્વાર' ના ચૌદમાં ભાગમાં કેટલાક તફસીરકારોએ લખ્યું છે કે 'હારૂત અને મારૂતનો' ઉલ્લેખ માણસના દિલ અને રૂહ તરીકે કરવામાં આવ્યો છે જે હકની હિફાઝત માટે રૂહાની દુનિયા (આધ્યાત્મિક વિશ્વ) થી જીસ્માની દુનિયા (શારીરિક સ્વરૂપ) માં ફેરવાઈ ગયા હતા. તેથી તેમની દુન્યવી જિંદગીમાં પરિક્ષા લેવામાં આવી, અને તેઓ નફસાની ખ્વાહિશોમાં ફસાઈ ગયા, ગફલતના નશામાં ચૂર થઈને દુનિયામાં મશ્ગુલ થઈ ગયા અને પોતાની ઝાત ઉપર ઝુલ્મ કર્યો અને તેમ કરીને હંમેશા રહેનારી (જન્નત)ની નેઅમતોથી વંચિત થઈ ગયા, એટલું જ નહીં, દર્દનાક અઝાબમાં પણ ફસાઈ ગયા. આ પ્રકારની રિવાયતોનો માઅસુમ અલય્હેમુસ્સલામના હવાલાથી ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો માઅસૂમ અલય્હેમુસ્સલામ સમક્ષ રૂજુઅ કરવું જોઈએ.

શૈખ સદૂક રહેમતલ્લાહો તઆલા અલયહ ફરમાવે છે કે, 'ઝહરહ અને સુહૈલ' બંને દરીયાઈ જાનવર છે. જેનો રિવાયતોમાં મસ્ખ થએલા (ઇન્સાનનું રૂપ બદલાઈને જાનવરમાં પરિવર્તન થએલ ઇન્સાન) જાનવરો અને હારૂત અને મારૂતના નામથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે. કેટલાક એહલે સુનનત લોકો તેને હારૂત અને મારૂત સમજે છે, જે હકીકતમાં હારૂત અને મારૂત નથી. ઉપર કુરઆને મજીદની જે આયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેનાથી એ વાત સાબિત થાય છે, કે જાદુ એ કુફ્ર સમાન છે અને જાદુગરને કયામતના દિવસે કોઈ ફાયદો નહીં થાય. એ વિશે ખુદાવંદે કરીમ ઇરશાદ ફરમાવે છે :

"અને તે લોકો ઈમાન લાવ્યા હોત તથા પરહેઝગારી કરી હોત (જાદુ વિગેરેથી બચતા રહ્યા હોત) તો ખરે જ અલ્લાહ તરફથી જે સવાબ તેમને મળત તે બહેતર હોત. જો તેઓ - આ જાણતો તો."

**(સૂરએ બકરહ ૨, આ. ૧૦૨)**

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે કે ત્રણ પ્રકારના લોકો બેહીશ્તમાં નહીં જાય.

**(૧) હંમેશા શરાબ પીનારા**

**(૨) હંમેશા જાદુ કરનારા અને**

**(૩) કત્એ રહમ કરનારા**

**(વસાઈલ પ્રકરણ ૨૫, પાના નં ૧૦૭)**

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે : "જાદુ કરનારા, ખુદાને ન માનનારા કાફિરોની જેમ જહન્નમની જવાળાઓને લાયક છે.'

આ ઉપરાંત આપે ફરમાવ્યું : 'થોડું ઘણું જાદુ શીખનાર પણ કાફિર થઈ ગયો, અને તેનું અંતિમ સ્થાન (જહન્નમ) જ છે. એટલે કે તેના નસીબમાં ખુદાની રહેમત નથી અને જો તે તૌબા ન કરી લે તો તેની સજા જહન્નમ છે.'

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામે ફરમાવ્યું છે કે, એક સ્ત્રી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની ખિદમતમાં હાજર થઈ અને અર્ઝ કરી :

'મારો પતિ મારી સાથે સખ્તાઈ અને ઉધ્ધતાઈભર્યું વર્તન કરે છે. મેં તેના માટે એવી વસ્તુ બનાવી છે જેનાથી તે મારી ઉપર મહેરબાન થઈ જાય, એટલે કે મેં તેની ઉપર જાદૂ કર્યું છે. તેના ખોરાક માટે એવી વસ્તુ બનાવી છે કે, જેના ખાવાથી તે મને પસંદ કરવા લાગશે.' હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું : 'તારી ઉપર લાનત પડે. તે દરીયાઓ અને માટીને કાળી કરી નાખી અને જમીન અને આસમાનના ફરિશ્તાઓ તારી ઉપર લાનત કરે છે.' ત્યાંથી ગયા પછી તે સ્ત્રીએ દિવસના ભાગમાં રોઝા રાખવાનું અને રાત્રે ઇબાદત કરવાનું શરૂ કર્યું અને પોતાના વાળોને કપાવી નાખ્યા (મુંડન કરાવી નાખ્યું) અને શરીર ઉપર પોશાકને બદલે ચામડું પહેરી લીધું. પરંતુ જયારે પયગમ્બર સાહેબને આ વાતની ખબર પડી ત્યારે આપે ફરમાવ્યું કે તેનો આ આમલ કબૂલ નહીં થાય.'

**(કિતાબે ફકીહ, ભાગ ૩, પાના નં ૨૮૨)**

મોહદ્દીસે ફૈઝ હદીસને બયાન કરતાં ફરમાવે છે કે તેના કોઈ પણ કાર્યો જે તે પશ્ચાતાપ રૂપે કરે તે કબૂલ નહીં થાય અને જાદુની સજા તેને જરૂર મળશે. તેના નેક કાર્યો તે સજાની આડે નહીં આવે ભલે હકીકતમાં તેની નેકી કબૂલ થઈ ગઈ હોય. કારણ કે તેણીએ પોતાના પતિ ઉપર જાદૂ કરીને ઝુલ્મ કર્યો છે. તેથી જયાં સુધી તેણે પોતાના પતિને પોતાનાથી રાજી ન કરી લે ત્યાં સુધી તેની તૌબા અને તેના આમાલ કબૂલ થવામાં એહતેમાલ (શક) છે. આ ઉપરાંત ઉપરના વાક્યથી એ વાત સ્પષ્ટ છે કે જાદૂ એ 'ગુનાહે કબીરા' છે અને પેલી સ્ત્રી પોતાના પતિને રાજી કરી લે તો પણ તેની તૌબા કબૂલ થવામાં એહતેમાલ, તે જાદૂના 'ગુનાહે કબીરા' હોવા પ્રતયે અંગુલિનિર્દેશ છે. તેથી બધા (સારા) આમાલથી તેની ક્ષતિ પૂર્તિ થઈ શકશે નહીં. કારણ કે જાદુનો ગુનાહ કરીને ખુદા અઝઝ વ જલ્લની રહેમતથી એટલું બધુ દૂર થઈ જવાય છે કે બીજી બધી ઇબાદતો કરવાથી પણ તેની નજદીક થઈ શકાતું નથી.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે કે 'જો કોઈ માણસ કોઈ જાદુગર અથવા (ભવિષ્ય ભાખનાર) જુહ્ના (ફરેબી) ની પાસે જાય અને તે જે કાંઈ વાત કરે તેનું સમર્થન કરે તો ખુદાએ નાઝિલ કરેલી તમામ આસમાની કિતાબો મુજબ તે (જાણે કે) કાફર થઈ ગયો. (ગણાશે)''

**(સફીનતુલ બેહાર, ભાગ પહેલો, પાના નં ૫ અને ૬)**

* * * * *

# જાદુની સજા કત્લ છે.

જે મુસલમાન જાદૂ કરે અને તેની તૌબા ન કરે તો તેને કત્લ કરી નાખવો જોઈએ અને કોઈ કાફિર જાદૂ કરે તો તેને કત્લ ન કરવો જોઈએ. પરંતુ હાકિમે શરઅને યોગ્ય લાગે તેવી તેને સજા કરી શકે છે.

ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'જાદુગરના માથા ઉપર તલવારનો એક ઘા કરીને (બે ટૂકડા) કરીને, તેને કત્લ કરી નાખો.'

**(કાફી, ભાગ ૭, પાના નં ૨૬, જાદુની સજાનું પ્રકરણ)**

'જો બે આદિલ ગવાહ તેના જાદૂ કરવા વિશેની ગવાહી આપે તો તેને કત્લ કરવો જાએઝ છે.'

**(તહઝીબ, પાના નં ૧૪૭)**

આ ઉપરાંત હઝરત રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું :

'મુસલમાન જાદુગરને કત્લ કરી નાંખવો જોઈએ અને કાફિર જાદુગરને કત્લ ન કરવો જોઈએ. કોઈએ અર્ઝ કરી કે યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ, કાફિર જાદુગરને શા માટે કત્લ ન કરવો જોઈએ ? ત્યારે આપે ફરમાવ્યું : કારણ કે કુફ્ર એ જાદુથી પણ વધારે (ખરાબ) છે અને જાદુ અને શીર્ક એક સરખું છે.

**(કાફી ભાગ ૮, પાના નં ૨૬ અને તહઝીબમાં)**

જયારે કાફિરે ગૈરે હરબી કુફ્ર કરતો હોવા છતાં કત્લ કરી શકાતો નથી તો જાદુના કારણે તો તે કત્લને વધુ લાયક થતો નથી. કારણ કે કુફ્ર એ જાદુથી વધુ મોટો ગુનાહ છે. મુસલમાન જાદુગર કત્લને પાત્ર એ માટે થાય છે, કારણ કે તે શિર્કની વધુ નજીક પહોંચી ગયો હોય છે.

* * * * *

# જાદુની હકીકત

વસીલતુન નજાતમાં સૈયદ મરહૂમ કહે છે કે 'જાદુનો અર્થ એ છે કે ખાસ (અમુક) પ્રકારના વઝાએફ લખવા અથવા પડવા અથવા ખાસ પ્રકારની વસ્તુઓને આગમાં સળગાવવી અને તેનો ધુમાડો આપવો અથવા કોઈ ચિત્ર બનાવવું અથવા ફુંક મારવી અથવા ગાંઠ મારવી અથવા કોઈ ચીઝને એક ખાસ જગ્યાએ દાટી દેવું જેથી જે માણસ ઉપર જાદુ કર્યુ હોય તેના શરીર, દિલ અને દિમાગ (અકકલ) ઉપર અસર થાય. જેમકે અમુક માણસ ગુમ થઈ ગયો હોય તો તેને હાજર કરવો, અથવા તેને સુવડાવી દેવો અને બેહોશ કરી દેવો અથવા તે માણસ અને બીજા માણસની વચ્ચે મોહબ્બત કે દુશ્મની ઉભી કરી દેવી, જેમકે પતિને પત્નિ પાસે જતો રોકવો અને બંનેમાં જુદાઈ કરાવવી.'

તફસીરે મીઝાનમાં સૂરએ બકરહની તફસીરમાં કેટલીક દિલચશ્પ વાતો લખી છે, જેના અનુવાદને વિગતવાર પ્રસ્તુત કરવામાં આવે છે. આપણી આસપાસ અવારનવાર અસામાન્ય બનાવો બનતા હોવાનું આપણે જોતા આવ્યા છીએ. જો કે આવા બનાવો દેખીતી રીતે કુદરતના સ્પષ્ટ નિયમોના માળખાની બહારના હોય છે, તેથી આવા બનાવોથી આપણને અચંબો થાય છે. ભાગ્યે જ કોઈ વ્યક્તિ એવી હશે કે જેણે આવો કોઈ રહસ્યમય બનાવ જોયો નહીં હોય કે તે વિષે સાંભળ્યું નહીં હોય. થોડાક પણ ઉંડા ઉતરતા એ સમજાય જાય કે અસામાન્ય દેખાતા આવા બનાવોમાં રહસ્યમય કશુ જ નથી હોતું, બલ્કે તેની પાછળ કોઈ સામાન્ય કે કુદરતી કારણ જ રહેલું હોય છે. ઘણું કરીને આવા કામની પાછળ વ્યવસ્થિત શિક્ષણ અને મહાવરો **(practice)** જ કામ કરતા હોય છે. જેમકે ઝેર ખાવું, સખ્ત ભારે વજન ઉંચકવું, તંગ રસ્સી પર ચાલવું કે નાચ કરવો.

કેટલાક પ્રકારના બનાવો એવા પણ હોય છે કે તેની પાછળના કુદરતી કારણો છુપા રાખવામાં આવેલા હોય છે. જેમકે કોઈ પણ જાતની ઇજા વગર કોઈ વ્યક્તિનું ભડભડતી આગ પરથી પસાર થઈ જવું (હકીકતમાં તો તેણે પોતાના શરીર પર કોઈ રસાયણ ચોપડેલું હોય છે, જે દેખાતું નથી) અથવા દેખીતી રીતે કોઈ કોરો કાગળ પોતાના ઓળખતાને મોકલવો અને સામેવાળી વ્યક્તિનું એ કાગળમાંના સંદેશને વાંચી લેવું (કાગળ અદ્રષ્ય શાહીથી લખવામાં આવ્યો હોય છે, જેને આગ પર રાખતા તે કોઈ રસાયણ લગાડતા લખાણ સ્પષ્ટ થઈ જાય છે.)

ત્રીજા પ્રકારના આવા બનાવોમાં હાથ ચાલાકી, નજરબંધી કે છેતરપીંડી કામ કરતી હોય છે. આમ આવા દેખીતા અસમાન્ય બનાવો પાછળ તો કોઈ કુદરતી કારણ જ કામ કરતું હોય છે. ઉપર જણાવ્યું તેમ,

આવું કારણ સામાન્ય માણસની નજરથી છુપું રહેતુ હોય છે, તેથી તે આવા કારણને સમજી શકતો નથી. ઉપરાંત આવા દેખીતા અસામાન્ય કામ મોટા ભાગના માણસોની શક્તિની બહારના હોય છે.

જો કે એવા પણ બનાવો જોવામાં આવે છે કે જેની પાછળનું કારણ સ્પષ્ટપણે સમજી શકાતુ નથી. જેમકે કોઈ અદ્રષ્ય બાબત ખાસ કરીને ભવિષ્યમાં બનનારા બનાવોની આગાહી કરવી, કોઈ વ્યક્તિને આકર્ષિત કે તિરસ્કૃત કરવા માટે તેના માનસ પર કબ્જો મેળવવો, જાદુ, વશીકરણ કે સંમોહિત કરીને કોઈ વ્યક્તિની શક્તિ પર ધારી અસર ઉપજાવવી, કે પછી ઘણો છેટે રહીને અડકયા વગર કોઈ પણ વસ્તુને કહેવાતી આધ્યાત્મિક કે ગેબી શક્તિના આધારે તેની જગ્યા પરથી હટાવવી. આવા બનાવો બનતા હોવાના સમાચાર અવારનવાર મળતા રહે છે. ક્યારેક તો આવા બનાવો આપણે પોતે નજરો નજર જોયેલા પણ હોય છે. નમૂનારૂપે આવા બનાવો બતાડવાના આધારભૂત સમાચાર પણ મળતા રહે છે. ભારત, ઈરાન કે પશ્ચિમના દેશોમાં આવી વ્યક્તિઓ છે જેઓ નમુનારૂપે આવા બનાવો અવારનવાર બતાડતા હોય છે. આવી વ્યક્તિઓની વિશ્ર્વસનીયતા માટે શંકાને કોઈ સ્થાન પણ નથી હોતું.

ઉપર જણાવ્યું તેમ આ પ્રકારના કામની પાછળનું કારણ સ્પષ્ટપણે બહુ જલ્દી સમજી શકાતું નથી. તેથી આવા કામ કંઈક રહસ્યમય હોય એમ લાગ્યા કરે છે. પણ કામ કરવાની પધ્ધતિનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવે તો પછી એ સમજાય જતા સમય નથી લાગતો કે દ્રઢ મનોબળ અને અડગ ઇચ્છાશક્તિ આવા અસમાન્ય દેખાતા કામની પાછળ મુખ્ય ભાગ ભજવે છે.

આવા અસામાન્ય કામ કરી શકાય એમ છે એવી માન્યતાના કારણે દ્રઢ મનોબળ પૈદા થાય છે અને આવું દ્રઢ મનોબળ અડગ ઇચ્છાશક્તિ પૈદા કરે છે. ક્યારેક આવી ઇચ્છાશક્તિ સ્વતંત્રપણે પણ પૈદા થતી હોય છે અને ક્યારેક તેને પૈદા કરવા માટે કોઈ સહાયતા લેવી પડે છે. જેમકે કોઈને આકર્ષિત કે તિરસ્કૃત કરવાના કામ માટે ખાસ જગ્યાએ, ખાસ સમયે, ખાસ શાહીથી, ખાસ પ્રકારનું મંત્ર લખ્યું કે પછી તાંત્રિક બેઠકોમાં ખાસ બાળકની સામે અરીસો ગોઠવવો કે અમુક મંત્ર કેટલીક ચોકકસ સંખ્યામાં બોલવા કે જાપ જપવો વગેરે વગેરે. આમ ધાર્યું કામ કરવા કે પરિણામ મેળવવા માટે ઇચ્છાશક્તિને મદદરૂપ થાય તેવું વાતાવરણ ઉભું કરવામાં આવે છે. આ વાતાવરણની અસરના કારણે કામ કરનારની જ્ઞાનેન્દ્રીયો પર એવો પ્રભાવ પડે છે કે વ્યક્તિએ પોતે જાણવા ધારેલી બાબતો પોતાની સગી આંખે જોઈ શકતો હોવાનો ભાસ ઉભો થાય છે જેને માણસ હકીકત સમજી બેસતો હોય છે.

આ બાબતની ખાતરી તો આપણે પોતે પણ કરી શકીએ છીએ. જેમકે, દૂરની કોઈ વ્યક્તિને તમે જોવા માંગો છો તો પોતાની જાતને તમે એમ કહો કે એ વ્યક્તિ તમારી સામે જ ઉભી છે અને તમે તેને જોઈ રહ્યા છો. આટલી ઇચ્છા પૈદા કર્યા બાદ મગજમાંથી બીજી દરેક બાબતોને બાજુ પર હડસેલી દઈને પોતાની કલ્પનાશક્તિને એકાગ્રપણે એક જ વિચાર પર કેન્દ્રીત કરો તો તે વ્યક્તિને તમે કલ્પેલી તે મુજબ તમારી સમક્ષ ઉભેલી દેખાશે.

એવા ઘણા ડોકટરો છે જેઓ કલ્પનાશક્તિના આ સિધ્ધાંતને આધારે પોતાના દર્દીમાં આત્મવિશ્ર્વાસ જગાડીને જેનો કોઈ ઇલાજ નથી હોતો એવા અસાધ્ય રોગમાંથી તેમને બહાર કાઢે છે અને આવા દર્દીએ ગુમાવેલી તંદુરસ્તી તેમને પાછી મેળવી આપે છે.

ઉપર જણાવેલ સિધ્ધાંતને એક ડગલું આગળ ચલાવીએ તો એ સમજી શકાય છે કે કોઈ વ્યક્તિની ઇચ્છાશક્તિ એકદમ મજબૂત હોય તો તેવી વયક્તિ બીજી વ્યક્તિના માનસ પર પ્રભાવ પાડીને પોતાની આવી

ઇચ્છા સામેવાળી વ્યક્તિમાં પણ પૈદા કરી શકે છે અને આવી બીજી વ્યક્તિના માધ્યમ તરીકેનો ઉપયોગ કરીને પોતે જાણવા માગેલ માહિતી આવા માધ્યમ મારફતે જાણી શકે છે.

આટલી ચર્ચા બાદ ત્રણ સિધ્ધાંતો (તારણો) સમજી શકાય છે.

* * * * *

# સિધ્ધાંત પહેલો

આવા દેખીતા રહસ્યમય કામ, હકીકતમાં કાર્ય કરનારના તે કામ કરવા વિશેના જ્ઞાન તથા તેની મજબૂત ઇચ્છાશક્તિ પર આધાર રાખે છે, જો કે આવા જ્ઞાનને ખરાપણા હોવા સાથે કશો સંબંધ નથી હોતો. આવું કોઈ જ્ઞાન છે એમ તે માનતો હોય છે. જયારે વાસ્તવમાં આવું કોઈ જ્ઞાન (વિદ્યા) હોતું નથી. તેથી ખોટું પરિણામ મળે છે. (આ બાબતની દલીલ હવે પછી આવે છે) તેથી આવી વ્યક્તિઓ મેલી વિદ્યા અને જાદુની મદદથી દેવી દેવતાઓને અને ભૂત પ્રેતને પોતાના કબ્જામાં લાવીને ધાર્યું કામ કરાવી શકવાના ભ્રમમાં રહેતી હોય છે. આવી કેટલીક વ્યક્તિઓ દેવી દેવતાઓને અને ભૂતપ્રેતને 'શોધી' કાઢીને તેઓને ખાસ નામ આપીને મંત્ર - તંત્ર અને મેલી વિદ્યાના આધારે તેઓને પોતાના તાબામાં રાખતા હોવાની માન્યતા ધરાવતી હોય છે. આવા તાંત્રિકો એમ દ્રઢપણે માનતા હોય છે કે કોઈ પણ આત્માને બેઠકમાં બોલાવીને તેની સાથે વાતચીત કરી શકાય છે. તેથી તેઓ અવારનવર બેઠકો ગોઠવીને આત્માને બોલાવતા હોવાનો દાવો પણ કરતા હોય છે. ખરી રીતે તો તેઓ ભ્રમ કે કલ્પનામાં જ આત્મા સાથે આવી વાતચીત કરતા હોય છે. આત્મા આવી બેઠકોમાં ખરેખર હાજરી આપતા હોવાનું માનવું મુશ્કેલ છે. કારણ કે બેઠકમાં ભાગ લેતી દરેક વયક્તિ આત્માની આવી હાજરીનો અનુભવ કરતી નથી. જો કે ભાગ લેતી દરેક વ્યક્તિ જ્ઞાનેન્દ્રિય તો ધરાવતી જ હોય છે.

આવી તાંત્રિક બેઠકોમાં ઘણી વખત કોઈ જીવતા માણસના આત્માને હાજર થવાનો આદેશ આપવામાં આવે છે પણ જે વખતે મજકૂર આત્માએ હાજરી આપ્યાનો દાવો કરાય છે તે જ વખતે તે કોઈ વ્યક્તિ કોઈ બીજે ઠેકાણે પોતાના કામમાં મશ્ગૂલ હોય છે. અને તેનો આત્મા એક ક્ષણ માટે પણ તેને મૂકીને ક્યાંક બીજે ચાલ્યો ગયો હોવાનું તે અનુભવતો નથી.

હવે પ્રશ્ન એ ઉઠે છે કે દરેક માણસ પાસે આત્મા તો એક જ હોય છે. તો પછી જરા પણ ખબર ન પડે તે રીતે માણસનો આત્મા તેવી વ્યક્તિને છોડીને બીજે ક્યાંક હાજરી આપવા જાય એ કઈ રીતે બની શકે ?

ઉપરાંત આત્મા કોઈ ભૌતિક વસ્તુ તો નથી તેથી તેને સમય અને સ્થળ વિશે કોઈ બંધન નથી તો પછી તે ચોકકસ સમયે હાજર કઈ રીતે થઈ શકે ?

એક જ આત્મા જુદી જુદી બેઠકોમાં જુદા જુદા સ્વરૂપે હાજર થતો હોય છે. આત્માનું આવું જુદૃ જુદૃ સ્વરૂપ લેવા પાછળનું કારણ શું ?

આવી તાંત્રિક બેઠકોમાં આત્મા કયારેક જુઠ્ઠુ બોલતો હોય છે કે પૂછેલા પ્રશ્નના ખોટા જવાબ આપતો હોય છે તે ઉપરાંત જુદા જુદા આત્મા એક જ સંબંધમાં જુદા જુદા જવાબ આપતા હોય છે. આવું કયા કારણસર બને છે ?

ઉપરોકત તથા એવી બીજી શંકાઓ, એ માનવાને મજબૂર કરે છે કે કોઈ આત્માનું કોઈના કબ્જામાં આવી જવું અથવા તાંત્રિક બેઠકોમાં હાજરી આપવી એ વાતમાં કંઈ તથ્ય નથી. બલ્કે આત્માને બોલાવીને તેની સાથે વાત કરવાનો દાવો કરતી વ્યક્તિઓ કે તાંત્રિકો હકીકતમાં ફકત ભ્રમમાં હોય છે કે આત્માને પોતાના કબ્જામાં કરી શકાય છે અને તેને કોઈ પણ બેઠકમાં બોલાવી શકાય છે.

ઉપરની દલીલોના આધારે એમ કહી શકાય કે તાંત્રિક કોઈ આત્માને જોઈ કે સાંભળી શકતો હોવાના દાવામાં કોઈ હકીકત નથી પણ આ તેની કલ્પના હોય છે.

* * * * *

# સિધ્ધાંત બીજો

મજબૂત ઇરાદાશક્તિ અને દ્રઢબનોબળ ધરાવતી કેટલીક વ્યક્તિઓ કોઈ પણ કુત્રિમ સંજોગો ઉભા કર્યા વગર કે કોઈ માધ્યમની સહાયતા વગર પોતાની જાતે જ આવા અસામાન્ય કામ કરતી હોય છે. તેમનાં આવા અસામાન્ય કાર્ય અમુક ક્ષેત્ર પુરતા મર્યાદિત હોય છે. જો કે આવા કામ કલ્પનામાં હોય કે પછી હકીકતમાં પણ હોઈ શકે છે.

આએ બાબત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે આવા પ્રકારની વ્યક્તિઓનો મુખ્ય આધાર પોતાનું દ્રઢ મનોબળ અને મજબૂત ઇચ્છાશક્તિ હોય છે.

આવી વ્યક્તિઓનો બીજો પણ એક પ્રકાર જોવામાં આવે છે જેમકે પયગમ્બર અલ્લાહના ખાસ બંદાઓ. તેઓ સર્વ શ્રેષ્ઠ ઇચ્છાશક્તિ ધરાવતા હોવા છતાં પણ ઉપર જણાવેલી પહેલા પ્રકારની વ્યક્તિઓની માફક પોતાના મનોબળ અને ઇચ્છાશક્તિ પર આધાર રાખવાને બદલે સંપૂર્ણપણે અલ્લાહ પર જ આધાર રાખતા હોય છે. તેઓ સાચા અર્થમાં અલ્લાહની બંદગી કરતા હોય છે અને તેના પર જ સંપૂર્ણ ભરોસો રાખતા હોય છે. આવી મહાન વ્યક્તિઓ અલ્લાહ સિવાય બીજા કોઈથી કંઈ પણ અપેક્ષા નથી રાખતી અને તેઓ પોતે કંઈ પણ નથી ચાહતા સિવાય અલ્લાહ જે ચાહે. તેઓ દરેક સમયે અલ્લાહની મરઝીને માથે ચડાવતા હોય છે.

ઉપર જણાવેલી બે પ્રકારની વ્યક્તિઓમાંથી પહેલા પ્રકારની દરેક વ્યક્તિની કામ કરવાની પોત પોતાની અલગ અલગ પધ્ધતિ હોય છે. કોઈ જીનની મદદથી કે તેને પૂછપરછ પર આધારિત અથવા રૂહોની મદદથી કોઈ કામ કરે તો આવા કામને "અલ - કીહાનહ" કહેવામાં આવે છે. મંત્ર-તંત્ર, માદળિયા, તાવીઝ કે એવા પ્રકારની સહાયથી જો આવા કામ કરવામાં આવે તો તેને જાદુ કહેવામાં આવે છે.

પયગમ્બર કે અલ્લાહના ખાસ બંદાઓ મારફત અસામાન્ય બનાવો પણ કંઈક પ્રકારના હોય છે, પોતાની પયગમ્બરીની સચ્ચાઈના પડકારરૂપે જો આવા અસામાન્ય બનાવો દેખાડવામાં આવે તો તેને મોઅજીઝો કહેવામાં આવે છે. પણ આવા અસમાન્ય કામો જો પડકારરૂપે ન હોય તો તેને "અલ કરામહ" કહેવામાં આવે છે. "અલ કરામહ" નો શાબ્દિક અર્થ શ્રેષ્ઠતા અને બહુમાન એવો થાય છે. ઇસ્લામિક પરિભાષામાં "અલ કરામહ' નો અર્થ પડકાર વગરનો મોઅજીઝો થાય છે. જો આવો બનાવ દોઆ કરવાના કારણે બન્યો હોય તો તેને દોઆની કબૂલાતરૂપે ગણવામાં આવે છે.

* * * * *

# સિધ્ધાંત ત્રીજો

એ બાબત હવે સ્પષ્ટ થઈ ચૂકી છે કે આવા અસામાન્ય બનાવો તે કાર્ય કરનારની ઇચ્છાશક્તિ પર આધારિત હોય છે. દરેક વ્યક્તિની ઇચ્છાશક્તિનો પ્રભાવ અલગ અલગ હોય છે. ઇચ્છાશક્તિ મૂજબ હોય તે પ્રમાણે તેનું પરિણામ મળતું હોય છે. એક વ્યક્તિની ઇચ્છાશક્તિની અસર બીજી વ્યક્તિ નાબૂદ કરી શકતી હોય છે. જેમકે મંત્ર - તંત્ર અને મેલી વિદ્યાની અસરને મોઅજીઝો નાબૂદ કરી શકે છે.

એવી જ રીતે પ્રમાણમાં નબળી ઇચ્છાશક્તિ ધરાવતી વ્યક્તિ મજબૂત માનસ ધરાવતી સામેની વ્યક્તિ પર કોઈ અસર કરી શકતી નથી.

# જુદા જુદા સિધ્ધાંતો પર આધારિત જાદુ વિદ્યાની અમુક શાખાઓ વિશે એક ટૂંકી ચર્ચા

અસામાન્ય કાર્ય કરવા માટે અલગ અલગ સિધ્ધાંતો પર આધારિત કંઈક વિદ્યાઓને ઉપયોગમાં લેવામાં આવે છે. આમ તેના ઘણા ક્ષેત્રો છે. આવા દરેક ક્ષેત્રની ચર્ચા અસંભવ છે તેથી સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા ચારેક જેટલા સિધ્ધાંતો અને તેના પર આધારિત વિદ્યાની અહીં ચર્ચા કરવામાં આવી છે.

## (૧) "અસ - સિમિયા"

આએ વિદ્યામાં કોઈ ભૌતિક શક્તિ અને ઇચ્છાશક્તિના સંયોગથી અસામાન્ય કામ કરવામાં આવે છે. આંખ મારફતે કોઈને મોહપાશમાં નાખીને તેની પાસે ઇચ્છિત વિચારો કરાવવાનું કામ આએ ક્ષેત્રમાં આવે છે.

જાદુના ક્ષેત્રમાં આએ પધ્ધતિનો બહુ વિશાળ ઉપયોગ કરવામાં આવે છે.

## (૨) "અલ - લિમિયા"

પોતાનાથી ઉચ્ચ પ્રકારના અને બહુ શક્તિશાળી આત્મા સાથે કઈ રીતે સંબંધ જોડવો અને તેને કઈ રીતે પોતાના કબ્જામાં લેવો તેને લગતી વિદ્યાની શાખો અલ - લિમિયા કહેવામાં આવે છે.

આએ વિદ્યાને "વશ કરવાની વિદ્યા" પણ કહેવામાં આવે છે.

## (૩) "અલ - હિમિયા"

આ વિદ્યા મારફતે એ જાણી શકાય છે કે ઉચ્ચ પ્રકારનો આત્મા ધરાવતી ચીજોની શક્તિને આપણી દુનિયાની મૂળભૂત તત્વો સાથે કઈ રીતે મેળ કરવો કે જેથી ધારેલું અસામાન્ય કામ થઈ શકે. આ વિદ્યાને ચમત્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે. ગૃહો અને તારાઓની અમુક પ્રકારની સ્થિતિ આપણી દુનિયાના બનતા બનાવો સાથે સંબંધ ધરાવે છે અને આપણી દુનિયા પર તેનો અસર પણ થાય છે. તે જ પ્રમાણે આ દુનિયાના મૂળભૂત તત્વો કે તેનું મિશ્રણ અને તેના ગુણધર્મોનો પણ આ દુનિયા પર અસર પડે છે.

આવી દરેક બાબતો અને તેની અસરનો બારીકાઈથી અભ્યાસ કરીને કઈ રીતે અસામાન્ય બનાવો બનાવવા તેને લગતી વિદ્યા આ શાખા હેઠળ આવે છે.

## (૪) "અર - રિમીયા"

કોઈ પણ ચીજના ગુણધર્મ પર કઈ રીતે કાબુ મેળવવો કે ધાર્યા ગુણધર્મ કઈ રીતે પેદા કરવા કે જેથી દેખીતી રીતના અસામાન્ય કામ થઈ શકે તે વિદ્યાને "અર રિમીયા" તરીકે ઓળખાય છે. આએ વિદ્યાને અરબીમાં "અશ શઅબદહ" (હાથ ચાલાકી કે નજરબંદી હકીકતને ખોટુ રૂપ આપવું કે હાથ ચાલાકીના ખેલ) કહેવામાં આવે છે.

આ ચાર વિદ્યા સિવાય એક પાંચમી વિદ્યા કે જેને "અલ કિમીયા" (મૂળભૂત રીતે કોઈ પણ હલકી ધાતુને સોનામાં બદલવું) કહેવામાં આવે છે.

પૂર્વજો આએ પાંચે વિદ્યાને જ્ઞાનની પાંચ ગૂઢ અને રહસ્યમય શાખા તરીકે ઓળખતા હતા.

શેખ બહાઈ (અ.ર.)નું કહેવું છે કે તેઓ જયારે ઈરાનમાં હતા ત્યારે ત્યાં આગળ આ વિષયનું એક સુંદર પુસ્તક તેમનાં જોવામાં આવેલ હતું. જેનું શિર્ષક હતું "કુલાહ - એ - સર" મજકૂર પાંચે વિદ્યાના નામના દરેકમાંથી પહેલો અક્ષર લઈને પુસ્તકનું શિર્ષ બાંધવામાં આવેલ છે, જેમકે 'કિમીયા'નો ક, 'લિમીયા' નો લ,

'હિમીયા' નો હ, 'સિમીયા'નો સ અને રિમીયા' નો ર. મજફ્ર દરેક અક્ષરને ભેગા કરવાથી 'કુલહા - એ - સર' શબ્દ બને છે, જેનો અર્થ માથાની ટોપી થાય છે.

આએ વિષયમાં બલીનાસએ લખેલ પુસ્તકોનો ટૂંકસાર, "અઝ - ઝબી - રાહ", "અલ ઇસ્કદરીય્યાહ", "અલ સુર્રુલ મકતુમ' (અર રાઝી કૃત) "અત તસયીરાત" (અસ સકકાહી કૃત) અને "આમાલુલ કવાકીબ અસ સબાહ" (અલ હકીમ તમતમ અલ હિન્દી કૃત) આધારભૂત ગણાય છે.

* * * * *

# ઉપરની લખેલ વિદ્યાને લગતી કંઈક વધારાની માહિતી

## (૫) આંકડાને લગતું જ્ઞાન

ધારેલી અસર ઉપજાવવા માટે આંકડા અને અક્ષરો વચ્ચેના સંબંધને કઈ રીતે ઉપયોગમાં લેવી તેને લગતું આએ જ્ઞાન છે. અંગ્રેજીમાં આને **(Numerology)** કહેવામાં આવે છે. જાદુઈ ચોરસ કે ત્રિકોણમાં સંબંધિત આંકડા કે અક્ષરોને ખાસ કઈ રીતે મૂકીને ધાર્યુ પરિણામ મેળવવું તે કોઈ જાદુ છે એવી માન્યતા ઉભી કરવા માટે આએ વિદ્યાનો ઉપયોગ કરાય છે.

## (૬) ઇલ્મે ખાફિયા (છુપુ જ્ઞાન)

આ ઇલ્મ દ્વારા કોઈ અસરના એક અથવા અનેક નામ શોધી (દા.ત. અગર કોઈ બે માણસો વચ્ચે અનબન કરાવવી હોય તો તેની અસરનું નામ - જગડો, મતભેદ, નારાઝગી વગેરે એમ થાય.) તે નામોનું કાર્ય કરવા માટે ઝિમ્મેદાર ફરિશ્તાઓ અથવા શૈતાનોના નામ શોધી તે નામોના મંત્રો જપ કરવાથી પોતાનો પાપી હેતુ પ્રાપ્ત કરાય છે.

શેખ અબુલ અબ્બાસ અલ બૂની અને સૈયદ હુસૈન અલ અખલાતીની લખેલ કિતાબો ઉપરના બે વિષયોની મુખ્ય કિતાબો છે.

આ સિવાય આએ વિષયમાં ઘણી આધુનિક કળાઓ વિકસાવવામાં આવી છે. જેમકે જાદુના ખેલ, **(Mesmerism)**, વશીકરણ **(Hypnotism)**, અને આત્મા સાથે વાતચીત **(Spirit Communication)**.

અગાઉ બતાવવામાં આવ્યું છે તેમ આ બધી વિદ્યાઓ ઇચ્છા અને કલ્પના શક્તિના સંયોગ પર આધારિત છે. આ વિશે ઘણા પુસ્તકો અને સામયિકો ઉપલબ્ધ છે.

આટલી લાંબી ચર્ચા બાદ જાદુ અને મંત્ર - તંત્ર હકીકતમાં શું છે તે સમજવું આસાન થઈ જશે.

* * * * *

# કહાનત (ભવિષ્યવાણી કરવી, શુકન જોવા)

# (જીન્ન દ્વારા ગૈબની ખબર મેળવવી)

ભવિષ્યમાં બનનારી વાતોની ખબર આપવી, એ ધારણથી કે આવી આગાહી જીન્નાતોના સમૂહ મારફત પહોંચે છે અથવા કે જીન્નાતો આવી આગાહી અમૂક પરિબળો મારફત પહોંચાડે છે, એને કહાનત કહેવામાં આવે છે.

દાખલા તરીકે સવાલ કરનાર શબ્દો, સંજોગો રીતભાત અને અમુક ગુપ્ત વાતોની જાણકારી મેળવી શકે છે. સાહેબે નેહાયહ (કિતાબ અલ બિદાયા વન નેહાયાના લેખક) કહે છે કે "કહાનતના આ પ્રકારને એરાફ

કહેવાય છે, પરંતુ ફીકહમાં એ વાત મશહુર છે કે કાહીન એ માણસ છે, જેનો સંબંધ જીન્ના સમુહ સાથે છે અને તેઓના એ સમુહ દ્વારા તેને સલાહ આપવામાં આવે છે અને ગુપ્ત વાતોની માહિતી પણ આપવામાં આવે છે. દાખલા તરીકે ચોરાએલો અમુક માલ કયાં રાખવામાં આવ્યો છે ? અથવા તેનો ચોર કોણ છે ? અથવા ખોવાએલી અમુક વ્યક્તિ ક્યાં છે ? અથવા ફલાણા માણસનો કાતિલ કોણ છે ? અથવા ભવિષ્યમાં બનનારી અમૂક વાતની ખબર આપવામાં આવે જે ભવિષ્યવાણીનો એક પ્રકાર છે. તમામ ફકીઓ એ વાત માટે એકમત છે, કે કહાનત હરામ છે. એટલે કે જેવી રીતે જાદુ કરતા શીખવું, બીજાને શીખવવું, તેની ઉપર અમલ કરવો અને જાદુગર પાસે જવું, આ તમામ બાબતો હરામ છે, બિલ્કુલ તેવી જ રીતે કહાનત કરતા શીખવું, તેની ઉપર અમલ કરવો અને કાહીન પાસે જવું પણ હરામ છે. બલ્કે કેટલાક ફકીહોએ એટલે સુધી કહયું છે, કે કહાનત પણ જાદુનો એક પ્રકાર જ છે.

હઝરત ઇમામ સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

‘કાહિન અને કહાનત કરાવવા માટે કાહીન પાસે જનારો, દીને મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમમાંથી બહાર થઈ જાય છે.’

**(ખેસાલ)**

જનાબ હૈસમે, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું :

‘અમારે ત્યાં એક માણસ. છે, જયારે કોઈ તેને ચોરી થએલા માલ અને ગુમ થએલી વસ્તુઓ વિગેરે વિશે પૂછે છે ત્યારે તેનો ઉકેલ કહી શકે છે, તો શું અમારા માટે તેને તે બાબત પુછવી જાએઝ છે ? આપે ફરમાવ્યું : હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે કે જો કોઈ જાદુગર, કાહિન અથવા જુઠ્ઠા પાસે જાય અને તેનું સમર્થન કરે તો અલ્લાહે તેના પયગમ્બરો ઉપર જે આસમાની કિતાબો નાઝિલ કરી છે, તે બધી કિતાબો પ્રમાણે તે કાફર થઈ ગયો. (ગણાશે)

**(મકાસિબે મોહર્રમહ)**

ઉપરોકત કિતાબમાં શૈખ અન્સારી ફરમાવે છે કે આ રિવાયત જે “સહીહ” છે એનો અર્થ એ છે કે, કહાનતથી કે અન્ય બીજા કોઈ માધ્યમથી છુપી વાતો વિશે ખબર આપવી એ સંપૂર્ણ રીતે હરામ છે. અલબત્ત જો કોઈ શંકા વ્યકત કરવા માટે કોઈ છુપી વાતની ખબર આપે (કે કદાચ આમ હોઈ શકે) તો તે જાએઝ છે. હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ તો કહાનતને હરામ ધંધામાં ગણે છે અને તેનું મહેનતાણું લેવું પણ હરામ સમજે છે. (મુસ્તદરક) હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામની પણ આ પ્રકારની રિવાયત નોંધવામાં આવી છે.

* * * * *

## ભવિષ્યની વાત ન જાણવામાં જ લોકોની ભલાઈ છે.

કહાનત વગેરે હરામ હોવા પાછળ જે ખૂબી અને ભલાઈ રહેલી છે તે પણ બધાએ જાણી લેવી જોઈએ. તે વાતમાં કોઈ શંકા નથી કે ઇન્સાનો ભવિષ્યમાં બનનારા બનાવ અને અકસ્માતો વિશે અગાઉથી જાણી લે તે બાબત ખુદાએ તઆલાને પસંદ નથી. અને ઇન્સાનો એ વાતોને ન જાણે તેમાં જ તેમની ભલાઈ છે. કારણ કે જો કોઈ બનાવ સારો અને માણસની મરજી પ્રમાણેનો હશે તો તે જાણીને માણસના રોજીંદા જીવનમાં કોઈ ફર્ક પડવાનો નથી અને એ વાત પણ શક્ય છે, કે કોઈ સારો બનાવ ઇન્સાન માટે દુઆ કરવા અને સદકો આપવા જેવા નેક કામ પર આધારિત હોઈ શકે અને જો તે નેક કામ ન બજાવે તો તે સારો બનાવ કે પરિણામથી

વંચિત રહી જશે. એટલે કે તે સારો બનાવ બનશે જ નહીં. જો કોઈ બનાવ કે અકસ્માત ઇન્સાનની ઇચ્છા કે મરજી વિરૂધ્ધનો હોય તો તે વાત અગાઉથી જાણીને તેને સખ્ત તકલીફ પહોંચશે અને એવું પણ બની શકે કે તે અકસ્માત બનવાનો પણ નિશ્ચિત હોય અને તેમાં ખુદાના હુકમથી ફેરફાર થઈ જાય. કારણ કે ઘણા ખરાબ બનાવો અને અકસ્માતો દુઆ, સદકા અને નેક કામની બરકતથી ટળી જતા હોય છે. ઇતિહાસમાં એ વાત નોંધાએલી છે કે, તૌબા અને દુઆ કરવાને લીધે હઝરત યૂનુસ અલય્હિસ્સલામની કૌમ ઉપરથી મુસીબત દૂર થઈ ગઈ હતી. જેનો ઉલ્લેખ કુરઆને મજીદમાં કરવામાં આવ્યો છે. કિતાબે એહતેજાજમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની એક હદીસ નોંધવામાં આવી છે જેનો સારાંશ એ છે કે '(હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની વિલાદત થયા પછી) જયારે શયતાનો અને જીન્નોનું આસમાન પર જવાનું બંધ થઈ ગયું ત્યાર પછી તેઓ આસમાની બનાવો વિશે ખબર આપી શકતા ન હતા. તેઓ ફકત જમીનની હદ એન એની મર્યાદામાં સીફલીયાત (શયતાનીઅમલ)ની ખબર આપી શકતા હતા અને તે ખબર પણ ખાત્રીપૂર્વક આપી શકતા નહી. કારણ કે જે રીતે ઇન્સાનોમાં સાચુ અને જૂઠું બોલનાર બંને પ્રકારના લોકો હોય છે, બિલ્કુલ તેવી જ રીતે જીન્નોમાં પણ બંને પ્રકારના જીન્ન હોય છે, તેથી કાહીનની વાતો ભરોસાપાત્ર હોય શકતી નથી.

* * * * *

# જાદુગર અને કાહીન ગંદા હોય છે.

જાદુગર અને કહાનત કરનારા લોકોના હલકા વ્યવસાય વિશે, અનુભવી અને બુઝુર્ગ લોકો જે વિવિધ પ્રકારની બદમાશી, ગુનાહખોરી, ચોરી અને બેઈમાનીની વાતો અને અનુભવો રજુ કરે છે, તે જ પુરતાં છે, તેઓ તમામ નેક કામો છોડીને ખરાબ કામો કરતા હોય છે. જેમકે પતિવાળી સ્ત્રીઓ સાથે ઝીના (વ્યભિચાર) કરવો, કોઈ નિર્દોષ માણસનું ખૂન કરી નાંખવું, અથવા અમૂક ખાસ રીતે કોઈ વ્યક્તિનું લોહી પીવું, ટુંકમાં કહીએ તો જે વસ્તુઓનો ખુદાએ કરવાનો હુકમ આપ્યો છે તેનું અપમાન અને અવગણના કરવી, જેમકે કુરઆને મજીદની આયતોની બેહુરમતી કરવી અને એવા કામો કરવા જેનાથી શયતાનની વધારે નઝદીક થવાય, અને તેની હરોળમાં ઉભા રહી જવાય. બલ્કે શયતાથી પણ બદતર થઈ જવાય છે. બેશક માનવનું આ કેવું દુર્ભાગ્ય છે કે એ ઇન્સાન જેને ખુદાએ તેના નેક અમલને પરિણામે, એટલે કે ઇસ્લામના હુકમો ઉપર અમલ કરીને ફરિશ્તાઓની હરોળમાં શામિલ થવાની અને ફરિશ્તાઓથી પણ શ્રેષ્ઠ બની શકવાની શક્તિ આપી છે, એ જ ઇન્સાન પોતાના ખરાબ કૃત્યોને કારણે એ દરજ્જે પહોંચવાથી વંચિત થઈને, શયતાનથી પણ હલકા દરજ્જે ચાલ્યો જાય છે.

* * * * *

# ''શઅબદહ'' (નજરબંદી, ઇન્દ્રજાળ)

શઅબદહ (ઇન્દ્રજાળ કે નજરબંધી) એવી વાતને કહેવામાં આવે છે કે જેની હકીકત કે અસલીયત કંઈ હોતી નથી, પરંતુ ફકત અત્યંત ગતિ દ્વારા તેને એવી રીતે દેખાડવામાં આવે છે, કે જોનારા તેને ફકત બાહ્ય રીતે જોઈ શકે છે. દાખલા તરીકે કોઈ સળગતી વસ્તુને ગોળ ફેરવવામાં આવે તો આગનું એક વર્તૂળ દેખાય છે. જયારે હકીકતમાં તે વર્તૂળ હોતું નથી. મોટરકાર, વહાણ કે ટ્રેનમાં પ્રવાસ કરતી વખતે બહાર જોતા, પ્રવાસ કરનારને પોતે સ્થિર (ઉભા) હોય તેમ લાગે છે અને બહારની જમીન, દરીયા અને બીજી વસ્તુઓ ફરતી

(ગતિમાન) હોય તેવું લાગે છે. બિલ્કુલ તેવી જ રીતે નજરબંધી કરનારો હકીકત ન હોય, તેવી વાતોને હકીકત તરીકે રજૂ કરતો હોય છે. તમામ ફકીહો એ વાત ઉપર એકમત છે કે શાઅબદહ (નજરબંધી) હરામ છે. અને તે પણ જાદુનો જ એક પ્રકાર છે. હદીસે એઅતેજાજમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે શાઅબદહને જાદુના એક પ્રકાર તરીકે વર્ણવ્યું છે. આ પ્રકારની વિદ્યાના જાણકારોએ જાદુની જે વિશીષ્ઠતા અને પ્રકારોનું વર્ણન કર્યુ છે તેમાં શાઅબદહ પણ શામિલ છે. જે બાબત હકીકતમાં બનતી ન હોય અને ફકત દેખાતી હોય તે નજરબંદી છે. ફિરઔનના જાદુગરોએ હઝરત મૂસા અલય્હિસ્સલામની સામે બંને પ્રકારના જાદુ કર્યા હતા, પહેલી વખત ગૈર હકીકી જાદુ (નજરબંધી) કર્યુ હતું અને બીજી વખત જે જાદુ દેખાયું હતું તે અસલીયત અને હકીકત હતી. ત્યાર પછી મજકૂર લેખકોએ, આ ઉપરાંત જુદા જુદા પ્રકારના જાદુ શિખવાની બાબતોનું વર્ણન ર્ક્યું છે. જે બાબત અત્રે પ્રસ્તુત છે, અને તેના કારણે વિષયમાં વધારે લંબાણ પણ થઈ જશે.

અબૂ હફસ હદ્દાદના જીવનચરિત્રમાં એ વાતનું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેઓ તેમની યુવાનીના પ્રારંભના દિવસોમાં એક સૌંદર્યવાન સ્ત્રીના ઈશ્કમાં લપેટાઈ ગયા. તેના પ્રેમમાં તેઓ એવા દિવાના થઈ ગયા કે તેમની ધીરજ અને હોશો હવાસ ચાલ્યા ગયા. તેઓ પાસે તે સ્ત્રીને મેળવવાનો કાંઈ જ રસ્તો ન હતો. લોકોએ તેમને કહ્યું કે નિશાપૂરમાં એક યહુદી જાદુગર રહે છે, જે જાદુ કરીને તમારો હેતુ પૂરો કરાવી દેશે. અબૂ હફસ તે જાદુગર પાસે ગયા અને ત્યાં જઈને પોતાની હાલતનું વર્ણન ર્ક્યું. યહૂદી જાદુગરે તેઓને કહ્યું કે 'તમે ચાલીસ દિવસ સુધી કોઈ પણ પ્રકારની ઇબાદત કે નેક અમલ કરવાનું બંધ કરી દો જેથી હું જાદુ દ્વારા તમારો હેતુ પુરો કરી શકું. આ વાતમાં સહમત થઈને અબૂ હફઝ ચાલ્યા ગયા એન તેને કહેવા મુજબ અમલ કરવા લાગ્યા.

ચાલીસ દિવસ પછી, જયારે અબૂ હફઝ તે યહૂદી પાસે ગયા ત્યારે તેણે જાદુ કરવાના શક્ય તેટલા બધા જ પ્રયત્નો કર્યા પરંતુ તેમની ઉપર જાદુની કોઈ જ અસર ન થઈ. ત્યારે તે યહૂદીએ કહ્યું : "ચોકકસ તમે આ ચાલિસ દિવસો દરમ્યાન કોઈ નેક કાર્ય ર્ક્યું હોવું જોઈએ જેના કારણે આ જાદુની તમારી ઉપર અસર થતી નથી. જલ્દી કહો, તમે ક્યુ નેક કામ ર્ક્યું હતું ?" અબૂ હફસે કહ્યું કે 'આ ચાલીસ દિવસો દરમ્યાનમેં કોઈ નેક કામ ર્ક્યું નથી. અલબત્ત એક દિવસે રસ્તા પરથી પસાર થતી વખતે મેં વચ્ચે પડેલો પત્થર બાજુ પર કર્યો હતો જેથી કોઈને ઠેસ ન વાગે.' યહૂદી જાદુગરે કહ્યું કે 'નવજુવાન, આ વાત તારા માટે રડવા જેવી છે, કારણ કે તે સતત ચાલીસ દિવસ સુધી ખુદાની નાફરમાની કરી છે, પરંતુ તે ખુદા એટલો કરીમ છે કે તેણે તારી આ જરા જેટલી પત્થર હટાવવાની નેકીને કબૂલ કરી લીધી છે, એટલે કે તે ચાલીસ દિવસ સુધી ખુદાના હુકમોની અવગણના કરી હોવા છતાં, તેણે તારા આ નાનકડા નેક અમલને કબૂલ કરી લીધો અને તારો આ નાનો એવો નેક અમલ જાદુની અસર થવામાં આડખીલીરૂપ બની ગયો છે. તેથી તારા માટે એવા ખુદાના હુકમની અવગણના કરવી યોગ્ય નથી.'

કહેવાય છે કે, અબૂ હફઝ ઉપર આ વાક્યથી એવી પ્રબળ અસર થઈ કે તેણે પોતાના ગુનાહોની તૌબા કરી લીધી અને ખુદાની ઇબાદત અને ઇતાઅત કરવામાં મગ્ન થઈ ગયો. એટલે સુધી કે પોતાના ઝોહદ અને તકવાને કારણે તે કરામતની શક્તિ પણ ધરાવવા લાગ્યો.

* * * * *

# જાદુગરની શક્તિ મર્યાદીત હોય છે.

જયારે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ સવાલ કરનાર સમક્ષ વિવિધ પ્રકારના જાદુ વિશેનું વર્ણન કરી ચૂકયા ત્યારે તે સવાલ કરનારે પૂછયું કે 'શું તે જાદુગર, માણસને કુતરો કે સુવ્વર વિગેરે બનાવી શકે ખરો ?' પ્રશ્નના જવાબમાં ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું :

'જાદુગર, ખુદાની મખ્લૂકનું (જાતિય) પરિવર્તન કરવા માટે લાચાર હોય છે. કેમકે જો જાદુગર, ખુદાએ બનાવેલી વસ્તુઓ અને તેની મખ્લૂકને બગાડી શકે અથવા તેમાં ફેરફાર કરી શકતો હોય તો એવો માણસ ખુદાના સર્જન (તખ્લીક) માં શરીક ગણાય અને હકીકતમાં ખુદાનો કોઈ શરીક હોઈ શકતો નથી. બીજી વાત એ છે કે, 'જો જાદુગરમાં એવી તાકાત હોત તો પોતાના બુઢાપા કે વૃધ્ધાવસ્થાને દૂર કરી શકત અને પોતાના માથાના વાળને સફેદ થતા રોકી શકત, એટલું જ નહીં પોતાની ગરીબાઈને પણ ટાળી શકત (જયારે હકીકતમાં આ બધા કામ કરી શકવા માટે દુનિયાનો કોઈ પણ જાદુગર શક્તિમાન હોતો નથી,)

**(સફીનતુલ બેહાર, ભાગ ૧, પાના નં ૬૫)**

હકીકતમાં જાદુનો સૌથી મોટો પ્રકાર ચુગલખોરી છે જેનાથી દોસ્તોમાં જુદાઈ નાખવામાં આવે છે, પરસ્પર પ્રેમ અને મોહબ્બત રાખનારાઓમાં દુશ્મની ઉભી કરવામાં આવે છે અને નિર્મળ મનના (મુખ્લીસ) અને વફાદાર લોકો વચ્ચે વિખવાદ ઉભો કરવામાં આવે છે. એટલે કે ચુગલખોરી જાદુની સાથે મળતું આવતું કાર્ય છે, જેનું વર્ણન આગળના પ્રકરણોમાં કરવામાં આવશે.

* * * * *

# તસ્ખીરાત (વશીભૂત કરવું, ભૂત પ્રેત, જીન - પરીને બોલાવવા)

ફરિશ્તા, જીન્ન, ઇન્સાની રૂહો અથવા હયવાનાત વિગેરેને તાબે કરવાને "તસ્ખીરાત" કહેવામાં આવે છે, જે હરામ છે. તસ્ખીરાત પણ જાદુનો જ પ્રકાર ગણાય છે. કિતાબે મકાસીબમાં શેખ અન્સારી ફરમાવે છે કે : જાદુની જે વિશેષ્ઠતાઓનું વર્ણન કરવામાં આવ્યું છે, તે તમામ વિશેષ્ઠતા તસ્ખીરાતના બધા પ્રકારોમાં હોય છે. શહીદે અવ્વલ અને શહીદે સાની (અ.ર.) જાદુથી બીજાઓને નુક્સાન પહોંચતું હોવાના કારણે જાદુને હરામ ગણાવે છે. તેઓ બયાન કરે છે કે : 'ફિરશ્તા અને જીન્નને તાબે કરવા, એ 'હરામ પ્રકારનું જાદુ' છે. કદાચ તેનું કારણ (એ બંને શહીદોના મત મુજબ) એ હોઈ શકે કે જે ફિરશ્તા કે જીન્નને તાબે કરવામાં આવે છે, ખરેખર તો તેમને તકલીફ પહોંચાડીને જ તાબે કરવામાં આવ્યા હોય છે.'

*****

# કયાફહ (કયાસ - તર્ક)

# (અક્ષર અને ખાલ ઉપરથી સાચુ ખરાબ પારખવાનું ઇલ્મ)

એક માણસને બીજા માણસના વંશમાં શામિલ કરવાને 'કયાફહ' કહેવામાં આવે છે. આ વાત શરીઅતે વંશજની સાબિતી માટે અને એક બીજાના સંબંધ માટે જે નિયમો નકકી કર્યા છે તે નિયમોની વિરૂધ્ધ છે. દાખલા તરીકે કયાફહ ઓળખવાનું કામ કરનાર માણસ એવું પરિણામ તારવે કે અમુક માણસ અમૂક માણસના પુત્રનો ભાઈ છે જયારે ખરેખર શરીઅતના નિયમો અનુસાર તે તેનો ભાઈ કે પુત્ર હોય નહીં. અથવા તો એમ કહે કે અમુક માણસ અમુક માણસનો (ખરો) પુત્ર નથી, જયારે શરીઅતના નિયમો મુજબ હકીકતમાં તે તેનો જ પુત્ર હોય. આ પ્રકારની કયાફહ શનાશી (કયાફહ - પારખવાનું જ્ઞાન) જાદુને મળતું આવે છે અને આ કામ તમામ ફોકહાની દ્રષ્ટિએ હરામ છે.

પરંતુ જો કોઈ અહેલે ઇલ્મ, વિધ્વાન અને અકકલમંદ માણસો બાહ્ય અવયવોની આશ્ચર્યજનક અને ગુપ્ત બાબતો જાણીને તેનું વર્ણન કરે તો તે કામ, શરીઅતની વિરૂધ્ધ અને હરામ નહીં, પણ બિલ્કુલ જાએઝ થશે. આ વિષયમાં એ પ્રકારના લોકોની આશ્ચર્યજનક વાતો બયાન કરવામાં આવી છે.

જેમકે કાફી અને બેહારૂલ અન્વારના અગિયારમાં ભાગમાં, હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહીસલામના જીવન ચરિત્રના પ્રકરણમાં લખ્યું છે, કે અલી બિન હમીરહ બની અબ્બાસના હાકિમ હતા. તેઓનો એક ગુલામ હતો, જેનું નામ રફીદ હતું. તેઓ એક દિવસ તેની ઉપર નારાજ થઈ ગયો તેથી તેમણે રફીદને કત્લ કરાવી નાંખવાનું નકકી કર્યું. રફીદે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનું શરણ માગ્યું ત્યારે આપે ફરમાવ્યું કે "જાવ, તેમને મારા સલામ કહેજો અને કહેજો કે જઅફર બિન મોહમ્મદ અલય્હિસ્સલામે કહ્યું છે કે "મેં તમારા ગુલામને પનાહ આપી છે. હવેથી તેને તકલીફ નહીં આપતા." રફીદે કહ્યું કે મારો માલિક એક બેઈમાન "શામી" છે. ઇમામે કહ્યું : "મેં જે કહ્યું છે તે તેમને કહો તો ખરા " રફીદ કહે છે કે હું રવાના થયો. રણમાં એક અરબ સાથે મારી મુલાકાત થઈ. તેણે મને જોઈને પૂછયું : 'ક્યાં જઈ રહ્યા છો તમે દેખાવમાં સાવ મુર્દા જેવા કેમ લાગો છો ? પછી તેણે મારા હાથ (ની રેખાઓ) જોઈને કહ્યું કે તમારા હાથ કત્લ થઈ જનારા ઈન્સાન જેવા લાગે છે. પછી તેણે મારા પગ જોયા. પગ જોઈને ફરી કહ્યું કે તમારા પગ કોઈ કત્લ થઈ જનારા માણસ જેવા છે. ત્યાર પછી તેણે મારૂં આખુ શરીર જોયું અને ફરી એ જ વાત કહી કે, તમારા આખા શરીર (ના દેખાવ) ઉપરથી એમ લાગે છે, કે તમને કત્લ કરી નાખવામાં આવશે.' ત્યાર પછી તેણે મારી જીભ જોઈ. તેણે જીભ જોઈને કહ્યું કે તમારી જીભ જોતા એમ લાગે છે કે 'તમને કોઈ જ નુકસાન નહીં થાય, કારણ કે તમારી જીભ એક એલચી (પ્રતિનિધી) ની જીભ જેવી છે. તમારી જીભ ઉપર એક એવો સંદેશ છે કે, તમે કોઈ ઉંચા અને મજબૂત પહાડ પાસે જશો તો તે પણ નરમ બની જશે. એટલું જ નહીં, તે તમારો આજ્ઞાંકિત થઈ જશે. રફીદ કહે છે કે હું જયારે મારા માલિક અલી બિન હમીરહ પાસે પહોંચ્યો ત્યારે તુરત જ તેણે મને કત્લ કરી નાખવાનો હુકમ આપ્યો. મારા હાથ બાંધી દેવામાં આવ્યા અને જલ્લાદ ખૂલ્લી તલવાર લઈને મારી પાસે આવીને ઉભો રહ્યો. ત્યારે મેં કહ્યું : 'અય અમીર આપે મને ગિરફતાર કરાવ્યો નથી, પણ હું સામે ચાલીને આપની પાસે આવ્યો છું. આપ મને કત્લ કરી નાખો કે છોડી દો, પણ હું આપની સાથે એકાંતમાં એક વાત કરવા માગું છું.' ત્યારે તણે બીજા બધા લોકોને ત્યાંથી ચાલ્યા જવાનો હુકમ આપ્યો, પછી એકાંતમાં મેં તેઓને કહ્યું કે મારા અને આપના આકા જઅફર બિન મોહમ્મદ અલય્હિસ્સલામે આપને સલામ કહયા છે' અને ત્યાર પછી મેં આખી વાત કરી. વાત સાંભળીને તેણે કહ્યું : 'અલ્લાહો અકબર, શું જઅફર બિન મોહમ્મદ અલય્હિસ્સલામે તને આ વાત કહી છે, અને મને તેઓએ સલામ કહયા છે' - મે કહ્યું : 'જી હા,'આમ કહીને મેં ત્રણ વખત કસમ ખાધી. તે પછી તેણે મારા બાંધેલા હાથ પોતાના હાથે ખોલી નાખ્યા અને કહ્યું : 'જયાં સુધી તું મારા હાથ એવી રીતે નહીં બાંધી દે જેવી રીતે મેં તારા હાથ બાંધ્યા હતા, ત્યાં સુધી મને શાંતિ નહીં થાય." મે કહ્યું : હું મારા હાથે એ કામ હરગીઝ નહીં કરી શકું. તેણે કહ્યું : હું એમ કરાવ્યા વગર રહી શકીશ નહીં, તેનો અનહદ આગ્રહ જોયા પછી મેં તેના હાથ બાંધી દીધા અને તુરત જ ખોલી નાખ્યા. ત્યારબાદ તેણે પોતાની (નામની મહોરવાળી) વીંટી મને આપી અને કહ્યું કે મારો સમગ્ર વ્યવહાર તને જ સોંપું છું. તને જેમ યોગ્ય લાગે તેમ કરવાનો તને ઇખ્તીયાર છે.'

આ પ્રમાણે શેખ સદૂક હશ્શામની રિવાયત નોંધતા લખે છે કે, 'તેઓ હઝરત મૂસા બિન જઅફર અલય્હિસ્સલામની સાથે પશ્ચિમ બાજુથી આવેલા એક ગુલામના વેપારી પાસે ગયા. ઇમામ અલય્હિસ્સલામે એક કનીઝને પસંદ કરી, પરંતુ તે વેપારીએ તે કનીઝને વેચવાનો ઇન્કાર કર્યો. બીજે દિવસે ઇમામે હશ્શામે

એકલા જઈ વધારે કીંમત આપીને તે કનીઝ ખરીદી લાવવાનો હુકમ આપ્યો. ગુલામના વેપારીએ હશ્શામને પૂછયું કે ગઈકાલે તમારી સાથે આવેલ સાહેબ કોણ હતા ? હશ્શામે મૂળ વાતને છુપાવવાના ઇરાદા (તકય્યા) થી કહ્યું : "તેઓને હું ઓળખતો નથી. અલબત્ત, તેઓ બની હાશિમના વંશમાંથી હતા.' ગુલામના વેપારીએ કહ્યું : 'મેં જયારે આ કનીઝને પશ્ચિમના દૂરના વિસ્તારમાંથી ખરીદી ત્યારે એક દિવસ એહલે કિતાબ પૈકી એક સ્ત્રીએ આ કનીઝને મારી સાથે જોઈને મને પૂછયું હતું : "તું આ કનીઝને ક્યાંથી લાવ્યો' મેં કહ્યું : મેં મારા માટે ખરીદી છે. તેણીએ કહ્યું કે 'આ કનીઝ તારી જેવા માણસ પાસે રહે તે યોગ્ય નથી. આ કનીઝ તો જમીનના રહેવાસીઓમાંથી જેઓ શ્રેષ્ઠ છે, તેમની પાસે રહેવી જોઈએ. જયારે આ કનીઝ તેઓ પાસે જશે ત્યારે થોડા સમય પછી તેને એક એવો પુત્ર અવતરશે, જેની પૂર્વ અને પશ્ચિમ બંને દીશામાં રહેતા લોકો તાબેદારી કરશે.' આ બનાવ પછી થોડા સમય પછી તે કનીઝ દ્વારા હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની વિલાદત થઈ.

* * * * *

# તન્જીમ (નજૂમી)

# (સિતારાઓના આધારે ભવિષ્ય કહેનારા - જયોતિષ શાસ્ત્રી)

નિઝામે તકવીની (કુદરતના સિધ્ધાંતિક નિયમો) વિષે ભવિષ્યમાં બનનારા બનાવોની ખાત્રીપૂર્વક ખબર આપવાને તન્જીમ (જયોતિષ શાસ્ત્ર) કહેવામાં આવે છે. દાખલા તરીકે અનાજનું મોંઘું થવું, અછત થવી, વધારે ઉત્પાદન થવું, દુષ્કાળ આવવો, અતિ વર્ષા થવી વિગેરે, અને જુદા જુદા પ્રકારની નેકી, બદી, ફાયદો, નુકસાનની ખબર આપવી, જેનો આધાર આસમાનો અને ગૃહોના પરિભ્રમણ સાથે સંબંધ ધરાવતો હોય, અને આ બધી બાબતોને દુનિયા ઉપર ચાંદ, સુરજ વિગેરેના સમુહ અને આસમાનોની અસર સમજવી. પરંતુ આવી બાબતોને શકયતા સમજી તેને આગાહી કરવામાં આવે (કે કદાચ આવું બની શકે છે.) તો તે જાએઝ છે. એટલે કે આસમાનોની ગતિ અને ગૃહોની દિશાની અસરનાં પરિણામને ખાત્રીપૂર્વક ન માને પણ સર્વ શક્તિમાન અને મુસબ્બેબુલ અસ્બાબ (કારણો અને સાધનોને પૈદા કરનાર) માત્ર ખુદાને જ સમજે. જેમકે સુર્ય ગ્રહણ, ચંદ્ર ગ્રહણ, ચાંદની મંઝીલો અને એક ગૃહનું બીજા ગૃહની પાસે આવવા અને દૂર થવાની માહિતી આપવી એમાં કોઈ વાંધો નથી. કારણ કે આ પ્રકારની માહિતી ફકત જીણવટભર્યો હિસાબ કરીને પ્રાપ્ત કરી શકાય છે અને આસમાનો તથા ગ્રહોની ગતિ પરિસ્થિતિ અને રસ્તાઓથી જાણી શકાય છે. ખગોળ શાસ્ત્રમાં આ વિષયને લગતા સિધ્ધાંતો અને નિયમો એટલા સ્પષ્ટ છે કે, તેમાં ભૂલ થવાની કોઈ શક્યતા નથી અને જો જયોતિષશાસ્ત્ર દ્વારા આ વિષયની આગાહી કરવામાં કોઈ ભૂલ થઈ જાય તો તે ભૂલ ગણતરીને કારણે થએલી ભૂલ હશે.

ઉપરની આ વાતનો સારાંશ એ છે કે, દુનિયામાં બનનારા અકસ્માતો આસમાનો અને ગૃહોના પરસ્પર સંબંધોની અસરનું પરિણામ સમજીને તેની ખાત્રીપૂર્વકની આગાહી કરવી હરામ છે. જયોતિષશાસ્ત્રના આ પ્રકારનો સમાવેશ જાદુમાં થઈ જાય છે. આ ચર્ચાનો અંત કરતા શૈખ અન્સારીએ 'મકાસિબે મોહર્રમહ'માં તન્જીમના જે પ્રકાર અને હુકમોનું વર્ણન કર્યું છે તેમાંથી ચાર મુદ્દાઓ પ્રસ્તુત કરવામા આવે છે.

**(૧)** આસમાનની એવી હાલતની માહિતી આપવી, જે ગૃહોની ગતિ ઉપર આધારિત છે, જેમકે ચંદ્ર ગ્રહણની ખબર આપવી, જે પૃથ્વી ચંદ્ર અને સૂરજની વચ્ચે આવી જવાના કારણે થાય છે. તેમજ સુર્ય ગ્રહણની ખબર આપવી જે પૃથ્વી અને સૂરજની વચ્ચે ચંદ્ર આવી જવાના કારણે થાય છે. અથવા ચાંદના વિવિધ તબકકામાં પ્રવેશવાની ખબર આપવી કે ચાંદ અમુક દિવસે અમુક બુર્જમાં હશે અથવા સૂરજ અમૂક દિવસે અમૂક બુર્જ તરફ જઈ રહ્યો હોવાની ખબર આપવી, સંપૂર્ણ રીતે હરામ નથી.

**(૨)** ગૃહોની ગતિ અને તેને નઝદીક આવી જવાના કારણે અમુક બનાવ બનવાની ખબર આપવી જાએઝ છે પરંતુ તેની શરત એ જ છે કે, તે બનાવનો સંબંધ આસમાની હરકત સાથે ન જોડાય, પણ તેને ખુદાવંદે તઆલાની મરજી (મનાશાએ - ઇલાહી) સમજે અને આસમાની ગતિને ફકત (મશીય્યતે ઇલાહી) સમજે અને આસમાની ગતિને ફકત મશીય્યતે ખુદા (ઇશ્વરેચ્છા)ની નિશાની સમજે. દાખલા તરીકે અનુભવના આધારે એવું જાણવા મળે કે અમુક ગ્રહો પાસે આવી જવાથી મનશાએ ઇલાહી અઝ વ જલ્લથી અમૂક પ્રકારનો અકસ્માત બને છે. એટલે કે ગ્રહોના નઝદીક આવી જવાને અકસ્માતનું કારણ ન સમજે. પણ જયારે અનુભવથી એ વાત સાબિત થઈ જાય તો એ રીતે (તેને ગ્રહોની તાસીર ન સમજીને) ખાતરીપૂર્વક માહિતી આપવામાં કોઈ વાંધો નથી. કોઈને પોતાના અનુભવથી એવું જાણવા મળે કે જે રાત્રે વરસાદ આવવાનો હોય તે રાત્રે પાળેલા કુતરા છત (અગાશી) ઉપરથી નીચે ઉતરી આવે છે અને ચાલ્યા જાય છે. તેથી જો કોઈ રાત્રે કુતરો નીચે ઉતરી આવે તો એ વાતની ખાતરીપૂર્વક ખબર આપી શકાય છે કે રાત્રે વરસાદ થશે.

**(૩)** અકસ્માતો થવાની ખાતરીપૂર્વકની ખબર આપવી અને તેનો સંબંધ આસમાનોની ગતિ અને ગૃહોના જોડાવાનું પરિણામ સમજવું. જયોતિષશાસ્ત્રના આ પ્રકારને ફોકહાએ હરામ ગણાવ્યો છે અને ઘણી રિવાયતોમાં તેની મનાઈ કરવામાં આવી છે.

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ફરમાવ્યું છે :

'જે માણસ (નજૂમી) જયોતિષશાસ્ત્ર અથવા ભવિષ્યવાણી કરનારને સારો સમજે, તેણે ખુદાવંદે તઆલાએ હઝરત મોહમ્મદ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઉપર નાઝિલ કરેલ તમામ બાબતોનો ઇન્કાર કર્યો ગણાશે.'

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

'જયોતિષશાસ્ત્ર, જાદૂગર અને ભવિષ્યવાણી કરનાર ત્રણેય મલઉન (લાનતને પાત્ર) છે.'

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ, નહરવાનની લડાઈ માટે જઈ રહ્યા હતા ત્યારે આપના એક સહાબી જેઓ નજૂમી (જયોતિષ શાસ્ત્રી) હતા તેમણે કહ્યું કે 'જો આપ આ વખતે નિકળશો તો મને એ વાતનો ભય છે કે આપ કદાચ, આપના હેતુમાં સફળ નહીં થઈ શકો.' આપે ફરમાવ્યું : 'તમે એ સમય વિશે જાણો છો કે જે સમયે માણસ રવાના થાય તો મુસીબતથી બચી જાય અને તમે મને એ એ ઘડીથી ડરાવો છો, જે ઘડીમાં રવાના થવાથી માણસને નુકસાન થાય. જે કોઈ તમારી આ વાતને સાચી માને તેણે કુરઆને મજીદને જુઠલાવ્યું ગણાશે.' (કારણ કે કુરઆને મજીદમાં એ વાતનો ઉલ્લેખ છે, કે ફાયદો અને નુકસાન ફકત અલ્લાહ તરફથી છે, બીજા કોઈ તરફથી નથી.) તમારી વાત ઉપર ભરોસો કરવામાં આવે તો કોઈ (સારા) હેતુની પ્રાપ્તિ માટે અને મુસીબતોથી બચવા માટે ખુદા પાસે દુઆ માંગવાની જરૂર રહેશે નહીં. કેમકે જયારે કોઈ નજુમી કોઈ અકસ્માત થવાની ખાતરીપૂર્વક આગાહી કરતો હોય અને કોઈ માણસ તેની વાતનું સમર્થન કરીને સ્વિકારી લે તો તેણે ખુદા પાસે નેકી મેળવવા અને બુરાઈથી દુર થવા માટે દુઆ કરવાનું અને સદકો આપવાનું બંધ કરી દેવું જોઈએ, તેવી જ રીતે મુસીબતો દૂર થવા માટે તમામ નેક કામ કરવાનું છોડી દેવું જોઈએ.'

આથી જો નજુમી પોતાની જાણકારી મુજબ (વગર ખાત્રીએ) સારી કે ખરાબ આગાહી કરે તો, અલ્લાહથી નાઉમ્મીદ થયા વિના અલ્લાહ પાસે એ વાતની ઉમ્મીદ રાખે કે ખુદા ભવિષ્યમાં બનનારા કામોને સારી રીતે પુરૂં કરી દેશે અને જો નજુમીએ ખરાબ આગાહી કરી હોય તો સદકો આપીને અલ્લાહ પાસે આજીજી ભરી દુઆ કરે. આ રીતે નજુમી આગાહી કરે તે તેમાં કોઈ વાંધો નથી અને આ વાત જાએઝ છે.

ખ્વાજા નસીરૂદ્દીન તુસી અને એક પનચકકી (પાણીથી ચાલતી ચકકી) વચ્ચે બનેલા એક બનાવનો અત્રે ઉલ્લેખ કરીએ છીએ જે નીચે પ્રમાણે છે. ખ્વાજા તેમના પ્રવાસ દરમ્યાન એક પનચકકીવાળાને ત્યાં ગયા. શહેરની બહાર તેઓની ચકકી હતી. ખ્વાજાએ તેના ઘરે રાત્રિ રોકાણ કરવાનું નકકી કર્યું. એ દિવસો ગરમીના હતા. ખ્વાજા સુવા માટે છત ઉપર જવા લાગ્યા ત્યારે પનચકકીવાળાએ કહ્યું કે આપ અહીં નીચે જ સુઈ રહો, કારણ કે આજે રાત્રે વરસાદ થશે. ખ્વાજાએ (આસમાની બાબતોની પિરસ્થિતિ અને) હવામાનની આગાહીની ચકાસણી કરી, પરંતુ વરસાદ થવાના કોઈ ચિન્હો દેખાયા નહીં, ત્યારે પણ ચકકીવાળાએ કહ્યું કે મારો એક પાળેલો કૂતરો છે. જયારે વરસાદ પડવાનો હોય ત્યારે એ નીચે ઉતરી આવે છે. આજે પણ મારો કૂતરો નીચે ઉતરી આવ્યો છે.

ખ્વાજા તેમની વાત માન્યા નહીં અને છત ઉપર સુવા ચાલ્યા ગયા. તે રાત્રે ભારે વરસાદ થયો. આ વાત ખ્વાજા માટે ખૂબ જ આશ્ચર્ય અને દિલચશ્પીનું કારણ બની હતી.

* * * * *

# આસમાની બાબતો પર વિશ્ર્વાસ રાખનારાઓના ચાર પ્રકાર

**પહેલું :** ફકીહોના મત મુજબ આસમાની બાબતો (ગૃહોની દશા) ઉપર સંપૂર્ણ રીતે ભરોસો રાખવો, ગ્રહોને દુનિયાના મુન્તઝીમ (વ્યસ્થા રનાર) સમજવા, તેની પરિસ્થિતિનો આધાર બીજી બાબતો ઉપર રહેલો છે અને તેની વિરૂધ્ધ કંઈજ થઈ શકે નહીં તેમ સમજવું કુફ્ર છે. ભલે પછી તેવો  અકીદો ધરાવનાર ખાલિક (અલ્લાહ) નો ઇન્કાર કરે કે ન કરે.

**બીજું :** ખુદાનો હુકમ અને મરજી પ્રમાણે ગૃહો અને આસમાની હાલતની તાસીર ઉપર ભરોસો કરવો એટલે કે ખુદાએ તે વસ્તુઓને એવી તાસીર આપી છે, એમ માનવું. આ પ્રકારની માન્યતા ભલે કુફ્રનું કારણ ન બનતી હોય તેમ છતાં આ એક મૂર્ખાઈ ભરી અને દાવા કે દલીલ વગરની વાત છે. કારણ કે આપણી પાસે એ વાતની દલીલ નથી કે આસમાની વસ્તુઓનો સમુહ (ગૃહો, સિતારા વિ.) જિંદગી, સમજણ અને ઇરાદો ધરાવે છે. અથવા તો એવી પણ કોઈ સાબિતી નથી કે તેનાથી દુનિયાની વ્યવસ્થા જળવાઈ રહે છે.

**ત્રીજું :** ઉપરના એઅતેકાદમાં એટલો વધારો કરવાનો રહે છે કે, આસમાની બાબતોની સમજ, અકકલ, ઇરાદો વિગેરે હોતા નથી. એટલે કે ઇન્સાન એ વાત જાણી લે કે જો ખુદાવંદે કરીમ એવો ઇરાદો કરે કે અમુક સમયે અમુક ગૃહ (સિતારો) અમુક સ્થળે હશે ત્યારે અમુક બનાવો બનશે. માણસની આવી માન્યતાનો સંબંધ ટેવ મુજબ (ક્રમાનુસાર)નો છે, અકકલ મુજબનો નથી અને બીજા પ્રકારની જેમ આ એઅતેકાદ પણ કુફ્રનું કારણ બનતો નથી પણ તેની સાથોસાથ આવી માન્યતાનો સંબંધ ટેવ મુજબનો હોવાનું શરીઅત પ્રમાણે સાબિત નથી.

**ચોથું :** આસમાની પરિસ્થિતિઓને અકસ્માતની નિશાની સમજે, જેમકે જયારે ચાંદ અને ઝોહલ એક સાથે થઈ જાય (ઝોહલ શનિના ગ્રહને કહે છે. ઝોહલ સાતમાં આસમાન ઉપર અત્યંત ધીમી ગતિએ ફરે છે, અને તેને ખરાબ (નહસ) ગણવામાં આવે છે.) ત્યારે તે સારા વરસાદની નિશાની ગણાય છે. આ પ્રકારનો એઅતેકાદ રાખવાને કોઈ પણ ફકીહ કુફ્ર હોવાનું કારણ સમજતા નથી. આ વાત, એટલે કે ઉપરની વસ્તુઓની હાલતને જાણવા (આગાહી કરવા)ની વાત રિવાયતોમાં પણ જોવા મળે છે. પરંતુ એવી વાતની માહિતી કે જાણકારી પયગમ્બર અને ઇમામ સિવાય કોઈને હોતી નથી અને નજુમી જે કંઈ જાણે કે સમજે છે, તે તેના ઇલ્મનો અધુરો ભાગ છે. આ વિશે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે :

"ઇલ્મે નજુમ સંપૂર્ણ રીતે મેળવી શકાતું નથી અને અધુરા ઇલ્મનો કોઈ ફાયદો નથી."

**(વસાઈલ, કિતાબે તિજારત ભાગ ૧૨, પાના નં ૧૦૨)**

ઉપરની તમામ વાતો અને રિવાયતો બયાન કર્યા પછી શેખ ફરમાવે છે કે 'આ તમામ રિવાયતોથી જાણવા મળે છે કે, નજુમી જે કાંઈ જાણે છે તે અકસ્માતોની માત્ર થોડી નિશાનીઓ છે જેને રોકનારી કે મનાઈ કરનારી વસ્તુઓ હોવાની તેમને કોઈ જાણકારી હોતી નથી અને જો એ વાતોની આગાહી કે જાણકારી મેળવવાનો સંબંધ ઇલ્મે નજુમ સાથે હોય તો તે વાતની ખાત્રી થઈ શકતી નથી. અલબત્ત એ વાત શકય છે, કે સતત અનુભવોના તેમજ કેટલીક આસમાની બાબતોની પરિસ્થિતિને કારણે (બનનાર) કોઈ બનાવ વિશે અમુક હદ સુધી ખાત્રી થઈ જાય છે. તેથી નજુમ (જયોતિષી)ની આગાહીઓથી બચવું એ જ સારી બાબત છે. તેમ છતાં જો નજુમી આગાહી કરે કે એ વાતની શક્યતા (સંદેહ) છે, એટલે કે આમ થાય જ તે જરૂરી નથી. અથવા એવું કહે કે અમુક સમયે, અમુક બનાવ કે અમુક અકસ્માત બને તે શક્ય છે તો તેની વાત સાંભળવી હરામ નથી.

# જે કાંઈ કહે છે તે થતું નથી.

ઇલ્મે નજુમ અધુરૂ હોવાની શ્રેષ્ઠ દલીલ, નજુમીઓની શંકાઓ અને અસંખ્ય ભૂલો છે જેમાંથી કેટલીક ઇતિહાસના પાનાઓ ઉપર નોંધાએલી છે. જેમકે કિતાબ 'તત્મતુલ મુન્તહા' ના બીજા સંસ્કરણમાં હિજરી ૫૮૨ માં બુર્જમાં સાત સિતારાઓ ભેગા થઈ ગયા, અબુલ ફઝલ ખ્વારઝમી અને બીજા નજુમીઓએ આંધી, તોફાન વિગેરેથી આખી દુનિયાનો નાશ થઈ જવાની આગાહી કરી અને લોકો ગુફાઓ અને ઉંડા ખાડામાં છુપાઈ ગયા. એટલું જ નહીં પોતાની સાથે ખાવા પીવાની પુરતી સામગ્રી પણ લેતા ગયા. આંધીથી બચવા માટેની તકેદારીના પૂરેપૂરા પગલા લઈને અમુક નિશ્ચિત દિવસે આંધી આવવાની રાહ જોવા લાગ્યા. એટલે સુધી કે એ તારીખ, એટલે કે જમાદીઉલ આખરની નવમી તારીખ, આવી પહોંચી પરંતુ કોઈ પ્રકારની આંધી આવી નહીં. આ જોઈને લોકોએ દીવા સળગાવી નાખ્યા પરંતુ તે વખતે વાતાવરણમાં હવા એટલી બધી મંદ (ધીમી) હતી કે દિવાની જયોત પણ બિલ્કુલ સ્થિર રહી.

આપણા યુગમાં કેટલાક વર્ષો પહેલા નજુમીઓએ એવી આગાહી કરી હતી જેનાથી લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. સાંભળવા મુજબ એવી આગાહી કરવામાં આવી હતી કે 'અમુક સમયે ધરતી કંપ થશે.' આ આગાહીના કારણે ગભરાઈને કેટલાક યુરોપિયન લોકોએ સમુદ્રમાં ડુબકી મારી દીધી પરંતુ નિશ્ચિત સમયે ધરતીકંપ થવાનો કે પૃથ્વીનો બીજા ગૃહ સાથે અથડાવાનો કોઈ બનાવ દુનિયાના કોઈ ભાગમાં નોંધાયો નહીં.

* * * * *

# જાદુ અને મોઅજીઝા બે પ્રકારના હોય છે.

કોઈ માણસ અસાધારણ શક્તિ સાથે સાધારણ કુદરતી બાબતની વિરૂધ્ધનું કોઈ કામ કરી શકતો હોય અને તે કોઈ વિશીષ્ઠ સ્થાન કે હોદ્દો ધરાવતો ન હોય પરંતુ તેનું ઈમાન અને ઝોહ્દ તથા તકવા (પરહેઝગારી) ઉચ્ચ કક્ષાના હોય તો તેના અસાધારણ બળને "કરામત" કહેવામાં આવે છે. તેને ખુદા ઇઝઝતની નજરે જુએ છે અને તે સાચો ગવાહ છે. જો કોઈ પાસે વિશેષ ખુદાઈ મનસબ (હોદ્દો) હોય એટલે કે પયગમ્બર ઇમામ અથવા તો ખાસ પ્રતિનિધી (નાએબ) ના હોદ્દા ઉપર હોય અને તેનામાં નીચેની ત્રણ શરતો પૈકીની કોઈ એક શરત મૌજૂદ હોય અને તે કોઈ (પ્રકૃતિ વિરૂધ્ધનું કોઈ કામ કરવાની) અસાધારણ શક્તિ ધરાવતા હોય તો તેના એ કામને મોઅજીઝા કહેવામાં આવે છે અને તે મોઅજીઝો એ દાવો કરનારના સાચા હોવાની દલીલ બની રહે છે.

**(૧)** મૂળ દાવો અકલી રીતે માની શકાય તેવો હોય. એટલે કે દાવો અકકલની કસોટીમાં પસાર થઈ શકે તેવો સાચો હોય. જો તેનો દાવો માનવા યોગ્ય ન હોય તો તેણે જે કાંઈ દેખાડયું છે, તે જાદુ છે. ભલે પછી

તેનું કારણ માનવા જેવું હોય કે ન હોય, દાખલા તરીકે બધા જ મુસલમાનો એ વાત ખાતરીપૂર્વક જાણે છે કે 'હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ પછી નબુવ્વતનો ક્રમ પૂરો થઈ ગયો છે. તેઓ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમની શરીઅત કયામત સુધી બાકી રહેશે અને તેઓ પછી કોઈ નબી આવનાર નથી. હવે જો કોઈ એવો દાવો કરનાર પૈદા થઈ જાય કે "હું પયગમ્બર છું" તો તેવો દાવો કરનાર જુઠ્ઠો હોવામાં કોઈ શંકાને સ્થાન નથી. ભલે પછી તેવો માણસ અસાધારણ કક્ષાનું પ્રકૃતિ વિરૂધ્ધનું અને આશ્ર્ચર્યકારક કાર્ય કરી શકતો હોય, અને તેના કામો જોઈને લોકો આશ્ર્ચર્ય ચકિત થઈ જતા હોય અલબત્ત તેવો માણસ એક ચાલાક જાદુગર હશે. શીઆઓના અકીદા પ્રમાણે ઇમામોની સંખ્યા બાર છે, જેમાં પહેલા ઇમામ હઝરત અલી ઇબ્ને અબી તાલિબ અલય્હિસ્સલામ અને છેલ્લા (બારમા) ઇમામ હઝરત હુજ્જત ઇબ્નિલ હસન અલય્હિસ્સલામ છે જે તેમના ઝહુર સુધી લોકોની નજરોથી ગાએબ છે. તેથી જો કોઈ ઇમામતનો દાવો કરે (એટલે કે પોતે ઇમામ હોવાનો દાવો કરે) તો તેનો દાવો જુઠ્ઠો હશે. ભલે પછી તે દંગ રહી જવાય તેવા અસાધારણ પ્રકારના કાર્ય કરી શકતો હોય. તેવી જ રીતે ખાસ નાયબનું સ્થાન છે. એ વાત સાબિત થઈ ચૂકી છે કે, અલી બિન મોહમ્મદ સૈયમૂરી ઇમામ અલય્હિસ્સલામના છેલ્લા અને ચોથા નાયબ હતા અને તેથી જો કોઈ ઇમામ અલય્હિસ્સલામનો ખાસ નાયબ હોવાનો દાવો કરે તો તેનો દાવો બેશક જુઠ્ઠો છે.

**(૨)** એક ન્યાયધીશની અકલી શરતો તેનામાં હોવી જોઈએ. દાખલા તરીકે પયગમ્બર અથવા ઇમામની એક શરત ઇસ્મત છે. એટલે કે પયગમ્બરી અથવા ઇમામતનો હોદ્દો મળતા પહેલા અથવા મળ્યા પછી તેણે કોઈ પણ પ્રકારના કબીરા કે સગીરા ગુનાહ ર્ક્યા ન હોય, જેની એક નિશાની દુનિયાના માલ કે ખજાનાની ઇચ્છા ન હોવી તે છે. હવે જો કોઈ એવો માણસ જેનાથી ગુનાહ થતા હોય, તે ખુદાઈ ઇલ્મથી વંચિત હોય અને તે દુનિયાનો તલબગાર પણ હોય (એટલે કે માલ અને મરતબાનો ઇચ્છુક હોય) તો એવો માણસ અગર કોઈ આશ્ર્ચર્યચકિત કરી દેવાય તેવુ કાર્ય દેખાડી શકે તો નિશંક તે જાદુગર હશે.

**(3)** પ્રકૃતિ વિરૂધ્ધનું (અસાધારણ પ્રકારનું) કામ ફકત ખુદાની કુદરતથી દેખાડવામાં આવતું હોય તે જરૂરી છે. જો તે કામ દુન્યવી માલ સામાન ભેગા કરવાના આશયથી શીખવામાં આવે અને એ વાત સ્પષ્ટ થઈ જાય કે તે કામ કોઈએ શીખ્યું છે, એન તેને જાદુની જેમ (જેનો આગળ ઉલ્લેખ થઈ ગયો છે તેમ) દેખાડે તો તેની જાદુગરી સ્પષ્ટ રીતે સાબિત છે જેનો મોઅજીઝા સાથે કોઈ જ સંબંધ નથી. આ વાતનો સારાંશ એ છે કે, મોઅજીઝો ખુદા જલ્લ જલાલહુની તરફથી મળે છે અને જાદુ કોશિષ કરવાથી અને શીખવાથી કરી શકાય છે. ઇલ્મે કલામમાં આ વિશે વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે પણ અત્રે જે વર્ણન ર્ક્યું તે પુરતું છે.

* * * * *

# જાદુનો નિકાલ

ઘણા ફકીહોએ ફરમાવ્યું છે કે એક જાદુનો બીજા જાદુથી નિકાલ કરવો જાએઝ છે. દાખલા તરીકે જાદુગર પયગમ્બરીનો દાવો કરે તો તેને જાદુ વડે રૂસ્વા કરવો (ઉતારી પાડવો) અથવા જો કોઈ માણસ ઉપર જાદુ કરીને તેને "બાંધવામાં આવ્યો હોય" તો તેના તે અમલને જાદુ દ્વારા તેને "છોડવવો" જાએઝ છે.

રિવાયતમાં છે કે, હઝરત ઇસા બિન સકફી, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં ગયા અને તેઓએ અર્ઝ કરી કે, હું આપ ઉપર કુરબાન થાઉં, હું એક જાદુગર છું, જાદુ મારી આજીવીકાનું સાધન છે. જાદુની કમાણીમાંથી જ મેં હજ કરી છે, ખુદાનો મારી ઉપર મહાન અહેસાન છે કે તેણે મને આપની ઝિયારતનો શરફ આપ્યો છે. હવે હું મારા જાદુ કરવાના અમલ માટે શરમીંદગી અનુભવું છું તો શું મારા માટે નજાતનો કોઈ માર્ગ છે ? આપે ફરમાવ્યું 'હલ્લુન વલા તઅકુદ' ઇમામ અલય્હિસ્સલામના આ કલામનો જાહેરી અર્થ એ છે કે પોતાના જાદુનો ઉપયોગ બીજાના જાદુને તોડવા માટે કરી શકાય છે. પરંતુ તમે પોતે કદી કોઈ ઉપર જાદુ ન કરો. પરંતુ કેટલાક ફોકહા કરે છે કે 'ફકત જરૂરતના વખતે જ જાદુનો તોડ (નિકાલ) કરવો જાએઝ છે. એટલે કે જો જાદુનો ઉપયોગ જાદુના તોડ (નિકાલ) સિવાય બીજા કોઈ હેતુ માટે કરવામાં આવે તો જાદુ કરવું હરામ છે. દાખલા તરીકે જાદુનો તોડ કરવા માટે શરીઅતમાં દુઆઓ અને તાવીઝ સુચવવામાં આવ્યા છે. અત્રે ઉદાહરણરૂપે 'બેહારૂલ અન્વાર' માંથી બે પ્રસંગોની વિગત પ્રસ્તુત કરીએ છીએ.

'એક માણસ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અલય્હિસ્સલામની ખિદમતમાં આવ્યો અને તેણે જાદુની ફરિયાદ કરી ત્યારે આપે ફરમાવ્યું કે 'હરણની ચામડી (ખાલ) ઉપર આ દુઆ લખીને તમારી પાસે રાખો તો તે જાદુ તમને કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે અને તે જાદુની તમારી ઉપર કોઈ અસર થશે નહીં. તે દુઆ નીચે મુજબ છે.

"અલ્લાહના નામથી અને અલ્લાહની મદદ સાથે, અલ્લાહના નામથી અને અલ્લાહ જે ઇચ્છે તેનાથી. અલ્લાહના નામથી અને કોઈ શક્તિ, કોઈ તાકત નથી સિવાય અલ્લાહથી. હઝરત મૂસા અલય્હિસ્સલામે ફરમાવ્યું કે તમે જે કંઈ જાદુ સાથે આવ્યા છો અલ્લાહ તેને જલ્દી રદ કરી દેશે. ખચીતજ (બેશક) અલ્લાહ કયારેય બુરૂ કરવાવાળાઓના કાર્યોને પાર પાડતો નથી. પછી સત્ય હાવી થયું અને તેઓએ જે કાંઈ કર્યું તે બેઅસર (રદ) થઈ ગયું અને તેઓ અપમાનિત થયા."

આ ઉપરાંત આપે ફરમાવ્યું કે જાદુની અસર તોડી નાખવા માટે અને બાદશાહોની તકલીફોથી સુરક્ષિત રહેવ માટે સાત વખત નીચે મુજબની દુઆ પડો.

"અલ્લાહના નામથી અને અલ્લાહની મદદ સાથે. જલ્દી અમે તમોને બળ આપશું તમારા ભાઈ (હારૂન) મારફત અને અમે તમારા માટે એક સુરક્ષા બળ તૈયાર કરીશું જેના દ્વારા તેઓની શરારત તમો સુધી નહીં પહોંચે. તેથી (અમારી) નિશાનીઓ સાથે આગળ વધો. તમે અને તમોની પાછળ ચાલનારાઓ વિજયી થશે."

'આ ઉપરાંત નમાઝે શબથી ફારિગ થયા પછી અને સુબ્હની નમાઝથી પહેલા ઉપરની દુઆને સાત વખત પડો તો ઇન્શાઅલ્લાહ તમને કોઈ નુકસાન નહીં પહોંચે.'

'કસસુલ ઓલમા' માં લખ્યું છે કે અબ્બાસ સફવી બાદશાહના જમાનામાં એક નસરાની બાદશાહે પોતાના એક સફવી બાદશાહ પાસે એક પત્ર લખીને મોકલ્યો, જેમાં લખ્યું હતું કે 'આપ આપના મઝહબના ઓલમાને કહો કે તેઓ આ માણસ સાથે મુનાઝેરો કરે. જો આ માણસ દ્વારા આપના ઓલમા હારી જાય તો આપે નસરાની મઝહબ સ્વિકારવો પડશે. નસરાની બાદશાહે જે માણસને મોકલ્યો હતો તેની ખાસીયત એ હતી કે

કોઈ માણસની હાથની મુઠ્ઠીમાં જે વસ્તુ છુપાવેલી હોય તેનું નામ તે કહી શકતો હતો. (ગૈર શરઈ રીયાઝત અને તસ્ફીહે નફસ (શુધ્ધ નફસ) દ્વારા તેણે એવી શક્તિ મેળવી હતી. ત્યાર પછી સફવી બાદશાહે પોતાના ઓલમાને ભેગા કર્યા જેમાં મુલ્લાહ મોહસીન ફૈઝ પણ શામિલ હતા. તેઓએ તે નસરાનીને કહ્યું કે 'તારા બાદશાહ પાસે કોઈ આલિમ ન હતો કે એક સામાન્ય માણસને ઓલમા સાથે મુનાઝરા માટે મોકલ્યો.' નસરાનીએ કહ્યું 'આપ એ વાતને જવા દો અને આપના હાથ (મુઠ્ઠી)માં કોઈ વસ્તુને છુપાવી દો. તે વસ્તુ શું છે તે હું જોયા વગર કહી દઈશ. મરહૂમ ફૈઝ કબ્રે હુસૈન અલય્હિસ્સલામની માટીની બનેલી એક તસ્બીહ પોતાની મુઠ્ઠીમાં છુપાવી દીધી. તે નસરાની ખૂબ જ ઉંડા વિચાર અને ચિંતનમાં પડી ગયો અને ચૂપ થઈ ગયો. ફૈઝે કહ્યું કે કેમ ચૂપ થઈ ગયા ? તેણે જવાબ આપ્યો 'મારૂં ઇલ્મ મને એમ કહે છે કે આપના હાથમાં જન્નતની માટીનો એક ટૂકડો છે. તેથી હું એ વિચારૂં છું કે એ જન્નતની માટી કયાં હતી અને તમારી પાસે કઈ રીતે આવી ?' શૈખે ફરમાવ્યું કે તારી વાત સાચી છે. મારા હાથમાં કબ્રે ઇમામ હુસૈન અલય્હિસ્સલામની ખાક છે. એ હુસૈન જે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમના ફરઝંદ છે. હવે તારા સમર્થનથી જ એ વાત સાબિત થઈ ગઈ છે કે મુસલમાનોના ઇમામ હક ઉપર છે. તેથી હવે તારે મુસલમાન થઈ જવું જોઈએ. નસરાનીએ ન્યાયથી કામ લીધું અને તે મુસલમાન બની ગયો.

બેશક ઉપરના પ્રયોગમાં મરહૂમ શેખે ખૂબ જ સારો માર્ગ અપનાવ્યો અને તે નસરાનીને હિદાયત અને નજાતનો માર્ગ દેખાડયો.

અત્રે એ વાત પણ યાદ રાખવી જોઈએ કે આ પ્રકારના બનાવોમાં કોઈ પાસે ઉપરના પ્રસંગમાં ઉલ્લેખ કરાએલ નસરાની કરતા પણ વધારે શક્તિ હોય તો તે જાદુગર જ હશે. કારણ કે તેનામાં આગળ ઉલ્લેખ થયા મુજબની ત્રણ શરતો મૌજૂદ નથી હોતી.

* * * * *

# બત્રીસમો ગુનાહ

# દુર્વ્યય (ઇસ્રાફ)

બત્રીસમો ગુનાહ જે 'ગુનાહે કબીરા' હોવાની નસ્સે શરઈ મળે છે તે ઇસ્રાફ અને દુર્વ્યય છે. ફઝલ બિન શાઝાને સહીફામાં હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામથી ગુનાહે કબીરાના વિષયમાં ઇસ્રાફ અને દુર્વ્યયને ગુનાહે કબીરા ગણાવેલ છે. તેવી જ રીતે એઅમશની રિવાયત મુજબ હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે ઇસ્રાફ અને દુર્વ્યયને ગુનાહે કબીરા ગણાવ્યા છે. આ વિષયની જે આયતો અને રિવાયતો વારિદ થઈ છે તે પ્રમાણે પણ ઇસ્રાફ ગુનાહે કબીરા ગણાય છે. તે પછી તેનો અર્થ અને પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. સૂરએ અઅરાફમાં ખુદાવંદે તઆલા ફરમાવે છે કે

"તથા ખાઓ પીઓ (એ વસ્તુઓમાંથી કે જે ખુદાએ તમારા માટે હલાલ કરી છે.) અને ફુઝુલ ખર્ચી (ઉડાવ ખર્ચ) ન કરો, નિસંશય ખુદા ફુઝુલખર્ચી કરનારાઓને દોસ્ત રાખતો નથી."

**(સૂરએ અઅરાફ ૭, આયત નં ૩૧)**

એટલે ખુદા ઇસ્રાફ કરનારાઓને દુશ્મન ગણે છે અને કેટલાક તફસીરકર્તા ફરમાવે છે કે (ફુઝલ ખર્ચી કરનાર) એ માણસને ખુદા દોસ્ત રાખતો નથી જે જહન્નમના અઝાબને પાત્ર હોય. કારણ કે ખુદાની મોહબ્બતનો અર્થ સવાબ મેળવવા માટેના કામ કરવા છે.

તફસીરે મજમઉલ બયાનમાં લખ્યું છે કે બખ્તીશુઅ નામનો નસરાની જે હારૂન રશીદનો તબીબ (ડોકટર - વૈદ્ય) હતો, તેણે એક દિવસ વાકદીને પૂછયું કે તમારા કુરઆનમાં ઇલ્મે તિબ્બ (તબિબિ વિજ્ઞાન) વિશે

કોઈ ઉલ્લેખ છે ? ત્યારે વાકદીએ કહયું કે ખુદાવંદે આલમે ઇલ્મે તિબ્બની તમામ વાતોને એક આયતે શરીફામાં બયાન ફરમાવી દીધી છે "ખાવ, પીવો પણ ઇસ્રાફ (દુર્વ્યય) ન કરો."

બખ્તીશુએ પૂછયું : "શું તમારા પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે ઇલ્મે તિબ્બ વિશે કાંઈ ફરમાવ્યું છે ? વાકદીએ કહયું કે જી હાં, તેઓએ ઇલ્મે તિબ્બને થોડા શબ્દોમાં બયાન કરેલ છે. અને તે આ પ્રમાણે છે : "પેટમાં દર્દ એ તકલીફનું ઘર છે તેને પરહેઝ (ખાવા પીવામાં સંયમ રાખવો) એ તમામ દવાઓનો સરદાર છે. અને દરેક નફસને એટલું જ આપવું જોઈએ જેટલી તેને જરૂરત હોય."

નસરાની તબિબે કહ્યું કે "તમારી કિતાબ અને તમારા નબી સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ઇલ્મે તિબ્બની કોઈ બાબત ભૂલ્યા નથી અને જાલીનૂસ (જેઓ યુનાનના એક મશહૂર અને લોકપ્રિય હકીમ હતા.) ના માટે કોઈ વાત બાકી રાખી નથી."

ખુદાવંદે આલમ પોતાના કલામે પાકમાં ઇરશાદ ફરમાવે છે : "જયારે તમારા બગીચાઓમાં ફળ આવી જાય ત્યારે તે માંહેના ફળ ખાવ અને કાપવા (લણવા) ના દિવસે (અલ્લાહનો) ઠરાવેલો ભાગ આપતા રહો અને (ખબરદાર) ઉડાઉખર્ચ (ફુઝુલખર્ચી) ન કરો, કેમકે તે (અલ્લાહ) ફુઝુલ ખર્ચ કરનારાઓને (હરગીઝ) દોસ્ત રાખતો નથી."

**(સૂરએ અન્આમ ૬, આયત નં ૧૪૧)**

સૂરએ મોઅમિનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે "એવી રીતે અલ્લાહ હદ ઓળંગી જનાર અને શંકાશીલ હોય તેવા દરેક માણસ પાસેથી હિદાયતની પ્રેરણા ખૂંચવી લે છે."

**(સૂરએ મોઅમિન ૪૦, આ. ૩૪)**

એવી જ રીતે ખુદા એવા લોકોને હિદાયત નથી કરતો અને ઇસ્રાફ કરનારા અને શક કરનારાઓને અઝાબમાં ફસાવી દે છે. અને આ જ સુરામાં ખુદાવંદે આલમ આગળ ફરમાવે છે : "બેશક, હદથી વધી જનારા જ જહન્નમીઓ છે." (નિસંશય, હદ ઓળંગી જનારાઓ જ જહન્નમવાસીઓ છે.)

**(સૂરએ મોઅમિન ૪૦, આયત નં ૪૩)**

સૂરએ તાહામાં ખુદાવંદે આલમ ફરમાવે છે : "અને જે શખ્સ (દુરાચારીમાં) હદ વટાવી ગયો અને પોતાના પરવરદિગારની આયતો પર ઈમાન ન લાવ્યો તેને એવો જ બદલો (શીક્ષા) આપ્યા કરીએ છીએ અને બેશક આખેરતનો અઝાબ એ કરતાંય વધારે સખ્ત અને વધુ ટકી રહેનારો છે."

**(સૂરએ તાહા ૨૦, આયત નં ૧૨૬)**

સૂરએ બની ઇસરાઈલમાં ખુદાવંદે તઆલા ફરમાવે છે : "નિસંશય ઉડાવખર્ચ કરનાર શયતાનનો ભાઈ છે. (અને દોઝખમાં તેઓની સાથે હશે.) અને શયતાન હંમેશથી પોતાના પરવરદિગારનો અનુપકારી (કૃતઘ્ન) છે."

**(સૂરએ બની ઇસરાઈલ ૧૭, આ. ૨૭)**

તફસીરે મિન્હાજમાં લખ્યું છે કે "અરબના એ કુફફાર માલદારો પોતાના માલને દેખાડવા (દંભ) માટે બહુ જ નકામો ખર્ચ કરતા હતા અને ફકત એક જ મહેમાન માટે કેટલાક ઉંટોને ઝબ્હ કરી નાખતા હતા. જેથી લોકો તેની સખાવતના વખાણ કરે. અલ્લાહ જલ્લ જલાલહુ આ વાતની ટીકા કરતા ફરમાવે છે કે, પોતાનો માલ નકામો બગાડી નાખવો એ પાગલપણું છે. ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે

"બેશક વચલો (મધ્યમ) માર્ગ એવું કામ છે, જે ખુદાવંદે અઝઝ વ જલ્લ પસંદ કરે છે અને ફુઝુલખર્ચીને નાપસંદ કરે છે. એટલે સુધી કે ખજૂરના ઠળિયાને ફેંકી દેવો પણ ખુદાવંદે આલમને પસંદ નથી કારણ કે તે પણ ઉપયોગમાં લઈ શકાય છે. (અરબ લોકોમાં ખજૂરના ઠળિયા ઉંટોનો ખોરાક છે.) તેવી જ રીતે

પાણી પીધા પછી વધેલુ પાણી ફેંકી દેવું પણ એક નાપસંદ કાર્ય છે. (કારણ કે તે પણ અમુક સંજોગોમાં ઉપયોગી બને છે.)

**(વસાઈલ નિકાહ ફીન નફકાત પ્રકરણ ૨૫, પાના નં ૨૫૭, ભાગ ૧૫)**

આ ઉપરાંત આપ ફરમાવે છે, ખુદાથી ડરો અને ફુઝલખર્ચી ન કરો, અને કંજુસાઈથી પણ કામ ન લ્યો. પણ હંમેશા વચલો માર્ગ ધારણ કરો. બેશક ઇસ્રાફ એ ફુઝુલ ખર્ચી છે. ખુદાવંદે આલમ ફરમાવે છે કે ઇસ્રાફ ન કરો કારણ કે ખુદાએ કયારેય પણ વચગાળાનો માર્ગ ધારણ કરનારને અઝાબ આપ્યો નથી. એટલે કે ખુદાનો અઝાબ ઇસ્રાફ અને તકતીર (ફુઝુલખર્ચી અને કંજુસાઈ) ને કારણે નાઝિલ થાય છે. "

**(મુસ્તદરકુલ વસાઈલ, પ્રકરણ ૨૦, નિકાહનું પ્રકરણ)**

બશીર બિન ઉમર કહે છે કે હું હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની ખિદમતમાં હાજર થયો. તેઓ અલય્હિસ્સલામે મારી સામે ખજૂર મૂકયા અને અમે તે ખાવામાં મશગુલ થઈ ગયા. કેટલાક લોકો ખજૂરના ઠળિયા ફેંકી રહ્યા હતા. ઇમામ અલય્હિસ્સલામે ખજૂર ખાતા ખાતા તેમના હાથ રોકી લીધા અને ફરમાવ્યું કે "એવું ન કરો, કારણ કે તે ફુઝુલખર્ચી છે અને ખુદા ફસાદને પસંદ કરતો નથી."

**(મુસ્તદરક, અબ્વાબુલ નફકાત, પ્રકરણ ૨૨)**

"ફકીહ" (આ કિતાબનું આખુ નામ "મન લા યહઝરૂલ ફકીહ" છે જેને શૈખ સદૂક (અ.ર.) એ લખેલી છે.)માં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે મનાઈ કરવામાં આવેલી બાબતોના અનુસંધાનમાં જે રિવાયતો બયાન ફરમાવી છે તેમાં એક વાત ફરમાવવામાં આવી છે કે "જો કોઈ ફકત પોતાની મોટપ દેખાડવા (દંભ) માટે ઇમારત બનાવે (જેથી લોકો તેના વખાણ કરે અને તેને બિરદાવે) તો ખુદાવંદે તઆલા જલ્લ જલાલહુ કયામતના દિવસે, એ ઇમારત ઉપર સાત માળ બનાવશે અને તેની ઉપર આગ સળગાવશે, તે પછી તે ઇમારતને તૌક (ગળાના લોખંડના ગાળિયા)ના સ્વરૂપમાં તેની ગરદનમાં નાખવામાં આવશે અને તેને આગમાં નાખી દેવામાં આવશે. કોઈએ પૂછયું : યા રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ, મોટપ દેખાડવા માટે ઇમારત બનાવવાનો શું અર્થ છે ? ત્યારે આપે ફરમાવ્યું : "એવી ઇમારત બનાવવી, જે પોતાની જરૂરત કરતા વધારે મોટી હોય અને તે બનાવીને પોતાના સાથીઓ અને મુસલમાન ભાઈઓ સામે ગર્વ કરવામાં આવે"

હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે : "જયારે ખુદા પોતાના બંદાઓ સાથે નેકી કરવાનો ઇરાદો કરે છે ત્યારે તેને વચલો માર્ગ ધારણ કરવાનો અને સારી રીતે જિંદગી જીવવા માટે ઇલ્હામ (હૃદયમાં પ્રેરણા ઉત્પન્ન) કરે છે અને તેનાથી ફુઝુલખર્ચી અને બુરાઈ દુર કરે છે."

**(નિકાહ, મુસ્તદરક, પ્રકરણ ૨૦)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : "શું તમે એવું માનો છો કે ખુદા જલ્લ જલાલહુએ કોઈને માલ આપ્યો છે તો તેના આદરણીય હોવાને કારણે આપ્યો છે ? અને કોઈને માલ નથી આપ્યો તો શું તે હલકો હોવાના કારણે તેને માલ નથી આપ્યો ? નહીં, હકીકતમાં એવું નથી. પરંતુ વાસ્તવમાં માલ તો ખુદાનો છે, જેને તે અમાનત તરીકે બંદાઓને આપે છે અને (બંદાઓને માલ આપીને) એ વાતની પરવાનગી આપી છે કે તે મધ્યમ માર્ગ અપનાવે, તે માલમાંથી ખાય, પીવે, કપડાં પહેરે, શાદી કરે અને ઘોડા ઉપર સવારી કરે (પ્રવર્તનમાન યુગમાં હેસિયત મુજબનું વાહન વાપરે.) અને જો માલ વધારે હોય તો તે માલને ગરીબોમાં વહેંચી દે, અને ગરીબોની હાજત પૂરી કરે. (આ રીતે જો) આ હુકમ ઉપર અમલ કરવામાં

આવે તો તેણે ખાવા પીવા ઉપર, કપડા માટે અને સવારી તેમજ શાદી માટે જે કંઈ ખર્ચો કર્યો હોય તે બધો તેના માટે હલાલ છે, અને જો તેણે ખુદાના હુકમ ઉપર અમલ ન કર્યો હોય તો તેના માટે હરામ છે.''

ઇમામે નીચે મુજબની આયતની તિલાવત ફરમાવી : ''ફુઝુલ ખર્ચ ન કરો એટલા માટે કે ખુદા ફુઝુલ ખર્ચ કરનારને દોસ્ત રાખતો નથી.'' (સૂરએ અન્આમ ૬: ૧૪૧) આ વાતની વધુ સ્પષ્ટતા કરતા ફરમાવ્યું કે શું તમે એમ માનો છો કે ખુદાએ કોઈને અમાનત તરીકે માલ આપ્યો હોય જેમાંથી તે જરૂરત (હેસિયત) કરતા વધારે રકમ ખર્ચી નાખે, એટલે કે તે માલમાંથી સવારી માટે એવો ઘોડો ખરીદે જેની કિંમત દસ હજાર દીરહમ હોય, જયારે વાસ્તવમાં તે વીસ દીરહમનો ઘોડો પણ ખરીદી શકતો હતો. જે તેની જરૂરીયાત પૂરી કરવા માટે પુરતો થઈ રહેત. અને એક હજાર દિરહમમાં એક કનીઝ ખરીદે, વાસ્તવમાં તે વીસ દીનારની કિંમતમાં કનીઝ ખરીદી શકતો હતો અને તે તેના માટે પુરતી હોત. જયારે કે ખુદાવંદે આલમ ફરમાવે છે કે ફુઝુલખર્ચી ન કરો. (તેવા માણસે તેની પાસેનો જે માલ ખુદાની અમાનતરૂપે છે તેમાં ખયાનત કરી છે.)

અબ્બાસી કહે છે કે, મેં હઝરત ઇમામ અલી રઝા અલયહિસ્સલામને મારી પત્નિ અને બાળકો (કુટુંબીજનો) ના ખર્ચ વિશે પૂછયું (કે તેની પાછળ કેટલી મર્યાદામાં ખર્ચ કરવો યોગ્ય છે ?) તેના જવાબમાં ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું :

''એ બંને વસ્તુઓની વચ્ચે જે મકરૂહ (નાપસંદ) છે.'' મેં કહ્યું : હું આપ ઉપર કુરબાન થાઉં, ખુદાની કસમ, જે બે વસ્તુઓ ખુદાના ગઝબનું કારણ બને છે તે વિશે હું (કાંઈ) જાણતો નથી. ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : ''ખુદા તારી ઉપર રહેમ કરે, શું તું એ વાત નથી જાણતો કે ખુદા ઇસ્રાફ કરનારા અને બુખ્લ (કંજુસાઈ) કરનારાને દુશ્મન રાખે છે.''

**(વસાઈલ પ્રકરણ ૨૭)**

ત્યાર પછી ઇમામ અલયહિસ્સલામે આ આયતની તિલાવત ફરમાવી કે ''ખુદાના બંદાઓ તે છે જે જયારે પણ પોતાનો માલ ખર્ચ કરે છે ત્યારે ફુઝુલખર્ચી નથી કરતા. અને કંજુસાઈ પણ નથી કરતા પરંતુ તેઓ વચલો માર્ગ ધારણ કરે છે''

**(૨૬:૬૭)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામની રિવાયત છે કે ''જો કોઈ પોતાનો માલ ફુઝુલ ખર્ચીમાં વાપરી નાખે છે અને પછી કહે છે કે (દુઆ કરે) ખુદાયા, મને માલ દે, તો ખુદા કહે છે કે, શું મેં તને વચલો માર્ગ ધારણ કરવાનો હુકમ આપ્યો ન હતો ?''

* * * * *

# ઇસ્રાફનો અર્થ અને તેના પ્રકાર

બીજા પ્રકારનો ઇસ્રાફ છે, માલનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરવો, પણ એમાં હદ ઓળંગી જવી, જેમકે કોઈ પણ વ્યક્તિ એક હજાર રૂપિયાની કોઈ વસ્તુ ખરીદે, પણ હકીકતમાં આટલી મોટી કિંમતની વસ્તુ કરતા એ ઓછી કિંમતની વસ્તુથી પોતાની જરૂરિયાત પૂરી કરી શકત, તેમ છતાં તે મોંઘી વસ્તુ ખરીદે એ ઇસ્રાફ છે.

ઓલમાઓની દ્રષ્ટિએ ઇસ્રાફનું જે વિવરણ કરવામાં આવ્યું છે, એ મુજબ પહેલા પ્રકારનો ઇસ્રાફ એટલે કે અયોગ્ય જગ્યાએ એક પૈસો પણ ખર્ચ કરવો એને 'તબઝીર' કહેવામાં આવે છે. ત્યારે બીજોપ્રકાર એટલે કે હદથી વધારે પ્રમાણમાં ખર્ચ કરવો એને સામાન્યપણે ઇસ્રાફ કહેવાય છે.

હઝરત અલી અલયહિસ્સલામ ફરમાવે છે કે

**(૧) તેવા લોકો એવી વસ્તુઓ ખાતા હોય છે, જે વસ્તુઓ ખાવી તેમના માટે યોગ્ય હોતી નથી.**

**(૨) એવો પોશાક પરેહતા હોય છે, જે તેમની શાન અને હાલતને અનુરૂપ હોતો નથી.**

**(૩) એવી વસ્તુઓ ખરીદતા હોય છે જે વસ્તુઓ ખરીદવી તેમના માટે યોગ્ય હોતી નથી.**

**(બેહારૂલ અન્વાર)**

હઝરત સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : 'જે પોશાક તમે તમારી આબરૂની સુરક્ષા અને લોકોની નજરોમાં તમે ઉતરી ન પડો તે હેતુસર બનાવ્યો હોય તેને કામ કરતી વખતે અથવા એવી જગ્યાએ પહેરવો જયાં (તેવો પોશાક) પહેરવો યોગ્ય ન હોય તો તે ઇસ્રાફ છે.'

**(નિકાહ અબ્વાબુલ નફકાત, પ્રકરણ ૨૨)**

* * * * *

# ઇસ્રાફ દરેક વ્યક્તિની યોગ્યતા પ્રમાણે હોય છે.

'એક વાત જાણી લેવી જરૂરી છે કે દરેક માણસની શાનો શૌકત, તેની બિમારી, તંદુરસ્તી, યુવાની, વૃધ્ધાવસ્થા, ઇઝઝત, ગરીબી, અમીરી, આવકનું વધારે કે ઓછું પ્રમાણ, એ બધા સંજોગો અનુસાર ઇસ્રાફમાં પણ ફર્ક પડતો હોય છે. કારણ કે એમ પણ બની શકે છે કે, એવા માણસ માટે પોતાના પોશાક માટે વધારે રકમ ખર્ચવી તેના હોદ્દા અને મરતબાને અનુરૂપ હોય અથવા તો તેની આવક વધારે હોય તો પણ તેણે ખર્ચ કરેલ રકમ ઇસ્રાફ ગણાશે નહીં. જયારે બીજો કોઈ માણસ તેટલી રકમ ખર્ચે પણ તેની આવક ઓછી હોય તો તે ખર્ચ તેના માટે ઇસ્રાફ ગણાશે.

કુલયની હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામની રિવાયત નોંધતા લખે છે કે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું :

'એવા ઘણા લોકો ગરીબ હોય છે, જે અમીરો કરતા વધારે કુઝુલખર્ચ કરતા હોય છે. કારણ કે અમીરોને ખુદાએ જે આપ્યું હોય તેમાંથી ખર્ચ કરતા હોય છે, પરંતુ ગરીબો પાસે કાંઈ ન હોવા છતાં તે ખર્ચ કરે છે.'

**(ફુરૂએ કાફી, ભાગ ૪, પાના નં પપ, ઝકાતનું પ્રકરણ)**

આ કારણોસર મોટા ભાગના લોકો ગુનાહો અને જીવનનિર્વાહની મુશ્કેલીઓમાં સપડાઈ જતા હોય છે. કારણ કે તેઓ પોતાની હૈસિયત અને આવકને નજર સમક્ષ રાખતા નથી હોતા અને સામાન્ય રીતે એવા લોકો કર્ઝ (દેવા) અને તકલીફોમાં ફસાએલા રહે છે. આ બધા કુઝુલખર્ચીના પરિણામો છે. આનું કારણ એ છે કે, દરેક લોકો પોતાનાથી ઉંચી કક્ષાના લોકોની દેખાદેખી કરે છે અને સમાજમાં પોતાનું નીચુ ન દેખાય તે માટે દંભ (દેખાવ) કરવામાં (ખોટા અને વધારાના) ખર્ચ કરીને ઇસ્રાફનો ભોગ બને છે અને હંમેશા મુશ્કેલી, પરેશાની, ગમ અને મુસીબતભર્યું જીવન વ્યતીત કરે છે. જો સમાજનાં લોકો ઇસ્લામના હુકમ પ્રમાણે પોતાના કરતા (આર્થિક રીતે) નીચી કક્ષાના લોકોને ધ્યાનમાં રાખે તો કદી કુઝુલખર્ચી ન કરે અને મુશ્કેલીમાં ન સપડાય. મોટા ભાગના દેવાદાર લોકો કુઝુલખર્ચી ને લીધે દેવાદાર થઈ જતા હોય છે. જો લોકો હુકમે શરઈ, ફિતરત અને અકલે સલીમના હુકમ પ્રમાણે 'ગુનાહે કબીરા' થી બચતા રહે અને દરેક હાલતમાં મધ્યમ માર્ગ ધારણ કરે અને સંતોષ ભર્યું જીવન વિતાવે તો તે દુનિયા અને આખેરત બંનેમાં સદભાગ્ય પ્રાપ્ત કરી શકે. તેવા લોકો માટે હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ ફરમાવે છે :

'જયાં સુધી કોઈ વ્યક્તિમાં ત્રણ સિફત ન હોય ત્યાં સુધી તે વ્યક્તિ હકીકી ઈમાનનો સ્વાદ માણી શક્તી નથી.

**(૧) દીની મસાએલ જાણવાનો શોખ (૨) મુશ્કેલીઓમાં સબ્ર (૩) જિંદગી (જીવન જરૂરી વસ્તુઓ) ના ખર્ચ વિશે યોગ્ય અંદાજ કરવો.**

**(સફીનતુલ બેહાર, ભાગ ૨, પાના નં ૧૩૫)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે : 'જો કોઈ જીવન જરૂરી વસ્તુઓમાં વચલો માર્ગ ધારણ કરે તો હું તેને એ વાતની જામિનગીરી આપું છું કે તે કદી મોહતાજ નહીં થાય.'

**(વસાએલ, બાબે નિકાહફિન નફકાત, પ્ર. ૨૫)**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

'ત્રણ વસ્તુઓ નજાતનું કારણ બને છે **(૧) જાહેરી અને આંતિરક બાબતોમાં ખુદાથી ડરવું (૨) અમીરી અને ગરીબીની હાલતમાં વચલો માર્ગ ધારણ કરવો અને (૩) ખુશીની હાલતમાં અને ગુસ્સે થતી વખતે પણ હક વાત કહેવી.'**

**(સફીનતુલ બેહાર, ભાગ ૧, પાના નં ૩૪)**

હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ ફરમાવે છે :

જો કોઈ માણસ દુનિયામાં તેના માટે જે કંઈ નિર્માણ (મુકર્રર) કરવામાં આવ્યું હોય તેનાથી સંતોષ પામે તો તેને ગમ, ગુસ્સો તથા મુશ્કેલીઓથી નજાત મળી જશે.'

**(સફીનતુલ બેહાર, ભાગ ૨, પાના નં ૪૫૨)**

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ આ આયત **ફલનોહ યેયન્નહુ હયાતત તય્યેબાહ (૧૬ : ૯૭)** ની તફસીર કરતા ફરમાવે છે "હયાતે તય્યેબહ" (એટલે કે ખુશહાલ જિંદગી)નો અર્થ "કેનાઅત" છે.

* * * * *

# અબૂઝર ફરેબ નથી ખાતા

ઉસ્માન તેમના બે ગુલામને બસ્સો અશરફીઓ આપી અને કહ્યું કે આ લઈને અબૂઝરની પાસે જાવ અને તેઓને કહેજો કે ઉસ્માને તમને સલામ કહેવડાવ્યા છે અને તમારા જીવન નિર્વાહ માટે આ બસ્સો અશરફીઓ લ્યો. અબૂઝરે ફરમાવ્યું : શું ઉસ્માને તમામ મુસલમાનોને આટલી અશરફી આપી છે ? તેઓએ કહ્યું : ના, અબૂઝરે ફરમાવ્યું શું હું તમામ મુસલમાનો કરતા કંઈક વિશેષ છું ? તે લોકોએ કહ્યું કે ઉસ્માને કહેવરાવ્યું છે કે આ માલ મારો અંગત છે, અને ખુદાની કસમ આ હલાલ કમાણીનો માલ છે. અબૂઝરે ફરમાવ્યું કે મારે આની જરૂર નથી કારણ કે હું ઘણો બેનિયાઝ (નિસ્પૃહી - સ્વતંત્ર) છું. તે લોકોએ કહ્યું : અય અબૂઝર, અમને તો તમારા ઘરમાં કોઈ વસ્તુ દેખાતી નથી જેનાથી તમારી બેનિયાઝી સાબિત થતી હોય. અબૂઝરે ફરમાવ્યું : આ વાસણમાં જવની રોટલીના બે ટુકડા પડયા છે, જેના કારણે હું બેનિયાઝ છું.

**(સફીનતુલ બેહાર, ભાગ ૨, પાના નં ૪૫૨)**

બીજી રિવાયતમાં છે કે આ પ્રકારનો વ્યવહાર જયારે મોઆવિયાએ અબૂઝર સાથે કર્યો અને અબૂઝરે તેમનો માલ સ્વિકાર્યો નહીં ત્યારે તે માલ લાવનારા બંને ગુલામોએ કહ્યું કે અય અબૂઝર, જો તમે આ માલ સ્વિકારી લીધો હોત, તો મોઆવિયાએ અમને આઝાદ (મુકત) કરી દેવાનું વચન આપ્યું હતું. તેથી અમોને મુકત કરાવવાના હેતુસર પણ આ માલ સ્વિકારી લો.

હઝરત અબૂઝરે કહ્યું કે જો હું આ માલ સ્વિકારી લઈશ તો તમે મોઆવિયાની ગુલામીમાંથી આઝાદ થઈ જશો પરંતુ હું તેનો ગુલામ થઈ જઈશ. એટલે કે મોઆવિયાનો માલ લીધા પછી મારે તેની મરજી પ્રમાણે ચાલવું (તાબેદારી કરવી) પડશે (અને મારૂં તે કાર્ય દીનને દુનિયાના બદલામાં વેચી દેવું ગણાશે.)

સૈયદ અબૂ અઅલા મોદુદી તેમની કિતાબ "ઇસ્લામ વ મુશ્કીલાતે ઇકતસાદી" (ઇસ્લામ અને આર્થિક મુશ્કેલીઓ) માં લખે છે કે, "દુનિયાની તમામ બુરાઈઓનું કારણ શ્રીમંતોની ફુઝુલખર્ચી અને વૈભવ વિલાસ છે. શ્રીમંતોએ ઝિના (વ્યભિચાર) ને તેમના જીવનનું એક અનિવાર્ય અંગ બનાવી દીધું છે અને તેના પરિણામે અમુક સ્ત્રીઓ વ્યભિચારણી, નર્તકી અને વેશ્યા થઈ ગઈ છે અને અમુક પુરૂષો બેશર્મ થઈ ગયા છે. એટલે કે ગાવું, બજાવવું તેમના માટે મનોરંજનનું સાધન થઈ ગયું છે. કેટલાક લોકોને ગીતકાર, નૃત્યકાર, કલાકાર, સંગીતકાર અને સુરાવલી, શાસ્ત્રીય ગાન વિગેરે નામ આપીને (લેબલ લગાવીને) ખરીદી લીધા અને કામે લગાડી દીધા અને તેવા લોકો ખેલ, તમાશા અને માનવતાની વિરૂધ્ધના કૃત્યો (ગીત, સંગીત, નૃત્ય, સીનેમા વિગેરેમાં) ગાંડપણની હદ સુધી મગ્ન થઈ ગયા. તદઉપરાંત કેટલાક લોકોએ કેટલાક પાગલ નૃત્યકાર અભિનેતા અને તે પ્રકારના બીજા લોકોને પ્રોત્સાહિત કર્યા. આના લીધે નવી નવી કલા (મોર્ડન આર્ટ) અને હુન્નર વિકસાવવા લાગ્યા જેની માનવને ઇઝઝત ભર્યું જીવન જીવવા માટે કંઈ જરૂર ન હતી. પરંતુ આ બધી બાબતો માનવતા અને માનવ ચારિત્ર્ય (અખ્લાક) ને નુકસાન પહોંચાડી રહી છે. આની સાથોસાથ અય્યાશી માટે સૈર કરવો પણ ખોટો વ્યવસાય અને મૂડી વાદીઓનું સંપત્તિ એકઠી કરવાનું સાધન છે. હદ તો એ વાતની થઈ ગઈ છે કે લોકોના મોટા સમુહને સ્કાઉટના નામે સેવા માટે રોકવામાં આવે છે જેનાથી તેઓ પોતાના શોખ માટે ખોટા કારણોસર તફરી કરવામાં રચ્યા પચ્યા રહે. જો મૂડીવાદીઓનો આ શોખ પરાકાષ્ટાએ પહોંચ્યો હોત તો સમગ્ર માનવજાતની વિચારધારાઓના તેઓ માલિક થઈ ગયા હોત. ખુદાને વિસરી ગએલા આ શ્રીમંતોએ અમૂક સમુહના લોકોને આલ્કોહોલ, અફીણ અને ચરસ જેવા જાત જાતના કેફી દ્રવ્યો બનાવવાના કામમાં લગાવી દીધા. મૂડીપતિઓએ તેમની ભૌતિક સંપત્તિમાંથી ઘણો બધો નાજાએઝ ફાયદો ઉઠાવ્યો અને તે સંપત્તિને મહેલ, એપાર્ટમેન્ટ, હવેલીઓ અને બહુમાળી ઇમારતો બનાવવામાં, બજારો, પિકનીક હાઉસ, થીએટર અને વૈભવ વિલાસની જગ્યાઓ તૈયાર કરવામાં વાપરી નાખી. આ લોકો માનવતા અને ઇસ્લામની વિરૂધ્ધ ફુઝુલખર્ચી (દુર્વ્યય) કરવામાં એટલા બધા આગળ વધી ગયા કે તેઓએ પોતાના મરણ પછી દફન થવા માટે આલિશાન ઇમારતો અને વિશાળ મકબરા બંધાવ્યા. વાસ્તવમાં જરૂરી હતું કે મકબરાને બદલે એવા લોકો માટે ઘર બાંધવામાં આવે જેમના આરામ અને રાહત માટે યોગ્ય ઘરની સુવિધા નથી. તેઓ એટલો બધો ફુઝુલખર્ચ (દુર્વ્યય) કરે છે કે તેમના કુતરાઓ માટે મોટા મોટા ઓરડાઓ બનાવે છે અને કુતરાના ગળામાં સોનેરી પટ્ટીઓ બાંધે છે. તેમની દેખભાળ માટે નોકર રાખે છે અને આમ કરીને તેઓ અપરંપાર દૌલત ખર્ચી નાખે છે, જેનો કોઈ ફાયદો હોતો નથી. તારીખ ૯ જૂન ૧૯૬૨ ન્યુસ્ટેટમેન્ટ નામના સામયિકમાં લખ્યું છે કે અમેરકિન લોકો તેમના પાળેલા કુતરા અને બિલાડા પાછળ અંદાજે ૩ અબજ ડોલર ખર્ચી નાખે છે.

હકીકતમાં આ રકમને પોતાની જ જેવા ઇન્સાનોની જરૂરિયાતોને પૂરી કરવા અને તેમની ગરીબાઈ તથા નિર્ધનતાને નાબૂદ કરવા માટે ખર્ચવી જોઈએ. એક બાજુ ગરીબ અને નિર્ધન લોકો છે, જે તેમની નાનામાં નાની જરૂરિયાત પણ પુરી કરી શકતા નથી. જયારે બીજી બાજુ દુનિયાના આ કારૂન જેવા શ્રીમંતો છે, જેઓ પોતાની અમીરી અને ઠાઠ દેખાડવા માટે ખૂબ જ કિંમતી આભૂષણો, વસ્ત્રો, સોના અને ચાંદીના વાસણોનો ઉપયોગ કરતા હોય છે. એટલું જ નહીં, તેવા લોકોએ તેમની ઘરોની દિવાલોને ભવ્ય પેઈન્ટીંગ અને કિંમતી તસ્વીરોથી સજાવી છે.

આ વિષયના અનુસંધાનમાં એ વાત જાણી લેવી જોઈએ કે આપણે એમ કહીએ છીએ કે અમુક માલમાંથી આટલી રકમ ખર્ચ કરવી એ ફકીર માટે ઇસ્રાફ છે, પરંતુ આપણા માટે ઇસ્રાફ નથી. આ વાતનો અર્થ હરગીઝ એવો નથી થતો કે એ વાત માટે સંદેહ થાય કે શ્રીમંત માણસ માટે પોતાની દૌલતને પોતે જે રીતે ઇચ્છે તે રીતે ખર્ચ કરવાનો અધિકાર છે અને તેમાં કાંઈ વાંધો નથી અને તેના માટે વૈભવ વિલાસ અને હવસખોરી (વ્યભિચારના કાર્યો) માટે સંપત્તિ લુટાવી દેવી જાએઝ છે ? શું તેને એવા હેતુ માટે સંપત્તિ આપવામાં આવી છે ? શું તેના માટે બેફામ ખર્ચ કરવો ઇસ્રાફ નથી ? હકીકતમાં તો તેના માટે વધારે સખ્ત હુકમ છે અને શ્રીમંત લોકો માટે મોટી જવાબદારી છે. કારણ કે તેમના સામાજીક મોભા અને દરજ્જા મુજબનું મકાન, વસ્ત્રો, ગાલીચા અને રોજીંદા જીવનની ચીજ વસ્તુઓ જે તેમની હૈસિયત પ્રમાણે જરૂરી હોય તેનાથી વધારે ખર્ચ કરવો તેમના માટે હરામ છે. બીજી વાત એ કે તેમની હૈસિયત કરતા જેટલી આવક વધારે હોય તેનો સંગ્રહ કરવાનો તેમને હક નથી. તેમને શરીઅતના નિયમો મુજબનું ખુમ્સ (પાંચમો ભાગ) નીયત કરાએલ જગ્યાએ પહોંચાડવું જોઈઅ. જો તેમની ઉપર ઝકાત વાજીબ હોય તો તેમણે ઝકાત કાઢવી જોઈએ. અને પોતાના સગા વ્હાલાં ગરીબી અને મુશ્કેલીમાં હોય તો તેમને તેટલા પ્રમાણમાં ખુમ્સની રકમ ન આપવી 'કત્એ રહમ' ગણાશે. તેમણે એ રીતે ગરીબ સગા વ્હાલાની મદદ કરવી જોઈએ. જો તેમના ગરીબ સગા વ્હાલાને પૈસાની જરૂર હોય તો તેમને પૈસા આપે અને જો તેઓ કર્ઝદાર હોય તો તેમનું કર્ઝ ભરપાઈ કરી દે. જો તેઓ બીમાર હોય તો તેમને દવા અને જીવન જરૂરી સાધનો પૂરા પાડે. એટલું જ નહીં, કોઈ મુસલમાન પરેશાન અને મજબૂર હોવાની જાણકારી હોય તો તેની મદદ કરવી જોઈઅ. જો તેમણે પોતાની જવાબદારીઓને પૂરી ન કરી તો તેમની ગણતરી એવા લોકોમાં થશે જેના વિષે ખુદાવંદે આલમ ફરમાવે છે :

"અને તે લોકો, જેઓ સોનુ અને ચાંદી સંગ્રહ કરે છે અને રાહે ખુદામાં ખર્ચતા નથી તો (અય રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ) એ લોકોને દર્દનાક અઝાબની ખબર સંભળાવી દે, તે (કયામતના દિવસે તે સોનુ અને ચાંદી) જહન્નમની આગમાં તપાવવામાં (અને લાલ કરવામાં) આવશે અને તેમાંથી તેમના કપાળ અને તેમના પાસા અને તેમની પીઠોને ડામ દેવામાં આવશે. (અને કહેવામાં આવશે કે) આ એ જ છે, જે તમે તમારા માટે (દુનિયામાં) સંગ્રહ કરતા હતા તો તે (તમે ભેગી કરેલી વસ્તુઓની મજા ચાખો."

**(સૂરએ તૌબા ૯, આ. ૩૪, ૩૫)**

આ અયાતની તફસીરમાં હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે : "જે કોઈ દીરહમ અને દીનાર (નાણા) ભેગા કરે અને તેમાંથી વાજીબ હકકો અદા ન કરે (કોઈ કર્ઝદાર, મુસીબતમાં મુકાયેલા અને તે પ્રકારના મજબૂર લોકો માટે રાહે ખુદામાં ખર્ચ ન કરે) તો કયામતના દિવસે તેમને ડામ દેવામાં આવશે અને કહેવામાં આવશે આ તમારો ભેગો કરેલો માલ છે, જે તમે કંજુસાઈ કરીને ભેગા કરતા હતા."

**(તફસીરે મીઝાન, ભાગ ૯, પાના નં ૨૭૧)**

રાહે ખુદામાં સખાવત (ખર્ચ) કરવામાં ઘણા સવાબનો ઉલ્લેખ છે. તેની ઘણી આયતો અને રિવાયતો મળી આવે છે. તેવી જ રીતે સખાવત કરવામાં કંજુસાઈ કરવા માટે અને માલ ભેગો કરવા વિશે ખૂબ જ ડરાવવામાં આવ્યું છે અને અઝાબનો વાયદો કરવામાં આવ્યો છે.

એવી આયતો અને રિવાયતો ઘણી વધારે પ્રમાણમાં છે, જેનો ઉલ્લેખ કરવો અમારી ચર્ચાના વિષયની બહારની વાત છે. અમારા સાંભળવા મુજબ કેટલાક શ્રીમંત લોકો, જેઓ પોતાને મુસલમાન કહેવડાવે છે, તે લોકો પોતાના લાખો રૂપિયા વિદેશી બેંકોમાં જમા કરાવે છે. આ કામનું પરિણામ તેમને મર્યા પછી દેખાશે. શું તેઓ એ વાત જાણે છે કે તેમના એ કામ માટે તેઓ ખુદાવંદે કરીમ પાસે મર્યા પછી શું બહાનું રજુ કરી શકશે ? જો તેઓ એમ

કહેશે કે અમે આ વાત જાણતા ન હતા તો તેમને કહેવામાં આવશે કે તમે તમારા દીનના અહેકામો શા માટે ન શીખ્યા ? વાએઝ અને નસીહતની મજલિસોમાં શા માટે હાજરી ન આપી ? અને જો આ વાત જાણતા હતા તો તેની ઉપર અમલ શા માટે ન કર્યો ? એવા શ્રીમંતો માટે હંમેશા કાયમ રહેનારી વ્યથા અને નિરાશા રહેશે.

અફસોસ કે મોટા ભાગના શ્રીમંતો એ વાત નથી જાણતા કે રાહે ખુદામાં ખર્ચ કરવો એ જ ખરો હેતુ છે અને તેમાં જ ફાયદો છે. હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમે હક માટે (રાહે ખુદામાં) વાપરવામાં આવે તેવા માલને "માલે સાલેહ" કહ્યો છે. જે કોઈ રાહે ખુદામાં ખર્ચ કરે છે તે અલ્લાહ જલ્લ જલાલહુના માલમાંથી જ ખર્ચ કરે છે. તેવા લોકોનો ઝીક્ર આ દુનિયામાં પણ સારી રીતે કરવામાં આવે છે. અને આખેરતમાં પણ તેઓને સવાબ અને આંતર રાહત મળશે. પરંતુ આનાથી ઉલ્ટો અમલ કરનારને આ દુનિયામાં શરમીંદગી તથા નિરાશા થશે અને તેઓ સવાબથી વંચિત રહેશે. એટલું જ નહીં, આખેરતમાં પણ તેમને હંમેશા રહેનારો અઝાબ આપવામાં આવશે.

* * * * *

# બદલતા યુગ પ્રમાણે પણ ઇસ્રાફ (ના અર્થઘટન) માં ફર્ક પડે છે.

જે રીતે વ્યક્તિગત દરજ્જાના પ્રમાણમાં ઇસ્રાફમાં ફર્ક પડે છે. બિલ્કુલ તેવી જ રીતે જમાના (યુગ) પ્રમાણે પણ ઇસ્રાફમાં ફર્ક પડે છે. એવું બની શકે કે અમુક સંજોગોમાં અમુક પ્રમાણમાં ખર્ચ કરવો કોઈના જીવન ધોરણ મુજબ ઇસ્રાફ ગણાતો ન હોય, પણ કોઈ વર્ષ દુકાળ પડી જાય અને તમામ લોકો દુકાળનો ભોગ બની જાય તો એ સંજોગોમાં તેટલા (વધારે) પ્રમાણમાં ખર્ચ કરવો એ જ માણસ માટે ઇસ્રાફ ગણાઈ જશે. ત્યારે તેના માટે તેટલા ખર્ચ કરતા ઓછો ખર્ચ કરીને જીવન નિર્વાહ વાજીબ થઈ જશે અને તેની પાસે બાકી વધતી રકમ એ (દુકાળની) મુશ્કેલીઓનો ભોગ બનેલા વચ્ચે વહેંચી દેવી પડશે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામનો ખાદીમ મોઅતીબ કહે છે કે એક જમાનામાં જયારે મોંઘવારી ખૂબ જ વધી ગઈ હતી ત્યારે ઇમામ અલય્હિસ્સલામે મને પૂછયું :

"આપણી પાસે અનાજ (ઘઉં અને જવ) નો કેટલો જથ્થો પડેલો છે ? મેં જવાબ આપ્યો : આપણી પાસે કેટલાય મહીનાઓ સુધી ચાલે તેટલો જથ્થો પડેલો છે. ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : તે બધો જથ્થો બહાર લઈ જાવ અને વહેચી દયો. મદીનામાં ઘઉં અને જવ અપ્રાપ્ત બની ગયા છે. મેં જયારે અનાજનો તે બધો જથ્થો વહેંચી દીધો. ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : બીજા લોકોની જેમ તમે પણ ઘરના ઉપયોગ માટે દરરોજ જઈને ખરીદી કરો. પછી ફરમાવ્યું કે ઘરના લોકો માટે અડધા ઘઉં અને અડધા જવનો ખોરાક તૈયાર કરો. ખુદા એ વાત જાણે છે કે, હું બધા (મારા ઘરના સભ્યો) માટે ઘઉંની રોટલીઓ તૈયાર કરાવી શકું છું પરંતુ મને એ વાત પસંદ છે કે ખુદા એ વાત જુએ કે હું મારા જીવન ક્રમને યોગ્ય રીતે જાળવું."

**(ફુરૂએ કાફી કિતાબે મઈશત, બાબુલ હરકત ભાગ ૫, પાના ૬૬૧)**

આવો જ હુકમ પોશાક (વસ્રો) માટે પણ છે. કેટલાક ઓછી અકકલવાળા લોકો હઝરત સજ્જાદ અલય્હિસ્સલામની અને હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ અને હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામની ખિદમતમાં આવતા અને એવો એતરાઝ કરતા કે "આપ આટલા બધા કિંમતી પોશાક કેમ પહેરો છો ? તમારા બાપદાદાઓ રસૂલે અકરમ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ તથા હઝરત અમીરૂલ મોઅમેનીન અલય્હિસ્સલામ તો આવો પોશાક પહેરતા ન હતા ? ત્યારે અઇમ્મા અલય્હેમુસ્સલામનો જવાબ એ રહેતો હતો કે એ જમાનામાં ગરીબી અને દરીદ્રતા સામાન્ય હતી. (તે જમાનામાં લોકોનું જીવન ધોરણ નીચું હતું.) તે જમાનામાં લોકો જેવો પોશાક પહેરતા તે મુજબ તેઓ અલય્હેમુસ્સલામનો પોશાક તેમના જમાનાને

અનુરૂપ જ હતો. પરંતુ અમારો જમાનો પ્રગતિ અને ખુશહાલીનો છે. જો અમે જુના જમાના મુજબનો (જુનો અને થીગડાં લગાવેલો) પોશાક પહેરીએ તો અમારી માનહાની થશે.

**(સલાત વસાઈલ, અબ્વાબે મલાબુસ પહેરવેશને લગતું પ્રકરણ નં ૨૨)**

બીજી રિવાયતમાં છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે પ્રશ્ન કરનારને જવાબમાં ફરમાવ્યું : "મારી પાસે આવ" પછી આપે પોતાનો ઉપરના ભાગનું વસ્ત્ર ખોલ્યું ત્યારે પ્રશ્ન કરનારે જોયું કે ઇમામ અલય્હિસ્સલામના શરીર સાથે લાગેલા (નીચેના વસ્ત્રો) જુના, પુરાણા અને ફાટેલા હતા. ઇમામે ફરમાવ્યું કે આ પોશાક મેં ખુદા પ્રત્યે ખાકસારી (નમ્રતા) માટે પહેર્યો છે અને તેની ઉપર કિંમતી પોશાક તમારા માટે અને તમારી જેવા બીજા લોકોને દેખાડવા માટે પહેર્યો છે."

**(વસાઈલ, બાબુલ મલાબીસ, પહેરવેશને લગતું પ્રકરણ ૮, ભાગ 3)**

* * * * *

# એ ફુઝુલખર્ચ જે હંમેશા માટે હરામ છે.

એ વાત જાણી લેવી ખૂબ જ જરૂરી છે કે ત્રણ પ્રકાણના ઇસ્રાફ હંમેશા અને દરેક સંજોગોમાં હરામ છે. અને તેમનો સંબંધ કોઈ વિશેષ સ્થળ કે યુગ માટે નથી.

**પહેલું :** માલને વેડફવો અને અયોગ્ય સ્થાને ખર્ચ કરવો. ભલે તેનું પ્રમાણ થોડું હોય. જેમકે ખજૂરનો ઠળિયો ઉપયોગમાં આવી શકે તેમ હોવા છતાં તેને દૂર ફેંકી દેવો. અથવા એવી જગ્યાએ વધારાનું પાણી ફેંકી દેવું જયાં એટલું પાણી બીજા કોઈને ઉપયોગમાં આવી શકે તેમ હોય અથવા પાણી ઓછુ હોય. આ ઉપરાંત આગળ ઉલ્લેખ થઈ ગયો છે તે મુજબ પોતાને કે બીજા કોઈને ઉપયોગમાં આવી શકે તેવાં કપડાં ફાડી નાખવા અથવા દૂર ફેંકી દેવા. એટલે સુધી કે તે નાશ પામે. અથવા તો દિવસે સૂરજનો પ્રકાશ હોવા છતાં લાઈટ ચાલુ કરવી, કોઈ બેપરવાહ માણસ કે કોઈ એવા બાળકનાં હાથમાં કોઈ વસ્તુ આપવી જે તે વસ્તુના મહત્વને સમજતો ન હોય જેને કારણે તે વસ્તુ નાશ પામે અને તે પ્રકારના બીજા કામો પણ ઇસ્રાફ ગણાશે.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામે અડધા ખાધેલા ફળ જોયા (અડધા ખાધેલા ફળનો અર્થ એ છે કે ફળને સંપૂર્ણ રીતે ન ખાવા. જેમકે દાડમના બધા જ દાણા ન ખાવા. અથવા તો તરબૂચની છાલ ઉપર તેનો અમુક ભાગ ખાધા વગરનો એમ જ છોડી દેવો.) જે ઘરની બહાર ફેંકી દેવાયા હતા. ઇમામ અલય્હિસ્સલામ એ જોઈને ગુસ્સે થઈ ગયા અને ફરમાવ્યું : "આ તમે લોકોએ એવું કામ કર્યુ તમારા પેટ ભરાઈ ગયા છતાં (તમે એ વાત જાણો છો કે) હજી ઘણાં એવા લોકો છે, જેઓ તૃપ્ત થયા નથી. તેથી તે લોકો મોહતાજ છે, તેમને આપો."

**(મુસ્તદરકુ કિતાબલ ઇત્તહ વલ ઇશરબહ પ્રકરણ ૬૧ પાના નં ૯૪)**

અને વધેલો ખોરાક દૂર ફેંકી દેવા વિશે, ખાસ કરીને ખાધેલી રોટલી (રણમાં જાનવરો માટે રાખવામાં આવે છે તે સિવાય) વિશે ડરાવનારી રિવાયતો વારિદ થઈ છે. જેનો ઉલ્લેખ કરતા અધિક લંબાણ થઈ જશે.

રિવાયતમાં છે કે પયગમ્બર જનાબે દાનિયાલ અલય્હિસ્સલામના જમાનામાં લોકો રોટલીની બેહુરમતી કરતા અને રોટલીને રસ્તા ઉપર ફેંકી દેતા હતા. તેથી હઝરત દાનિયાલ અલય્હિસ્સલામની બદદુઆના કારણે લોકો સખ્ત દુકાળમાં ફસાઈ ગયા. એટલું જ નહીં, પણ એક બીજાના માંસને ખાવા માટે મજબૂર થઈ ગયા.

કિતાબે વસાઈલમાં રિવાયત છે કે "હઝરત ઇમામ મોહમ્મદ બાકિર અલય્હિસ્સલામ કુદરતી હાજતે જવા માટે બયતુલ ખલા (સંડાસ)માં ગયા. આપે જોયું કે ત્યાં રોટલીનો એક ટુકડો પડેલ હતો. આપે તે

રોટલીનો ટુકડો ઉપાડીને ગુલામને આપ્યો અને તેને સંભાળીને રાખવા કહ્યું. આપે બહાર આવીને તે રોટલીનો ટુકડો પાછો માગ્યો ત્યારે ગુલામે કહ્યું કે તે રોટલીનો ટુકડો હું સાફ કરીને ખાઈ ગયો છું. ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું કે હું તને રાહે ખુદામાં આઝાદ (મુકત) કરૂં છું." જયારે ઇમામ અલય્હિસ્સલામને પૂછવામાં આવ્યું કે શું તે ગુલામે કોઈ એવું ખાસ કામ કર્યુ હતું કે તે આઝાદ થઈ જવાને પાત્ર બની જાય ? ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું કે "હા, કારણ કે તેણે રોટલી જેવી મહાન નેઅમતનો એહતેરામ કર્યો હતો અને રોટલીને સાફ કરીને ખાધી હતી. તેથી તેની ઉપર બેહિશ્ત વાજીબ થઈ ગઈ. મને એ વાત પસંદ નથી કે જે માણસને ખુદાએ બેહિશ્તી (જન્નતમાં જવાને પાત્ર) ગણ્યો હોય તે મારો ગુલામ હોય."

આવી જ બીજી એક રિવાયત સૈયદુશ્શોહદા હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામથી નોંધવામાં આવી છે. આ પ્રકારની રિવાયત કિંમતી વસ્ત્રો પહેરવા વિશેની છે જેમાં હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે "એ કિંમતી પોશાક જે આબરૂ, ઇઝઝત અને મોભાનું પ્રતિક હોય તે પોશાકને એવી ગંદી જગ્યાઓએ ન પહેરવો જોઈએ જયાં તે ખરાબ થઈ જાય."

* * * * *

# નુકસાનકારક વસ્તુઓ ખાવી પણ ઇસ્રાફ છે.

**બીજું :** ચીજ વસ્તુઓને ખાવા પીવા ઉપરાંત એવી વસ્તુઓ માટે ખર્ચ કરવો જે શરીર માટે હાનિકર્તા હોય તે પણ ઇસ્રાફ છે. જેમકે પેટ ભરેલું હોવા છતાં ખાવું એ રીતે ખાવું નુકસાનકારક હોય તો ઇસ્રાફ છે. એવી વસ્તુઓ માટે માલ ખર્ચવો શરીર માટે ફાયદાકારક હોય તો ઇસ્રાફ નથી.

કાફીમાં રિવાયત છે કે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના સહાબીઓ પૈકીના એક અસ્હાબે ઇમામ અલય્હિસ્સલામને પૂછયું : "મકકાના માર્ગમાં એક જગ્યા આવે છે, જયાં અમે એહરામ બાંધવા અને નૂરો લગાવવા ઇચ્છીએ છીએ, પણ અમારી પાસે લોટનો 'છાણ' નથી હોતો કે તેને અમે શરીર ઉપર લગાવી શકીએ. તેના બદલે અમે લોટથી અમારા શરીરને સાફ કરી નાખીએ છીએ. આ કામથી મને એટલું બધું દુ:ખ થાય છે કે જે મારો ખુદા જલ્લ જલાલહુ બહેતર જાણે છે." ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "શું તમે ઇસ્રાફ થઈ જવાના ડરથી દુ:ખી થાવ છો ?" તેમણે કહ્યું : "જી હા" ઇમામે ફરમાવ્યું : "જે વસ્તુ શરીર માટે જરૂરી હોય તેમાં ઇસ્રાફ નથી થતો. અમે અવાર નવાર ચાળેલા લોટને જેતુનના તેલમાં મેળવીને તેનું મિશ્રણ બનાવીએ છીએ અને શરીર પર લગાવીએ છીએ. મેં કહ્યું : 'ઇકતાર'જે ઇસ્રાફની વિરોધી બાબત છે તે શું છે ? ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "રોટલી, ગોશ્ત, દુધ, સુરકો, (અર્ક) ઘી અને તે પૈકી જે કાંઈ ખાવાની ઇચ્છા થાય તે ખાવ. પરંતુ આ બધી વસ્તુઓ એકી સાથે ન ખાવ. (ક્રમાનુસાર કયારેક એક વસ્તુ તો કયારેક બીજી વસ્તુ, એ રીતે ખાવી જોઈએ.)

* * * * *

# હરામ કામમાં માલ વાપરવો પણ ઇસ્રાફ છે.

**ત્રીજું :** માલ એવા કામમાં વાપરવો જે શરઈ રીતે હરામ હોય, દાખલા તરીકે શરાબ પીવો અને જુગારનો સામાન ખરીદવો, વ્યભિચાર, નિરર્થક કામો અને ગાનારને મહેનતાણું આપવું. સત્તાધિશોને લાંચ રિશ્વત આપવી અથવા ઝુલ્મ કરીને કોઈની ચીઝ વસ્તુઓ લઈ લેવા માટે માલ ખર્ચ કરવો અથવા કોઈ મુસલમાન ઉપર સિતમ કરવો અને તેવા જ પ્રકારના બીજા કામોમાં માલ ખર્ચ કરવો ઇસ્રાફ છે. આવા કામોમાં ભાગ લેવો એ ખુદાના હુકમની બે રીતે નાફરમાની (વિરોધ) અને ગુનાહ છે. ખરાબ અમલ કરવાનો ગુનાહ અને બીજું માલમાં ઇસ્રાફ કરવાનો ગુનો.

તફસીરે અય્યાશીમાં અબ્દુલ રહેમાન બિન હજ્જાજથી રિવાયત કરવામાં આવી છે કે, તેઓએ ઇમામ અલય્હિસ્સલામને આ આયત 'વલા તબઝર તબઝીરા' (૧૭:૨૬) નો અર્થ પૂછયો ત્યારે ઇમામ અલય્હિસ્સલામે ફરમાવ્યું : "જો કોઈ હુકમે ખુદા સિવાય બીજા કોઈ વસ્તુ માટે ખર્ચ કરશે તો તે મુબઝિઝર (ફુઝુલ ખર્ચ કરનારો) છે અને જો કોઈ રાહે ખુદામાં ખર્ચ કરે તો તે વચલો માર્ગ ધારણ કરનાર છે.'

* * * * *

# શું નેકીમાં ઇસ્રાફ હોઈ શકે ?

કેટલીક આયતો અને રિવાયતો જે ઇસ્રાફની પ્રશંસામાં વારીદ થઈ છે તેમનો સારાંશ એ છે કે, રાહે ખુદામાં ખર્ચ કરવો એ હર હાલતમાં જાએઝ છે અને તેમાં ઇસ્રાફ નથી. ભલે તે રાહે ખુદામાં ખર્ચ કરનાર પોતે તે વસ્તુ માટે સખ્ત મોહતાજ હોય અને તે પોતે પોતાનો બધો જ માલ રાહે ખુદામાં આપી દે તો પણ તે ઇસ્રાફ ગણાશે નહીં. પરંતુ તે પસંદ કરવા જેવું અને મુસ્તહબ કાર્ય ગણાશે જે કુરઆને મજીદની આ આયતથી પણ જાણવા મળે છે.

'બીજાના માટે પોતાના નફસ ઉપર ઈસાર કરે છે, (એટલે કે અન્સાર અને મોહાફીઝ અને મોહાજેરીનને પોતાના માલ અને ઘરો ઉપર પ્રાથમિકતા આપે છે અને તેઓ માટે ખર્ચ કરે છે.) બેશક, તે માલના તેઓ પોતે મોહતાજ છે. આથી જે કોઈ પોતાના નફસને કંજુસાઈ કરવાથી રોકે તો એવો જ સમૂહ નજાત પ્રાપ્ત કરશે. અને તે હિજરતીઓને જે કાંઈ આપવામાં આવે તે માટે પોતાના મનમાં જરાએ ઇચ્છા રાખતા નથી, અને પછી ભલેને તેમને પોતાને જરૂર (આવી પડી) હોય, છતાં તેમને પોતાના પર વિશેષ્ઠતા આપે છે. અને જે લોકો પોતાની સ્વભાવિક કંજુસાઈથી બચ્યા તો તેઓ જ સંપૂર્ણ ભલાઈ મેળવનારા છે.

**(સૂરએ હશ્ર ૫૯, આયત નં ૯)**

"ઇસાર" નો અર્થ એ છે કે કોઈ પોતાની હાલત મુજબ કોઈ વસ્તુ માટે મોહતાજ હોય પરંતુ જયારે તે વસ્તુ બીજા કોઈને મોહતાજ જુએ ત્યારે તે વસ્તુ પોતે ઉપયોગમાં લેવાને બદલે તેને આપી દે. આ વિશે સૂરએ હલઅતા (દહર) માં ખુદાવંદે તઆલા ફરમાવે છે કે

"અને નિરાધાર તથા અનાથ કૈદીની (પોતાની) ખ્વાહિશ છતાં (ખુદાની રાહમાં) ખાવાનું ખવડાવે છે."

**(સૂરએ દહર ૭૬, આ. ૮)**

તફસીરકારો એ વાત ઉપર એકમત છે કે 'ઉપરની આયત હઝરત અલી અલય્હિસ્સલામ, જનાબે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હા, હઝરત ઇમામ હસન અલય્હિસ્સલામ, હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામ અને તેમની ખાદેમા જનાબે ફીઝઝાની શાનમાં નાઝીલ થએલ છે. આ બધી મહાન હસ્તીઓએ ત્રણ દિવસ સુધી રોઝા રાખ્યા અને પાણીથી ઇફતારી કરી. તેમજ પોતાના ભાગની રોટલીઓ રાહે ખુદામાં આપી દીધી.

એક માણસે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને પૂછયું :

'કયો સદકો અફઝલ છે ?' ઇમામ અલયહિસ્સલામે જવાબ આપ્યો 'પોતાના હાથ ખાલી હોવા (એટલે કે પોતે નિર્ધન હોવા) છતાં મહેનત અને મજદુરી કરીને રાહે ખુદામાં આપે. શું આ આયત નથી સાંભળી ?' (કાફી ભાગ ૪, પાના નં ૧૮ ઇસારનું પ્રકરણ) આમ કહીને ઇમામ અલયહિસ્સલામે સૂરએ દહરની આઠમી આયતની તિલાવત ફરમાવી.

તફસીરે મિન્હાજુસ્સાદેકીનમાં આસીમ બિન કુલૈબ જેઓ એહલેસુન્નતના રાવીઓમાંથી છે તેમના હવાલાથી નોંધવામાં આવ્યું છે કે એક ફકીરે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને ફરિયાદ કરી, તેથી આપે કોઈને પોતાના ઓરડામાં તે ફકીર માટે ખાણું લેવા મોકલ્યા. ઘરેથી જાણવા મળ્યું કે ઘરમાં કોઈ ખાણું નથી. આપે અસ્હાબોને ફરમાવ્યું કે આપનામાંથી કોઈ ફકીરને ખાણું ખવડાવી તેને ખૂશ કરી શકશે ? ત્યારે હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામે અર્ઝ કરી કે આ ફકીર આજે રાત્રે મારો મહેમાન થશે. પછી તેઓ તે ફકીરને પોતાને ઘરે લઈ ગયા અને જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાને સમગ્ર વાતથી વાકેક કર્યા. જનાબે ફાતેમા સલામુલ્લાહે અલય્હાએ ફરમાવ્યું : અય અલી અલયહિસ્સલામ, ઘરમાં ફકત એક વ્યક્તિ જમી શકે તેટલું ખાણું છે અને તે ખાણું મેં મારી દિકરી જનાબે ઝયનબ સલામુલ્લાહે અલય્હા માટે રાખ્યું છે. પરંતુ હવે આપને (જે કરવું હોય તેનો) અધિકાર છે. ત્યારે ઇમામ અલયહિસ્સલામે ફરમાવ્યું : બાળકોને સુવડાવીને દીવો બુજાવી દો, એ યોગ્ય છે. (દિવો બુજાવી દેવો એ માટે જરૂરી છે કારણ કે આટલું ઓછું ખાણું મહેમાનની સામે મુકવાથી તેમનું અપમાન થયું ગણાશે.) જનાબે ફાતેમા ઝહેરા સલામુલ્લાહે અલય્હાએ એ પ્રમાણે કર્યું અને તે ખાણું ફકીર સમક્ષ રાખવામાં આવ્યું. તેણે ખાવાનું શરૂ કર્યું અને હજુ થોડુ જ ખાણું ખાધું હતું ત્યાં તેણે કહ્યું કે બસ મારૂ પેટ ભરાઈ ગયું છે અને ખુદા જલ્લ જલાલહુએ આપના ખાણામાં બરકત આપી છે. તેમ કહીને ખૂશ થઈને ત્યાંથી ચાલ્યો ગયો.

એક રિવાયત પ્રમાણે તે વધેલા ખાણામાંથી હઝરત અમીરૂલ મોઅમેનીન અલયહિસ્સલામ, જનાબે ફાતેમા સલામુલ્લાહ અલય્હા, હઝરત ઇમામ હસન અલયહિસ્સલામ, હઝરત ઇમામ હુસૈન અલયહિસ્સલામ, અને જનાબે ઝયનબ સલામુલ્લાહે અલય્હા અને જનાબે ફીઝઝા સાથીદારો અને પાડોશીઓએ પેટ ભરીને ખાધું. અને બીજા દિવસે આ આખા પ્રસંગની જાણકારી હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને આપવામાં આવી ત્યારે ખુદાવંદે આલમ જલ્લ જલાલહુએ ઉપરોકત આયતને નાઝિલ ફરમાવી હતી.

કિતાબે કાફીમાં રિવાયત છે કે "સમાઅએ હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામને પૂછયું કે જો કોઈની પાસે એક દિવસથી વધારે ચાલે તેટલો ખોરાક હોય તો શું તેને માટે એ જરૂરી છે કે તે એવા માણસને કે જેની પાસે એક દિવસનો પણ ખોરાક ન હોય તેને કાંઈ આપે ? અને જે કોઈ પાસે એક મહિનો ચાલે તેટલો ખોરાક હોય તો શું તેણે એવા માણસને કાંઈ આપવું જોઈએ જેની પાસે એક મહિનો પણ ચાલે તેટલો ખોરાક ન હોય ? આવી જ રીતે એક વર્ષનો દાખલો અથવા તો તમામ દાખલાઓમાં ફકત એટલો જ ખોરાક હોય જે તેના પોતાના માટે પુરતો હોય અને તેમાંથી કાંઈ ન આપે તો તેની ટીકા કરી શકાય કે નહીં." હઝરત ઇમામ જઅફરે સાદિક અલયહિસ્સલામમે ફરમાવ્યું કે "અહીં બે વાતોમાંથી એક એ છે કે, તમારામાંથી અફઝલ એ છે કે જે નેકી કરી અને બીજાને પોતાની કરતા અગ્રતા આપતો રહે કારણ કે ખુદાવંદે આલમ ફરમાવે છે કે **વ યુસરૂન અલાઅનફોસેહિમ** એટલે કે અને તેઓ જે બીજાને પોતાના નફસ ઉપર અગ્રતા આપે છે."

**(૬૯:૯૯)**

અને બીજી વાત એ છે કે બીજા કોઈ પાસે પુરતા પ્રમાણમાં ખોરાક હોય તો તેની ટીકા કરી શકાતી નથી અને દેનારના હાથ (દરજ્જા) લેનારના હાથ કરતા ઉંચા છે. જેના જીવન નિર્વાહની તમારી ઉપર જવાબદારી છે, તેના માટે ખર્ચ કરવાનો (જીવીકા આપવાનો) પ્રારંભ કરો.

હઝરત અલી અલય્હિસ્સલામની રિવાયત છે કે "પોતાની ઉપર બીજાને અગ્રતા આપવી (પોતાને જરૂર હોવા છતાં તે વસ્તુ બીજાને આપવી) તે ઈમાનના સૌથી ઉંચા દરજ્જામાંથી છે."

હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ ફરમાવે છે કે "ઇસ્રાફમાં ખૈર (ભલાઈ) નથી, અને ખૈર તથા રાહે ખુદામાં ખર્ચ કરવામાં ઇસ્રાફ નથી."

**(સફીનતુલ બેહાર, ભાગ પહેલો, પાના નં ૬૧૬)**

* * * * *

# દરેક કામમાં મધ્યમ માર્ગ લેવો જોઈએ.

ઉપરની આયતો અને રિવાયતોની સામે એવી આયતો અને રિવાયતો પણ મળી આવે જેમાં કીફાયત શઆરી (કરકસર કરવા) અને મધ્યમ માર્ગ ધારણ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. જેમકે કુરઆને મજીદની નીચે મુજબની આયત : "અને તું તારા હાથ ગરદન સાથે બાંધેલા ન રાખ, તેમજ એકદમ હાથ લંબાવ પણ નહીં કે જેથી ઠપકાને પાત્ર ઓશીયાળો બની જાય." **(સૂરએ બની ઇસરાઈલ ૧૭, આયત નં ૨૯)**

સૂરએ ફુરકાનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે "ખુદાના બંદાઓ જયારે ખર્ચ કરે છે ત્યારે તેઓ ફુઝુલ ખર્ચ કરતા નથી, અને ન તો કંજુસાઈ કરે છે બલ્કે તેમનો ખર્ચ મધ્યમસ્તરનો હોય છે."

**(સૂરએ ફુરકાન આ. ૬૭)**

ઇબ્ને અલી ઉમૈરથી રિવાયત છે કે "એક માણસે હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામને નીચેની આયતનો અર્થ પૂછયો "અને લાણીના દિવસે તેમાંથી હક આપો અને ઉડાવો નહીં."

**(૬:૧૪૧)**

ત્યારે આપે જવાબમાં ફરમાવ્યું કે અન્સારો પૈકીનો એક માણસ ખેતી કરતો હતો. જયારે તેને આવક થતી હતી ત્યારે તે પોતાની બધી જ આવક ગરીબોમાં વહેંચી દેતો હતો અને તેમના બાળ બચ્ચાઓ નિર્ધન રહી જતા હતા. ખુદાવંદે આલમે તેના આ વર્તનને ફુઝુલ ખર્ચ કહ્યો અને ફરમાવ્યું કે : ખેતીવાડીને આવક વિશેના જે હક ખુદાએ નિશ્ચિત કર્યા છે તે અદા કરો, પરંતુ ઇસ્રાફ ન કરો. કારણ કે ખુદા ઇસ્રાફને પસંદ કરતો નથી."

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામ ફરમાવે છે કે "જે માણસ પોતાનો બધો જ માલ (સંપત્તિ) સારા કાર્ય માટે ખર્ચી નાખે તે ઇસ્રાફ કરે છે." **(ફકીહ ભાગ ૨, પાના નં ૨૫)**

* * * * *

# બંને પ્રકારની આયતો અને રિવાયતોમાં સામ્ય

આ બંને પ્રકારની આયતો અને રિવાયતોમાં સમાનતા અને તેનાથી રોકવા વિશે અને તેમાં થતા વિરોધાભાસને દૂર કરવા માટે આલિમોએ તેના કેટલાક કારણોનું વર્ણન કર્યુ છે. શર્હે કાફીમાં તબરસીથી મનકુલ છે કે "એમ કહી શકાય કે "ઇસાર" ની બાબત સારી હોવાની એ દલીલો એ જમાના માટે છે કે જે જમાનામાં સામાન્ય લોકો ગરીબાઈમાં જીવન વ્યતીત કરતા હતા. જેમકે ઇસ્લામના પ્રારંભનો જમાનો એવો હતો. મધ્યમ માર્ગ અપનાવવા વિશેની દલીલનો સંબંધ પ્રગતિ અને ખુશહાલીના જમાના સાથે છે. અથવા તો મદદ

માગનારના સંજોગોને લક્ષમાં લેવાતા રહે છે, જેમકે અમુક મદદ માગનાર પોતાની કેફીયત અને હાલતને લીધે ઇસાર માટે મુસ્તહક થતા હોય છે. અને કેટલાક એવા હોય છે જેમની સાથે મધ્યમ માર્ગથી કામ લેવામાં આવે છે. તેવી જ રીતે જીવન નિર્વાહ માટે ખર્ચ કરનારાઓ માટે પણ જુદા જુદા હુકમ હોય છે. એટલે કે જે લોકો યકીન અને સંપૂર્ણ ઈમાન ધરાવતા હોય છે અને જેમના નફસ "નફસે મુત્મઈન" (સંપૂર્ણ આત્મ શ્રધ્ધા ધરાવતું નફસ) હોય તેવા લોકોએ ઇસાર કરવો યોગ્ય છે. પરંતુ જેઓ મુત્મઈન નથી અને શક્ય હોય કે તેવા લોકો ઇસાર કર્યા પછી પરેશાન થઈ મુશ્કેલીમાં મુકાઈ જાય છે તો તેવા લોકોએ વચલો માર્ગ ધારણ કરવો જોઈએ. આથી સિદ્દીકીન સિવાયના સામાન્ય લોકોની પરિસ્થિતિ એવી જ હોય છે કે તેમણે મધ્યમ માર્ગ ધારણ કરવો જોઈએ. તેથી આયત......

**"લા તજઅલ યદક...." (૧૭:૨૯)**

માં જો કે પયગમ્બર સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમને સંબોધન કરવામાં આવ્યું છે, પરંતુ તેનો હેતુ મોઅમિનોને તાલિમ આપવાનો પણ છે. શહીદે અવ્વલથી નોંધવામાં આવ્યું છે કે ઇસારની દલીલોનો સંબંધ (તે વ્યક્તિની) પોતાની ઝાત સાથે છે. એટલે કે એક માણસને પોતાને જે વસ્તુની જરૂરત હોય તે વસ્તુ બીજા કોઈ મુસ્તહકને આપી દે. મધમ માર્ગની દલીલો એવા માણસ માટે છે, જે બાલ બચ્ચાવાળો હોય, તેણે પોતાના કુટુંબીજનો ઉપર બીજા કોઈને અગ્રતા આપવી ન જોઈએ. એટલે કે જે વસ્તુ પોતાના બાલ બચ્ચા માટે જરૂરી હોય તે વસ્તુ બીજા કોઈ મુસ્તહકને આપવી ન જોઈએ. ખાસ કરીને પોતે ઇસાર કરવો યોગ્ય અને જાએઝ છે, પરંતુ બાલ બચ્ચાને તકલીફ પહોંચાડી (તેમના ભાગે) ઇસાર કરવો જાએઝ નથી. આપે એમ પણ ફરમાવ્યું કે કોઈ માણસે પોતાની તમામ માલ મિલ્કત સદકામાં આપી દેવી મકરૂહ કામ છે. સિવાય કે તે રીતે સદકો કર્યા પછી તેનો ખર્ચ ઉઠાવી શકવાનો તેને ખાત્રી (ઇત્મીનાન) હોય, અને પોતે બાલ બચ્ચાવાળો ન હોય."

**(દારૂલ ઇસ્લામ, નૂરી ભાગ ૨)**

મરહૂમ સૈયદ મોહમ્મદ કાઝીમ ઝૈદી ફરમાવે છે કે કુરઆને મજીદ, સુન્નતે રસૂલ સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ અને આલિમો એ વાત ઉપર એકમત છે કે, ઇસ્રાફ હરામ છે. તેના હરામ હોવા વિશે કોઈ એઅતરાઝ વારિદ થએલ નથી અને ઇસ્રાફનો અર્થ એવા કામમાં ખર્ચ કરવો જે ખર્ચ અકલમંદોની દ્રષ્ટિએ નકામો અને અર્થહીન હોય. ભલે તે માલનું પ્રમાણ વધારે હોય કે ઓછું કે પછી જરૂરત મુજબનું હોય. નેક કામોમાં ઇસ્રાફ હોઈ શકે કે નહીં ? આલિમોના એક સમુહના હવાલાથી નોંધવામાં આવ્યું છે, જેમાં અલ્લામા મુરતુઝા અનસારીનો પણ સમાવેશ થઈ જાય છે અને તેઓએ તેમની કિતાબ 'તઝકરહ" માં નોંધ્યું છે : નેક કામમાં પણ એટલો જ ખર્ચ કરવો જોઈએ જે અંદાઝની મર્યાદાથી વધારે ન હોય, નહીંતર તે ઇસ્રાફ થઈ જશે. મશહુર આલિમોના મતે તેમજ કિતાબે મસાલિકમાં મળતી નોંધ પ્રમાણે નીચેની હદીસ મુજબ નેક કામમાં ઇસ્રાફ નથી. "સારા કાર્યોમાં ઇસ્રાફ નથી જેમકે ઇસ્રાફમાં સારૂ કાર્ય નથી." પરંતુ આગળ ઉલ્લેખ થયેલ પ્રથમ વિધાન રિવાયતોમાં જાણવા મળે છે તે મુજબ એહતિયાતની વધારે નઝદીક છે. ત્યાર પછી મરહુમ સૈયદ મોહમ્મદ કાઝીમ યઝદી, ઇબ્ને અલી ઉમૈર અને સહીહે બઝનતીની રિવાયત અને બીજી અન્ય વાતો રિવાયતો નોંધીને ફરમાવે છે કે "આયત અને રિવાયતો જે ફુઝુલ ખર્ચીને રોકે છે તે "ઇસાર" ની આયતને મન્સુખ (રદ) કરી દે છે. તેથી કેટલાક લોકોની હાલત યોગ્ય (દરજ્જા અનુસાર) ન હોય તેવી ભેટ સોગાદો આપવાને યોગ્ય માનવું મુશ્કેલ છે. તેવી જ રીતે તેવી ભેટ સોગાદ આપવામાં કોઈ અકલ, હેતુ નથી હોતો. આ જ વાત બીજા ખર્ચને લાગુ પડે છે. ભલે પછી તે વસ્તુની પોતાને પણ જરૂર હોય અલબત્ત કેટલિક રિવાયતોમાં હજ અને ઉમરાહના ખર્ચને ઇસ્રાફ ગણવામાં આવેલ નથી.

ખુદાવંદે આલમની નઝરે એ ખર્ચથી વધારે પસંદ કરવા લાયક કોઈ ખર્ચ નથી જેમાં મધ્યમ માર્ગ ધારણ કરવામાં આવ્યો હોય અને (ખુદાવંદે કરીમ) હજ માટે જવાના ખર્ચ સિવાયના તમામ ફુઝુલ ખર્ચને પસંદ કરતો નથી.

**(ભાગ બીજો, ગાયતુલ ફુસવા, જુદા જુદા મસાએલ)**

* * * * *

# નેકીમાં ઇસ્રાફ નથી.

આ કિતાબના સંપાદકના મતે જે કૌલ વધારે મશહૂર છે તે જ વધારે માનવા લાયક છે અને નેક કામોમાં કોઈ ફુઝુલખર્ચી થતી નથી. એટલે કે કોઈ માણસ પોતાના નફસ માટે નહીં પણ માત્ર ખુદાની ખૂશી માટે (ખુલૂસે નિય્યતથી) એવા નેક કામમાં ખર્ચ કરે, જે કામમાં ખર્ચ કરવાથી ખુદા ખૂશ થાય તો તે નેક કામમાં ગમે તે આપી દે તો તે ફુઝુલખર્ચી નથી. ભલે પછી તે નેક કામ માટે પોતાની તમામ સંપત્તિ આપી દે. જે આયતો એન રિવાયતોમાં ફુઝુલખર્ચી હરામ ગણાવવામાં આવેલ છે અને મધ્યમ માર્ગ ખર્ચ કરવાને જરૂરી ગણાવવામાં આવ્યું છે, તે આ વાત સાથે ટકરાતી નથી.

જો કે આ દલીલોનો વિગતવાર જવાબ આપવાથી પ્રકરણનું અધિક લંબાણ થઈ જશે અને આ પુસ્તકનો હેતુ વિષયની લંબાણપૂર્વક ચર્ચા કરવાનો નથી. એટલું જ નહીં, આ કિતાબને ઇસ્તદલાલી (પ્રમાણભૂત) કિતાબ તરીકે પ્રસ્તુત કરવાનો હેતુ પણ નથી. પરંતુ આ વિષયની વિગતથી તમામ વર્ગના લોકો ફાયદો ઉઠાવી શકે તેમ સંક્ષિપ્તમાં આ વાતને રજૂ કરીએ છીએ કે "વલા તજઅલ યદક" (૧૭:૨૯) ની આયત "લફઝે મહસુરા" ના હિસાબે નરમ મુમાનેઅત એટલે કે હળવી મનાઈ છે તે હરામ હોવાનો ઉલ્લેખ નથી કે ન તો પારિભાષિક અર્થમાં તે મકરૂહ છે. અને આ આયત "વલ્લઝીન એઝા અનફેકૂ લમ યસ્રેફુ વ લમ યકતરૂ" (૨૫:૬૭) નો એવો અર્થ હોવાની શકયતા છે તેનો અર્થ રોજીંદા જીવન વ્યવહારનો ખર્ચ હોય અને ખુદાએ તઆલાની રાહમાં થતાં ખર્ચના અર્થમાં ન હોય અને માની લો કે કદાચ તે ખર્ચમાં પણ હોય તો તેનો અર્થ એવો હોય કે જે લોકો ઇન્ફાક (જીવન નિર્વાહનો ખર્ચ) કરવામાં કંજુસાઈ નથી કરતા અને હદથી વધુ પણ ખર્ચ નથી કરતા, તેઓ રહમાન (દયા કરનાર) ના બંદા છે. એટલે કે તેઓ નેક અને ખુદા જલ્લ જલાલહુના હુકમોનું પાલન કરનારા બંદા હોવા માટે એટલું જ પુરતું છે. આ આયત "વઆતુ હકકહુ યવ્મ હસાદેહી વલા તુસ્રેફુ." (૬:૧૪૧) શક્ય છે કે આ આયતના વાક્યો અને વલા તુસ્રફુ ઇન્નલ્લાહ લા યોહીબ્બુલ મુસ્રેફીન.(૬ : ૧૪૨) એ એક સંપૂર્ણ વાકય હોય અને આ તફસીરના અનુસંધાનમાં જે રિવાયત પ્રસ્તુત કરવામાં આવે છે તે દર્શાવે છે કે આ વાક્ય તેની પહેલાના વાક્ય સાથે સંબંધિત છે. આનો અર્થ એ છે કે, ખેતીમાં અનાજ પાકી ગયા પછી પોતાના બાલ બચ્ચા માટે કાંઈ પણ રાખ્યા વગર બધુ જ રાહે ખુદામાં આપી દેવું અને બાળકોને વંચિત રાખવા એ ઇસ્રાફ હોવામાં શક નથી. કારણ કે ઇસાર કરવું જાએઝ અને કુટુંબીજનો (બાલ બચ્ચાનું) ભરણ પોષણ કરવું વાજીબ છે. તેથી જો કોઈ માણસ ઘરના એ સભ્યો કે જેનું ભરણ પોષણ કરવું વાજીબ છે. તેના માટે કંઈ ન રાખે અને જે કાંઈ તેની પાસે હોય તે બધું જ આપી દે તો તેણે ગુનાહ ક્ર્યા ગણાશે. અને ખુદાની મરજી વિરૂધ્ધનું વર્તન ક્ર્યું ગણાશે. અલબત્ત જો તેને બીજા માધ્યમોથી તેના કુટુંબીજનોના જીવન નિર્વાહની વ્યવસ્થા કરી શક્વાનો વિશ્ર્વાસ હોય, અથવા તો તેના કુટુંબીજનો તેમની સ્વેચ્છાએ જ તેમનો હક ન લે તો પછી તેણે ઇસાર કરવો, અને પોતાની પાસે જે કંઈ હોય તે સમગ્ર ખુદા જલ્લ જલાલહુની રાહમાં આપી દેવું યોગ્ય છે. અઇમ્મએ તાહેરીન અલય્હેમુસ્સલામના અમલને આ વાતના સમર્થનમાં રજુ કરી શકાય છે જેમાં હઝરત અમીરૂલ

મોઅમેનીન અલય્હિસ્સલામ વારંવાર ઇસાર કરતા હતા અને તેઓ પાસે જે કંઈ રહેતું તે બધુ જ આપી દેતા હતા. આપે પોતાનો બગીચો બાર હજાર દીરહમમાં વેચ્યો હતો જેની પૂરે પૂરી રકમ ગરીબોમાં વહેંચી દીધી હતી અને આપના ઘરના સભ્યો માટે કાંઈ રાખ્યું ન હતું. પરંતુ આપ અને બીજા બુઝુર્ગ પોતાના ઘરના સભ્યોને ક્યારેય વંચિત કરતા ન હતા. તેઓ જયારે પણ ઇસાર કરતા હતા ત્યારે તેમને એ વાતનું યકીન રહેતું કે બીજા માધ્યમથી તેમના ઘરનું ગુજરાન ચાલી શકશે. આ આયતના અનુસંધાનમાં જે વાત રજુ કરવામાં આવે છે, તેનું ઉદાહરણ આ રિવાયતમાં પણ છે કે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ એવા માણસની મઝીમ્મત કરે છે જે મરતી વખતે પોતાનો બધો જ માલ અને દૌલત ખર્ચ કરીને મર્યો હતો અને પોતાના નાના બાળકોને મુશ્કેલી અને નિરાધાર હાલતમાં મૂકતો ગયો હતો. પોતાની બધી માલ મિલ્કત વાપરી નાખવી કે આપી દેવી એ ખરાબ વાત નથી. પણ ઉપરોકત રિવાયતમાં એક ખાસ કારણ હતું કે મરનારના બાળકો નાના હતા. તેથી જેને નાના બાળકો હોય અને જે માણસ જાણતો હોય કે પોતાના મર્યા પછી તે બાળકો નિરાધારની હાલતમાં મૂકાઈ જશે, તો તેણે પોતાના બાળકો માટે માલ દૌલત મૂકી જવું એ "ફી સબીલીલ્લાહ' કામ છે.

આથી જ પોતાના માલ મિલ્કતના એક તૃતિયાંશ (૧/3) ભાગથી વધારે માટે વસીયત કરવાની મનાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં શરીઅતમાં પણ એવો હુકમ છે, જેની પાસે વધુ માલ ન હોય અને વારસદારોની હાલત નબળી અને કંગાળ હોય તેને ૧/૩ ભાગથી પણ ઓછા માટે વસીયત કરવી જોઈએ.

**(વધુ ભાગ વારસદારો માટે મુકવો જોઈએ.)**

આ રિવાયતોનો સારાંશ એ છે કે આ રિવાયતો અગત્યના સંજોગોમાં ખર્ચ કરવા વિશેની છે. ઇન્ફાક (ખર્ચ કરવાની સંપૂર્ણ મનાઈ ફરમાવવામાં નથી આવી. આ આયતના અર્થઘટન વિશે જે કાંઈ બયાન કરવામાં આવ્યું છે તેમાં ઇબ્ને અબી ઉમૈરની રિવાયતનો જવાબ સ્પષ્ટ થઈ જાય છે. પરંતુ સહીહએ બઝન્તીનો (સહીહએ બઝન્તી, હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામના જમાનાના એક આલિમા હતા.) જવાબ કદાચ એ છે કે "ઇમામ જે પ્રસંગોએ ખર્ચ કરવાની મનાઈ કરે છે, તે પ્રસંગોએ તેની હદથી વધારે ખર્ચ કરવાનો હક નથી રહેતો." કિતાબ મન લા યહઝરૂલ ફકીહની રિવાયત મુજબ શક્ય છે, કે આ વાતમાં એવા લોકો તરફ ઇશારો હોય જેઓ મુસ્તહબ કામોમાં ખર્ચ કરે છે જયારે કે તે ખર્ચ ન કરવો વાજીબ હોય. મસ્અદહની રિવાયતનો જવાબ એ છે, કે ઇમામ અલય્હિસ્સલામ સૂફીઓના એ એતરાઝના જવાબમાં ઇસાર વાજીબ ન હોવા વિશે આ વાક્યો કહ્યા (હોય) જે તેઓએ આપ ઉપર ઇસાર વાજીબ હોવા વિશે કહ્યા હતા અને દુનિયામાં ઘરના સભ્યો (કુટુંબીજનો) અને સગાવહાલાને આપવું એ "ફી સબીલીલ્લાહ" (અલ્લાહની રાહમાં આપવા) માં શામિલ છે. આ વાક્ય જેનો ઉલ્લેખ ઉપરની રિવાયતોમાં થએલ છે તે બંને એ વાતની સાક્ષી આપે છે કે, જે આયતોમાં કરકસર કરવાનો (મધ્યમ માર્ગ અપનાવવાનો) હુકમ આપવામાં આવ્યો છે અને હદથી વધારે ખર્ચ કરવાની મનાઈ કરવામાં આવી છે તે બધી (શફકત) સહાનુભૂતી અને રહેમભરી મનાઈ છે. તેથી એવું કેમ કહી શકાય કે ઇસાર કરવું ખરાબ કામ છે ? જયારે કે હઝરત રસૂલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમનો પણ એ અમલ હતો અને બીજા અઇમ્મા અલય્હેમુસ્સલામ પણ ઇસાર ફરમાવતા હતા. એટલું જ નહીં એહલેબૈત અલય્હેમુસ્સલામના ઇસાર વિશે કુરઆને મજીદની આયતો નાઝિલ થઈ છે. જેમકે સૂરએ હલઅતા, આયતે ઇસાર અને આયતે નજવી વગેરે આ આયતો, પ્રસ્તુત વિષયને સમર્થન આપતી મોટી ગવાહી છે અને અઇમ્મએ માસુમીન અલય્હેમુસ્સલામના જીવનમાં તેઓએ ઇસાર કર્યો હોવાની ઘણી રિવાયતો મળી આવે છે. જેમકે ઇમામ હસન અલય્હિસ્સલામે તેમના જીવનમાં ત્રણ વખત તેમનો અડધો અડધો માલ ગરીબોમાં વહેંચી દીધો હતો અને હઝરત ઇમામ હુસૈન અલય્હિસ્સલામની અને અઇમ્મા અલય્હેમુસ્સલામની ખૈરાત પણ જગમશહૂર છે.

જેમકે હઝરત ઇમામ અલી રઝા અલય્હિસ્સલામે ખુરાસાનમાં અરફાના દિવસે તેમનો તમામ માલ ગરીબોમાં વહેંચી દીધો હતો. તે વખતે ફઝલ બિન સુહૈલે કહયું પણ હતું કે "આકા, આપે આ કેટલું મોટું નુકસાન ઉઠાવ્યું ?" આપે જવાબમાં ફરમાવ્યું કે "જે મારા હિસ્સામાં આવ્યું તે ગનીમત હતું." એક દિવસ નવરોઝના દિવસે મામુનની ઇચ્છા અનુસાર આપ તખ્ત ઉપર બેઠા હતા અને આપની પાસે ઘણો જ માલ અને ભેટ સોગાદ ભેગા થઈ ગયા હતા. આપે તે બધો જ માલ એહલેબૈત અલય્હેમુસ્સલામની પ્રશંસામાં શેર કહેનાર એક જ વ્યક્તિને આપી દીધો હતો.

હઝરત ઇમામ જઅફરે સાદિક અલય્હિસ્સલામથી રિવાયત છે કે જો હું આખી દુનિયાનો માલિક થઈ જાવ, અને તેનું સ્વરૂપ એક કોળિયા જેટલું નાનું થઈ જાય અને હું તેને એક મોઅમિનના મુખમાં મુકું તો પણ હું મારી જાતને ફુઝુલખર્ચ કરનાર નહીં સમજું.'

હઝરત ઇમામ હસન અસ્કરી અલય્હિસ્સલામથી રિવાયત છે કે 'જો આખી દુનિયા એક કોળિયા સમાન બની જાય અને હું એક એવા માણસને આપી દઉં જે ખુદાએ તઆલાની ખાલિસ ઇબાદત કરતો હોય, તો પણ હું એમ સમજીશ કે મેં તેનો હક (પૂરે પૂરો) અદા ન કર્યો અને જો કોઈ કાફિરને (મરતો હોય અને) તેના મરતી વખતે એક ઘુંટ પાણી સિવાય કંઈ ન આપું, તો પણ હું મારી જાતને ફુઝુલ ખર્ચ કરનાર સમજીશ.

**(તફસીર અલી ઇબ્ને ઇબ્રાહીમ કુમ્મી)**

ઉપરની બંને હદીસોનો સારાંશ એ નિકળે છે કે જો એક અકકલમંદ અને બાઇખ્લાસ (નિર્મળ અને શુધ્ધ ભાવનાવાળા) મોઅમિનને કોઈ આખી દુનિયા પણ ભેટરૂપે આપે તો તેમાં કોઈ ફુઝુલ ખર્ચી નહીં થાય. કારણ કે તે માણસ તે મેળવવાને લાયક છે, અને જો કાફિરને પાણીનું માત્ર એક ટીપું પણ આપવામાં આવે તો તેમાં ફુઝુલખર્ચીની આશંકા રહેશે કારણ કે તેની પર અહેસાન કરવો યોગ્ય નથી.

ઘણા બુઝુર્ગ આલિમોના ઇસાર અંગેના પ્રસંગો બયાન કરવામાં આવ્યા છે, અને તે પૈકી કેટલાકે તો દુનિયામાં પણ તેના ચિન્હો જોયા છે. જેમકે 'મુકદ્દસે અર્દબેલી' વિશે 'કિતાબે રોઝાતુલ જન્નાત' માં નોંધ્યું છે કે દુકાળ અને મોંઘવારીના જમાનામાં તેઓ પાસે જે કાંઈ હોય તો બધું તેઓ ગરીબોમાં વહેંચી દેતા હતા અને ગરીબોની જેમ જ જીવન વીતાવતા હતા. એક વખત જયારે તેઓએ પોતાની પાસે જે કંઈ હતું તે બધું વહેંચી દીધું ત્યારે તેમની પત્ની તેનાથી નારાજ થઈ ગઈ અને કહેવા લાગી કે "આ દુકાળના જમાનામાં તો તમે તમારી ઔલાદને ફકીર બનાવી દીધી." આ સાંભળીને તેઓ નારાજ થઈ ગયા અને મસ્જિદે કુફામાં એઅતેકાફ માટે જઈ બેઠા. બીજે દિવસે તેમના ઘરે એક માણસ ગયો જેણે ઉત્તમ પ્રકારના ઘઉં અને શ્રેષ્ઠ પ્રકારના લોટની ગૂણીઓ તેમના ઘરના લોકોને પહોંચાડી અને કહ્યું કે આ આકા અર્દબેલીએ મોકલી છે અને તેઓ મસ્જિદે કૂફામાં એઅતેકાફ માટે બેઠા છે. તેઓ જયારે પાછા ફર્યા ત્યારે તેઓની પત્નીએ કહ્યું કે આપે જે ઘઉં અને લોટ મોકલ્યો હતો તે ખૂબ જ સરસ હતું. જયારે આકાએ મુકદ્દસે અર્દબેલીએ આ વાત સાંભળી ત્યારે તેઓ સમજી ગયા કે (મારી ઉપર) આ ખુદાની ખાસ મહેરબાની હતી અને તેઓએ સજદએ શુક્ર કર્યો. અલ્લાહ જલ્લ જલાલહુની પ્રશંસા કરી. તેઓના જીવનમાં કેટલીય વખત એવું બન્યું હતું. આપના માથા ઉપર કિંમતી પાઘડી બાંધેલી રહેતી અને માર્ગમાં કોઈ ફકીર માગતો તો તેઓ પાઘડીમાંથી (કાપડ) ફાડીને આપી દેતા અને કયારેક એવું પણ બનતું કે તેઓ ઉઘાડે માથે પાછા ફરતા હતા. આમ સ્પષ્ટ રીતે ઇન્ફાક (ખર્ચ) કરવો એ ઇસ્રાફ નથી, પરંતુ એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે જયારે ઇન્ફાક કરવો વાજીબ ન હોય અથવા કોઈ ખાસ પ્રકારનો વ્યવહાર હોય અથવા જે કામ માટે ખર્ચ કરવામાં આવે તે સ્થાને એટલા વધુ પ્રમાણમાં ખર્ચ કરવો યોગ્ય ન હોય. આ વિષયની વધુ વિગતોનો આગળના પાનાઓમાં વિગતવાર ઉલ્લેખ થઈ ચૂક્યો છે.

* * * * *

# અકીદા અને અમલમાં ઇસ્રાફ

આ પ્રકરણમાં અત્યાર સુધી જે ચર્ચા કરવામાં આવી તે માલ (ના ખર્ચ) માં ઇસ્રાફ વિશેની હતી. જો કે ડીક્ષનરી (શબ્દકોષ) માં ઇસ્રાફનો અર્થ હદથી વધી જવું અને અતિરેક કરવો તેવો થાય છે. તેથી આ જ અર્થ એઅતેકાદના મામલામાં અને તમામ માનવીય વ્યવહારોમાં થઈ શકે. એઅતેકાદમાં ઇસ્રાફ એ છે કે, પોતાના અને બીજાઓની વિશે ખોટો અને અયોગ્ય એઅતેકાદ રાખે. જેમકે ફીરઔને ખુદા માનવા વિશેનો એઅતેકાદ રાખવો, કારણ કે ફીરઔને કહ્યું હતું કે હું મારી સિવાય તમારા કોઈ ખુદાને માનતો નથી.' અને અલ્લાહ તઆલાએ તેને હદ ઓળંગી જનાર કહ્યો હતો. જે વિશે ખુદાએ તઆલા ફરમાવે છે કે

'બેશક ફીરઔન તે દેશમાં પ્રબળ જ હતો. અને વળી નિસંશય તે (સખ્તાઈ કરવામાં) હદ બહાર જનારાઓ માંહેનો હતો.'

**(સૂરએ યૂનુસ ૧૦, આ. ૮૩)**

બેશક ફીરઔન અથવા તેની જેવાઓનું સમર્થન કરવું ન જોઈએ. અને જેઓ માનવાને લાયક હોય તેમને માનવા જોઈએ. જેમકે ખુદા પયગમ્બરોની નબુવ્વત, અઇમ્મા અલય્હેમુસ્સલામની ઇમામત અને કયામત વિગેરે ઉપર ઈમાનના કામમાં મર્યાદા જાળવવી જોઈએ. જેમકે કુરઆનમાં સૂરએ તૌબાની ૧૨૭ મી આયતમાં ખુદા ફરમાવે છે ".....અને તેઓ મુખ ફેરવી લે છે, કેમકે ખુદાએ તેમના દિલોને ફેરવી નાખ્યા છે, કારણ કે તેઓ એવા લોકો છે કે જેઓ સમજ ધરાવતા નથી." હદ ઓળંગવી એટલે કે ગુનાહ કરવા એ ઇસ્લામમાં નાપસંદ છે અને કુરઆનમાં ઘણી જ જગ્યાએ આનો ઉલ્લેખ છે. જેમકે કૌમે લૂતનું ઉદાહરણ કે જેઓ બદતરીન ગુનાહ (લવાત) કરતા હતા. "નિસંશય તમે સ્ત્રીઓને મુકી પુરૂષો સાથે અકુદરતી કૃત્ય કરો છો." **(૭:૮૧)**

ઇન્સાને કરેલ દરેક ગુનાહ ઇસ્રાફ ગણાય છે કેમ કે ઈન્સાન પોતાની રૂહ (નફસ) સાથે ઝયાદતી કરે છે. કુરઆનમાં આ બાબતની સ્પષ્ટતા સૂરએ ઝુમરની આ આયતમાં થએલ છે. "અય મારા બંદાઓ, કે જેઓએ પોતાના નફસ સાથે ઝયાદતી કરી......."

**(૩૯:૫૩)**

આ વાતની છણાવટ અને વિગતવાર માહિતી માટે કિતાબ મેરાજુસ્સઆદહ (જેનો ગુજરાતી અનુવાદ પણ પ્રસિધ્ધ થયો છે.) 'હિલયતુલ મુત્તકીન', 'સિરાજુશ શીયહ' વગેરેનો અભ્યાસ કરવો જરૂરી છે. તે કિતાબોમાં પવિત્ર શરીઅત અનુસાર કઈ રીતે જીવન વ્યવહાર ચલાવવો તેની વિગત તેમજ સામાજીક વ્યવહારો વિશે માહિતી સભર વર્ણન કરવામાં આવ્યું છે.

* * * * *